## :: અનુક્રમણિકા ::


| ક્રમ | વર્ષ | અંક | વિષય | પે.નં. |
|---|---|---|---|---|
| | | | **રુક્મિ રાજાનું પતન અને ઉત્થાન-૧** | |
| ૧. | ૧૩ | ૧ | રુક્મિ રાજાનું પતન અને ઉત્થાન | ૧ |
| ૨. | ૧૩ | ૨ | રુક્મિ શા માટે મરવું છે ? | ૧૨ |
| ૩. | ૧૩ | ૩ | પિતાનો ભવ્ય ઉપદેશ | ૨૦ |
| ૪. | ૧૩ | ૩ | પૌષધના લાભ | ૨૩ |
| ૫. | ૧૩ | ૪ | કુહાડી અને માખણના દૃષ્ટાન્ત | ૩૪ |
| ૬. | ૧૩ | ૫ | રુક્મિને રાજાના ઉપદેશનો સાર | ૪૩ |
| ૭. | ૧૩ | ૬ | રુક્મિનો હૃદયપલટો | ૫૩ |
| ૮. | ૧૩ | ૭ | ધર્મપ્રભાવ ના દાખલા | ૫૯ |
| ૯. | ૧૩ | ૮ | રુક્મિ હવે કેમ રાજ્ય લેવા તૈયાર ? | ૬૫ |
| ૧૦. | ૧૩ | ૮ | શાલિભદ્રના દાનગુણની સમીક્ષા | ૭૪ |
| ૧૧. | ૧૩ | ૯ | રુક્મિને નિમિત્ત મળતાં કર્મની વિચિત્રતા | ૭૮ |
| ૧૨. | ૧૩ | ૧૦ | રાજકુમારની ભવ્ય વિચારણા | ૯૪ |
| ૧૩. | ૧૩ | ૧૧ | અમેરિકનની પ્રાર્થના | ૧૦૩ |
| ૧૪. | ૧૩ | ૧૩ | રાજપુત્રનો રાજાને ખુલાસો | ૧૨૧ |
| ૧૫. | ૧૩ | ૧૪ | રુક્મિનાં નામોચ્ચરણ સાથે ઉલ્કાપાત | ૧૨૯ |
| ૧૬. | ૧૩ | ૧૪ | આ મનુષ્ય ભવનું મહાન કાર્ય | ૧૩૩ |
| ૧૭. | ૧૩ | ૧૬ | દયાભાવ કેમ દુર્લભ બન્યો છે ? | ૧૪૮ |
| ૧૮. | ૧૩ | ૧૮ | અગમલાલનું દૃષ્ટાન્ત | ૧૬૬ |
| ૧૯. | ૧૩ | ૧૮ | પરલોક દૃષ્ટિએ શુભ અધ્યવસાયોથી | ૧૭૫ |
| ૨૦. | ૧૩ | ૧૯ | કુમારને અવધિજ્ઞાન | ૧૭૯ |
| ૨૧. | ૧૩ | ૨૨ | દિલ ઉત્તમ રાખવાના ૨ ઉપાય | ૨૦૪ |
| ૨૨. | ૧૩ | ૨૩ | કુમાર દીક્ષા લે છે | ૨૧૭ |
| ૨૩. | ૧૩ | ૨૩ | વિકારોથી બચવાની જ્વલંત ભાવના | ૨૨૧ |
| ૨૪. | ૧૩ | ૨૪ | ચિતારાની પુત્રીનું દૃષ્ટાન્ત | ૨૨૭ |
| ૨૫. | ૧૩ | ૨૬ | દુશ્મન રાજાનું આગમન | ૨૩૬ |
| ૨૬. | ૧૩ | ૨૬ | વિધવા દિકરીનું મન બગડ્યું | ૨૪૦ |
| ૨૭. | ૧૩ | ૨૭ | રાજાઓની વિરાગભરી વિચારણા | ૨૪૭ |
| ૨૮. | ૧૩ | ૨૭ | વીર્યોલ્લાસનો ઉપાય | ૨૫૬ |
| ૨૯. | ૧૩ | ૨૮ | ધર્મનું મુખ્ય આકર્ષણ | ૨૬૧ |
| ૩૦. | ૧૩ | ૩૦ | રુક્મિ વૈરાગ્ય | ૨૮૦ |
| ૩૧. | ૧૩ | ૩૦ | રુક્મિ દૃષ્ટિદોષ આલોચવા તૈયાર નથી | ૨૮૫ |
| ૩૨. | ૧૩ | ૩૨ | રુક્મિનો પ્રપંચભર્યો બચાવ | ૩૦૧ |
| ૩૩. | ૧૩ | ૩૨ | રુક્મિનો કરુણ અંત | ૩૦૧ |

# રુક્મિ રાજાનું પતન અને ઉત્થાન-૧

અચિંત્ય-અનંત-પ્રભાવસંપન્ન ત્રિલોકનાથ શ્રી તીર્થંકર ભગવાન ભવભ્રમણાથી થાકેલા, અને અપાર સંસાર પારાવારની જન્મ-મરણ-રોગ-શોક-ત્રાસ-પીડા પરાભવ વગેરે ભરપૂર વિડંબણાનો કાયમી અંત લાવવા ઇચ્છનારા ભવ્યાત્માને એ સ્થિતિ ઊભી કરી શકે એવી અનેકાનેક સાધનાઓના સાર રૂપે આ વાત ફરમાવે છે કે

**कषायमुक्ति किल मुक्तिरेव ।**

**''- કષાયોથી મુક્તિ એજ ખરેખર મુક્તિ છે.''**

સંસારથી છૂટવું છે ને ? કે હજી પણ સંસારમાં વિવિધ ભવોની ઘુમરડીમાં જનમ-મરણ, જનમ-મરણ કરતા કરતા રહેવાય તો વાંધો નથી ?

સભામાંથી- વાંધો મોટો છે.

શો વાંધો ?

સભામાંથી- એ જ, કે નથી ને આપણે બેલ-ગદ્ધા, મરઘા-માછલા કે એવું કાંઇક થયા, તો ત્યાં એવા જીવ કેવા ભયંકર ત્રાસ વેઠે છે એ નજરે દેખાય છે, એ આપણાથી શે વેઠ્યા જાય ? પાછી એમાં ય આત્માની દશા પાપ વિચારો ભરી એટલી અનહદ દુઃખ વેઠવા છતાંય પરિણામ આત્મરક્ષાનું નહિ, આત્માનું ઉત્થાન કરવાનું કે ભાવિ ભ્રમણ અટકવાનું નહિ, પણ પાપ દશાથી ભમ્યા કરવાનું થાય, આ મોટો વાંધો છે.

બસ ત્યારે, જો સંસારથી છૂટવું છે, તો એટલું જરૂરી સમજી રાખો કે સંસારનો અંત કર્મના અંતથી જ થવાનો, અને કર્મનો અંત કષાયના અંત ઉપર જ થશે. આત્માને કેવળજ્ઞાન અને મોક્ષ સુધી પહોંચાડનાર ચૌદ ગુણસ્થાકની ઉત્તરોત્તર વ્યવસ્થિત ચડતી પાયરીઓ મુખ્યપણે આ બતાવી રહી છે કે કષાયોથી જેમ જેમ મુક્ત થતા અવાય તેમ તેમ ઉપર ઉપરના ગુણસ્થાનકે ચડાય, અને કર્મનું જોર ઓછું થતું આવે.

**કષાય હ્રાસનો ક્રમ :-**

પહેલે મિથ્યાત્વ-ગુણસ્થાનકે પણ અનંતાનુબંધી કષાય અર્થાત્ નિર્ભીક રીતે સેવાતા ક્રોધ-માન-માયા લોભ-રાગ-દ્વેષને મોળા પાડો તો જ ત્યાં અપુનર્બંધક અવસ્થા પર ચડાય.



**પ્ર.- અપુનર્બંધક અવસ્થા એટલે ?**

ઉ.- એ એક એવી અવસ્થા છે કે શાસ્ત્રો એનાં ત્રણ લક્ષણ કહે છે,-

**'पावं न तिव्वभावा कुणइ, न बहुमन्नइ भवं घोरं ।**
**उचियठिइं च सेवइ, एस अपुणबंधगो जीवो ॥'**

ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ આને ગુજરાતી ભાષામાં આ રીતે મૂકે છે,-

**''પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવરાગ રે,**
**ઉચિત સ્થિતિ જેહ સેવે સદા, તેહ અનુમોદવા લાગ રે,**
**ચેતન જ્ઞાન અજવાળીએ''**

ભવસ્થિતિ પકવવા માટેના વારંવાર સેવવા યોગ્ય ત્રણ મહા સાધન.

૧. અરિહંતાદિ ચારનાં શરણનો સ્વીકાર,
૨. દુષ્કૃતની ગર્હા-નિંદા
૩. સુકૃતોની અનુમોદના

આ ત્રણ પૈકી છેલ્લા સાધનમાં અરિહંતનાં સુકૃત, સિદ્ધનાં સુકૃત, આચાર્યનાં સુકૃત....એમ ઉતરતાં ઉતરતાં સમ્યગ્દૃષ્ટિ પછી અપુનર્બંધકનાં સુકૃતની અનુમોદના કરવા માટે ઉપાધ્યાયજી મહારાજે આ ગાથા મૂકી છે. માટે કહ્યું કે અપુનર્બંધકના આ ત્રણ ગુણની અનુમોદના કરવા લાગી જા.

**'ઉત્તમના ગુણ ગાવતાં ગુણ આવે નિજ અંગ.'**

- ગુણની સાચી અનુમોદના કરતાં કરતાં આત્મ-ખેતરમા ગુણના બીજનું વાવેતર થાય છે. પછી એના પર ગુણો મેળવવાની ઉત્કટ અભિલાષા, એ અંગે સમ્યક્ શ્રવણ, ગુણપ્રાપક પ્રવૃત્તિઓમાં પુરુષાર્થ વગેરે અંકુર, નાળ, કાંડ, પત્ર, પુષ્પ વગેરે અવસ્થાઓમાં આગળ વધતાં ફળરૂપે ગુણની પ્રાપ્તિ થાય છે. તો પાયામાં શુદ્ધ અનુમોદના આવી.

આમ અપુનર્બંધક મહાત્માના ગુણોની પણ અનુમોદના એ ગુણો પામવાના ઉદ્યમનો પહેલો તબક્કો છે. એટલી અનુમોદના પણ અનંતાનુબંધી કષાય કંઈક મંદ પડે તો જ આવે. એટલે આપણું દિલ કહેતું હોય કે આપણને એવી શુદ્ધ અનુમોદના સ્ફુરે છે, તો એ પરથી વિશ્વાસ રાખી શકીએ કે આપણા અનંતાનુબંધી કષાય મોળા પડ્યા છે, અને તેથી ગુણસ્થાનકમાં વિકાસ થયો છે. આંક તરીકે ભલે પહેલું જ ગુણસ્થાનક ગણાય, કિંતુ એમાં કષાય અને મિથ્યાત્વના ચડતી ઊતરતી માત્રાના હિસાબે અનેક પેટાભેદ પડે. એની કેવી માત્રા છે એનું માપ બાહ્ય લક્ષણની તીવ્રતા-મંદતા પરથી નીકળે.

અપુનર્બંધક અવસ્થાના ગુણોની અનુમોદનાથી આગળ વધતાં ખાસ એ ગુણો

પ્રાપ્ત થાય, અર્થાત્ પાપ તીવ્ર ભાવે ન કરાતું હોય, યાને સાંસારિક પાપકાર્યમાં હૃદય અત્યન્ત આસક્ત અને રાચતું-માચતું ન હોય, ઘોર સંસાર પર બહુમાન ન હોય, તથા સર્વત્ર ઉચિત મર્યાદાનું પાલન જળવાતું હોય. આ આત્મદશા શી રીતે આવે ? મૂળ અનંતાનુબંધી કષાય બહુ મંદ પડે ત્યારે જ તો.

હવે અનંતાનુબંધી કષાયના અનુભવને તદ્દન અટકાવી દેવામાં આવે એટલે સાથે મિથ્યાત્વ-મોહનીય કર્મ પણ દબાય, અને બંનેના વિપાકોદય સ્થગિત થતાં ચતુર્થ ગુણસ્થાનક અવિરત સમ્યગ્દષ્ટિનું પ્રાપ્ત થાય, એટલે કે સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થાય.

આગળ અપ્રત્યાખ્યાનીય વગેરે કષાય દબાવતાં દેશવિરતિ આદિ ગુણસ્થાનક પ્રાપ્ત થતાં આવે છે. દશમે ગુણસ્થાનકે અંતે સર્વથા કષાય નાશ કરી દેતાં ક્ષીણમોહ ગુણસ્થાનકે અંતે સર્વથા કષાય નાશ કરી દેતાં ક્ષીણમોહ વીતરાગ અવસ્થા પ્રાપ્ત થાય છે. બસ પત્યું, આટલું થતાં તો બારમે ગુણસ્થાનકે અંતર્મુહૂર્તમાં અંતે સમસ્ત જ્ઞાનાવરણ, દર્શનાવરણ અને અંતરાય કર્મનો નાશ થતાં તેરમા ગુણસ્થાનકના પ્રથમ સમયે કેવળજ્ઞાન-કેવળદર્શન પ્રગટ થાય છે. તો એ વિના તો મોક્ષ છે જ ક્યાં ?

એટલે વાત આ જ આવીને ઊભી રહે છે કે સંસારથી મુક્તિ જોઈતી હોય તો કષાયને ઓછા કરતા આવો, કષાયથી મુક્ત બનતા ચાલો. બોલો, 'કષાયમુક્તિ કિલ મુક્તિરેવ.' મોક્ષ માર્ગની વિવિધ સાધના કરો, પણ આ લક્ષ રાખવું જોઈશે કે એથી આપણા કષાય ઓછા થતા આવે છે ને ?

**કષાય મંદ પડવાનું માપ શી રીતે કાઢવું ?**

માપ કાઢવા માટે એક રસ્તો આ છે કે આપણા સંકલ્પ વિકલ્પ અને વિચારણા કેવા અને કેટલા જોરમાં ચાલે છે એ તપાસવું. આનું કારણ એ છે કે આપણાં આંતરિક કષાયોનાં, ક્રોધ-લોભ-અહંત્વાદિના બળ પર મગજમાં વિકલ્પો તે રીતે સળવળતા રહે છે. આપણા આંતર પ્રદેશે આ સંકલ્પ-વિકલ્પ-વિચારોનું એક મોટું આંતર જગત છે. એની ધાંધલ ભારે જબરી છે. એના પર વિસ્તારથી વિચારવું છે અને તે શાસ્ત્રમાં આવતી રુક્મિ રાજાની કથા ઉપર વિચારણા કરીશું.

પ્રસંગ એ છે કે એક **ગોવિંદ નામનો બ્રાહ્મણ** એની પત્ની બ્રાહ્મણીના અણચિંત્ય પ્રસંગમાં સચોટ ઉપદેશથી વૈરાગ્ય પામી બંને જણા ચારિત્ર લઈને તે જ ભવમાં મોક્ષ પામે છે. એવી સુલભબોધિના સાથે સ્ત્રીપણું કેમ મળ્યું એનો પ્રશ્ન ગણધર ગૌતમસ્વામીજી મહારાજ દેવાધિદેવ પરમાત્મા શ્રી મહાવીર પ્રભુને પૂછે છે. ભગવાન એનો ઉત્તર કરતાં એ બ્રાહ્મણીનો દૂર પૂર્વનો ભવ વિસ્તારથી ફરમાવે છે.



એ ભવમાં હકીકત આ છે કે બ્રાહ્મણી તે વખતે એક રાજાની પુત્રી છે. એનું નામ રુક્મિ. રુક્મિને ઉંમર લાયક થતાં એક રાજપુત્ર સાથે પરણાવવામાં આવે છે. પરંતુ કર્મયોગ વિચિત્ર, તે લગ્ન પછી અતિ અલ્પ સમયમાં રાજપુત્રનું મૃત્યુ થતાં રુકમી વિધવા બને છે.

બસ આટલા પ્રસંગમાં કાંઈ બહુ નવાઈ જેવું નથી. જગતમાં બનતું આવ્યું છે કે ઉંમર થાય એટલે લગ્ન-બંધને બંધાય. આજના યુગવાદી તો એને પ્રભુતામાં પગલા માંડવાનું કહે છે ને ? પ્રભુતા એટલે પ્રભુત્વ, સ્વામિત્વ, શાના પર પ્રભુતા ? પત્ની પર ? તો પછી પત્નીએ પણ લગ્ન કર્યું એટલે પ્રભુતામાં પગલાં માંડ્યા, તો એને કોના પર પ્રભુત્વ ? વાતમાં કાંઈ માલ નથી. પ્રભુતા તો હજી પોતાની ઇન્દ્રિયો પર મેળવી હોય પોતાના તીખા સ્વભાવ ઉપર, પોતાના મનની વૃત્તિઓ અને સ્વાત્માના વલણ પર પ્રાપ્ત કરી હોય તો એ કલ્યાણ પ્રભુતા ગણાય. ખેર.

રુક્મિને લગ્ન પછી તરત જ વૈધવ્ય આવે છે એ પણ જગતમાં કેટલીય વાર બનતી ઘટનાઓમાંની એક ઘટના છે, એટલે એમાંય નવાઈ જેવું નથી. જીવ જેવા કર્મનાં પોટલાં ઉપાડીને આ સંસાર નગરમાં પ્રવાસ કર્યા કરે છે, એ પ્રમાણે વસ્તુ બન્યા કરે છે. પછી ચાહ્ય પોતાની ધારણા હોય કે ન હોય. ચમરબંધી સમ્રાટ કે આજના વૈજ્ઞાનિક પણ કર્મના અકાટ્ય હલ્લા સામે હાથ ખંખેરી નાખે છે. ત્યારે એવી અણધારી દુઃખદ ઘટના પર પોક મૂકવાની ચીજ નવી નથી. પણ અહીં નવી જ વાત બની આવે છે એ વિચારણીય છે.

**વિધવા રુક્મિની માગણી :-**

વાત એ બને છે કે વિધવા બનેલી રાજપુત્રી રુક્મિ શોકના ભારે સ્વરે પોતાના પિતાને કહે છે,

'બાપુ ! મને તમને બહુ કહેતાં નથી આવડતું, તમે જલ્દી માણસો મોકલીને કાષ્ઠની મોટી ચિતા તૈયાર કરાવી ધગ ધગાવવા કહો, એમાં હું મારી જાતે બળીને આપઘાત કરીશ.'

બાપ રાજા તો આ સાંભળીને કંપી ઊઠે છે ! કહે છે, 'બચ્ચી ! આ તું શું બોલે છે ? હું જાણું છું કે તું કેવા મહા દુઃખમાં મૂકાઈ ગઈ છે. પણ એ દુઃખથી છૂટવાનો આ રસ્તો નથી. માટે શોકવશ એવો વિચાર કરવો રહેવા દે. હું તને બીજો માર્ગ બતાવું; ત્યાં રુક્મિ કહે છે, 'પિતાજી ! હું એટલા માટે આપઘાત નથી કરતી કે મારું સંસાર સુખ હણાઈ ગયું, હવે જીવીને શું કામ છે ? ના, એની હવે હું પરવા નથી કરતી. મારા આપઘાતનું કારણ જુદું છે, બનેલી ઘટના પર શોક નહિ.'

રુક્મિ સારી કેળવણી પામેલી છે એટલે પતિના એકાએક મૃત્યુ પર મન તો

એણે જાતે જ વાળી લીધું છે. આગળ પર પણ આત્માને હવે કેમ ઊંચે લાવવો, એ ઇચ્છનારી છે. માત્ર આત્મોન્નતિની આડે વિઘ્ન ન આવે, કામક્રોધાદિ કષાયો જોર ન મારી જાય, એની ભારે ચિંતા એને ઊભી થઈ છે. એને એમ લાગે છે કે 'ખીલતી યુવાની અને રાજાશાહી સગવડો વચ્ચે રહેતાં કષાય-વાસના કેમ જોર ન મારી જાય ? અને તેમ કદાચ થાય તો કેવું કુળકલંક ! કેવું આત્માનું અધઃપતન !'

ધર્મસાધના જરૂર કરવાની, પણ સાથે કષાયચોર એકને પણ મહાલવા દેવાનો નહિ. ક્રોધાદિ ચારમાંથી એક પણ જો મજબૂત પાયે જામ્યો તો ગુણસ્થાનકે આગળ નહિ વધાય. ધર્મ પોલિસ છે, કષાય ચોર છે. ચોરના પર અંકુશ મૂકે એવી ધર્મ પોલિસ જોઈએ. ધર્મની પોલિસ સાથે રાખી હોય પરંતુ જો કષાય ચોર એક પણ જોરદાર સાથોસાથ રાખ્યો, તો એ પેલી પોલિસને મહાત કરી નાખે છે !

**પ્ર.**- તો શું ધર્મનું કાંઈ ન ચાલે ?

**ઉ.**- ચાલી તો બધુંય શકે; પરંતુ આપણે એના પક્ષમાં ઊભા રહીએ તો ને ? ધરમના જ પક્ષકાર બની કષાયના કચ્ચરઘાણ કાઢવાની તાલાવેલીવાળા હોઈએ તો તો ધરમની બોલબોલા થઈ જાય ! પછી તો ત્યાં બધા નહિ પણ અમુક કષાય વધુ નડી જતા હોય છતાં એના ટાંગા ઢીલા રહે; અર્થાત્ એની પાછળ ભારે પસ્તાવો વગેરે રહ્યા કરતા હોય, આંધળા કશાયાવેશ નહિ.

હવે જાતમાં તપાસો,-અહંત્વ નડે છે, અસૂયા-ઈર્ષ્યા નડે છે, પણ
એનો ભારે પસ્તાવો થાય છે ને ? કે ના, એવું કાંઈ નહિ ?
અહંત્વ જોરદાર રહે છે ? નિર્ભીક સેવાય છે ?
નસ-નસમાં વ્યાપી ગયું છે ?
રોમેરોમમાંથી જેમ યોગીઓને ૐકારનો, તેમ હુંકારનો નાદ ઊઠે છે ?

નસકોરાં ફૂલી જાય છે ? છાતી અક્કડ, વાણી અક્કડ, માથુ અક્કડ, વાત વાતમાં જાતનું ઊંચું દેખાડવાનું,- આવું બધું અહંત્વનું નાટક ચાલે છે ?

ધરમમાં બે પૈસા ખરચી આવો, બે કામ કરી આવો, થોડા વ્રત નિયમ કરી લો, તપશ્ચર્યા કરતા રહો, પણ અહંત્વ પાકું સાચવવાની તકેદારી હોય, તો ખબર છે ખરી કે એ આત્મામાં પરિણામ કેવા નીચેના ગુણસ્થાનકમાં રખાવશે ? એમ ઈર્ષ્યા-અસહિષ્ણુતામાં કેવી સ્થિતિ ?

**શુભ ભાવમાં કેમ ચડાય ?**

પીઠ-મહાપીઠને એક વાર ઈર્ષ્યા-માયા આવી ગઈ તે આવી ગઈ, પણ જિંદગીભર એ રાખ્યા કરી, સેવ્યા કરી, એમ નહિ. તો જ અનુત્તર વિમાનમાં જઈ શકે એવી ઊંચી શુભ લેશ્યા અને શુભ અધ્યવસાયમાં ઝીલી શક્યા.



માટે જ એકાદ પણ કષાયને જીવનભર મહલાવવા જેવો નથી, એનો ચડસ રાખવા સરખો નહિ, જો ઊંચે ચડાવનારા શુભ અધ્યવસાયમાં આવવું હોય.

**એકાદ પણ કષાયનો ચડસ ભયંકર પાપને ખેંચે :-**

આ એક બીજી પણ વસ્તુ ધ્યાનમાં લેવા જેવી છે કે એકાદ કષાયનો ચડસ ક્યારેક અણચિંત્યા ખતરનાક પાપને ખેંચી લાવનારો બને છે !

બોલો, ઈર્ષ્યાના ચડસમાં અનાચારના પાપમાં પડવું પડે ખરૂં ? દુરાચારની બુદ્ધિ જાગે ? આમ જોતાં ઈર્ષ્યા અને દુરાચારને કોઈ મેળ નહિ લાગે. પણ જુઓ, સિંહ ગુફાવાસી મુનિના શા હાલ થયા ? શાથી થયા ? વેશ્યા સાથે દુરાચારની પ્રાર્થના કરવા સુધી પહોંચી ગયા ને ? એનું મૂળ ઈર્ષ્યાનો ચડસ. ઈર્ષ્યા અને સાધુનું ગુણસ્થાન, બેની કડી મળે એવી દેખાય છે ? ના, છતાં કડી મળી ! કારણ આ જ કે ઈર્ષ્યાની પાછળ એવી ચાલની પરંપરા ગોઠવાઈ જાય છે. અહીં જરા મૂળથી જુઓ, કડી કેમ ગોઠવાઈ ગઈ ?

શ્રુતકેવળી શ્રી સંભૂતિવિજય આચાર્યના ચાર શિષ્યો જુદા જુદા સ્થળે ચોમાસું ગાળવા આજ્ઞા માગીને ગયા; એક સિંહની ગુફા પાસે, એક સર્પના બીલ પાસે. એક કુવાના ભારવટિયા પર અને શ્રી સ્થૂલભદ્રજી પરિચિત પ્રેમાળ કોશા વેશ્યાને ત્યાં. પહેલાં ત્રણ કાઉસ્સગ્ગધ્યાને રહેતા. ચોમાસું પૂર્ણ કરીને આવ્યા, ગુરુએ **'દુષ્કરકારક'** શબ્દથી વધાવ્યા. સ્થૂલભદ્રજી આવ્યા, તો એમનું **'દુષ્કર દુષ્કરકારક'** શબ્દથી અભિનંદન કર્યું.

**દુષ્કર શું ? દુષ્કર દુષ્કર શું ?**

વિચારો જરા, દુષ્કર શું ? દુષ્કર દુષ્કર શું ? સિંહની ગુફા પાસે રહેવું; ત્યાંથી રોજ સિંહ આવ જા કરે; માનો બહારથી આવે ત્યારે ખાઈને આવે પણ બહાર નીકળે ત્યારે તો ભૂખ્યો નીકળે ને ? મુનિએ ત્યાં રહેવાનું અને તે પ્રગટ કાઉસ્સગ્ગ ધ્યાને ! મોટા સિંહને જોઈ ફડફડાટ ન થાય ? કદાચ ૧-૨-૪ દિ', સિંહ એમજ ચાલ્યો ગયો તોય શું ? જાત કોની ? ક્રૂર ઘાતકી જંગલી પશુની ! સિંહની ! ગભરાટ ન રહે ? પરંતુ નક્કી કરી રાખ્યું છે કે 'શરીરનું ગમે તે થાઓ, સિંહના રાક્ષસી જડબા વચ્ચે આ દેહ ભલે જામફળની જેમ ચવાઈ જાઓ, તો પણ પરવા નથી. એમ થશે તો એમાં થનારું સમાધિ-ધ્યાન સાથેનું મૃત્યુ અનંતા કર્મસ્કન્ધોના ભુક્કા કરશે ! વાહ કેવી એ ધન્ય ઘડી કે અતિ અલ્પ કાળના સહનમાં અસંખ્ય જનમનાં પાપ કર્મોનાં ઢેરના ઢેર ખત્મ થઈ જાય !'- જ્યાં આ નક્કી કરી રાખ્યું હોય ત્યાં સિંહથી ગભરાટ શો ? ચાર મહિના સુધી આમ ખડા છે !

**આડાઅવળા ફાંફા કાં મારો ? અર્હદ્ ભક્તિ અને તપ સેવો :-**

પંચમ કાળની વાતો છે આ, હોં ? એક રાત નહિ, એક અઠવાડિયું, એક પક્ષ નહિ, એક મહિનો નહિ, ચાર મહિના ! આપણને અડધો કલાક કાઉસ્સગ્ગમાં ઊભા રહેતાં વિચાર થાય ! બસ ! પ્રતિક્રમણમાં જ કાઉસ્સગ્ગ કરવા બંધાયેલ ને ! પછી શી જરૂર ? બાકીના ટાઈમે બિન જરૂરી કેમ ? કાઉસ્સગ્ગ શી ચીજ, ખબર ક્યાં છે ? પ્રતિક્રમણ સિવાય પણ કાઉસ્સગ્ગ સામાન્ય માણસો જ કરતા એમ નહિ; **મોટા મોટા રાજા મહારાજાઓ કાઉસ્સગ્ગ કરતા ! અમસ્તા નહોતા કરતા !** મહા લાભ જોયો હશે ને ? રાતમાં જાગી પડ્યા,. તો 'બેસ કાઉસ્સગ્ગમાં ! ઉપદ્રવ આવ્યો તો 'કર કાઉસ્સગ્ગ', રાત્રિ પોષધ છે તો રહેવા દે કાઉસ્સગ્ગ ધ્યાનમાં....' આ ઉદ્યમ હતા, આપત્તિ આવે, કઠિનાઈ આવે, ત્યાં આડા અવળા ફાંફાં મારો છો ! દુર્ધ્યાન કુવિકલ્પો કરો છો. પણ એ સૂઝતું નથી કે 'અંતરાય તૂટ્યા વિના કાંઈ વળશે નહિ, અને અંતરાય તોડવાની તાકાત અર્હદ્ભક્તિ અને તપમાં છે. તપમાંય શ્રેષ્ઠ કાઉસ્સગ્ગ. અંતરાયકર્મ-નિવારણાર્થ ૧૦-૨૦-૪૦ લોગસ્સના કાઉસ્સગ્ગ કરતાં આવડે ને ? એમ સમાધિ લાભાર્થે કાઉસ્સગ્ગ.

**કાઉસ્સગ્ગ એ શ્રેષ્ઠ કોટિનો તપ :-**

કાઉસ્સગ્ગમાં ધ્યાન સારું સધાય; કેમકે એમાં કાયા વોસિરાવાય, વચન વોસિરાવાય, અમુક ધ્યાન સિવાય મનને વોસિરાવાય. પછી ધ્યાનનું તાન એવું હોય કે હડફેટે જેટલાં કર્મ ચઢે એનો ભુક્કો ! બાહ્ય કરતાં અભ્યંતર તપ શ્રેષ્ઠ ! એમાં કાઉસ્સગ્ગ શ્રેષ્ઠ ! **'પાયચ્છિત્તં વિણઓ...'** પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સજ્ઝાય, ધ્યાન, છેલ્લે કાઉસ્સગ્ગ. કાઉસ્સગ્ગ એ શ્રેષ્ઠ કોટિનો તપ છે. કાઉસ્સગ્ગના શ્વાસે શ્વાસે બે લાખ પલ્યોપમ ઉપરનું સ્વર્ગનું પુણ્ય બંધાય.

**'શ્વાસ' એ સાંકેતિક શબ્દ છે. 'પાયસમા ઊસાસા'** શ્લોકનો ચોથો ભાગ એ એકપાદ. પાદસમાન શ્વાસોચ્છવાસ શાસ્ત્રવચન છે. નવકારનાં આઠપાદ 'લોગસ્સ ઉજ્જોઅગરે' પહેલું પદ, 'ધમ્મ તિત્થયરે જિણે, બીજું પદ, 'ચંદેસુ નિમાલયરા' સુધી ૨૫ પાદ=૨૫ શ્વાસોચ્છ્વાસ.

આ તો પૌષધ છે, બપોરે કામ નહિ, સૂઈ જઈએ, આવું અજ્ઞાન કેમ ? ખબર નથી કાઉસ્સગ્ગના ફળની. એ મહાપુરુષ સિંહગુફાવાસી મુનિએ ચાર મહિનાના કાઉસ્સગ્ગમાં શું જોયું હશે ? સ્વાધ્યાય ખરો, બેઠે બેઠે થાય, એમાં ધ્યાન ખરું પણ સુસ્તી આવે; કાઉસ્સગ્ગમાં સુસ્તી ન આવે; શરીર ટટાર રહે, દૃષ્ટિ એક સરખી નાસિકા પર- અગ્રભાગે કેન્દ્રિત કરાય; નાસિકા જોવા માટે એમ નહિ, પણ ત્યાં ઠરી રહે. કઠિન છે ? ના, આંખની કીકી પહેલાં નાક પરના ખૂણે ફેંકી દઈએ પછી



સહેજ નીચે ઉતારતાં દૃષ્ટિ નાસિકા પર આવે. મુનિ સિંહની ગુફા પાસે કાઉસ્સગ્ગ ધ્યાનમાં રહેતા.

**મહાજ્ઞાની ગુરુનું વચન વધાવી લેવું જોઈએ.**

ગુરુશ્રી સંભૂતિવિજયજી આચાર્ય મહારાજે પ્રશંસા તો ત્રણેયની કરી પણ ચોથા સ્થૂલભદ્રની અધિક કરી દુષ્કર દુષ્કરકારક કહ્યું; પેલા ત્રણ માટે દુષ્કરકારક કહ્યું હતું. શું સિંહની ગુફા પાસે કાઉસ્સગ્ગ ધ્યાને ચાર મહિના રહેવું સહેલું છે ? એ દુષ્કરકારક, અને વેશ્યાને ત્યાં ચોમાસુ રહી આવનાર દુષ્કર દુષ્કરકારક ? ભેદ સમજાય છે ? અલબત શરીર ચવાઈ જાય એ ખુશીથી સહન કરવાનું મનોબળ અદ્ભુત છે, પરંતુ વર્ષોના સંગવાળી, ને પ્રીતિવાળી વેશ્યાના માદક ખાનપાન, ચિત્રામણ-શાળા, અને એના હાવભાવ-ચેનચાળા-મોહક વચન વગેરેની સામોસામ રહીને લેશ પણ મનનાય વિકાર વિનાનું નિર્મળ અખંડ બ્રહ્મચર્ય પાળવાનું મનોબળ અતિ અતિ અદ્ભુત અને દુષ્કર દુષ્કર છે.

**'એ વ્રત જગતમાં દીવો; મેરે પ્યારે.....'**

જગતમાં દીવો એટલે વ્રત જગતમાં પ્રકાશ કરનાર ! એના વિના અંધારું.

**'સાધુ અને શ્રાવક તણાં, વ્રત છે સુખદાયી રે;**
**શીલ વિના વ્રત જાણજો, કુસકા સમ ભાઈ રે.'**

શ્રાવકમાં ત્યાગ છે, તપસ્યા છે, વ્રત-નિયમો છે, પણ એ બધું જો શીલ નથી તો ડાંગરના ફોતરાં ! કુલટા નારીના ઉપવાસની કોડીની કિંમત ! સાધુને મહાવ્રતો છે, પણ પાકું બ્રહ્મચર્ય-પાલન નથી તો એ બાકીના મહાવ્રતો કિંમત વિનાના.

**પ્ર.- શીલનું આટલું બધું મહત્ત્વ શાથી ?**

ઉ.- એટલા જ માટે કે જેનામાં શીલ-સદાચાર નથી એની ઇન્દ્રિયો તો પરનાં રૂપ-સ્પર્શ આદિમાં ચાલુ ભટકતી રહે છે. ઇન્દ્રિયોમાં ઝણઝણાટી-વિકાર-ઉન્માદ એવા તગતગતા રહે છે કે બીજે ચિત્ત જ ન લાગે, હૈયું જામે જ નહિ ! મોટા પરમાત્મામાં ય ભળી શકે નહિ ! સદાચારી પણ અતિ વિષયાંધોની ય એવી દશા હોય છે.

**રૂપ-કુશીલ સ્પર્શ-કુશીલ-શબ્દકુશીલનો મરો છે;** લાખો-ક્રોડોથી કિંમત ન અંકાય એવા ધર્મમાં મન ભળે જ નહિ. માટે પહેલી જરૂર શીલની છે. એમાં પૂર્ણ બ્રહ્મચર્ય એ માનવ ભવનું ઊંચું સત્ત્વ છે. પ્રલોભક સંયોગો વચ્ચે વળી એનું પાલન એ અલૌકિક પરાક્રમ છે. સ્થૂલભદ્રજીને એટલા જ માટે દુષ્કર દુષ્કરકારક કહ્યા.

છતાં સિંહની ગુફા પાસે મહિનાના મહિના કાઉસ્સગ્ગધ્યાને રહેવાનું પરાક્રમ પણ જેવું તેવું નથી. પરંતુ ઈર્ષ્યા કેવી ભયંકર ? મુનિએ સિંહની ગુફા પાસે ચાર માસ કાઉસ્સગ્ગધ્યાને રહેવું સહેલું બનાવ્યું, પણ ઈર્ષ્યાવશ સ્થૂલભદ્રજીની પ્રશંસા

સહવી મુશ્કેલ બનાવી ! ઈર્ષ્યા આટલી ઊંચી સાધના કરનારને ય પટકે, તો જેના જીવનમાં સાધનાના રંગઢંગ નથી છતાં ઈર્ષ્યાની પકડ છે, એના... હાલ કેવા ?

સ્થૂલભદ્ર એક સારા સાધુ હતા, સાધર્મિક હતા, ગુરુએ પ્રશંસા કરી હતી, ત્યાં વાંધો શો હતો ? પ્રશંસા તો ગુરુએ કરી હતી એમને પોતે જ ખોળીને ગુરુ કર્યા હતા ને ?

**ગુરુ ખોળીને થાય, બાપ નહિ.** બાપ તો કર્મ ભટકાડે એટલે શું થાય ? અયોગ્ય બાપ લમણે લાગે છે, પરંતુ ગુરુ તો શોધીને પરખીને કરાય છે. તો એમ પારખ કરીને સારા હિતકારી ગુરુ ખોળી માથે ધરી લીધા, હવે એમને લાગ્યું અને કોઈની પ્રશંસા કરી, તો આપણે ગુરુને આપણી જાત સમર્પિત કરી દેનાર શું બીજો વિચાર કરવાનો હોય ? વધાવી જ લેવાનું.

વળી પ્રશંસા કોની કરી ? કોઈ નાલાયકની ? ના, સારા સાધર્મિક સ્થૂલભદ્રજીની. એ દૃષ્ટિએ પણ પ્રશંસાને વધાવી લેવી જોઈએ. સાધર્મિકનું 'મારો ધર્મિબંધુ છે' એમ સમજી સહન કરી લેવામાં સમ્યગ્દર્શન નિર્મળ બને છે.

**ભય જીતાય, ઈર્ષ્યા નહિ ?**

પરંતુ સિંહગુફાવાસી મુનિને આ કશું જોવું નથી. 'ગુરુ કોણ કેવા છે ? સાધર્મિક કેવા છે ?' આનો કશો વિચાર કરવો નથી. એ પણ જોવું નથી કે

**"અરે ! સિંહનો રોજનો મોટો ભય જીતી શકાયો, તો પછી આટલી નાની ઈર્ષ્યા જીતી ન શકાય ?**

આમાં શું મોટું કરવું છે ? જરાક મનને પ્રેમભાવ તરફ વાળી દઈએ, 'હશે વધુ પ્રશંસા કરી તો મારા સાધર્મિકભાઈની કરી છે ને ? ગુરુ મહારાજે કરી છે ને ? સરસ !' એમ મનને સમજાવી દઈએ તો ઈર્ષ્યા શાની આવે ? **ભય જીતું ને ઈર્ષ્યા ન જીતું ?"**

આ જો ધ્યાન પર લેવું નથી તો બચાવ શી રીતે મળે ?

કેટલું સરસ આલંબન છે ?-**'ભય જીતું ને ઈર્ષ્યા ન જીતું ?'**

આપણા કેટલાક ગુણ પર આપણે ગૌરવ લઈએ છીએ, એના પ્રતિપક્ષી દોષ જીત્યા પર મુસ્તાક બનીએ છીએ, પરંતુ જે દોષ જીત્યા નથી એની શરમ લાગે છે ? એના માટે શું એ વિચાર આવે છે ખરો કે 'અમુક દોષ જીતી શક્યો ને આ ન જીતી શકું ?' આ વિચાર આવે, દિલની ચોંટ સાથે આવે, તો એ જીતવાનો પુરુષાર્થ થવા લાગે,

**સુખી થવું હોય તો આજ ખરો રસ્તો છે કે અંતરના દોષ શત્રુઓને જીતવા માંડો.**



**આપણને દુઃખી આપણા અંતરના દોષ શત્રુઓ જ દુઃખી કરે છે. બીજું કોઈ કરતું નથી.** સર્પના બીલ અને કૂવાના ભારવટ પર ચાર મહિના ગાળનારા મુનિઓએ ઈર્ષ્યા-દોષને જીતી લીધો, અને ઉઠવા જ ન દીધો તો એના એ જ સંયોગમાં સુખી સ્વસ્થ હતા. અને સ્થૂલભદ્રજી અહો ! પરિચિત અને પ્રેમાળ વેશ્યાના કાતિલ સંયોગમાં અણીશુદ્ધ બ્રહ્મચર્ય સાચવીને આવ્યા ? વાહ ! ધન્ય જીવન ! ધન્ય પરાક્રમ !' એમ અનુમોદનાના મહાન લાભને પણ પાળવાની સ્થિતિમાં રહી શક્યા. ઈર્ષ્યાના દોષના ગુલામ બનનારને શાનું આ બધું ? એમને તો દુઃખ, કલેશ, સંતાપ, અને ઉપરાંત બીજા ગુરુ-અવજ્ઞા વગેરે અનેક ભારી પાપોની હારમાળા ઊભી થાય એ જુદું !

**સુખ દુઃખ અંતરના દોષજય-દોષગુલામી પર નિર્ભર છે.**

**માટે જ્યારે જ્યારે દુઃખ લાગે ત્યારે ત્યારે આ વિચારો કે 'મારા કયા દોષને લીધે આ દુઃખ લાગી રહ્યું છે ?'**

ઘરે ગયા, સમયસર રસોઈ તૈયાર નથી, દુઃખ લાગ્યું, શાથી દુઃખ ? શું સમયસર રસોઈ તૈયાર નથી એનું ? ના, ત્યાં જો એમ સામેથી ખુલાસો મળે કે 'આજે તમારા આડતિયા આવેલા એમની સરભરામાં મોડું તો થયું પણ એ બહુ ખુશ થઈને ગયા. અને તમને તે વખતે લાગતું હોય કે 'એ સારું ખટાવે એમ છે, હવે આ સારી ખરીદીનો ઓર્ડર આપશે તો રસોઈ સમયસર તૈયાર નહિ એનું જરાય દુઃખ નહિ લાગે. ઊલટું એમ થશે કે 'સારું થયું સારું !...' તો દુઃખ એનું નથી. દુઃખ છે આ નુકશાનીની કલ્પનાનું. 'રસોઈ મોડી એમાં નુકશાન,' એવી કલ્પનાના પોતાના જ દોષ પર દુઃખ લાગે છે.

**સ્યાદ્વાદના સિદ્ધાન્તીને** શું એ જોતાં ન આવડે કે એકાન્ત શા માટે કે એકલી નુકશાની જ છે ? શું બીજી કોઈ દૃષ્ટિએ લાભ જ નથી ? છે, થોડું સહવાનું આત્મસત્વ ખીલે એ લાભ જરૂર છે. બધું જ અનુકૂળ થતું હોય તો એમાં તો સુંવાળા થવાનું મળે, સાત્ત્વિક નહિ. **સત્વ તો હોંશથી ઘસારો વેઠીએ, ખુશીથી કષ્ટ સહીએ, ચાહીને ભોગ આપીએ, એમાં ખીલે.** તો 'આવવા દો, જીવનમાં આવી અગવડ પણ આવવા દો, એમાં સત્ત્વ કેળવવાનો લાભ છે.' આમ સ્યાદ્વાદ-સિદ્ધાન્ત મુજબ નુક્સાન સાથે લાભ પણ વિચારાય તો એકલી નુકશાનીની કલ્પનાનો દોષ ગયો, ને સાથે દુઃખ ગયું.

**દુઃખનું કારણ તપાસવાનો માર્ગ :-**

અરે ! તમે સહેજ પૂછ્યું કે 'કેમ આજ રસોઈનું મોડું ? ને સામેથી જવાબ મિજાજનો જ મળ્યો તો ત્યાંય દુઃખ લાગતાં આ જ વિચારવાનું કે

**'દુઃખ મારા ક્યા દોષને લીધે લાગે છે ?'**

સામાના ખરાબ સ્વભાવથી દુઃખની વિચારણા કરવા કરતાં પોતે જે એમ માની બેઠો છે કે 'મારે બધા મારા અનુકૂળ, વશવર્તી, આજ્ઞાંકિત જ હોવા જોઈએ એવા ધોરણથી જ દુઃખ છે,' એમ વિચારવું સારું છે. પુણ્ય એટલું પહોંચતું નથી માટે તો આ સામેથી બડફો ઠોકનાર મળે છે એ હકીકત છે; નાણાં ન પહોંચતા હોય અને સારો માલ લેવાનો હક રાખવો એ દોષરૂપ છે. આ દોષ જો કાઢી નખાય, વિચારાય કે 'આ સામેથી ઉદ્ધત જવાબ એ આપણા પુણ્યની કમી સૂચવે છે. પુણ્યની ઓછાશ પણ પૂર્વે ધર્મારાધનાની યા બીજાઓ સાથે નમ્ર માયાળુ વ્યવહારની ખામી રાખ્યાનું સૂચવે છે. તો હવે એ જ ખામી ટાળું.

સામાનો સ્વભાવ એમના બિચારાના તેવા કર્મના બળાત્કારને લીધે છે. મારે એની દયા જ ચિંતવવી રહી.

**સારું થયું દયા ચિંતવવાનો સારો મોકો મળ્યો.**

મુખ્ય કામ ધર્મ-આરાધના અને નમ્ર-સૌમ્ય-માયાળુ વ્યવહાર વધારું,' આમ વિચારણા રખાય તો દુઃખ લગાડવાની કોઈ વાત નહિ રહે.

**ખોટી ગણતરી રૂપી દોષ કાઢ્યો કે દુઃખ ગયું સમજો.** દુઃખ કાઢવાનો રસ્તો આ,- આપણા પોતાના દોષને શોધી કાઢી એની ગુલામી બંધ કરવાનો પુરુષાર્થ કરવો.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૩,અંક-૨,તા.૧૯-૯-૧૯૬૪**

**મુનિ પણ કેમ ભૂલે ?**

સિંહગુફાવાસી પરાક્રમી મુનિ પણ એ ભૂલે છે ! એમાં પોતાના મનની ખોટી ગણતરી કારણભૂત છે. એ જોવું નથી, ને બહાર ફાંફાં મારવા છે, તેથી ગુરુએ કરેલી પ્રશંસા પર દુઃખ કરે છે, ઈર્ષ્યાની આગ પ્રજ્વલિત રાખે છે. સિંહનો ભય જીતવાનું સહેલું બન્યું, ઈર્ષ્યા જીતવાનું મુશ્કેલ બની ગયું છે. જેના પર ઈર્ષ્યા થાય છે તેની સાથે આમ તો પ્રેમનો વ્યવહાર પણ કર્યો હશે, પરંતુ પ્રેમની પરીક્ષા અવસરે થાય છે. એમાં,

**જેમની સાથે પ્રેમ છે એમનો સારામાં સારો સ્વાર્થ સધાય એમાં આપણે રાજી, એવો હિસાબ રાખ્યો હોય તો, પ્રેમની પરીક્ષામાં પાસ થવાય, એના પર ઈર્ષ્યા ન આવે.**

પણ ના, જો પોતાના સ્વાર્થની મુખ્ય ગણતરી છે, તો ઈર્ષ્યા આવતા વાર નહિ લાગે ! ત્યાં પછી પ્રેમ ડૂલ ! પછી તો એમ થાય કે, હં ! મને નહિ ને એને



અધિક મળે ? એનું વધારે સન્માન ? શું હું કમ છું ?

પ્રેમ કેટલાયની સાથે કરીએ છીએ, પ્રેમનો દાવો રાખીએ છીએ કે 'અમને તમારા પર પ્રેમ છે, સ્વાર્થ સધે ત્યાં સુધી પ્રેમ, એ સ્થિતિ છે.' એટલે સ્વાર્થ ઘવાતાં ઊંચા-નીચા થવાય છે. જાણે શુષ્ક હૃદય ! એમાંય આપણા કરતાં બીજાનું વધારે સારું સહવાની તાકાત નથી; એટલે ઝટ ઈર્ષ્યા ઊઠી આવે છે.

**ગુણ કયો ? પ્રેમ કે ઈર્ષ્યા ?** મઝા શામાં ? સામાનું સારું સહી લઈએ, એમાં ખુશી થઈએ, તો આપણને નુકસાન શું ?

એને સારું મળ્યું તો એના પુણ્યથી કે પુરુષાર્થથી મળ્યું, એમાં આપણે બળવાની જરૂર શી ? ઊલટું, બળવામાં તો બીજા કેટલાય અનર્થ અને મનનો બગાડો આપની જાતમાં જ અને તે આપણી જાતે જ ઊભા કરવા જેવું થાય છે. જો જો સિંહગુફાવાસી મુનિ ઈર્ષ્યાના માર્યા કેટકેટલા અનર્થમાં પટકાય છે !

**રુક્મિને શા માટે મરવું છે ? :-**

રાજપુત્રી રુક્મિ પોતાના પિતાને કહે છે,-

'હે પિતાજી ! મારો આપઘાતનો વિચાર દુઃખમય જીવનના કંટાળાને લીધે નથી કે 'પરણીને તરત મારા પતિ ગુજરી ગયા તો હાય ! હવે મારું સંસાર સુખ નષ્ટ થઈ ગયું, એટલે હવે દુઃખમાં જીવીને શું કામ છે ? જીવવામાં શી મજા ? સુખ વિના દહાડા કેમ જાય ?' ના, આવો જીવવા પર કોઈ કંટાળો નથી. પરંતુ મને મોટો ડર છે કે મારી યુવાની હવે શરૂ થાય છે, અને જુવાની દિવાની ! જીવને દિવાનો બનાવે છે. એમાં લગ્નયોજના કંઈક અંકુશ મૂકે છે. જેથી જ્યાં ત્યાં જીવ ભટકે નહિ. પરંતુ મારે કર્મ-સંયોગે અંકુશ બહારની સ્થિતિ ઊભી થઈ છે. એટલે મને ભય છે કે આ ઉન્મત્ત યુવાનીમાં ક્યારેક નહિ ને કાંઈ અજુગતું આચરાઈ ગયું તો હું આપણા નિર્મળ કુળને કેવી કલંક લગાડનારી થાઉં ! જીવીને એવું કલંક લગાડવું એના કરતા મરવું સારું.''

જુઓ બાળ વિધવા બનેલી રુક્મિની વિચારણા ક્યાં જઈ રહી છે ! એને સુખના અભરખા નથી રહ્યા પરંતુ કુળને કલંક લગાડનારું કોઈ અધમ કૃત્ય પોતાના હાથે ન થઈ જાય એની ભારે ચીવટ છે.

**કુળની ખાનદાની અને પ્રતિષ્ઠાનો ભાર જીવને પાપનો અને અકાર્યનો ભય ઊભો કરે છે.** રખેને પાપ થઈ જાય તો ? સ્વચ્છંદ વર્તન પર અંકુશ રખાવે છે. પૂર્વે એનાં મૂલ્ય અંકાતા એટલે પ્રસંગે કોઈને કહેવાતું, કે-'તારા જેવો કુળવાન, ને આવો વિચાર કરે ? આવો બોલ બોલે ?' પોતાને પણ જાગૃતિ રહેતી કે 'મારા ઊંચા કુળના હિસાબે અધમ બોલચાલ કરાય નહિ; બલકે ઉત્તમ દયા-પરોપકારનાં

વચન-વર્તાવ રાખવા.' કુળનો ભાર તો દાક્ષિણ્ય, ગાંભીર્ય, શિસ્ત, વિનયાદિ કેટલાય ગુણો સહેજે જીવંત રાખતો.

આજે ક્યાં આ કુળ પ્રતિષ્ઠાનો ભાર છે ? આજ તો સબ સરખા કરવા છે. હલકાને ઉત્તમ નથી બનાવવા, પણ ઉત્તમને નીચે ઉતારવા છે.

**પ્ર.**- એમ કેમ ? હરિજનને ઊંચે લાવે છે ને ?

ઉ.- **'ઊંચે લાવવાનું' શાને કહેવાતું હશે ?** જીવો બિલકુલ આત્મસન્મુખ ન હોય એ કાંઈક પણ આત્મસન્મુખ અને ગુણસંપન્ન થતા આવે એનું નામ ઊંચે આવવાનું કહેવાય ? કે ભૌતિક સુખ-સમૃદ્ધિમાં વધારે આસક્ત, એની અધિક લાલચવાળા અને આત્મદૃષ્ટિ ગુમાવનારા બને એ ઊર્ધ્વીકરણ કહેવાય ? બેમાંથી વાસ્તવિક ઊર્ધ્વીકરણ કયું ? આજે સામ્યવાદી પ્રજાની દશા જુઓ. તિબેટ, કોરિયા, વિયેટનામ, પૂર્વ જર્મની વગેરેમાં એ લોકોએ કેટલા ભયંકર હત્યાકાંડ મચાવ્યા છે ? ભૌતિક દૃષ્ટિ વિકસાવી એટલે ઊર્ધ્વગમન નહિ પણ અધઃપતન થયું ! કેમ કે એમાં માનવહત્યાઓ પણ હોંશે હોંશે ક્રૂરતાથી કરતા શીખ્યા. ત્યારે અહીં પણ શું છે ? આની છાયા પથરાવા લાગી છે. લોકોમાં દયા-અહિંસા વધી, સત્યભાષિતા વધી, નીતિ-પ્રામાણિકતા વિકસી, સદાચારનું પ્રમાણ વધ્યું, ત્યાગ, સંતોષ વિકસ્યા,- આવું બધું ક્યાં છે ? તાત્પર્ય, ઊંચ-નીચ કુળના ભેદ મિટાવી **'સબ સરખા'** કરવાની આજની રીતરસમમાં કુળના ખ્યાલ ઉપર જે ઉત્તમ વિચાર આવતા તે વસ્તુ ન રહી.

રુક્મિ આ કહી રહી છે,-'પિતાજી ! હું આપના વિશુદ્ધ કુળને કદાચ કલંક લગાડી દઉં ! એના કરતાં આપઘાત કરી લેવો સારો.'

અહીં એક પ્રશ્ન થાય,

**પ્ર.**- જો આપઘાત કરવાની અત્યારે તૈયારી છે, તો તો રુક્મિ એમજ કાં ન વિચારે કે 'જ્યારે એવું કલંકિત આચરણ કરવાનો પ્રસંગ ઊભો થાય ત્યારે જ તેવું કરતાં પહેલાં આપઘાત કરીશ...?' આપઘાત તો ત્યારે ય થઈ શકે ને ?

ઉ.- આનો જવાબ રુક્મિ જે કારણ બતાવે છે એમાં રહેલો છે. એ કહે છે, 'બાપુ ! કર્મના ઉદય વિચિત્ર હોય છે. શી ખબર ક્યારે કેવા મોહનીય કર્મનો વિપાક ફૂટી નીકળે ? એમાં વળી મારો પાપી સ્ત્રી-અવતાર ! સ્ત્રીપણું એટલે ભારે ચપળ ચંચળ સ્વભાવ ! નથીને ક્યારેક તેવા કર્મનો વિચિત્ર વિપાક જાગી જાય અને તેમાં કાંઈ અજુગતું આચરવાની દુર્બુદ્ધિ થઈ તો ? સ્ત્રી-સુલભ ચંચલ સ્વભાવે દુઃસાહસ કરી નાખતાં વાર નહિ ! એથી આપના વિશ્વ વિખ્યાત કુળને ભયંકર કલંક લગાડનારી બનું ! એના કરતાં પહેલેથી જ મરવું સારું.'

અર્થાત્ અશુભ કર્મોની શિરજોરી એવી છે કે અસત્ સમય-સંયોગોએ એને



ભભૂકી ઊઠવાનો અવસર મળ્યા પછી જીવને એ તરત મલિન ભાવમાં ઘસડે છે ! એમાં ય પુરુષ હોય તો કદાચ સત્ત્વથી એના પર અંકુશ મૂકી અનર્થ કરતો બચી જાય. પરંતુ સ્ત્રીમાણસને ચંચળતાને લીધે દુષ્કૃત્યમાં પડવાનો મોટો સંભવ ! પછી ત્યાં આપઘાત કરું પણ વ્રતભંગ ન કરું એ શુભ ભાવ જાગી પાછા વળવા જેટલો અવસર ક્યાં ? રુક્મિ પોતાની જાત માટે આ સમજે છે તેથી તેવા ભાવિ પ્રસંગની રાહ ન જોતાં અત્યારે વિધવા છતાં ભવિષ્યના અકાર્યથી બચવા આપઘાત કરવા ઈચ્છે છે,

**રાજાની કદરદાની :-**

વિચારવા જેવું છે કે પ્રસંગ ઘણો ગંભીર બન્યો છે. એવા અવસરે 'હાય, મારું સંસારસુખ લૂંટાઈ ગયું !' એમ ચિંતવવાને બદલે 'મારા હાથે કુળને મલિનતા ન લાગો, માટે આપઘાત કરું' એવો વિચાર આવે છે. રાજા એ જાણીને ચકિત થઈ જાય છે. એના મનને એમ થાય છે કે 'અહો ! કેટલો અદ્ભુત બાલિકાનો વિવેક કે સમજે છે કે કુળને કલંક લગાડવા કરતાં મરવું સારું ! કેવી સરસ જાગૃતિ કે યુવાનીના પાશવી ઉન્માદને ઠીક જ કળી જાય છે ! મારા અહોભાગ્ય છે કે પુત્ર નહિ છતાં આવી પુત્રી મળી ! શું આની બુદ્ધિ ! કેવી પ્રજ્ઞા ! કેવો વૈરાગ્ય ! અહો ! આ ક્ષણે ક્ષણે વંદનીય છે કે જેના આવા મોટા ગુણ છે ! તો આ જ્યાં સુધી મારા ઘરે વસે છે ત્યાં સુધી મારું અતિશય મોટું શ્રેય છે. આને જોતાં, યાદ કરતાં ને આની સાથે વાતચીત કરતાં પણ પાપ ધોવાય છે. માટે અપુત્રિયા એવા મારે આ જ પુત્રતુલ્ય હો.'

રાજા રુક્મિના શુભ આશયની કદર કરી રહ્યો છે, ભારે મહત્ત્વ આપી રહ્યો છે, કેમ વારુ ? કારણ આ છે, કે-

**જીવ જ્યારે ભવ-બાળકાળમાંથી ઊંચો આવે છે,** ત્યારે જ એને આ વિચાર આવે છે કે 'મારા કુળને કલંકિત કરનારી ચેષ્ટા ન કરું, એવી વાણી ન બોલું. એમ મારા ધર્મને કે મારા ગુરુને કલંક લાગે એવા વેણ કે વર્તાવ ન આચરું. પછી ત્યાં કંઈ સહવું પડે એની ચિંતા નહિ; ભોગ દેવો પડે તો દેવો; પણ કુળને, ધર્મને કે ગુરુને કલંક ન લાગવા દેવું.'

**કાલિકસૂરિજી મહારાજે** શાસન પર કલંક ન ચઢે માટે આત્મહત્યા કરી લીધી. રાજા ઉદાયીને એ પૌષધ અને ધર્મશ્રવણ કરાવવા માટે એક રાત પૂરતું એના મહેલમાં ગયેલા. રાજા ઉપાશ્રયે ન આવે ? આવે, પણ અહીં રાજ્ય ખટપટો ભારે હતી, દુશ્મન રાજાના ડર હતા- નથી ને ધર્મવિશ્વાસનો ઘાત કરનાર કોઈ ગુપ્ત ભેદી માણસ ભેટી જાય તો ? પરંતુ નસીબ બે ડગલાં આગળ ! તે, રાજા

ઉદાયીને મારવા માટે દુશ્મન રાજાનો માણસ બાર વરસથી દીક્ષા લઈ આચાર્ય મહારાજનો ભારે વિનયી શિષ્ય બની ગયેલો ! બસ ધર્મ-વિશ્વાસમાં એને કાલિકસૂરિજી મહારાજે સાથે લીધેલો, તે રાતના ધર્મકથા બાદ સૂરિજી અને રાજા નિદ્રાધીન બન્યા ત્યારે ઊઠીને રાજાનું ગળું કાપી રવાના થઈ ગયો.

**ધર્મવિશ્વાસનો ભંગ ભયંકર :-**

કેટલો અધમાધમ વિશ્વાસભંગ ! દુશ્મન પણ એને ન આવકારે ! માટે તો જ્યારે એણે જઈને પોતાના રાજાને વાત કહી ત્યારે રાજા કમકમી ઊઠ્યો ! કહે છે, 'હરામી આવું નીચ કૃત્ય કર્યું ? નીકળ અહીં મારા રાજ્યમાંથી.' દેશનિકાલ કર્યો. દુશ્મનાવટમાં પણ ધર્મવિશ્વાસના ભંગનું હીચકારું કૃત્ય એને પસંદ નહોતું.

**માણસની ધર્મવિશ્વાસભંગની ચેષ્ટા એ અતિ નીચ કક્ષા અને ભાવિ દીર્ઘાતિદીર્ઘ કાળ દુર્ગતિભ્રમણની આગાહી સૂચવે છે.**

માટે આ સાવધાની રાખવાની છે કે ધર્મવિશ્વાસની છાયા હેઠળ કોઈનો ય દ્રોહ ન કરીએ.

અહીં તો રાજાનું ગળું કપાયાથી લોહી ધડ ધડ વહેતું ચાલ્યું. રેલો કાલિકસૂરિજી મહારાજના સંથારે પહોંચ્યો ! તરત આચાર્ય મહારાજ જાગ્યા અને જુએ છે તો રાજાનું ગળું કપાઈ ગયું છે ! અને બહુ વિનયી માનેલો શિષ્ય ત્યાં છે નહિ. વસ્તુસ્થિતિ કળી ગયા કે આ કોઈ ભેદી દુશ્મનનો દગો થયો ! પરંતુ હવે શું ?

**આચાર્ય મહારાજ આપઘાત કરે ? :-**

કાલિકસૂરિજી મહારાજે તરત માપી લીધું કે જો હવે હું જીવતો રહું તો એમ જ મનાય કે 'રાજાનું ખૂન કરાવવા માટે જ જૈનાચાર્યનો પેંતરો હતો ! બસ, જૈનધર્મમાં આવા ને આવા નીચ કારસ્તાન જ રચાય છે.' આમ જૈનશાસનને બટ્ટો લાગે, લોક જૈન સાધુનો વિશ્વાસ કરે નહિ. એ સ્થિતિ ટાળવા મારે પણ જાતે ગળું કાપી મર્યે જ છૂટકો; જેથી પછી એટલું જ જાહેર થાય કે 'કોઈ દ્રોહી માણસ આવી રાજા અને આચાર્યનું ખૂન કરી ગયો.'

**શાસનહિલના સર્વોપરી નુકસાન :-**

આટલી જ વાર, આચાર્ય મહારાજે તરત જ છરી પોતાના ગળા પર કડક હાથે ફેરવી દીધી ને પછી એને દૂર નાખી દીધી. સવારે એમની ધારણા પ્રમાણે જ જાહેર થયું. શાસન અને સાધુ પર કલંક લાગતું અટકી ગયું. અલબત સંઘમાં હાહાકાર મચી ગયો ! સંઘને જબરદસ્ત ખોટ પડી ! શું આચાર્ય મહારાજને એ ધ્યાનમાં નહોતું ? હતું, પરંતુ એના કરતાં ય શાસનની હિલના અને સાધુમાત્ર પર લોકનો અવિશ્વાસ એ મહાભયંકર નુકસાન છે, એમ સમજતા હતા.



બહુ સમજવા જેવું છે. રાભસવૃત્તિથી કે લોભથી ક્યારેક એવું કાંક બોલી-ચાલી નાખીએ કે જેથી જૈનધર્મ પ્રત્યે લોકને સૂગ થાય, એ મામૂલી દુષ્કૃત્ય નથી. એમાં તો એ લોકોને ભાવીમાં પણ જૈનધર્મ પામવાનું દૂર હડસેલાઈ જાય ! ઊલટાં ધર્મવિરુદ્ધ પ્રવર્તવાનું કરનારા બને ! અહીંની સૂગ કે પ્રેમ એ ભાવી તેવી સૂગ કે પ્રેમનું બીજ છે.

**માટે જ ડાહ્યા માણસનું કર્તવ્ય છે કે,-**

(૧) દેવ-ગુરુ, ધર્મના દાનાદિ પ્રકારો, ધર્મસ્થાનો, વિનયાદિ ગુણો, અને ધર્માત્માઓ પ્રત્યે જેટલો બને તેટલો આદરભાવ-ભક્તિભાવ, જીવો પ્રત્યે પ્રેમભાવ, તથા દુ:ખી અને પાપી પ્રત્યે દયાભાવ ભાવ્યે જ જઈએ, ભાવ્યે જ જઈએ, જેથી ભાવી તેવા ઉચ્ચ ભાવનાં અહીં બીજ પડી જાય.

(૨) તેમ જ એથી ઊલટું દ્વેષભાવ, ઈર્ષ્યાભાવ, વૈરભાવ, વગેરેને સરાસર વોસિરાવતાં જઈએ, જેથી એનાં બીજ બળી જાય તો ભવિષ્યમાં વેઠવું ન પડે. એ ભાવો હટાવવા એને લાગતા-વળગતા દોષો દૂર કરવા પડે.

જુઓ ભવાભિનંદીના દોષ-દુર્ગુણમાં વિચાર્યું છે કે ઈર્ષ્યા કેટકેટલી ખતરનાક પરિસ્થિતિ સરજે છે. એ સરજવાનું કારણ એક તો એના મૂળ ઘણાં ઊંડા ઊતરી ગયા હોય છે, અને બીજું એ કે એના પોષક દોષો આત્મામાં એકરસ થઈ ગયા હોય છે.

ઈર્ષ્યામાં અભિમાન છે, દ્વેષ છે, અસહિષ્ણુતા છે.

(૧) **અસહિષ્ણુતાથી** બીજાની અધિક પ્રશંસા સહાતી નથી. એટલે પછી ગમે તેવું અકાર્ય કરવા ખૂનસ ચઢે છે, દ્વેષના લીધે સામાની પાયરી યાને પ્રશસ્તિ સ્થાનની કક્ષા નીચે ઉતારવાનું અધમાધમ મન થાય છે.

(૨) **અભિમાનના લીધે** હવે પગલું ભરવું છે તેની યોગ્યતા કે ગજું પોતાનામાં છે કે નહિ, એનો વિચાર કરવાનું માંડી વળાવે છે. **અહંત્વના** લીધે પાપથી પાછું ન વળવાની જીદ-દુરાગ્રહ ઊભો થાય છે.

(૩) **દ્વેષના લીધે** લેશ્યા બગાડે છે, સામા પર જાણે વૈરની ગાંઠ ન હોય એમ એની પૂંઠ પકડાય છે. એને ગમે તેવાં નુકસાન કરવામાં દિલ અચકાતું નથી. જરૂર પડ્યે કૃષ્ણ લેશ્યા અને રૌદ્રધ્યાનમાં ચડી જવાનું બને છે. ઈર્ષ્યાથી દ્વેષીલા બનેલા માણસનું ખુન્નસ વધતાં વધતાં કદાચ સામાનું મૃત્યુ થવા સુધીની કે આગળ વધીને એને મારી નાખવા સુધીની ભયંકર દુષ્ટ બુદ્ધિ ઊભી થાય છે.

**બે વિદ્યાર્થીની વાત :-**

એક ઉપાધ્યાય પાસે બે વિદ્યાર્થી ભણે છે. બેમાં એક વિદ્યાર્થી સારો સુશીલ,

વિનયી અને પરિશ્રમી છે, બીજો એથી ઊલટો છે, દુર્ગુણી અને પ્રમાદી. ગુરુ તો સરખી રીતે ભણાવે, પણ એને જાણે પરિશ્રમની બાધા ! એટલે ઠોઠ જેવો રહે. પહેલો પરિશ્રમ કરનારો, તે પણ ગુરુસેવા-વિનયમાં ઉજમાળ રહીને; એટલે સારો સુબુદ્ધ બન્યો. ગુરુ સહેજે 'બુદ્ધિ સતેજ છે...' એમ અનુમોદના કરે. એ પેલા ઠોઠ દુર્ગુણીને સહન નથી થતું. 'બસ ! આ કેમ આગળ વધી જાય ? માળો ઢોંગી છે...' એમ ઈર્ષ્યાથી સળગી રહ્યો છે.

**ઈર્ષ્યાળુની અધમ ચેષ્ટા :-**

એક વાર એવું બન્યું કે ઉપાધ્યાયે બંનેને કાષ્ઠ લઈ આવવા મોકલ્યા. પેલો ગુણિયલ વિદ્યાર્થી તો જંગલમાં સૂકાં લાકડાંની શોધ કરતો રહ્યો. છત હતી નહિ એટલે લાકડાં ભેગાં કરતાં વાર લાગી. આ ઈર્ષ્યાળુ ભાઈસાબ પહેલાં તો નદીએ લહેર કરવા ચાલી ગયા. પછીથી એક ડોશીને કાષ્ઠ માથે લઈ જતી જોઈ એટલે ઝટપટ દોડી એને મારી નાખીને એનાં લાકડાં ઉપાડી ગુરુ પાસે આવી ગયા !

દિલમાં ઈર્ષ્યાનો અગ્નિ ભડભડ સળગી રહ્યો છે, એટલે એક તો ઝટપટ આવી શાબાશી લેવાને માટે ડોશીને બિચારીને મારી નાખી ! અને હવે પેલાને હલકો પાડવા એના પર ખોટું કલંક ચડાવે છે, ગુરુને કહે છે,

'જુઓ ગુરુજી જુલ્મ ! આપ જેને સારો માનો છો એનું કુકૃત્ય કેટલું ભયંકર ? આપે તો લાકડાં લઈ આવવા કહ્યું પણ પેલા ભાઈસાબ નિરાંતે ફરતા રહ્યા; અને હવે સમય થઈ ગયો એટલે લાકડાં લઈ આવવા કેટલું ભયંકર કૃત્ય કરીને આવે છે !'

ગુરુ પૂછે છે, 'કેમ શું થયું ?'

ચેલો કહે છે, 'આ હું લાકડાં લઈને આવી રહ્યો હતો એમાં પાછળ મેં ચીસ સાંભળી. દૂર જોઉં છું તો ભયંકર દશ્ય ! પેલો વિદ્યાર્થી એક ડોશીને મારીને એનાં લાકડાં ઝૂંટવી લાવવાની પેરવીમાં હતો !'

ગુરુ કહે છે 'હેં ? આવું ? આવવા દે એને.' ઉપાધ્યાય સુશીલ વિદ્યાર્થી પર ગુસ્સે થઈ ગયા. આવતાવેંત પેલાને કહે છે,-'કેમ મોડો ?'

એણે તો બિચારાએ કહ્યું કે 'આજે લાકડાં એટલા ઝટ મળ્યાં નહિ તેથી ભેગાં કરતાં મોડું થયું !'

ગુરુ કહે છે, 'જુઠ્ઠા ! હરામી ! આવા કૃત્ય કરે છે ? ચાલ્યો જા અહીંથી, મને તારું મોઢું ન બતાવીશ.' કાઢી મૂક્યો એને. પણ એ ખાનદાન છે, તેથી જુદું જ પરિણામ આવે છે.

આમાં ઈર્ષ્યા પેલા વિદ્યાર્થીને ક્યાં સુધી લઈ ગઈ છે એનો વિચાર કમકમી



ઉપજાવે એવો છે. પારકો માલ ઉપાડ્યો ! એટલું જ નહિ, કિન્તુ માલની માલિકણ ડોશીને મારી નાખી ! હવે એનું આળ સારા વિદ્યાર્થી પર ચઢાવ્યું ! જાતે માયામૃષાના ઘોર પાપમાં અને પેલાને કાઢી મૂકાવાના ભારે દુઃખમાં ઉતારે છે ! આગળ પર નાલેશી આવશે, પાપના ભયંકર ફળ ભોગવવા પડશે, પાછી એમાં પૂર્વના ઈર્ષ્યાદિ-પાપોના કુસંસ્કાર હોવાથી પાપબુદ્ધિ સ્ફુર્યા કરશે ! એ બધું ઊભું કરી દીધું ! છે ને અનર્થોની હારમાળા ?

કહેવાય છે 'ગરજવાનને અક્કલ નહિ.' પરંતુ આ ઈર્ષ્યાદિ ખતરનાક દોષવાળાને અક્કલ કેટલી ? એક ઈર્ષ્યાના પાપમાં પોતે જ પોતાની કેવી દુઃખ-દુષ્કૃત્યની ખાઈ ખોદી રહ્યો છે ! એ ડાહ્યો કે મૂરખ ? અક્કલનું દેવાળું કાઢે છે કે ડહાપણનો ખજાનો મેળવી રહ્યો છે ? ઈર્ષ્યાનો માર્યો અનેક દોષો અને પાપોમાં ખુશખુશાલ રહી અધઃપતનમાં ઊતરનારને અક્કલવાળો કોણ કહે ? સિંહગુફાવાસી મુનિ ઈર્ષ્યાના માર્યા, જોવા જેવું છે કે, કેટલી હદે કેવાં કૃત્ય સુધી પહોંચી જાય છે.

**ઈર્ષ્યામાં મુનિની વિટંબણા :-**

**સિંહગુફાવાસી** મુનિ ચોમાસું આવતાં ગુરુની આગળ માગણી કરે છે કે 'હું કોશા વેશ્યાને ત્યાં ચોમાસું કરું.'

ગુરુ કહે છે 'તમારું કામ નહિ.'

આઠ આઠ મહિનાથી અંતરમાં ઈર્ષ્યાનું શલ્ય રાખી મૂક્યું છે એવા આ મુનિ ગુરુવચનને શી રીતે તહત્તિ કરી શકે ? એ તો કુવિકલ્પમાં જ ચઢે ને ? કે 'બસ ! જોયું ? સ્થૂલભદ્રજીને આવા મામૂલી ભારે સરળ કામમાં દુષ્કર-દુષ્કરકારકનો મહા જશ આપ્યો હવે એ જશ બીજો ન લઈ જાય માટે પહેલેથી ત્યાં ચોમાસું કરવાની જ ના પાડે છે ! સ્થૂલભદ્રજી તો રાજ્યમંત્રીના દીકરા ખરા ને ? દુનિયામાં દેખાય છે ને કે પૈસાવાળાની, કે સત્તાધીશની શરમ કોને નથી નડતી ?'

છે વિકલ્પને કોઈ માઝા-મર્યાદા ? કોના માટે આ કલ્પના ? જિનશાસનના શણગાર, પોતાને ભવકૂપમાંથી ઊંચકનાર, અનેક ભવ્યાત્માઓના તારક, મહાધુરંધર, પ્રભાવક, મહાજ્ઞાની આચાર્ય શ્રુતકેવળી ભગવાન શ્રી આર્ય સંભૂતિવિજય માટે આ વિકલ્પ કે 'એ તો મંત્રીની શરમમાં પડ્યા. બીજો કોઈ સાધુ મંત્રીપુત્ર જેવો જશ ન લઈ જાય માટે પહેલેથી જવાની જ ના પાડનારા !'

એટલે ? 'ગુરુ ઈર્ષ્યાળુ !' છે કલ્પનાની હદ ? કોના માટે ? પોતાના ભવકૂપમાંથી ઉદ્ધારક, મહા ગુણિયલ, મહાજ્ઞાની ગુરુ માટે ? પણ,

**ઈર્ષ્યાના જાલિમ કેફમાં કાંઈ નવાઈ કે હદ નથી કે મનથી કેટલી કુકલ્પના થાય, વચનથી કેવાં ભારે વેણ બોલાય અને કાયાથી કયા અધમ દુષ્કૃત થાય.**

આની કોઈ નવાઈ નહિ, કોઈ હદ નહિ.

**માટે જ ભવાભિનંદીપણું ઠરાવનારા આ પાપિષ્ઠ ઈર્ષ્યા**-માત્સર્ય-અસૂયા-અસહિષ્ણુતા દોષથી બહુ સાવધ રહેવા જેવું છે. કદાચ સંયોગ પરિસ્થિતિવશ આચરણમાં તેવા કાયિક ભયંકર કૃત્ય નહિ કરાવે, તો પણ માનસિક-વાચિક ગોઝારી વિચારણા-વાણીમાં તાણી જશે. એટલે જ 'રખેને હું ઈર્ષ્યાવશ તંદુલિયા મચ્છ જેવી નરકદાયી કાળી લેશ્યા અને ભયંકર વિચારણામાં ચઢું તો ? માટે મૂળ પાયામાં ઈર્ષ્યા જ ન કરું,'-આ ભાવના વારંવાર સેવી અવસરે અવસરે સુલભ એવી ઈર્ષ્યાથી બચવા જેવું છે, મન મારીને એને રોકવા જેવી છે. વારંવારની આ શુભ ભાવના કર્યા વિના નહિ બચાય.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૩,અંક-૩,તા.૧૯-૯-૧૯૬૪**

**ઈર્ષ્યાદિ રોકવા માટે આત્મસાખે આ વિચારવું :-**

'સામાને સારું મળ્યું તો એના પુણ્યે મળ્યું છે. પુણ્ય એણે ઉપાર્જ્યું છે, પુણ્યોપાર્જનમાં પ્રધાન નિમિત્ત દેવ-ગુરુ-ધર્મ બનેલ છે. અત્યારે એનો ભોગવટો એ પુણ્યવાનને વરેલો છે. ભોગવાઈને પુણ્ય ખતમ એનું થવાનું છે.-આ બધામાં ક્યાંય કોઈ જગાએ તારો સંબંધ જ છે ? તો શા સારુ એમાં માથું ઘાલે ? કેમ મન બગાડે ? એના પર નજર પણ શા માટે નાખવી જોઈએ ? અને કદાચ નજર પડી તો બળે છે શું કામ ? ખુશી થા ને; કર્મની વિચિત્રતા જો; કર્મના વિપાક વિચાર, એથી દુર્ધ્યાનના પાપમાં નહિ પડે. બાકી બળવામાં તો દુર્ધ્યાન થશે, તારો જ આત્મા કુસંસ્કાર અને પાપકર્મથી ખરડાશે. કોઈને સારું થાય, અને આપણે એના પર આપણા જ આત્મામાં બગાડો ઘાલીએ, એ કેટલી બધી મૂર્ખાઈ ?

**કિંમતી મનને ન બગાડો.**

આ મહત્ત્વનો વિચાર છે કે બીજાના સારા કે બૂરા ઉપર આપણા આત્મામાં બગાડો ન ઘાલીએ. બીજાનું સારું દેખીને ઈર્ષ્યા થાય એ મનને બગાડવાનો ધંધો છે. બીજાના ભૂલ-ખોડ-ખાંપણ પર દ્વેષ આવે, નિંદાની વૃત્તિ થાય એ પણ મનનો બગાડો છે. મનના બગાડાથી આત્મા બગડે છે. કોઈના એના કર્માનુસાર થતા બનાવ ઉપર આપણું મન કલુષિત કરવાનું આ કેવું મૂર્ખાઈભર્યું કામ ! શું એટલું ન વિચારી શકાય કે,

**બીજાની સારી-નરસી વાત-વસ્તુ કે જે કર્મની વિચિત્રતાને આધીન છે, એના પર મન ડહોળીને શો ફાયદો ?**



**કર્મ આગળ જીવ નગણ્ય :-**

ધ્યાનમાં રાખવા જેવું છે કે સામાને એનાં કર્મ પોતાનું ફળ દેખાડે એમાં કેટલી ય વાર એ જીવ અને આપણે નગણ્ય હોઈએ છીએ. કર્મ નથી એને ગણકારતા ને નથી આપણને ગણકારતા. કર્મ તો જીવની શરમ કે દયા વિના કે જીવનું ગમે તેવું ઊંચું સ્થાન પણ ગણકાર્યા વિના પોતાનું કામ બજાવ્યે જ જાય છે, પછી ભલે આપણે નાદાનપણે મનમાં ગમે તેવા લોચા વાળીએ, પણ કર્મને એની ગણના નથી. તો પછી શી જરૂર લોચા વાળવાની ? લોચા વાળીને શા સારુ આપણું કિંમતી મન બગાડવું કે જ્યાં આપણે નગણ્ય છીએ ?

**આપણાં મનની કિંમત આંકવા જેવી છે.**

જો આપણે એને એક મહાન કોહિનૂર હીરા જેવું મૂલ્યવાન સમજીએ, 'એ બહુ કિંમતી, બહુ કિંમતી', એવી ભાવના કર્યા કરીએ, તો હીરાની જેમ એની રક્ષા કરવાની ને એને મેલ ન લાગવા દેવાની ભારે કાળજી અને ચીવટ રહે. ઠેઠ કેવળજ્ઞાન પમાડનારા શુકલધ્યાન અને ક્ષપકશ્રેણી અપાવનાર આ મનની કેટલી કિંમત છે ? જો એને મેલું કરીએ તો ઠેઠ સાતમી નરકે લઈ જાય ! એવા મનની નાજુકતા, મહત્ત્વ કેટલું બધું ?

**'મન લઈ જાવે મોક્ષમાં રે, મન હી ય નરક મોઝાર.'**

આવા મહા કિંમતી મનની પવિત્રતા અને શુભ ભાવમાં જ મનની લયલીનતા જાળવવાની અતિશય આવશ્યકતા છે. ઈર્ષ્યા, દ્વેષ, દંભ, માયા, મૂર્ચ્છા, અહંકાર વગેરે કચરો તો એને અડવા ય ન દઈએ. એ કચરાથી મન બગાડવા જતાં બહારમાં કાંઈ ફરક પડતો નથી. ને કચરાથી દૂર રહીએ તો મનથી મસ્ત બાદશાહ બન્યા રહીએ છીએ. નવાં કર્મના કચરાથી બચીએ એ નફામાં !

**રાજપુત્રી રુક્મિ** કાયર બની છે. ભવિષ્યમાં કુળકલંક લાગવાનું ન બને એ માટે આપઘાત કરવાનું મન કરે છે. અલબત, કલંક ન લગાડવું, કલંક લાગે એવું અકાર્ય ન કરવું, એ મનનો શુભ ભાવ છે, પરંતુ એ માટે યોગ્ય પુરુષાર્થના રાહે ચાલવાને બદલે જીવનને આરાધના વિનાનું બાળ મરણ પમાડી દેવું એ કાયરતાનો અને અવિવેકનો અશુભ ભાવ છે. રુક્મિનો પિતા સમજે છે એટલે એના પાપભયની-કલંકભયની અનુમોદના કરી, એનો અશુભ ભાવ મિટાવવા, જુઓ, શું કહે છે,-

## પિતાનો ભવ્ય ઉપદેશ

**આપઘાત અટકાવવા ઉપદેશ :-**

બાપ કહે છે, "**હે રુક્મિ !** તું આપઘાતનો વિચાર ન કર. આપણા કુળમાં એ અજ્ઞાન પદ્ધતિ છે નહિ. આપણા પૂર્વજો એવી કાયરતા કરી ધર્મસાધના માટેના

આ ખાસ કિંમતી જીવનનો નાશ કરતા નહિ. ગમે તેવા કષ્ટ વેઠવા તૈયાર, પણ જીવનનો અકાળે અંત લાવી ભવ્ય ધર્મસાધનામાંથી રદ બાતલ થઈ જવા તૈયાર નહિ. એમ **આ જ જીવન દ્વારા પાપને અટકાવનારા ભગીરથ ઉપાયો યોજવાનું એમનામાં ડહાપણ હતું, પણ એવા ઉપાયો માટેના અત્યંત યોગ્ય એવા એક માત્ર આ જીવનને એમ જ ખોઈ નાખવા તૈયારી નહિ.**

**હે સુશીલા !** આ બંને વાતનું કારણ એ છે કે પછીના જીવનની આપણને ખબર નથી કે અહીં પછીનું જીવન કેવું આવશે ! ત્યાં કષ્ટ નહિ જ આવે, ત્યાં પાપ નહિ જ પકડે, એની કોઈ ખાતરી નથી. કદાચ આત્મહત્યા અને અસમાધિવાળા મનને લીધે અહીં કરતાં વધુ કષ્ટ અને પાપકૃત્યવાળું જીવન મળે એ બહુ સંભવિત છે. પછી અહીં કષ્ટનો કંટાળો કે પાપકૃત્યની ભાવી આગાહી કરીને એનાથી છૂટવા મરી ગયા પણ તેથી શું ? આગળ પર કષ્ટ કે પાપકૃત્યથી બચી જ જવાનું થોડું નક્કી છે ?

માટે **હે ભાગ્યવતી !** વિચાર કર. અવિવેકના ઘરની ગણતરી મનમાં ય લાવીશ ના.

**આના પછીનો ભવ તો અનિશ્ચિત છે કે કેવા ય કષ્ટ અને દુષ્કૃત્યવાળો મળે. ત્યારે અહીં તો નિશ્ચિત સારો સમર્થ ભવ હાથમાં છે.** કુળને કલંક લાગે એવા પાપાચરણથી બચવાની મજબૂત ભૂમિકા ઊભી કરી શકીએ છીએ. એના ઉપાયો છે. એ માટે જ્ઞાની ભગવંતોએ બતાવેલા સચોટ ઉપાયો આદરવાની અહીં મહાન શક્યતા છે. તો આ **શક્ય અને હાથવેંતની વસ્તુ ગુમાવી સંદેહવાળા પરલોકના અંધકારમાં શા માટે ભૂસકો મારવો ?**

**હે વિવેકવતી !** જગતમાં જોને કે જીવોને કષ્ટ પણ કેટકેટલાં છે ! ને દુર્ગુણ-દુષ્કૃત્યો પણ કેટલા પારાવાર છે ! આપઘાત પછી એવા હલકા કીડા-પશુના જીવનમાં ઝડપાઈ ગયા તો કઈ દશા ? કેટકેટલાં દુઃખ ! કેવાં કેવાં પાપાચરણ અને દુર્ગુણોનો વિસ્તાર ? અરે બહુ દુર્લભ મનુષ્ય ભવ પણ મળી જાય તો ય શું ? તું જુએ છે ને કે દુનિયામાં માનવો પણ કેવા દુર્ગુણ-દુષ્કૃત્યોમાં ફસેલા છે ? એમાં જો જઈ પડ્યા તો ત્યાંય કઈ દશા થાય ? મોટી વાત તો ત્યાં આ જ કે પાપનિવારણના ઉપાયો અને સામર્થ્યથી વંચિત જ થઈ જવાનું બને.

**હે પ્રજ્ઞાસંપન્ન !** તારા માટે આ જ શ્રેયસ્કર છે, કે આ જીવનમાં સુલભ એવા ઉત્તમ ઉપાયો યોજી લે, એમાં જીવનને ઓતપ્રોત કરી દે. ઉપાયો આ છે કે,-

(૧) તું જો, પાંચસો ગામની આવક તારે આધીન સમજ, તું એમાંથી યથેચ્છ દાન કરતી રહેવાનું કર. દુનિયામાં કેઈ બિચારા આંખના અંધ છે, પગે



લંગડા છે, અપંગ છે, એ ઉદરનિર્વાહનો શો પુરુષાર્થ કરી શકે ? પુરુષાર્થ-શક્તિ હોવા છતાં અંગોપાંગની સામગ્રીના અભાવે લાચાર બને છે. હે વત્સા ! આ પરથી અહીં અનુકૂળ સામગ્રી મળ્યાની જાગતી પુણ્યાઈની કિંમત કરજે. **અનુકૂળ સામગ્રીનું મૂલ્યાંકન કરીશ તો પુણ્યાઈના સદુપયોગનો પુરુષાર્થ કરવામાં કચાશ રાખવી નહિ એવો નિર્ધાર થશે. કેમ કે પુણ્યાધીન સામગ્રીના કાળમાં જ એ પુરુષાર્થ શક્ય છે.** તું એવા અંધ, અપંગ, લૂલા, વગેરેને દાન દે. વળી જો, કે જગતમાં કેટલાય બિચારા અનાથ હોય છે. કોઈ એમના નિર્વાહની ચિંતા કરનાર નથી. જાતે અશક્ત છે, એટલે પુરુષાર્થ-શક્તિ જ ક્ષીણ, તે જાતે શો ઉદ્યમ કરી શકે ? ત્યારે કેટલાક પરાધીન, દીન, હીન, દુઃખી, દરિદ્ર હોય છે. વળી કેઈ જીવો રોગિષ્ઠ હોય છે, કારમી વ્યાધિઓથી પીડાય છે. આવાને સહાયની ઘણી અપેક્ષા રહે છે. તો તું સંકોચ રાખ્યા વિના દાન દેતી રહે. જેથી એ જીવોને રાહત મળે.

**શાતાના પુણ્યથી તૃપ્તિ અને પાપ નિવારણ :**

**હે સુબુદ્ધિ !** તને કદાચ લાગશે કે 'આવા દુઃખી જીવોને દાન દેવાને વળી મારે ભવિષ્યમાં કુળકલંકનું કૃત્ય ન થવા સાથે શો સંબંધ ? દુઃખીને દાન દેવાથી એ શી રીતે ટળે ?' પરંતુ જો, કે ભૂખ-તરસ-રોગ-શોક-ઉદ્વેગાદિથી પીડાતા જીવને દાન દઈ એ પીડા ટાળવાથી એના દિલને શાતા મળે છે. એનો બદલો કુદરત આપણને એવી નિર્દોષ શાતાથી આપે છે કે જેમાં તૃપ્ત થવાથી જીવને બહુ પાપ ન કરવા પડે, અશાતાની અને ઈન્દ્રિય-ખણજોની વિહ્વલતા રહે નહિ, તેથી દુરાચારાદિના વિચાર જ ઊઠવા પામે નહિ. પછી કલંકિત કૃત્ય કરવાની વાત ક્યાં બને ?

**હે પ્રાજ્ઞ પુત્રી !** અજ્ઞાન દુઃખી જીવો આ સમજતા નથી કે 'શાતાવેદનીય પુણ્ય કર્મ પુષ્ટ કર્યા વિના દુઃખ નહિ મટે, એ પુણ્યપુષ્ટિ, જો બીજાને શાતાનાં દાન નથી કરવાં અને ઊલટું અભક્ષ્ય-ભક્ષણ તથા જીવઘાતક આરંભ-સમારંભાદિ કર્યે જવા છે, તો ક્યાંથી થવાની હતી ?

**વિશુદ્ધ ભાવે દાન દઈ દુઃખીના દુઃખ ફેડ્યાં હોય, ને એને શાતા આપી હોય તો એવી સ્વચ્છ શાતા મળે કે જેનાથી ખોટા વિકારોની અશાતા ન જાગે, તો દુઃખ પણ નહિ અને દુષ્કૃત્યના વિકારો ય નહિ.'**

આ સમજના અભાવે અજ્ઞાની જીવો ઊંધી ગણતરીમાં ઊંધા વેતરણ કરી અધિકાધિક દુઃખ અને દુષ્કૃત્યોને આમંત્રણ આપે છે, પણ તું પ્રજ્ઞાવાળી છે, આ સમજી શકે છે, માટે તારી ચિંતાના નિરાકરણ માટે સાચો ઉપાય લે. બાકી આપઘાત એ કોઈ ઉપાય જ નથી એ સમજી રાખજે.

(૨) વળી હે કર્તવ્ય-પરાયણ ! એક અદ્ભુત ઉપાય આ છે કે તું સામાયિક-

પૌષધાદિ ધર્માનુષ્ઠાન અને ઉપવાસાદિ તપસ્યા કરવા લાગ. આ બે મહાન સાધન છે; કેમ કે જીવ એથી પોતાના આત્માની અંદર પ્રવેશ કરે છે એટલે બાહ્ય આકર્ષણો-ખેંચાણોથી ઊઠતા રાગાદિ વિકારોને જાગવા અવકાશ ઓછો મળે છે,

**મન કેમ અનુચિત માર્ગે દોડવા જાય છે ?**

અંતરના રાગાદિ વિકારોના સળવળાટને લીધે સ્તો; અને એ વિકારોનું ઉત્થાન થવાનું કારણ જીવની બાહ્ય જંજાળમાં ગુંથામણ છે. જેટલું એ મનને બહારમાં દોડાદોડ કરાવાય છે, બહારની પ્રવૃત્તિઓમાં મશગૂલ રાખ્યા કરાય છે. એટલા રાગાદિ વિકારોને મનમાં જાગવા-પોષાવાનું મળે છે. પછી એ પુષ્ટ પ્રબળ થતાં મનને અનુચિત માર્ગે દોડવાનું બને એમાં નવાઈ નહિ. મનમાં કામ-ક્રોધાધિ વિકારો પહેલાં જોર કરે છે, પછી એના જોરે મન અયોગ્ય આચરણમાં જીવને ઘસડે છે. **માટે પાપાચરણપ્રેરક એ વિકારોને જ શાંત કરવા જોઈએ.**

પણ **હે વત્સા !** બાહ્ય પાપ-પ્રવૃત્તિઓમાં રચ્યા-પચ્યા રહેવામાં વિકારો શાંત થાય નહિ. માટે તું અંતરાત્મામાં વિકારો ઠારનારી સામાયિક-પૌષધાદિ ધર્મ પ્રવૃત્તિઓમાં તત્પર રહે. એને આત્મા સાથે સીધો સંબંધ છે. એ આત્મામાં સમભાવ, અનાહારી ભાવ, શરીર-મૂર્ચ્છાત્યાગ, બ્રહ્મચર્ય અને સાંસારિક પ્રવૃત્તિત્યાગ લાવે છે. તે આ રીતે,-

**સામાયિક-પૌષધના લાભ :-**

સામાયિકથી સમભાવ આવે, ન રાગ, ન દ્વેષ. પર વસ્તુમાત્ર ઉપર લેશ પણ આકર્ષાવાનું નહિ, કે ઘૃણા-અરુચિ કરવાની નહિ. માત્ર શુદ્ધ વસ્તુદર્શન કરવાનું. જાણે આપણા આત્માને એ કોઈની સાથે કશી લેવા દેવા નથી. નથી એ આપણું સુખકારક કે નથી દુઃખકારક.

**સુખ-દુઃખ તો આપણી કલ્પનાના છે, આપણા કર્મોદયના છે, આપણા રાગ-દ્વેષના હિસાબે જ છે.** એટલે બાહ્ય તો આપણાથી તદ્દન નિરાળું અને માત્ર જ્ઞેય છે. સામાયિકમાં બે ઘડી માટે આ શુદ્ધ જ્ઞાતૃત્વભાવ રહે, ને રાગ કે દ્વેષ ક્યાંય કરીએ નહિ, એ સમભાવ.

(૧) **પૌષધમાં આહારપૌષધથી** એટલા પ્રમાણમાં અનાહારીપણાની સગવડ થાય છે. માટે એના પર ભારે ખુશ રહેવાનું. કેમ જાણે, આજે રાક્ષસી આહાર-સંજ્ઞા પર વિજય મેળવ્યો ! ખુશખુશાલ રહેવાનું કે દુષ્ટ બલા આજે, ઠીક થયું, હેઠી પડી છે ! આજના દિવસે એનું મહત્ત્વ ઉડાવવાથી તત્ત્વ અને આત્મગુણોનું મહત્ત્વ ઊભું થશે અને એના પર ભરપૂર વિચાર થશે.

(૨) **પૌષધમાં શરીર સત્કાર પૌષધથી** શરીરને નવરાવવું, ધોવરાવવું તેમજ



એને સારાં સારાં કપડાં અલંકારથી ઠઠારવું, તેલ-પટિયાં, પાલિસ-માલિસ સેવવું, વગેરે બંધ થવાથી શરીરના વિચાર છોડી હવે આત્માના વિચારને મોકળાશ મળશે. શરીરને બે બદામનું ગણવાથી આત્માને ખરો કિંમતી અને કાળજી લેવા લાયક લેખવાની સગવડ થઈ, અને રુકમી ! શરીરનો, મોક્ષ-માર્ગની સાધના, તપ, સંયમ, સ્વાધ્યાય, વૈયાવચ્ચ તથા પરીસહ-ઉપસર્ગસહન સિવાય બીજો ઉપયોગ બીજી કિંમત કે મહત્ત્વ પણ શું છે ? એશ આરામી, સુખચેન, રંગરાગ, લોભવિલાસ વગેરેને તો એનો સરાસર દુરુપયોગ લેખીએ. માટે જ એવું એનું કશું મહત્ત્વ ન આંકીએ તો જ મોક્ષમાર્ગની સાધના સારી ઉજમાળ બનીને થાય ને ?

(૩) **પૌષધમાં અવ્યાપાર પૌષધથી** સાંસારિક સમસ્ત પ્રવૃત્તિઓ બંધ કરી દીધાથી પૂર્વે કહેલી સંયમ-સમિતિ, શાસ્ત્રસ્વાધ્યાય વગેરે ધર્મપ્રવૃત્તિને સારી જગા મળે છે. સાંસારિક લોથમાં એ ક્યાંથી સરખી સધાય ? ત્યારે સાંસારિક લોથમાં માલ પણ શો છે ? નાટકના પરિમિત સમયના ખેલથી વધીને જીવનના પરિમિત સમયના સાંસારિક ખેલમાં શું છે ? નાટકની પૂર્ણાહુતિની જેમ જીવનની પૂર્ણાહુતિ થતાં જીવને માટે એમાંનું શું ઊભું રહે છે ? પાછી એકલી એની આ પોકળતા જ નથી, કિન્તુ વિશેષ દુઃખદ તો એ છે કે જો વિનશ્વર સાંસારિક પ્રવૃત્તિના યોગે અવિનાશી આત્માને રાગ-દ્વેષ ક્રોધાદિ કષાયો, અને ઇન્દ્રિય વિષયોની આસક્તિના ભયંકર રોગમાં સપડાવું પડે છે; તેથી દીર્ઘ-અતિદીર્ઘ કાળની કર્મપીડાઓના ભોગ બનવું પડે છે. આવા કરુણ અંજામવાળી સાંસારિક લોથમાં શો માલ ગણાય ? એને એક દિવસ પણ બંધ કરવાનું થાય એ પારાવર લાભ આપનારું બને ? જીવે મોહ અને અજ્ઞાન ઉપર પડકાર કર્યો ગણાય, એના ટાંટિયા ઢીલા પાડવાનું થાય ! સાથે જગતના કરુણાપાત્ર જીવોની ભારે દયા થાય, એને અભયદાન દેવાનું બને ઉપરાંત પેલી સંયમ સ્વાધ્યાયની ભરચક પ્રવૃત્તિથી આત્માની નિર્મળતા, વિકારનાશ, ઓજસવૃદ્ધિ પુણ્યપુષ્ટિ અને કર્મક્ષય વગેરે મહાન લાભ થાય તે તો જુદા.

(૪) **પૌષધમાં સંપૂર્ણ બ્રહ્મચર્ય છે. પૌષધ હોવાથી** સંસારનું મોટું પાપ અબ્રહ્મ બંધ થાય છે. જગતમાં અનેકાનેક ભયંકર પાપો આ પાપની ઉપર ચાલે છે. જીવને એનો અનંતા જન્મોમાં સતત અભ્યાસ છે. અહીં પણ એ પાપ ખાતર આખો સંસાર માંડે છે. માંડ્યા પછી તો એ કેવા કેવા દુષ્કૃત્ય નથી કરતો ? નિગોદમાં છૂટી અહીં ઠેઠ માનવ ભવ સુધી આવી પહોંચવામાં યુગના યુગ વીત્યાનો એને વિચાર ક્યાં રહે છે ? વિચાર રહે તો એ અહીંથી ઉતારી પાછી હલકી યોનિઓમાં ભટકાવી દેનાર આ અબ્રહ્મ પાપ અને એના ઉપરનો પક્ષપાત એ ય પાપ. કોણ આવો સંસાર એ માથે વહોરે ? ક્ષણિક અને અતિ અલ્પ એવા કૃત્રિમ

સુખ ખાતર કેવી મૂઢ દશા ? બ્રહ્મચર્ય-પૌષધથી એ પાપ પર ઘા પડે છે, એટલે ઉપરના કેઈ પાપ પણ અટકી પડે છે. વિશેષમાં આત્માના નિર્વિકાર અને વિવેકી સ્વરૂપ તરફ દૃષ્ટિ જવાને અવકાશ મળે છે. નહિતર તો એ પાપની અસર નીચે આત્મા-પરમાત્મામાં મનની એવી લયલીનતા ક્યાંથી લાવવી ? બ્રહ્મચર્ય પૌષધથી મન-વચન-કાયાએ બ્રહ્મચર્યમાં આવી જતાં બ્રહ્મમાં એટલે કે આત્મામાં ચરવાની-વિચરવાની અનુકૂળતા થઈ જાય છે.

**હે નિર્દોષ બાળા !** દિલથી વિચાર કે પૌષધ વ્રતમાં કેટકેટલા ભરચક ભારે લાભો રહેલા છે ? તું આપઘાતનો અભરખો કરે છે, પણ માનવજીવનમાં જ સુલભ એવા આ અદ્ભુત લાભો, આપઘાતથી જીવન ટૂંકાવી નાખ્યે, ક્યાં મળે ? અને એના બદલે જીવંત રહી આ પૌષધ-અનુષ્ઠાનનું વારંવાર હૃદયથી આસેવન કરે તો પછી તારો જે કુળકલંક લાગવાનો ભય એને અવકાશ શાનો મળે ? શા માટે આટલી બધી ગભરાય ? શા સારુ સાચા ઉપાયને મૂકી ખોટામાં મન ઘાલે ?

**હે સાહસિક દીકરી !** સાહસ કરવાં હોય તો આ કર કે 'જીવન પૌષધથી ભર્યું ભર્યું બનાવી આહાર, શરીરભૂષા-સંસાર વ્યાપાર, અને અબ્રહ્મ રાગની સામે ખૂનખાર જંગ મચાવીશ !' માણસની મૂર્ખાઈ છે કે જિનેશ્વર ભગવંતના શાસનની આ થોકબંધ લાભવાળી મહાન પૌષધ-બક્ષીસને પર્વ દિવસે પણ ન અપનાવી તુચ્છ અતિ તુચ્છ સંસાર-પ્રવૃત્તિમાં એક કીડાની જેમ રાચે-માચે છે ! એમાં ને એમાં મહિનાના ત્રીસે દિવસ ગુમાવતાં ગુમાવતાં માનવભવ પૂરો કરી નાખ્યા પછી ભવ્ય પૌષધ-અનુષ્ઠાન આરાધવાનું ક્યાં મળે ? તું તો આપણે ત્યાં સંપૂર્ણ સ્વતંત્ર છે, તો ખુશીથી મહિનાના બારેય પર્વ પૌષધધર્મને આરાધ, એથી કુળને કલંક લાગે એવું કાર્ય કરવાનો તને વિચાર પણ નહિ ઉદ્ભવે,'

રાજાનો બાળવિધવા બનેલી પુત્રી રુક્મિને અપાતો ઉપદેશ ખૂબ ધ્યાનમાં લેવા જેવો છે. કલંકિત અપકૃત્યના ભયથી ચિંતામાં જીવતી બળી મરવાના નિર્ણય પર આવેલી રુક્મિને કેટલું સચોટ માર્ગદર્શન કરે છે ! આપઘાતની સામે આ જીવનમાં મહાલાભોની સુંદર શક્યતાઓનું, અને ભાવિ પાપની શક્યતાઓને તોડી નાખે એવા કેટલા સરસ ઉપાયોનું રોમાંચક વર્ણન કરે છે ! હજી પણ બીજા ઉપાય કહેશે. જીવનમાં પાપના સાચા ભયવાળાને શક્ય એવી ચોક્કસ પ્રકારની સક્રિય સાધનાનું આમાં દિગ્દર્શન મળી રહે છે.

જીવનમાં ભયંકર પાપો ન ઘૂસી જાઓ, મધ્યમ પાપોનાં પણ ઉત્થાન ન હો, એવું તમે ઇચ્છો છો ? જો હા, તો આ દાન અને સામાયિક-પૌષધનું વારંવાર આલંબન કરો. દાનની કેટલી સુંદર વાત કહી ? ભલે બધા પાસે રાજા જેવી દાન



દેવા માટે સમૃદ્ધિ ન હોય, પરંતુ પોતાના જીવન-નિર્વાહના ખર્ચ ટૂંકામાં ટૂંકા કરી નાખી, બાકીમાંથી પહોચ પ્રમાણે દાન કર્યે જવાનું અને અંધ, પાંગળા, લૂલા, રોગી, દુઃખી, વગેરેનાં દુઃખ ટાળ્યે જવાનું, એના પેટ ઠારવાનું, તેમજ સંત-સાધુના સન્માન કર્યે જવાનું એક વ્યસન બનાવી દે, તો મન કેટકેટલું ચોક્ખું થતું આવે ? એમ સામાયિક-પૌષધની મહાન સાધના કર્યે જાય, એથી પણ કેવી ભવ્ય ચિત્તવિશુદ્ધિ બનતી આવે ? વિશુદ્ધ બનેલા ચિત્તમાં પછી પાપનો વિચાર પણ શાને ઊઠે ? આવી શુભ પ્રવૃત્તિ ભરચક કરવી નથી, અને મારું મન કેમ મેલું રહે છે, કેમ બીજા ત્રીજા વિચારો આવે છે, કેમ સંકલ્પ વિકલ્પ થાય છે, એ ફરિયાદ કરવી નકામી છે.

**ચિત્તમાં સ્થિરતા કેમ આવે ?**

જો શુભ પ્રવૃત્તિનો થોક નથી, તો એવા સંકલ્પ વિકલ્પના રોગમાં સડે છે કે વિકલ્પમાં ચડ્યા પછી માણસ ભાન ભૂલે છે, ને કેવું વિચારાય, કેટલી હદ સુધીનું વિચારાય, એ જોતો નથી 'એ કોઈ મહાહિંસા વગેરેની વિચારણા બનશે તો એ કેટલું ખરાબ ?' આવું કાંઈ જોવા બેસતો નથી. બસ, વિકલ્પમાં દોડ્યો જાય છે. એમાં વળી ઈર્ષ્યા, અસહિષ્ણુતાના મૂળ પર વિકલ્પો ઊભા કર્યા એટલે એ થોડેથી કેમ અટકે ? વિકલ્પો ચાલ્યા એટલે ચિત્તની સ્થિરતા ઊડી !

એક વિકલ્પ ઊભો કરો પછી 'આમ કેમ ? આમ કેમ ?' એ ચાલ્યું સમજો. એ વિકલ્પો પાછા કાળા ધૂમાડાના ગોટા જેવા, મન એટલું અસ્થિર કે કાબૂ બહાર, તેથી પેલા વિકલ્પોના ધૂમ ગોટા આખા મગજમાં પ્રસરી જઈને એને ધૂંધળું ધૂંધળું જ કરી દે છે. મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ 'જ્ઞાનસાર' શાસ્ત્રમાં કહે છે.

**वत्स ! किं चंचलस्वान्तो भ्रान्त्वा भ्रान्त्वा विषीदसि ।**
**निधिः स्वसन्निधावेव स्थिरता दर्शयिष्यति ॥**

અર્થાત્ 'હે બાળ ! મન ચંચળ કરીને બહાર જ્યાં ને ત્યાં ભમી ભમી અંતે ખિન્ન થવાનો ધંધો શા સારુ કરે ! સ્થિરતા રાખ. સ્થિરતા તારી પાસે જ ખજાનાને દેખાડશે !'

બહારના પદાર્થોના વિકલ્પો મનને અસ્થિર કરે છે. બહારમાં ભમાવે છે. ભલે વિકલ્પ એક નાની વસ્તુનો ઊઠ્યો, પણ પછી એનો વિસ્તાર લાંબો-પહોળો એવો ફેલાય છે કે જેનું માપ નહિ. ધૂમાડો એક નાની સળકડીમાંથી ઊઠવા છતાં એના ગોટેગોટા ફેલાઈ જાય છે ને ? એવું વિકલ્પરૂપી ધૂમાડાનું છે. આખું મગજ કાળું કરે છે. એક સાવરણી કોઈએ જરા લીધી. માલિકને ખબર પડી, બસ 'મારી ચીજ કેમ ઉપાડી ગયો ? શું સમજે છે એ !' વિકલ્પ ઊઠ્યો. હવે એ ચાલવાનો આગળ; કોઈ વિકલ્પોની હારમાળા ચાલશે ! જેમકે 'એ એવો જ છે. પોતાનું

વસાવવું નથી; લ્યો બાપાનો માલ, તે બીજાનું ઉપાડી ચાલ્યા ! મફતિયા ! મફતખાઉ ! હરામખોરી જ આવડે ! આવાઓને તો સાફ સુણાવી જ દેવું જોઈએ...' ચાલ્યું. અડધો કલાક પીંજણ !

વિકલ્પો કોને થાય ? સ્થિરતા ન હોય એને. સમજી રાખવું જોઈએ કે.

**વિકલ્પોમાં ભટકવામાં અંતે થાકવાનું છે, ને હાથમાં કશું આવવાનું નથી.** ઊલટું એક બાજુ આર્તધ્યાન-અસમાધિ-ઉદ્વેગથી કુસંસ્કરણ અને કર્મબંધનું નુકશાન, અને બીજી બાજુ એટલો સમય જે સદ્‌વિચારણા, શુભ ભાવના, સારું નવકારાદિનું સ્મરણ વગેરેનો મહાન લાભ ઊઠાવી શકત, તે લાભ ગુમાવ્યો ! શો સાર કાઢ્યો ?

**મનની મહાન મૂડીવાળું જીવન તપાસો :-**

મનથી કેવો વેપલો ચાલી રહ્યો છે ? કીડી-કીડાંને નથી મળ્યું એવું ખૂબ ચિંતન-વિચાર કરી શકનારું મન મળ્યું છે ને ? એના પર કેવા વેપાર ચાલી રહ્યા છે ? અનાદિના કુસંસ્કાર-કુવાસનાના દૃઢીકરણના ? કે નવા નવા સુસંસ્કારના ઘડતરના ? માનવ-મન પર આ સંસ્કાર-ઘડતરનું જબરદસ્ત કાર્ય થાય છે. સારા ઘડતર માટે લક્ષ નહિ રાખ્યું તો નરસાનું કારખાનું ધમધોકાર ચાલવાનું છે એ સમજી જ રાખો.

**વિકલ્પોની ખોટી આદત એ એવું ભયંકર કારખાનું છે** કે એનું કામ જો અતિશય જોરમાં ચાલ્યું તો એક બાજુ નરકનાં ભાતાં ભેગા થાય છે, ને બીજી બાજુ કદાચ અહીં જ માણસ પાગલ પણ થઈ જાય છે. બાકી વિકલ્પો કર્યા કરવામાં એનો છેડો નથી આવતો; અને તામસભાવનો ધૂમાડો પેદા થયે જ જાય છે. એને અટકાવવા માટે સ્થિરતા કેળવવાની જરૂર છે. શાસ્ત્ર કહે છે.

**स्थैर्यरत्नप्रदीपश्चेद्, दीप्रः संकल्पदीपजैः ।**
**तद् विकल्पैरलं धूमैरलं धुमस्तथाऽऽश्रवैः ॥**

**જો સ્થિરતારૂપી રત્ન દીપક સતેજ હોય** તો સંકલ્પો રૂપી દીવામાંથી પ્રગટતા વિકલ્પરૂપી ધૂમાડા બંધ ! અને તેથી જ પાપાશ્રવસ્વરૂપ ધૂમાડા પણ બંધ ! બસ પત્યું, વિકલ્પો અને કષાય-કુયોગોને દેશવટો દેવાઈ જાય પછી જોઈએ શું ? સ્થિરતાનો રત્નદીવડો. રત્નદીપક એટલે રત્નરૂપી દીવો. એ કદી ઓલવાય નહિ, એને જ્વાળા-ધૂમાડા હોય નહિ. તેલ અને વાટ વિના જ એનું કામ કરે છે, તેથી કદી નાશ પામવાનો નહિ. રત્ન છે ને ? બસ, ચોવીસે કલાક હૃદયગુફામાં ઝગમગ પ્રકાશ્યા કરવાનો. સંકલ્પ-વિકલ્પોનું કારખાનું બંધ. એ બંધ તો એનાં ઉત્પાદન રૂપે પાપાશ્રવો યાને ક્રોધાદિ કષાયો અને હિંસાદિ કુયોગો બંધ ! એ માટે એક જ વાત છે





**સ્થિર થાઓ, માનસિક ચળવિચળતા છોડો. સ્થિરતાના બે મહાન ઉપાય :-**

સ્થિરતા લાવવા માટે સ્વભાવનું આલંબન કરવું એ શ્રેષ્ઠ ઉપાય છે, એનો સહકારી છે શમ, પ્રશમ, ઉપશમ. શમસહિત સ્વભાવાલંબન એ ચમત્કારિક પરિણામ સર્જે છે. શમ એટલે કષાયોની શાંતિ.

**(૧) સ્વભાવાલંબન :-**

**ચિત્તને સ્થિર રાખવા માટે** (i) સ્વાત્માના અને (ii) પર વસ્તુના સ્વભાવ પર દૃષ્ટિ કેન્દ્રિત કરાય તો સ્વભાવનું આલંબન કર્યું ગણાય.

માણસ ખુશી થાય છે અગર નારાજ બને છે એ કોઈ જાતના આંતરિક વિચાર પર, વિકલ્પ પર. એમાં જે વાત-વસ્તુ ઉપર મુખ્ય મદાર બાંધી એના આલંબને હર્ષ-ખેદનું સંવેદન કરે છે, એ ખુશ નાખુશ થાય છે, એ આલંબન છે. હવે આલંબનમાં જો સ્વભાવને ધરાય તો ક્ષણિક તુચ્છ હર્ષ-ખેદ અને તેને લાવનાર સંકલ્પ-વિકલ્પ નબળા પડી જાય.

**એમાં શું કરવાનું ?**

**(i) પહેલું, આત્માના સ્વભાવ પર દૃષ્ટિ કેન્દ્રિત કરવાની,** એટલે કે પોતાનો મૂળ સ્વભાવ કેવો અને ઔપાધિક-વિકૃત-પલટાતો સ્વભાવ કેવો, એ વિચારવાનું. એમાં સહેજે,

**(૧) મૂળસ્વભાવ તરીકે સ્વચ્છ** અનંતજ્ઞાન, વીતરાગ ભાવ, નિર્લેપ નિર્વિકાર દશા, અશરીરી-અરૂપી અવસ્થા વગેરે મળવાનાં. આ પોતાનું સાચું મૂળસ્વરૂપ.

**(૨) ઔપાધિક સ્વરૂપમાં** કર્મસંબંધ, મનુષ્યપણું આદિ, રાગ-દ્વેષાદિ, શાતા-અશાતાદિ, રંક-તવંગર, સબલ-દુર્બળ વગેરે વગેરે સ્વરૂપ મળે, એ પરિવર્તનશીલ છે. ત્યારે મૂળ સહજ સ્વરૂપ શાશ્વત રહેવાવાળું છે, એકવાર સંપૂર્ણ પ્રગટ કર્યું પછી કદી નહિ દબાનારું. એટલે એ જ અંતિમ સાધ્ય છે. જ્યારે જે વસ્તુ સામે આવવા પર વિકલ્પો થાય છે અને રાજી કે નારાજ થવાય છે, એ બધું જ ચંચળ છે, પરિવર્તન પામી જાય છે. તો પછી અંતિમ સાધ્ય મૂળ શુદ્ધ સ્વરૂપને વિસારી આ ચંચળ અસ્થિર ભાવમાં શું અટકી પડવું તું ? એમ મનને સમજાવવાનું.

**નોકરીમાં સાધ્યનાં આલંબનનો દાખલો :-**

એક દાખલા તરીકે જુઓ કે શેઠની નોકરી કરનારો માણસ, એની દૃષ્ટિ નોકરીના ટકવા પર અને અંતે પગાર મળવા ઉપર હોય છે, તો દૃષ્ટિ વચમાં ઊભી થતી શેઠની ગાળ-ગુસ્સા-ઠપકા અંગે કાંઈ બહુ ખેદ કરવા પર નથી જતી કે એનો

સામનો કરી શેઠને સુણાવી દેવા પર નથી જતી. એને એ બહુ લેખામાં નથી ગણતો.

અલબત્ત શેઠનો ગુસ્સો-ઠપકો ઓછા ઓછા આવે એ માટે પ્રયત્નમાં રહે છે; પરંતુ તે તો પેલું નોકરી ટકાવી રાખવાનું કે પગાર ન કપાવવાનું અંતિમ લક્ષ્ય સાચવવા માટે જ.

એ જો સચવાતું હોય. તો પછી સમજી મૂકે છે કે 'ગુસ્સો-ઠપકો-ગાળ વગેરે વારંવાર કરવાનો તો શેઠનો સ્વભાવ બની ગયો છે, અને **'સ્વભાવો દુરતિક્રમઃ'** સ્વભાવ ફરવો મુશ્કેલ છે. એટલે આપણે કાંઈ એ મન પર બહુ લેવાનું નહિ. અગર એમના શેઠાઈના ઘમંડમાં એ કહી રહ્યા છે તે કહે. પુણ્ય છે એટલે કોણ રોકે એમને ? આપણે પગાર સાથે કામ છે, અને તે મળે છે, પછી આ બધું લક્ષમાં લેવાની જરૂર નથી.'

આ શું કર્યું ? પગારની ઉપર મુખ્ય દૃષ્ટિ રાખી, પગારનું આલંબન કર્યું. એમ વેપારી ઘરાકનું સાંભળી લે છે તે એની પાસેથી થવાની કમાઈના આલંબન પર.

બસ, આ રીતે આપણા આત્માને સાધ્ય મુખ્ય અનંતજ્ઞાન, વીતરાગતાદિ સ્વચ્છ સ્વભાવ પર દૃષ્ટિ રાખીએ તો બહારના આગંતુક પ્રતિકૂળ પ્રસંગ, અગવડ, અનિષ્ટ વસ્તુ વગેરેનો ખેદ શા માટે કરવો પડે ? ઊલટું,

**વિચારવું તો એ જોઈએ** કે 'જો આ ખેદ-ઉદ્વેગ-નારાજી કર્યા કરીશ તો પગાર કપાશે, અર્થાત્ અંતિમ પ્રાપ્ય અનંત જ્ઞાનાદિ સ્વરૂપને સુલભ કરનાર વર્તમાન વૈરાગ્ય, ઉપશમ અને તત્ત્વદૃષ્ટિ-અમૂઢતા પર કાપ પડશે. એમ, જેવી રીતે ત્યાં નોકર શેઠના ગુસ્સા-ઠપકાનો બહુ સામનો કરવા જાય, તો શેઠ એને નોકરીમાંથી હેઠો ઉતારી નાખે, તેમ અહીં પણ

અગવડ-પ્રતિકૂળ-અનિષ્ટનો સામનો જ કર્યા કરવામાં અંતિમ લક્ષ્ય અનંત જ્ઞાન અને વીતરાગના માર્ગમાંથી રુખસદ મળશે.

**કર્મ જાણે કહેશે** 'જાઓ ઘેર બેસો, તમારા માટે તો સંસારનું ઘર જ બરાબર છે, સંવેગ-વૈરાગ્યાદિની આત્મપરિણતિનો મોક્ષમાર્ગ નહિ.' માટે,

મારે કાંઈ બહુ ખેદ, વ્યાકુળતા કે અનિષ્ટના સામના કરવાનો શોખ નથી.

'મારા નિર્મળ આત્મસ્વભાવના માર્ગે જો હું બરાબર લાગેલો છું અને એ અંતિમ સાધ્ય નજીક થતું આવે છે તો વિચિત્ર જગત અને એના સંયોગો સાથે મારે બહુ નિસ્બત નથી. ચાલવાનું, જગતનું તો એમ જ ચાલવાનું. આપણે માત્ર એ જોયા કરવાનું કે હું અંતરથી મોક્ષમાર્ગની આત્મપરિણતિમાં છું ને ?' વૈરાગ્યભાવ, તત્ત્વદૃષ્ટિ, કષાય-નિગ્રહ, ઇન્દ્રિય-સંયમ, ધર્મધગશ વગેરે મારા બરાબર કામ કરી રહ્યા છે ને ?'



**પ્ર.- પણ ખાવા પીવામાં જ વાંધા પડતા હોય, આજીવિકા તૂટતી હોય કે આબરૂ જવાનો સવાલ હોય, ત્યાં આ વિચારણા શી રીતે રહે ?**

ઉ.- ત્યારે શું એના ખેદ, એના સંકલ્પ-વિકલ્પ, અને એના દુર્ધ્યાન કરવાથી એ વાંધા મટી જાય છે ? ફોગટ ફાંફાં શું મારો ?

**પરિણતિ ધર્મમય વિશેષ કરો :-**

પહેલું તો આ સમજી રાખો કે ખાવા પીવામાં તંગી પડ્યે પણ, આબરૂ લૂંટાઈ ગયે પણ, શરીર બગડી ગયે પણ, અને પરિવાર વિપરીત થઈ બેઠે પણ અંતરની આત્મપરિણતિ ચાલુ જ ધર્મમય શું, કિન્તુ અધિક ધર્મમય કરી શકાય છે, કર્યાના રકમબંધ દાખલા આ જૈન શાસનમાં મળે છે.

**મંદિર બંધાવનાર શેઠને** છોકરા અને પત્ની ઊલટા થઈ બેઠા અને પોતાને અલગ રહી મસાલાનો થેલો ફેરવી અતિ કપરો જીવન-નિર્વાહ કરવાનો અવસર આવ્યો, છતાં એમાં ધર્મમસ્તી અનેરી વધારી !

**સનત્ કુમાર** ચક્રવર્તીના જીવ શ્રાવકને પૂર્વભવે રાજાના આગ્રહે પીઠપર પતરાળી મૂકાવી એમાં તાપસને ગરમાગરમ ભોજનનું પારણું કરાવવું પડ્યું, અને એમાં પીઠ પાઠાથી ફદફદી ઊઠી ! છતાં એ શ્રાવકે એવા શરીરે જંગલમાં કાઉસ્સગ્ગ ધ્યાને રહેવાની મહાન આત્મહિતકર સાધના કરી ! કપરા સંયોગમાં પણ સ્વભાવના આલંબન પર કઠોર આરાધન થઈ શકે છે.

**શ્રીપાલના કાકા** અજિતસેન રાજા શ્રીપાલના હાથે યુદ્ધમાં હાર્યા, આબરૂના કાંકરા થયા, પરંતુ એવા સંયોગમાં પણ ધર્મપરિણતિ એટલી બધી વધારી મૂકી કે ત્યાંને ત્યાં સંયમ-માર્ગ અપનાવ્યો ! અને સંયમ પણ એવું ખીલવ્યું કે એના પર આગળ જતાં એ અવધિજ્ઞાની મહર્ષિ બન્યા ! દુઃખદ સંયોગોમાં પણ આત્મહિતને પ્રતિબંધ નથી.

**રાજા કુમારપાળને** અંતે દુશ્મન અજયપાલના કાવત્રાથી ઝેરના ભોગ બનવું પડ્યું ! છતાં એમાં એમણે સમતા-સમાધિની લેશ્યા વિકસાવી દીધી, અને મરીને વ્યંતર નિકાયમાં દેવ થયા ! આત્મહિતની તમન્ના જોઈએ, એ હોય પછી ગમે તેવા સંયોગ-પરિસ્થિતિમાં એ ન ચૂકાય. સંયોગને આગળ કરી રોદણાં ન રોવાય.

**મહાસતી સીતાજી** પોતાના પતિ રામચંદ્રજી અયોધ્યાના રાજા થવાની અને પોતે પટ્ટરાણી બનવાની તૈયારી હતી. એ બધું પલટાઈ વનવાસ સેવવાનો અવસર આવ્યો ! તેથી એ શું ખેદ-ઉદ્વેગ-કલ્પાંતમાં ચઢ્યા ? ના, જરાય નહિ. પ્રસન્ન ચિત્તે એવા મહા કપરા સમય પણ પસાર કરે છે. વનવાસ પછી હવે રામ અયોધ્યાના રાજપદે ને સીતા મહારાણી પદે આવી ગયા; પરંતુ હવે પૂર્વે કરતાં ય વધુ ભયંકર

આપત્તિમાં મૂકાવું પડ્યું ! ગર્ભિણી અવસ્થામાં એકલા અટૂલા, ભોજન-શસ્ત્ર-નોકર વગેરે કાંઈ પણ સાધન વિના, અને તે પણ જાણે ગુનેગાર તરીકે ભયાનક જંગલમાં અસહાય-નિરાધારરૂપે મૂકાઈ જવાનું આવ્યું ! ત્યારે શું રોઈ રોઈને કલ્પાંત કર્યા ? આવી સ્થિતિમાં વગર ગુનાએ કાઢી મૂકનાર પતિ રામચંદ્રજી પર રોષ ઠાલવ્યો ? પેટ ભરીને ગાળો દીધી ? ના, કશું જ નહિ. નક્કી કર્યું **'કર્મ કરે તે જોવાનું. રોવાનું શાનું ?'** નરસું બન્યું એમાં રામનો દોષ નહિ, દોષ પોતાના કર્મનો. પણ તેના ઉપરેય ખેદ કલ્પાંત હાય હાય કરવાની જરૂર નહિ, જિનેશ્વર ભગવાનનું અનુપમ શાસન મળ્યું છે, એ ચોક્કસ પ્રકારના કારણો પાછળ તે તે જાતના અવશ્યંભાવી કાર્યનો સિદ્ધાન્ત બતાવે છે. વિશ્વમાં ચાલી રહેલ આ સનાતન-સિદ્ધાન્ત-સિદ્ધ ઘટનાઓ પર હર્ષ-ખેદ શા કરવા ? આપણે પણ તેમાં એક અંકોડા છીએ, તો ઘટનામાં સમતોલ ચિત્તે પસાર થવાનું.' સીતાજી ભયંકર દુઃખદ પરિસ્થિતિમાં પણ આત્મ-વિચાર મૂકતા નથી.

**શક્ય કાં ન કરવું ? :-**

કપરા સંયોગમાં પણ આ ધ્યાનમાં રહે કે મન-વચન-કાયાના સત્પુરુષાર્થનું એક એવું જબરદસ્ત તત્ત્વ આપણી પાસે છે, કે જેને અજમાવીને તો આપણા અને બીજા કેટલાય આત્માને અરિહંતાદિ ચતુઃશરણ સ્વીકાર, દુષ્કૃતગર્હા, વૈરાગ્યવૃદ્ધિ, ક્ષમા વગેરે સારી કાર્ય-પરંપરા ચાલુ કરાવી શકાય. એ કરવાનું આપણા હસ્તગસ્ત છે. તો એ કરવાને બદલે ઊંધી રમતમાં કોણ પડે ? પુરુષાર્થ તો કરવો જ છે, કાંઈ ને કાંઈ કાયિક પ્રવૃત્તિ, તે નહિ તો વાચિક, અને તે પણ કદાચ નહિ તો માનસિક વિચારણાનો પુરુષાર્થ તો કર્યે જ જઈએ છીએ, એમાં અસત્‌ને બદલે સત્ પુરુષાર્થનું આલંબન કાં ન લેવું ? નરસી વિચારણામાં શું કશું સુધરી જાય છે ? ને સારી વિચારણામાં શું બગડી જાય છે ? ઊલટું, સારી વિચારણા કરતાં કમમાં કમ આપણાં ચિત્તને શાંતિ-સ્વસ્થતા-આહ્લાદ મળે છે, અનાદિની કઢંગી કુવિચારણા કરવાની કુટેવને પોષવાનું અટકે છે. તો સુંદર શાંતિ-સ્ફૂર્તિ, અને સ્વસ્થતા-આહ્લાદ આપનારી સારી વિચારસરણી કાં ન રાખવી ?

સારી વિચારણા શી રીતે આવે ? પોતાના આત્મસ્વભાવનું આલંબન કરવાથી; એના પર દૃષ્ટિ કેન્દ્રિત કરી એને વળગીને વિચારસરણી રાખવાથી દા.ત. સીતાજી જેવાને જંગલમાં તગેડાઈ જવાનો પ્રસંગ આવ્યો હોય તો આ રીતે સ્વભાવ અંગે વિચારણાનો ઝોક રહે,-

'એકાએક આ શું થયું ? પતિ કહે છે કે હું તો તમને પવિત્ર મહાસતી માનું છું, પરંતુ આ લોક કહે છે રાવણને ત્યાં રહી આવ્યા એ શાના પવિત્ર હોય ?



એમને હવે રાણી પદે કેમ રખાય !' બસ, આટલા માટે મને દેશવટો અને તે પણ એકલા અટૂલા ! અને તે ય કોઈ પણ સાધન સામગ્રી વિના જ ! ફિકર નહિ. મારા આત્મા પરના પૂર્વના કર્મરોગ પાકવાના હિસાબે સ્વાભાવિક છે કે આત્મા આ જાતની અવસ્થામાં મૂકાય. આ વસ્તુ-સ્વભાવ છે.'

**શરીરનો દાખલો લો.** શરીર સહેજે ગમે તેવું સશક્ત નિરોગી તાંબા જેવું હોય, છતાં શરદીનો-સળેખમનો પ્રકોપ થયો તો ત્રણ દિવસ આગંતુક નબળાઈ, હાડભાંગ, તાવ, શિરોવેદના વગેરે આવે એ વસ્તુસ્વભાવ, પરંતુ તેથી શરીરના આંતરિક આરોગ્યને, હૃષ્ટ પુષ્ટતાને કોઈ વાંધો નથી. ત્રણ દિવસ એ શરદી-સળેખમને પોષક ખાન-પાન દેવાનું બંધ રાખી ઉપવાસ જ ખેંચી કાઢ્યા, પછી પારણે પણ તદ્દન હલકું સાદું અને ઓછામાં ઓછી વિગઈઓવાળું લેવાનું રાખ્યું, તો સ્ફૂર્તિ આવવા લાગી, પૂર્વવત્ સ્વસ્થતા બનવા લાગી. એટલે ? પત્યું પાછા એ જ પોલાદી સશક્તતામાં દાખલ !

બસ, આત્મામાં પણ આવું જ છે. આંગતુક કર્મરોગ પાકવાના હિસાબે બાહ્ય આ બધી આપત્તિઓ ખડી થઈ છે, પરંતુ આત્માના મૂળ આરોગ્ય અનંતજ્ઞાન-દર્શન, વીતરાગ, અક્ષય સ્થિતિને કશી આંચ નથી આવી. વર્તમાનમાં જે ઊલટું દેખાય છે તે તો કર્મશરદી-સળેખમનો પ્રકોપ માત્ર છે, કાયમી નહિ, પણ વિનશ્વર છે. શરીર શરદીમાં ત્રણ ઉપવાસ વગેરેની જેમ અહીં પણ રસ-ઋદ્ધિ-શાતા એ ત્રણ ગારવની ભ્રમણા બંધ કરી દેવાની.

'હું તો પટ્ટરાણી, મારે તો આવા આવા જ ખાનપાન હોય, આવો આવો ઠઠારો-માન-મર્તબો હોવો જોઈએ, એ ઊંચી વૈભવી સગવડો સુખશીલતા આરામી જ હોય, આ ભ્રમણા કાઢી નાખવાની. એ ગૌરવ છે. 'મારે અમુક અમુક જ પરિસ્થિતિ હોવી જોઈએ,' એવી ભ્રાન્ત ગૌરવબુદ્ધિ પણ કર્મ-રોગના ઘરની છે.

'વિરાટ વિશ્વમાં રખડતા-આખડતા, તે પણ નિરાધાર-દીન-હીન-પરાધીન દુર્દશામાં, એવા મારે શા અહંત્વ ધરાય કે મારે તો આવું જ જોઈએ ને તેવું જ જોઈએ ? અ-સ્વાધીન બાહ્ય આગંતુક ચીજ-વસ્તુ-પરિસ્થિતિની શી મમતા ધરાય ? કશું નહિ. આ ગારવ-ગૌરવબુદ્ધિ બંધ !

વળી જેવી રીતે શરીર શરદીમાં પડ્યા રહી ઘોરવાનું નહિ, કેમકે એમાં તો શરીરની અંદરની ગરમી ઓછી થવાથી બહારની ઠંડી હવા અસર કરી જાય છે, કાર્યમાં ગૂંથાયેલા રહેવાથી એ નવી શરદી પેસતી નથી, એવી રીતે અહીં પણ આ કર્મરોગના પ્રકોપમાં નવો કર્મરોગ પેસે નહિ, એ માટે શુભ કાર્ય-પ્રવૃત્તિમાં ગૂંથાયા રહેવાનું.

**શુભકાર્ય પ્રવૃત્તિ કઈ ?**

(૧) તત્ત્વની વિચારણા, ચિત્તસમાધિ-સ્વસ્થતાનું સંરક્ષણ, હર્ષ-ખેલ વગેરેની અટકાયત, જે થયા કરે એ જરાય વિહ્વલ થયા વિના જાણે આપણને કશું અડતું-આભડતું નથી એવા તટસ્થ-ઉદાસીનભાવે જોયા કરવાનું.

(૨) જગતના વિચિત્ર ભાવ, મહાપુરુષોના ભવ્ય ગુણ-સાધના-ધર્મસાધના-નિર્મળ પરાક્રમ વગેરે વિચાર્યા કરવાનું.

(૩) તીર્થો, જિનબિંબો, સદ્‌ગુરુઓ, શાસ્ત્ર, નમસ્કારમંત્ર અને પવિત્ર ધર્માનુષ્ઠાનોના મળેલા ભવ્યાતિભવ્ય આલંબન પર વિચારણા રાખવાની શક્ય, પ્રવૃત્તિ કરતા રહેવાનું,

'આ આપત્તિ-આ કર્મરોગ તો આમ પતી જવાનો છે, અને મૂળ આરોગ્ય જે કાયમ જ છે, તે પ્રગટ થઈ જવાનું છે. બસ, મારે તો એના સાથે સંબંધ છે. અંતે એ મૂળ સ્વભાવ જ મારી ચીજ છે. એ પ્રગટ કરવાના રસ્તા પર જો હું છું તો જેમ પગાર લાવી આપનારી નોકરીના માર્ગે રહેલા નોકરને શેઠના આગંતુક ગુસ્સા-ગાળ-ઠપકાની બહુ ગણતરી નથી, એમ મારે આત્મસમૃદ્ધિ લાવી આપનારા માર્ગે રહ્યા, આ કર્મજન્ય આપત્તિ-ઉપાધિની ઝાઝી ગણતરી નથી. પેલાને મુખ્ય સંબંધ પગાર સાથે, એમ મારે પણ મુખ્ય સંબંધ આત્માના મૂળ અનંત જ્ઞાન-સુખાદિ સમૃદ્ધિમય સ્વભાવ સાથે.'

આ શું કર્યું ? આત્માના સ્વભાવનું આલંબન.

**૨. વસ્તુ-સ્વભાવનું આલંબન :-**

હવે સામી વસ્તુના પણ ઊંડા સ્વભાવનું આલંબન કરીએ તો કેવી વિચારણા એ જુઓ.

આજ સીતાજીના દાખલામાં સામે ૩ વસ્તુ છે.

(૧) સામે જ જંગલમાં મૂકી દેનાર સેનાપતિ છે,

(૨) મૂકવાની આજ્ઞા કરનાર રામચંદ્રજી છે, ને

(૩) મૂકવામાં નિમિત્તભૂત લોકનિંદા છે.

એ દરેકના ઊંડા સ્વભાવ, ઊંડા સ્વરૂપ જુઓ.

(૧) 'ચાલો શિખરજી યાત્રા કરવા, સ્વામીનો આદેશ છે,' એમ કહીને સેનાપતિ રથમાં સીતાજીને વનમાં લાવીને ઉતારી મૂકે છે; કહે છે, 'ધિક્કાર પડો મારા પાપી પેટને, જેની ખાતર સ્વામીની આવી નોકરી બજાવવી પડે છે. કે જેમાં એમના હુકમથી આપને અહીં જ છોડીને મારે જવાનું છે !'

મહાસતીજી અહીં એનું અંદરનું સ્વરૂપ જોઈને કહે છે કે 'તારે ખેદ કરવાની



જરૂર નથી. સ્વામીનો આદેશ માત્ર તું બજાવે અને હું પણ પાળું એ આપણું કર્તવ્ય છે.' બસ જોયું કે સેનાપતિ પરાધીન છે. પરની આજ્ઞાવશ, અને તે પણ પોતાના પતિની જ આજ્ઞાને આધીન રહી આ કાર્ય કરે એમાં એના પર ગુસ્સો કેમ કરાય ? ઊલટું એના કચવાતા ને દુઃખિત થતા દિલને આશ્વાસન આપવું કે 'તું જરાય ખેદ ન કર, હિંમત રાખ, તું તો ચિઠ્ઠીનો ચાકર,' અને સીતાજીએ એને ખરેખર હિંમત આપી. આ સામી વસ્તુનો સ્વભાવ વિચારી મન સ્વસ્થ અને સ્વચ્છ રાખ્યું.

**પ્ર.**- ઠીક છે, ત્યારે રામચંદ્રજી પર તો ગુસ્સો આવે ને ? મૂળ હુકમ કરનાર એ છે.

**ઉ.**- ના, ન આવે. અહીં પણ રામચંદ્રજીનું સ્વરૂપ જરા ઊંડા ઊતરીને જુઓ. રામ સીતાજી ઉપર અથાગ પ્રેમ અને વિશ્વાસવાળા છે, કોઈ દિવસે આવો શું પણ મામૂલી દંડ જેવો ય હુકમ નથી કાઢ્યો, તે આજે આટલો ભયંકર દેશવટાનો હુકમ કેમ કાઢે છે ? શું સીતાના પોતાના તેવા કોઈ અશુભ કર્મના ઉદય વિના ? ના, એ કર્મ તો પ્રધાન કારણ છે. સમજી રાખો, લખી રાખો,

**આપણાં પોતાના અશુભોદય વિના આપણું કોઈ બગાડી શકે જ નહિ.**

મૂળ બગાડનાર આપણાં કર્મ જ છે; બીજા તો માત્ર એમાં કુહાડીના હાથા થાય એટલું જ.

**કુહાડી અને માખણના દૃષ્ટાંત :-**

કાપનારી તો કુહાડી અને સુથાર કઠિયારો જ; હાથો તો એમાં નિમિત્તમાત્ર. એમ અહીં બગાડનાર તો આપણાં કર્મ અને એ કર્મ ઊભા કરનાર આપણે અર્થાત્ આપણાં રાગદ્વેષાદિ પરિણામ; બાકી બહારના તો એમાં હાથા જેવા નિમિત્તમાત્ર. આપણાં કર્મ એને પ્રેરે છે, એવું કરવા ઘસડે છે.

માખણ શેમાંથી નીકળે ? દહીંમાંથી. પણ દહીંનું વલોણું કરવા એમાં પાણી ઉમેરાય છે, એ પાણી તો નિમિત્ત માત્ર છે, મુખ્ય કારણ નહિ. તેથી જ પાણીમાંથી માખણ નીકળ્યું એમ નથી કહેવાતું. માખણ પાણીએ દીધું એવું ન બોલાય. એ વાજબી પણ છે; કેમકે પાણીની તરતમતા પર માખણના સત્ત્વ અને પ્રમાણના ટકા નથી પડતાં. એ તો દહીંની તરતમતા પર જ પડે. સત્ત્વ ને પ્રમાણ એટલે કે દહીં જેવું ઘટ્ટ અને સ્નિગ્ધતાવાળું તથા જેટલા જથ્થામાં એટલા પ્રમાણમાં માખણ સત્ત્વવાળું અને ભરચક નીકળવાનું. માટે જ માખણ દેનાર તો દહીં જ, પાણી નહિ. એમ અહીં આપણને દુઃખ-કષ્ટ દેનારાં તો આપણા કર્મ જ, બહારનું કોઈ માણસ નહિ.

મહાસતી સીતાજી આ વસ્તુસ્વરૂપ-વસ્તુસ્વભાવ જોઈ રહ્યા છે તેથી સેનાપતિને કહે છે 'આમાં સ્વામીનો પણ દોષ નથી. દોષ મારાં પોતાનાં પૂર્વ કર્મનો જ છે. કર્મ જેમ કરે તેમ થાય. માટે સ્વામીનું તો ભલું થાઓ.' સીતાના આ બોલ પર પ્રશ્ન થાય,

**પ્ર.**- પરંતુ રામચંદ્રજી લોક નિંદાથી દોરવાઈ ગયા એ તો એમની ભૂલ ખરીને?

ઉ.- તેથી શું એ ભૂલ પર એમના પ્રત્યે ગુસ્સો કરવો ? ખરી રીતે બીજાની ભૂલ જોવા જઈએ છીએ તે આપણી અંતરની વિહ્વળતા અને કદાચ રોષ ઉપર સ્વભાવાલંબન કરવું હોય તો અંદરનો સ્વભાવ જોવો જોઈએ કે સામાએ કયા સ્વભાવે ભૂલ કરી ? ત્યાં દેખાશે કે 'એનાં તેવા મોહનીય કે જ્ઞાનાવરણ યા અંતરાય કર્મનો ઉદય થવાથી ભૂલનો પ્રસંગ આવ્યો.' એટલે એક તો બિચારાને પૂર્વ કર્મ ભૂલમાં ઘસડી રહ્યા છે, અને પાછા નવા અશુભ કર્મનું સર્જન કરાવી રહ્યા છે; જે ભવિષ્યમાં દુઃખ અને ભૂલ બંને આપશે, એમ ડબલ માર પડે છે. એવા જીવની તો દયા ખાવાની હોય.

**સીતાજીનો અમર સંદેશ :-**

સીતાજીનું આ સ્વભાવાલંબન છે, વસ્તુ-સ્વરૂપનું દર્શન છે; માટે તો સેના-પતિના સંદેશો માગવા પર એ કહે છે, ''કહેજો એમને કે આપે લોકનાં મારી વિરુદ્ધ વચન સાંભળી મને છોડી તો ભલે, પણ લોકનાં જૈનધર્મ-વિરુદ્ધ વચન સાંભળી જૈન ધર્મને છોડતાં નહિ. કેમકે મને છોડવામાં તો આપને બીજી મારાથી સારીય પત્ની નહિ મળે એમ નહિ, અને તેથી કાંઈ તમારો મોક્ષ અટકી જ જશે એવું ય નહિ. પરંતુ જો જૈન ધર્મ છોડ્યો છે તો સમજી રાખજો કે એનાં કરતાં સારો તો શું, પણ એની હરોળનો ય કોઈ ધર્મ બીજો નહિ મળે; અને તેથી આપનો મોક્ષ અચૂક અટકી જશે.''

**લાખમાં એક મરદ પણ સીતાને આંબે ?**

સીતાજીનો આ અમર સંદેશો હૃદયમાં કોતરી રાખવા જેવો છે. રામ એને પોતાને અત્યારે ભયંકર સ્થિતિમાં મૂકનાર છતાં સીતાનાં સ્વચ્છ હૃદયમાં રામચંદ્રજી પ્રત્યે દ્વેષનાં ઊભરા નહિ, પણ ઊલટું કેટલી બધી ભાવદયાના ઊછાળો આવ્યો હશે ત્યારે આ દિવ્ય સંદેશો મોકલે છે ? સીતા સ્ત્રી અબળા છતાં લાખ મરદને આંબે, ઊભા રાખે એટલી બધી ઉચ્ચ આત્મપરિણતિને ધરનારી છે. મરદોમાં લાખમાં પાંચ આવા જડે ? અરે એકાદ પણ મળે ? આપણા બિન-અપકારી પર પણ જો



ભાવદયા મુશ્કેલ બને છે, તો અપકારી પર પૂછવું જ શું ? સગો દિકરો પણ ભૂલ કરી નાખે તો ય એના પર દ્વેષ ઊઠે છે, ત્યાં બીજા પરાયા ઉપરનું તો પૂછવું જ શું ? ત્યારે અહીં અપકારી બનેલ રામચંદ્રજી ઉપર સીતાજી દ્વેષનો છાંટો ય નહિ, કિન્તુ દયાનો ધોધ વહેવડાવે છે. તે પણ રામચંદ્રજી દ્વારા વનવગડામાં શિકારી પશુ, લૂંટારાના ભય વચ્ચે મૂકાઈ ગયેલી સ્થિતિમાં !!

**જીવનમાં કરવાની ખાસ વસ્તુ :-**

મગજમાં ઊતરે છે કે જીવ-આત્મપરિણતિને શુદ્ધ-શુદ્ધતર કરવા ધારે તો કેટલી હદ સુધી કરી શકે ? શું તમે મનમાં રાખ્યું છે કે આ જીવનમાં મુખ્ય કાર્ય મારે આ જ કર્યા કરવું કે મારી મેલી આત્મપરિણતિને દબાવી દબાવી વિશુદ્ધિના માર્ગે એને વિકસિત વિકસિત કર્યે જવી ? એને સ્વચ્છ સ્વચ્છ કરતા ચાલવું ? એમાં બહારની વાત વસ્તુને કાંઈ વાંધો નુકશાન થતું નથી, સીતાએ અંતરાત્માની પરિણતિમાં ભાવદયા છલકાતી રાખી એમાં બહારના સંયોગ કયા વધારે બગડી ગયા ? કે સુધરતા કયા અટકી ગયા ? ત્યારે મેલી આત્મપરિણતિ રાખવામાં બહારનું કાંઈ સુધરી જાય છે એવુંય નથી તો પછી ચોખ્ખી નિર્મળ સ્વચ્છ આંતર-પરિણતિ કેમ ન રાખવી ?

**પ્ર.- પણ એવા પ્રસંગે મન રહેતું નથી તેનું શું કરવું ?**

ઉ.- રહેતું નથી કે રાખવું નથી ? મનુષ્ય થયા એટલે તો પશુ કરતાં વિશેષમાં વિવેકશક્તિ, સાર-અસાર, સારાં-નરસાં ને હિત-અહિતનો વિચાર કરવાની શક્તિ મળી એનો ઉપયોગ શો ? જો એના દ્વારા આટલું ય નથી વિચારવું કે ભલા માણસ ! હૈયું બગાડીને શું કમાવાનો હતો ? શું સુધરી જવાનું હતું ? 'તારા અકાટ્ય કર્મને કાંઈ નુકશાન કરવું હશે તો એને તું શું અટકાવી શકવાનો હતો ? માટે ના, મારે એ હૈયું બગાડવાનો મોખ નથી,' એમ મન પર લઈ લો. પછી મન ક્યાં વાંકું જવાનું ? મનનો જન્મ જ આપણાથી થાય છે પછી સારું વિવેક પ્રકાશવાળું જ મન કાં ન ઊભું કરીએ ?

**વિકલ્પ રોકવા શું કરવું ? :-**

જગતની વસ્તુના સ્વભાવનું આલંબન કરવાની બલિહારી છે. દિલમાં કોઈપણ પ્રકારના ઉકળાટ કે ઉન્માદનો વિકલ્પ અર્થાત્ ખેદ-દ્વેષ-શોક-ઈર્ષ્યાનો કે હર્ષ-ગારવ-રાગ-મદ-અહંકારનો વિકલ્પ ઊઠવા જાય ત્યાં જેના અંગે એ થવા જાય છે એના અને એને સંલગ્ન વસ્તુના સ્વભાવ પર દૃષ્ટિ નાખવાથી એ ઉકળાટ-ઉન્માદના વિકલ્પને અટકાવી શકાય છે; કેમકે ત્યાં મનને એમ થાય કે 'આ વસ્તુનો સ્વભાવ-સ્વરૂપ જ એવું છે કે, આમ જ થાય પછી એમાં આપણે કરમાવાનું કે ખીલવાનું

શું ? દૂધમાં મીઠું પડે તો ફાટી જાય એ એનો સ્વભાવ છે, તો એના પર 'હાય' શું અને ખાંડથી 'હાશ' શું ? ગળ્યું થયા પછી પણ વખત જતાં કે પેટમાં પડતાં ફેરફાર થવાનો જ છે ત્યાં આપણો રાજીપો કેટલો ઊભો ? કે કામ લાગ્યો ? મીઠાથી ફાટી ગયે પણ એના પરથી બીજી વાત-વસ્તુમાં આપણું મન જતાં એ ભુલાઈ જવાનું છે ત્યાં એની નારાજી કેટલી ઊભી રહી ? ઉપયોગી થઈ ?'

**વેશ્યા પાછળ સમ્રાટ ભૂલે, એમ....**

જડ પુદ્‌ગલનાં સારાં-નરસાં પરિવર્તન થયા કરવાનો સ્વભાવ જ છે, એમાં આપણે ઉન્માદ ઉકળાટના ભાવોમાં ફર્યા કરવું એ તો મોટા સમ્રાટ રાજાએ ગંભીર રાજ્યાદિકાર્ય મૂકી વેશ્યા પાછળ નાચ્યા કરવા જેવું બાલિશ, મૂર્ખ, અતિમૂઢ કાર્ય છે.

શું આપણી પાસે સારું ગંભીર મન-વચન-કાયાનું કાર્ય નથી કે મૂઢતાનાં કામ પાછળ દિવાના થવાનું ? એમ કરવામાં જેવી રીતે સમ્રાટ રાજા પોતાના વિશાળ રાજ્યની સુવ્યવસ્થિતતા અને આબાદી-ઉન્નતિની ચિંતા ચૂકે છે, એમ અહીં પુદ્‌ગલ-સ્વભાવની પાછળ હર્ષખેદના નાચ કરવાની પાગલગીરી પાછળ આત્મા પોતાના આંતરિક ગુણ સામ્રાજ્ય-ધર્મસામ્રાજ્યની સુવ્યવસ્થિતતા તથા આબાદી-ઉન્નતિના મહાન ગંભીર કાર્યની ચિંતા ચૂકે છે.

'પોતાનામાં કયા ગુણ પોષાય છે ? કે કેવા દોષનું પોષણ થાય છે ?

'ધર્મની સાધના થાય છે કે પાપની ?'

'પોતે આત્મિક દૃષ્ટિએ કેવા લાભ-નુકશાનમાં વર્તી રહ્યો છે ?

એનો વિચાર જ નથી આવતો ! જડની પલેવણમાં પડે ત્યાં સ્વાત્માનો વિચાર શેનો આવે ? વેશ્યા પાછળ દીવાના બનનારને અને એની જ ખુશી-નાખુશી જોનારને ઘરે રહેલી સતી સ્ત્રીની ચિંતા શાની હોય ?

જીવ જડની પાછળ જ મરે છે. અહીં જડની ઉજળામણ-મલિનતા પાછળ પોતાના દિલમાં કલુષિત ભાવો ઊભા કર્યા કરે છે, એથી જાતે મલિન બને છે, અને અહીં જરાય સ્થિરતાનો અનુભવ કરવા પામતો નથી. ચળવિચળતા, અસ્વસ્થતા, અશાંતિ, ચિંતા-સંતાપ કે મૂઢ મૂર્ચ્છામાં તણાયે જાય છે.

**ત્યારે પરલોકની દૃષ્ટિએ** પણ અહીંથી ભારખાનું ભરી જવાનું એય કચરાપટ્ટી ભાવોના કુસંસ્કારોનું ! જે પછી એવા ને એવા હૈયાવરાળ ભાવોમાં જ એને ડૂબાડી રાખે છે, તેમજ અનેકાનેક પ્રકારની પાપ કારવાઈમાં ફસ્યો-ફસાયો રાખે છે.

એટલું જ નહિ પણ અહીંની ચળવિચળતા, મલિન રાગાદિ ભાવો, કુવિકલ્પો; દુર્ધ્યાન વગેરેથી ઉપાર્જેલા ધૂમ પાપોના દારુણ વિપાકરૂપે પરલોકમાં દુઃખ-દૌર્ભાગ્ય રોગ-શોક, દીનતા-દરિદ્રતા, પ્રહાર-પરવશતા વગેરેના ત્રાસ વેઠવા પડે છે.



**જીવનું મુખ્ય બગાડનાર મલિનભાવો અને મલિન વિકલ્પો છે. જુઓ,**

તંદુલિયો મચ્છ શું કરીને શું પામે છે ? આ જ ને કે મોટા મત્સ્યની પાંપણ પર રહ્યો રહ્યો એના ખુલ્લા મુખમાં નાના-નાના કેઈ માછલા પેસતાં-નીકળતાં જોઈ બળ્યા કરવાનું, 'આની જગ્યાએ હું હોઉં તો આ એક ન છોડું,' આવા ક્રૂર વિકલ્પમાં તણાયા રહેવાનું, અને એના પરિણામે નરકમાં ફેંકાઈ જવાનું ? આ બધુંય મલિન ભાવના પ્રતાપે.

**સુભૂમ અને બ્રહ્મદત્ત** ચક્રવર્તીને શી ખોટ હતી ? પણ જડના નાચે નાચ્યા, હૈયે મલિન ભાવો ચગાવ્યા, મેલા વિકલ્પોમાં ચડ્યા તો અંતે સાતમી નરક જોવાની આવી.

**કંડરીક** કેમ સાતમી નરકે ગયો ? આ જ મેલા ભાવ અને કુવિકલ્પોના કારણે. એમાં જ બિચારાએ એક હજાર વર્ષનું ચારિત્ર-પાલન રદ્દી કરી નાખ્યું ! ત્યારે એના જ ભાઈ પુંડરિકે શુભ ભાવ, શુભ વિકલ્પમાં રહી અનુત્તર વિમાનની ગતિ પકડી.

આત્મસ્વભાવ કે વસ્તુસ્વભાવનું આલંબન નથી પકડવું, તો મલિન ભાવો અને પાપવિકલ્પો લમણે લખાયેલા છે. ચામજૂની જેમ આત્મા સાથે જકડાયા રહ્યા સમજો.

કૂડાં કામ, કૂડી વાણી, કૂડી લેશ્યા કોણ કરાવે છે ? આ મલિન ભાવ જ. એને પોષનાર પણ એ જ. દોષો-દુષ્કૃત્યો-દુર્ગુણોનું ઉત્થાન કરનાર પણ મલિન ભાવજ, અને પછી એનાથી મલિન ભાવ પોતે પુષ્ટ થઈ ફેર વિશેષ દોષ-દુષ્કૃત્યોને પોષનાર પણ એ મલિન ભાવ પોતે જ આનું ઝેરી વર્તુળ ચાલ્યા કરે છે. હૈયાના મેલા ભાવથી દુર્ગુણ-દુષ્કૃત્યોનાં ઉત્થાન અને દુર્ગુણ-દુષ્કૃત્યોનાં સેવનથી મેલ, ભાવોનું પોષણ એ પાછા પેલાને પુષ્ટ કરે... એમ ચાલે છે. એ બંનેના ઉત્તેજક છે કુવિકલ્પો.

અહીં જો વસ્તુસ્વભાવનું આલંબન પકડાય તો કુવિકલ્પો અને મલિન ભાવ પર ઘા પડે.

કુવિકલ્પોથી હૈયાની મલિનતાનું જોર વધે છે, ને દોષ-દુર્ગુણ દુષ્કૃત્યોમાં પણ વેગ આવે છે. વિકલ્પોમાં ચઢતાં ચઢતાં કષાય વધે છે, પછી જેવો વિકલ્પ તેવો ક્રોધ, યા અભિમાન, કે માયા, અથવા લોભ વધવાનો.

**સ્વભાવાલંબનમાં શું કરવાનું ? :-**

ભૂલતા નહિ, વસ્તુસ્વભાવનું આમ આલંબન કે 'એનો સ્વભાવ છે કે અમુક અમુક સંયોગમાં યા અમુક અમુક સમયમાં એનું એમ જ થાય, તો પછી એમ થવા દો,' તો એવા પ્રશાંત મનના વિચારપૂર્વક પોતાની જાતને જો રાગ-દ્વેષ, હર્ષ-ખેદ, આસક્તિ-અરુચિ, વગેરેના સંકલેશથી યાને મલિન ભાવોથી બચાવી લેવાતું નથી ને ખોટા વિકલ્પો કરી જો ચળવિચળ થયા કરવાનું છે, પ્રજ્ઞા-બુદ્ધિ સ્થિત-

સ્થિર અર્થાત્ સ્થિતપ્રજ્ઞતા રાખવાની નથી, તો પછી પોતાના ગુણસામ્રાજ્ય અને ધર્મ-સામ્રાજ્યની સામે જોવાનુંય નહિ બને, એ સર કરવાના આંતરિક પુરુષાર્થની વાતે ય ક્યાં ?

હૈયાના મેલા ભાવો અને પાપવિકલ્પોનો એવો ખતરનાક પ્રભાવ છે કે જીવને દોષ-દુષ્કૃત્યમાં દટાયેલો રાખે ! એને સ્થિરતા-સ્થિતપ્રજ્ઞતા-ગુણસામ્રાજ્ય-અનાસક્ત-ભાવ વગેરેની આવશ્યક્તા જ ભાસવા નહિ દે, પછી આચરણા-અભ્યાસની તો વાતે ય શી ? એને સારા વિચાર, સારા ભાવ, સારા વચનવ્યાપાર સારી પ્રવૃત્તિ કશાની ફુરસદ નહિ હોય, કદાચ વળી બળાત્કારે કે ગમે તે રીતે સારી ધર્મપ્રવૃત્તિ ધર્મવચનો-ચ્ચારણમાં ઘલાયો હશે તો ય કુવિકલ્પોથી એને ખરાબખસ્ત કરી મૂકશે !

**માટે ચિત્તની સ્થિરતા જોઈતી હોય,** તો કુવિકલ્પોને અટકાવ્યે જ છૂટકો; અને એને અટકાવવા માટે હૈયાના મલિન ભાવને રોકી આત્માના ગુણસામ્રાજ્ય-ધર્મસામ્રાજ્ય વિકસાવવાની ભારે તમન્ના ઊભી કરવી જોઈએ. આ માટે જો નહિ મથાય તો સમજી રાખજો કે જીવનમાં જેટલી હવા સુલભ અને એનો ઉપયોગ બહોળો એના કરતાં કુવિકલ્પો વધારે સુલભ ને એનું સેવન અત્યંત્યાધિક બહોળું ચાલ્યા કરવાનું. જુઓ સહેજ સહેજ વાત-વસ્તુમાં કુવિકલ્પોને અવકાશ મળે છે, અને જીવ એમાં તણાયો જાય છે. આમે ય જે વેગ હવાનો નથી એટલા જબરદસ્ત વેગથી વિકલ્પોમાં મન દોડે છે. હમણાં અહીંની કોઈ વસ્તુના વિકલ્પ કરતો હશે તો વળી બીજી જ સેકન્ડે મન ક્યાંય દૂર અમેરિકા જેવામાં પહોંચી એના વિકલ્પ કરવા માંડશે ! આ વિકલ્પોની કુટેવમાં, કુછંદમાં એ પણ વિચાર નથી રહેતો કે 'આ હું ધર્મક્રિયામાં બેઠો છું, મંદિરમાં વીતરાગ ભગવાન આગળ ઊભો છું તો આવા કુવિકલ્પ ન કરાય; ના, એનો કોઈ વિચાર નથી.

**પેલા શેઠનો પ્રસંગ આવે છે ને ?**

શેઠ સામાયિકમાં બેઠા હતા, પણ કુવિકલ્પમાં ચડ્યા હતા. બહાર દુકાન પર કોઈ આવીને પૂછે છે, 'શેઠ ક્યાં ગયા છે ?' શેઠને જોઈ લઈ છોકરાની વહુ કહે છે, 'ઢેડવાડે ગયા છે.'

શેઠે અંદર બેઠા આ જવાબ સાંભળ્યો. સાંભળીને ખીજાયા, 'અરે ! હું અહીં ઘરમાં જ છું ને આ વહુ કેવું જૂઠું બોલી રહી છે ? જરા ચાબલી લાગે છે. હમણાં ઊઠીને પૂછું છું.'

શેઠને બિચારાને મન ઓર ચગડોળે ચઢ્યું. હવે સીધું સામાયિક થાય ? ના, જેમ તોફાની છોકરા કોઈ ગાંડા માણસને આમ તેમ દોડાવીને હેરાન હેરાન કરી નાખે છે એમ સંકલ્પ-વિકલ્પો મૂર્ખ બનેલા જીવને ભમાવી-ભમાવીને હેરાન-હેરાન



કરી મૂકે છે. ત્યાં જો એમ વિચારાય, કે-

**વિચારણાનો ઢંગ :-**

'શા સારુ હું વિકલ્પોમાં ચઢું છું ? બનવાનું એ એના કારણોએ બન્યે જાય છે, અર્થાત્ [૧]કાળ, [૨]સ્વભાવ, [૩]નિયતિ, [૪]કર્મ અને [૫]પુરુષાર્થ, એ પાંચ કારણનો સમવાય જેવો આવી મળે તેવું કાર્ય થાય એ સ્વાભાવિક છે. તો મારે એમાં મન બગાડવાની કે ઊંચા-નીચા થવાની શી જરૂર છે ? અનંતાનંત કાળથી ચાલી આવતા આ સંસારમાં અનંતાનંત ઘટનાઓ એમ જ પાંચ કારણ સમવાયના આધાર પર બનતી આવી છે. આજે પણ બની રહી છે, અને ભવિષ્યમાં ય બનશે. ત્યાં 'આ આમ કેમ થયું ? ને પેલું એમ કેમ બન્યું ? જો મેં આટલું સાચવ્યું હોત, અગર પેલાએ આમ ભાન રાખ્યું હોત, તો આવું ન બનત. પણ શું થાય માણસો જ વિચિત્ર !...' આવા આવા વિકલ્પો સેવવામાં ઘસડાવાની શી જરૂર ?

**વસ્તુસ્વભાવને જ ન્યાય આપી દેવાનો કે** કારણ સામગ્રી જેવી મળે તેવું કાર્ય કે ઘટના બનતી આવે એ સહજ છે. ચાલવા દો.

(૧) કાળ કાળનું કામ કરે છે.

(૨) વસ્તુનો સ્વભાવ અન્યથા થાય નહિ, નહિતર એ વસ્તુ સ્વભાવ શાનો ? ત્યારે,

(૩) ભવિતવ્યતા વળી એના જ તાનમાં ચાલે છે.

(૪) તો, જીવોનો અને આપણાં પોતાનાં પૂર્વ-ઉપાર્જિત અકાટ્ય કર્મ એ કાંઈ તેવા પ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ આવી મળતાં પોતાનો ભાવ ભજવ્યા વિના રહે ?

(૫) ત્યારે ઘટનામાં જીવનો પુરુષાર્થ-ઉદ્યમ પણ પોતાનો ફાળો નોંધાવી જાય છે. પુરુષાર્થ જેવો કર્યો, બાકીના ચાર કારણના સહકાર સાથે એ તેવું કાર્ય કરે, એમાં નવાઈ નથી.

મૂર્ખ-અબૂઝ જીવ નવાઈ પામે છે કે 'મેં પૈસા કમાવવાનો પુરુષાર્થ કર્યો હતો ને ઊલટું કેમ પૈસા ખોઈ નાખવાનું બન્યું ?'

**પુરુષાર્થ ખોટનો કેમ ?**

અરે મૂર્ખ ! બીજાં ચાર કારણોનો સહકાર જ એવો હતો કે તારો પુરુષાર્થ કમાવવાનો નહિ, પણ ખોવાનો જ ગણાય. તારા જ પુરુષાર્થને વસ્તુસ્થિતિના અજ્ઞાનથી તું ઓળખી ન શકે, અને સાથેની તારી ઈચ્છાના આધારે માપવા જાય કે મેં તો કમાવવાની ઈચ્છાથી જ પુરુષાર્થ કરેલો, માટે પુરુષાર્થ કમાણીનો જ હતો' એ શા કામનું ? એમ તો ઊંધી સમજ, ઊંધી રીત અને વિરુદ્ધ ઉપાયો લઈ સોદો

કરે ને પૈસા સહેજે ગુમાવે. તો શું એણે કમાણીનો પુરુષાર્થ કર્યો ગણાય ? કે ખોટનો ? જો કમાણીનો કહો, તો પછી શું એવો ને એવો પુરુષાર્થ ફરી ફરી ચાલવા દો ને ? ના, ત્યાં તો ઝટ કહો છો કે એવો ઊંધો વેપલો-અવળો પુરુષાર્થ કેમ ચલાવવા દેવાય ? બસ ત્યારે અજ્ઞાન ઉદ્યમને સીધો ઉદ્યમ ન કહેવાય.

**ઉદ્દેશમાત્રથી પુરુષાર્થ એનો નહિ :-**

કમાણીના ઉદ્દેશથી ઉદ્યમ એક વસ્તુ છે, અને કમાણીનો ઉદ્યમ બીજી વસ્તુ છે. જુગારના નાદે ચડેલો માણસ પૈસા કમાવવાના ઉદ્દેશ-પ્રયોજનથી જુગારનો ઉદ્યમ કરી રહ્યો છે, પરંતુ **કોઈ ડાહ્યો માણસ જુગારના ઉદ્યમને કમાણીનો ઉદ્યમ નહિ કહે; કેમકે એમાં કમાણીની શંકા છે. ઊલટું એને પાયમાલીનો પુરુષાર્થ કહે છે.** ઉદ્દેશ અમુક હોવા માત્રથી પ્રયત્ન એનો જ હોય એવો નિયમ નથી; કેમકે એમાં ભ્રમ થવાનો સંભવ છે. માટે,

ઉદ્દેશ ઉપરાંત એ જોવું પડે કે જે ઉપાય અજમાવી રહ્યો છે તે સાચો ઉપાય છે ? એ ઉદ્દેશ સિદ્ધ કરી આપે જ એ હકીકત છે ? જો હા, તો ત્યાં પ્રયત્નને એનો પુરુષાર્થ કહી શકાય. જો મોટી શંકા યા ઊલટું ઊંધું પડવાનો જ મોટો સંભવ, તો એ પ્રયત્નને સફળ પ્રયત્ન, ફળવાળો પ્રયત્ન, એ ફળનો જ યત્ન ન કહેવાય.

માટે જ **જુગાર, સટ્ટો, ચોરી વગેરે, એ અર્થોપાર્જનના સાચા વ્યવસાય નથી ગણતા.** કમાણીના પુરુષાર્થ તરીકે નોકરી, સીધા ધંધા, દલાલી વગેરેના પુરુષાર્થ ગણાય છે.

**સ્વભાવનો વિચાર :-**

હવે આવા પુરુષાર્થમાં પણ અપવાદરૂપે ક્યારેક પૈસા ગુમાવવાનું થયું; ત્યાં મનને વિકલ્પ ન થાય ? ના, અહીં સ્વભાવનું આલંબન ઉપયોગી બને છે. સ્વભાવનો વિચાર આ રાખવાનો કે ભલે પુરુષાર્થ સીધો અને સચોટ કર્યો, પરંતુ ફળ તો, એના સહકારમાં કાળ, સ્વભાવ ભવિતવ્યતા અને ભાગ્ય જેવા સ્વરૂપના આવી મળ્યા, તેવું જ નીપજે, એ સ્વાભાવિક છે. પ્રસ્તુતમાં એમાંના કોઈ ભાગ્ય વગેરે પ્રતિકૂળ હશે માટે ધાર્યું કમાણીનું ફળ ન થયું. એ તો એમ જ બને. ત્યાં સંકલ્પ-વિકલ્પ કરવાની શી જરૂર છે ? જે બન્યું તે સ્વાભાવિક જ બન્યું છે.

**સ્વાભાવિક એટલે કુદરતી, અર્થાત્ સમગ્ર હકીકતો પર નિર્માણ થતી વસ્તુ-સ્થિતિ.** અહીં સમગ્ર અને વસ્તુસ્થિતિ પર ધ્યાન દેવા જેવું છે. આપણે ભૂલા પડીએ છીએ ત્યારે કોઈ એક કે અમુક જ હકીકતની કડી ફળ સાથે જોડવા મથીએ છીએ, સમગ્રની કડી નહિ. આ ખોટું છે. આથી જ વિકલ્પો ઊઠે છે, કષાય ભભૂકે છે, આર્તધ્યાન થાય છે. જો સમગ્ર હકીકતોને ધ્યાનમાં લઈએ તો થાય કે કુદરતી



એનું પરિણામ આ જ આવે. આવા પ્રકારના સમગ્ર કારણોથી કાર્યની ઉત્પત્તિ થાય એ વસ્તુસ્થિતિ કહેવાય. સ્વભાવનું આલંબન કરવાનું એટલે સમગ્ર હકીકતને, સંપૂર્ણ વસ્તુસ્થિતિને ધ્યાનમાં લેવાની, એના શ્રદ્ધાળુ બનવાનું અર્થાત્ એવો વિશ્વાસ હોય કે અમુક પ્રકારની સમગ્ર હકીકતોમાં તેવા રૂપનું જ કાર્ય થાય એ વસ્તુસ્થિતિ છે. કુદરતી યાને કાર્યકારણ ભાવના નિયમસરની વસ્તુસ્થિતિ પર ખેદ-ઉદ્વેગ, શોક વિકલ્પ કરવા નકામા છે.

**વિકલ્પો કેમ ઊઠે છે ? :-**

ચંચળ મનને સ્થિર કરવાની વાત ચાલી હતી. સ્થિર કરવા માટે વિકલ્પો ઓછા કરવા જોઈએ. એ વિકલ્પો ચિત્તના રાગાદિ દોષોના કારણે અથવા ખોટી જિજ્ઞાસા, આતુરતાને લીધે ઊઠે છે. એ ટાળવા માટે એક સુંદર ઉપાય સ્વ-ભાવાલંબનની વાત થઈ. આત્માનો સ્વભાવ અને વસ્તુસ્વભાવ ધ્યાન પર લેવાથી રાગ-દ્વેષ, હર્ષ-શોક વગેરે દબાય છે, તેથી વિકલ્પોનું જોર કપાય છે.

**ખોટી જિજ્ઞાસા રોકવાનો ઉપાય :-**

"બીજી વાત ખોટી જિજ્ઞાસા-આતુરતા વિકલ્પો કરાવે છે. 'એ શું ? પેલું શું ? શું થયું ? કોણ આવ્યું ? કોણ ગયું ? શું પડ્યું...? આ બધી ખોટી જિજ્ઞાસાઓ ફુજૂલ વિચારોને બહેકાવે છે." તો એને દાબવા માટે એક સરસ ઉપાય આ છે કે તૃપ્તિનો અનુભવ કરવો. તૃપ્તિની ભાવના કરવી. જાણે આમ માની લેવું કે જે જાણવા માગું છું તે મેં જાણી લીધું. માનો ને કે ચાલુ કામમાંથી ડાફરિયું મારીને જોવા જઈશ, અને એમાં અમુક જણ દેખાયું, પછી એનું આગળ શું કરવું છે ? કશું નહિ. તો જોયા વિના જ માની લે ને કે અમુક દેખાઈ ગયું. ચાલ, હવે જવા દે એની વાત, તારા જ કામમાં આગળ વધ.

**માનસિક અપૂર્વ કલ્પના :-**

**અરે ! જોવા લાયક પણ કાંઈ ચીજ હોય, તો ય તે વગર જોયે ચિત્તમાં જ જોઈ લીધી કલ્પી લે, ને આગળ ચાલ.** કદાચ બહારની ચીજ કરતાં વધુ સારી અંદરમાં જોવી હશે તો જોઈ શકીશ. આબુ પર ગયા, મંદિરના દર્શન તો કર્યા પણ મન થયું કે ચાલો નખી તળાવ અને સનસેટ પોઈંટ જોવા. ત્યાં મનને કહેવું 'અરે ! એ બહારની ચીજ કરતાં મનમાં કલ્પેલી એથી ય સુંદર જોઈ શકીશ. બહાર તો કદાચ ૦ા માઈલનું અને સાદું તળાવ દેખાશે, પણ અંદરમાં પાંચ માઈલનું અને એમાં રાજહંસો, ચક્રવાક પક્ષીઓ, સુંદર નાવડીઓ, કિનારા પર મજેના વૃક્ષો, હરિયાળી વગેરે જેટલું કલ્પવું હશે એટલું કલ્પીને જોઈ શકશે. એમ કલ્પનાના ભવ્ય સનસેટ પોઈંટને જોઈ શકશે. તો પછી બહારમાં ખોટી જિજ્ઞાસાઓ

કરી શું ભટકવું'તું ?

**ખરી વાત એ છે કે જગતનું ન જોયામાં નવ ગુણ. કેમકે જોવાથી રાગ-દ્વેષ ઊઠે છે, મોહ જાગે છે, વાસના સળવળે છે, વિકલ્પો જન્મે છે, ચાલુ શુભ પ્રવૃત્તિની શુભ વિચારધારા તૂટે છે, શુભ ભાવ ખોટકાય છે, બહારના રસથી** આધ્યાત્મિક રસ ઓછો થઈ જાય છે...વગેરે વગેરે કેટલાય નુકસાન છે. જીવ બહારનો પરિચય બહુ રાખે છે, તેથી જ એનો રસ એના વિચારો વધે છે, અને એટલે જ ધર્મક્રિયા, તત્ત્વચિંતન, શાસ્ત્રસ્વાધ્યાય વગેરેમાં ચિત્ત સ્થિર રહેતું નથી, નવકારવાળી સીધી તન્મય ચિત્તથી ચાલતી નથી. દેવનાં દર્શન પૂજન વગેરે બધું રખડતા ચિત્તે ! આ દુર્દશા સુધારવી હોય તો બહારનો પરિચય બહુ ઓછો કરી નાખવો, બાહ્ય રસ મંદ કરી દેવો.

**પ્ર.**- જગતની વચ્ચે બેઠાં બહારની વસ્તુનો પરિચય શે ઓછો થાય ?

ઉ.- એમાં શું ? જગતમાં બેઠાં એટલે શું કાંઈ એવી એને ગુલામી લખી આપી છે કે 'તારું બધું જોયા કરીશ, સાંભળ્યા કરીશ, વિચાર્યા કરીશ ?' ના, મનને નક્કી કરો કે 'મારે જોવું ખાસ જરૂરી હોય એટલું જ જોઈશ, સાંભળવું અત્યંત જરૂરનું હોય એટલું જ સાંભળવાનો, વિચારવું જરૂરી હોય તે જ વિચારવાનો.' આ નક્કી કરો, તે પ્રમાણે પ્રયત્ન-ચીવટ રાખો, પછી જુઓ કેટલો બધો ફેર પડી જાય છે.

**જગતનું જ જોયા કરશો તો પછી પોતાના આત્માનું ક્યારે જોવાના ?**

જીવનની કિંમતી ઘડીઓ ચાલી જાય છે, ને અહીં જ શક્ય એવું આ મહાન કામ-પોતાના આત્માનું જોવાનું, એ રહી જાય છે. જગતનું તો અનંતા કાળથી જોતા આવ્યા ને હજી જોવું હોય તો મળશે, પણ એમાં શો દી' વળશે ?

આપણે વધુ દૂર નીકળી ગયા. હવે પેલી બાલવિધવા રાજપુત્રી રુક્મિનો પ્રસંગ જોઈએ.

**રુક્મિને રાજાના ઉપદેશનો સાર :-**

વિધવા બનેલી રાજપુત્રી રુક્મિ ભવિષ્યમાં કુળને કલંક લગાડનાર કોઈ ઘટનામાં ન ફસાવું પડે એ માટે આપઘાત કરવાના નિર્ણય પર આવેલી, એને એના પિતા કેટલું સુંદર માર્ગદર્શન આપે છે એનો કેટલોક વિચાર પૂર્વે આવી ગયો. દા.ત., માનવજીવન ગુમાવ્યા પછીના ભવમાં દુર્લભ સાધનાઓ મળવાનો કોઈ વિશ્વાસ-નિર્ણય નહિ, તો આત્માનું ઉત્થાન કરવાની તક શી ? જ્યારે અહીં પૂરો અવકાશ છે, તક છે, તેમ જ એવી અદ્ભુત સાધનાઓ થઈ શકે એવી છે કે જેના બળ ઉપર કલંકિત અપકૃત્ય વગેરેનો અવસર જ ઊડી જાય છે, ઉપરાંત આત્મામાં



અજબ ગજબનાં પરિવર્તન થાય છે.'

એવી પ્રાથમિક ભૂમિકા સમજાવ્યા બાદ રાજાએ એ સાધનામાં પહેલી સાધના અંધ-અપંગ-રોગિષ્ઠ-દરિદ્ર વગેરેનાં દુઃખનિવારક દાન તથા સંત સાધુને દાનની બતાવી. એ કેવી રીતે કલંકિત કૃત્યનો સંભવ નિવારી શકે એનો સંબંધ બતાવ્યો. બીજી સાધનામાં સામાયિક અને પૌષધનાં ભવ્ય અનુષ્ઠાન અને એના અદ્ભુત મહત્ત્વ બતાવ્યા. હવે આગળ શું બતાવે છે એ એના જ શબ્દમાં જોઈએ.

**આગળ રુક્મિને રાજા કહે છે 'હે કુંવરી !** વળી તું એ જો કે તારે ભાવિ કોઈ અનિષ્ટ પ્રસંગની સંભાવના કરવાની જરૂર જ શી છે ? દાન અને પૌષધ-સામાયિક ઉપરાંત ઉપવાસ વગેરે તપસ્યાઓ તું આચર. એ એવી બળવાન છે કે એ દુષ્ટ વિચાર અને દુષ્કૃત્યોને જીવનમાં પેસવા ન દે. એનું કારણ એ છે કે,

**જૈન શાસનમાં તપનું મહત્ત્વ :-**

હે સુભગે ! તપ એ તો અનેકાનેક બાહ્ય-આભ્યન્તર રોગોને નિવારનાર એક જબરદસ્ત રસાયણ છે. એનાથી ચીકણાં કર્મ પણ નાશ પામે છે. એટલે દુર્બુદ્ધિ જગાડનાર કર્મનો વિધ્વંસ થયા પછી એવી બુદ્ધિ જાગે જ શાની ? જે તપ વીતરાગ થવા સુધીનો સમસ્ત મોહનીય કર્મનો ભૂકો કરી નાખે એને એથી નીચેના મોહ કર્મ નાશ કરવામાં શી વાર ? જેને દુર્મતિ, પાપલેશ્યા, ખરાબ વિચાર વગેરે ખરેખર નથી ગમતા, એણે તપને તો બરાબર પકડી લેવો જોઈએ. દુષ્ટ મતિનો ખરેખર ભય છે, તો તપનો તો ભારે રાગ જોઈએ, ને એનું નક્કર સેવન જોઈએ.

**રસકસની ખરાબ અસર :-**

હે તેજસ્વીની ! બીજી એ પણ વાત ખાસ ધ્યાનમાં લેજે કે આત્મામાં કામના વિકારો રસકસવાળા ખાનપાન ઉપર મહાલે છે; કેમકે એનાથી શરીરની ધાતુઓ પુષ્ટ બને, ઉત્તેજિત બને, એટલે એ ધાતુઓની સાથે એકમેક બનેલા આત્મપ્રદેશ પર એની અસર કેમ ન પહોંચે ? ઉત્તેજિત દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની અસર કર્મના ઉદય પર પહોંચે છે, કર્મને ય ઉદીરે છે. ઉદીરાયેલું મોહનીય કર્મ વાસના-વિકારને ભભૂકાવે એમાં નવાઈ નથી. હા, મોહનીયનો નાશ કરી નાખ્યો હોય તો પછી ચિંતા નહિ પણ જ્યાં સુધી તપનું આચરણ કર્યું નથી ત્યાં સુધી એ તૂટે શાના ? માટે મોહનીય કર્મ છે ત્યાં સુધી રસમય ભોજનથી ડરવું જ રહ્યું.

**મહાત્માને કેમ વિકાર નહિ :-**

**પ્ર.- તો પછી ભગવાન તીર્થંકરદેવોને કેવળજ્ઞાન થયા પહેલાં ખીર વહોરાવ્યાનું આવે છે, એમ બીજા મહાત્માઓને લાડુ વહોરાવ્યાનું આવે છે. તો એમને કેમ વિકારો નથી જાગતા ?**

ઉ.- એમની બીજી સાધનાઓ કેટલી ગજબનાક હોય છે ? એવા પારણા ઉપર એમની ઘોર તપસ્યા, દિવસ રાત લગભગ ખડા ખડા કાઉસ્સગ્ગ, એમાં પણ જબરદસ્ત એકાગ્ર શ્રુતોપયોગ-ધર્મધ્યાન, ઉગ્ર પરિસહસહન, ઘોર ઉપસર્ગસહન,...આ બધી સાધનાઓ એવી પ્રબળ દાવાનળ જેવી છે કે ખાધેલા ઘી દૂધને ય ૐ ફટ્ ફટ્ સ્વાહા કરી નાખે. ઉપરાંત એ કાયોત્સર્ગાદિ મહાતપ હોવાથી મોહનીય કર્મનાં પણ જોર એવા તોડી નાખે કે જે વાસના-વિકાર જગાડવા સમર્થ જ ન હોય. એટલા બધા બિચારા એ મુડદાલ બની જાય છે.

વિચાર કર રુકમી ! કે તપનો તો તું આશરો લે પછી કર્મ રાંકડા શું કરી શકવાના ? અને ધાતુઓની પુષ્ટતાના અભાવે આત્મપ્રદેશમાં વિકારો શી રીતે સળવળવાના ? તો તારે કલંકિત અપકૃત્યનો ભય જ શાનો રાખવાનો હોય ? ભૂલીશ ના, કે આ બધું અહીં જીવીને થઈ શકે, આપઘાત કરવાથી તો અહીં પણ આની તક ગઈ, અને પરલોક તો કોણ જાણે કેવો ય મળે ? ત્યાં શી તક ? અહીં જે સાધ્ય છે એને જ આપઘાતથી અસાધ્ય બનાવી લેવાનું વિચારમાં પણ કેમ લવાય ?

**તપ એ ભાવમંગળ :-**

હે કલ્યાણી ! તપનો મહિમા તો અવર્ણનીય છે. માત્ર વિકારશાંતિ તો શું, પણ તપ એ ભાવમંગળ હોવાથી જ્ઞાનાવરણ અને અંતરાય કર્મનો પણ ધરખમ નાશ કરે છે.

**પ્ર.**- તપ એ ભાવમંગળ શી રીતે ? ભાવમંગળ તો શુભ અધ્યવસાય છે ને ?

**ઉ.**- નિરાશંસભાવે સહર્ષ સેવાતા તપમાં શુભ અધ્યવસાયોની છોળો ઊછળે છે, એટલે કારણમાં કાર્યનો ઉપચાર કરીને તપને પણ ભાવમંગળ કહી શકાય. એનાથી એ ઘાતિયા કર્મનો નાશ થતાં થતાં અચિંત્ય સિદ્ધિઓ, અચિંત્યલબ્ધિ, અકલ્પ્ય લાભ, યાવત્ કેવળજ્ઞાન પણ પ્રગટ થાય છે. મહાત્માઓ ઉપયોગ ન કરે એ જુદી વાત, પણ તપથી એમને અચિંત્ય ચમત્કારિક લબ્ધિઓ પ્રાપ્ત થઈ હોય છે. આવા મહા આશીર્વાદભૂત તપની અહીં તક મળેલી છે, પછી એમાં કોણ સુજ્ઞ ઉદ્યમ ન કરે ?



**આહારસંજ્ઞાનું કલંક :-**

હે સૌમ્યમતિ ! તું એકલા કોઈક કલંકિત અપકૃત્યને જ શું રુએ ? જીવનની પૂંઠે પડેલી આહારસંજ્ઞા અને સુખશીલતા જ જીવને માટે ભારે કલંકરૂપ છે. જીવનો સ્વચ્છ સ્વભાવ તો અનાહારીપણાનો, સદ્ગુણસ્થિરતાનો અને જડ પુદ્ગલની લેશ પણ ગુલામી વિનાનો છે. એને વળી આહારપુદ્ગલના લોચા લેવા ઊંચકવા પડે, ઉપરાંત એની સંજ્ઞા બની રહે, તેમ જ આરામીની સંજ્ઞા સતાવ્યા કરે, એ કલંક નહિ તો બીજું શું છે ? પરંતુ આ કલંકને ય મિટાવનાર તપ છે. તપથી આહારસંજ્ઞા મુડદાલ બનવા માંડે છે.

**અલબત્ત, આત્માના શુદ્ધ સ્વભાવરૂપ તપનું સેવન** કરવાની ધગશ જોઈએ. મનને એમ થવું જોઈએ કે 'હું ઉપવાસાદિ એટલા માટે કરું છું કે મારો શુદ્ધ આત્મસ્વભાવ અનાહારીપણાનો છે, અને એ સ્વભાવને યત્કિંચિત્ પણ સેવવાનો મને રસ છે. એવા અહોભાગ્ય ક્યાંથી કે હું બહારમાંથી નીકળી મારા સ્વભાવઘરમાં આવું ! બ્રહ્મચર્ય, ક્ષમાદિ બધું જ આત્મસ્વભાવરૂપ; અને એ સ્વભાવમાં રમતા રહેવાય એ મારે જીવનની ભારે મોટી સફળતા !'

**તપ મળ્યો તો શું ન મળ્યું ? :-**

બાકી તો હે પુણ્યવતી ! તપ અને રસત્યાગાદિ આ રીતે શુદ્ધ ભાવે આત્મસ્વભાવસેવનની હોંશથી સેવ્યા હોય તો એવા ઉત્કૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્યના થોક કમાવી આપે છે કે જેના કેટલીક વાર તો અહીં જ ઊંચા એવા અણચિંત્યા ફળ મળે છે, અને પરલોકમાં તો અવશ્ય એવા કે એથીય ઊંચા લાભ પ્રાપ્ત થાય છે; મોટી ચક્રવર્તીપણાની કે ઇંદ્રાદિની પદવી આવીને ઊભી રહે છે; પગલે નિધાન જડે છે; દેવતાઓ સેવામાં આવી લાગે છે; દુકાળ વગેરે મોટા મોટા ઉપદ્રવ ટળે છે, સંસારના ઉત્કૃષ્ટ વૈભવ પૂંઠે લાગે છે, યાવત્ તીર્થંકરપણાનું ઉત્કૃષ્ટ સ્થાન પણ ઊભું થાય છે. તપ એ તો તપ જ છે. તપની બલિહારી છે ! રુકમી ! તપ મળ્યો તો શું ન મળ્યું ? તપ સેવ્યો તો શું બાકી રહે ?

**મોટા તીર્થંકરદેવો** પણ પોતાને એ જ ભવમાં મોક્ષે જવાનું નક્કી જાણવા છતાં ખાનપાન-સુખશીલતામાં મહાલવાને બદલે ઘોર તપનું આચરણ કરે છે, તો તું પણ એ સેવીને આ દુર્લભ જીવનને સારું સાર્થક કરી લે.

હે નારીરત્ન ! ભૂલી પડજે ના, અહીં આપણને અનંત પુણ્યરાશિ કિંમતરૂપે ચૂકવીને અદ્ભુત વિશિષ્ટ કોટિની મન-વચન-કાયાની પુણ્યશક્તિ મળેલી છે. એ અતિશય દુર્લભ છે.

**માવનજીવન એ ધર્મ-આરાધનાનો અન્યત્ર અલભ્ય એવો મહાન પુરુષાર્થકાળ**

**છે.** એ પણ અતિ દુર્લભ છે. શું તારે આ અતિ દુર્લભ પુણ્યશક્તિ અને પુરુષાર્થકાળનો આપઘાતથી એકાએક અંત લાવવો છે ? ઘેલી રે ઘેલી ! જગતમાં બધું મળશે પણ આ અતિદુર્લભ પુણ્ય શક્તિ, પુરુષાર્થકાળ અને તીર્થંકર ભગવાનનું શાસન, એ ત્રિવેણી સંગમ ક્યાં રસ્તામાં રેઢો પડ્યો છે તે મળી જવાનો ? આ ઉચ્ચ પ્રાપ્તિની કદર કર, મહાન કદર-મુખ્ય કદર કર, અને એનાં બહુ ઊંચા મૂલ્ય સમજી એનો સદુપયોગ કરવા દાન, પોષધ, તપ વગેરેમાં લાગી જા. ધ્યાન રાખ પુણ્ય છે ત્યાં સુધી જ પુરુષાર્થને અવકાશ છે, પુણ્ય ખૂટ્યે પુરુષાર્થ માગવા છતાં નહિ મળે. મૃત્યુ પુણ્ય ખુટાડી દે છે, એટલે તો શુભ ભાવનામાં ચડેલા પણ જે ઠેઠ કેવળજ્ઞાન લઈ શકવાની તાકાતવાળા હતા એ ય એકાએક મૃત્યુ થતાં માનવ આયુષ્યનું પુણ્ય ખૂટી જવાથી પુરુષાર્થ ગુમાવતાં સ્વર્ગમાં જઈ અટકે છે. માટે અતિ દુર્લભ પુણ્યશક્તિ અને સત્પુરુષાર્થ કાળને દાન, પૌષધ, શીલ અને તપમાં લેખે લગાડી દે. એમાં ખરેખર બુદ્ધિમત્તા છે.

**પ્ર.**- દાન, શીલ, તપ બતાવ્યા, તો ભાવધર્મ કેમ ન બતાવ્યો ?

**ઉ.**- ઉતાવળા ન થાઓ. હજી રાજાનું વક્તવ્ય ચાલુ છે. એ ભાવ પણ કહે છે. પરંતુ ભાવધર્મમાં તમે કયો ભાવ પ્રથમ મહત્ત્વનો સમજો છો ?

**વૈરાગ્યના મૂળમાં શું ! :-**

**પ્ર.**- વૈરાગ્યનો ભાવ પ્રથમ ખરો ને ?

**ઉ.**- ખરો, પણ એ ય કયા ભાવ પર મજબૂતપણે ઊભો થાય એ વિચારો.

**પ્ર.**- સંસાર ખોટો છે એ ભાવ ઉપર.

**ઉ.**- એ તો વૈરાગ્યનું રૂપાંતર બોલ્યા. સંસાર ખોટો શા માટે ?

**પ્ર.**- દુઃખમય છે માટે. **ઉ.**- દુઃખ શાથી ?

**પ્ર.**- પાપ કરાય છે માટે.

**ઉ.**- મોટું પાપ કયું ! એ વિચારો એટલે મૂળ ભાવ હાથ લાગશે કે જેથી આ પાપ ભર્યો સંસાર છે તેથી એ અસાર, નિર્ગુણ છે, ત્યાજ્ય છે. એવો વૈરાગ્યનો ભાવ જાગશે. તો બોલો એ મહાપાપ કયું ?

**પ્ર.**- આપ જ કહો. **ઉ.**- જુઓ આ રાજાના આગળના કથનમાંથી જ જડે છે.

**રાજાનો આગળ ભવ્ય ઉપદેશ :-** રાજા રુકમીને કહે છે,-

'હે પવિત્ર પુત્રી ! હજી પણ એક સરસ સાધના છે, તે પણ તું જરૂર સાધ, અને તેથી પછી તારે કુળકલંક લાગે એવું અપકૃત્ય આવવાનો ભય નહિ રહે. આ ગુણરૂપ સાધના છે, શુભ ભાવની સાધના છે. અને એના પર બીજા ભરપૂર શુભ ભાવો દોડી આવે છે. જોજે હોં, આ ભાવ પણ ઉત્કૃષ્ટ કોટિનો મનુષ્ય



ભવમાં જ લાધે છે. ભવ ગુમાવ્યે બીજે ક્યાં એ મળવાનો ? આપઘાતનો વિચાર સરાસર કાઢી નાખી આ સાધવાનું જ કર.

**જીવો પ્રત્યે દયા :-**

આ શુભ ભાવ જીવ-દયાનો સાધવાનો છે. વિશ્વના જીવમાત્ર પ્રત્યે દયા એ તો ધર્મનું મૂળ છે, ગુણોનો કંદ છે. ઉન્નતિનું પહેલું પગથિયું છે, વ્રતોનો આધાર છે. મોક્ષમાર્ગનો દરવાજો છે, આત્મદર્શન-પરમાત્મદર્શનની આંખ છે. જેના દિલમાં દયા નથી, એને ધર્મવૃક્ષના અંકુર શા ? ગુણોનો સંચય ક્યાં ? આત્માની ઉન્નતિની માંડણી શી ? વ્રતોનું અસ્તિત્વ શાનું ? મોક્ષ માર્ગમાં પ્રવેશ શાનો ? આત્મદર્શન પરમાત્મદર્શન થઈ જ શી રીતે શકે ?

જો ને, દેવ-ગુરુભક્તિ, તપસ્યા, વગેરે ધર્મ તો સાચા સ્વરૂપમાં કૂણા પાપભીરુ દિલમાં જ ઊગી શકે. પણ ત્યાં જો જીવો પ્રત્યે દયા નથી, કઠોરતા-નિષ્ઠુરતા છે, તો કૂણાશ જ નહિ, પછી ઊખર-પત્થરિયા ભૂમિમાં એ ધર્મ ઊગવાની વાત જ શી ? માટે ધર્મવૃક્ષનાં અંકુર ઉગાડવા દયામૂળ પહેલું જોઈએ;

**વૈરાગ્યને મૂળમાં દયાની શી જરૂર ?**

એમ, વિનય, વૈરાગ્યાદિ ગુણ પણ કૂણા પાપભીરુ દિલ વિના ક્યાં રહી શકે ? સ્વાર્થમાયાનો વિનય એ વિનય નથી. કપટીના ક્ષમાગુણની કોઈ કિંમત નથી, વૈરાગ્ય એટલે ઈન્દ્રિયોના વિષયસુખો પ્રત્યે નફરત, અનાસ્થા, ભય; સંસાર પ્રત્યે અરુચિ. સુખોની નફરત અને સંસારની અરુચિ શા માટે ? એટલા જ માટે કે જેમ આપણે સુખ ચાહીએ છીએ, એમ જગતના જીવમાત્ર ચાહે છે. પરંતુ સંસારના સુખ એમ ક્યાં મળે છે ? સુખ મેળવવાની લાલસામાં પૃથ્વીકાયાદિ જીવોનો કચ્ચરઘાણ કાઢી એ બિચારાના જીવનસુખ લૂંટી લેતા આંચકો આવતો નથી, વિચારસરખો નથી કે 'મને તો ક્ષણિક અલ્પસુખ, જ્યારે આ બિચારા અસંખ્ય-અનંત જીવોને ક્રૂર મોતની ભયંકર પીડા ! શું એ જીવોને સુખે જીવવાનો અધિકાર નથી ? ને મને જ સુખનો અધિકાર છે ? એ જીવોમાંનો કોઈ પોતાના સુખ માટે શું મને એમ કચરી ઘાલી, કૂટી-પીટી-બાળીને મારી નાખે તો હું એ વાજબી ગણું ? ના, તો પછી મારે અસંખ્ય પૃથ્વીકાયજીવો, અસંખ્ય અપકાય જીવો, અસંખ્ય-અસંખ્ય અગ્નિકાય-વાયુકાય જીવો, અનંતા વનસ્પતિકાય જીવો અને સૂક્ષ્મ-સ્થૂલ અનેક પ્રકારના સંખ્યાબંધ ત્રસકાય જીવોને કચરવા; કૂટવા-પીટવા-બાળવાનું કેમ વાજબી ગણાય ?' વિષયસુખો લૂંટવાની લાલસા પાછળ કરાતા આરંભ સમારંભમાં ચલાવાતી અસંખ્ય-અનંતજીવોના પ્રાણની લૂંટમાં આ વિચાર જ ક્યાં છે ?

ત્યારે હે કુલિન બાળા ! સંસારમાં આ જીવહિંસા વિના સુખ ક્યાં છે ? માટે જ,

જે આ સંસારમાં બીજાના પ્રિય પ્રાણ લૂંટી ઘોર અશાતા આપીને સુખ મળે છે, એ આંચકેલ, સંસાર સુખના દારુણ વિપાકમાં જીવને પછી આ સંસારની દુર્ગતિઓમાં ભયંકર દુઃખ-ક્લેશ-ત્રાસમાં દીર્ઘકાળ રિબાયા કરવું પડે છે, એ આ સંસાર ગોઝારો છે.

સંસારનું મોટું પાપ આ જીવહિંસા છે. હૈયે જીવો પ્રત્યે દયાભાવ નથી એટલે સંસારના સુખની લાલસા બની રહે છે, નિર્ભિકપણે સુખો લેવા દોડે છે. હૃદયમાં જીવોની દયા ન સ્ફુરે પછી સંસારસુખો પ્રત્યે ઘૃણા, જુગુપ્સા, વૈરાગ્ય ક્યાંથી આવે ? 'હાય ! મારે વિષય સુખો લેવા જતાં આ બિચારા જીવોનો સંહાર સર્જાય છે તો એવા સંહારજન્ય સુખનું મારે શું કામ છે ? ધિક્કાર હો આ સુખના રાગને, સુખની લાલસાને ! ધિક્કાર હો આ સુખને ને સુખના વિષયોને !' આવો વૈરાગ્યભાવ જીવો પ્રત્યે દિલમાં દયાભાવ આવે તો જાગે ને ?

માટે હે વિવેકવતી ! વિનય-વૈરાગ્યાદિ ગુણોનો સંચય તો પહેલી દયા હોય તો થાય. તેથી દયા એ તો ગુણોનો કંદ છે.

**એમ, દયા એ આત્માનું પહેલું પગથિયું છે.** કેમકે આત્માની ઉન્નતિ જીવના અનાદિ સહજ (સ્વાભાવિક) રાગ-દ્વેષાદિરૂપ મળના હ્રાસથી-ઓછાશથી શરૂ થાય છે. પછી એના પર માર્ગાનુસારી, માર્ગપતિત, અપુનર્બંધક, સમ્યગ્દૃષ્ટિ વગેરે અવસ્થા સર્જાય છે. આ સહજ મળનો હ્રાસ થવાનાં લક્ષણમાં પહેલું **'દુઃખિતેષુ દયા' દુઃખપીડિત જીવો પર દયા છે.** એનો અર્થ આ, કે જો દયા નથી પ્રગટી તો સહજ મળ ઓછો થયાની કે થવાની વાત શી ? આત્માનું ઉત્થાન કેવું ? ચૌદ-ગુણસ્થાનકના ઉન્નતિક્રમમાં પણ પહેલા ગુણસ્થાનમાં ય નીચેથી ઊંચેની કક્ષાએ ચડવા માટે દયાની પહેલી જરૂર છે. કેમકે કક્ષા વધારવા ભવોદ્વેગ, સંસાર પર ખેદ ઊભો કરવો પડે અને તે, સંસારની જીવ હિંસામયતા જોઈ જીવદયાના પરિણામથી એવા ઘોર સંસારની ઉપરથી બહુમાન ઊઠી જાય. તાત્પર્ય, આત્માની ઉન્નતિનું પહેલું પગથિયું દયા છે.

**હે સદ્‌ગુણા ! વ્રતોનો એક ઉદ્દેશ પણ દયા છે.** પ્રાણાતિપાત વિરમણ આદિ પાંચ મહાવ્રતોમાં પહેલું મહાવ્રત અહિંસા, એની રક્ષા અર્થે બાકીના ચાર મહાવ્રત છે. પહેલું હોય તો જ બાકીના ચાર રહે. જો એના બદલે જીવહિંસામાં જ મશગૂલતા છે. જીવહિંસાનો અરેકારો નથી, સત્ય બોલે છે પણ એથી જો જીવહિંસાનો પ્રેરક બને છે તો તે સત્ય સત્ય નથી. આમ અહિંસા મુખ્ય બની. હવે આ અહિંસા લાવવા માટે એ જીવો પર કરુણાભાવ-આર્દ્રતા જોઈએ. જીવોને દુઃખ પડે એ તરફ હૃદય પીગળતું ન હોય છતાં અહિંસા પાળતો હોય, પરંતુ તે 'એમની હિંસાથી મને પાપ લાગે ને દુઃખ આવે ! માટે હિંસા ન કરું,' એમ કરી અહિંસા પાળતો હોય, એ અહીં નિષ્પ્રાણ અહિંસા થાય, એથી શું ?

**અહિંસા તો જીવોના પ્રાણનું સન્માન, પ્રાણની કદર, પ્રાણની વિશેષ પસંદગીમાંથી ઊઠવી જોઈએ,** જીવમાત્રની મૂળભૂત સુખેચ્છા અને દુઃખ-દ્વેષને લક્ષમાં રાખીને પાળવી જોઈએ, જીવોને દુઃખ બિલકુલ ગમતું નથી એ મૂળ વસ્તુ લક્ષમાં આવે તો સહેજે દુઃખથી પીડાતા જીવો પર દયા ઊભરાય, એને દુઃખ દેવાનું ગમે નહિ, અને પોતાનું ચાલે તો એમને પોતાના નિમિત્તે લેશ પણ દુઃખ ન થાય એવું મહા અહિંસક જીવન જીવે. પછી એ માટે અસત્યત્યાગ વગેરે મહાવ્રતો પણ પાળે.

**દયામાંથી બ્રહ્મચર્ય :-**

હે આયુષ્મતી ! દયામય જીવનની બલિહારી છે. આ દયાને હૃદયમાં જો તું બરાબર ભાવે, વારંવાર એની ભાવના કરે, દિલને દયાથી ભારે ભાવિત કરે, તો એ માટે બ્રહ્મચર્યનું પાલન પણ તને ખૂબ જ ગમી જશે. એનો પાકો નિર્ધાર રહેશે. કેમકે અબ્રહ્મસેવનમાં બેથી નવ લાખ જીવોનો નાશ છે. માટે બ્રહ્મચર્યનો નિર્ધાર થયા પછી કલંકિત અપકૃત્ય સ્વપ્ને પણ શાનું સ્ફુરે ? તું દયારૂપી ખેતરના રક્ષણ માટે વાડભૂત બ્રહ્મચર્યને અતિ દૃઢપણે પકડી રાખશે. નિરાશંસ-નિઃસ્વાર્થભાવે જીવો પ્રત્યે દયા ઊભી થઈ ગઈ, પછી તો વ્રતોનું પાલન સરળ બની જાય છે. દયા એ વ્રતોની વાડ છે.

**વળી હે ધર્મપ્રિય બાળા ! દયા એ મોક્ષમાર્ગે પ્રવાસનું બળ છે.** હૈયામાં જો દયાનો ભાવ, દયાપરિણામ, દયામય પરિણતિ જાગ્રત છે, તો સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગની આરાધના માટે હૃદય સારું બળવાન સશક્ત રહે છે. જીવો પ્રત્યે જો નિર્ઘૃણતા આવી, તો હૈયું માર્ગની આરાધના માટે દૂબળું-અશક્ત બની જાય છે.

**પ્ર.-** શું સમ્યગ્દર્શનવાળો લડાઈ નહિ જ લડે ? લડાઈમાં નિર્દયપણે શત્રુને નહિ મારે ?

ઉ.- માત્ર બહારની જ ક્રિયા ન જુઓ, અંતરના પરિણામ નીરખો. સમ્યગ્દર્શન જ શું પણ એથી ય નીચે અપુનર્બંધક અવસ્થાવાળો જીવ પણ કોઈ પણ પાપ તીવ્ર ભાવે નહિ કરે. મિથ્યાત્વની જાહોજલાલીમાં જે ઉગ્ર ભાવથી પાપાચરણ હતું તે હવે અહીં નહિ.

**'પાપ નવિ તીવ્ર ભાવે કરે, જેહને નવિ ભવરાગ રે !'**

એ એનું લક્ષણ છે. એટલે યુદ્ધની હિંસાનું પાપ પણ તેવા ઉગ્રભાવથી-તેવી નિર્ઘૃણતાથી નહિ કરે. આ તો લડાઈ વખતે સમ્યગ્દર્શનના અસ્તિત્વનું શું, એ

અપેક્ષાએ વાત થઈ. પરંતુ સમ્યગ્દર્શનની જ્યારે આરાધના જ કરવી હોય ત્યારે તો હૃદય નિર્ઘૃણ-નિર્દય રાખ્યે ન ચાલે, દયામય લાગણી જોઈએ. દયા તો બળ છે. સમ્યગ્દર્શનમાં ચાલવા માટે દયાના બળ પર સમ્યગ્દર્શનની આરાધના થાય.

**પ્ર.- ઠીક છે, જ્ઞાનની આરાધનામાં દયાના બળની ક્યાં જરૂર ?**

ઉ.- જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન જ મોક્ષમાર્ગ છે. એટલે એ સમ્યગ્દર્શનપૂર્વક જ હોય. એની આરાધનામાં દયામય હૃદય વિના કેમ ચાલે ? વીતરાગ-સર્વજ્ઞ-તીર્થંકર ભગવાનનાં શાસ્ત્રનું અધ્યયન-પારાયણ કરવું છે, એ નિર્ઘૃણ હૃદયમાં પરિણત થાય નહિ. જેને જીવો પ્રત્યે સાપેક્ષભાવ નથી, જીવોનાં દુઃખના આર્તનાદની પરવા જ નથી 'જીવો ભલે મરો મારે શું ?' એવી નિષ્ઠુરતા છે, એને સમ્યગ્જ્ઞાન સાથે સગાઈ જ શાની થાય ? ભલે કદાચ લોક વાહવાહ વગેરે ઉદ્દેશથી શાસ્ત્રો ભણી ગયો હોય, પણ જેને મોક્ષાનુકૂળ સમ્યગ્જ્ઞાનનો આત્મપરિણામ કહેવાય, એ હૃદયમાં શાનો જાગે ?

**દા.ત. આજના સાક્ષર કહે છે ને** 'રાત્રિ ભોજનના ત્યાગનો આગ્રહ આજે ન રખાય.' કેમ ભાઈ ! શું આજે રાત્રિ ભોજનમાં હિંસા ઊડી ગઈ ? જિનાજ્ઞાનિષેધ મટી ગયો ? અતિ ઝીણી કાળી જીવાત જે મેશની સૂક્ષ્મ પૂમ જેવી લાગે છે, એ રાતના ભોજન પર ઊડતી આવી બેઠી હોય, અગર રાત્રે જ ફરનારી જીવાત ભોજન ઉપર જામી પડી હોય તે શું રાત્રિભોજન કરતાં સીધી મોંમાં પધરાવવાનું નહિ બને ? જીવતી ને જીવતી નહિ ચવાઈ જાય ? જેને આ હિંસાની પરવા નથી, એ જીવો પ્રત્યે નિર્ભયતા છે, એ જ એમ બોલે કે 'આજે રાત્રિભોજન અનિવાર્ય છે, રાત્રિભોજનના ત્યાગનો આગ્રહ ન રખાય, એને કોઈ મોટું પાપ ન કહેવાય...' વગેરે આવું ને આવું બોલનારનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન જ નથી. ભગવાને પાપકૃત્ય-ધર્મકૃત્યના વિભાગ કોઈ અમુક કાળ માટે નહિ, પણ સર્વ કાળને માટેના બતાવ્યા છે. **અર્હદ્-વચન સનાતન સત્ય છે, ત્રિકાળાબાધ્ય છે.** એને એ રીતે માનીને એનું જ્ઞાન ધરાવે એ સમ્યગ્જ્ઞાન, જ્ઞાન આરાધે એ સમ્યગ્ આરાધના. પછી થોડું ન માને અને બાકીનું માને એનું બાકીનું જ્ઞાન પણ સમ્યગ્જ્ઞાન પરિણામ નથી. સર્વ જીવો પ્રત્યેનો દયાભાવ લુપ્ત થવાથી આ થોડા પણ સર્વજ્ઞ વચનમાં અશ્રદ્ધા-અજ્ઞાન ઊભું થાય છે. માટે દયા તો સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેયરૂપી મોક્ષમાર્ગ આરાધવાનું-મોક્ષમાર્ગ પ્રવાસનું બળ છે, શક્તિ છે.

**દયા આત્મદર્શનની આંખ :-**

રુક્મિને બાપ રાજા કહે છે, 'હે વિનીતા ! **દયા એ તો આત્મદર્શન, પરમાત્મદર્શનની આંખ છે.** આંખ વિના દર્શન કેવું ? આંખ હોય તો જ જોઈ



શકાય, દર્શન થાય. દયા હોય તો જ આત્માનું અને પરમાત્માનું દર્શન થાય. દયા વિના શી રીતે બને ?

કારણ આ છે,-

આત્માનું દર્શન કરવું છે એટલે કે આત્માને એના સ્વરૂપમાં જોવો છે-ઓળખવો છે. એના શુદ્ધ સ્વરૂપમાં વિશુદ્ધ જ્ઞાન (ચૈતન્ય) સુખાદિમયતા છે, અને અશુદ્ધ-સુખરાગ-દુઃખદ્વેષ, વિભાવમાં વગેરે છે. જેવું આપણા જીવનનું સ્વરૂપ, એવું બીજા જીવોનું. આ સ્વરૂપ જડ કાયાથી તદ્દન નિરાળું છે. હવે વાત એ છે કે કાયા સાફ નજર સામે દેખાય છે, એની અનુકૂળતા, સુખ-આરામી વગેરે ઝટ અનુભવમાં આવે છે, ને એના પર અથાગ રાગ પણ છે; એટલો બધો કે ત્યાં પોતાના જીવના હિતની પરવા નથી, એટલે બીજા જીવોની શી પરવા કરે ? આમ એ પરવા નહિ, એટલે દયા નથી પ્રગટતી. દયાના અભાવે જીવતત્ત્વને મહત્ત્વ જ ન આપ્યું, જડ કાયાને મહત્ત્વ આપ્યું. આમેય આંખેથી કાયા જેટલી પ્રત્યક્ષ છે, દૃશ્ય છે, એટલો જીવ નથી. એમાં પાછું જીવને મહત્ત્વ નથી આપવું, પછી આત્મદર્શન શી રીતે થાય ? કેવળ જ્ઞાનરૂપી ચક્ષુથી આત્માનું બરાબર સર્વાંશે હૂબહુ પ્રત્યક્ષ-દર્શન કરતાં પહેલાં નીચેની કક્ષામાં રહ્યા થકી એની હૃદયથી શ્રદ્ધા સદ્દહણા કરવી પડે. એ કરવામાં જડ કાયા કરતાં જીવનું મહત્ત્વ આગળ કરવું પડે. દયાના અભાવમાં એ ક્યાંથી આગળ થવાનું હતું ?

હે ગંભીરમતિ ! ઇંદ્રિયોના રાગનો નશો એવી ખતરનાક વસ્તુ છે કે ત્યાં બીજા જીવોની પરવા જ નથી રહેતી, દયા જ નથી ઊઠતી; એટલે આત્માના નિરાળા સ્વરૂપની શ્રદ્ધા-સદ્દહણા-દર્શન શાનું હોય ?

ત્યારે દયા વિના પરમાત્મદર્શન પણ અશક્ય છે; કેમકે એમાં ભગવાનની મૂર્તિ જોઈ પણ મૂર્તિ જેમની છે એનું સ્વરૂપ ન જાણ્યું એ કાંઈ પરમાત્મા-દર્શન નથી. સ્વરૂપ જાણવું પડે. એ સ્વરૂપમાં પરમાત્માએ સ્વયં કરેલી જીવો પર દયા અને જગતને ઉપદેશેલી દયા પણ આવે. એની શ્રદ્ધા કરીએ એમાં સહેજે દયા તત્ત્વ આગળ થાય. હવે જો દયાનો ગુણ ધરવો નથી, તો દયાના શ્રેષ્ઠ પયગંબર પરમાત્મા પર શ્રદ્ધા શી રહી ?

વળી એ પણ વસ્તુ છે કે દયાના અભાવમાં જીવનું કઠોર હૃદય અને અહંત્વ જોર કરતાં હોય છે. એ એક મહાન અંધાપો છે. પછી ત્યાં આત્મ-દર્શન પરમાત્મદર્શન શાનું થાય ? એ માટે તો હૃદય મુલાયમ દયાર્દ્ર અને નમ્ર જોઈએ. નહિતર તો શાસ્ત્રના અક્ષરો વાંચી આત્માને ઓળખી લીધો એવી એક ભ્રમણા માત્રમાં તણાવાનું થાય. દુઃખિત જીવો માટે કોમળતા નથી તો જીવતત્ત્વનું દર્શન કેવું ?

રુક્મિને રાજા કહે છે, 'હે કુળદેવી ! જરાય મુંઝાઈશ નહિ. દાન, પૌષધ, તપસ્યા કરતી રહે, અને સૂક્ષ્મ જીવો પર પણ ખૂબ દયાભાવ કેળવતી-વધારતી જા. એમાં વળી શાસ્ત્ર સ્વાધ્યાયને બહુ અવકાશ મળશે. એથી ચિત્તમાં તત્ત્વપ્રકાશ અને ધર્મબળ વધતું જશે. પછી તારે જીવનમાં કોઈ અપકૃત્યની શંકા જ રાખવાની નહિ રહે. મન સહજ ભાવે એના તરફ ઘૃણાવાળું બનશે, સત્કાર્યનો જ એક સ્વભાવ બની જશે. જીવન ખૂબ જ ઉન્નત બનતું જશે. એમાંનું કશું આપઘાતમાં નહિ મળે. એ માટે વિચાર સ્વપ્ને પણ લાવીશ મા.'

**રુક્મિનો હૃદયપલટો :-**

રાજાની ભવ્ય વાણી સાંભળી રુક્મિનું હૃદય ફોરું થઈ ગયું. પિતાના પગમાં પડી કહે છે.

'બસ બાપુ ! આજે તમે મને દિવ્ય પ્રકાશ આપ્યો ! મારો અજ્ઞાનમય અંધકાર નષ્ટ થઈ ગયો. તમારો કેટલો ઉપકાર માનું ! તમે તો માનવ જીવનમાં સુલભ મહાન સાધનાઓ દેખાડી દીધી. અહો ! એથી કેવી સુંદર સદ્‌ગતિની પરંપરા ઊભી થઈ શકે ! બસ, મારે હવે કોઈ આપઘાત કરવો નથી. આપે ફરમાવ્યા પ્રમાણે કર્યે જઈશ, ફરી ફરી આપનો આભાર માનું છું.'

**આશ્વાસન નિકટના માણસનું ભારે :-**

રુક્મિને વાત ગળે ઊતરી ગઈ. દુઃખના પ્રસંગમાં નિકટનું માણસ આશ્વાસન આપે છે, સમજણ આપે છે, તો એની અસર પડે છે. માટે તો બિમાર બચ્ચાને માતાના બે મીઠા બોલ કે વહાલસોયા હાથનું પંપાળવું રાહત આપે છે. બિમારની પાસે કુટુંબી બેસી હુંફાળા બોલ કહે, સેવા કરે, એ પેલાને જે આશ્વાસન આપે છે તે બીજાથી નહિ મળે. આજે તો નર્સનો જમાનો આવ્યો ! વિદેશનું આંધળું અનુકરણ ! પરસ્પરના શુદ્ધ વાત્સલ્યનો નાશ ! નવા જમાનાએ આ જ આપ્યું ને !

રાજાને રુક્મિના શબ્દોથી આનંદ થયો. પછી એને અંતઃપુરમાં સોંપી ત્યાં રુક્મિએ પણ પિતાની સલાહ મુજબ જીવન જીવવા માંડ્યું. દીન-અનાથ, અંધ-પાંગળા રોગી-દરિદ્ર વગેરેને દાન દે છે, પર્વ તિથિએ પૌષધ કરે છે, તિથિએ ઉપવાસ કરે છે, સામાયિક શાસ્ત્રાધ્યાયયન કરે છે. દયા ભાવ ખીલવવા જીવજતના વિશેષ પ્રકારે સાચવે છે.

આનું પહેલું સુંદર પરિણામ તો એ આવ્યું કે રાજકુળમાં વસવા છતાં એનું બ્રહ્મચર્ય-પાલન અદ્‌ભુત થવા માંડ્યું. ભરચક ધર્મપ્રવૃત્તિ અને શાસ્ત્રની નવનવી વાતોમાં રમણતાએ ચિત્તને અધિકાધિક વિષય-પરાઙ્મુખ કરવા માડ્યું. બહાર વિલાસી વાતાવરણ છે, પણ એના મનને એની કશી કિંમત જ નથી, કશી અસર નથી. વળી



પુરુષો સાથે ભળવાની વાત જ નહીં; એટલે પણ, બ્રહ્મચર્ય દઢ બનવા માંડ્યું.

**સદાચારીએ સ્ત્રી સાથે લપુડાવેડા ન કરાય :-**

આ બહુ ધ્યાનમાં રાખવાનું છે કે વિજાતીય સાથે અર્થાત્ સ્ત્રીએ પુરુષ સાથે, પુરુષે સ્ત્રી સાથે લપુડાવેડા કરવાથી બ્રહ્મચર્ય યા સદાચારને મોટો ધક્કો પહોંચે છે. મન રાગવિહ્‌વળ બને છે, ચામડાના રૂપરંગનાં આકર્ષણ વધે છે. કદાચ કાયાથી બીજી કુચેષ્ટા થતાં વાર લાગે, તો ય દષ્ટિના દુરાચાર થઈ જાય છે. વિજાતીયના અંગોપાંગ પર દષ્ટિ દોડી જાય છે. આત્મા ચક્ષુકુશીલ બને છે. પછી અવસર મળતાં સ્પર્શ કુશીલ બનતાં શી વાર ? માટે બ્રહ્મચર્ય કે સદાચારના ખપીએ વિજાતીયના પરિચય જ નહિ રાખવા જોઈએ, પછી એની સાથે બોલચાલના લપુડાવેડાની વાતે ય શી ? તો જ મન સ્વચ્છ-નિર્મળ-પવિત્ર રહી શકે. નહિતર જો એ પાપ મનમાં પેઠું, તો ધર્મ ભાવનાનું આવી બન્યું ! વિષય-સંકલિષ્ટ મનમાં ધર્મની ભાવના, ધાર્મિક ભાવ ચાલવો મુશ્કેલ. કદાચ ચલાવવા માંડ્યો તો ય તરત વચમાં પેલો દુષ્ટ ભાવ વિચાર સ્ફુરી આવવાનો. તે ય એવો લાંબો ચાલશે કે ધર્મભાવને ત્યાં ઝગમગવું ભારે કઠિન !

ત્યારે વિષયલંપટ જીવનાં ઓજસ પણ હણાઈ જાય છે. એમ ધારણાઓ નિષ્ફળ થાય છે. ઉ૦ યશોવિજયજી મહારાજ કહે છે, **'અબ્રહ્મચારીનું ચિંતવ્યું, કદીય સફળ ન થાય, પાપસ્થાનક ચોથું વરજીએ.'** વિજાતીયની પાછળ દિવાનો બનેલો માણસ શરીરના રાજા વીર્યને નષ્ટ કરે છે. આ બધા ઉપરાંત જીવનનો અંતકાળ અતિશય દુઃખદ અને પરલોક ભયંકર સર્જાય છે.

રુકમી બ્રહ્મચર્યમાં પક્વ બનતી જાય છે, ને એની છાયા બીજાઓ ઉપર ઘેરી પડે છે. મોટા દિવાનો-મંત્રીઓ પણ એને બહુ સન્માનની દષ્ટિએ જુએ છે.

**રાજાના મૃત્યુ બાદ :-**

આનું પરિણામ એ આવ્યું કે જ્યારે રાજાનું આયુષ્ય પૂર્ણ થયે મૃત્યુ થયું, ત્યારે એને પુત્ર તો હતો નહિ, એટલે મંત્રીઓ વિચાર કરવા લાગ્યા કે રાજગાદી કોને સોંપવી ? વિચારણાના અંતે એમણે નક્કી કર્યું કે રુકમીનો જ રાજ્યાભિષેક કરવો.

રુક્મિને કહે છે,-

'ભગવતી ! જુઓ પિતાજીનું અવસાન થયું છે, અને આપને ભાઈ કોઈ છે નહિ, માટે રાજ્યગાદી આપે સ્વીકારવી પડશે.'

**રુક્મિ રાજા થવા ના પાડે છે :-**

રુક્મિ કહે, 'મારે ? શી વાત કરો છો ? રાજા તરીકે તો કોઈ પુરુષને સ્થાપો. હું સ્ત્રી જાત, મારી પાસેથી પરાક્રમની શી આશા રાખો ? રાજ્ય તો

પરાક્રમી ચલાવી શકે.'

મંત્રીઓ કહે છે, 'માફ કરજો, આપનામાં જે પરાક્રમ અમે જોઈએ છીએ એવું આજે કોઈ મરદમાં નથી દેખાતું.'

'મારામાં પરાક્રમ ? શું પરાક્રમ જુઓ છો ?'

'આપનામાં બ્રહ્મચર્યનું પરાક્રમ અજોડ છે. આવા રાજાશાહી વાતાવરણમાં રહેવા છતાં આપ મનોવિશુદ્ધ બ્રહ્મચર્યની નિર્મળતા જે ઝગમગાવી રહ્યા છો એ અદ્ભુત છે. એ પરાક્રમ હજારો શત્રુઓને યુદ્ધભૂમિ પર મહાત કરનારા પરાક્રમ કરતાં કેઈ ગુણું ઊંચું છે.

રુક્મિ કહે છે, 'પણ એ રાજ્ય ચલાવવામાં શું કામ લાગશે ? દુશ્મન રાજાનો હલ્લો આવે તો શો ઉપયોગ થવાનો ?'

અહીં મંત્રીઓ જે જવાબ દે છે એ બહુ તત્ત્વભર્યો છે. ઘણી ઘણી રીતે એ જીવનને પ્રેરણા આપે એવો, માર્ગદર્શન કરે એવો છે. રુકમી પોતાના ધર્મમાર્ગમાં એવી લીન બનેલી છે કે એને મોટા રાજા બનવાનો ય કોઈ રસ નથી. એટલે મંત્રીઓ વિનવે છે, આગ્રહ કરે છે. છતાં એ ટાળવા મથી રહી છે. માત્ર શબ્દનો સવાસલો. નથી હોં, દિલની જ રાજા બનવા પ્રત્યે અરુચિ છે, એટલે છૂટવાને માટે ખેંચી રહી છે.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''　　　વર્ષ-૧૩,અંક-૭,તા.૩૧-૧૦-૧૯૬૪**

**ધર્મરંગનું લક્ષણ :-**

વિચારવા જેવું છે કે મોટું રાજ્ય સામે આવે છે છતાં ધર્મનો રંગ કેવોક લગાડ્યો હશે કે એનો કોઈ રસ-ઉમળકો જાગતો નથી ? તમને ધર્મરંગ તો લાગ્યો છે ને ? લાગ્યો તો હશે જ. તે વિના ધર્મપ્રવૃતિ થોડી જ કરતા હો ? ત્યારે ધર્મરંગ પર હૈયું એમ કબૂલ કરે છે ખરું કે હવે એવા દુન્યવી પ્રલોભનો દિલને ખેંચતા નથી ?

કરો આ કરો. ભૂલતા નહિ વીતરાગ-તીર્થંકર ભગવાનનો ધર્મ આરાધી રહ્યા છો. એ મુડદાલ ન હોય, સાત્ત્વિક હોય. હૈયે ગૌરવ લાવો કે 'કેવા અહોભાગ્ય મારાં કે હું વીતરાગ પરમાત્માનો ધર્મ પાળી રહ્યો છું, કેટલા બધો ઊંચો કેવો વિશ્વશ્રેષ્ઠ આ ધર્મ !' આવા ગૌરવ સાથે ધર્મ આરાધતાં આરાધતાં સત્ત્વ એ કેળવો, કે જીવની જડની લલચામણ ઘણી ઘણી ઓછી થઈ જાય. દેવલોકમાં બેઠેલા ઝળહળતા સમ્યક્ત્વવાળા દેવતાઓને રીઝવવા દેવીઓને મનામણાં કરવા પડે છે. સમ્યકત્વ ધર્મનો રંગ એવો કે ઇન્દ્રિયોના વિષયોને એ તુચ્છ દેખે, વિષયો પ્રત્યે



એવી લંપટતા નહિ, ઝટ લલચાઈ-લોભાઈ વિષયોને પગે પડી જવાની કાયરતા નહિ. એ સત્ત્વ ધર્મરંગને વરેલું હોય. મિથ્યાદૃષ્ટિનો બિચારાનો મરો ! વિષયોને મનાવવા મથે ! મોટા બ્રહ્મા-વિષ્ણુ-મહેશનાં ચરિત્ર કેવા સાંભળવા મળે છે ? લોક એમને પરમાત્મા માને છે. ત્યારે એની સામે એક સમ્યગ્દૃષ્ટિ આત્મા વિષયોની લંપટતાને મહાત કરવાનું સત્ત્વ ધરાવે છે. આ સત્ત્વ એ વીતરાગ તીર્થંકર ભગવાનના ધર્મના રંગનો પ્રભાવ છે.

તમે શ્રાવક છો, વીતરાગનો ધર્મ પાળો છો, તો આવો નક્કર ધર્મરંગ જમાવો કે જડ વિષયોનાં પ્રલોભન ઘણા ઘણા કચરી નાખ્યા હોય. આ કરશો તો જ જીવન જીતી જ જશો. નહિતર સમજી રાખજો કે 'ધર્મપ્રવૃત્તિ હું કરું છું, મને ધર્મ ગમે છે, એટલે પરલોક સારો મળશે,' એવા વિશ્વાસમાં ઠગાશો. ધર્મરંગ નહિ એટલે વિષયગુલામી-વિષયલંપટતા પાકી ! એ ભવાંતરે જપવા નહિ દે. મનુષ્ય જીવનમાં એ કેળવ્યાના પાયા બહુ ઊંડા જાય છે, સંસ્કાર ગાઢ પડે છે. એ સ્થિતિ ન થવા દેવી હોય તો ધર્મરંગ ઊભો કરો, દૃઢ કરો.

**ધર્મરંગ ઊભો કર્યાનું પ્રતીક આ, કે વિષયોની લંપટતા અને જડના આકર્ષણ મોળાં પડે.**

**પ્ર.- ધર્મરંગને એની સાથે શો સંબંધ ?**

ઉ.- સંબંધ આ, કે સાચો ધર્મરંગ જ તે છે કે જેમાં ભવાભિનંદીપણું-પુદ્ગલાનંદીપણું ન હોય; એમાં તો સહજ-સ્વાભાવિક ભવોદ્વેગ હોય; ભવ પ્રત્યે, સંસારના વિષયસુખો પ્રત્યે, અંતરની અરુચિ હોય; એને નિર્ગુણ, નિસ્સાર, વિટંબણારૂપ દેખે. આ હોય તો જ ધર્મરંગ જીવંત કહેવાય. વિષયો બહુ ગમે છે, અને ધર્મ પણ ગમે છે, ધર્મનો રંગ છે, એ બે વાત બનવાજોગ નથી.

**રોજ 'ભવનિવ્વેઓ' પહેલું કેમ માગવાનું ?**

આટલા જ માટે ભવનિર્વેદ-સંસારખેદ હોય તો જ આત્મા પર ધર્મનો રંગ ચડે. વિષયોનો રંગ ઓછો થયા વિના ધર્મનો રંગ ચડવાની વાત શી ? ધર્મરંગ છે તો વિષયોની એવી તીવ્ર લલચામણ ગઈ.

મંત્રીઓ રાજ્ય ધરે છે, આગ્રહ કરે છે છતાં રુક્મિ લલચાતી નથી. દીર્ઘ કાળ, આદર સાથે, વિધિસર એવું જૈન ધર્મનું પાલન કર્યું છે કે એમાંથી જામેલા ધર્મરંગ આગળ એને રાજ્યસંપત્તિ તુચ્છ લાગે છે.

**આત્મા પર ધર્મરંગ ચડાવવા માટે આ જરૂરી છે કે-**

(૧) ધર્મનું દીર્ઘકાળ સેવન કરતા રહેવું જોઈએ. અલ્પકાળ સેવન કરીએ અને આપણે માનીએ કે ધર્મનો રંગ ચડી જાય એ ભરોસો રાખવો ખોટો છે. એનું

કારણ એ છે કે આત્મા પર પાપસ્થાનકોનો રંગ અસ્થિ-મજ્જાનો લાગ્યો છે, રગેરગ અને રોમરોમમાં લાગી ગયો છે. દા.ત. જરાક-શો સ્વાર્થ સાધવામાં આરંભ-સમારંભથી સૂક્ષ્મ જીવનો હિંસા થશે એનો વિચારેય નથી આવતો; પછી અરેકારો તો શાનો હોય ? એવો હિંસા-પાપસ્થાનકનો રસ-રંગ આત્મામાં પાકો લાગી ગયો છે. એવું બીજા પાપસ્થાનકો અંગે. અહિંસાદિ-ક્રોધાદિ-રાગાદિ પાપસ્થાનકના રંગ ઉતારી અહિંસાદિ, ક્ષમાદિ અને વિરાગાદિ ધર્મના જો રંગ ચડાવવા હોય તો કેટલાય લાંબા કાળ સુધી એ અહિંસાદિની સાથે કાંઈક સગાઈ થાય, હૈયે એનો રંગ ચડે, પછી એને કંઈક સહજ જાગવાનું બને. વિદ્યાભ્યાસમાં શું થાય છે ? લાંબા ટાઈમ એની પ્રવૃત્તિ કરતાં કરતાં વિદ્યાનો રંગ ચડે છે. કળા-કસબનો ઉદ્યોગ લાંબો સમય કરવાથી એનો રસ જાગે છે. એવું ધર્મરંગ ચડાવવામાં.

(૨) એ પણ ધર્મપ્રવૃત્તિઓ ખૂબ-આદર-સત્કાર-બહુમાન સાથે સેવાય, ત્યારે ધર્મનો રંગ ચડે. નહિતર તો દીર્ઘકાળ શું આખી જિંદગી અનાદર સાથે કે આદર વિના તેવા ઉત્કટ પ્રેમ-બહુમાન વિના રાબેતા મુજબ, શૂન્ય મગજે, અથવા બીજા કોઈ મલિન ઉદ્દેશ પરના આદરથી કરાય, તો ય તે ધર્મરંગ ન ચડે. પૂજારી જિંદગીભર ભગવાનની પૂજા કરે છે, છતાં પણ એને ક્યાં દિલમાં અર્હદ્ભક્તિનો રંગ જામે છે ? કેમકે, આદરથી નથી કરતો. બાઈ ઓરમાન છોકરાનું કાર્ય વર્ષોના વર્ષો કરે છે છતાં ઓરમાન છોકરા પ્રત્યે હૈયામાં રંગ નથી લાગતો; કેમ કે દ્વેષ છે. બાળકને શાળાએ જતાં પહેલાં આદર નથી, પરંતુ તે તો નાદાન છે અણસમજણું છે ત્યાંસુધી. જરા સમજતું થાય એથી આદરથી જતું થઈ જાય. પ્રવૃત્તિ આદર-પ્રેમ-બહુમાનથી થવી જોઈએ, તો ધર્મનો રંગ લાગે.

(૩) વિધિની પણ જરૂર છે. ધર્મ દીર્ઘકાળ આદરથી સેવ્યે જવાય તે પણ જો વિધિપૂર્વક, તો સાચા ધર્મ પર રંગ લાગે. ચૈત્યવંદન જે મુદ્રાએ કરવાનું કહ્યું, તે મુદ્રાથી કરવાની ચીવટ રખાય તો જ તે વાસ્તવિક વંદનાનો રંગ લાગે. ગમે તેમ ડીંડવાણું ચલાવ્યે જવામાં એ ન બને. જ્ઞાનીઓએ મુદ્રાની વિધિમાં મહાન તત્ત્વ જોયું હશે માટે જ એના પર ભાર મૂક્યો હશે ને ? એને આવશ્યક કહ્યું હશે ને ? દાન સંભ્રમપૂર્વક દેવાય, દેવાધિદેવનાં દર્શન-વંદન સંભ્રમ-રોમાંચપૂર્વક 'અહો કલ્પવૃક્ષને ટપી જાય એવા અચિંત્ય ફળને આપવાવાળું આ ભગવદ્દર્શન-વંદન મને મળ્યું.' એવા ભાવોલ્લાસ પૂર્વક કરાય ત્યારે એનો રંગ લાગે છે. એક મનુષ્યરાજા કે સ્વર્ગના દેવની ઉપાસના પણ વિધિપૂર્વક કરાય તો જ ફળે છે. તો દેવાધિદેવનાં દર્શન-વંદનાદિ વિધિની પરવા કર્યા વિના કરવાથી ફળે ? ધર્મનો રંગ લાવવા વિધિનો પણ ખપ કરવો જોઈએ, મનમાં વિધિનો આગ્રહ જોઈએ.



રાજપુત્રી રુક્મિ આ રીતે દાન-પૌષધાદિ ધર્મપ્રવૃત્તિ કરે છે તેથી એને ધર્મનો રંગ લાગી ગયો છે. એના પ્રભાવે મંત્રીઓ એને રાજ્યગાદી લેવાનું કહે છે છતાં એને એની લલચામણ નથી. એટલે જ જ્યારે એણે એમને કહ્યું કે 'રાજ્ય ચલાવવું એ તો પરાક્રમી મરદનું કામ; મારા જેવી સ્ત્રી શું કરી શકે ?' ત્યારે મંત્રીઓ કહે છે કે 'આપનામાં ધર્મરંગ અને બ્રહ્મચર્યનું તેજ જે છે એ સૌથી મોટું પરાક્રમ છે. માટે રાજ્યગાદી સ્વીકારી લો.'

હજી પણ ધર્મના સાચા રંગને લીધે મોટી રાજ્ય-સંપત્તિ-ઠકરાઈને ય તુચ્છ ગણનારી રુક્મિ કહે છે કે 'શું બ્રહ્મચર્ય એ રાજ્ય ચલાવવા યોગ્ય પરાક્રમ ? એ દુશ્મન રાજાના હલ્લાને હટાવી શકે ?'

**બ્રહ્મચર્ય એ પરાક્રમ ? :-**

મંત્રીઓ કહે છે, 'હા, એ જ પ્રથમ નંબરનું પરાક્રમ છે. કેમકે શારીરિક બળ કે મગજનો રોફ જે પરાક્રમી કાર્ય નથી કરી શકતા એ ધર્મનો રંગ અને બ્રહ્મચર્ય લાવી શકે છે. કુદરતના કોપ સામે ટક્કર ઝીલવાની અને એના અનર્થો ટાળવાની તાકાત કોઈનામાં હોય તો તે આ દયા-તપસ્યાદિ ધર્મ અને બ્રહ્મચર્યમાં છે. જબરદસ્ત બળવાન રાજા તો શું, પણ દિવ્ય શક્તિવાળા દેવતા પણ આનાથી અંજાઈ જાય છે, અને કશું અનિષ્ટ કરી શકતા નથી. એ હજુ જડકાયાના બળમાં, જડ સાધનોની વિપુલતામાં નથી. આપનું બ્રહ્મચર્ય-પરાક્રમ એટલી અદ્ભુત તાકાતવાળું છે કે એના પ્રભાવે રાજ્યમાં ભારે સલામતી અને આબાદી રહેશે. એ અદૃશ્ય બળ અદ્ભુત કામ કરશે. દુશ્મન રાજાઓ પણ પ્રભાવિત થઈ ઊલટાં મિત્ર બની જશે. માટે રાજ્યગાદી સ્વીકારી લેવાની કૃપા કરો.'

**આધ્યાત્મિક સાધનનું બળ :-**

મંત્રીઓએ આ કથનમાં એક મહાન તત્ત્વ મૂકી દીધું ! ભેજાબાજ છે હો, મૂર્ખ નથી. સમજીને જ ધર્મરંગની અને ખાસ કરીને બ્રહ્મચર્યની અનન્ય અદ્ભુત તાકાત માને છે.

**ભૌતિક સાધનો જે કામ ન કરે તે આધ્યાત્મિક સાધનાઓ કરી શકે છે.** જડ સામગ્રી દુશ્મનને કે વિઘ્નને ઊઠવા જ ન દે એવું નથી હોતું. જ્યારે આ પ્રખર ધર્મરંગ અને બ્રહ્મચર્ય એને ઊઠવા જ નથી દેતા, એવું બને છે; અને કદાચ ઊઠે તો જડ સામગ્રીથી એ રોકાય, ન ય રોકાય; પરંતુ આ આધ્યાત્મિક સંપત્તિથી એ અટકી જાય છે, હટી જાય છે.

અરે ! સામાન્ય, રોગની બાબતમાં જુઓ, પ્રબળ બ્રહ્મચર્યવાળાને રોગ પ્રાયઃ ઊઠશે જ નહિ. ત્યારે દવા દારૂની બહુ સામગ્રી પાસે છે એ કોઈ રોગને

ઊઠવા જ નથી દેતી એવું નથી. વળી ઊઠેલા રોગને નિવારવાનું મહાન સામર્થ્ય બ્રહ્મચર્યમાં છે. પેથડશાહે બત્રીસ વર્ષની ઉંમરે બ્રહ્મચર્ય ઉચ્ચરેલું, એમની શરીરે ઓઢેલી કાંબળીની એ તાકાત હતી કે એને ઓઢવાથી રાજાનો તાવ ઊતરી ગયો ! વિચારવા જેવું છે કે વૈજ્ઞાનિક સાધન પર આજે શ્રદ્ધા બેસી જાય છે, અને આધ્યાત્મિક સાધન પર નથી બેસતી ! પરંતુ એ અજ્ઞાનદશા છે. આજની છેલ્લી શોધની દવા-ઈંજેક્શનથી રોગ જવાની શ્રદ્ધા ઝટ થાય છે, પરંતુ અરિહંતના નામ-પ્રણામથી રોગ જાય એ ક્યાં મનમાં રમે છે ? તો પછી શું,

**'તુજઝ પણામો વિ બહુફલો હોઈ, પાવંતિ ન દુક્ખ-દોગચ્ચં;'**

પ્રભુ ! તને પ્રણામ કરવાથી દુઃખ-દુર્ગતિ ન આવે, આ લખ્યું છે તે અમસ્તુ ? ખોટું ? શું એમ નથી બની શકતું ને લખી નાખ્યું છે ? કે આપણી શ્રદ્ધા નથી ? શાસ્ત્રવચન પર શ્રદ્ધા ન હોય તો સમ્યક્ત્વ રહે ?

આજના કાળે તો વિશેષ કરીને 'આધ્યાત્મિક-ધાર્મિક સાધનાની અચિંત્ય શક્તિ છે, એવી શ્રદ્ધા ઝગમગાવવાનો કાળ આવી લાગ્યો છે, જેથી આ કાળના નવા નવા ફતવામાં મન લુબ્ધ ન બને, ડહોળાઈ ન જાય. અટલ શ્રદ્ધા કેળવવાની અને એ માટે વારંવાર ભાવના ભાવ્યા કરવાની કે 'મારા અરિહંતમાં અને એમની ઉપાસનામાં તેમજ ત્યાગ-તપસ્યા અને કાયોત્સર્ગ-બ્રહ્મચર્યાદિમાં જબરદસ્ત તાકાત છે, અચિંત્ય શક્તિ છે કે જે સર્વ વિપત્તિ ટાળી દે અને પરમ સંપત્તિ પમાડી દે.'

**ધર્મપ્રભાવ ના દાખલા :-**

આ ભાવના સાથે અવરનવર એના દાખલા ય યાદ કરવા; જેમકે,

**શ્રીમતી** નવકાર ગણીને અંધારામાં રહેલા ઘડામાંથી પતિની આજ્ઞાનુસાર ફૂલની માળા કાઢવા જાય છે. અંદરમાં ખરેખર તો સાપ મૂકેલો છે; પણ હાથમાં ફૂલહાર જ બહાર આવે છે !

**શ્રીપાલ-મયણાને** અરિહંતનાં અત્યંત ભાવભર્યા દર્શન-ચૈત્યવંદને પ્રભુના અંગ પરથી હાર અને શ્રીફળ હાથમાં આવી પડે છે !

**દમયંતીને** જંગલમાં નળરાજા છોડી ગયા પછી અજગર, ચોર વગેરેનો ભય આવે છે, પણ નવકારના સ્મરણે એ આપત્તિ ટળી જાય છે. સાત વરસ ગુફામાં એણે શાંતિનાથ પ્રભુની પ્રતિમાની ભક્તિ કરી ત્યાં પ્રસંગ આવતાં અર્હદ્-ભક્તિના પ્રભાવે એ મૂશળધાર વરસાદને અમુક કુંડાળા પર પડતો અટકાવી તાપસોનું રક્ષણ કરે છે.

**કચ્છી શ્રાવકના શુદ્ધ નવસ્મરણના પાઠે સમુદ્રનું તોફાન મિટાવ્યું અને સ્ટીમર સ્વસ્થ થઈ !**

એમ ત્યાગ વગેરેમાં જુઓ,



**'શ્રાદ્ધવિધિ'**માં આવે છે કે ભિખારીને રોજ એક જ ધાન્ય, એક જ શાક, એક જ વિગઈ ઉપરાંતના બાકીના ત્યાગના પ્રભાવે રોગ નષ્ટ, દરિદ્રતા નષ્ટ, મહા શ્રીમંતાઈ અને પરભવે બાર વરસની દુકાળીના ગ્રહોને ફેડી નાખવાનું બને છે !

શ્રીપાળને આંબેલના પ્રભાવે કોઢ રોગ મટી જાય છે ! અને સંપત્તિ આવી મળે છે.

દ્વારિકામાં બાર વરસ તપસ્યાદિ ચાલ્યું, તો **દ્વૈપાયન** તાપસદેવ દ્વારિકાને આંટા મારતો રહ્યો પણ બાળી શક્યો નહિ. પછી લોક ભુલાવામાં પડ્યું કે હવે તો દેવ જતો રહ્યો લાગે છે, એમ કરીને રંગરાગમાં લોકો પડ્યા તો દેવતાએ આગ લગાવી.

**સુદત્ત** મુનિવર ઉદ્યાનમાં ધ્યાનમાં હતા, રાજાએ મુંડિત મસ્તકવાળાનું દર્શન અપમંગળ થયું માની એમના પર શિકારી કૂતરા છોડ્યા, પરંતુ મુનિના તપ-સંયમના તેજથી, ધસમસતા આવેલા કૂતરા પણ શાંત થઈ ગયા ! અને રાજા ખસિયાણો પડી ગયો !

**સુદર્શન** શેઠને શૂળીએ ચડાવવા લઈ જાય છે, એ સાંભળી એમની પત્ની મનોરમા કાઉસ્સગ્ગ-ધ્યાનમાં રહી, ને શાસન દેવતા હાજર થઈ પૂછે છે, 'શું છે ?'

મનોરમા કહે છે, 'જૈન ધર્મની આ હીલના ? પવિત્ર પતિ પર આ આપત્તિ ?'

તરત દેવતાની શક્તિથી શૂળીનું સિંહાસન થઈ જાય છે !

કૃષ્ણ વાસુદેવ જરાસંઘ સાથેના યુદ્ધ વખતે દુશ્મનની જરા વિદ્યાથી કૃષ્ણનું લશ્કર હત-પ્રહત થઈ જતાં અઠ્ઠમ અને પાર્શ્વપ્રભુના ધ્યાનના બળે પાતાળમાંથી શંખેશ્વર પ્રભુની પ્રતિમા મેળવે છે ! ને એમના સ્નાત્રજળથી જરાવિદ્યાને હટાવી મૂકે છે !

**વ્રતધારીના પ્રભાવના દાખલા :-**

ત્યારે બ્રહ્મચર્યના પ્રભાવમાં અહીં રુક્મિ રાજાના પ્રસંગમાં આવશે કે રાજકુમારના બ્રહ્મચર્યના પ્રભાવે કેવી મહાન આપત્તિ ચમત્કારિક રીતે દૂર થઈ જાય છે.

**મનોરમાને** શાસનદેવતા તુષ્ટમાન થયાનું આવ્યું તેમાં ય મૂળ પ્રભાવ સુદર્શન શેઠના બ્રહ્મચર્યનો તો ખરો જ.

**કલાવતીને** સતીત્વના પ્રભાવે, કપાયેલા કાંડા પણ પાછા આવ્યા ! એમ,

**રતિસુંદરીએ** દુષ્ટ દુશ્મન રાજાનો મોહ ઉતારવા કટારીથી પોતાની આંખોના ગોળા કાઢી આપ્યા, કહ્યું 'લો આ આંખો તમને ગમે છે ને ?' ત્યાં રાજાનો મદનાવેગ ઊતરી ગયો અને હવે કલ્પાંત કરે છે કે 'હાય ! મેં આ સતીને કેવું નુકશાન પહોંચાડ્યું !' ત્યાં શાસનદેવતા સતીના સતીત્વ પ્રભાવે આકર્ષાઈ એની આંખો સાજી કરી દે છે !

**અનાથી મુનિના** વ્રતના તેજ અને આત્મકથાથી રાજા શ્રેણિક અંજાઈ ગયો,

જૈનધર્મ પામી ગયો !

**નાગકેતુના સમ્યક્ત્વ તથા વ્રતો અને જિતેન્દ્રિયતાના પ્રભાવે, દુષ્ટ દેવતાએ નગરનો નાશ કરવા વિકૂર્વેલી મોટી શિલા એને સંહરી લેવી પડી અને નાગકેતુના ચરણે આવી પડ્યો !**

**બાર વ્રતની** કથાઓમાં આવે છે કે દિશાપરિમાણ જીવનભર માટે ૧૦૦ યોજનનું રાખ્યું છે. એવો શ્રાવક પોતાના પુત્રને સર્પઝેર ઊતારનારી ૧૧૦ યોજને રહેલી ઔષધિ, પાસે ગગનગામિની વિદ્યા છતાં, વ્રત સાચવવાની ટેકમાં લેવા નથી જતો; એનો બાપ મુંઝાય છે. ત્યાં વ્રતના પ્રભાવે શાસનદેવી હાજર થાય છે.

બાપને કહે છે. 'ફાંફાં શું મારો ? વ્રત ભંગાવવાથી સારું થવાનું હતું ? તમારો સુપુત્ર તો કુળદીપક છે, મહાપ્રભાવી છે. એના હાયનું પાણી છંટાવો એના વ્રતના પ્રભાવે પોતરાનું ઝેર ઊતરી જશે !'

બસ, તેમ કર્યું અને ઝેર નષ્ટ થઈ ગયું !

**સતી સુભદ્રાના** નિર્મળ શીલના પ્રભાવે કૂવામાંથી કાચા સૂતરે બાંધેલી ચાળણીએ પાણી કાઢ્યું, નગરના બંધ દરવાજા પર એ છાંટતાં દરવાજા ખુલી ગયા !

આવા તો અણધાર્યા પણ દાખલા જગતમાં પાર વિનાના બને છે જેમાં અર્હદ્‌ભક્તિ-નવકારમંત્ર-નવસ્મરણાદિ સ્તોત્ર યા ત્યાગ-તપ, કાયોત્સર્ગ-બ્રહ્મચર્ય વગેરે આધ્યાત્મિક સાધનાથી ભયંકર પણ કષ્ટ ટળે છે, આપત્તિ અટકે છે, ને મહાસંપત્તિ મળે છે ! એની શ્રદ્ધા-આદર છોડી કેવળ જડ ભૌતિક સાધનોમાં અટવાયા રહેવું એમાં ધર્મશ્રદ્ધા પણ ગુમાવવા જેવું થાય છે, અને જિંદગીભર હેરાનગતિ તથા પરલોકે દુર્ગતિ-સર્જન થાય એ જુદું !

**પ્ર.- આધ્યાત્મિક ઉપાયોનું આજે ફળ કેમ નથી દેખાતું ?**

ઉ.- એમ લાલસા-આશંસાથી એ સેવાય એનું તેવું ફળ ન આવે. આ તો બધી શુદ્ધ દિલની નિરાશંસ ભાવે સેવેલી અર્હદ્‌ભક્તિ-તપ આદિની સાધનાઓની સફળતાની વાત છે. માત્ર ગરજ પડી ત્યારે એ સ્વાર્થે લઈ બેઠાં સાધવા; એનું એવું ફળ નહિ.

એ તો સાધનાનો જીવન વ્યવસાય બનાવી દીધો હોય,

● તે પણ નિષ્કામ વૃત્તિએ આત્માનું પવિત્ર કર્તવ્ય માનીને; ● કેવળ શુદ્ધ આત્મકલ્યાણના ઉદ્દેશથી; ● અથાગ શ્રદ્ધા ભક્તિ સાથે, ● આત્માના કર્મરોગ અને વાસનારોગ નિવારવા માટે જ, ● એ સાધનાઓ આરાધાતી હોય,

ત્યારે અવસર આવ્યે એ ચમત્કારિક લાભ પણ બતાવે છે માટે એ રીતે સાધના જમાવો.



મંત્રીઓ રાજપુત્રી રુક્મિના બ્રહ્મચર્યાદિમાં આ જોઈ રહ્યા છે, એટલે એ કહે છે 'આપના બ્રહ્મચર્ય-પરાક્રમ પ્રભાવે રાજ્ય સુવ્યવસ્થિત ચાલશે. માટે જરૂર રાજ્યગાદી સ્વીકારી લો, એવી અમારી નમ્ર આગ્રહભરી વિનંતિ છે.'

રુક્મિ જુએ છે કે 'મારી ધર્મ-સાધનાઓમાં આ રાજાપણાની જવાબદારી અને મહાવૈભવ સત્તા-સન્માન એ દખલરૂપ છે.

આ ઠકરાઈ તો માત્ર એક ભવની લીલા; પણ પછી આગળ પરભવે ઘોર અંધારું !

ત્યારે સ્વસ્થ ચિત્તની નિષ્કામ ધર્મસાધના તો અહીં પણ બાદશાહી આંતરિક સુખ દેખાડે અને ભવોભવને ઉજાળનારી થાય.

જીવને ખાવું-પીવું પરિમિત, બાકી મોટા સત્તા-વૈભવ તો કેવળ માનસિક અહંકારને પોષનારા જ બને છે કે 'હું રાજા ! હું મોટો શ્રીમંત !' રાત ને દિવસ ચિંતામાં બળવાનું. એનાથી ભવ-ભવના મુસાફર જીવને શું વિશેષ ? શા સારુ મારે આ આપદા વહોરવી ? જુઓ એની તાત્ત્વિક વિચારસરણી.

મહાન આત્માઓ પ્રલોભનના અવસર આવ્યે સજાગ થઈ જાય છે, ને તત્ત્વદૃષ્ટિથી વિચાર કરે છે.

**સ્થૂલભદ્રજીને** કોશા વેશ્યાને ત્યાંથી તેડાવી રાજા નંદ મંત્રીમુદ્રા ધરે છે, કહે છે 'લો આ, મારી ગંભીર ભૂલે મેં તમારા પિતાજીને ખોઈ નાખ્યા ! હવે એમના સ્થાને તમે મંત્રી થાઓ.'

સ્થૂલભદ્રજી કહે છે, 'આલોચી આવું.' વિચાર કરવા પાછળ વાડીમાં જાય છે, 'શું કરવું ? મોટા મંત્રી-પ્રધાન બનવામાં સત્તા-સન્માન-વૈભવ તો મળે; પરંતુ જોખમ કેટલું બધું ! રાજા-વાંજા ને વાંદરા, ક્યારે ફરી બેસે એનો ભરોસો નહિ. વળી રાજ્ય ખટપટની ચિંતા ભારે ! માથે લટકતી તલવાર લઈ જીવવાનું. એમાં પહેલું તો આ કોશા સાથેના નિશ્ચિત મનમાં આનંદ લૂંટવાનું જ ડૂલ ! વળી વિશેષ તો અનેક પ્રકારના પાપ-પ્રપંચોમાં ચડવાનું મન થાય. પરલોક સુધારવાને બદલે કાળો અંધકારમય કરવાનું બને. તો આવા માત્ર અહંભાવ પોષવાના સુખ-વૈભવથી શું ? માનવજીવનમાંની સ્વાત્માની ઉન્નતિ કરવાની તક બરબાદ થઈ જાય. ત્યારે આ કોશાના સંગમાં પડી રહેવામાં પણ શું છે ? એ અંધકાર ! માટે હવે તો હું પરલોક હિતપ્રધાન ચારિત્ર જીવન જ સ્વીકારું.'

બસ, સ્થૂલભદ્રજીએ ત્યાં જ કેશનો લોચ કરી નાખી સાધુવેશ સજી લીધો ને આવ્યા રાજા પાસે,

રાજા સ્તબ્ધ થઈ જાય છે કે આ શું ? આ તો મંત્રીપણાને બદલે સાધુપણું લીધું દેખાય છે ! પૂછે છે,

'કેમ આલોચી આવ્યા ?'

મસ્તકે હાથ બતાવી સ્થૂલભદ્રજી કહે છે, 'હા, જુઓ આ લોચી આવ્યો. મંત્રીપણાની ઠકરાઈ પર વિચાર કરતાં એથી ય કંઈ ગુણી ઊંચી ચારિત્ર જીવનની ઠકરાઈ પર મન બેઠું. બસ, 'ધર્મલાભ' કહી ચાલી નીકળ્યા. શ્રુતકેવળી ભગવાન સંભૂતિવિજય આચાર્ય મહારાજ પાસે જઈ ચારિત્ર સ્વીકારી લીધું. આ શાનું પરિણામ ? તત્ત્વદષ્ટિની આલોચના વિચારવાનું.

**લક્ષ્મણનું મૃત્યુ : રામ પાગલ : લવણ-અંકુશ વિરાગી :-**

દેવતાની રામચંદ્રજી મરી ગયાનો દેખાવ કરવાની મશ્કરીથી એ સાચું માની લક્ષ્મણજીને આઘાત લાગ્યો ! ને ત્યાં ને ત્યાં જ એ મૃત્યુ પામી ગયા ! હવે રામચંદ્રજી ભાઈના અતિશય ગાઢ રાગને લીધે એમને મરેલા માનવા તૈયાર નથી, એટલે પાગલની જેમ લક્ષ્મણના મડદાને બોલાવવા મથે છે ! ખવરાવવા-પીવરાવવા મથે છે ! 'કંઈ વાત તો કર. કેમ રિસાઈ ગયો છે ? મારી સાથે કદી નહિ ને આજે રીસ ?' એમ કહે છે ! મંત્રીઓ અને બધા ગભરાઈ ગયા, હાહાકાર મચી ગયો ! નથી તો રામ લક્ષ્મણના મડદાને જીવંત માની કોઈને અડવા દેતા, કે નથી હવે કાંઈ રાજ્ય વહીવટ સંભાળતા. બસ એક જ કામ, પ્રાણપ્યારા ભાઈ લક્ષ્મણને મનાવવાનું !

ત્યાં રામના પુત્રો લવણ અને અંકુશ (લવ-કુશ) આવીને મંત્રીઓને કહે છે, 'અમે જઈએ છીએ ચારિત્ર-દીક્ષા લેવા.'

મંત્રીઓ ચોંકી ઊઠ્યા ! સમજે છે કે આમના જેવા રાજ્યધુરાને વહન કરવા સમર્થ બીજા કોણ છે ? અને આ સંસાર છોડી દીક્ષા લઈ લે તો પ્રજાની કેવી કરુણ સ્થિતિ થાય ? એ વિચાર પર ગળગળા થઈ ગયા, આમે ય લક્ષ્મણજીના મૃત્યુ અને રામચંદ્રજીની પાગલ જેવી અવસ્થા પર આંખો ભીની તો થઈ જ હતી, એમાં આ લવણ-અંકુશ જતા રહેવાનું કહે છે. એથી મંત્રીઓનું હૈયું ભરાઈ આવ્યું, આંખમાંથી દડ દડ પાણી વહે છે, રોતાં રોતાં કહે છે,

'ભાઈ સાહેબો ! આ શી વાત કરો છો ? કાકા ગુજરી ગયા છે, બાપાજી રાગમૂઢ બન્યા છે. એવા અવસરે તો રાજ્યનું સુકાન તમારા માથે છે. ત્યાં ક્યાં આ છોડવાની વાત કરો ? તમારા જેવું કોણ સમર્થ છે આવું મોટું રાજ્ય સંભાળવા ? માફ કરો, રહેવા દ્યો હમણાં આ ચારિત્રની વાત. દયા કરો સૌના ઉપર. પગે પડી વિનવીએ છીએ તમને.'

**વૈરાગ્ય કેમ કઠિન :-**

**કાળો કલ્પાંત છે ચારે કોર !** મોટું કુટુંબ રોઈ રહ્યું છે ! પ્રજા રોઈ રહી છે !



આખું મંત્રી-મંડળ રોતાં આજીજી કરી રહ્યું છે ! એમાં ભલભલાના છક્કા છૂટી જાય. વૈરાગ્ય વૈરાગ્ય ક્યાંય ઓગળી પીગળી બાફ-વરાળ થઈને ઊડી જાય ! 'હશે ત્યારે આ બધા રોઈ રહ્યા છે, ને આપણા પર જ આધાર રાખી રહ્યા છે; ત્યારે મૂકો હમણાં દીક્ષાની વાત. આવા કલ્પાંત કરતા હજારો માણસો અને પ્રેમાળ કુટુંબીઓને કેમ એકદમ તરછોડાય ? આટલા બધાના હૈયાના ક્લેશ પર લીધેલ ચારિત્રમાં શો સ્વાદ આવે ? શી શાંતિ રહે ?' આમ દયા ઊભરાઈ સંસારમાં ફસી રહેવાનું મન થાય.

**બીજી બાજુ પ્રલોભન મોટું છે.** આ સ્થિતિમાં આવડા મોટા રાજ્યનું હવે રાજાપણું મળે છે, સત્તાધીશ-સમ્રાટ થવાનું આવે છે. મહામંત્રીઓના માથે અધિપતિપણું પ્રાપ્ત થાય છે. આવી રાજ્યસંપત્તિ. વૈભવ-સત્તા-સન્માન તાબેદારભર્યું કુટુંબ, વગેરેની લીલા મળે છે. એથી પણ મનડું લોભાઈ જાય. વૈરાગ્ય ઓગળવાની વાત શી, પહેલાં તો વૈરાગ્ય ઊઠવાના જ ફાંફા હોય.

લવણ-અંકુશની સામે આ જબરદસ્ત પ્રલોભન ઊભા થયા છે, છતાં લલચાવાની વાત નથી. તેમ બધાના કલ્પાંત પર ખોટા પીગળી જવાની વાત નથી. એ તો તત્ત્વદષ્ટિથી જુએ છે. વસ્તુતત્ત્વનો ઊંડાણથી વિચાર કરે છે. મંત્રીઓને કહે છે,

**લવણ-અંકુશની વિરાગ વાણી :-**

"જુઓ, પ્રજાની અને બધાની વાત કરો છો, પણ પહેલાં અમારા આત્માની સલામતીનું શું ? સ્વપ્ને પણ કલ્પના નહોતી, ને આ કાકાને જમરાજ ઉપાડી ગયા ! તેમ મહાવિવેકી પિતાજીમાં તદ્દન અસંભવિત ગણાય એવી મડદાને જીવંત માનવાની આ પાગલ જેવી દશા થઈ છે. આ સ્થિતિમાં અમારા પણ આત્માનો શો ભરોસો કે એને કોઈ એવી મૃત્યુ-પાગલતા જેવી પીડા-આપદા ન આવે ? આત્મા પર ચોંટેલા અસંખ્ય જનમનાં છૂપા કર્મના રાશિમાં શી ખબર કે કેવાં વિચિત્ર કર્મ ભરાયા પડ્યા છે અને કેવો ઉદય અણધાર્યો દેખાડશે."

"આ જગત અને એના સંયોગો તો માયાજાળ છે. જીવન પાણીના પરપોટા જેવું નાજુક છે. આયુષ્યની દોરી તૂટીની બૂટી નથી. વીતરાગ ભગવાનના શાસનની આરાધનાનો મળેલો મહા દુર્લભ પુરુષાર્થકાળ એમ જ વેડફાઈ રહ્યો છે. જે બંધનો તોડવાની અનુપમ જીવનતક અહીં મળી છે એ કરવાનું રહી જાય, જિંદગી પૂરી થઈ જાય, પછી તક ગયે એમાંનું શું થઈ શકે ? જગતમાં બંધનોના ગંજના ગંજ વધારવાના ભવ લાખો ક્રોડો ! પણ બંધન સમૂળગા તોડી નાખવાનો ભવ આ એક મનુષ્ય ભવ ! માટે અમારે તો એજ કર્તવ્ય હો. એ માટે ચારિત્ર લેશું."

લવણ અને અંકુશ કટોકટીના પ્રસંગે સજાગ બની તત્ત્વદષ્ટિથી નિહાળે છે,

એટલે સ્નેહીઓનાં રુદન કે રાજ્યના લોભથી લહેવાઈ-લલચાઈ જતાં નથી, ને ચારિત્રમાર્ગે જવા બધું છોડી ચાલી નીકળે છે.

**રુક્મિની સામે પણ** પ્રલોભન આવ્યું છે. મંત્રીઓ રાજયગાદી સ્વીકારવા આગ્રહ કરી રહ્યા છે ત્યાં રુક્મિ સજાગ છે, તત્ત્વદૃષ્ટિથી જુએ છે કે 'આ ભાર ઉપાડવામાં ધર્મસાધના ઘવાય. તેમ સત્તા-વૈભવમાં અહંકારના સુખ વિના બીજું છે પણ શું ? કહે છે, 'આ મારું કામ નહિ, તમે કોઈ સુયોગ્ય પુરુષને રાજ્ય સોંપો મારે મારી સાધના જ બરાબર છે, મંત્રીઓ કહે છે. 'આપને તો એ બરાબર છે. પરંતુ એવો સમર્થ સુયોગ્ય કોઈ દેખાતો નથી જેને રાજ્યમાલિકી સોંપાય. આપનામાં એ પુણ્ય છે, આપના નિર્મળ બ્રહ્મચર્યતેજમાં એ સામર્થ્ય છે માટે આપે જ રાજ્ય સ્વીકારવું પડશે. નહિતર તો અમને રાજ્ય તથા પ્રજા પર મોટું જોખમ જણાય છે.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"  વર્ષ-૧૩,અંક-૮,તા.૭-૧૧-૧૯૬૪**

**રુક્મિ હવે કેમ રાજ્ય લેવા તૈયાર ? :-**

હવે રુક્મિ વિચાર કરે છે 'કે હજી મારે હમણાં ને હમણાં ચારિત્ર લેવાનો વીર્યોલ્લાસ નથી. એટલે સંસારમાં તો રહેવું જ પડે એમ છે. અલબત એમાં ય ધર્માનુષ્ઠાનમય જીવન જીવવા રાજ્ય-ખટપટ નકામી છે; છતાં આ લોકો પ્રજાના સંરક્ષણનો સવાલ કહે છે એ વિચારણીય છે. તો હમણાં તો રાજ્યધુરા સંભાળું, તે દરમિયાન એવું બળ કેળવતી જાઉં કે અવસરે સંસાર ત્યાગ કરી ચારિત્ર જીવન સ્વીકારી લઉં.'

આ વિચારમાં રુક્મિને ધર્મની ધગશ તો છે જ. માત્ર મંત્રીઓના આગ્રહ પર રાજ્યગાદી સ્વીકારવાનું વિચારે છે. એ કોઈ સત્તા-વૈભવ ભોગવી લેવા માટે નહિ, એટલી સાવધાની છે. ધર્મરંગનો એ પ્રભાવ છે. છતાં એને ભાવી ભૂલાવે છે એ આગળ દેખાશે.

**તો શું પોતે આ યોગ્ય પુરુષાર્થ વિચારી રહી છે ?**

ના, મંત્રીઓના આગ્રહ આગળ એટલું મન નબળું પડ્યું છે. નહિતર પોતાના ધર્મપ્રવૃત્તિમય જીવનના નિર્ણય અને રસને એમ વિચારી વળગી રહેવું જોઈતું હતું કે 'હું ગમે તેમ તો ય વિધવા છું. રાજાપણાનો હોદ્દો મારા માટે મહા જોખમી છે. ધર્મ અને બ્રહ્મચર્ય ને સ્ત્રીપણું અને તે પણ વિધવા સ્ત્રીપણું અને સામાન્ય સત્તા-વૈભવ પણ ટક્કર લગાડી જાય ! તો આ તો મોટું રાજાપણું ! એમાં ટક્કર ન લાગે એવા વિશ્વાસે કેમ ચલાય ? જો મારે રાજ્યગાદી નથી જ લેવી તો આ લોકો ગમે



તે સમર્થને રાજા તરીકે શોધી કાઢશે. દુનિયા ક્યાં રસાતળ ગઈ છે ? બહુ રત્ના વસુંધરા.....' આવો કોઈ વિચાર કરવો જોઈતો હતો. પરંતુ

જીવની અનાદિ કાળથી આ સ્થિતિ છે કે એને ઇષ્ટ વસ્તુ આગ્રહ-કાલાવાલા સાથે કોઈ આગળ ધરે, કેટલીયવાર એ વિચાર શિથિલ કરાવવાનું એક નિમિત્ત બની જાય છે. મન ગમતું સત્કાર સાથે સામે આવ્યું કે મન ઢીલું પડ્યું. અનાદિનો આ રાહ પલટવા હિત અને કર્તવ્યને જ શ્રેષ્ઠ મનગમતું બનાવવાની જરૂર છે, એટલે સુધી કે એની સામે પછી એની ઘાતક ગમે તેવી વસ્તુ આવે છતાં લલચાવાનું નહિ. અહીં રુક્મિ એક વિધવા યુવતી છે, એની કક્ષાના હિસાબે રાજ્યગાદી એના હિત-કર્તવ્યને પ્રતિકૂળ ગણાય. તો મંત્રીઓ ગમે તેટલો આગ્રહ કરે છતાં એ ન સ્વીકારવાનો વિચાર શા માટે ઢીલો પાડવો ?

આપણે આમ જ હિત અને કર્તવ્યને પ્રતિકૂળ વસ્તુમાં ન પડવાનો વિચાર ઢીલો પાડીને ભાવી અનર્થને નોતરું આપીએ છીએ, ભવિષ્યમાં ખતરામાં પડવાની શક્યતા ઊભી કરીએ છીએ. રુક્મિ અજાણે આ કરી રહી છે. એણે મંત્રીઓનું કહેવું માન્યું અને રાજ્યગાદી પર એને અભિષેક થયો,

રુક્મિ હવે રાજા છે, એનું પુણ્ય એવું છે કે જેથી રાજ્યવ્યવસ્થા સારી ચાલે છે. રાજસભા ભરાય છે એમાં આને ધર્મનો રસ છે એટલે શાસ્ત્રોની વાતો ચાલે છે. એ સાંભળવા કેઈ બ્રાહ્મણો, જોગી, બાવા, વગેરે પણ આવે છે.

**પૂર્વનો કાળ શાસ્ત્રચર્ચાઓ** સાંભળવાના રસવાળો, એનું એક ખાસ કારણ આ હતું કે ઇન્દ્રિયોના વિષય-સુખો અને એનાં સાધનોમાં એકાંગી અને આંધળો રસ નહોતો, ગળાબૂડ ખૂંચામણ નહોતી. નહિતર એ રસ અને ખૂંચામણમાં તો જીવને ધર્મશાસ્ત્રોની વાતો તો બિચારાને નીરસ-ફીક્કી લાગે. પછી ફુરસદ હોય તો પણ એના તરફ શાનો ખેંચાય ? આજે આ સ્થિતિ દેખાય છે, એમાં વળી આજનાં છાપાં, રેડિયો, સિનેમા નોવેલો, કલબ-કોન્સર્ટો વગેરે સાધનોએ દાટ વાળ્યો છે ! પ્રજાના માનસ પર એવો કેફ ચડાવ્યો છે કે રાતને દિવસ જડચિંતા જ ઘર કરી ગઈ છે. ચેતન આત્માની વાત, પરમાત્માની વાત, શાસ્ત્ર-તત્ત્વોની વાતનો કોઈ રસ નહિ. એટલે મૂળ જિજ્ઞાસા જ એની નહિ.

**યોગદૃષ્ટિ :-** પણ જાણો છો ખરા કે તત્વ-જિજ્ઞાસા એ તો આત્મ પ્રગતિનો પાયો છે ! શાસ્ત્રકારો આત્માની પ્રગતિની આઠ યોગદૃષ્ટિ બતાવે છે. યોગદૃષ્ટિ એટલે મોક્ષની સાથે યોગ કરાવી આપે એવા ઉત્તરોત્તર વિકાસવાળું આત્મવલણ આત્મ-પરિણતિ, આંતરપ્રકાશ. મોક્ષોપયોગી ધર્મસાધનાઓમાં આ આત્મવલણ જરૂરી છે, નહિતર એ સાધના શુષ્ક કોરી દ્રવ્યક્રિયારૂપ થાય, ઘાંચીના બેલની ભ્રમણ-ક્રિયા

જેવી થાય. એમાં જાતને છે ત્યાંનો ત્યાં રાખવા સિવાય બીજું પરિણામ નહિ. સાધના કરવા છતાં જીવ જડના ઘેરાવામાં જ ગૂંથાયેલો ! માટે ધર્મસાધના-ધર્મક્રિયાની સાથે અંતરમાં ધર્મવલણ-ધર્મપ્રકાશ-ધર્મદૃષ્ટિની જરૂર છે, આ વલણના ચડ-ઊતર પ્રકારો છે. એને યોગદૃષ્ટિઓ કહે છે.

**મહાન ગુણ તત્વજિજ્ઞાસા :-**

યોગદૃષ્ટિના પાયામાં પહેલી દૃષ્ટિમાં તત્ત્વજિજ્ઞાસા છે. જીવ અનાદિની પશુસંજ્ઞારૂપ ઓઘ દૃષ્ટિમાંથી ઊંચો આવી યોગદૃષ્ટિમાં પ્રવેશે ત્યાં એને ધર્મની આત્માની યોગની તત્વની વાતની જિજ્ઞાસા જાગે છે, પશુસંજ્ઞામાં તો જડની જ હવા મગજમાં પ્રાપ્ત રહે. એટલે આ જિજ્ઞાસાની વાત કેવી ? એનો કોઈ રસ જ નહિ.

વિચારો આજની દશા. ધર્મતત્ત્વનું પુસ્તક વાંચતાં, વ્યાખ્યાન સાંભળતાં કે શાસ્ત્ર વાચતાં લેતાં વચમાં ઝોકાં આવે છે ! એમાં જ પછી જો કોઈ સંસારની વાત નીકળે તે પાછા ટટાર ? ઝોકા કોણ લાવે છે ? કહે છે

**પ્ર.- દર્શનાવરણ કર્મના ઉદયથી જ ઊંઘ આવે ને ?**

ઉ.- અરે સાંસારિક વાતો, વેપારની વાતો, ને લાડવાની વાતો વખતે એ ઉદય ક્યાં ભાગી જાય છે ? સિનેમામાં એક ઝોકું નથી આવતું. રાતના ત્રણ કલાક ગપ્પા મારતાં કોઈ જ ઝોકાનો અનુભવ નથી. શું કારણ ? ત્યાં રસ છે, ધર્મ-તત્ત્વની વાતમાં રસ નથી, જિજ્ઞાસા જ નથી. ઉપર ઉપરથી લાગે કે ના, રસ તો ઘણો ય છે પણ કોણ જાણે કેમ ઝોકા આવે છે ?' કિન્તુ અંદરથી તપાસો કે ખરેખર શુદ્ધ ધર્મ-તત્ત્વની જિજ્ઞાસા ઝળહળે છે ?

**તત્ત્વજિજ્ઞાસા તો જ ઝળહળે કે દુનિયાદારીની વાતોનો રસ ઓછો થાય,** અને એ માટે એમાં બહુ ગૂંથામણ કામની નહિ. એમાં ને એમાં જ રચ્યા પચ્યા રહેવું હશે, વાતો તો એની જ, પ્રવૃત્તિ તો એની, યોજનાઓ તો એની જ, વિચારણામાં તો એનું એ જ બસ જીવન જ એનું, તો પછી રસ એ દુનિયાદારીનો જ પોષાવાનો, એ અર્થ-કામનો જ રહ્યા કરવાનો. ત્યાં ધર્મ-તત્ત્વના રસને જાગવા-જાગતો રહેવા જગા ન મળે.

મગજ પર અર્થ-કામની વાતોનો જ ભાર મગજને ધર્મતત્ત્વથી વેગળું રાખે છે, એનો રસ જાગવા જ ન દે. અંતરમાં જિજ્ઞાસાઓ, ઇચ્છાઓ કોડ, વિચારો તો ઘણાંય ઊઠતા હોય, પરંતુ બધા જ અર્થ-કામની બાબતોના ! સાંસારિક બાબતોના ! કાયા અને કાયાના સંબંધી પરિવાર-પૈસા-ઘર-દુકાન-વેપાર-વિષયોના ! તપાસી જુઓ જીવનમાં, આ સિવાય બીજું કાંઈ છે ? આજે તો આની મફતિયા બિનજરૂરી પ્રવૃત્તિ કેટલી બધી વધી ગઈ છે ? થોડી ફુરસદ હોય તો ય મન પર એનો કેટલો



ય ભાર છે ! ત્યાં તત્ત્વ જિજ્ઞાસાને સ્થાન જ શાનું મળે ? સમજી રાખો,-

**જ્યાં સુધી દુન્યવી વાતોના ભાર ઓછો નહિ કરો ત્યાં સુધી ધર્મતત્વનો રસ જાગશે નહિ.**

દુનિયાદારીની જ ગડમથલ કર્યા કરવી હશે તો પછી ભલેને કદાચ જૈન કુળમાં જન્મી ગયા તેટલા માત્રથી દેહરે ઉપાશ્રયે જશો, પણ હૈયામાં એનો રસ નહિ છલકાય. પેલાનો મગજ પર ભાર છે એટલે વિચારો એના આવ્યા કરશે. 'ખુદ ભગવાનની પાસે પણ ભગવાનના નહિ, કિન્તુ કાયા-માયાનો વિચાર આવ્યા કરશે. મારું શરીર બરાબર નહિ, વજન ઘટી ગયું છે, ખોરાક બરાબર લેવાતો નથી, છોકરો માંદો રહે છે, આજ બજારમાં વહેલાં જવાનું છે, મોંઘવારી અને માલની અછત ઘણી !....' આવા કંઈકને કંઇક લોચા વળતા રહેશે. બે મિનિટમાં દર્શન કે બે મિનિટની નવકારવાળી પણ સીધી નહિ ચાલે. તો શું એમ માનો છો કે આમ આત્માનો ઉદ્ધાર થશે ?

**આત્માનો ઉદ્ધાર કરવો હશે તો દુન્યવી વાતોના ખેંચાણ અને ગડમથલ ઓછા કર્યે જ છુટકો છે.** મન એના ને એના વિચારોમાં ન તણાયું જવું જોઈએ. નહિતર સ્વપ્નમાં પણ એ જ ચમક્યા કરશે. ત્યાં સ્વપ્ને પણ તત્ત્વનો રસ જિજ્ઞાસા નહિ જાગે; ધર્મપ્રવૃત્તિ સ્થિર શાંત પ્રફુલ્લિત ચિત્તે ન થાય; તો એ વિના ત્યારે આત્માનો ઉદ્ધાર શાનો ? એક કીડો પણ મટોડાના ઘરની ગડમથલ તો કર્યા કરે છે. માણસ જેવો માણસ પણ એટલું જ કરે ?

**જડથી છૂટવા સુંદર વિચારણા :-**

ધર્મતત્ત્વનો રસ જગાડો, જિજ્ઞાસા ઊભી કરો, પછી એની પાછળ પેલો ભાર ઓછો કરવાનું થશે. મનને એમ થશે કે શા સારુ આ જડમાં ને જડમાં મરી રહ્યો છું ? કોની ચિંતા કોની વેઠ કરી રહ્યો છું ? જે ચંચળ છે, વિનશ્વર છે, એક ભવનું જ છે, જે મૂકીને જ મરવાનું ચાલ્યા જવાનું છે ! એની આટલી બધી ચિંતા ગડમથલ ? આત્માથી જે તદ્દન પર છે, જેને મારા આત્માના હિતની જરાય પડી નથી, કશી લેવા દેવા નથી, એની ને એની ચિંતામાં રાત ને દિવસ ? જીવનનો સમગ્ર કાળ કાઢવાનો ? જીવન જીવતાં જો આનું આજ કર્યા કરીશ, તો પછી આનું અભ્યાસી મન જીવનના પાછલા ભાગમાં અને અંતકાળે બીજું ક્યાંથી વિચારી શકવાનું હતું ? જીવનભર મનથી જે ઘૂંટ ઘૂંટ કર્યું એ જ અંતકાળે આવડવાનું. ત્યારે એવો કાયા માયાની ચિંતા-વિચારોનો અંતકાળ કેટલો બધો કરુણ બને ! પછી પરલોક કેવો દારુણ આવીને ઊભો રહે ? શું હું ત્યારે સમજી બૂઝીને મારી જાતે જ કરુણ અંતકાળ અને દારુણ પરલોકની તૈયારી કરું ? મૂક માથાફોડ, જડનો એવો

હું વેચાણ નથી, ગુલામ નથી, કે રાતને દિ એની જ ચિંતા કર્યા કરું. કાયા-માયાને ચાલવું છે કર્મના હુકમ મુજબ, મારી ચિંતા મુજબ નહિ પછી નાહક શા સારુ એની પાછળ તૂટી મરું ? કાયા-માયાની ચિંતા શિરપાવમાં કરુણ અંતકાળ અને દારુણ પરલોક આપે છે, તો શા માટે એવી ચિંતા કર્યા કરવાની મૂર્ખાઈ કરું ?'

આવું કાંઈક મનને સમજાવાય, સજાગ કરાય, વારંવાર આ ભાવના કરાય. તો પછી એની એ લત ઓછી થાય, પરની ચિંતા રોકી રોકીને ધર્મ-તત્ત્વની તરફ દૃષ્ટિ લઈ જવાનું કરાય. જિજ્ઞાસા વધે. 'લાવ ધર્મ જાણું, તત્ત્વ સમજુ, ધર્મ શું છે ? તત્ત્વ શું છે ? એનાં બાહ્ય આભ્યન્તર સ્વરૂપ કયાં ?' આની થાય એટલે એ સાંભળવાની તાલાવેલી લાગે.

**ધર્મરુચિ માટે વિચારણા :-**

મનને એમ થાય છે કે,- 'જે જગત્પૂજ્ય સુરાસુરેન્દ્રથી સેવ્ય, વીતરાગ સર્વજ્ઞ તીર્થંકર ભગવાને પોતાના જીવનમાં ધર્મ આચર્યો. જે તત્ત્વનાં ધ્યાનમાં વર્ષો સુધી ખડે પગે રાત્રિ દિવસો કાઢ્યા, તે ઠેઠ સર્વજ્ઞ બનવા સુધી એમાં ને એમાં જ મચ્યા રહ્યા, પાછું સર્વજ્ઞ થયા પછી જિંદગી સુધી એનો જ ઉપદેશ કર્યો અને તે મોટમોટા શેઠ શાહુકાર અને રાજા મહારાજાઓએ પણ ઝીલ્યો, જીવનમાં ઊતાર્યો, એ ધર્મ અને તત્ત્વજ્ઞાનનું મહત્ત્વ કેટલું બધું ? આવો રુડો માનવ અવતાર અને ટંકશાળી ધર્મ-તત્ત્વમય જિનશાસન મળ્યા પછી એ ધર્મ-તત્ત્વને જાણવા-આદરવા સિવાય બીજું કયું કામ મહત્ત્વનું હોય ? છતી માનવભવની વિશિષ્ટ બુદ્ધિ શક્તિએ ધર્મ-તત્ત્વ જાણવા સમજવાની તાલાવેલી ન હોય એ તે કોઈ જીવન છે ? એ સમજ વિના જીવ લોકની જેમ કેવા અજ્ઞાન ધોરણ, મિથ્યા હિસાબ-લેખાં અને કાળી લેશ્યામાં નિરંતર રમ્યો રહે છે ! એથી કેવા પાપના થોક, અશુભ અનુબંધ અને કુસંસ્કારોની જંગી વૃદ્ધિ ઊભી થાય છે ! માટે લાવ ધર્મ-તત્ત્વને જોઉં, જાણું, ગુરુ પાસે જઈને એ સાંભળું સમજું.'-

આવી જિજ્ઞાસા-શુશ્રૂષા જગાવીએ ત્યારે યોગની પહેલી-બીજી દૃષ્ટિમાં અવાય. ત્યાં ધર્મના પગથિયાં ચઢ્યા ગણાય; નહિતર તો આંગણામાં ય કયાં ? વિચારી જુઓ.

પૈસાની ભૂખ છે, ખાવાની ભૂખ છે, રંગરાગ ભોગવવાની ભૂખ છે, માન-આબરૂ-આરામી અને આ બધા અંગે કેટલું ય જાણવાની ભૂખ છે, પરંતુ ધર્મ-તત્ત્વ જાણવાની ભૂખ કેટલી ?

દીકરો દેશાવર ગયો છે એના સમાચાર રોજ જાણવાની ભૂખ છે, પરંતુ રોજ ભગવાનનાં ધર્મ-તત્ત્વ જાણવા સાંભળવાની ભૂખ નથી !

દુનિયાની રજ રજ વાત જાણવાનો અભરખો છે, એનું એ રોજ એ રોજ



સાંભળવાનો રસ છે, નથી અભરખો કે રસ ધર્મતત્ત્વ જાણવા-સાંભળવાનો !

ગાંડિયા મનને એમ થાય છે કે 'રોજ એનું એ શું સાંભળવું હતું ? એ જાણીને શો વિશેષ ?' જે ધર્મ સાધવો છે, જે તત્ત્વ સમજ્યા-વાગોળ્યા પછી જ પાપધ્યાનથી છૂટી ધર્મધ્યાનમાં અવાય એમ છે, એ જાણવાની ને રોજ સાંભળવાની મનને ભૂખ, રસ, અભરખો નહિ ને ઉપરથી એને નિરુપયોગી લેખે, એ મન ગાંડિયું ઘેલું મૂઢ નહિ તો બીજું શું ?

**દેવ-દર્શન-પૂજા-તપ જપ વ્રત નિયમ બધું કરી જાઓ પણ ધર્મતત્ત્વની જિજ્ઞાસા જ નહિ, તો યોગની પહેલી દૃષ્ટિમાં પણ ક્યાંથી આવશે ?** મન પરનાં કાયા-માયાની ચિંતા વિચારણાના ભાર અને ખેંચાણ કયાંથી ઓછા થવાના હતા ? બંને જરૂરી છે, આનાં ખેંચાણ આની ગડમથલ ઓછી કરો, અને ધર્મતત્ત્વની જિજ્ઞાસા ખૂબ ખૂબ જગાવો.

કાળબળ ઓળખો. આજનો કાળ કાયા-માયાની ધૂમ વાતોથી સળગી ઊઠ્યો છે. એમાં આ સાવધાની જાગૃતિ ન ઊભી કરી તો બળી સાફ થઈ જવાશે !

**રુક્મિની રાજસભામાં શાસ્ત્ર-વાતો :-**

પૂર્વના કાળે આટલી બધી જડની વાતો નહોતી તેથી રાજસભાઓમાં પણ શાસ્ત્રોની વાતો ચાલતી, તત્ત્વની વિચારણાઓ થતી. રાજા રુક્મિની સભા પણ એમાં ઝીલી રહે છે. એ સાંભળવા દેશ દેશાવરથી માણસો આવે છે. જોગી, તપસી, સંન્યાસીઓ આવે છે. શાસ્ત્ર-ચર્ચાઓ સાંભળવા સાથે રુક્મિનાં બ્રહ્મચર્ય અને ધર્મરંગની સુવાસ લઈ જાય છે. એથી દેશ દેશાવરમાં એની ખ્યાતિ પ્રસરતી જાય છે. લોકો વાતો કરે છે, 'રાજા રુક્મિને હામ-દામ-ઠામ બધું છતાં સંપત્તિ-સત્તા-સન્માન બધું છતાં કેવું અને નિર્મળ બ્રહ્મચર્ય ! કેટલી પવિત્ર બાઈ ! ભાઈ ! એનો જ પ્રભાવ છે કે એના રાજ્યની જાહોજલાલી છે, પ્રજા સર્વ વાતે સુખી છે, દુશ્મન રાજા કોઈ રહ્યા નથી...' વગેરે વગેરે.

લોકોની વાત શી ખોટી છે ? ઊંચી સત્તા, ઊંચા સન્માન અને ભર્યા વૈભવ પાસે છતાં વ્રત-તપસ્યા, અને ધર્મસાધના ઉપરાંત બ્રહ્મચર્યના પાલન કરવા એ કેટલી બધી જાગૃતિ, સમજ અને આત્મહિતની તાલાવેલી હોય તો બને ? કઠિન લાગે છે ને આ ? વિષયાસક્તિના જોરમાં કઠિન જ લાગે. વિચારવા જેવું છે કે,

**પશુહૃદય કરતાં આજનું માનવહૃદય વિશિષ્ટ છે કે** ઉતરતું ? આહાર-વિષય-પરિગ્રહ-આરામી અને ક્રોધ-માનાદિ કષાયોની લત તો પશુહૃદયમાં ય ભરી પડી હોય છે. પણ માનવ-દિલમાં એને કેમ મહાલાવાય ? વિશેષ ઊંડા ઊતરી જોતાં દેખાશે કે આજની આંધીમાં જે તણાઈને કરાઈ રહ્યું છે તે કદાચ પશુહૃદયથી

પણ ઊતરતી કક્ષાનું છે. 'દા.ત. પશુહૃદયમાં દુનિયાભરના વિલાસની ભોગ-ભાવના નથી. આજ માણસને રેડિયો દ્વારા દેશ-પરદેશના ગીત સાંભળવા મન રહે છે. પશુને પરિગ્રહનો ભાવ કેટલો ? ત્યારે મનુષ્યને ? એ પરિગ્રહ પણ મેળવવા-સાચવવા પશુને કેટલા પ્રપંચ કરવાના ભાવ ? તો આજના માણસને કેટલા ? એવા આજના વિજ્ઞાને ઊભી કરેલી સગવડો અને આજની રીતિનીતિઓ કેવા કેવા રાગ-રતિ આદિના ભાવ મનુષ્ય હૃદયમાં તગતગાવે છે !'

**અહીં જો આટલો ખ્યાલ કરાય કે**

**'અરે ! આ હું પશુહૃદયને પણ શરમાવે'** એવા કેવા કનિષ્ઠ ભાવ મારા હૃદયમાં ઘાલી રહ્યો છું ! ખોળિયાથી તો ઊંચે સુંદર સુઘડ શુભ ક્રિયાયોગ્ય માનવદેહે આવ્યો, પરંતુ હૃદયથી કેવા અધમ પશુહૃદય કે એથી પણ નીચા હૃદયને ધારી રહ્યો છું ! ઈર્ષ્યા, કપટ, મદ, માન, સ્વર્થાંધતા, હરામી વૃત્તિ વગેરે પશુહૃદયમાં સ્ફુરે એના કરતાં ય કેટલા જઘન્ય કોટિના આ ઊંચા માનવહૃદયમાં જળહળાવી રહ્યો છું ! કેમ કોઈ વિચાર નથી કે

**'માનવહૃદય તો ઉચ્ચ ભાજન છે.'** ઉચ્ચ એટલા માટે છે કે એમાં બીજા ભાવોના હૃદયે ન થઈ શકે એવા અવલ કોટિના મૈત્રીના ભાવ, પ્રમોદ, ક્ષમા, નમ્રતા-નિખાલસતા-નિસ્પૃહતાના ભાવ કેળવી શકાય છે ! એમ પરમાત્માની પીછાણ અને એમના પર સર્વથી અધિક અથાગ પ્રેમ-મમત્ત્વ, તથા શ્રદ્ધા-બહુમાનના ભાવ જાગ્રત કરી શકાય છે ! આવા દેવાધિદેવને બિરાજમાન થવાના સુંદર મહેલતુલ્ય અને મૈત્રી-ક્ષમાદિરૂપી સુંદર વૃક્ષોને લચબચવા ઉદ્યાનતુલ્ય આ માનવહૃદયને હું મોહાંધોને રમવાના રાત દિવસના વેશ્યાખાટ તુલ્ય કાં બનાવી રહ્યો છું ? કામ-ક્રોધ,-ઈર્ષ્યા-મદ વગેરે કચરાને રહેવાના ઉકરડા તુલ્ય કરી રહ્યો છું ?

**માનવ હૃદય જેવું ઊંચું સાધન** મેળવ્યા પછી જો આ નહિ કરું તો એ ગુમાવ્યા બાદ ક્યાં કરી શકવાનો ? જે સુવર્ણ રસથી જ સોનું બનાવી શકાય એનાથી કાદવ ખરડ્યા પગ ધોવાનો ધંધો કરી કરી એને પૂરો કરી નખાય, તો પછી બીજા કયા રસથી સુવર્ણ બનાવી શકવાનું ? માણસ પાસે સુવર્ણરસ હોય એટલે તો એને એ ખ્યાલ રહે છે કે આ તો કિંમતી સોનું બનાવવાનું જ સાધન છે. એનો બીજો ઉપયોગ કરાય નહિ. એ ચોરાઈ-કરાઈ જાય એ પહેલાં ઢગલો સોનું બનાવી લઉં ! આટલું તો સામાન્ય અક્કલવાળાને ય મનમાં થાય; ત્યારે હું વિશેષ બુદ્ધિમાન હોવાનો દાવો રાખનારો મળેલા માનવ હૃદયની કિંમત નથી પિછાણતો ? એનું મહત્ત્વ નથી સમજતો ? સુવર્ણરસની જેમ એના માટે કેમ અહર્નિશ ખ્યાલ ન રહે કે આનો કામક્રોધાદિ મલિન ભાવો, મેલા વિચારો, કાળી



લેશ્યા, મલિન મનોરથ અને હલકાં ધોરણોમાં જરાય ઉપયોગ ન થાય. તેમ જ આ હાથમાંથી જતાં પહેલાં એમાંથી સુવર્ણતુલ્ય એ મૈત્રી-ક્ષમાદિ ભાવો અને અર્હદ્ ભક્તિ મમત્વ-શ્રદ્ધા જોરદાર બનાવી લઉં !

જો આ ખ્યાલ વારંવાર કરવામાં આવે તો જીવનના ઘણા પ્રસંગોમાં બૂરાઈથી બચી જવાય, ધ્યાન રાખજો એકલી એક વારની આટલી સમજ માત્રથી કાર્યસિદ્ધ નહિ થાય. એમાં તો ફરિયાદ જ ઊભી રહેવાની કે અમે સમજીએ તો છીએ પરંતુ માળું અવસરે કેમ ભૂલી જવાય છે ? ને કેમ બૂરાઈમાં પડી જવાય છે ?'

**વ્યાખ્યાનો સારાં સાંભળવા છતાં** આ ફરિયાદ કરો જ છો ને ? પરંતુ દર્દ કયાં છે કયું છે એનો વિચાર કરો છો ? ના, નહિતર તો કયારનું ય એ શોધી કાઢી એને દૂર કરવાનું કર્યું હોત.

**જે દર્દની પીડા-નુકશાનીનો હૈયે કકળાટ નહિ,** એ શોધવા-મિટાવવાના ભગીરથ પ્રયત્ન શાના થાય ? 'મને જાણેલી સારી વસ્તુ અવસરે કેમ ઉપયોગમાં નથી આવતી ? ને નથી આવતી તો બૂરા-મેલા દુર્ગતિના કેવા દારુણ ભવોમાં ગબડ્યા કરવાનું ઊભું કરી દે ! એવા બૂરા-મેલા-ગંદા ભાવ હૈયે કેમ ઊઠ્યા કરે છે ?' આનો ફફડાટ નથી, કાળો કકળાટ નથી, પછી દર્દ શોધવાનો અને મિટાવવાનો ભગીરથ પ્રયત્ન શાનો થાય ?

ત્યારે શું એમ માનો છે કે કામ-ક્રોધ, મદ-ઈર્ષ્યા, વગેરે બૂરા ભાવોથી કાંઈ ભાવોની પરંપરા નથી બગડતી ? દુર્ગતિનું ચક્ર નથી ચાલુ થતું ? અથવા શું આ બૂરા ભાવો કરી કરી માનવ હૃદયને સુશોભિત કરી રહ્યા છો ? જીવનના ઠેઠ છેડા સુધીની શાંતિ-નિશ્ચિતતા સર્જી રહ્યા છો ?

**બૂરા ભાવોથી શોભા-સુખ-શાંતિ થતી હોત તો દુર્ગતિઓ ખાલી પડી જાત :-**

ભૂલા પડતા નહિ, આમાનું કશું ઉપજે એવું નથી. એમ જો બૂરા ભાવોથી થતું હોત તો દુર્ગતિઓ ઊભરાઈ જવાને બદલે ખાલી પડી હોત, ને જગતના જીવો ખૂબ સુખ-શાંતિ-નચિંતતા અનુભવતા હોત. પરંતુ આવું નથી એ હકીકત છે; ને એનું કારણ એ જ બૂરા ભાવો છે, એ જગતને દુ:ખી કરવામાંથી ન છોડે તે મને તમને છોડશે ? બૂરા ભાવોના કારણે અહીં જ ચિંતા-અશાંતિ ઉદ્વેગ કે અજંપો-વિહ્વળતા-આકુળ-વ્યાકુળતા વગેરે કેટલું ય અનુભવી તો રહ્યા છો, લાંબે કયાં જોવા જેવું છે ? હાથ-કંકણ ને આરસી. અહીંનાં પ્રત્યક્ષ અનુભવ પરથી દીર્ઘ ભવિષ્ય કાળના એંધાણ પરખી શકાય છે. કેમકે આના પડેલા સંસ્કાર એનો ભાવ ભજવ્યા વિના રહેશે ?

એટલે હવે, ઉપદેશ સાંભળવા છતાં અને વસ્તુસ્થિતિ સમજી જવા છતાં

સમજેલા હિતના ઉપાય કેમ કામ નથી લાગતા ? દર્દ ક્યાં છે તે શોધી કાઢો.

**સમજેલું છતાં કામ ન આવે એનું કારણ** આ છે કે એક તો સમજેલી ચીજની પછી વારંવાર ભાવના કરવી જોઈએ અને બીજું મનને પાકો નિર્ધાર વારે વારે થવો જોઈએ કે મારે એને કામે લગાડવી જ છે, એ વસ્તુ એ ભાવના અને નિર્ધાર વારંવાર નથી કરતા. ઊલટું એની સામેના બૂરા ભાવની વારંવાર ભાવના કરાય છે, દુન્યવી વાત-વસ્તુ મગજમાં વારંવાર મમરાવાય છે, એના પ્રખર તાપમાં પેલી શીતળ ઉપદેશની સમજ શે ઊભી રહે ?

**દર્દ આ છે એને મિટાવવા;**

(૧) બહારના કચરા-ભૂંસાને હવે મગજમાં બહુ પલોટાવ્યા કરવાનું રહેવા દો.

(૨) હિતની વાતોની વારંવાર ભાવના કરો.

(૩) બૂરાઈઓ અટકાવવાનો અને સુધારો કરવાનો નિર્ધાર કરી એ નિર્ધાર વારંવાર તાજો કરો અમલી કરો.

બસ, 'માનવહૃદય જેવો સુવર્ણરસ મળ્યો છે તો એનાથી ઉત્તમ પ્રશસ્ય ભાવો રૂપી સોનું બને તેટલું ઉત્પન્ન કરી લેવું છે,' આવો નિર્ધાર કરો.

આવા ઉચ્ચ સાધનથી ગટરિયા માલ નથી બનાવવા એનો પાકો નિર્ણય કરો. પછી હિતોપદેશની અને શુભ ભાવોની વારંવાર ભાવના કરો, એને મગજમાં ખૂબ ખૂબ મમરાવ્યા કરો. એ કરશો એટલે કુદરતી રીતે દુનિયાના કચરા-ભૂસા મગજમાં સતત ઘાલ્યા કરવાનું ઓછું થશે. ને ચીવટ રાખીને ઓછું કરવાનું પણ ખરું. એ મનમાં ઊઠે કે એને રોકી પેલી શુભ ભાવનાનો વિચાર શરૂ કરી દેવાનો.

એક છ મહિના આટલું કરો ને; પછી જુઓ કે જીવન આખું કેવું પલટાઈ ગયું હશે. કેટલું ગજબ આત્મ-પરિવર્તન થયું હશે. બાકી આ જો કરવું નથી, તો તમારી ફરિયાદ ઠેઠ તમે જિંદગીના છેડા સુધી કર્યા કરશો, પણ કાંઈ ઠેકાણું નહિ પડે, ને એવા ને એવા રહેશો.

રુક્મિની રાજસભામાં શાસ્ત્રની વાતોની રસરેલ ચાલતી, તેથી દેશ પરદેશના માણસો આવી એ સાંભળતા, ને રુક્મિની ખ્યાતિ લઈ જઈ પ્રચારતા, એથી વળી બીજા કેટલાય નવા લોકો આવતા.

**રાજકુમારને દર્શનની ઝંખના :-**

એમાં એક વાર એવું બન્યું કે એક રાજકુમારે એની ખ્યાતિ સાંભળી ત્યારે એના મનને આશ્ચર્ય થયું કે "અહો એક બ્રહ્મચારિણી બાઈ આવી જાહોજલાલીવાળું રાજ્ય ચલાવે છે ! રાજ્ય-ખટપટમાં તો કેઈ માણસોના સંપર્કમાં આવવાનું થાય છતાં આ બાઈ-રાજા નિર્મળ બ્રહ્મચર્યનું પાલન કરે છે ! લોકો વાતો કરે છે કે કેવી અદ્ભુત



એની પવિત્રતા ! કેટલું સુંદર બ્રહ્મચર્ય-મર્યાદાનું એનું પાલન ! વાહ ધન્ય છે, ત્યારે આ નારી રત્નને ! એવા બ્રહ્મચારી આત્માનાં દર્શન મળે એ ભાગ્યશાળી !"

રાજકુમાર ધર્માત્મા છે, પાછું જીવ-અજીવ આદિ નવ તત્ત્વ એણે દિલમાં વારંવારની ભાવના-વિચારણાથી ભાવિત કરેલા છે, એ રુક્મિના બ્રહ્મચર્ય પર ઓવારી જાય છે ! એનું દર્શન કરનારને પણ ભાગ્યશાળી માને છે ! સ્વયં ઈન્દ્રયો પર વિજયનો પુરુષાર્થી છે, છતાં ગર્વિષ્ઠ નથી કે જેથી જાતને પામી ગયો માને અને બીજાને તુચ્છ યા સામાન્ય કે બહુ તો પોતાના જેવા જ ઈન્દ્રિય-વિજેતા માને. ના, એ તો અતિ વિનમ્ર છે, સમજે છે કે 'હજી હું તો ઘણો ઘણો અધુરો છું. મારામાં તેવું કાંઈ વૈશિષ્ટ્ય નથી. મારે તો હજુ ઘણું ઘણું પામવાનું છે, પામવા માટે મથવાનું છે.' આવું સમજવાને લીધે જ્યાં ક્યાંય જરા ઠીક ગુણ દેખાયો, પછી ભલે પોતાનામાં એવો જ રીતસરનો ઠીક ગુણ હોય, છતાં સામા તરફ આકર્ષાઈ જાય છે, એના ગુણ પર ઓવારી જાય છે.

**અહંભાવથી લપસણું :-**

આ મહત્ત્વનું છે. અનાદિરૂઢ અહંભાવના લીધે અહીં લપસણું ઊભું થાય છે, આપણામાં અનેક ગુણ છે અગર કોઈ એક ગુણ વિશેષ વિકસેલો છે એ વખતે બીજાનો તેવો ગુણ સાંભળતાં અહંભાવના લીધે પેલાની સારી ઉપબૃંહણા-પ્રશંસા-પ્રમોદભર્યું આકર્ષણ પ્રગટાવવાને બદલે અહંભાવને લીધે 'ઠીક છે' એવા તુચ્છ વલણમાં લપસવાનું બને છે. પછી ત્યાં એ પણ નથી જોવાતું કે પેલો કઈ કક્ષા કયા સંયોગ કઈ પરિસ્થિતિમાં ગુણનો ખપી બન્યો છે.

## શાલિભદ્રના દાનગુણની સમીક્ષા

બોલો જો, શાલિભદ્રના જીવે પૂર્વ ભવે દાન કેટલું દીધું ? એનો દાનગુણ કેટલો મોટો ?

ઉપલક દૃષ્ટિએ જોશો તો એવુ લાગશે કે 'માત્ર એક જ વાર એક થાળી ખીર, એટલે કે થોડું જ દાન દીધું ! એમ તો અમે ઘણીવાર થઈને એના કરતાં ઘણું દીધું છે. અમારા કરતાં એનો દાનગુણ નીચેની કક્ષાનો.' આવું લાગે; પરંતુ આ લાગવાનું, વિચારવા જેવું છે કે, વાસ્તવિક ગણાય ?

(૧) એની પાસે મૂડી કેટલી હતી ? એમાંથી કેટલું દીધું ?

(૨) મૂડીમાં તો એ હતું જ નહિ. પણ ભેટ આવેલું, તે પણ સીધેસીધું નહિ કિન્તુ મા-દીકારાના કરુણ રુદન પર બીજાઓએ એમને અનુકંપાદાન કરેલું !

(૩) આવું જિંદગીમાં કદી જોયેલું નહિ, એ દ્રવ્ય આજ પહેલી જ વાર એ જીવને જોવા મળેલું !

(૪) એમાંથી પણ દીધું કેટલું ? પોતાના મનથી બધું જ !

(૫) જિંદગીમાં પોતે એ વસ્તુનો ભોગવટો કરેલો ખરો ? ના, આજે જ એનો ખરો અવસર હતો છતાં ભોગવવાનું મજા માણવાનું પડતું મૂક્યું, ને દીધું !

(૬) દીધું તે ધીરે ધીરે ? કે એકી કલમે ? 'મારા લખો ૫૦ રૂ.'ના શેઠ ! એટલા જ ? ન ચાલે, સારું લો ત્યારે ૫૫ લખો,' એટલા હોય ? તમારા તો રૂ. ૨૦૧ લખવાના છે. 'એટલા બધાની ભાવના નથી. બસ ૭૫ લખી લો. હવે બોલશો જ નહિ.' આમ ચોળી ચોળીને આપેલા, ને એના બદલે એકી કલમે પહેલી જ વાર ૨૦૧ લખાવેલા, બેમાં ફરક કેટલો !

(૭) તે પણ સામાએ કેટલા લખું ? એમ પૂછ્યા પછી લખાવ્યા, ને એ પૂછતો જ નથી ને આપણે સામે જઈને લખાવ્યા, બેમાં કેટલો ફેર ?

(૮) શાલિભદ્રના જીવે વળી દીધું તે સામાને કરગરાવીને કે પોતે કરગરીને ? તમે પાંચ હજાર આપો તો પણ સામાને કરગરાવીને ને ?

(૯) એણે દીધું એ કેટલી હોશ પૂર્વક અને પહેલાં કઈ ભાવના કરીને ? દેતાં કેવી ભાવના ? દીધા બાદ કઈ ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૩,અંક-૯,તા.૧૪-૧૧-૧૯૬૪**

(૧૦) દીધું તેમાં કીર્તિની આકાંક્ષા કેટલી ? સગી માને પણ દીધાનું કહેતો નથી. એ દેવાનો જશ મળે એનાં મૂલ્ય કરતાં ગુપ્ત દીધેલાનું કેટલું બધું ઊંચું મૂલ્ય-ઊંચું મહત્ત્વ આંકે છે ?

(૧૧) દેતી વખતે મહારાજ કહે છે 'ભાઈ ! બધી ના લેજે, થોડી રહેવા દેજે' ત્યારે આ કહે છે, 'બાપજી ! શું મારે સંસાર થોડો પણ બાકી રાખવો છે ?' આ શબ્દો પાછળ દાનનું કયું ફળ સચોટ સમજી રહ્યો છે ?

(૧૨) દાન દેતાં આંખમાં ઝળઝળિયાં, હૃદય ગદ્ગદ, મુખ પર અપૂર્વ હર્ષરેખા, કાયા થનથન નાચે, ખાવાની ઉતાવળ નહિ એટલી દેવાની ઉતાવળ ! 'આહા ! હું રાંક, ને મારા ભાગ્યમાં આ દાન ?' એવી અસંભવિત ઘટનાની કલ્પનાનો હૈયે પારાવાર હર્ષ ! આ બધું એનામાં કેવું ?

(૧૩) દીધા પછી ખીર ખાવા મળી. ખાધી જિંદગીમાં પહેલી વાર, છતાં એનો લેશ આનંદ નહિ, ને ગુરુએ અનંત કૃપા કરી દાન કરાવ્યાનું જ એક માત્ર સ્મરણ કરી કરીને અથાગ આનંદ કેવો અનુભવ્યો ?

(૧૪) અજીર્ણથી એ જ રાતે મરવા પડ્યો, મૃત્યુ થાય એવું દુઃખ છે, છતાં એનું વિસ્મરણ અને કરેલ દાન સુકૃતનું સ્મરણ કેવું !

(૧૫) વર્ષોની પરિચિત વહાલસોયી માતા એવી મૃત્યુ-દુઃખની અવસ્થામાં શરીરે હાથ ફેરવતી રહી 'ભઈલા ! બહુ પીડા થાય છે ?' એમ ગદ્ગદ આશ્વાસનના શબ્દ બોલી પ્રેમ વ્યક્ત કરી રહી છે, એને ભૂલી 'વાહ ગુરુ કેવા ઉપકારી મળ્યા કે મને રાંકડા-ગરીબડાને આ દાનની મહા કમાણી કરાવી !' આમ ગુરુને અને ગુરુના ઉપકારને કૃતજ્ઞતા-ભીના હૃદયે યાદ કરે છે, તે કેવું મહત્ત્વનું ?

આ બધું ગણતરીમાં લો, ને પછી તારણ કાઢો કે એણે કેટલું દીધું ? એનો દાનગુણ કેટલા મહત્ત્વનો ? ને આ બધું જ વિચારવા મગજ ન ચાલતું હોય તો દાનના ફળ પરથી માપ કાઢો કે કેટલું ઊંચું દાન ?

**શાલિભદ્રને દાનનું ફળ કેટલું ? :-**

ક્રોડપતિ કે લાખોપતિને ઘરે જન્મ, એકનો એક પુત્ર સુંદર શાલિ (ડાંગર)ના ખેતરના સ્વપ્ન સાથે આવેલો, ભવ્ય ઠાઠમાઠથી ઉછેર, દેવાંગના જેવી ૩૨ પત્નીઓ, પિતાદેવ તરફથી પોતે અને બત્રીસ સ્ત્રીઓ એમ ૩૩ માટે દરેકને ૧ દિવ્ય ખાનપાનની, ૧ વસ્ત્રાદિની, ૧ ઝવેરાત અલંકારની. એમ ૯૯ પેટીઓ રોજ ભેટ મળે ! વહેવાર-વેપાર-ઘરવહીવટ બધી ખટપટ માતા સંભાળે ને આને મહેલના સાતમે મજલે દોગુંદક દેવ જેવા ભોગ-વિલાસમાં મસ્ત રાખે ! દીકરાને વહુરો સહેજ પણ ફરિયાદ વગેરે કરી સંતાપ ન આપે માટે વહુરોને આ સાસુ ફૂલબાઈની જેમ રાખે ! રોજ ને રોજ આજનાં જર-ઝવેરાત-ઘરેણાં કાલે એઠવાડમાં જાય ! રાજા શ્રેણિક જેવો ન ખરીદે એવી સવા લાખ સોનૈયાની રત્ન કાંબળો એક જ વાર પગ લૂંછી વહુરો ખાળમાં નાખે ! રાજા શ્રેણિકને શાલિભદ્રનાં દર્શનની ઊલટ થાય ! તે જોવા પોતે આના ઘેર આવે !...હજીય આ બધું તો કાંઈ નહિ, પણ શ્રેણિક માથે રાજા છે ધણી છે એ વાત પર મહાવૈરાગ્ય કેળવી **'ધણી તો એક મહાવીર,'** એવા એવા અનુપમ અરિહંત-શરણ સાથે સર્વ ત્યાગપૂર્વક ચારિત્ર માર્ગે પ્રયાણનું અલૌકિક શૂરાતન આ બધું ફળ લક્ષમાં લો; અને એના પર દાન-સુકૃત-દાન-ગુણનું મહત્ત્વ વિચારો કે કેટલું દીધું ? અને કેટલો ઊંચો દાનગુણ ?

આપણે ગમે તેવા ગુણિયલ છતાં બીજાના ગુણ પર ઓવારી જવા માટે એ ગુણની આગળ-પાછળના સંયોગ, પરિસ્થિતિ હૃદયના ભાવ વગેરે કેટલું ય જોવું જોઈશે. આ શાલિભદ્રના દાનની વિચારણા કરી એના પરથી દાનક્રિયામાં શું શું જોઈએ એનું માપ કાઢી શકાશે. જુઓ આ તારવણી કે,

**વિશિષ્ટ દાન ધર્મ આરાધવામાં શાલિભદ્રનું દૃષ્ટાંત કઈ કઈ આવશ્યક્તા બતાવે છે,**

(૧) મહા કષ્ટે મળેલી અને કદાચ પૂર્વે કદી નહિ યા કવચિત્ મળેલી વસ્તુનું ખાસ કરીને દાન.

(૨) આપણા ઉપભોગ-મજાને પણ ધક્કો લગાડે એટલા પ્રમાણમાં દાન.

(૩) વિચાર કરી કરી, તોળી તોળીને, ટૂકડે ટૂકડે નહિ, પણ એકી કલમે ઉત્સાહભેર દાન.

(૪) સામાને કરગરાવીને કે યાચના કર્યા કરાવીને નહિ, પણ પોતે કરગરીને દાન.

(૫) દેતાં પહેલાં દાનની ઉત્કટ ઊછળતી હોંશ-અભિલાષા, દેતી વખતે અનહદ ઉછરંગ અને દીધા બાદ એવી ભરપૂર અનુમોદના કે બીજી સ્વાર્થની વાત વસ્તુનાં મહત્ત્વ જ ભૂલાવી દે. મીઠાં સ્મરણ દબાવી દે.

(૬) દેવામાં કોઈ સારા દેખાવા-કરવાની, યશ-સન્માનાદિની લેશ પણ કાંક્ષા નહિ, ઊલટું કોઈ ન જાણે તો સારું એવી સાવચેતી; યશ-કીર્તિ કરતાં દાનનું એટલું ઊંચું મૂલ્યાંકન.

(૭) દેવામાં દીધા સિવાયનું જે પાસે બાકી રહેવાનું હોય તેટલા પ્રમાણમાં સંસાર કપાયા સિવાયનો માથે પડ્યો રહ્યો લાગે.

(૮) બધું જ દેવાની હોંશ; જે દેઈ શકાય એમાં પણ, હૈયું ગદ્ગદ, આંખે ઝળઝળિયાં, કાયા થનથન નાચે, મુખ પર અપૂર્વ હર્ષની રેખાઓ ચમકી ઊઠે, મનને થાય 'આહાહાહા ! હું રાંક, ને મારા ભાગ્યમાં આવું સુપાત્ર દાનનું મહાસુકૃત !' જાણે અસંભવિત ઘટનાની કલ્પનાનો હૈયે પારાવાર હર્ષ !

(૯) પાછળથી કોઈ દુઃખના પ્રસંગમાં પણ પૂર્વે થઈ ગયેલ દાનાદિ સુકૃતનો પરમ આનંદ જીવતો જાગતો.

શાલિભદ્રના પૂર્વના ગમાર જીવના ય દાનમાં આ અદ્ભુત વિશેષતાઓ ભરી પડી હતી. એને સમજીએ તો એનું દાન અતિ ઊંચું લાગે, અથાગ અનુમોદના થાય. રાજપુત્ર રુક્મિના બ્રહ્મચર્યની અનુમોદના કરે છે.

શાસ્ત્રકાર મહર્ષિ અહીં રુક્મિના ચરિત્રમાં બતાવી ગયા કે પરદેશી રાજકુમાર રુક્મિરાજાના રાજ્યમાં આવે છે. કેમ વારુ ? એટલા જ માટે કે દૂરથી એણે રુક્મિના નિર્મળ બ્રહ્મચર્યના અને એના બ્રહ્મ તેજથી રાજ્યની સલામતી તથા દુશ્મનના દબાઈ જવાની ખ્યાતિ સાંભળી છે, સાંભળીને એના બ્રહ્મચર્ય પર ઓવારી ગયો છે, હૈયે ભારે અનુમોદના અનુભવી રહ્યો છે, અને તેથી એ બ્રહ્મચારી બાઈનાં દર્શનથી જાતને કૃતાર્થ કરવાની એને તાલાવેલી જાગી છે. જીવનમાં દેવાધિદેવ તથા તીર્થ, જીવદયા, શાસ્ત્રના અક્ષર અને આવા ગુણસંપન્ન ઉત્તમ જીવો સિવાય બીજું



દેખવા જેવું છે પણ શું ?

**રાજકુમાર આવી પહોંચ્યો રુક્મિના રાજ્યમાં.** એમાં ય ઠેઠ રાજ દરબારમાં જઈ ચડ્યો. દરબાર ભવ્ય ભરાયો છે. સામે મધ્યમમાં ઊંચા સિંહાસન પર રાજા તરીકે રુક્મિ બિરાજે છે. બે બાજુ ચામર વીંજાય છે. માથે છત્ર ધરાયેલું છે, પાછળ પંખાવાળો વીંજણો હલાવી રહ્યો છે; આગળ બંદીવાન ઊભા છે. સભામાં મંત્રીઓ, ખજાનચી, સેનાપતિ, કોટવાળ બીજા અમલદારો, નગરશેઠ વગેરે શેઠિયા, બ્રાહ્મણો, પંડિતો; નગરજનો, જોગી સંન્યાસીઓ, પરદેશી-મહેમાનો; ઈત્યાદિથી રાજદરબાર શોભી રહ્યો છે, ત્યાં પેલો રાજકુમાર પણ ગોઠવાઈ જાય છે. અને રુક્મિના દર્શન કરતાં રોમાંચ અનુભવે છે.

એના મનને થાય છે 'અહો ! કેવો પવિત્ર આત્મા ! કેટલું એનું દુષ્કર વ્રત આ સંયોગમાં પાળવાનું પરાક્રમ ! ધન્ય દિવસ મારે આજનો કે મને આ દર્શન મળ્યું !...'

**રુક્મિને નિમિત્ત મળતાં કર્મની વિચિત્રતા :-**

હજી તો એ અનુમોદનામાં આગળ વધે જાય છે, એટલામાં એની આખી વિચારસરણી ફેરવી નાખે એવું ત્યાં બન્યું, રુક્મિની દૃષ્ટિ આ નવા આવેલા રાજકુમાર ઉપર પડી. રુક્મિ પવિત્ર બાઈ છે, વર્ષોના સદ્ભાવના પૂર્વકના નિર્મળ બ્રહ્મચર્યની અભ્યાસવાળી છે. પરંતુ નિમિત્ત અને કર્મપરિણતિ-કર્મવિપાકની વિચિત્રતા શું કામ કરે છે ! અનાદિનો અભ્યાસ તો ઈન્દ્રિયોના મનગમતા વિષય તરફ ખેંચાઈ જવાનો જ છે, આત્મામાં વીતરાગ ન બને ત્યાં સુધી મોહનીય કર્મનાં દળિયાંનો એવો જથો છે કે એના ક્ષયોપશમને ચાલુ રાખવાની પૂરી તકેદારી ન હોય તો નિમિત્ત ઊભું થતાં ઝટ એમાંથી કર્મદળિયાં વિપાક-ઉદયમાં આવી જવા તૈયાર છે. બસ, એવું જ અહીં બન્યું. રુક્મિએ સાવધાની ગુમાવી, રાજકુમારનું દેખાવડું રૂપ જોવારૂપી નિમિત્ત મળ્યું, એ ભૂલી પડી.

રુક્મિના મનને થયું, 'કેવું ફૂટડું રૂપ ! કામદેવનો જાણે અવતાર જોઈ લો ! આના મુખ પર કેટલું લાવણ્ય દીપી રહ્યું છે ! કેવું અનુપમ સૌંદર્ય છે !...' એના દિલમાં રાગવાળી અભિલાષાનો વિકાર જાગી ગયો. દૃષ્ટિ વિકારી બની ગઈ.

**પુદ્ગલના ભાવનો વિચાર :-**

વસ્તુનું દર્શન તો થાય, પરંતુ એમાં જ્યારે હૈયાનો વિકાર ભળે છે ત્યારે એ દર્શન મલિન બને છે. એમ તો નિર્વિકાર મહાત્માઓને ય સામે આવી ગયેલ વસ્તુ દેખાઈ તો જાય છે. વીતરાગ-સર્વજ્ઞ આત્માને તો જગતભરના ત્રણેય કાળના પદાર્થ દેખાય છે. એમાં અતિશય મનોહર રૂપવાળા પદાર્થ પણ જરૂર દેખાય. છતાં એ માત્ર

દર્શન જ છે, શુદ્ધ દર્શન એટલે કે એની સામે હૃદયનો કોઈ રાગ નથી; વીતરાગ ભાવે દર્શન છે. નિર્વિકાર દર્શન છે. 'રૂપ બહુ સરસ ! એમ કોઈ આશ્ચર્ય કે આકર્ષણ કરવાનું નથી. ચંચળ-પરિવર્તનશીલ રૂપમાં શું મોહવાનું હતું ? એના એ આજે સુંદર દેખાતા રૂપ કાલાન્તરે મલિન બની જાય છે. અત્યંત મલિન એવા અણુઓ મહાસુંદર બની બેસે છે. પલટાતા પુદ્ગલ પર ક્યાં સ્થિર હાશ કરવા જેવું જ છે ? એમ જડ પુદ્ગલની લીલા પર ક્યાંય રુચિ કે અરુચિ, આકર્ષણ કે નફરત કરવા જેવી જ ન લાગવાથી એનું દર્શન થાય તે શુદ્ધ થાય છે, નિર્વિકાર દર્શન થાય છે. રુક્મિના આજ સુધીના પ્રયત્ન સાવધાનીના હતા, પરંતુ આજે નિમિત્ત મળતાં અને પોતાના હૃદય પર કાબુ ન રહેતાં મોહનીય કર્મનો ઉદય ટપકી પડ્યો. કામ-વાસનાથી-વિકારી દૃષ્ટિથી રાજકુમારનું મુખ જોયું.

**નિમિત્ત તારે છે, નિમિત્ત મારે છે.** માટે જ જ્ઞાનીઓનો આ ઉપદેશ છે કે સારાં આત્મહિત પ્રેરક નિમિત્ત બહુ સેવો, અને અહિતકારી નિમિત્તોથી સદા દૂર રહો, કદી એનો ભરોસો કરો નહિ. 'ના. હું તો બહુ મક્કમ છું, સારી ભાવનાવાળો છું, નિમિત્ત મને શું કરનાર હતું ? આવા વિશ્વાસે જરાય રહેવા જેવું નથી. કેમકે નિમિત્ત ચીજ એવી છે કે ચાહીને એના સંપર્કમાં જાઓ એટલે ભાવના ફેરવી નાખે.

**એવા અવસરે આ ખાસ યાદ જોઈએ કે,** હું હજી વીતરાગ નથી બન્યો. એટલે મારા આત્મામાં મોહનીયનાં વિવિધ કર્મ દળિયાં સત્તાગત પડેલાં જ છે. એના નિષેક મુજબ અર્થાત્ ક્રમસર સમયે સમયે ઉદયમાં આવવાની થયેલી રચનાનુસાર એ એ ઉદયમાં પણ આવ્યે જાય છે. માત્ર મારી સાવધાનીને લીધે એ પોતાનો વિપાક દેખાડવાને બદલે એમજ ઉદય પામી આત્મા પરથી છૂટાં થઈ જાય છે. પરંતુ જો અનુકૂળ નિમિત્ત મળ્યું તો સાવધાની ક્ષણભર સૂતી રહેશે અને કર્મનો વિપાકોદય થતાં વાર નહિ લાગે.'

આ ખ્યાલ જાગતો રહેવો જોઈએ. ખાસ કરીને તેવાં દર્શન કે તેવાં વાંચન, યા શ્રવણ કે સ્મરણ વખતે તો વિશેષ રાખવાનો. એટલે આપણું ચાલે તો એવાં નિમિત્તથી ખસી જઈએ. જ્ઞાનીઓએ બ્રહ્મચર્યની નવ વાડ અમસ્તી સેવવાનું નથી કહ્યું. સમજીને જ કહ્યું છે કે નવ વાડનું પાકું પાલન કરો. બ્રહ્મચર્ય ભાવને ધક્કો લગાડે એવાં એ નિમિત્તોથી દૂર જ રહો.

**આહારની આત્મા પર અસર :-**

કહ્યું છે ને કે 'પ્રણીત આહાર ન કરો.' પ્રણીત એટલે દૂધ-ઘી-દહીં વગેરેથી લચપચતો. ઉદરમાં એ વિગઈઓ ઠલવાય તે એનો ભાવ ભજવ્યા વિના રહેશે ? પેટમાં પધરાવેલું રસ વગેરે થવા દ્વારા આત્મપ્રદેશ સાથે એકમેક થાય છે. તો એ



મશાલા આત્મા સાથે એકમેક થયેલા એને કેમ ઉત્તેજિત નહિ કરે ? સમજી જ રાખવું જોઈએ કે રસકસ જરૂર અસદ્ વીર્યોત્તેજન કરશે, એથી ચિત્તના વિશુદ્ધ ભાવને ધક્કો લગાડશે, વિકારી ભાવને જગાડશે. પછી વ્યવહાર આદિ બંધનથી કદાચ કાયિક તેવું અકૃત્યાચરણ નહિ થાય, તો ય દિલમાં એક પ્રકારનું મધુરું આકર્ષણ ઊભું કરશે, કદાચ ક્યાંય વાણીમાં ય એ ટપકી પડશે, અને સંભવ છે દૃષ્ટિમાં પણ એ ઝેર ઊતરશે.

**વિગઈઓના સેવનથી પુષ્ટ કરાયેલા આત્મપ્રદેશ થનગનતા બને છે.** એનો થનગનાટ કામરાગને પોષે છે, જે એક યા બીજા રૂપે મન-વચન કે કાયાના વિકારી યોગમાં ઊતરે છે, અર્થાત્ વિકારી વિચાર-વાણી-વર્તાવ પ્રવર્તાવે છે.

આવું જ સ્ત્રીનાં અંગોપાંગદર્શન-વચન-શ્રવણ, સ્ત્રીકથા, કામકથાશ્રવણ-વાંચન વગેરેમાં પણ થાય છે. અરે પૂર્વની તેવી કામચેષ્ટાનાં સ્મરણમાં પણ બને છે.

હવે વિચારો આજના સંયોગો. જ્યાં ને ત્યાં રેડિયોમાં સ્ત્રીનાં મધુર ગીત ગવાતાં સાંભળવા મળે, જાહેર રસ્તા પર સ્ત્રીઓનાં સહશિક્ષણ-સહવાસ મળે, છાપા-નોવેલ-નવલિકાઓમાં ભરપૂર સ્ત્રીકથા વાંચવા મળે, આજના મર્યાદા બહારના સંસાર વ્યવહારમાં સ્ત્રીઓ સાથે વાતો ચીતો મળે,...બ્રહ્મચર્ય કે સદાચારની ભાવના સામે આ ખુલ્લા બળવા સમા સંયોગોના સેવનમાં એ પવિત્ર ભાવ ક્યાં ઊભા રહી શકે ? એનું કાસળ જ નીકળી જાય.

**બ્રહ્મચારીને પાંચે વિષયોથી સાવધ રહેવાનું :-**

જુઓ તો ખરા કે રુક્મિને 'આ કેટલું સુંદર રૂપ !' એવું રૂપનું આકર્ષણ માત્ર થયું છે. એમાં પણ એ વિકારના માર્ગે ચઢી. શાસ્ત્ર કહે છે;

**'सद्दा रूवा रसा गंधा फासाणं पवियारणा ।**
**मेहुणस्स वेरमणे एस वुत्ते अइक्कमे ॥'**

શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શની આકર્ષણભરી વિચારણા એને બ્રહ્મચર્યનો અતિક્રમ-પ્રાથમિક ઉલ્લંઘન કહ્યું છે. ષડ્દ્રવ્યની ચિંતામાં પુદ્ગલદ્રવ્યના શબ્દ-રૂપાદિ પર્યાયો કેવા પલટતા રહે છે વગેરે તાત્ત્વિક વિચારણા એ ઉલ્લંઘન નહિ, પરંતુ એમ તો શબ્દ-રૂપાદિ પ્રત્યે લેશ પણ આકર્ષાવાની કે સારું સુંદર માનવાની વાત નહિ. બાકી આકર્ષણવાળો સહેજ પણ શબ્દવિચાર, રૂપવિચાર, રસવિચાર વગેરે તો સીધા અતિક્રમ રૂપ જ થાય. ત્યારે દર્શન અને વિચાર, કે શ્રવણ ને વિચારવાનું તો પૂછવું જ શું ? તપાસી જુઓ જાતમાં કે રૂપાદિનાં દર્શન કે શ્રવણ યા સ્મરણ કેવાં થાય છે ?

રુક્મિ ભૂલી પડી. એની દૃષ્ટિમાં રૂપદર્શન થતાં આકર્ષણ આવ્યું, કામરાગ

આવ્યો, નિમિત્તે એને પછાડી. વર્ષોના સારા અભ્યાસની શરમ ત્યાં ન પહોંચી. ધૈર્ય ગુમાવ્યું એટલે વિકાર ચડી બેઠો. માટે કવિ કહે છે,

**'विकार हेतौ सति विक्रियन्ते, चेतांसि येषां न त एव धीराः ।'**

અર્થાત્ વિકારનું નિમિત્ત મળ્યું છતાં જેમનું ચિત્ત-જેમના વિચાર વિકૃત ન થાય, બગડે નહિ તે જ ધીર આત્મા છે,

**ધૈર્ય આ,** કે તેવું નિમિત્ત આવી પડતાં મન ન જ બગાડવું, રાગાદિ વિકારને જાગવા જ ન દેવો. એવા અવસરે તો,

**મન પર પાકી મક્કમતા** જોઈએ કે, 'હું નિર્વિકાર અજ-અવિનાશી શુદ્ધ આત્મા. નિમિત્ત ગમે તેવા આવે; મારે વળી લહેવાઈ જવાનું શું ? લાગણી સુંવાળી કરવાની શી ? વિકારની સામે તો હું કઠોર પત્થર જેવો છું. જીવ ઘેલો મેલો થાય એ બીજા, હું નહિ.'

નથી ને વિકારી થઉં તો એ નિમિત્તો મને શું પરખાવી દેવાના હતા ? કશું જ નહિ, માત્ર વિહ્વળતા, વેવલાપણું, સ્વસ્થતાનો નાશ, જિનાજ્ઞારસને બદલે જડ વિષયરસ...વગેરે વગેરે આ કોણ વહોરે માથે ? નિમિત્ત તો આવ્યું ને જશે, પણ આ વિહ્વળતાં ઊભી રહેશે.

**નિમિત્ત પર વિહ્વળ બનવું એ આત્માની નબળી કડી છે.** એનો લાભ ઉઠાવીને દુશ્મન માથે ચડી બેસે છે. વિહ્વળ બનવાથી પુરાણી નબળી કડી મજબૂત થયે, અને આમ ને આમ એનું પોષણ કર્યે ગયે ક્યારે ઊંચા આવવાનું ? એ તો એનો અનેક વાર સામનો કર્યે જવાય, ત્યારે જ એ જુગજુની નબળી કડી મોળી પડે; ધીમે ધીમે ઘસારો પામે."

આવી કાંઈ દઢ વિચારણા મનમાં રમતી રખાય, અવર નવર એની ભાવના કરાય, એ અંગે જિનવાણીનું શ્રવણ-વાંચન રખાય; તો જ નિમિત્ત આવી પડતાં બચાવ થઈ શકે. નહિતર તો આત્માનું મોત જ સમજો, આત્માના ભાવ પ્રાણરૂપ શુભ અધ્યવસાય ખતમ !

**નિમિત્ત આવી પડતાં વિકારોથી બચવા માટે,**

(૧) ભગવાન જિનેશ્વરદેવનું શાસન ઉચ્ચ આલંબન આપે છે;
(૨) કોઈ સતા-સતીઓનાં નિર્મળ ચરિત્ર પણ અદ્ભુત પ્રેરણા આપે છે;
(૩) સંસારની વ્યાપક દુઃખદ સ્થિતિનો વિચાર પણ સાવધાની આપે છે;
(૪) શાસ્ત્ર સ્વાધ્યાય, જિનવાણીનું  શ્રવણ અને સત્સંગ બચાવ આપે છે.
(૫) જીવ-અજીવ આદિ નવ તત્ત્વનું ચિંતન, કોઈ તાત્ત્વિક વિચારસરણી,
(૬) કોઈ સિદ્ધગિરિ જેવી ઠેઠ તળેટીથી માંડી ઉપરના બધા દેરાસર અને



ભગવાનની યાત્રાનું ક્રમસર સ્મરણ, એવા કોઈ અંજનશલાકા-મહોત્સવ જેવા ધર્મ પ્રસંગનું ક્રમશઃ સ્મરણ વગેરેમાં પણ મન જોડી દેવાથી આગંતુક નિમિત્ત પરનો વિચાર જ હટી જાય છે. પછી વિકારને સ્થાન જ ક્યાં મળે ?

રુક્મિને વિકારનું નિમિત્ત મળ્યું, પણ જો આવી કોઈ સાવધાની રાખી હોત તો એ બચી જાત. આવા અવસરે સત્ પુરુષાર્થ ખાસ વિકસાવવો પડે.

**રાજકુમારને અસર :-**

હવે આ રાજા રુક્મિની રાજકુમાર ઉપરની રાગવાળી દૃષ્ટિ રાજકુમારના ખ્યાલમાં તરત આવી ગઈ, ચકોર છે ને ? ઉપરાંત પોતે પવિત્ર હૃદયવાળો છે આમે ય સામાન્ય રીતે વિજાતીયના ભાવ એટલે કે સ્ત્રીને પુરુષના અને પુરુષને સ્ત્રીના ભાવ દૃષ્ટિમાં કેવા તરવરે છે તે સામાની સમજમાં આવી જાય છે. પછી એ પોતે પણ દુષ્ટ હૃદયવાળો હોય તો એવી સરાગ દૃષ્ટિને એવી જ દૃષ્ટિથી નવાજે છે. બે ય સરખા થયા એટલે પતન આગળ વધતા વાર નહિ ! પછી ભલેને કદાચ દૃષ્ટિના માર્ગે જ ચાલ્યા કરે એમ પણ બને કિન્તુ એમાં ય દિનપ્રતિદિન હૈયાની કલુષિતતા વધતી જાય છે. એ કલુષિતતા પણ જેવી તેવી ભયંકર નથી હોં. બાહ્ય લોકવ્યવહાર આદિ કારણે દૃષ્ટિદોષથી આગળ ન વધી શકે એ જુદી વાત, પરંતુ એટલામાં ય થતો ચિત્તસંકલેશ યાને મનની મલિનતા ભારે ખતરનાક બને છે. લેશ્યા કાળી, અધ્યવસાય કૂડા, લાગણી લંપટ, વલણ અજુગતું, વિચારધારા પાપિષ્ઠી ! પરલોકનો ભય ડૂલ !

**આજનાં** સહશિક્ષણ-સિનેમા-છાપાં-સહસર્વિસ-જાહેરમાં સ્ત્રીઓએ ભાગ લેવો, જાહેરમાં કાર્ય કરવાં, વગેરેએ દાટ વાળ્યો છે ! એણે આ દૃષ્ટિદોષ અને એની પાછળના ચિત્તસંક્લેશાદિ સુલભ કરી દીધા છે ! હવે એ કાળી લેશ્યા, કૂંડાં અધ્યવસાય, લંપટ લેશ્યા, અજાુગતાં વલણ, યાવત્ પાપિષ્ઠાઈ ફાલે ફૂલે એના ભયંકર નતીજાની ખબર છે ?

એક તો ઠેઠ નરકમાં પરમાધામી બે આંખોમાં તીક્ષ્ણ ભાલા વગેરે ભોકે, તે પણ વારંવાર કોચ કોચ કરે અને તેવાં ય કષ્ટ અસંખ્ય વર્ષો સુધી, ત્યાં સુધીના પણ ચીકણાં કર્મ બંધાઈ શકે છે ! બાકી આંખ જ નહિ એવા એકેન્દ્રિય-બેઈન્દ્રિયના-તેઈન્દ્રિયના અવતાર, યા આંખવાળા અવતારમાં આંખે રોગ, પીડા, શૂળ, બળતરા વગેરેનાં ય કર્મ ઊભા થાય ! સાથે જ્ઞાનાવરણ, અશાતા વેદનીય, મોહનીય, નીચ ગોત્ર, અંતરાય કર્મ, અશુભ અપયશ-દૌર્ભાગ્ય-અનાદેય વગેરે નામકર્મ બંધાય એ તો વધારામાં. પરસ્ત્રી પર એકવાર પણ દૃષ્ટિ બગાડાય તો ય આ લોટ મળે છે, તો જેને જિંદગીની આદત જ એવી બની ગઈ છે એની કઈ ભયંકર દુર્દશા ? કેટલાં

પાપકર્મોનાં જથ્થાના જથ્થા ! આ પરિણામ સમજ્યા પછી પણ એ કુછંદ ન છોડાય એમાં દિલ ભયંકર પાપધીટ સમજવું રહ્યું.

શું આટલા ઊંચા મનુષ્ય ભવમાંથી આ પરિણામ લઈને જવાનું ? ખૂબી તો પાછી એ કે જ્યાં ત્યાં દૃષ્ટિ ફેંકી દૃષ્ટિ બગાડીને મળવાનું કાંઈ નહિ. ઊલટું, હૃદયદાહ, નિઃસત્ત્વતા, તામસભાવ, લોકની દૃષ્ટિએ હલકાઈ વગેરે પ્રત્યક્ષ નુકશાન વહોરવાનાં તો પછી આ શી લત ? પરનું રૂપ ગમે એટલે પછી ઘરનાં નહિ ગમે. વળી આ દૃષ્ટિચોર, રૂપચોર માણસ મેલા વિકલ્પમાં ચઢી માનસિક અને આગળ વધીને કદાચ કાયિક દુરાચારમાં ય ફસાવાનો ! આ તો આ લોક અને પરલોકનાં પરિણામની વાત થઈ.

**હવે પરંપરાનાં પરિણામ** જુઓ, દૃષ્ટિ બગાડવાનો હરામ ચસ્કો લાગ્યો એટલે પછી વારંવાર એ પાપ ચાલ્યું, એથી કાળી લેશ્યા, કૂડાં અધ્યવસાય વગેરે પોષાવાના. તે પણ પાછું દૃષ્ટિનો વિષય ખસી જવા છતાં મનમાં એના વિચાર ચાલવાના. આ બધાથી આત્મામાં ઘેરા કુસંસ્કાર અને પાપના અનુબંધ-બીજ મજબૂત થાય છે. એનો પોટલો માથે ઊંચકીને પરલોક જવું પડે છે. ત્યાં પછી એ કુસંસ્કારો એ પાપાનુબંધ એનો ભાવ ભજવે છે. તે એટલે સુધી કે અહીં દેખીતું પાપ તો એક દૃષ્ટિ બગાડવાનું જ કર્યું હતું, પરંતુ એની પાછળ જે કૂડાં અધ્યવસાયો અને મલિન વિચારણાઓ કરી હતી એના કુસંસ્કારના ફળરૂપે પરભવે અનેકાનેક પાપ કૃત્યો ફૂટી નીકળે છે. ભવ દુર્ગતિનો, એટલે ત્યાં એ દુષ્કૃત્યોની કોઈ અરેરાટી, કોઈ અકર્તવ્યબુદ્ધિ, કોઈ પશ્ચાત્તાપ વગેરે રહેતું નથી. તેથી ખુશમિશાલ હિસાબ વિનાનાં પાપાચરણ ચાલે છે. અને એ ચાલે પછી જંગી પાપકર્મોના બંધ, નવી દુર્ગતિનાં સર્જન, અને કાળે કરીને દુર્ગતિમાં જઈ પડવાનું. પાછું ત્યાં પાપકૃત્યોનું જ એક જીવન, એટલે ચાલી એવી પરંપરા ! અહીં બાંધેલા પાપકર્મોના ઉદયે ત્યાં દુઃખ તો અપરંપાર ભોગવવાનાં, છતાં વધારામાં આ પાપાચરણનું જ જીવન ! આ બધું શામાંથી ? પુરુષને પરસ્ત્રી સામે દૃષ્ટિ નાખ્યા કરવાનું.

આ તો બેમાંથી બંને ય દુષ્ટ હૃદયવાળાની વાત થઈ.

હવે એક જણ પવિત્ર હોય તો પોતે તો વિકારી દૃષ્ટિ નાંખે નહિ, પરંતુ સામી વ્યક્તિ તેવી દૃષ્ટિથી જુએ તો તરત પરખી લે છે કે આની નજર બગડી. આજે સ્ત્રીઓ પર એવી વિકારી દૃષ્ટિ નાખનારા પુરુષો પાછા ભોળા મૂર્ખ હોય છે તે એમને ગમ નથી પડતી કે આ સામે જેના પર દૃષ્ટિ ફેંકું છું એણે મારો ભાવ પરખી લીધો છે, અને મને લબાડ લેખી મારાથી સાવધાન બની જાય છે. આ સૂઝ નથી પડતી એટલે કેટલીક વાર આગળ વધીને લપૂડાવેડા કરવા જાય છે, પણ માર ખાય છે.



સ્ત્રીઓ કોમળ પરિણામવાળી હોય છે એટલે 'મૂર્ખ હોય છે' એવું સમજતા નહિ. પુરુષને તો એ દૃષ્ટિ પરથી પરખી લે છે. હા, પોતે પવિત્ર દિલવાળી હોવી જોઈએ. જો આજના જમાનાવાદમાં ભળેલી હોય તો તો પવિત્રતા ક્યાંય દૂર રહેવાની. જમાનાના વેશ સજવા, ઢાંકવાના અંગો ખુલ્લા રાખવા, એ શું સૂચવે છે ? પરપુરુષોને એ દેખાડવાનો જ ભાવ કે બીજું કાંઈ ? એવું દેખાડવાનું મન કોને થાય ? શ્રાવિકાને કે ગણિકાને ? પવિત્ર શીલવાળાને કે વિકારી હૈયાવાળાને ? કદાચ બહારથી ભ્રષ્ટ ન હોય પણ હૃદય કેવું ? ચમકશો નહિ, સદાચારની ભાવનાના ભંગના અનેક પ્રકાર છે. જેમ રાગદૃષ્ટિએ બીજાનું અંગોપાંગ જોવાનું મન થાય એ સદાચાર-ભાવનો ભંગ છે, એમ બીજાને આપણું દેખાડવાનું મન થાય એ પણ સદાચાર ભાવને ધક્કો લગાડનાર જ કહેવાય. વિચાર તો કરો કે આમાં માત્ર પોતાના જ પવિત્ર ભાવનો ભંગ નહિ, કિન્તુ એ જોનાર બીજા કેટલાયના પવિત્ર ભાવનો ભંગ કરે છે, એ કેટલું ભયાનક ? અજ્ઞાન-જીવો દૃષ્ટિના દોષથી પીડાઈ રહ્યા છે, પરંતુ નિમિત્ત ન મળવાથી દોષ સક્રિય નથી બનતો. દુષ્કૃત્ય નથી કરાવતો; તો તેટલા કુસંસ્કાર અને પાપકર્મોના ભાર નથી વધારતો. પણ નિમિત્ત મળ્યું, એટલે કેટલી બધી આપણી નિર્દયતા-નિર્ઘૃણતા-ક્રૂરતા ! શું ઢાંકવાના અંગ ખુલ્લા મૂકનાર કે ચેષ્ટા કરનાર આવી સામાની કતલ થાય તેવી નિર્દયતા નથી કરી રહ્યા ?

'જીવો બિચારા પાપની સામગ્રી નથી મળતી તો પાપકૃત્ય અને જાલિમ કર્મબંધથી બચી રહ્યા છે. હવે એને હું એવી સામગ્રી પૂરી પાડવાની ક્રૂરતા કાં કરું ? આવી નીતરતી જીવદયા હૈયે સ્ફુરાયમાન રહે તો બીજાને પાપનાં નિમિત્ત આપવાથી કે નિમિત્ત બનવાથી બચી જવાય. જેવું આપણાં રૂપ-ગાત્રના પ્રદર્શનમાં અને ચેષ્ટામાં તેવું અન્ય કામવચન-પાપોદેશ-શાસ્ત્રદાન વગેરેમાં સમજી લેવાનું.

**વાત આ છે કે આત્મા પર ઈન્દ્રિયોની જ્યાં સુધી દોરવણી છે,** ઈન્દ્રિયો ધારે એમ આત્માને વિષયો તરફ તાણી જવા સમર્થ રાખી છે, ત્યાં સુધી નજીવા પણ નિમિત્ત મળતાં ઈન્દ્રિયો દ્વારા આત્મા અસત્ પ્રવૃત્તિ અને અસદ્ ભાવમાં ઘસડાઈ જવાનો. એ વર્ચસ્વવાળી ઈન્દ્રિયો દુષ્ટ-જંગલી ઘોડા જેવી છે, અને એના સ્વાર આત્માને કેઈ અશુભ ભાવો-પાપવિચારો-કુવિકલ્પો-મેલી લેશ્યા-લાગણી વગેરે અટવીમાં ઉતારી દે છે, પરિણામ વિરાટ ભવાટવીમાં ભટકતો કરી નાખે છે.

**રાજકુમારની ભાવિતતત્ત્વતા :-**

રુક્મિ પરદેશી રાજકુમારના રૂપ-લાવણ્ય પર ભૂલી પડી, રાજકુમારે એની દૃષ્ટિમાં વિકાર તરત પરખી લીધો. એનાથી સહન થયું નહિ, કેમકે એ ભાવિતતત્ત્વ હતા. જીવ-અજીવ, આશ્રવ-સંવર વગેરે સર્વજ્ઞોક્ત પદાર્થ એણે ભાવિત કરેલા છે.

દૃષ્ટિ જ ભરપૂર શ્રદ્ધા સાથે ટંકશાળી જિનવચનને અનુસારે જોવાની બનાવી દીધી છે. સર્વજ્ઞ કહેલ પદાર્થ-વ્યવસ્થા અણીશુદ્ધ સાચી માન્યા પછી એનું જ્ઞાન મેળવીને વારંવાર એનું ચિંતન-મનન-ભાવન કર્યું છે, ભાવિત કરેલ તત્ત્વથી જગતના ભાવોને એ રીતે જ નિહાળવાનું કર્યું છે.

**તત્ત્વ ભાવિત એટલે :-**

મોટા આરંભ-સમારંભના જલસા ઊડ્યા ત્યાં એને સુખના અર્થો એવા પણ અસંખ્ય સ્થાવરકાય જીવોનો કચ્ચરઘાણ થતો દેખાય. પૈસા આવ્યા ત્યાં લાગે કે આ મોજમજાનો નહિ, પણ અનેકાનેક આશ્રવો સેવવાનો દરવાજો ખૂલ્યો ! દુનિયાની ભારે દોડધામ દેખાય ત્યાં થાય કે 'આ કર્મબંધના રોકડાં ઇનામ દે છે.' આપત્તિ-સંપત્તિને કર્મના ચોખા વિપાક દેખે...આમ જિનોક્ત જીવ-અજીવ આદિ પદાર્થ વ્યવસ્થાને જગતમાં ઘટાવ્યા કરે; એમ કરીને જ્ઞેય જીવ-અજીવ તત્ત્વમાં ઉદાસીનભાવ, હેય પાપ-આશ્રવ-બંધ તત્ત્વોમાં છોડવાનો ભાવ અને પુણ્ય-સંવર-નિર્જરા-મોક્ષ તત્ત્વમાં આદરણીયતાની બુદ્ધિનો ભરપૂર અભ્યાસ વારંવાર કરતો જ જાય, કરતો જ જાય. એટલે ચિત્ત હવે જીવાદિ પદાર્થોથી ભાવિત થતું જાય છે.

અહીં ધ્યાન રાખવાનું છે કે પૈસા-ટકા-પરિવાર, ખાન-પાન આદિ સગવડો વગેરેને જગત જે રીતે નિહાળે છે અને નવાજે છે, શી રીતે ? આ જ રીતે કે 'આ, બધા ખરી મોજમજાનાં સાધન છે,' એવો ભાવ જાગે છે, એ રીતના ભાવથી નહિ, કિન્તુ આ બધું મહાન આશ્રવ કે આશ્રવનાં સાધનરૂપ છે. આત્માને કર્મબંધનોથી બાંધનારા છે; જેના પરિણામ દુઃખદ છે; ભવચક્રમાં બાંધી રાખવા રૂપ છે. એ રીતે નિહાળવા-નવાજવાનું થાય, એનો અભ્યાસ કરતાં કરતાં એ દૃષ્ટિ રાખવાનું અને એ રીતે અપનાવવાનું સિદ્ધ થાય ત્યારે કહેવાય કે આત્મા આશ્રવ પદાર્થને ભાવિત કરનારો બન્યો. એવું જીવ-અજીવ આદિ બધાય પદાર્થમાં સમજવાનું. એનાં દર્શન-શ્રવણ-સ્મરણની પોતાના આત્મા પર તેવી તેવી અસર થાય.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"　　વર્ષ-૧૩,અંક-૧૦,તા.૨૮-૧૧-૧૯૬૪**

રાજકુમાર એ રીતે જીવાદિ પદાર્થોને ભાવિત કરનારો બન્યો છે એટલે સામે રાજા રુક્મિસ્ત્રી પોતાના પર મોહિત થઈ જાય છે, એ પ્રસંગને જુઓ કેવી રીતે એ નિહાળે-નવાજે છે,

**રાજકુમારની રુક્મિની કુદૃષ્ટિ પર વિચારણા :-**

રાજકુમારના મનમાં થાય છે કે 'હા હા હા ! આ રાંકડી શું કરી રહી છે !



રાગાભિલાષભરી દૃષ્ટિ નાખીને તો આ બિચારી ઘોર અંધકારમય અને અનંત દુઃખની દાયક નરક પાતાલમાં ઊતરી પડી !

'પરંતુ એનો શો વાંક કાઢું ? વાંક મારા રૂપનો, મારા શરીરનો છે કે એ એને આ રાગ કરાવી રહ્યું છે. ધિક્કાર પડો મને કે જેનું આ પુદ્‌ગલના લોચારૂપ શરીર રાગયંત્ર બની રહ્યું છે !

'તો હવે મારે આવું રાગયંત્ર ધારણ કરી રાખીને શું કામ છે ?

'કોણ જાણે કેટલાયને આ શરીરનું રૂપ રાગના શસ્ત્રથી હણ્યા જ કરનારું બને ! આવી કતલેઆમ ચલાવનાર આ જીવતરથી સર્યું ! હવે તો આ પાપ-શરીરને અંતિમ સંથારે જ ચડાવી દઉં...'

**મહાપુરુષોના વારસાની કદર :-**

જો જો એની વિચારધારા. આપણને કેવા કેવા મહાન પરાક્રમવાળા ઉત્તમ પુરુષોનાં દિવ્ય ચરિત્રનો વારસો મળ્યો છે ! કેવાં આપણાં અહોભાગ્ય છે ! એની કદર પણ કરીએ તો ય તે આપણને પ્રેરણા-પ્રોત્સાહન આપી એવી આત્મતારક વિચારણા અને વીર્યોલ્લાસ જગાડી દે; ઘોર મોહની નિદ્રામાં સુષુપ્ત સુસ્ત આપણા આત્માને ટટાર કરી દે; ઉત્તમ શુભ પુરુષાર્થના માર્ગે ચડાવી શકે એમ છે, પરંતુ એમની કદર કરીએ તો બને ને ? સાંભળીને કાન તળે કાઢી નાખવાનું હોય કે ખાલી શાબ્દિક આડંબર દેખાડવા-માનવાનો હોય કે 'વાહ સરસ વિચારણા કરી !' તો અંદરથી કશું પૌરુષ નહિ જાગે. કદર કરવી જોઈએ આપણને મળેલા આ સચ્ચરિત્રોના મહા કિંમતી વારસાની. એ જાગૃતિ આપે છે, જોમ આપે છે, બેઠાં ત્યાંથી ઊભા કરે છે ! મનને ધક્કો લગાડે છે કે 'ચાલ જીવ ! ઊઠ. **જીવન તો કાણા કુંભમાંથી ઢળી રહેલા અમૃતની જેમ ઢળી રહ્યું છે,** જોતજોતામાં બધું જ ખતમ થઈ જશે. માટે જ્યારે આ મારા ઉત્તમ પૂર્વજોએ આ ભવ્ય વિચારસરણી કરી છે, આ અદ્‌ભુત આત્મહિતનાં પરાક્રમ ક્યાં છે, તો હું પણ એમનાં જ પંથે ચાલુ. એ પૂર્વપુરુષો તો મારા કરતાં કેટલા બધા વધારે બુદ્ધિમાન, વધારે સુખી, અને વધારે ગુણવાન હતા ! તો એમણે કર્યું એ હું કરું એમાં મારે કાંઈ **અંદેશો રાખવા જેવો છે નહિ. બસ, એમની માફક કલ્યાણનો જ માર્ગ છે. માટે ઝુકાવું એમની પૂંઠે.'** ઝાઝું શાસ્ત્રજ્ઞાન ન હોય, તત્ત્વનું તેવું ઊછળતું શ્રદ્ધાબળ ન હોય, તો પણ મહાન બુદ્ધિશાળી અને સુખી આત્માઓ આ કરી ગયા છે એ આલંબને પણ ધર્મનું અને ગુણોનું જોમ પ્રગટે છે.

પ્રસ્તુતમાં આ રાજકુમારની વિચારધારાને અનુસરવા આટલું આલંબન પણ બસ છે કે એવા સુખી અને બુદ્ધિશાળી રાજકુમાર જેવાએ કેવા પ્રસંગમાં કેવી ઉત્તમ

દૃષ્ટિ, વિચારણા અને પોતાના ઉત્તમ કર્તવ્યનો માર્ગ લીધો ? તો મારે પણ એવી જ દૃષ્ટિ વિચારધારા અને કર્તવ્યપંથ મુબારક હો.'

હવે તપાસો એની દૃષ્ટિ, વિચારણા અને કર્તવ્ય-બુદ્ધિ ! કોરી કથાના પ્રેમી બનતા નહિ. એમાં તો માત્ર ક્ષણિક આનંદ અને સરવાળે આત્મા કોરો ધાકોર રહેશે, કશું લઈને ઊઠવાની વાત નહિ ! લેવું હોય તો કથા-પ્રસંગોના પૃથક્કરણ-વિશ્લેષણ કરી રહસ્ય તારવવા જોઈએ.

રાજકુમારે રુક્મિની રાગભરી દૃષ્ટિ પર ખેદ કર્યો એ સૂચવે છે કે એણે સામી તેવી જ નજર ન બનાવી. 'ચાલો, આ રૂપલાવણ્યભરી રુક્મિ આપણા તરફ રાગથી જુએ છે તો આપણે જાતને ભાગ્યશાળી સમજો, અને સામે તેવી દૃષ્ટિથી જવાબ વાળો.' ના આવું ન કર્યું. રાગનું નિમિત્ત ઊભું થઈ જવા છતાં એમાં જરા ય તણાયો નહિ; ગલગલિયાં ન અનુભવ્યાં, દૃષ્ટિ અને હૈયું બગાડ્યા નહિ. ઊલટું જે રુક્મિને એક મહાન આત્મા માની આવ્યો હતો એને હવે રાંકડી તરીકે દેખે છે, અને દૃષ્ટિના દોષમાં એ ઘોર અંધકારમય અને અનંત દુઃખદાયી નરકનો માર્ગ લેતી સમજે છે. તેથી એના પર એને દયા આવી જાય છે.

સદાચારી પવિત્ર આત્માઓને આવા દૃષ્ટિદોષ જેવા દોષ એ ખતરનાક દોષ લાગે છે, અને એને નરકદાતા સમજે છે. શ્રાપ નથી દેતો હોં; હૈયાનો આર્તનાદ પોકારી ઊઠે છે કે અરરર ! આ બિચારીએ નરકનો રાહ લીધો ! એમાં એ દ્વેષ પણ નથી કરતો કે 'આ લુચ્ચી બ્રહ્મચારીની ખ્યાતિ જમાવનારી, એણે આ શો ધંધો માંડ્યો ? હરામખોર !' ના, જરાય આવી દ્વેષની વિચારણા નહિ, સામાને ઢોંગી-પ્રપંચી માનવાની વિચારણા નહિ; કિન્તુ માત્ર એની દયાની જ વિચારણા કરે છે.

**રુક્મિ ઢોંગી કેમ નહિ ? :-**

**પ્ર.-** નવો આવ્યો છે. સાંભળ્યું છે જુદું અને દેખે છે જુદું, તો ઢોંગ ન લાગે ?

**ઉ.-** ના, એનું કારણ એની તત્ત્વ-સમજ છે, તત્ત્વ આ, કે એક આત્મા અમુક વખતે ખરેખર ગુણિયલ હોય; પણ કર્મપરિણતિ વિચિત્ર છે તે નિમિત્ત પામીને એના અધમ કર્મનો ઉદય જાગી જાય એ સુસંભવિત છે. તેથી એ ગુણ ગુમાવી દોષના માર્ગે ચડી જાય, એવું બનવા જોગ છે. એટલે ત્યાં ઢોંગ માનવાનો ક્યાં રહે ? કોઈનો જરા દોષ દેખી ઝટ પ્રપંચીનો આરોપ ચઢાવતાં પહેલાં આ ખાસ ધ્યાન પર લેવા જેવું છે. નહિતર અસદ્ અભ્યાખ્યાન, મૃષા વિચારણા, દ્વેષ, અસહિષ્ણુતા વગેરે ઘોર પાપમાં પડવાનું થાય.

**એવા એવા પાપથી બચવા માટે** આ જ વિચારવાનું કે કર્મના ઉદય વિચિત્ર છે; તે ન ધારેલું કાર્ય દેખાડે એમાં નવાઈ નથી. એવા જીવોની તો આપણે, શુદ્ધ



હૃદયને કાળું કર્યા વિના, શુદ્ધ દયા જ ખાવી રહી, આનો પહેલો પ્રત્યક્ષ લાભ આ કે આપણું દિલ ફોરું રહે, ચિત્ત શાંત સ્વસ્થ રહે, લોહી બળે નહિ, પણ વધે. દ્વેષથી લોહી બળે છે, દયાથી વધે છે.

**પોતાનો દોષ જોવાની કુશળતા :-**

હવે આગળ જુઓ. એ વળી ગજબ વિશેષ વાત છે. રુક્મિ ભૂલે છે એમાં રાજકુમાર પોતાનો દોષ જુએ છે કે 'આ મારું રાગના યંત્રરૂપ પાપશરીર કેવું કે એ આ બિચારીને ભયંકર રાગ પૂરો પાડે છે ! ધિક્કાર પડો એ શરીરને !'

દૃષ્ટિ ક્યાં જાય છે ! રુક્મિ ભૂલી રહી છે તે પોતાની મોહનીય કર્મની પરિણતિને લીધે; પોતાની બિન-સાવધાનીના હિસાબે; છતાં આ રાજકુમાર દોષ દે છે પોતાના શરીરને !

**સજ્જન માણસો સારી વાતમાં જશ બીજાને આપે છે, ને ખોટી વાતમાં દોષ પોતાના ઉપર લઈ લે છે.** એમાં ય વળી આ તો પોતાના પુણ્યે મળેલા રૂપાળા શરીરને દોષ દે છે.

**બળદેવ મુનિને જોઈ કૂવાના કાંઠા પરની સ્ત્રી મુગ્ધ બનેલી,** તે એ જોવાની લીનતામાં દોરડાનો ફાંસો ઘડાને બદલે બાજુમાં બેઠેલા પોતાના બચ્ચાંના ગળામાં ઘાલવા જતી હતી. એ અનર્થ જોઈ મુનિએ એને રોકી અને પોતાના રૂપને ધિક્કાર આપતા હવેથી ગામ-નગરમાં ગોચરી ન જવાનો સંકલ્પ કરી જંગલમાં ચાલી ગયા. 'રૂપનું નિમિત્ત મળ્યું તો સામો જીવ બિચારો ભૂલે ને ? માટે જાઓ એ નિમિત્ત આપવાનું બંધ કરો.' આ ધોરણ લેવામાં મન કેટલું બધું ફોરું, સ્વસ્થ અને સ્વચ્છ રહે છે ! જીવો પર ભાવદયાનો ઝરો વહે છે.

**સમરાદિત્ય કેવલી** મહર્ષિના જીવ ધન મુનિને ચોથા ભવમાં એમની પત્ની, અગ્નિશર્માનો જીવ ધનશ્રી રાતના મુનિ ધ્યાનમાં ખડા છે ત્યારે આજુબાજુ લાકડાં ગોઠવી સળગાવી મૂકે છે ! ત્યાં મુનિ એ વિચારે છે કે 'અરેરે ! કોઈ બિચારા જીવને આ મારું શરીર નરક દુઃખદાયી પાપથી બંધાવામાં નિમિત્ત બની રહ્યું છે ! ધન્ય છે તે અશરીરી બનેલા સિદ્ધ ભગવંતોને કે જેમને શરીર જ નથી તો કોઈને પાપમાં નિમિત્ત બનતા નથી !'

**અહંત્વ મારે છે :-**

જોવા જેવી છે આ તારક વિચારધારા. અહંત્વ હેઠું મૂકાઈ જાય તો પછી સામાનો વાંક જોવાને બદલે પોતાની જ કોઈ ખામી જોવાનું મન થાય. માણસને અહંત્વ જ મારે છે; તે વાતવાતમાં બીજાનો વાંક દેખ્યા કરે છે. જિંદગી આખી ય આ કરવામાં જવાની ? પોતાની કોઈ ન્યૂનતા જ ધ્યાનમાં નહિ લાવવાની ?

ન્યૂનતા નજરે જ ન ચઢે તો એને સુધરવાનો વિચાર પણ શાનો આવે ? અને ઉદ્યમ પણ શાનો થાય ? બસ ત્યારે વીતરાગ જ બની ગયો ને ? ના, એવું તો કાંઈ નથી, તો પછી વીતરાગ બનવાનું તો છે ને ? એ શી રીતે બનાશે ? જાતમાં ભરેલા અનંતા દોષોને કાઢ્યા સિવાય ? એ કાઢવાનું એના પર વિચાર અને ઉપાય યોજ્યા વિના ? તો શું આ મહાકિંમતી જિંદગીમાં એ પહેલા નંબરનું કર્તવ્ય નથી કે આપણે આપણા દોષો, આપણી ન્યૂનતા, આપણી ખામીઓ દૂર કરવાના જ મુખ્ય અને ધરખમ પ્રયત્ન રાત ને દિવસ ચાલુ રાખીએ ? દરેકે દરેક પ્રસંગમાં કંઈ ને કંઈ પ્રયત્ન આપણી ખામી ટાળવાનો કરીએ ?

**જેણે આ સ્વદોષ ટાળવાનો મુખ્ય વ્યવસાય** રાખ્યો હોય એ અહંત્વને તો પહેલો જ ધક્કો ચડાવી દે, બીજાના દોષ જોવાનું માંડી વાળે. મહાવીર ભગવાનને ચારિત્ર લઈ આ કામ કરવું હતું તેથી ઘોર ઉપસર્ગ કરનારનો પણ લેશમાત્ર દોષ ન દેખ્યો, માત્ર પોતાના કર્મની જ ખામી ખ્યાલમાં રાખી. પોતાના મુખ્ય ધંધાથી તદ્દન ઊલટો ધંધો, બીજાના દોષ બીજાની ખામી જોયા કરવાનો અને એના પર બળ્યા કરવાનો ધંધો કર્યે ગયે શિરપાવ કેવો મળશે ? અંતકાળ અને પછીનો અનંત કાળ કેવો દુઃખદ મળવાનો ? ભૂલા ના પડો. આ કિંમતી જિંદગીનો સ્વદોષ હટાવવાનો અમૂલ્ય સમય વેડફી ન નાખો,

રાજકુમારે રુક્મિના દૃષ્ટિદોષ ઉપર પોતાના રૂપાળા શરીરને દોષ આપ્યો; અને એવા પાપ શરીરને સંથારો કરાવી દેવાનું ધાર્યું ! મનને થયું કે શું કામ છે આવા પાપી શરીરને પોષીને ?

રાજકુમારને શું ઘરે રાજશાહી સુખો ને વૈભવ વિલાસો ભોગવવાના મટી ગયા છે ? કદાચ રુક્મિ ભૂલી તો 'ચાલો અહીંથી આપણે આપણા ઘરે સારા.' એવું કેમ ન કર્યું ?

**મહાન આત્માઓની આજ ખૂબી છે કે જીવનના કોઈ તેવા પ્રસંગની વ્યાપ્તિ આખા જગત પર લગાવે.** એ પ્રસંગના આધારે સંસાર-ભરના પદાર્થોનું માપ કાઢે, અને એના પર વૈરાગ્યની વૃદ્ધિ કરે. રાવણની હાર પર વાલી રાજાએ એ કર્યું.

**સ્થૂલભદ્રજીને** રાજાએ મંત્રીમુદ્રિકા આપવા માંડી, ત્યારે એમણે માત્ર એમાં પોતાના પિતાના જેવા જ ધોખો ન દેખ્યો. પણ હવે તો પ્રાણપ્રિય કોશા વેશ્યામાં પણ ધોખો અને ઘરના સંસારમાં પણ ધોખો દેખ્યો. પિતાના પ્રાણ લૂંટનારી મંત્રી-મુદ્રિકાના આધાર પર જગતના સમસ્ત વૈભવ-વિલાસ અને એનાં સાધનને પરખ્યા; અને જ્વલંત વૈરાગ્ય એવો ઝળહળી ઊઠ્યો કે હવે તો મંત્રીપણું જ શું, કોશા ય ન જોઈએ ને ઘર પણ નહિ; સંસાર આખો ન જોઈએ.



**'बुद्धेः फलं तत्त्वविचारणा च'** જો આપણામાં બુદ્ધિ હોવાનો આપણો દાવો છે, તો એનું ફળ આ છે, એની સાર્થક્તા કર્યાનું પ્રમાણપત્ર આ છે કે આપણે તત્ત્વની વિચારણા કરીએ; ઉપસ્થિત થયેલ પ્રસંગનું તત્ત્વ, રહસ્ય, મર્મ વિચારીએ, અને બીજે બધે લાગુ કરી જોઈએ.

રાજકુમારે રુક્મિના એક પ્રસંગ પર જગતભરના પ્રસંગો નિહાળ્યા, અને સમસ્ત દુઃખોનું-ક્લેશોનું કારણ શરીર જોયું. હવે એટલા જ માટે આ પાપશરીરને પોષવાનું શું કામ છે ? વોસિરાવી જ દઉં.' એમ વિચારે છે.

**રાજકુમારનો ભાવી કાર્યક્રમ :-**

**પ્ર.-** તો શું આપઘાત કરવાનો વિચાર છે ?

**ઉ.-** ના, પૂર્વે રુક્મિને આવ્યો તેવો અવિવેકી વિચાર નથી. એ તો વિચારે છે કે 'હવે આ શરીરથી તીવ્ર પ્રાયચિત્ત વહન કરું. એ માટે પહેલાં તો સકલ પાપોને હણી નાખનાર એકાંતે નિષ્પાપ અહિંસક તીર્થંકર ભગવાને બતાવેલ ચારિત્ર માર્ગે ચડી જાઉં.' જેથી પહેલું તો જગતના અનંતાનંત જીવોમાંથી એક પણ જીવની હિંસા મારે મનથી, વચનથી કે કાયાથી કરવાની ઊભી ન રહે; ન કરાવવાની, કે ન કોઈની પણ હિંસા અનુમોદવાની ઊભી રહે.

તેમજ સાથે ઘરવાસ ન રહેવાથી ધન-માલ-મિલકત, વિષયો, કુટુંબીઓ વગેરેનાં સંબંધ છૂટી જાય, તેથી તેના અંગે કરવાં પડતા રાગદ્વેષ ક્રોધાદિ કષાયો ક્લેશ-કંકાશ, વગેરે પાપસ્થાનકો પણ નહીં કરવાના. ન રાતી પાઈનો પરિગ્રહ, કે ન જીવઘાતક આરંભ-સમારંભ. આનાથી આત્મામાં નવા પાપબંધ અટકી જવાના અને સાથે તપ-સંયમ-સ્વાધ્યાય, ધ્યાન, સાધુ-સેવા વગેરે સાધનાઓથી જૂના પાપકર્મોનો વિધ્વંસ થઈ જવાનો, એમ કરતાં કરતાં ઘોર તપસ્યાથી અનેક ભવોના જબરદસ્ત અને આમ છૂટવા અત્યંત મુશ્કેલ પાપબંધનોના થોક ઢીલા કરી દઉં. અને અંતિમ સંથારા-અનશન સ્વીકારી લઉં. બસ, ક્યારે આઠેય કર્મોનો ભૂકો કરી, આ પાપ શરીરનો હંમેશ માટે ત્યાગ કરી દઉં ! જેથી કોઈને ય પણ શરીર દ્વારા રાગાદિ કરાવવામાં નિમિત્ત ન બનું.'

રાજકુમારે શરીરને સંથારે ચડાવી દઈ, ત્યાગ કરવા આ રીતે ઇચ્છ્યું, પણ અવિવેકી આપઘાત કરીને નહિ, કેમકે વીતરાગ ભગવાને કહેલા જીવાદિ પદાર્થો અંતરાત્મામાં ભાવિત કરેલાં છે. એથી એ સમજ છે કે,

**વિધિપૂર્વક શરીરનો ત્યાગ કરવાથી મૃત્યુ વખતે પણ આત્મામાં અસમાધિ થતી નથી.**

મૃત્યુની પીડા તો અપરંપાર હોય છે, કેમકે શરીર-પ્રદેશ સાથે એકમેક થઈ

ગયેલ આત્મપ્રદેશોને છૂટવું છે, એવી ઘોર પીડા વખતે પણ જો એની પૂર્વે એથી ઓછી પીડામાં ય સમાધિ નહિ તો અંતે થવાની વાત જ શી ? વળી વિધિપૂર્વક ત્યાગ કરવા જતાં ચારિત્ર ધર્મની અનેકાનેક સાધનાઓ સાથે કઠોર તપ અને ત્યાગની આરાધના થવામાં કેટલાયે કર્મોનો ભાંગીને ભૂકો થઈ જાય. આ કાર્ય કર્યા વિના એમ જ એકાએક આપઘાત કરી દેવામાં સાધના કાંઈ નહિ. તો વિના સાધનાએ કર્મોનો વિધ્વંસ ક્યાંથી થઈ શકે ?

**જીવન શા માટે ? :-** મારું જીવન હાથ પર હોય એની આ મોટી કિંમત છે, કે નિર્મળ તપ-સંયમ, શાસ્ત્ર-રટણ આદિ દ્વારા ક્રમશઃ ઉચ્ચ-ઉચ્ચતર ગુણસ્થાનકની વૃદ્ધિ થતી જવાથી અધિકાધિક કર્મનો ચૂરો કરી શકાય છે, અને તેથી આત્માને અતીત અનંતા કાળમાં ન સધાયેલ વિશુદ્ધિ અને ઉન્નતિ સધાવી શકાય છે, ભવભ્રમણને એથી ઘણું ઘણું ટૂંકાવી શકાય છે. આ બધું જીવનને એકદમ જ આપઘાતથી અંત લાવવામાં ક્યાંથી સધાય ? ત્યારે એ પણ સમજવાનું છે કે આપઘાત નહિ સહી તો પણ જીવનને આહાર, વિષય, પરિગ્રહ-નિદ્રામાં સરાસર વેડફી નાખવાથી પણ ક્યાંથી સધાવાનું હતું ? એમાં તો આ મહાદુર્લભ જીવન જે ખાસ વસ્તુ સાધવા માટે છે, તે જ રહી જાય અને પશુજીવનનાં ખેલમાં નિષ્ફલ ચાલ્યું જાય.

સાથે આ પણ સમજી રાખવાનું છે કે ક્રોધ-લોભાદિ કષાયો અને અહંત્વનો જબરદસ્ત સંહાર કરવા માટે પણ આ મનુષ્યજીવન જ સર્વોત્કૃષ્ટ જીવન છે. એમાં ઊંચી ઊંચી ક્ષમા, નિસ્પૃહતા વગેરે આત્મગુણો સિદ્ધ થઈ શકે છે, તો એનું એ કાર્ય ભૂલી, એક જનાવરની જેમ ક્રોધ-લોભાદિના ધમધમાટ કર્યે જવાય તો આ ઉચ્ચ જીવનની કેવી ભારે વિટંબણા ? માટે અહીં પણ પ્રસંગે કષાયોનો વિધ્વંસ, કષાયોનો નિગ્રહ કરવાનું કામ પણ અતિ મહત્ત્વનું અને અતિ આવશ્યક સમજી રાખવાનું, જેથી એ પ્રમાણે ઉદ્યમ થાય અને કષાયોની વૃત્તિ મોળી પડતી આવે, કેટલાયે પ્રસંગો કષાય વિના જ પસાર કરી દેવાય; આત્માનો સ્વભાવ ગજબનો ફેરફાર થઈ ગયો દેખાય, એ સાધના કરતાં કરતાં પણ કષાયોને બિલકુલ શાંત કરી દેવાનું મુખ્ય લક્ષ્ય રખાય, આવા પ્રયત્નમાં રહેવું જોઈએ.

રાજકુમારે આ બધું ખ્યાલમાં લઈને એવી સાધનાની ઉત્કટ અભિલાષા ઊભી કરી. શાનાં ઉપર ? બ્રહ્મચારી રુક્મિના મર્યાદા બહારની દૃષ્ટિના એક પાપ ઉપર. જોવાની ખૂબી છે કે બીજાની નાની દેખાતી ભૂલ ઉપર પોતે જાતે મહાવૈરાગ્ય પામી જાય છે, બુદ્ધિશક્તિ, વિચાર-ચિંતન શક્તિનો આ ખરેખરો સદુપયોગ છે, કે દુનિયાનાં ગમે તે પ્રસંગ પર પોતાના આત્માનું હિત વધે એવી તત્ત્વદૃષ્ટિની જ



વિચારણા કરાય. ત્યારે ભગવાન જિનેશ્વરદેવનું ઊંચું તત્ત્વજ્ઞાન અને અનન્ય મોક્ષમાર્ગ મળ્યા પછી પણ જો એનો ઉપયોગ ન કરી લેવાય, એના દ્વારા તત્ત્વદૃષ્ટિએ જ જોવા-વિચારવાનું અને વસ્તુ કે પ્રસંગને મૂલવવાનું ન કરાય, તો એ આ સર્વોત્તમ શાસન-પ્રાપ્તિની કેટલી બધી બેકદર ગણાય...? જે વસ્તુનું જે મહત્ત્વ છે એ વસ્તુ મળ્યા પછી એ મહત્ત્વને અનુરૂપ વર્તાવ હોય તો તો એની કદર એનું મૂલ્યાંકન કર્યું લેખાય; પણ એના બદલે ઊંધું જ વર્તન હોય તો તો એની બેકદર કરી, એનું હલકું મૂલ્ય આંક્યું, એની અવગણના કરી કહેવાય. શું તમે ઇચ્છો છો કે ભલે એ ઉચ્ચ તત્ત્વજ્ઞાન-મોક્ષમાર્ગની આપણા હાથે અવગણના થાય ?

રાજકુમારે રુક્મિના દૃષ્ટિદોષ પર પોતાના રૂપને, પોતાના શરીરને, પોતાની જાતને જ નિમિત્તરૂપ માની હવે એને સંસારના સર્વ સંબંધોથી મુક્ત કરી દેવાનું ધાર્યું, ને તપ અને સંયમ દ્વારા ઉગ્ર કસી અંતિમ અનશન સુધી પહોંચાડવા વિચારી લીધું, કેવી ઉત્તમતા !

જે પ્રસંગ પર અજ્ઞાન જીવ સામાના જ દોષમાં અટવાઈ જઈ ચિત્તસંક્લેશમાં પડે છે, એ જ પ્રસંગને પામી આણે પોતાની ત્રુટિ પર મન કેન્દ્રિત કર્યું અને ચિત્તને પવિત્ર સ્ફૂર્તિમય કરી દીધું ! જીવન-ઉત્થાનનો રાહ લીધો !

**રાવણ-વાલીનું દૃષ્ટાંત :-**

રાજા રાવણ પોતાની પાસે જ ચંદ્રહાસ ખડ્ગ હોવા પર મુસ્તાક બની યુદ્ધમાં વાલી રાજાની સામે એને મારી નાખવા દોડ્યો, પરંતુ વાલીએ એને આખોને આખો ઊચકી લીધો. બગલમાં ભીડાવી જંબુદ્વીપને રોન લગાવી. પછી યુદ્ધ ભૂમિ પર ખડો કરી દીધો. હવે રાવણની શી મજાલ હતી કે મોઢું ઊંચું કરી શકે ! રાવણને કહે છે કે જો રાવણ ! જે ચંદ્રહાસ ખડ્ગ મારી પાસે નહિ અને તારી જ પાસે હોવાના પુણ્ય ઉપર તેં ભરોસો રાખ્યો તેણે જ તને દગો દીધો. તું શ્રાવક થઈને આ કેમ લોભાયો ? આ કેમ ભૂલો પડ્યો ? જગતનાં પુણ્યના શા ભરોસા રખાય ? તારું જ પુણ્ય શું, મારું પણ પુણ્ય એવું ભરોસાપાત્ર નથી, માટે હું એના ભરોસે જીવન બરબાદ કરવાને બદલે એ પુણ્ય ભોગવવાનું છોડી ચારિત્ર લઈશ. આ રાજ્ય નાનો ભાઈ સુગ્રીવ સંભાળશે અને તે ખુશીથી તારી આજ્ઞામાં રહેશે.

શું કર્યું વાલીએ ? રાવણને હરાવવાનાં પ્રસંગ પર અભિમાનમાં ચઢી એનો તિરસ્કાર કરવાને બદલે, એને આજ્ઞાંકિત ગુલામ બનાવવાને બદલે પોતાની જાત પર વિચારવાનું લીધું. રાવણના ઠગારા પુણ્ય પર પોતાના પુણ્યનું માપ કાઢ્યું, પુણ્યની અને એની પણ ઠગારી પ્રકૃતિ ઓળખી લઈ પોતાના કર્તવ્યનો પંથ નક્કી કર્યો ! કેવો સુંદર વિવેક ! હાર રાવણની, અને એના પર વૈરાગ્ય ઝળહળી ઊઠે

વિજયી વાલીનો ! મૂળ અંદરની દૃષ્ટિ ખૂલી જવી જોઈએ છે. જેની ખૂલે એ સાવધાન બની જાય.

રાજકુમારની દૃષ્ટિ ખૂલી ગઈ છે એટલે રુક્મિના દૃષ્ટિદોષ ઉપર પોતાના શરીરની પાપ-નિમિત્તતા નજરમાં લઈ લે છે, અને હવે એને પોષવાનું બંધ કરવા નિર્ધાર કરે છે.

તો શું રુક્મિનો કોઈ વાંક નથી તે કુમારને એનો વિચાર ન આવે ?

**સંદિગ્ધ કરતાં નિશ્ચિતમાં મથો :-**

પરનો વાંક તો છે, પણ ઉત્તમ આત્મા વિશેષ મહત્ત્વ આપવા જેવો વાંક પરનો નહિ, કિન્તુ પોતાની જાતનો દેખે છે. એટલે જ વાંક સહેલાઈથી સુધારી શકાય એવો હોય તો તે પહેલો પોતાનો હોવાનું જુએ છે. પોતાનું શરીર બીજાને પાપમાં નિમિત્ત બને છે એ મોટી ક્ષતિ છે, અને તે સુધારવી પોતાની હાથની સરળ વાત છે એ હકીકત છે. બીજાની ક્ષતિ તો આપણે સુધારી શકીએ કે ન ય શકીએ. તો એવી સંદેહાત્મક અને કષ્ટ-સાધ્ય વસ્તુ પર મનની મથામણ કરવી એના કરતાં નિર્ણીત વસ્તુ પર જ કાં પુરુષાર્થ કામે ન લગાડી દેવો ?

**બે કર્તવ્ય છે,–**

(૧) બીજાની ભૂલ કરતાં જાતની ભૂલને વધુ મહત્ત્વ આપો. જેથી એનું હવે એવું પોષણ ચાલુ ન રહે. મહત્ત્વ એવું જો ન અપાય, તો ભૂલને હજી પણ પોષવાનું ક્યાંથી અટકે ? તેમજ જાતનાં અહંત્વ પણ શે ઓછા થાય ? બીજાની ભૂલને વધારે મહત્ત્વ આપવામાં તો જાત શાણી લાગે છે, ને અહંકાર ટટાર રહે છે. એટલે નથી સુધારો કરાતો, ને તેથી હૈયે લઘુતા-નમ્રતા નથી આવતી. એ તો જાતની ક્ષતિને વધારે મહત્ત્વ અપાય તો જ સુધારો અને નમ્રભાવ આવે.

(૨) પોતાની ક્ષતિને મહત્ત્વ આપવા સાથે એને સુધારી લેવામાં વર્તમાન પુરુષાર્થ કામે લગાડી દેવાનો; પણ વાયદો ન જોઈએ. શક્ય એવા સાધ્યમાં વિલંબ કોણ કરે ?

બસ, ઈતિહાસ જુઓ, વર્તમાન મહાન આત્માના દાખલા તપાસો, તો આ જ દેખાશે કે સૌથી પહેલાં પોતાની સીધી કે આડકતરી ક્ષતિ-ત્રુટિ-ભૂલચૂકને વિશેષ મહત્ત્વની દૃષ્ટિથી જોઈ અને એને સુધારી લેવામાં પોતાના હાથની વાત જોઈ એમાં પુરુષાર્થ કામે લગાડી દીધો, તેથી આત્મા મહાન બન્યો.

અધમ કોટિમાંથી નીકળી મહાન બનવાનું પરની પંચાયત કૂટવાથી નથી થઈ શકતું; પણ જાતની ત્રુટિ પર વિશેષ લક્ષ દઈ, એ સુધારવામાં પુરુષાર્થ કામે લગાડી દેવાથી થાય છે.

જાતના દોષ પર વધારે ચોકસાઈ રાખવી અને એના સુધારામાં ઉદ્યમી થઈ



જવું એ બંને ય આપણા લાભની અને આપણા હાથવેંતની છે. તો શા માટે એ ગુમાવીએ ? રાજકુમારે એ જ જોયું છે તેથી પોતાના હાથ-વેંતની વસ્તુને ઝટ ઉપાડી લે છે; પણ 'આ રુક્મિ કેવી ? એને કેમ સુધારું !' એવી પારકી પંચાત કૂટવા નથી જતો. અલબત્ત જાતનું નક્કી કરી લીધા પછી એને પરનો વિચાર આવે છે, પરંતુ તે તો ભાવદયા-પૂર્ણ હૃદયે તાત્ત્વિક સ્વરૂપ-દર્શનના ઘરનો. જુઓ એની ભવ્ય વિચારણા,

**રાજકુમારની ભવ્ય વિચારણા**

**રાજકુમારને મનને** એમ થાય છે કે 'અહો ! ધિક્કાર છે આ જગતના જીવોની કરુણ અવ્યવસ્થિતતાને ! ઇન્દ્રિય-સમૂહની કેવી અસ્વાધીનતા ! પરલોકના અનર્થો પ્રત્યે કેવા આંખ મિંચામણા છે ! અરે ! કેવી માત્ર આ એક જીવન પર દૃષ્ટિ કેન્દ્રિત કરી દે છે ! હા ! હા ! હા ! કેવી એની કાર્ય-અકાર્યની અનભિજ્ઞતા ! કેવી મર્યાદારહિતતા ! કેવી જાણે કશી હાંસીરૂપતા લાગે એવી પ્રવર્તમાનતા ! કેવી નિર્લજ્જતા ! હા ! હા ! આવા તત્કાલ પાપ-પ્રદાન કરે એવા આ દેશમાં હવે હું એક ક્ષણ પણ રહી શકું નહિ.'

**અવ્યવસ્થિતતાના દાખલા :-**

એક રુક્મિના દાખલા પરથી સમસ્ત જીવરાશિનું સ્વરૂપદર્શન કરે છે કે કેવી એની અવ્યવસ્થિતતા ! હમણાં કંઈક ધારણા-વિચારણા કરી હોય, ને ઘડી પછી એનાથી ઊલટી જ કરે ! રુક્મિની પહેલાંની બ્રહ્મચર્યની લાગણી ખોટી-જૂઠી નહિ, પણ હમણાં પાછી એ એથી વિરુદ્ધ કામરાગની લાગણીમાં જ સીધી ઊતરી પડે છે, એ એની અવ્યવસ્થિતતા છે, ઠેકાણું નથી. જગતમાં ય ત્યારે શું દેખાય છે ? આ જ કે હમણાં એક ચીજ પર રાગ કર્યો હોય ને ક્ષણવાર પછી એના પર નફરત કરે ! ઘરાક કહે 'તમે તો લુચ્ચાઈ કરો છો' એટલે વેપારી એના પર ગુસ્સે થાય છે, પણ તરત પાછો પેલો કહે છે, 'ઠીક, લ્યો ત્યારે પાંચ તાકા કાઢી આપો' એટલે વેપારી ગુસ્સો ભૂલીને પ્રેમ કરવા લાગે છે. લાડુ એક ખાવામાં હર્ષનો ઊભરો, પણ બીજાનો આગ્રહ થતાં એના જ પર અરુચિ ! દીકરો ઉદ્ધતાઈ દેખાડે ત્યાં મનને ખેદ, પણ કમાઈ લાવેલા પૈસાનો ઢગલો કરે એટલે ખુશી ખુશી ! ઘરેથી હોંશભેર દેવદર્શને નીકળ્યા, પણ રસ્તામાં સ્વાર્થનો રંગ દેખાયો એટલે દર્શન મુલતવી રાખી ઊપડ્યા સ્વાર્થના કામે ! હાથમાં માળા લઈ હજી હમણાં તો મન લગાવ્યું પરમેષ્ઠિ સ્મરણમાં, પણ એક બે મિનિટમાં જ પાછું મનને લઈ ગયા શરીર કે સંસારની વિચારણામાં ! હમણાં તો કહ્યું કોઈને, કહો શું કામ છે ? પણ પેલો જ્યાં કહે છે કે 'શેઠ ! તમારી મોટર જરા જોઈએ છે,' એટલે હવે કહે છે કે 'એ બનવું

મુશ્કેલ છે કેમકે મારે અગત્યનાં કામે જવું છે,' 'પંક્ચર પડ્યું છે,' ડ્રાઈવર નથી...'

આ બધું શું છે ? વાણી, વિચાર અને વર્તાવનું કોઈ ચોક્કસ ઠેકાણું નથી, વ્યવસ્થિતતા નથી. જીવો વિભિન્ન ભાવોમાં કૂદાકૂદ કરે છે.

**ઈન્દ્રિયની બાલિશ ગુલામી :-**

રાજકુમાર બીજું એ જુએ છે કે જીવો પોતાના ઈન્દ્રિય ગણને કેવો છૂટો દોર આપી એની પાછળ પોતે ઘસડાય છે ! પોતે એને પોતાને વશ રાખવાની વાત નહિ, પોતાના હિતમાં જ ઊતરે અહિતમાં ન જાય, એ રીતે જ ઈન્દ્રિયોને પ્રવર્તાવવાની ટેક નહિ, કિન્તુ પોતે એને આધીન ! એ ખાડામાં પટકે તો પટકાવા તૈયાર ! લોકમાં ભૂંડો લાગે, પરલોકનાં દુઃખદ પરિણામ ઊભાં થાય એવી ઈન્દ્રિયોની વિષય-પ્રવૃત્તિમાં એ આંખ મીંચીને ઘસડાવાનું હોંશે હોંશે કરે છે ! કેવી કારમી ગુલામી ! ભાન નથી કે ઈન્દ્રિયનો તો એ વિષયમાં સ્વચ્છંદ નાચ જોતજોતામાં પતી જશે, પરંતુ આત્માને પોતાને એના દીર્ઘકાળગામી કુછંદ-કુસંસ્કાર-કર્મબંધ સાથે ઊભા રહેવાનું છે. આ કશા ભાન વિના, જન્મ્યો તે મરે ત્યાં સુધી ઈન્દ્રિયગુલામીનું જ જીવન જીવ્યે જાય છે ! ક્યારેક વ્રત-નિયમથી એના પર અંકુશ મૂક્યા હોય તો ય પાછો પ્રસંગ આવતાં એનો કૂદાવ્યો કૂદે છે ! રુક્મિ એમ જ ભૂલી પડી છે ને ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ''        વર્ષ-૧૩,અંક-૧૧,તા.૫-૧૨-૧૯૬૪**

**પરલોક પ્રત્યે આંખ બંધ**

રાજકુમારના દિલને આઘાત થાય છે કે આ જગતના જીવોની પરલોકનાં ભયંકર નુકશાનો પ્રત્યે કેવી બેપરવાઈ ! ને માત્ર આ લોક પર જ એક દૃષ્ટિ ? બસ કેમ જાણે અહીંથી પરલોકમાં જવા જેવી કોઈ વસ્તુ જ નથી ! શું 'આ ભવ મીઠાં, પરલોક કોણે દીઠાં ?' ના જ ખેલ ? જગતમાં નજરે દેખાય છે કે ભિન્ન ભિન્ન યોનિનાં જીવ કેવી કેવી યાતનાઓ વેઠે છે ! શું આ એમના પર એકાએક જ ટપકી પડી ? એમાં કોઈને એક તો બીજાને વળી બીજી જ જાતની યાતના ! કોઈને ઓછી તો બીજાને જાલિમ ભારે ! આની પાછળ શું એ જીવની કોઈ ભૂલ જ નહોતી ? ભૂલ વિનાજ દંડ ? કારણ વિના કાર્ય બને નહિ, સજા હોય નહિ. જો આ જનમમાં ભૂલ નથી દેખાતી તો માનવું જ પડે કે પૂર્વ ભવે ભૂલ કરેલી. ભૂલ તો જરૂર થયેલી. મોટો છોકરો જન્મીને નીરોગી-તગડો થતો ગયો હતો; હવે નાનો જનમ્યા પછી કેમ તરત જ રોગમાં રિબાય છે ? અહીં તો કશું એવું ખાઈ-પી નાખવાની ભૂલ કરી નથી; નિરોગી માતાનું દૂધ માત્ર પીવે છે, છતાં રોગીષ્ઠ



કેમ ? પરલોક-પૂર્વ ભવની ભૂલ-જીવોની હિંસા, જિનની આશાતના, ગુરુની અવગણના, જૂઠ-અનીતિ-ચોરી કે ઉદ્ભટ-વિષયાંધતા વગેરેમાંના કોઈ પાપની દુષ્ટ વિચારણા-વાણી-વર્તાવની ભૂલ, એ વિના અહીં વ્યાધિ અકસ્માત્ જેવી અશાતા શાની ભોગવવી પડે ?

ચોક્ખી ન્યાય-નીતિથી પૈસો કમાયા છતાં ક્યારેક એ પૈસામાંથી ચોરી કેમ થઈ જાય છે ? એકાએક ખોટ કેમ આવે છે ? ભોગવવા અવસરે માંદા પડી જવાય, પરદેશ જવું પડે, સરકારી કાયદા નડે, એવું કેમ બને છે ? પૂર્વ ભવનાં પાપના ઉદય વિના કોણ જવાબદાર છે ?

**હૈયું ખોલીને જોવું હોય તો પરલોક-દર્શન તો ઠામઠામ થાય એવું છે.** છતાં એ જોવું નથી અને જે કારણોએ વર્તમાન દુઃખના પોટલાં ઊભા થયાં છે, એજ કારણો પાછા સેવ્યે જવા છે ! એનો તો અર્થ એક જ કે પરલોકના પ્રત્યાઘાત તરફ દૃષ્ટિ જ નથી નાખવી.

**પરલોક-વિચાર કેમ ભુલાય છે ?** આ જીવનની જ સુખ-સગવડ પર એક માત્ર દૃષ્ટિ છે માટે. અહીં અનીતિ-અપ્રામાણિક્તા કરી, તો ભવિષ્યમાં ભવોની પરંપરા કેવી અનીતિમય અને એ કર્મનાં કેવા દારુણ દુઃખવિપાકમય બની જશે એ જોવું નથી. જોવું છે માત્ર આ જીવનમાં પૈસાથી કેવી સુખ સાહ્યબી અને લોકસન્માન મળે એટલું જ !

**રાત્રિભોજન કેમ ?**

પશુપણે તો વિવેક નહોતો, તેથી દહાડે ને રાતે ચગરતો હતો, પરંતુ મનુષ્યપણું મળવા છતાં ય એ જ કરુણ હાલત ? તે ય જૈન ધર્મ મળ્યા પછી ? કેમ એમ ? આ જ કારણ કે પરલોકમાં આ રાત્રિભોજન પાપના ઘુવડ-બિલાડી-ગિરોલી જેવા દુષ્ટ અવતાર મળવાનો કોઈ ભય નથી, પરવા નથી ! કદાચ વિશ્વાસ પણ નથી, તે માત્ર 'અહીં બજાર સારા પૈસા આપે છે ને ? રાત્રે ખાવાની મઝા આવે છે ને ? ચાર રાત્રિભોજીમાં શાબાશી મળે છે ને ?' બસ, આ જ જીવનની લહેર સગવડ જોવી છે. ભગવાન શ્રાવક માટે શું કર્તવ્ય કહી ગયા છે ? એ કર્તવ્યના ભંગના કેવા ખતરનાક પરિણામ બતાવી ગયા છે ? એ કશું જોવાનું નહિ ? કેટલી દુર્દશા ! રુક્મિ કેમ પરપુરુષ પર કામરાગથી દૃષ્ટિ નાખી રહી છે ? પરલોકનો વિચાર ભૂલી માત્ર આ જીવનમાં લાગતા ચક્ષુના આનંદનો જ એકમાત્ર સ્વાદ લેવા લંપટ બની છે.

રાજકુમારના મનને થાય છે કે 'જગતના જીવોની આ કેવી મૂઢ દશા છે કે કાર્યાકાર્યનો વિચાર નથી ! કાં તો બિચારાને ગતાગમ જ નથી કે શું કરવા જેવું

ગણાય, અને શું કરવા જેવું નહિ; અથવા ગમ પડી છે તો વિષયસુખની સગવડ દેખાતાં એને યાદ કરવું નથી. રુક્મિની આ સ્થિતિ જોઈ લે છે કે એ વિદુષી હોવા છતાં અત્યારે કાર્યાકાર્યનો વિચાર ભૂલી રહી છે, એથી જ અકાર્યમાં પ્રવર્તી રહી છે.'

પ્ર.- શું અત્યાર સુધી કાર્યાકાર્ય સમજનારી રુક્મિ હમણાં એટલામાં ભૂલી જાય ?

ઉ.- એમ તો ભૂલી ન પણ હોય એમ બને. ચોક્કસ ન કહેવાય. સમજદાર માણસ ક્યારેક અકાર્ય કરવા પ્રેરાય છે ત્યારે સંભવ છે એના મનને થતુંય હોય કે આ ખોટું થઈ રહ્યું છે. એ દૃષ્ટિએ અકાર્ય તરીકેનો વિચાર વિસ્મૃત નથી. કિન્તુ અહીં રાગની પ્રબળતા અકાર્યમાં તાણે છે, એટલે ભૂલવાનું કહેવાય છે તે એ હિસાબે કે કાર્યાકાર્યના વિવેકને મહત્ત્વ ઓછું અને ઇન્દ્રિય-વિષયાસ્વાદને મહત્ત્વ વધારે આપવાની દૃષ્ટિએ.

**કાર્યાકાર્યનો વિચાર એટલે ? :-**

માટે 'કાર્ય-અકાર્ય, સાર-અસાર, હિત-અહિત વગેરેનો વિચાર રાખવા'નો અર્થ આ કે એના વિવેકને મહત્ત્વ વધુ આપવાનું; અકાર્ય-અસાર-અહિતના ત્યાગને મહત્ત્વ વધુ આપવાનું, પણ નહિ કે એના સેવનમાં થતા ક્ષણિક આનંદને. મનને નિર્ધાર જોઈએ કે અકાર્યસેવન, અસારગ્રહણ અને અહિત-પ્રવર્તનમાં તાત્કાલિક ગમે તેવો લાભ કે હરખ દેખાતો હોય છતાં એ મારે ન જોઈએ, ન જોઈએ. તે ન જ જોઈએ. એવા લાભ-હરખની હું કોડીની કિંમત ગણું છું. ઊલટું એમાં તો જીવની અનાદિરૂઢ ગોઝારી વિષય-પરિગ્રહની ખણજ લષ્ટપુષ્ટ થાય છે. ખણજ તોડવા-વિસરવાનું કામ ઓર દૂર હડસેલાય છે.

શા સારુ એ અર્થ-કામની ખણજો તોડવાના આ એક માત્ર શ્રેષ્ઠ ભવમાં એને હવે મચક જ આપવી જોઈએ ?

શા માટે મારે તુચ્છ આનંદને મહત્ત્વ આપી આત્મસત્ત્વ હણી નાખવું જોઈએ ?

"શું કામ સમજદારીમાં અકાર્ય-અસાર-અહિત આદરી અધમાધમ કોટિમાં મૂકાવું ? જે બિચારા એના વિવેકને સમજતા નથી ને એ આદરે છે એ અધમ છે, ત્યારે હું સમજવા છતાં આદરું એ અધમાધમ છું. ભરત ચક્રવર્તીએ આ જ વિચાર્યું હતું કે વિષયોને ભવતરુ-સંસારવૃક્ષનું બીજ નહિ સમજનારા અધમ છે, ત્યારે હું સમજવા છતાં એ વિષયોને પકડી બેઠેલો અધમાધમ છું.

'આત્માની પાયરી વધારવાના આ સુંદર ભવમાં હલકી પાયરીએ ઊતરવાની મૂર્ખાઈ શા માટે ?

"માટે મારે એવા તુચ્છ આનંદ, કૂચા જેવા મનઃસંતોષ જોઈએ નહિ. હું તો અકાર્ય-અસાર અહિતના ત્યાગને જ વળગી રહીશ. એથી પ્રભુએ આ વિવેક



આપવાના કરેલા ઉપકાર પ્રત્યે કૃતજ્ઞ-કદરદાન બન્યા રહેવાશે. અનાદિની ખણજ વધુ ઘસારે પડશે. જીવનનો એક ખરો સાર હાથમાં આવશે."

આવા પ્રકારની વિચારસરણી સાથે માનસિક પક્કો નિર્ધાર કરી રાખ્યો હોય, પાછો એની વારંવાર ભાવના કરી કરી આત્માને એનાથી ભાવિત કરી રાખ્યો હોય, તો અવસર આવતાં એ અકાર્ય આદિના ત્યાગને જ પકડી રાખી એના સેવનમાં તુચ્છ આનંદ જતા કરાય. આ જે ત્યાગને મહત્ત્વ આપવું એને કાર્યાકાર્યનો વિચાર રાખ્યો ગણાય; ને ભોગને મહત્ત્વ આપવું એ વિચાર ભૂલવાનું ગણાય.

**જીવો પર ભાવદયા :-**

રુક્મિ ભૂલી છે, પરપુરુષ પર રાગ-દૃષ્ટિ નાખી ચક્ષુના તુચ્છ આનંદને મહત્ત્વ આપી રહી છે. એના પર રાજકુમાર જગતનું, જગતના જીવોનું આ સ્વરૂપદર્શન કરે છે કે એ બિચારા કાર્ય-અકાર્યના વિચારને સમજતા નથી. એના આ વિચારમાં જીવો પર ભાવદયા છે,

એના મનને એમ થાય છે કે "અરે ! જીવોની કેવી નિર્મર્યાદ પ્રવૃત્તિ ! કેટલી અતિ દુઃખદ દુર્દશા કે એમની હાંસી કરવા જેવી પ્રવૃત્તિ ! લજ્જા વિનાની બે શરમ ચેષ્ટા ! નહિતર આ રુક્મિ ભરી સભામાં પોતાની એક સારા સ્ત્રી-રાજા તરીકેની મર્યાદા ચૂકે ? લજ્જા ભૂલે ?"

"અરે ! પણ મારે હવે, હા ! હા ! હા !, અહીં એકક્ષણ વાર પણ રહેવું ઉચિત નથી. કેમકે એક તો આ બિચારી વધુ પાપ-વિચારમાં સપડાય, અને બીજું એથી ય વિશેષ મારા માટે પાપનું શીઘ્ર આગમન અત્યન્ત દુર્નિવાર બની જાય;"

રાજકુમાર ઠીક જ વિચારી રહ્યો છે. સારા રહેવા ઇચ્છનારે શીઘ્ર પાપાગમન જ્યાં અટકાવવું મુશ્કેલ હોય એવા દેશમાં-એવા સ્થાનમાં ક્ષણવાર પણ ઊભું ન રહેવું જોઈએ. આત્માને અનાદિ કાળથી બગડવાનું તો સહજ જેવું છે, સુધરવાનું મુશ્કેલ છે. એટલે નરસાં નિમિત્ત મળે એટલી જ વાર ! બગડવાનો સ્વાભાવિક રાહ પકડતાં વાર નહિ. સારા બનવું સારા રહેવું એ અસ્વાભાવિક જેવું છે; મન પર પાકો અંકુશ રાખીને મુશ્કેલીએ બને છે; નરસાં નિમિત્ત દૂર રાખીને એ બને છે. માટે 'જોઈએ છીએ શું થાય છે.' એવા ખોટા ભરોસે રહી નરસાં નિમિત્તવાળાં સ્થાનમાં ઊભા રહેવાય નહિ. ચોરાશી ચોવીસીમાં સ્થૂલભદ્રજી તો એક કે જે પ્રેમાળ વેશ્યાની સામે અડીખમ નિર્વિકાર બેસી શકે. બાકી તો એમના ગુરુએ પણ એ અખતરો ન કર્યો; કે બીજા કોઈને ય ન કરાવ્યો. ૮૪ ચોવીસીના કાળમાં મુનિઓ કેટલી સંખ્યામાં ? કરોડો-અબજો-પરાર્ધો જ નહિ, પણ અસંખ્ય ! એમાં એક માત્ર સ્થૂલભદ્રજી અપવાદ ! એ શું સૂચવે છે ? એ જ મોટા મહર્ષિઓએ પણ

હલકાં નિમિત્તમાં ઊભા નહિ રહેવાનું. માટે તો એમને પણ મુકામ કરવાની વસ્તી-સ્થાન-મકાન સ્ત્રી પશુ અને નપુંસકથી રહિત હોવી જોઈએ છે.

આજના કેટલાક ઉપાશ્રયો આ ભયંકર ખામીવાળા હોય છે. વાણિયાભાઈને શાસ્ત્રનો વિચાર નથી, મુનિઓના સંયમનો વિચાર નથી કે એ સંયમ કેમ પાળશે ! એમને વિચાર છે માત્ર આલીશાન બિલ્ડિંગનો, રસ્તા પર મોખરાના મકાનનો. એટલે પછી ઉપાશ્રય એવા બંધાવે છે કે જેમાં સાધુને ભપકાદાર ફ્લોરિંગ (ફરસી) બારી-બારણાં, ઝરૂખા-અટારી સેવતાં રાગ થવાનો સંભવ રહે. પછી ગામડાના સાદા મકાન એટલા ગમે નહિ. વળી શ્રાવકો ભલે અજાણ્યે પણ ઉપાશ્રયનું સ્થાન કેટલીકવાર એવું પકડે છે કે બારી બહાર નજર જતાં સામે જ, ભલું હોય તો, સાધ્વીના ઉપાશ્રયમાં દૃષ્ટિ પડે, અગર ગૃહસ્થના મકાનમાં દૃષ્ટિ પડે. અથવા બાજુમાં જ એવી રીતે ઘર હોય કે જ્યાંથી સ્ત્રીઓના અવાજ આવતા હોય, બપોર જેવા અકાળે પુરુષરહિત એકલી સ્ત્રીના વાસ બનતા હોય.

**આજના ઉપાશ્રયોમાં જીવરક્ષાનું શું ? :-**

આ તો બ્રહ્મચર્યની દૃષ્ટિએ વાત થઈ. બાકી ય જીવરક્ષાની અપેક્ષાએ પણ શું ? ઉપાશ્રય ભવ્ય હોય, પણ માત્રું પરઠવવાની જગાના જ વાંધા ! કદાચ નાનકડી જગા રાખી હોય તે એક વાર પરઠવેલા ઉપર ફરી પરઠવવાનું થાય; એટલે પૂર્વનું ન સુકાવાથી એમાં જે અસંખ્ય સંમૂર્છિમ મનુષ્ય ઉત્પન્ન થઈ ગયા હોય તેનો કચ્ચરઘાણ ! લો આ જીવરક્ષાર્થે યોજાયેલાં પરઠવવાની સમિતિમાં જ કરો જીવહિંસા ! આનું ભાન નહિ એટલે દુકાનો કાઢી ભાડા ઉપજાવવાનું આવડે, પણ ધર્મના પાયાભૂત જીવરક્ષાર્થે પરઠવવાની મોકળી જગા રાખતાં ન આવડે ! ત્યારે કહેવાનું મન થાય કે જરા સ્થાનકવાસીના સ્થાનક જોઈ આવો, વિશાળ જગા ખુલ્લી રાખી કેવી જીવરક્ષા સાચવે છે. જુઓ ‘અમારો ધર્મ ઊંચો’નો ગર્વ લઈ ફરવા પાછળ કોઈ માથે ભાર ? જ્યાં સાધુનો વિચાર નહિ, ત્યાં પછી પૌષધવાળાનો તો વિચાર હોય જ શાનો ?

**નિમિત્તથી કર્મ જાગે :-**

અસ્તુ. વાત આ ચાલે છે કે નરસાં નિમિત્તવાળાં સ્થાનમાં ક્ષણવાર પણ ઊભા ન રહેવું. નહિતર તેવા તેવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું નિમિત્ત પામી ઉદયમાં આવનારાં કર્મ જાણે ડોકિયાં કરીને બેઠાં હોય છે. નિમિત્ત મળ્યું કે ઝટ ઉદયમાં આવ્યું સમજો; વધારે પડતું ખાઈ નાખો, યા ભૂલમાં મરચાંનો ફાકડો મોમાં નાખો કે અશાતા વેદનીય કર્મ જાગ્યું ! સિનેમા, વિલાસી નોવેલો, ઉદ્‌ભટ વેશવાળી સ્ત્રીનાં ચિત્ર વગેરે એવાં નિમિત્ત છે કે એ સેવો કે વિકરાળ મોહનીય કર્મ ઉદય



પામ્યું સમજો. એમ વિજાતીયના અંગોપાંગ નિરખો કે મોહ જાગતાં વાર નહિ.

**રાજકુમાર એજ વિચારે છે કે,**

‘હા ! હા ! હા ! કેવી ધીટ આચારવાળી અધમ આ અષ્ટકર્મ-રાશિ ! કેવા ધીટ શત્રુ ! કે જેથી આ બિચારી રાજકુળમાં જન્મેલી બાળિકાને દુષ્ટ પાપશરીરનાં રૂપનાં દર્શનથી આંખમાં રાગાભિલાષ સ્ફુરી આવ્યો ! માટે હવે તો આ વિષયો, આ દેશ છોડીને પછી ચારિત્ર જ લઈ લઉં.’

બસ, તરત ત્યાંથી નીકળી જવું છે એટલે સભાની રજા માગે છે, રજા પણ માગવાની શું, ઉચિત સંબોધન કરી નીકળી જવું છે. રજાની રાહ નથી જોવી; કેમકે અકળાઈ ઊઠ્યો છે, આત્માના પરિણામ બગાડે તેવા સંયોગથી ભડકી ગયો છે. એમાં ય આશ્ચર્ય તો એ છે કે હવે તો આ જ શું, આખો ઘર સંસાર પણ નથી જોઈતો.

રાજકુમાર રુક્મિના દોષ ઉપર હવે ક્ષણવાર એ દેશમાં રહેવા ચાહતો નથી. ‘તરત જ નીકળી જવું છે, એટલે જતાં પહેલાં સભાની વચમાં કહે છે, કે ‘શલ્યરહિત બની મન-વચન-કાયાએ શુદ્ધપણે આ સમગ્ર રાજસભાને મારી ક્ષમા-ક્ષમાપના હો.’

બસ, આટલું કહી ત્યાંથી તરત ચાલી જાય છે.

વિવેકી અને ગંભીર છે. રાજ્યસભામાંથી એકાએક વચમાં ઊઠી ચાલ્યા જવું ઉચિત નથી, છતાં સંયોગવશાત્ જવું પડે છે. તો ક્ષમા માગી લેવી જોઈએ એ વિવેક છે. ગંભીરતા એવી છે કે રુક્મિના કારણે જવાનું થાય છે. પરંતુ એ કારણ કોઈ બહાર પ્રકાશવાનું નથી, મનમાં જ સમજી રાખવાનું છે, એ ગંભીરતા છે.

**ઉચ્ચ પાયરીએ ચડવું હોય તો આવા વિવેક ગાંભિર્યાદિ પ્રાથમિક ગુણો ખાસ આવશ્યક છે.** આત્માની ઉન્નતિમાં એમ કૂદકો મારીને અર્થાત્ પ્રાથમિક ગુણોની પરવા કર્યા વિના ચડી શકાતું નથી. ધર્મ-ક્રિયા જુદી ચીજ, અને આત્મ પરિણતિનું ઘડતર એ જુદી ચીજ છે. જો આપણે એમ સમજી મૂકીએ કે ‘જૈન ધર્મની અને વીતરાગ-અરિહંત પરમાત્માની શ્રદ્ધા કરી લીધી, અમુક અમુક વ્રતો લઈ લીધા એટલે ઊંચે ચડી ગયા, પછી ભલે પાયાના વિવેક, કૃતજ્ઞતા, અક્ષુદ્રતા, વૈરાગ્ય, દયા વગેરે ગુણો ન હોય,’ તો આ સમજ ખોટી છે, કેમકે

**બાહ્ય સાધનાની પાછળ આભ્યંતર તેવા પ્રકારનું આત્મપરિણમન ઊભું થવું જ જોઈએ.** અંતરના ભાવ વિનાની ક્રિયા દ્રવ્યક્રિયા છે. એનું કાંઈ મૂલ્ય નથી.

**આત્માનો ઉદય અંતરના ભાવ ઉપર અવલંબે છે.** ભાવ જેમ જેમ ચોક્ખા થતા આવે, તેમ તેમ આત્માનું ગુણસ્થાનક વધે છે, એકલી બાહ્ય ક્રિયા માત્રથી નહિ. અલબત્ત એથી કાંઈ બાહ્ય ક્રિયા નકામી નથી ઠરતી. કેમકે અંદરના ભાવ જગાવવામાં અને જાગેલા ભાવ વધારવામાં એ ઘણી ઉપયોગી છે. દુનિયામાં દેખાય છે કે,

**બાહ્ય-ક્રિયાની, અંતરના ભાવ ઉપર અસર પડે છે.** છોકરાને રમાડીને કે સારું સારું ખવરાવીને મા રાજી થાય છે. એ ક્રિયામાં અંતરનો પ્રેમભાવ વધવાનું લક્ષણ છે. એમ મનમાં દ્વેષ આવ્યો, પરંતુ બહાર કાંઈ આવેશનું બોલ્યા નહિ તો કદાચ દ્વેષ એટલે જ ઊભો રહે છે. પણ જો બહાર જેમ તેમ બોલવા લાગ્યા તો એથી અંતરનો દ્વેષભાવ વધતો જાય છે, આ દેખાય છે. એ સૂચવે છે કે બહારની ક્રિયાની અંતરના ભાવ ઉપર અસર પડે છે; અને શુભભાવ લાવવો તો છે જ, માટે બાહ્ય શુભ ક્રિયાઓ, આચારો, અને ત્યાગ-સંયમના આચરણ અત્યંત આવશ્યક છે. બાકી એ પાછું એટલું જ સાચું છે કે,

**બાહ્ય સાધના કરતી વખતે અંતરના ભાવની વિશુદ્ધિ થવા પર ખાસ લક્ષ રાખવું જરૂરી છે.** તો જ આત્માની પ્રગતિ થતી આવે. નહિતર વર્ષોના વર્ષો ક્રિયાઓ કરાતી જાય, છતાં 'મિયા ઠેરકા ઠેર' જેવું થાય. આ અંતરના ભાવની વિશુદ્ધિમાં પ્રાથમિક ગુણોનો ખપ કરવાનું ખાસ આવે. માટે જ યોગ્ય આત્માઓમાં પ્રાથમિક ગુણોનો ખપ ખાસ દેખાય છે. યોગ્યતાનું માપ પણ એના પરથી નીકળે છે. આપણામાં ક્ષુદ્રતા, સ્વાર્થાંધતા, નિર્ભીક વિષયલંપટતા, કૃતઘ્નતા વગેરે હોય તો ચેતી જવું પડે. ઝટ જાતને ધર્મી માની લેવાય નહિ. આ દોષો કાઢવા માટે ખાસ પ્રયત્ન કરવો પડે. પહેલ વહેલું મન કબૂલ ન થાય તો ય મન મારીને આ દોષોને દાબવા ચીવટ અને ચોકસાઈ રાખી અંતરમાં ઝઝૂમવાનું, દોષના નિમિત્તથી આઘું રહેવાનું.

**બીજાની ભૂલ પર વૈરાગ્ય :-**

રાજકુમાર યોગ્ય છે, ગંભીર છે, વિવેકી છે, જિનશાસન પ્રત્યે કૃતજ્ઞભાવવાળો છે, તેથી બીજાના દોષને પેટમાં સમાવે છે, અને શાસન પ્રત્યે પાકી વફાદારી રાખી અસત્ નિમિત્તમાંથી ખસી જવાનું કરે છે, અરે ! પોતે બીજાને પાપમાં નિમિત્ત ન બને એ માટે માત્ર ત્યાંથી ખસી જવાનું જ નહિ, કિન્તુ સંસારના સર્વસંગથી છૂટવાનું ધારી લે છે. રુક્મિની દયા ખાતાં વિચાર આવે છે કે આણે બિચારીએ આ દુષ્ટ પાપી શરીરનાં રૂપનાં દર્શનથી એવાં કર્મ ઉદીર્યાં કે એની આંખોમાં રાગાભિલાષ સ્ફુરી આવ્યો ! તો હવે હું આ રૂપાદિ વિષયોને જ સર્વથા ત્યજી દઈ ચારિત્ર લઈ લઉં.'

**રાજકુમાર સંન્યાસી વેશે :-**

ભગવાન કહે છે, 'હે ગૌતમ ! તે ઉત્તમ રાજકુમાર બસ, આ વિચાર કરી સભા વચ્ચે કહે છે કે 'આ મંડપમાં રહેલા સમસ્ત રાજકુળ અને નગરના લોકોને ત્રિવિધ ત્રિવિધે (રાગ-દ્વેષ-મોહથી કરવા-કરાવવા-અનુમોદના રૂપે) મન-વચન-કાયાની અશુદ્ધિ ટાળી ત્રિકરણશુદ્ધિએ નિઃશલ્યપણે મેં ખમ્યા, સહી લીધા.' આટલું કહીને ત્યાંથી નીકળી જઈ પોતાના આવાસે આવે છે. આવીને હવે તો સંસારત્યાગની જ



તમન્ના છે, એટલે માલ-મિલકતની કાંઈ પડી નથી. ભાતું લઈ લે છે, પહેરેલા વસ્ત્રે નીકળી જવું છે, તે પણ ઠઠારાબંધ વસ્ત્રો નહિ. પણ એકના બે ખંડ કરીને એજ પહેરી-ઓઢી લઈને એક સંન્યાસી જેવા વેશે નીકળી જવાની વાત છે; જમણા હાથમાં એક સજ્જન પુરુષના હૃદય જેવી સરળ નેતરની સોટીનો ટૂકડો પકડી લે છે.

**અરિહંતની અચિંત્ય શક્તિ પર વિશ્વાસ**

શુભ કાર્ય માટે ચાલવું છે તેથી મંગલ કરવું જોઈએ, એટલે ત્રિભુવનૈકગુરુ જગત્શ્રેષ્ઠ ધર્મતીર્થંકર અરિહંત ભગવાનની સ્તુતિ-વંદના કરે છે. કોઈ પણ કાર્ય માટે પોતાની ગમે તેટલી શક્તિ-સામર્થ્ય હોય, સાથે ભલેને કારણ સામગ્રી પણ હોય, કિન્તુ કાર્ય આડે જો પોતાની અંતરાય કર્મ નડતા હોય તો શક્તિ-સામગ્રી શું કરી શકે ? માટે વિઘ્ન તોડવાં જોઈએ અને અરિહંત ભગવાનના સ્તવન-નમસ્કારાદિથી એ તૂટી શકે છે. માટે એની પ્રારંભે જરૂર છે.

આપણે આનો કેટલો ઉપયોગ રાખીએ છીએ એ વિચારવા જેવું છે. કહે છે 'ભૂલી જવાય છે,'

**અર્હદ્સ્તવના કેમ ભાઈ ! ભૂલી જવાય ? એમ કહો.**

(૧) પોતાની શક્તિનો મદ છે કે 'આપણી શક્તિથી કાર્ય કેમ સિદ્ધ ન થાય !' તેમ

(૨) ચેતનનો નહિ પણ જડ સામગ્રીનો જ અંધ વિશ્વાસ છે કે એનાથી જ કાર્યસિદ્ધ થઈ જાય.

(૩) માત્ર અતિન્દ્રિય તત્ત્વ અંતરાય કર્મ ઉપર દૃષ્ટિ નથી, કે એનો ક્ષયોપશમ તો પ્રથમ નંબરે જરૂરી છે. તેમ

(૪) કદાચ એમ પણ ઊંડે ઊંડે લાગતું હશે કે વળી અરિહંતની સ્તુતિ-સ્મૃતિથી એમ તે શી રીતે અંતરાય તૂટતા હશે ?

**સર્વ અંતરાય ક્ષય કરવાનું આલંબન :-**

આત્માની આંતર-જાચ કરો કે આમાંનું કાંઈ નડે છે કે કેમ ? જો એ ન હોય તો પછી સર્વે કામમાં પ્રારંભે ભગવાનને કેમ ભૂલાય ? આટલી શ્રદ્ધા હોય કે અંતરાય કર્મ એવા બળવાન છે કે બધી શક્તિ-સામગ્રીને અંતે નિષ્ફળ ઠરાવે, અને એ અંતરાયનો નાશ કરી સર્વ ક્ષાયિક ભાવની લબ્ધિઓ પ્રગટ કરી છે, એવા અરિહંત પરમાત્મામાં છે; તો અરિહંત તો વારે ને વારે યાદ આવે.

**અહીં અરિહંત ભૂલવાનું ? :-**

જીવની પામરતા કેટલી બધી કે કાર્યમાત્રમાં નડતા અંતરાય કર્મને તોડી નાખનાર અરિહંત પ્રભુને જ ભૂલે ! તે ય આ પામરતા અહીં માનવભવમાં ? તે

પણ અરિહંત દેવ મળ્યા છે ત્યારે ? જગત ઉપર દૃષ્ટિ તો નાખો કે મનુષ્ય-અવતાર મળવા છતાં ય ક્રોડો-અબજો જીવોને અરિહંત પરમાત્માની પ્રાપ્તિ ક્યાં છે ? એ ય માત્ર પોતાની શક્તિ-સામગ્રી પર ઝઝૂમે ને તમે પણ એવું જ કરો ? અરે ! એમાં ય આજે એવા મનુષ્યો છે કે અરિહંતના સ્વરૂપનો જે એક અંશ અચિંત્યશક્તિ તેટલા જ અંશરૂપે પરમાત્માને કલ્પી એમના પર અથાગ વિશ્વાસ મૂકે છે અને એમનું શરણ પકડી માનવ-શક્તિની બહારની કાર્યસિદ્ધિ કરે છે ! આજ વિલાયત અમેરિકામાંના એવા દાખલા જાણવા મળે છે.

**અમેરિકનની પ્રાર્થના :-**

અમેરિકામાં એક મોટરના કારખાનાવાળાને પગે ભારે તકલીફ ઊભી થઈ શક્તિ સંપન્ન હતો એટલે ડોક્ટરી ઈલાજ કરવામાં બાકી ન રાખી, પણ પરમાત્મ-શક્તિથી જ તૂટે એવા કર્મ નડતા હોય ત્યાં હજારો શું લાખો રૂપિયા ખર્ચી નાખે, ને દુનિયાના નામાંકિત ડોકટરોથી ઈલાજ લે, પણ તેથી શું વળે ? મોટો લાખો કે ક્રોડો ડોલરનો શ્રીમંત એને ય લંગડાતા પગે ચાલવું પડે એમાં તકલીફ અને શરમ નડે, પણ શું થાય ? કેવી દુર્દશા ?

**માનવની કેવી પામરતા ?** ક્યાં લડવા જાય ? કઈ કોરટમાં કોની સામે કેસ માંડી આ નુકસાની ભરપાઈ કરાવી શકે ? તો એટલું તો નક્કી થયું ને કે પ્રત્યક્ષ દેખાતી જડ સામગ્રી-સંપત્તિ છતાં કોઈ એવી ચઢિયાતી અદૃશ્ય ચીજ, જેને કુદરત કહો, કિસ્મત કહો, ભવિતવ્યતા કહો, પણ એવું કાંક છે કે જે પ્રસંગે અબજો રૂપિયાની સંપત્તિને પણ નાકામિયાબ બનાવી દે છે ! એમ હજારો માનવોને ન મળી હોય એવી બુદ્ધિ-વિદ્વત્તા-શરીર-શક્તિને પણ અસમર્થ બનાવી દે !

**ઉંદરડા જેવો ઘમંડ :-**

હૈયે આ તગમગતું નથી એટલે જરાક શ્રીમંતાઈ આવી, બુદ્ધિ મળી, વિદ્વાન બન્યા, ત્યાં એ પર કૂદી રહ્યા છો, છાતી ફૂલે છે, પગ ધમધમ ચાલે છે, નાકમાં હવા માતી નથી તે નસકોરાં ફૂલી જાય છે, અવાજમાં મિજાસ હોય છે, કેવી કંગાલિયતતા ! રાતના ફરવા નિકળેલા ઉંદરને થોડા અનાજના દાણા મળે ને એના પર મસ્તાન બની મગરૂબીથી પાછલા પગે ઊભો થાય, પણ પાછળ બિલાડો તાકીને રહ્યો હોય ત્યારે એ ઉંદરડાની કેવી પામર દશા આપણને લાગે ? તો અહીં **કાળ, કુદરત અને કર્મરૂપી બિલાડાથી તકાયેલી આપણી અભિમાની જાત માટે કેમ એવું નથી લાગતું ? ખેર !**

પેલા મોટર કંપનીના માલિકને બહુ બહુ ઉપાયો કરવા છતાં પગે સારું થતું નથી, એવામાં એક વાર એક ભલો માણસ એને ભેટી ગયો અને વાત પર વાત



નીકળતાં એણે કહ્યું કે 'બીજા ફાંફાં શા સારું મારો ? ઈશ્વરને પ્રાર્થના કરો, પગ સારો થઈ જશે.'

આ હસે છે, હેં હેં હેં શી વાત કરો ? પ્રાર્થનાથી આ પગ સારો થાય ? હું તો ઈશ્વરમાં માનતો જ નથી.'

ત્યારે પેલો ભલો માણસ શાંતિથી કહે છે, 'નહિ માનતા હો, પણ ઈશ્વર છે એ હકીકત છે, અને એની પ્રાર્થનાથી આજે પણ હજારોનાં વાંછિત ફળ્યા છે. એ ય હકીકત છે.

'અરે પણ મોંઢેથી પ્રાર્થના બોલી જઈએ એથી શરીરનું અંગ શે સાજું થઈ જાય ?'

'માત્ર મોંઢેથી બોલવાની આ વાત નથી, હૃદયથી ઈશ્વરને ખરેખર શરણે જઈ પ્રાર્થના કરવાની છે. એની અચિંત્ય તાકાત છે, કેમકે ઈશ્વરની અચિંત્ય શક્તિ છે. એ એની ગેબી રીતે શરીરના અંગ પર જ શું, કિન્તુ હજારો માઈલ દૂરની ચીજ પર પણ ચમત્કારિક અસર કરે છે. માટે હું તમને કહું છું કે તમે બીજા ઉપાયો તો લઈ લીધાને ! હવે હારીને તો બેઠા તો છો જ, તો બસ, હવે આ ઉપાય કરી જુઓ, એ શો ચમત્કાર કરે છે.'

આને મનમાં લાગ્યું કે "આ હજારોનો અનુભવ કહે છે ત્યારે જરૂર કાંક ઈશ્વરીય તત્ત્વ જેવું હશે ખરું. તો લાવને હું પણ પ્રયોગ કરું. આમે ય ડોક્ટરોએ હાથ તો ખંખેરી નાખ્યા છે, પછી આ કરવામાં શું જાય ?' પેલાને કહ્યું, 'સારું ત્યારે કરીશ.'

કર્યો પ્રયોગ એણે, શ્રદ્ધાથી કર્યો પણ જુઓ એ પ્રાર્થનામાં કેવી વિચિત્ર રજૂઆત કરે છે. દિલથી પ્રાર્થના કરતાં એ કહે છે

'ઓ પ્રભુ ! હું તારે શરણે છું; તારે મારો પગ સાજો કરી જ દેવો જોઈએ. કેમકે જ્યારે હું મારા કારખાનામાં મોટરો બનાવી ઘરાકોને આપું છું, તો તે લઈ જનાર ઘરાકને જો એમાં કોઈ અંગમાં ખામી આવે, અને મારી પાસે લઈ આવે તો તે અંગ હું સાજું કરી દઉં છું; તો પછી તેં મને આ મનુષ્ય દેહ આપ્યો; હવે એના કોઈ અંગમાં ખામી આવે તો તે તારે ઠીક કરી જ દેવી જોઈએ. બસ, તું કરી દેશે જ.'

એની રોજના ચોક્કસ કરેલા સમયે દિલથી કરાતી પ્રાર્થનાથી પગ સુધરતો ગયો. એના મનને ચમત્કાર તો લાગ્યો જ, પણ એથી વિશેષ, ઈશ્વરીય શક્તિ પર શ્રદ્ધા-બળ વધતું ચાલ્યું. થોડા વખતમાં પગ સાજો થઈ ગયો, અને ઈશ્વરનો એ પાકો પ્રેમી બની ગયો. આવા કેટલાય દાખલા બને છે. પરમાત્માનાં અનંતજ્ઞાન-દર્શનાદિ સ્વરૂપ ભલે એ નથી જાણતા, પરંતુ એક અચિંત્યશક્તિ-યુક્તતા ગુણ પર શ્રદ્ધા મૂકી પ્રાર્થના કરે છે, શરણ સ્વીકારે છે, આભાર માને છે, વગેરે કરે છે,

તો પણ કષ્ટ દૂર થાય છે,

અલબત્ત અહીં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે અચિંત્ય શક્તિવાળા પરમાત્મા કાંઈ જગતનું સર્જન કરવા નથી બેસતાં, જગતકર્તા નથી, એટલે હિંદુઓની જેમ પરદેશવાળા પણ 'બધું ઈશ્વરે બનાવ્યું છે, આપણો દેહ પણ ઈશ્વરે બનાવ્યો છે, એવું જે માને છે, એ વાસ્તવિક યુક્તિ યુક્ત નથી, છતાં બીજું બધું મૂકી ભગવાનના અચિંત્ય શક્તિ-અચિંત્ય પ્રભાવનો જે વિશ્વાસ ધરે છે એ વિશ્વાસ અને એની પાછળ એમનો શરણસ્વીકાર કાર્યસિદ્ધિમાં અનુકૂળ બની જાય છે. આપણો મુદ્દો આટલો જ છે કે પરમાત્માના અચિંત્ય પ્રભાવ પર અનન્ય વિશ્વાસ અને એના શરણસ્વીકાર શું કામ કરે છે ! પ્રશ્ન થશે,

**પ્ર.**- તો શું આપણે વીતરાગ કૃતકૃત્ય અરિહંતનો આવો પ્રભાવ માનીએ છીએ ?

**ઉ.**- હા, પણ આ રીતે, કે ભગવાન સર્જન-કાર્યનિર્માણની કશી ખટપટમાં ઊતરતા નથી, એમને સર્જનની કોઈ ક્રિયા કરવાની હોતી નથી, ઈચ્છા સરખીય નહિ. તેમ એ કાંઈ આપવા-કરવાની ક્રિયા ય નથી કરતા, કિન્તુ જે કઈ જીવનું શુભનિર્માણ થાય છે એમાં એમનાં જ સ્મરણ, પૂજન યા એમની જ આજ્ઞાનાં પાલનનો પ્રધાન પ્રભાવ છે; એટલે કે એ સ્મરણ-પૂજન-આજ્ઞા દ્વારા મુખ્યપણે એમનો જ પ્રભાવ છે; સ્મરણ-પૂજન-આજ્ઞાપાલન બીજાનાં કરો તો તેવું ફળ ન મળે, અને અરિહંતના કરો તો મળે; એ જ સૂચવે છે કે **અરિહંતનો જ એવો કોઈ વિશિષ્ટ પ્રભાવ છે કે એમનાં જ સ્મરણ-પૂજનાદિ દ્વારા વિશિષ્ટ ફળ મળે.**

બસ, આ રીતે અરિહંતનો અચિંત્ય પ્રભાવ, અચિંત્ય ઉપકાર માનવાનો છે. આત્માને ઉત્તરોત્તર ચઢિયાતા શુભભાવ જાગે એમાં પણ અર્હત્-પ્રભાવ જ મુખ્યપણે કારણભૂત માનવાનો છે; કેમકે એ પણ અરિહંતના આલંબને જ થાય છે. માટે તો ભગવાન 'અભયદાતા ચક્ષુદાતા, માર્ગદાતા' વગેરે કહેવાય છે, કલ્યાણ વેલડીના વિશાળ કંદ લોકનાથ, લોકહિત, ધર્મદાતા, ધર્મસારથિ...ઈત્યાદિ વિશેષણો છે.

તો સવાલ આ છે કે પેલા રાજકુમારને અરિહંતના અચિંત્ય પ્રભાવ પરની શ્રદ્ધાથી એમનું સ્તવન-વંદન કર્યું, એમ ભલે તમને અરિહંત પર શ્રદ્ધા છે કિન્તુ તમે અરિહંતની અનન્ય, અચિંત્ય શક્તિ ઉપર અટલ શ્રદ્ધા ધરો છો ખરા ? આપત્તિ માત્રમાં, અગવડ-પ્રતિકૂળતામાં એવો દૃઢ વિશ્વાસ રહે છે ખરો કે અરિહંતદેવના પ્રભાવે સારું જ થશે, કેમકે એ સર્વ ક્લેશ-સર્વ કષ્ટ-સર્વ દુઃખના નિવારક છે. માટે લાવ 'એમનું જ શરણ લઉં, એમનું જ સ્મરણ કરું, એમના જ સ્તુતિ-ગુણગાન કરું,' આ પદ્ધતિ જીવનમાં ચાલુ છે ખરી ? હરિભદ્રસૂરિજી મહારાજ કહે છે,

**'સંપૂરિતા ભિનત લોકસમીહિતાની...જિનરાજ પદાનિ'**



જિનેન્દ્રદેવનાં ચરણ કેવાં છે ? અભિનત-નમેલા લોકોના સમીહિત-વાંછિત જેમણે સમ્યક્ રીતે પૂર્યા છે એવા એટલે ? આ સાચું કહે છે ? જિનચરણ વાંછિત પૂરે ? હા. એટલું જો જો કે એમની આગળ જે ને તે માગવાનું નથી, **માગવાનું તો આત્મહિત જ;** પણ અટલ આસ્થા એ રાખવાની છે કે સૌ સારું એમના જ પ્રભાવે થાય છે.

'પૈસા પુણ્યના પ્રભાવે મળે' એમ તો યાદ છે ને ?

પણ પુણ્ય કોણે પમાડ્યું ?

ધર્મે. એટલે ? અરિહંતની આજ્ઞાના પાલને.

એમાં મહત્ત્વ તમારા પાલનનું કે એમની આજ્ઞાનું ?

અરિહંતની આજ્ઞાના મહત્ત્વમાં ય અરિહંતનું મહત્ત્વ ખરું કે નહિ ? જિનની આજ્ઞાનો પ્રભાવ ખરો અને જિનનો પ્રભાવ નહિ ?

**જિનનો પ્રભાવ ન મનાવાથી દુર્દશા :-**

ભૂલ અહીં જ થાય છે, બધું સારું થવામાં જિન અરિહંતનો મુખ્ય પ્રભાવ ન મનાવાથી એમના એવા શરણે નથી જવાતું. એવો કૃતજ્ઞભાવ નથી જાગતો, એ ન જાગવાથી એમની ભક્તિ કરવામાં તૂટી મરવાનું, સારા ઘસાવાનું, સારો ભોગ દેવાનું મન નથી થતું, કે રૂડું, રૂપાળું મળે, સગવડ-અનુકૂળતા થાય, રોગાદિ આપત્તિ જાય, એમાં અરિહંતનો ઉપકાર યાદ નથી આવતો. શેઠ, સારો ઘરાક, સારી ઘરવાળી, ડાક્ટર વગેરે બીજા ત્રીજા કેઈના ઉપકાર હજી મનાય છે, મનમાં આવે છે; નથી આવતો બધાના મોખરે અરિહંતનો ઉપકાર !

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૩,અંક-૧૨,તા.૧૨-૧૪-૧૯૬૪**

તો વિચારો કે અરિહંતનો ઉપકાર એવો પળે પળે પગલે પગલે યાદ આવ્યા વિના, એમનાં શરણે જવાનું, એમને જ એક આધાર ખરેખર માનવાનું, અને એમની સર્વાંગીણ સેવાના ઉમળકા અનુભવવાનું ક્યાંથી બનવાનું હતું ?

રાજકુમાર ત્રિભુવન-એકગુરુ વિશ્વશ્રેષ્ઠ, તીર્થંકર શ્રી અરિહંત ભગવાનની સ્તુતિ-વંદના કરી ત્યાંથી નીકળી ગયો, અને ચાલતાં ચાલતાં દૂર દેશાન્તરમાં હિરણ્યોત્કરટી નામની રાજધાનીમાં આવી ઊભો.

**બીજાનું જ જોવામાં, જાતનું ક્યારે જોવાનું ? :-**

અનંત ઉપકાર કરનાર જગદ્ગુરુ મહાવીર પરમાત્મા રુક્મિ રાજાનો પ્રસંગ કહી રહ્યા છે. એમાં રુક્મિનું ભવ્ય ઉત્થાન કેવા પ્રકારનું હતું, કેવી સામાન્ય બાબતમાં

એનું પતન થાય છે, પછી ઉત્થાન થવા આડે કેવા દીર્ઘકાળના અંતર પડી જાય છે, ત્યારબાદ કેટલી અદ્ભુત ઉન્નતિ થાય છે, એને અતિ રોચક શબ્દોમાં ભગવાન વર્ણવી રહ્યા છે ! એમાં ય અવાન્તર પ્રસંગોનું પણ બહુ રમ્ય વર્ણન આવે છે. આ ચરિત્ર સાંભળ્યા પછી જો આત્મા સંસારની અસારતા અને આત્માના મોક્ષસામ્રાજ્યની જ એક સારભૂતતાનાં સંવેદન યાને સંવેગની વૃદ્ધિ ન કરે તો માનવું પડે કે વાંકાં દુર્લભ-બોધિ છે, અગર દીર્ઘસંસારી-ભારેકર્મી છે. બીજાને સર્ટિફિકેટ આપવાની આ વાત નથી, પરંતુ પોતાના આત્મા ને તોલવાની આ વાત છે.

**ધર્મકથાનું શ્રવણ શું, કે શાસ્ત્ર વાંચન શું, યા કોઈ પણ સુકૃત કે ધર્માનુષ્ઠાન શું, એ સ્વાત્માના આંતર નિરીક્ષણ સાથે નિજના ઉત્થાનની પ્રક્રિયાના અમલ-આચરણ અર્થે કરવાનું છે, બીજાનું જોવા કે બીજાને બતાવવા માટે નહિ.**

માણસ ઘણીવાર ભુલાવામાં પડી જાય છે. ધર્મકથા સાંભળે તો એમાં આવતા પાત્રોમાં ઊતરી જાય છે, જાણે પોતાને કોઈ લેવા દેવા જ નથી. 'રામે સીતાને જંગલમાં મૂકાવી દીધી ? રામે ભારે ભૂલ કરી ! તો સીતાને ય જંગલમાં મૂકાવું પડ્યું ? બિચારી ! કેટલું બધું દુઃખ એને ?' બસ કથા સાંભળતાં આટલે જ અટકી પડવાનું ને ? અલ્યા તને કાંઈ આમાંનું લાગુ થાય છે ? રામે દ્રોહ કર્યો એવું લાગે છે, પણ તેં જિંદગીમાં કોઈના દ્રોહ કર્યા છે ખરા ? સીતા 'બિચારી' લાગી, પરંતુ તારાથી દ્રોહ પામનારા 'બિચારા' લાગે ખરા ? અરે ! તારી જાત કે જેને કર્મ કૂટી રહ્યા છે, એ 'બિચારી' લાગી ? લાગે તો તો શું ચાનક ન લાગે કે 'તો પછી મારે ક્યાં સુધી આમ કર્મથી કૂટાયા કરી 'બિચારા' બની રહેવું ? ઊઠ જીવ ઊઠ, તીર્થંકર ભગવાનનું શાસન મળ્યું છે પછી શા સારુ કૂટાયા કરવું ? શાસનના સહારે હું જ કર્મને કૂટી નાખીશ.' આવો કોઈ વિચાર સ્ફુરે ખરો ? ના, કથા સાંભળી-લખી-વાંચી તો માત્ર પારકી જ વહી સાંભળી, લખી, કે વાંચી, પોતાને અડે કે આભડે ? ના, કશું નહિ. આમાં પોતાનો ઉદ્ધાર શી રીતે થાય ? તો શાસ્ત્રવાંચનમાં પણ હિતની વાત કે અહિત-ત્યાગની વાત જાતમાં ન ગોઠવતો જાય, તો શું વળે ?

**પરની સામે જુએ શું વળે ? :-**

એમ, કોઈ દાનાદિ સુકૃત સેવે એમાં પણ પરની સામે જોયા કરે તો શું વળે ? દાન તો કરે, મહા સુપાત્રદાન વીતરાગની ભક્તિમાં કાંઈ ખર્ચે ખરો પણ દૃષ્ટિમાં એ લાવે કે 'ફલાણા કરતાં આપણો રંગ સારો આવ્યો,' 'બીજાઓએ પ્રશંસા ઠીક કરી,' 'બીજા શક્તિસંપન્નોને આ સૂઝતું નથી,' અગર 'આ તો ખરચ વધારે થઈ ગયો,' ત્યાં જાતમાં જોવાનું ક્યાં રહ્યું ? 'અરે મૂરખ એ જો કે 'મારાં અહોભાગ્ય કે નાથના પ્રતાપે મળેલામાંથી થોડું પણ નાથની સેવામાં ગયું ! છતાં હજી મારી



કૃપણતા-સ્વાર્થાંધતા કેમ ઓછી નથી થતી ? આથી પણ વિશેષ ભક્તિ ક્યારે કરું ! પ્રભુની દ્રવ્યભક્તિ તો કરી, પણ એના ફળરૂપે વીતરાગની નજીક ક્યારે આવીશ ? નજીક આવવા માટે રાગ-તૃષ્ણા, મદ-માયા વગેરે ઓછા ક્યારે કરીશ ? સર્વ વિરતિ ક્યારે પામીશ ?' જો આ જોવાય, તો સીધું જાતમાં જ ઊતર્યા ગણાય.

એમ, ધર્માનુષ્ઠાનમાં પણ બીજાના જ સામું જુએ 'આણે ક્રિયા બરાબર ન કરી, આ સૂત્ર બરાબર નથી બોલતો, અહીં ભૂલ તહીં ભૂલ કરે છે, આ કેમ ચાલે ? મહારાજ પણ શું જોઈને આવાને આદેશ આપતા હશે ?...' મહારાજને ય ભેગા લે, એમાં એ ક્રિયાનું જાતમાં શું લીધું ? જાતમાં લેવા માટે તો પદે પદે પોતાને જ લાગુ કરવું પડે, પોતાના દોષની સંતાપભર્યા હૃદયે નિંદા-મહાઘૃણા કરવી રહે, નમોત્થુણં જેવા સૂત્રોચ્ચારણ વખતે પોતે મનમાં પોતાનું પામરપણું-કંગાલપણું લાવી, અદના સેવકભાવે ગદ્ગદ થઈને જાતને અર્થે પ્રભુને સ્તવવા પડે; પણ મનમાં શેઠાઈ-હોશિયારી-ઠસ્સો રાખીને નહિ. કુશળ બોલનાર-ગાનાર તરીકે નહિ, કે બીજાને સંભળાવવા યા દેખાડવા અર્થે નહિ.

**તપમાં ભાવના :-**

તપ કરવાનો તો ય તે જાતનો જ ચાલુ વિચાર રાખી, કે 'આજે મારાં અહોભાગ્ય કે દુષ્ટ આહાર-સંજ્ઞાને દબાવવાનો સુંદર મોકો મળ્યો ! પાપી પુદ્ગલનો પંથ મૂકી પ્રભુના પંથે ચાલવાનો અવસર મળ્યો ! હવે મારે ખાવાના દહાડે વિશેષ સાવધાન બનવાનું, ત્યાગવૃત્તિ ને નીરસવૃત્તિ રાખવાની. જીવન ત્યાગ-તપમાં સફળ છે, ખાવા પીવામાં કે ટેસ્ટ ઉડાવવામાં નહિ. મારો તો શો તપ છે ? ધન્ય છે તે શાલિભદ્ર-ધન્નો-સનતકુમાર જેવા મહા મુનિઓને ! એમના તપને !...'

**આત્મનિરીક્ષણ,** આત્માના ઉત્થાનનો વિચાર, અને એની પ્રક્રિયાનું ક્રમશઃ અમલીકરણ એ જ સાધના-આરાધનાને સફળ કરે. પરદૃષ્ટિ, સ્વોત્થાનનું સરાસર વિસ્મરણ, જાણે પોતે તો પૂર્ણ થઈ ગયો છે એવા રંગઢંગ, બહારમાં જ ગડમથલ, ઈત્યાદિ તો સાધનાને સ્વાત્મામાં સ્પર્શવા જ દેતા નથી.

માટે, આ રુક્મિ રાજાની કથા સાંભળો તેમાં પણ 'રુક્મિએ આ ખોટું કર્યું. રાજકુમાર ડાહ્યો માણસ,' વગેરેમાં જ ન પડી રહેતાં જાતમાં લગાવતા ચાલો. નહિતર કથા તો વિસ્તારથી પણ સંભળાઈ જશે, છતાં પરિણામ જાતે કાંઈ લઈને ઊઠવાનું નહિ બન્યું હોય.

**આપણે તો કથાના પદે પદે આત્મનિરીક્ષણ કરવાનું છે. સ્વાત્માને ઘટિત હિતશિક્ષા લેવાની છે, સ્વકર્તવ્યના નિર્ધાર વાક્યે વાક્યે કરતા ચાલવાનું છે.**

આ ત્યારે જ બને કે જ્યારે પ્રસંગે પ્રસંગમાં જાતને યોગ્ય પ્રેરણા લેવાય,

જાતનો વિચાર થાય, શુભ એક યા બીજા પ્રકારનો ભાવ કરાય. આ વસ્તુ જરા દૃષ્ટાન્તથી વિચારીએ.

**કથા પ્રસંગ જાતમાં કેમ ઘટાવાય ? :-**

શ્રીપાળ ચરિત્ર સાંભળવા બેઠા. એમાં આવ્યું કે મયણાસુંદરીએ રાજસભામાં બાપને કહ્યું કે **'પુણ્યથી વિનય-વિવેક-સુપ્રસન્ન મન વગેરે મળે.'**

ત્યાં ઝટ જાત માટે વિચારવાનું કે

(૧) 'જીવ ! તને જો આ વિનય, વિવેક વગેરે અંશે પણ મળ્યા છે, તો તારું પુણ્ય કેવું જોરદાર ! અને જો એ હોય તો પછી બે પૈસા ઓછા મળ્યા છે, અગર ચારમાં માન ઓછું મળે છે, તો મનને દુઃખ લગાડવાનું શું કામ છે ? કોહીનૂર હીરા મળ્યા પછી કાચ ઓછા મળવા પર ખેદ કોણ કરે ?' અથવા,

(૨) એમ વિચારી શકાય કે 'પૈસા વગેરેનું પુણ્ય હોવા પર ગુમાન શું કરે ? એ તો સુરસુંદરીનું મેથેમેટિક્સ (ગણિત). વિનયાદિ વિના પુણ્યશાળીપણું નથી. પ્રસન્ન મનને બદલે ઉકળાટ-ઉન્માદાદિવાળું મન મળ્યું છે, તો તું અભાગિયો છે. માટે હવે સાચો પુણ્યશાળી થવા વિનય, વિવેક, પ્રશાંત-પ્રસન્ન મન વગેરે કેળવવા લાગી જા.' આવી જાત માટે પ્રેરણા લેવાની.

એમ સાંભળ્યું છે કે 'મયણાએ ચોક્ખું કહ્યું કે **'જીવને પોતાના શુભાશુભ કર્માનુસાર જ પ્રાપ્તિ થાય છે અને ફળ મળે છે,** માબાપ તો એમાં નિમિત્ત માત્ર છે,' આ કહેવા પર એને કોઢિયા સાથે પરણવાનો અવસર આવ્યો,'' આ સાંભળવા પર મનને એમ થાય કે ધન્ય એ સિદ્ધાંતવાદી મયણાને કે બાપની ખોટી શેહમાં ન તણાઈ, સર્વજ્ઞના સિદ્ધાન્તનું અને પોતાનાં સત્ત્વનું ખૂન ન કર્યું. ઊલટું સિદ્ધાન્તની રક્ષા ખાતર બાપે આણી દીધેલા કોઢિયાને પરણી ! પણ એમ ન કહ્યું કે 'હું ઉંમર લાયક છું, મારી મરજી હશે એની સાથે લગ્ન કરીશ.' ના; ભલેને બાપ કોઢિયા સાથે પરણાવે, અંતે તો મારું પુણ્ય-પાપ જ આગળ આવવાનું છે. દુનિયામાં એનાં ઘણા દાખલા જોવા મળે છે. મારે જો શુભાશુભ કર્માનુસાર જ નીપજવાનો સિદ્ધાન્ત માન્ય છે, તો એની જ આ એક ઘટના માની એને વધાવવી જ જોઈએ. ધન્ય ધન્ય મયણા ! મારામાં આવી સિદ્ધાન્ત ટેક, સત્યની ટેક ક્યારે આવે !' આવી શુભ વિચારણા સાથે જાત માટે પ્રેરણા લેવાની.

એમ સાંભળ્યું કે 'ધવલે શ્રીપાલને દરિયામાં ફેંક્યા,' તે એ સાંભળતાં ધવલ ઉપર દ્વેષ નહિ ઊભરાવવાનો કે 'માળો કેવો દુષ્ટ !' ના, દયા પ્રગટાવવાની કે 'બિચારો ! કેવો કર્મપીડિત ! હીનભાગી કે આવા સજ્જનનો ભયંકર દ્રોહ કરવા સુધી પહોંચ્યો ! તો ધન્ય શ્રીપાલને કે આવા પ્રસંગે પણ ધવલ ઉપર દ્વેષનો કે જાત



માટે હાય-વોયનો વિચાર ન લાવતાં **'નમો સિદ્ધચક્કસ્સ' 'નમો નવપયાણં'** કર્યું. ધન્ય એનાં ધૈર્યને ! એની સિદ્ધચક્ર પરની શ્રદ્ધાને !

**અરે ! મહાવીર પ્રભુ પર સંગમ દેવતાના** ઘોર ઉપસર્ગ સાંભળતાં મનને શું થાય છે ?' બિચારા ભગવાનને કેટલું બધું દુઃખ ! પેલો સંગમ કેવો પાપિયો !' જો જો આવું વિચારતા. એમાં તો જાતને શું મળ્યું ? ભગવાનને 'બિચારા' બનાવ્યા. એ પ્રભુનું અવમૂલ્યાંકન અને સંગમ પર દ્વેષનો ભાવ. ત્યાં આવું કાંઈક વિચારો કે 'ધન્ય, પ્રભુ ! આપે કેવું અદ્ભુત સહન કર્યું !' ધરણી ધ્રૂજતી હતી, આપ સ્થિર હતા !' એથી સુકૃતાનુમોદનનો લાભ મળે.

**બસ, વાત આ છે કે દરેક શ્રવણ-દર્શનમાંથી જાતને શુભ ભાવ, શુભ પ્રેરણા કમાવવાનો અભ્યાસ રાખવો.**

**રાજકુમારની ગુરુ માટે શોધ :-**

પેલો રાજકુમાર હિરણ્યોત્કરટી નામની એક રાજધાનીમાં આવી પહોંચ્યો છે. હવે તો લક્ષ્ય નક્કી કર્યું છે કે 'પાછા ઘરે જવું નથી, તેમ સ્વતન્ત્ર સંસાર પણ માંડવો નથી; માત્ર ચારિત્ર લઈ કર્મ ખપાવી બીજાને પાપમાં નિમિત્તભૂત થતાં પોતાના શરીરનો ત્યાગ કરવો છે !' એટલે એણે ગુણસંપન્ન ધર્માચાર્યની શોધ લગાવી, પરંતુ નગર સારું હોવા છતાં એવા ધર્માચાર્ય મળતા નથી.

અહીં ભગવાન કહે છે, 'હે ગૌતમ ! એ રાજકુમારને ધર્માચાર્યની શોધ કરતાં વિચાર આવ્યો કે જ્યાં સુધી ગુણવિશિષ્ટ ધર્માચાર્ય મળે નહિ ત્યાં સુધી મારે આ નગરમાં જ રોકાવું. પરંતુ એમાં કદાચ કેટલાક દિવસો પણ લાગે. તો તે દરમિયાન મારે અહીંના રાજાનો આશ્રય લેવો, કેમકે એની કીર્તિ દેશ ભરમાં વ્યાપેલી છે.'

**ગુરુની દુર્લભતા :-**

જોવા જેવું છે કે એવા મોટા નગરમાં શું કોઈ આચાર્ય મહારાજ નહિ હોય ? અગર હશે તો રાજકુમારના ધારવા જેવા નહિ હોય ? આ જગતમાં સદ્ગુરુની પ્રાપ્તિ કેટલી મોંઘી છે ! તમારે ઘેર બેઠે ગુરુ આવી મળે એટલે એમ લાગતું હશે કે ગુરુ તો સુલભ છે. કેમ ખરું ને ? ને સ્ત્રી-પુત્ર-પરિવાર મળવા કઠિન ? માટે જ ગુરુનો સમાગમ રોજ સાધવાનું ભૂલી સ્ત્રીપુત્રાદિના પાકા પરિચયમાં રહેતા હશો ને ? ઊંધો જ રાહ કે બીજું કાંઈ ? સદ્ગુરુનાં પડખાં સેવવા માટેના જ આ સુંદર ભવમાં કુટુંબના અને બીજા ત્રીજાના મોહમાં ફસ્યા રહી એની ઉપેક્ષા કરવી એ કેટલી બધી મૂર્ખાઈ છે !

**પ્રભુ પાસે બોલ્યાનો શિર પર ભાર ? :-**

રોજ પ્રભુ પાસે માગી આવો છો કે 'સુહગુરુ જોગો' 'તવ્વયણ-સેવણા;

શુભ ગુરુનો યોગ, એમના વચનનો અમલ,' એ શા માટે માગો છો ? જોઈએ છે માટે ? કે શું થાય, સૂત્રમાં એવું લખેલ છે તેથી બોલવું પડે છે ? પૂછો અંદર 'ખરેખર એ પામવાની ધગશથી જ માગું છું ?'

ચૈત્યવંદન બોલો, સૂત્ર બોલો, સ્તવન-સ્તુતિ જે કાંઈ બોલો, એમાં જો પ્રભુના ગુણગાન હોય, તો એની અનુમોદના એવી કરવાની કે ત્યાં હૈયું ઝુકી પડેને, બીજું બધું તુચ્છ લાગે; પોતાના દોષોની ભારોભાર ઘૃણા થાય અને એ ગુણો પામવા માટેના ઓરતા-અભખરા થાય. પ્રભુ પાસે બોલ્યાના શિર પર કોઈ ભાર ખરા ?

**ક્યાં શું કરવાનું :-**

અગર જો એ ચૈત્યવંદન આદિમાં આપણા દોષો ગાતા હોઈએ તો એનો દિલમાં ભારે ખેદ સંતાપ બળતરા થાય, જાતની પામર કંગાલ દશા લાગે, અને દિલ ઝંખે કે 'આવા સમર્થ વીતરાગ પરમાત્માના આલંબને એ દોષોને પોતે લાત મારી કાઢી મૂકે.' એટલો બધો એના પર તિરસ્કાર છૂટે, એટલી બધી એની લાજ-શરમ લાગે.

ત્યારે જો ચૈત્યવંદન આદિમાં પ્રભુ પાસે માગણી હોય, તો અંતરમાંથી ગદ્ગદ થઈને કાકલુદીભરી પ્રાર્થના નીકળે કે 'નાથ ! મને આ આપો. મારે ખરેખર આ જોઈએ છે, ખાસ જોઈએ છે; ને તે આપનાથી જ સિદ્ધ થવાનું છે.'

વાત આ છે કે ગુણગાન તો પ્રભુના ગુણ પર આફરીન થઈ જઈને, સ્વદોષ નિવેદન તો રડતા હૃદયે, અને પ્રાર્થના તો એની પોતાને ખાસ જરૂર છે એ ભાવ ઊભો કરી પ્રભુના બળે જ એ પ્રાપ્ત થશે એવા અટલ ભારોભાર વિશ્વાસ સાથે કરગરતા દિલ અને શબ્દથી કરાતી હોય.

**દિલની સ્તુતિનો પ્રભાવ અનેરો છે.** વારંવાર પ્રભુના ગુણો અને ઉપકાર પર ખરેખર આફરીન થવાય, લુબ્ધ થવાય, સાથે બીજા સમયમાં એની ભાવના કરતા રહેવાય, તો એની આગળ બીજું તુચ્છ લાગે. મોટી રાજ્યસંપત્તિ, ઠકરાઈ વગેરે ય તુચ્છ લાગે. અને પ્રતિપક્ષી દોષો પર ખરેખરી ઘૃણા વરસ્યા કરે, એવું સ્વદોષ કીર્તનમાં એના ઉપર ઘૃણા વરસ્યા કરે. આ દુષ્કૃતગર્હા અને સુકૃતાનુમોદના એ તો ભવસ્થિતિ પકવવાના અનુપમ ઉપાય છે. સાથે ઉચ્ચ ગોત્રકર્મ અને શાતાવેદનીયાદિ પુણ્યનો બંધ કરાવે. વળી દિલના અહંકાર તોડી નાખે, તેથી આત્મામાં ગુણનદી વહેતી થાય.

**અભિમાન તો એ ગુણનદી રેલાવા આડે મોટો પહાડ છે.** જ્ઞાનવિમળસૂરિજી મહારાજ સીમંધર ભગવાનની સ્તવનામાં પોતાનો દોષ ગાતાં કહે છે,

**"ક્રોધ દાવાનળ પ્રબળથીજી, ઊગે ન સમતાવેલ;**
**માનમહીધર આગળેજી, ન ચલે ગુણનદી-રેલ...**



**–કૃપાનિધિ ! સુણ મોરી અરદાસ"**

'હે પ્રભુ ! મારા પ્રબળ ક્રોધ દાવાનળને લીધે સમતાની વેલડી ઊગી શકતી નથી. મારા અભિમાનરૂપી પર્વતની આડને લીધે ગુણનદી અંતરાત્મામાં રેલાતી નથી.'

કેવી સુંદર વાત કરી ! અંતરમાં ગુસ્સો ભભૂકતો હોય, દ્વેષ સળગતો હોય, વિરોધી પ્રત્યે પણ અરુચિ-ઉદ્વેગ-તિરસ્કાર થતો હોય, તો ત્યાં સમતાભાવ, ક્ષમા, શાંતિ-સ્વસ્થતા નહિ આવી શકે. એમ અહંત્વ-અભિમાન-માનાકાંક્ષા પ્રવર્તતી હોય તો ત્યાં ગુણપ્રવાહ નહિ વહી શકે. એટલે વિચારવા જેવું છે કે જો આપણે નિરંતર દ્વેષ-અરુચિ અને અહંકારમાં મરતા હોઈએ તો કેવા સમતા ભાવ અને ગુણ સમૂહને દૂર ને દૂર રાખનારા બનીએ છીએ ? જેના માટે ગુસ્સો અને ગર્વ કરીએ છીએ તે ચીજ વિનશ્વર છે, તુચ્છ છે, છતાં અજ્ઞાનના અંધાપામાં કુટાવા જેવી આ પરિસ્થિતિ ક્યાં સુધી ચલાવવાની ? અહીં જ અતિ સરળતાથી કમાવવી શક્ય એવી સમતાવેલ અને ગુણસંપત્તિથી બેપરવા રહેશે તો પછી એ ક્યાં સધાશે ?

**અભિમાન કેમ તૂટે ? :-**

અભિમાન-અહંકાર એ પહાડ છે, એની આડને લીધે ગુણોની નદી વહી શકતી નથી. એને તોડવા માટે દુષ્કૃતગર્હા-સુકૃતાનુમોદન અને ચાર શરણનો સ્વીકાર છે.

**વીતરાગનાં સ્તવનમાં ત્રણેય છે.** પોતાના દોષનાં નિવેદનથી દુષ્કૃતગર્હા થાય છે, પ્રભુનાં ગુણગાનથી સુકૃતાનુમોદના આવે છે, અને પ્રાર્થના દિલથી કરવામાં એ ભાવ ઊભો થાય છે કે 'પ્રભુ ! હું તારે શરણે છું' - શરણનો સ્વીકાર થાય છે. માત્ર શબ્દમાં નહિ, પણ દિલમાંથી પ્રાર્થના ઊઠે. એનો અર્થ એ કે મારે એ પ્રાર્થિત વસ્તુ જોઈએ છે, અને તે વીતરાગ પ્રભુના અચિંત્ય પ્રભાવે મળવાની.

તો આ પ્રશ્ન છે કે રોજ 'જય વીયરાય'માં માગીએ છીએ કે 'સુહ ગુરુજોગો' 'શુભ ગુરુનો યોગ હો' તો શું ખરેખર જોઈએ છે ? કવિઓનાં શબ્દ બોલી કાઢવા એ એક વસ્તુ છે, અને એનો ભાવ આપણો બનાવવો એ બીજી વસ્તુ છે. આ બીજી વસ્તુ જ અગત્યની છે. પ્રાર્થના-માગણીના શબ્દ બોલ્યે જઈએ અને એનો ભાવ મનમાં ઊભો ન કરીએ એમાં દિલની પ્રાર્થના ક્યાંથી આવે ? **પ્રાર્થના પાછળના દિલના ભાવમાં તો યાચનાનો ને પોતાની આવશ્યકતાનો ભાવ પણ આવે.**

ભગવાનનાં વિશેષણ બોલીએ 'અભયદયાણં ચક્ખુદયાણં...ધમ્મદયાણં' ત્યાં દિલના ઉંડાણમાં એ બેઠું હોય કે "મારે એ અભય, ચક્ષુ, માર્ગ, શરણ, બોધિ અને ધર્મની જરૂર છે, બોધિ' એટલે તત્ત્વબોધ અને 'ધર્મ' એટલે ચારિત્ર ધર્મ, એવો શાસ્ત્રે અર્થ કર્યો છે, એની અત્યંત આવશ્યક્તા છે અને એના દાતા અરિહંત ભગવાન છે." એમ 'હોઉ મમ તુહ પ્પભાવઓ...સુહગુરુજોગો' માગીએ ત્યાં પણ

દિલને શુભ ગુરુના યોગની અતિ આવશ્યક્તા લાગતી હોય.

**પ્ર.**- શુભ ગુરુનો યોગ મળી ગયો પછી પણ રોજ અનેક વાર 'જય વીયરાય'માં 'સુહગુરુજોગો' બોલી એ માગવાનો અર્થ શો ?

**ઉ.**- આમાં 'જોગો' એટલે કે યોગ-પદાર્થ સમજવા જેવો છે. એ સમજાઈ જાય તો પછી એમ નહિ લાગે કે ફરી ફરી આમાં શું માગવાનું ? ઊલટું ખ્યાલ રહેશે કે આવો યોગ માગી રહ્યો છું.

**'સુહગુરુજોગો'નો અર્થ ગુરુયોગની પરાકાષ્ઠા :-**

'યોગ' એટલે પ્રાપ્તિ સંબંધ. શુભ ગુરુનો સંબંધ એમની પ્રાપ્તિ એ માત્ર બાહ્ય પ્રાપ્તિ, બાહ્ય સંબંધ નથી સમજવાનો, કિન્તુ આભ્યન્તર પણ લેવાનો છે. ગુરુનો આભ્યંતર યોગ એટલે દિલમાં ગુરુને પૂજ્ય યાને પૂજાપાત્ર અને માર્ગદર્શક તથા આજ્ઞાકારક તરીકે સ્થાપિત કર્યા. આ સ્થાપિત કરવાનું પણ એટલે સુધી, કે એ ગુરુયોગ ગુરુ સાથે સ્વાત્માના ઠેઠ અભેદભાવ સુધી પહોંચે, યાવત્ પરમ ગુરુનો અભેદયોગ નીપજે' અર્થાત્ વીતરાગ બનાય. આ ઉપરથી સમજાશે કે પ્રારંભમાં શુભ ગુરુ હૃદયમાં એ રીતે સ્થાપિત થાય કે "એ મારે ખાસ પૂજ્ય છે અને મારા સત્પથ-પ્રદર્શક છે. એમની આજ્ઞા મારે સ્વીકાર્ય છે" પછી એની કક્ષા વધતે, વધતે એટલે કે એમને દિલમાં પ્રધાન, અતિ પ્રધાન સ્થાન અપાયે જતે એમની આજ્ઞા પ્રધાન કરતાં કરતાં ઠેઠ વીતરાગપણા સુધી પહોંચી જવાય. આ ઉત્કૃષ્ટ શુભગુરુયોગ કહેવાય. એ ન આવે ત્યાં સુધી પ્રભુ પાસે ગુરુયોગ માગતા રહેવું જ પડે; કેમકે અરિહંતના પ્રભાવે જ એ આવવાનું છે.

**ગુણોની અનેક કક્ષા :-**

'જય વીયરાય'માં કરાતી બધી માંગણી અંગે આ વસ્તુસ્થિતિ છે કે એની માગેલાની ચઢતી ચઢતી અનેક કક્ષાઓ છે તે પરાકાષ્ઠાએ ઠેઠ વીતરાગપણા સુધી પહોંચે છે. એ ન આવે ત્યાં સુધી બધી માગણી કર્યા કરવાની, વીતરાગપણું આવી ગયા પછી માગવાનું કશું રહેતું નથી, ને 'જય વીયરાય' બોલવાનું ય રહેતું નથી.

'અભયદયાણં, ચક્ખુદયાણં...વગેરે બોલીએ ત્યાં પણ આ સમજવાનું છે કે અભય-ચક્ષુ વગેરેની ઉત્તરોત્તર ચઢતી કક્ષાઓ પ્રાપ્ત કરતાં કરતાં પરાકાષ્ઠાએ વીતરાગપણું મેળવવાનું છે. એ મળ્યા પછી 'નમુત્થુણં' ભણવાની જરૂર નથી.

તાત્પર્ય, પ્રાર્થનીય વસ્તુની પોતાની અનેક કક્ષાઓ છે, અને ઉત્તરોત્તર ચઢિયાતી કક્ષા મેળવવા માટે પ્રાર્થનાની જરૂર રહે છે. માટે વારંવાર એની પ્રાર્થના કરવાની છે, વારંવાર 'નમુત્થુણં' 'જયવીયરાય' વગેરે સૂત્ર ભણવાના છે. આ વસ્તુ ખ્યાલમાં રહે તો 'આપણે અત્યારે ગુણની કે ધર્મની કેટલી કક્ષા સુધી પહોંચ્યા



છીએ અને કઈ ઊંચી કક્ષા જોઈએ છે,' એનો વિચાર રહે. આવો કોઈ વિચાર ન રહે, તો માગણી શી કરી એનું ભાન ક્યાંથી કહેવાય ? ભાન વિનાની ક્રિયા તે સંમૂર્ચ્છિમ ક્રિયા બની જાય.

સંમૂર્ચ્છિમ ક્રિયાનો લાભ અને લક્ષ્યવાળી તદ્ધેતુ ક્રિયા અને અમૃત ક્રિયાનો લાભ, એ બંને વચ્ચે આકાશ-પાતાળનું અંતર છે. માટે જ્યારે ધર્મક્રિયા કરીએ જ છીએ તો એને સભાનપણે કરવી જોઈએ, ભાન રહે કે 'આ હું શું કરી રહ્યો છું. શું બોલી રહ્યો છું અને મારે એ કરીને-બોલીને શું કરવું છે ? શું જોઈએ છે ?'

'સુહગુરુજોગો' માગીએ ત્યાં શુભ ગુરુનો કેવો યોગ જોઈએ છે ? પહેલું તો ખરેખર એ જોઈએ છે ખરો ? શું એના વિના ખૂટતું લાગે છે ? શું એના વિના ચેન નથી પડતું ? જિંદગી બેકાર લાગે છે ? ક્યારે એ મળે એવી ઝંખના રહે છે ? મળે તો તરી જાઉં, બેડા પાર થઈ જાય, - આવું કાંઈ લાગે છે ખરું ? એ લાગતું હશે તો દિલની પ્રાર્થના થશે - સાથે એ ખરેખર જોઈએ છે માટે એ મેળવવાની ધગશ અને પ્રયત્ન રહેશે, શુભ ગુરુયોગ અંતરમાં અધિક વિકસ્વર થતો જશે.

પેલા રાજકુમારને ગુણસંપન્ન ધર્માચાર્યનો ખપ લાગ્યો છે તેથી હિરણ્યોત્કરટી નગરમાં એમની શોધ કરે છે. શોધતાં શોધતાં કેટલાક દિવસ જાય એવું છે, કેમકે એવા ગુણવિશિષ્ટ આચાર્ય મહારાજ નગરમાં પધારતાં કદાચ વાર લાગે. તેથી રાજકુમાર રાજાનો આશ્રય લે છે.

પૂર્વના કાળે રાજાઓ વિદ્વાન પંડિતો, પરદેશી, પ્રવાસીઓ, ચિત્રકાર-સંગીતકાર-શિલ્પકાર વગેરે કળાકારો ઈત્યાદિને આશ્રય આપતા. અજાણ્યાને આશ્રય આપતા. અજાણ્યાને આશ્રય ? હા, માણસને એના વિનય, વાણી, રીતભાત વગેરેથી સજ્જન-દુર્જન તરીકે પરખી લેવામાં આવતા. એમાં ય પાછળથી કોઈ અયોગ્ય માલૂમ પડે તો તેને રુખસદ પણ આપી દેવામાં આવતી. બાકી એ પંડિત વગેરેને રાજ્યનો આશ્રય મળવાથી વિદ્યા-કળા વગેરેનો પ્રચાર થતો રહેતો, વિકાસ થતો, અને રાજાઓ પણ એમાં સારો રસ લેવાથી મોટા ભાગે આડે માર્ગે નહિ જતા. પ્રજામાં પણ એવું હતું. શુદ્ધ કળા વિદ્વતા, કૌશલ્ય વગેરેનો રસ બહુલતયા દુરાચારના માર્ગથી બચાવી લેવામાં સહાય કરે છે. એવો કાંઈ વ્યવસાય હોય નહિ તો માણસ નવરો પડે; અને કહો છો ને કે નવરો નખ્ખોદ વાળે ?

**પ્ર.**- તો શું આવો રસ ધરાવનારા લોકો દુરાચારના માર્ગે ન જ જાય ?

**ઉ.**- એવો એકાંત નથી, કિન્તુ નવરા પડીને જે અનર્થ જીવનમાં પેસે છે, એમાંથી આ બચાવી શકે છે, પણ તે નિર્ભેળ રસ હોં. પછી તો પૂર્વના સંસ્કારનું પ્રાબલ્ય, તેવું વાતાવરણ, નિમિત્તો, કર્મના વિચિત્ર ઉદય, વગેરે પોતાનો ભાવ

ભજવે છે, પાંડિત્ય કળા વગેરેને ય બાજુએ મૂકાવી દે !

સામાન્ય વાત આ છે કે રસ, વ્યવસાય એ મનને એમાં રોકી રાખે છે, જેથી પાશવી-પિશાચી કૃત્યો તરફ મનને જવા દેતા નથી; પણ તે શુદ્ધ કળા-વિદ્યાનો પ્રેમ હોં. એમ તો આજે વિદ્યા-કળાનો રસ વર્તવાનું દેખાય છે. પરંતુ કેટલેક સ્થાને એમાં એના શુદ્ધ પ્રેમ કરતાં વિષયરસ પોષવા ઇંદ્રિયોનાં તર્પણ કરવાનો મૂળ રસ કામ કરતો હોય છે તેથી આજે ભવાડા વધી ગયા છે. દા.ત. સંગીતકળા, નૃત્યકળા વગેરેમાં જુઓ તો આ પરિણામ દેખવા મળે છે. એવું પૈસાનો રસ પણ જોર કરતો જણાય છે. અર્થ અને કામના આવેશમાં તામસભાવના તાંડવ મચે એમાં નવાઈ નથી.

**ધર્મપ્રવૃત્તિમાં ય ધર્મરસ નહિ ? :-**

કાળનો પ્રભાવ શું કામ કરી રહ્યો છે ! માણસ દેખીતી ધર્મસાધના કરતો હોય, ધર્મનું કામ કરતો હોય, છતાં આ અર્થ-કામનો રસ જોર કરી જાય છે. ધર્મક્ષેત્રમાં આવું બને ત્યારે તો હદ થઈ ગઈને ? પરંતુ ચારે બાજુ ઉમટેલો અર્થ-કામ-કીર્તિના રસનો જુવાળ પોતાનું નાટક અહીં પણ ભજવી જાય છે ! ધર્મખાતામાં પૈસા ખરચી આવશે, પણ કીર્તિ-નામના-વાહવાહ તરફ મુખ્ય દૃષ્ટિ રાખશે ! માટે તો કીર્તિ-વિનાનું ધર્મકાર્ય કરવામાં અખાડા થાય છે. નહિતર બે પાંચ હજાર રૂપિયા ખરચી સ્વામીવાત્સલ્ય જમાડનારો કોઈ દુઃખી સાધર્મિકને પાંચ પચાસ રૂપિયાની પણ શું મદદ પણ ન કરી શકે ? ગામમાં મુનિના વંદન અર્થે આવતા બે પાંચ સાધર્મિકને ન જમાડી શકે ? પણ કેમ જાણે શુદ્ધ ધર્મનો રસ જ નથી, રસ અર્થ-કામ-કીર્તિનો, તે એના ત્રાજવે જોખાય એટલું જ કરવું છે !

ત્યારે સ્વામીવાત્સલ્ય જમનારની પણ કઈ દશા છે ? દૃષ્ટિ શું પકવાન્ન ઉડાવવા તરફ છે ? કે ધર્મનો રસ પોષવા તરફ ? ધર્મરસ નહિ, એટલે તો જમવામાં પંદરસો માણસ અને એજ નિમિત્તની પૂજા ભણાતી હોય એમાં પાંચ માણસ હાજર ! બસ, મિષ્ટાન્ન-પૂરીના જ કીડા ? શુદ્ધ ધર્મરસ ન હોય ત્યાં બીજું શું હોય ? અર્થનો રસ, ઇંદ્રિય સુખોનો રસ, સત્તા-સન્માન-કીર્તિનો રસ ! બુદ્ધિની આ વિટંબણા નથી ?

અર્થ-પૈસા વગેરેનો રસ તોડવા માટે સુંદર ઉપાય ધર્મરસ છે. અતિ દુર્લભ માનવ જીવનમાં માટીના રસ શા રાખવા'તા ? જીવનનું મૂલ્યાંકન કરો-ઉચ્ચ ધર્મરસ કેળવવા માટે બીજું કયું જીવન છે ? દેવલોકનું ? દેવતા થઈને મહાવિદેહ ક્ષેત્રમાં જઈ સીમંધર ભગવાનની સાક્ષાત્ દેશના સાંભળી શકાશે તેથી સારો ધર્મરસ જાગશે એ ગણતરીમાં છો ? ભૂલા પડતા નહિ. ત્યાંના વાયદે અહીં ધર્મરસ છોડી અર્થ-



કામ-કીર્તિ આદિના રસમાં ફસાયા રહ્યા, તો દેવલોક મળવાનો જ ક્યાંથી ? મળે તો ય સૂઝવાનું શાનું ? જે અહીં ઘૂંટ્યા કર્યું તે જ ત્યાં આવડશે. કદાચ થોડી ધર્મસાધના કરી લીધી, પણ અર્થ-કામ-કીર્તિના વિચારમાં આયુષ્ય બંધાઈ ગયું તો ય તે દેવલોકનું ક્યાંથી બંધાવાનું ?

**ધર્મરસ વિના દુર્ગતિ :-**

આ ખાસ સમજવા જેવું છે કે હૈયે શુદ્ધ ધર્મરસ ઝળહળતો નહિ, એટલે પછી ધર્મસાધના કરવા છતાં પરભવનું આયુષ્ય ખરાબ બંધાવાનું જોખમ છે. કાકતાલીય ન્યાયે કદાચ ક્યારેક ધર્મભાવના આવી ગઈ અને એમાં જ સારું આયુષ્યકર્મ બંધાઈ ગયું, એ લોટરી ! બાકી તો આયુષ્યકર્મ ક્યારે બંધાય એનો શો ભરોસો ? જો અર્થ-કામ-કીર્તિ આદિના ભરપૂર રસથી મોટાભાગે એના જ વિચાર ચાલતા હોય અને તેથી અંતરાત્મામાં રાગ-દ્વેષના સંકલેશ પ્રવર્તતા હોય, તો એમાં ક્યાંક આયુષ્ય બંધાઈ જતાં એ દુર્ગતિનું બંધાવાનું. પછી દુર્ગતિના ભવમાં પડ્યા એટલે તો જાણો જ છો ને કે કેવી (૧) પાપબુદ્ધિ (૨) પાપાચરણ અને (૩) દુઃખમાં વિડંબાવાનું થાય ?

**માટે જ ધર્મરસનું મહામૂલ્ય છે.** એ જાગતો હશે તો માત્ર ધર્મપ્રવૃત્તિ જ શું, પણ સાંસારિક પ્રવૃત્તિમાં ય શુભ ભાવના હૃદયે રમતી રાખી શકાશે ત્યારે, આ પણ ધ્યાનમાં રહે કે શુદ્ધ ધર્મરસ જગાડવો હોય તો,

**ધર્મરસ જગાડવાનો ઉપાય આત્મહિત તમન્ના :-**

કેવળ આત્મહિતની તમન્ના ઝગમગતી રહેવી જોઈએ. આત્મહિત તરફ દૃષ્ટિ હોય તો જ એના ઉપાયભૂત ધર્મ તરફ ધ્યાન જાય. કાયાનાં હિત, ઇન્દ્રિયોનાં હિત, કુટુંબ-પૈસા પ્રતિષ્ઠા વગેરેના હિત ઘણાં જોયા, હવે પોતાના સનાતન અંતરાત્માનું હિત જોવાય, એનો રસ જાગે તો, શુદ્ધ ધર્મરસ જાગે તો જ આસ્તિકપણું ગણાય. કેવળ પ્રત્યક્ષ કાયાદિક તરફ જ દૃષ્ટિ રહે અને અતીન્દ્રિય સ્વાત્માનો વિચાર જ ન હોય તો આસ્તિક્ય શું ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૩,અંક-૧૩,તા.૧૯-૧૨-૧૯૬૪**

એ તો નાસ્તિકનું હૃદય કે જેને પ્રત્યક્ષનો જ વિચાર હોય છે, અપ્રત્યક્ષ આત્માદિનો નહિ. આસ્તિકને તો અપ્રત્યક્ષ આત્મા તરફ મુખ્ય દૃષ્ટિ રહે, કેમકે પ્રત્યક્ષ કાયાદિ વિનશ્વર છે, ત્યારે અ-પ્રત્યક્ષ આત્મા સનાતન છે. આત્માના શુભાશુભ કૃત્ય ઉપર કાયાદિમાં સારું નરસું સર્જાય છે. મુખ્ય આત્મા છે, કાયાદિ નહિ. એવા આત્માનો વિચાર તો પહેલો અને વારંવાર કરવાનો. એનું હિત પહેલું

જોવાનું, વારે વારે જોવાનું. એ જોવાય એટલે ધર્મની પહેલી ગરજ જાગે. ધર્મમાં મુખ્ય રસ રહે.

બાકી શુદ્ધ ધર્મગરજ-ધર્મરસ ન હોય એટલે પૈસા-પ્રતિષ્ઠા-પરિવાર અને ઇન્દ્રિય સુખો જીવને તાણતા જ રહેવાના. જીવને એની જ ગરજ, એનો જ રસ, એની જ ખોજ રહ્યા કરવાની. પછી એ ક્યારેક ધર્મપ્રવૃત્તિથી પોષાઈ શકવાનું લાગે, તો જીવ ધર્મપ્રવૃત્તિ પણ કરવાનો. ત્યાં રસ તો જડ પદાર્થોનો જ હોવાથી ધર્મનો રસ નહિ.

**આલોક-પરલોકમાં તફાવત :-**

ત્યારે, જીવનભર જડનો રસ રાખ્યા કરવાથી સ્વાભાવિક છે કે એના ઘેરા સંસ્કાર આત્મા પર પડતા રહે, ને એ પરલોકમાં સાથે આવી ભવોભવ એનું નાટક બજાવતા રહે. કેમકે અહીં તો હજી સંસ્કારોનું ચણતર ચાલે છે, એમાં દેવ-ગુરુ-શાસનનો સંયોગ મળ્યો છે તેનું પાકું આલંબન લઈ આ કુસંસ્કારોને જામવા ન દેવાનું કરવું હોય તો શક્ય છે. પણ પરલોકમાં ગયા પછી તો અહીંના ચણાઈ ગયેલા સંસ્કારો ખડા રહેવાના; અને દેવ-ગુરુ-શાસનનો યોગ ન મળે પછી એ કુસંસ્કારો એનો ભાવ ભજવ્યા જ કરે ને ? શાસનની પ્રાપ્તિ થાય તો પણ ચણાઈ પાકા થઈ ગયેલા કુસંસ્કારોવશ એનો લાભ ઉઠાવવાનું શે બને ? અહીં જ અનુભવ કરો છો ને કે પૂર્વ ભવોના આહાર-વિષય-પરિગ્રહના અને ક્રોધાદિ કષાયોના સંસ્કાર કેવા નડી રહ્યા છે ? કેવા પરવશ કરી રહ્યા છે ? હવે એમાં વધારો કરતાં અટકવું નથી, તો પછી પરભવે અને તે પછીના ભવોભવ કઈ દશા ?

એટલે જ આ વાત છે કે કોઈ ધર્મપ્રવૃત્તિવશ અહીંથી કદાચ દેવલોકમાં ગયા, તો પણ અહીંના આહાર-વિષય-પરિગ્રહ-સુખશીલતા તથા ક્રોધાદિ કષાયના રસ રાખી ઊભા કરેલા કુસંસ્કાર ત્યાં કેવા નડવાના ? જીવને કેવો પાગલ બનાવવાના ?

**શુદ્ધ ધર્મરસ ન રાખ્યાનાં આ બે મોટાં નુકસાન,-કે સારું ઊભું થવાનું નહિ, ને નરસું ઘણું વધી જવાનું.**

**ચંડકોશિયાના જીવ સાધુએ** સહેજ ધર્મરસ ગુમાવ્યો અને જાતવડાઈના રસમાં નાના સાધુ પર ગુસ્સો ઊભો કર્યો તો પછીના ભવોમાં એ ગુસ્સો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી કેવો ફાલ્યો-ફૂલ્યો ?

**બ્રહ્મદત્ત ચક્રીએ** પૂર્વ ભવે સાધુપણામાં ધર્મરસ ગુમાવી ચક્રવર્તીના સુખનો રસ ઊભો કર્યો તો પરભવે કેવું નરકદાયી ચક્રવર્તીપણું મળ્યું !

બાકી પૌદ્ગલિક આશંસામાં ધર્મરસ તોડી નાખીને દેવલોકમાં ગયા, તો ત્યાં સુખ વૈભવ તો ખરા, પણ ધર્મબુદ્ધિ નહિ જાગે. ત્યાં નહિ એટલે પછી આગળનું



શું પૂછવું ? મહાવીર પ્રભુના જીવ વિશ્વભૂતિએ મુનિપણું વૈરાગ્ય અને પરાક્રમથી લીધું, પાળ્યું પણ સુંદર, તપ અને સંયમમાં આડો આંક વાળ્યો ! તપસ્યાથી શરીર હાડપિંજર-શું કરી નાખ્યું ? પરંતુ પાછળથી પિતરાઈ ભાઈ વિશાખાનંદી તરફ ગુસ્સો આવ્યો, બળનું અભિમાન અને લાલસા જાગી, એમાં નિયાણું કર્યું કે 'ભવાંતરે આ તપ-સંયમના પ્રભાવે મહાન બળનો ધણી થાઉં.' કેવી કરુણ દશા ! એમાં ધર્મરસ તોડી નાખ્યો, અને જડ કાયાના બળનો અને તેથી દુનિયા પર સત્તા-વર્ચસ્વ બળ પ્રતિષ્ઠાનો રસ ઊભો કર્યો. પરિણામ ? સંયમના પ્રભાવે દેવલોકમાં તો ગયા, પરંતુ ત્યાં ધર્મરસ શાનો ? ત્યાં નહિ તો પછી પણ શાનો ?

ત્યાંથી ચ્યવી અહીં મહા બળવાન ત્રિપૃષ્ઠ વાસુદેવ થયા. વિચરતા શ્રેયાંસનાથ ભગવાનનો ભેટો થયો, પણ તેથી શું ? પેલા જડ પુદ્ગલના સંસ્કાર જામી પડ્યા છે, એટલે ધર્મરસ જાગવાના ફાંફાં ! પૂર્વભવે જબરદસ્ત ચારિત્ર ધર્મનો અભ્યાસ છે, અને અહીં વિચરતા તીર્થંકર ભગવાનનો યોગ મળે, પછી ધર્મમાર્ગે દોડવામાં બાકી રહે ?

**હે...સમવસરણ મંડાયા હોય,** જગદ્ગુરુ જિનેશ્વર ભગવંત એના પર બિરાજ્યા હોય, કોટિગમે દેવતાઓ ત્યાં ઊતરી પડ્યા હોય, ઇન્દ્રો પણ પ્રભુની પાસે ચામર લઈને થનથન નાચતા હોય, સિંહ-વાઘ-વરુ જેવાય શાંત બેસી સાંભળતા હોય. રાજા-મહારાજા શેઠ-શાહુકાર પણ પ્રભુની જોજનગામિની અને પાંત્રીસ અતિશયવાળી વાણીનું શ્રવણ કરી કરી હૈયાં ભીનાં લચપચ કરતાં હોય, કેઈ મનુષ્યો ચારિત્ર કે શ્રાવકના વ્રતો લેતા હોય, આ બધું જોવા મળે ને તીર્થંકર ભગવાનના શ્રીમુખે હૃદયવેધી મોહભેદિની સંવેગ-વૈરાગ્યજનક દિવ્ય રોમાંચક વાણી સાંભળવા મળે, પછી ધર્મરસ ઉલ્લસવામાં અને ધર્મ માર્ગે ઝુકાવવામાં બાકી રહે ? ચમરબંધીઓને વૈભવ-વિલાસભર્યા સંસારની કાંચળી ફગાવી દેતા જોવાનું મળે, ત્યાં હૈયાં ઊછળઊછળ કરવા માંડે, એમાં નવાઈ છે ?

**ધર્મરસ તોડી નાખતાં દુર્દશા :-**

પરંતુ ના, પૂર્વે છતો ધર્મરસ તોડી નાખ્યો છે, વિષ્ટા જેવા અસાર વિષયસુખ વહાલા કર્યા છે, ત્યાં હવે રસ એના જ રહે, ધર્મનો રસ ક્યાંથી જાગે ? ત્રિપૃષ્ઠ વાસુદેવને આ બધો સંયોગ મળ્યો હતો, છતાં પૂર્વે ધર્મરસ તોડીને આ મેળવ્યું છે, તેથી અહીં આટલા ઉચ્ચ સંયોગોની પણ કોઈ અસર નથી. પરિણામ ? **'પાપ ઘણું કરી સાતમી નરકે ઊપન્યા'** વિષય-કષાયમાં ચકચૂર બની પાપો કરવામાં બાકી ન રાખી. મરીને ઘોર રૌરવ દુઃખભરી ૩૩ સાગરોપમ યાને ૩૩૦ કોટાકોટિ પલ્યોપમની કાળ મર્યાદાવાળી સાતમી નરકમાં ઉત્પન્ન થયા ! જીવતા જાગતા તીર્થંકરદેવ

મળવા છતાં આમ ? હા, પોતાને વિષયરસ મૂકવો ન હોય તો ભગવાન શું કરે ? પહેલી નરકના પણ દુઃખો સાંભળતા ય કમકમી ઊપજે, તો સાતમીના દુઃખોનું પૂછવું શું ? એટલું વેઠ્યા પછી ય છૂટકારો ક્યાં છે ? ત્યાંથી ચ્યવીને સિંહ થયા કેવું ક્રૂર ઘાતકી જીવન ? એના અંતે શું મળે ? મરીને જવું પડ્યું ચોથી નરકમાં ! ત્યાંના ઘોર દુઃખોમાં રિબાઈ ચ્યવીને સંસારમાં બહુ ભટક્યા ! આ બધેય ધર્મરસ જાગવાની વાત ક્યાં ?

**મરીચિએ લોભમાં ધર્મરસ ગુમાવ્યો :-**

પહેલાં પણ આવું બનેલું. મરીચિના ભવમાં ભરત ચક્રવર્તીના દીકરા, પણ ઋષભદેવ તીર્થંકર ભગવાનની સમવસરણાદિ ઋદ્ધિ જોઈ, 'અહો ! ધર્મનું આ કેવું ફળ ! માટે ધર્મ જ કરવા જેવો છે. સંસારના વૈભવ-વિલાસમાં જીવન શું વેડફી નાખવું જો બધે મૂળ પ્રભાવ ધર્મનો જ છે ?' એમ વૈરાગ્ય પામ્યા. ચારિત્ર લીધું, પાળે છે, ૧૧ અંગ ભણે છે. અહીં સુધી ધર્મનો રસ કામ કરી રહ્યો છે. પૂર્વના નયસારના ભવમાં ગુરુના ઉપદેશથી ધર્મનો રસ ઊભો કરી સમ્યક્ત્વ પામેલા, તેણે અહીં ચારિત્ર સુધી પહોંચાડ્યા. પરંતુ પછીથી ઉઘાડા માથે ચાલવાનું, સ્નાન નહિ, જીર્ણ કપડાં, શુદ્ધ ગોચરી, વગેરે ચારિત્રનાં કષ્ટથી મુંઝાયા, ચારિત્રધર્મનો રસ કાંક મોળો પડતો ચાલ્યો, અંતે સાધુપણું મૂક્યું, પરિવ્રાજકનો વેશ કર્યો. એમાં એકવાર માંદા પડવાથી શિષ્ય કરવાનો રસ જાગ્યો. છતાં હજી પોતાનાથી પ્રતિબોધ પામે એને ભગવાન પાસે કે ભગવાનના સાધુ પાસે ચારિત્ર લેવા મોકલે છે, એટલો ધર્મરસ હજી જાગતો છે. પણ અવિવેકી કપિલ રાજપુત્ર મળ્યો એના નિમિત્તે ભૂલા પડ્યા, કેમકે પેલાએ અહીં મરીચિ પાસે જ ધર્મ હોય તો શિષ્ય બનવા તૈયારી બતાવી.

કસોટી આવી. મરીચિ ભૂલ્યા, પોતાની પાસે પણ ધર્મ હોવાનો સિક્કો માર્યો. આ શિષ્યલોભમાં ધર્મરસ ગુમાવ્યો.

**ધર્મરસ એટલે તો સર્વજ્ઞકથિત શુદ્ધ ધર્મ જ ધર્મ, બાકી અધર્મ; શુદ્ધધર્મ જ કલ્યાણકર, આવી સચોટ શ્રદ્ધા.**

મરીચિએ એ ધર્મરસ ગુમાવ્યો. પરિણામ ? ભવોના ભવો સુધી ગબડ્યા. સંસારમાં ભમવાનું વધારી મૂક્યું.

ધર્મમાં ન ચડ્યે તો સંસારમાં ભમવાનું છે જ, ચડ્યા પછી ય જો ધર્મરસ ગુમાવવાનું થાય તો ય ભટકવાનું ઊભું થઈ જાય છે. વીર્યાન્તરાય કર્મના ઉદયે ધર્મની પ્રવૃત્તિ એટલી જોરમાં ન ચાલી શકતી હોય પણ આપણો ધર્મરસ તો જીવંત જાગ્રત જોઈએ. એ માટે પૌદ્‌ગલિક સુખ સાહ્યબી-સન્માનને તુચ્છ લેખવા પડે; 'ધર્મ આગળ એ કુછ નહિ.' માનવું પડે.



જેમ મરીચિ ભવે તેમ વિશ્વભૂતિના ભવે જડના સુખમાં લુબ્ધ બની અંધ બન્યા, ધર્મરસ ખોયો, તો ફેર સંસારમાં ભમતા થઈ ગયા એમાં કાળનો કાળ વીત્યો ! તીર્થંકરનો જીવ છે, પણ કર્મને શરમ નથી; હિસાબ પાકો લે છે. તે કર્મ પણ ક્યાં એમ જ ચોંટી પડ્યા હતા ? તમે ધર્મરસ ગુમાવી અગર દૂર રાખી વિષય-કષાયના રસમાં રાચો એટલે દુઃખદ કર્મ ચોંટ્યા જ સમજો. પછી એ એની શિરજોરી બતાવે છે. હા વળી જો ધર્મરસ ઊભો કરો તો કર્મને ઢીલા થઈ જવું પડે છે. બાકી વિષય-કષાયના રસમાં તો કર્મની બોલબાલા છે.

ગૌતમ મહારાજે પૂછ્યું **'ભયવં ! સોઈંદિય-વસટ્ટેણ કઈ કમ્મપગડિઓ બંધઈ ?'** ભગવન્ ! એક શ્રોત્ર ઇન્દ્રિયને ય પરવશ પડે તો કેટલી કર્મ પ્રકૃતિ બાંધે ? એમ બીજી બીજી ઇન્દ્રિયનો કે ક્રોધ કષાયને અગર માન વગેરે કષાયને વશ પડે તો ?

ભગવાને દરેકના ઉત્તરમાં કહ્યું **'ગોયમા ! આઉવજ્જં સત્ત કમ્મપગડિઓ,'** અર્થાત્ આયુષ્યકર્મને છોડીને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય વગેરે સાતેય કર્મની પ્રકૃતિ બાંધે, આયુષ્ય તો જીવનમાં કવચિત્ત ક્યારેક જ બંધાય છે. તેથી એને ન ગણ્યું. બાકી સાતે ય કર્મનો મારો ચાલુ !

**ભવની કટ્ટી ધર્મરસથી થાય :-**

વિષય-કષાયના, અર્થ-કામના અને સાહ્યબી-સન્માનના રસનું આ પરિણામ છે, એમાંથી બચાવનાર ધર્મનો રસ છે. ધર્મરસ ઊભો કરવાનું અને પુષ્ટ કરતા જવાનું આ મનુષ્યજીવન છે. એથી ભવની કટ્ટી અને મોક્ષની દોસ્તી થાય છે. તો રુડું જિનશાસન મળ્યા પછી એ કરવામાં શું કામ બાકી રાખીએ ? એ માટે સતત ભાવનાબળ રાખવું જોઈએ.

પેલા રાજકુમારને ધર્મનો રસ છે. એટલે બ્રહ્મચારી રુક્મિનાં દર્શનાર્થે આવ્યો હતો. પરંતુ રુક્મિનો દૃષ્ટિ-વિકાર જોઈ ખિન્ન થયો, અને એથી જ વૈરાગ્ય વધી જતાં એના દૃષ્ટિ-વિકારોમાં પોતાનું શરીર નિમિત્તભૂત બન્યું જોઈ, ચારિત્ર સાધવા દ્વારા અંતે શરીરને વોસિરાવવાનો નિર્ણય કર્યો, ને ત્યાંથી નીકળી જઈ હિરણ્યોત્કરટી નગરમાં આવી પહોંચ્યો. શુદ્ધ ધર્મનો રસ છે એટલે તેવા ગુણવિશિષ્ટ આચાર્ય મહારાજની શોધ કરે છે. દરમિયાન શું કરવું ? એટલે ત્યાંના પ્રસિદ્ધ રાજાનો આશ્રય લીધો છે.

રાજા રાજકુમારને આવકારે છે, પાસે રાખે છે. આ ચારિત્ર લેવું છે માટે ગુણસંપન્ન આચાર્ય મહારાજની તપાસમાં છે, પણ હજી એ મળ્યા નથી. એમાં અહીં એક વાર રાજા આ રાજપુત્રને પૂછે છે,

'આ તમારી આંગળીએ વીંટી કોના નામથી અલંકૃત છે ? તમે કયા કયા દેશ

જોયા ? કોની સેવામાં રહ્યા ! અને ક્યાંય કોઈએ તમારું અપમાન જેવું કરેલું ખરું ?'

**રાજપુત્રનો રાજાને ખુલાસો :-**

રાજપુત્ર જવાબ આપે છે, એમાં આ મુખ્ય વાત કરે છે કે 'અપમાન તો કશું નહિ, પણ ચક્ષુકુશીલનાં દર્શન થયાં તેથી મારું મન ખૂબ ઉદ્વિગ્ન થઈ ગયું, એટલે અહીં ચાલી આવ્યો.'

રાજા પૂછે છે, 'કોણ છે એ ચક્ષુકુશીલ ? શું નામ એનું ?'

આ કહે છે, 'મહારાજ ! રહેવા દ્યો એનું નામ લેવા જેવું નથી; નહિતર ખાવાનું ગુમાવવું પડે.'

રાજાને આ સાંભળી ઇંતેજારી વધી. સાથે મનને એમ પણ થયું કે 'હવે નામ લેવામાં તે ખાવાનું ટળતું હશે ?' ત્યારે રાજકુમારને સચોટ શ્રદ્ધા છે કે આવા ચક્ષુકુશીલનું નામ લેવાથી ખાવા ન મળે.

બેમાં કોણ સાચું ?

રાજાને સાચું કહેવા જતાં તો એટલો પ્રશ્ન નહિ ઊઠે; કેમકે ઉપલકદૃષ્ટિએ તો લાગે કે જરા એવાનું નામ લીધું એમાં એ દિવસે ભોજન ન મળે એવું શાનું બને ?

ત્યારે રાજકુમારની વાત વિચારવા જઈએ કે એ સાચી હોય તો પ્રશ્ન થાય કે ભોજન મળવાનું તો લાભાંતરાય કર્મના ક્ષયોપશમથી, અને ભોજન કરવાનું તે ભોગાંતરાયના ક્ષયોપશમથી થાય. એમાં ચક્ષુકુશીલનું નામ લેવા સાથે શો સંબંધ ?

**ચક્ષુકુશીલનું નામ લેવાથી ભોજન કેમ ટળે ? :-**

પણ સંબંધ આ છે કે કર્મના ઉદય અને ક્ષયોપશમ વિચિત્ર છે. અમુક અમુક જાતના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનાં નિમિત્ત મળવાથી એ જાગે છે. તો કોઈ ચક્ષુકુશીલનું નામસ્મરણરૂપી ભાવ એવું નિમિત્ત બની જાય કે એ ભોજનના લાભાંતરાય કે ભોગાંતરાયને ઉદયમાં લાવે, એ બનવા જોગ છે. માટે તો તેથી ઊલટું **અરિહંત ભગવાન કે ગૌતમસ્વામી આદિનું સ્મરણ મંગળરૂપ અર્થાત્ લાભાંતરાય-ભોગાંતરાયના ક્ષયોપશમ કરનારું બને છે.** સાધુ ગોચરી જતાં ગૌતમસ્વામીને યાદ કરીને જાય છે.

**આધ્યાત્મિક ઉપાય પર શ્રદ્ધા છે ? :-**

આપણને આ વાત ઉપર જેટલો સક્રિય વિશ્વાસ નથી એટલો જાતના ઉદ્યમની વડાઈ અને જગતની જડ ચીજો-યોજનાઓ પર વિશ્વાસ છે. તેથી દિલમાં એના પર ખરી હોંશ-ધગશ રહે છે અને પ્રયત્ન એના પર ખરી હોંશ-ધગશથી કરીએ છીએ. ભૌતિક ઉપાયો કરતાં આધ્યાત્મિક ઉપાયો પર ઓછું લક્ષ કે બેપરવાઈ જ રહે એવા દિલમાં આધ્યાત્મિક પરિબળોની અચિંત્યશક્તિ ઉપર શ્રદ્ધા કેટલી ? શ્રદ્ધા



હોય તો શું પહેલું લક્ષ એના પર ન જાય ?

બોલો, અરિહંત ઉપર તો શ્રદ્ધા છે, પરંતુ અરિહંતની અચિંત્ય શક્તિ પર શ્રદ્ધા છે ?

આજ અમેરિકા જેવામાં પણ ઈશ્વરને પ્રાર્થના કરવામાં ઈશ્વરની અચિંત્ય અદ્ભુત શક્તિ પર વિશ્વાસ કરી એને પ્રધાન બનાવવામાં આવે છે; અને અદ્ભુત ફળ મેળવે છે. એના પરના પુસ્તકોની લાખો નકલો વેચાઈ ગઈ ! અને સેંકડો હજારો માણસોએ પોતાના જીવનમાં એના સુખદ અનુભવ કર્યા. આપણે લોકોત્તર જિનશાસન પામેલા છતાં **'ઉવસગ્ગહરં પાસં...મંગલકલ્લાણ-આવાસં' 'એસો પંચનમુક્કારો, પઢમં હવઈ મંગલ' 'ગૌતમનામે નવે નિધાન'** વગેરે માત્ર બોલવામાં રાખીએ પણ તેવી તાકાતની સચોટ શ્રદ્ધા ન કરીએ, એ કેટલું વિચિત્ર ? માટે તો આ મહામંગળોને વિસારીને લોભાદિ કષાયોમાં અને પાપ-પ્રવૃત્તિઓમાં પૂરપાટ દોડ્યા જવાનું થાય છે. ખબર નથી કે પુણ્ય વધ્યા વિના સુખ નહિ વધે; અને સારું પુણ્ય દેવ-ગુરુ-ધર્મની નિઃસ્વાર્થ સેવા વિના નહિ મળે. અંતરાયના ખરેખરા ક્ષયોપશમ સાધન-સગવડ કરી આપે પણ એ ક્ષયોપશમ ધર્મ-સાધનાથી થાય, સર્વ અંતરાયથી મુક્ત અરિહંત પ્રભુની ભક્તિથી થાય.

અર્થકામના પુરુષાર્થ કરતાં ધર્મપુરુષાર્થ પ્રધાન છે, મુખ્ય છે. એને તો પહેલો યાદ કરવો જોઈએ, પહેલો અમલમાં લાવવો જોઈએ. માટે તો ધર્મસંગ્રહ શાસ્ત્રમાં લખ્યું છે કે **શ્રાવક આજીવિકાની ચિંતા અર્થે ધંધો કરવા જાય તેમાં પહેલાં પંચનમસ્કારાદિ મંગળનો ધર્મપુરુષાર્થ કરે.**

**ધર્મ પુરુષાર્થ મુખ્ય કેમ ? :-**

અલબત્ત આ મંગળ ધનકમાઈ માટે નથી કરવાનું; છતાં એને એ શ્રદ્ધા જરૂર હોય કે ધર્મથી જ સૌ સારું થશે, ધર્મ જ ત્રાણ-શરણ-તારણહાર છે. બાકી પાપપ્રવૃત્તિ તો જીવને મારનારી છે, તારનારી નહિ. માટે ધર્મને મુખ્ય કરીને ચાલવાનું. દેવાધિદેવને પ્રાર્થના કરીએ તે પણ તુચ્છ સ્વાર્થ સાધી લેવા માટે નહિ, પણ ચિત્ત સમાધિ અને અભય, ચક્ષુ, માર્ગ...આદિ અર્થાત્ આત્મસ્વસ્થતા, ધર્મરુચિ, સરળતા, તત્ત્વ-જિજ્ઞાસા, તત્ત્વબોધ વગેરે આત્મકલ્યાણોની પ્રાપ્તિ માટે કરવાની. પછી જીવનમાં બીજી ત્રીજી આપત્તિ-સંકડામણો આવે, ચિત્ત અસમાધિમાં પડે, આકુળ વ્યાકુળ થતું હોય, ત્યાં આ પ્રાર્થનાની અચિંત્ય શક્તિ યાને અરિહંત પ્રભુના અનંત પ્રભાવ પર અથાગ શ્રદ્ધા રખાય અને પ્રાર્થના કરાય કે 'પ્રભુ ! તારા પ્રભાવે જ મારું બધું સારું થવાનું છે. હોઉ મમં તુહ પ્પભાવઓ ભયવં ! ઈટ્ઠફલસિદ્ધિ' ભગવાન તમારા પ્રભાવે મારે ઇષ્ટ ફળની સિદ્ધિ હો; અર્થાત્ ચિત્તની સુમનસ્કતા-

સ્વસ્થતા-સમાધિનાં બાધક વિઘ્ન દૂર થાઓ'

પ્રભુનાં સ્મરણની બલિહારી છે કે એ વિઘ્નને આ અંતરાયકર્મને તોડે છે. એથી ઊલટું ચક્ષુકુશીલનું સ્મરણ અંતરાયને ઉદયમાં લાવે એ બનવાજોગ છે.

'ચક્ષુકુશીલ' સમજો છો ને ? 'ચક્ષુકુશીલ' એટલે દૃષ્ટિના ખરાબ આચારવાળા, દૃષ્ટિથી વિજાતીયનાં રૂપના ચોર, એનાં ગાત્ર-અંગોપાંગ જોવાના લંપટ. જેમ પ્રસ્તુતમાં રાજા રુક્મિ પરદેશથી આવેલા રાજકુમારનું રૂપ-લાવણ્ય જોવામાં લંપટ બની એ ચક્ષુકુશીલ. સભા ભરાઈ હોય કે એકાંત હોય ત્યાં પરસ્ત્રી યા પરપુરુષનું મોહક રૂપાળું અંગોપાંગ જોવામાં દૃષ્ટિ ચોરી-ચૂપકીથી દોડ્યા કરે. એવા ચક્ષુકુશીલને લોકલજ્જાની ય પરવા નથી હોતી. અને કોઈને લોકનો ડર હોય છે તો સિફત-હોશિયારી વાપરી દૃષ્ટિ નાખી આવે છે ! કોઈ વળી કાળા ચશ્મા પહેરી ફરે છે, જેથી બીજાને ખબર ન પડે કે એની દૃષ્ટિ ક્યાં ફરી રહી છે ! પછી આ ચક્ષુકુશીલતાની કુટેવ જિંદગીભર છૂટવી મુશ્કેલ બને છે. એ તો કોઈ પરલોકભય, તત્ત્વદૃષ્ટિ, સમ્યક્ શાસ્ત્રબોધ, સમ્યગ્દર્શન વગેરેનો જબરદસ્ત ધક્કો લાગે અને ચક્ષુકુશીલતા-દૃષ્ટિદોષ છૂટે તો છૂટે. બાકી એના વિપાક અતિ દુઃખદ આવે છે.

સ્પર્શકુશીલની પણ ભૂંડી દશા છે. એને ગોરા ગુલાબી અંગો પર સ્પર્શ કરવાની લંપટતા હોય છે. એવા સેવા કરવા આવે તોય સાવધાન રહેવાનું; કેમકે એમાં ય એ પોતાની સ્પર્શ-કુશીલતાનાં ગલગલિયાં પૂરાં કરતો હોય છે.

રાજકુમાર રાજાને કહી રહ્યો છે કે 'મારે જે ચક્ષુકુશીલનો અનુભવ થયો છે એનું નામ લેવું રહેવા દ્યો, નહિતર ખાવાનું નહિ પામો,' એ આ તત્ત્વ ઉપર છે કે એવાના નામસ્મરણમાં આ તાકાત-આ નિમિત્તતા સંભવ છે કે લાભાંતરાય-ભોગાંતરાય કર્મનો ઉદય જગાડે. ભાવના નિમિત્તે કર્મનો ઉદય થાય.

રાજાની ઇંતેજારી વધી એટલે ચક્ષુકુશીલનું નામ ઉચ્ચારવા આગ્રહ કરે છે, પણ એ વખતે ભોજન કર્યું નથી એટલે રાજકુમાર કહે છે 'હમણાં રહેવા દો. નહિતર કદાચ ભોજન નહિ પામો.'

રાજા કહે 'પણ મને જોવા તો દો કે ખરેખર આવું બને છે ?'

'મહારાજ ! માફ કરો. વળી કોઈ જગાએ હું આ વસ્તુનો અનુભવ કરીશ ત્યાર પછી તમને ખાતરી કરી આપીશ.'

રાજા કહે 'અરે પણ શબ્દ ઉચ્ચારવામાં બગડી જાય ?'

કુમાર કહે 'એવા ચક્ષુકુશીલ અધમ જીવનું નામોચ્ચારણ પણ જોખમી છે.'

**નામાભિધાનની શક્તિનો અખતરો :-**

બસ, રાજાને આતુરતા હવે એવી વધી ગઈ કે એનો તત્કાલ અખતરો



કરવાનું મન થયું, એટલે તરત માણસોને હુકમ કર્યો કે ભોજન-મંડપમાં જમવાની તૈયારી કરો. જુઓ પરિવાર સાથે જમવા બેસવાનું છે.

રાજાનો આદેશ એટલે શી વાર ? નોકરો કામે લાગી ગયા. થાળી પાટલા ગોઠવાઈ ગયા. પકવાન્ન મીઠાઈ, વગેરે અઢાર જાતની વસ્તુ હાજર કરવામાં આવી. રાજાને ખબર આપતાં રાજા પરિવાર સાથે કુમારને પાસે લઈને જમવા સ્થાને બેસી ગયો. જમવાનું શરૂ કર્યું નથી, ને રાજા કુમારને કહે છે, 'હવે પેલા ચક્ષુકુશીલનું નામ બોલો જો.'

કુમાર કહે છે, 'મહારાજ ! પહેલાં જમી લો. જમ્યા બાદ નામોચ્ચારણ કરીશ.'

પણ રાજાને તો અખતરો જોવો છે. એટલા માટે તો આ તરત ભોજનનું મંડાણ ગોઠવ્યું છે. એટલે હવે તો જમણા હાથમાં કોળિયો લઈ કુમારને આગ્રહ કરે છે કે 'જુઓ આ હવે તો તરત ભોજન થાય એવું છે. એમાં આપણે જોવું છે કે અત્યારે જ એ નામ લેવાથી શું ભોજનમાં કોઈ વિઘ્ન આવે ખરું ? જો આવશે તો મને પણ તમારી જેમ ખાતરી થશે.' કુમાર ચેતવે છે, 'અરે ખાતરી બાપુ ! શી કરવી છે ? ઝેરના અખતરા ન હોય. આ હું એવા પાપિષ્ટ પરલોક પરાઙ્મુખ અધમ ચક્ષુકુશીલને જોઈને આખા સંસારથી ઊભગી ગયો છું. મને થયું કે આવા જગત્પ્રસિદ્ધ બ્રહ્મચારી જીવને પણ જો આ ચક્ષુકુશીલતાનું પાપ નડી જાય, એવો ય જીવ ઉત્તમ દશામાંથી અધમ દશામાં ફેંકાઈ જાય, તો એવા આ સંસારમાં શો માલ છે ? એમાં ય વળી આપણે બીજાનાં પાપમાં નિમિત્ત અજાણ્યે પણ બની જતા હોઈએ તો બહેતર છે કે

આવા મહા ઉત્તમ મનુષ્ય જીવનને પામી એવું કોક જબરદસ્ત આત્મહિત સાધી લેવું જોઈએ કે જેથી બીજાને ય પાપમાં અજાણ્યે પણ નિમિત્તભૂત ન બનીએ. અહીં પુણ્યમાર્ગે એવા આત્મહિતની તાકાત મળી છે તો શા માટે એનો એવો દિવ્ય ઉપયોગ ન કરી લેવો ? જીવનનો અંત તો એક દિ' આવવાનો જ છે, અને એ અંત આવવા સાથે આ તાકાત અને એને અજમાવવાની સામગ્રીરૂપ આ વિશિષ્ટ માનવદેહ અને માનવમન ખોવાઈ જવાનાં છે, તો એ ખોવાતાં પહેલાં જ એનો સદુપયોગ કાં ન કરી લઉં ?'

રાજકુમારની વિચારધારા જોવા જેવી છે, મનન કરવા યોગ્ય છે. આપણામાંના કોઈને કોઈ, તો બીજાને બીજી પુણ્યશક્તિ તો મળેલી છે જ. 'હવે એનો સદુપયોગ ચાલી રહ્યો છે કે દુરુપયોગ ?' આ તપાસવાનું છે.

આપણે જીવન જે જાતનું જીવીએ છીએ એમાં બે જાતની વિટંબણા અનુભવીએ છીએ,

૧. અછતાં પુણ્યના રોદણાં, અને

૨. છતાં પુણ્યની બેપરવાઈ તથા દુરુપયોગ.

**અભાવમુખી દૃષ્ટિનાં બે નુકસાન :-**

૧, 'અછતાં પુણ્યનાં રોદણાં'નો અર્થ એ છે કે જીવન જીવતાં દૃષ્ટિ મોટા ભાગે Negative Side નિષેધાત્મક બાજુની રહે છે; દા.ત. 'મારી પાસે પૈસા નથી, મારું શરીર સારું રહેતું નથી, કુટુંબીઓ ક્લેશકારી મળ્યા છે, પાડોશી વાંકા છે, મોંઘવારી બહુ, અછત ઘણી, જોઈતી વસ્તુ ન મળે...' વગેરે વગેરે આ નકારાત્મક યાને અભાવમુખી દૃષ્ટિ એક વિટંબણા છે.

આપણે આપણી જાતે એવી અભાવમુખી દૃષ્ટિના પાપે નકામો ચિત્તક્લેશ ઊભો કરીએ છીએ. અને બીજું ઘણું ઘણું આપણને અનુકૂળ છતાં એમાંથી ચિત્તશાંતિનો અનુભવ ગુમાવીએ છીએ. વળી એથી બીજું કેટલુંય ઊંધું વળે એ જુદું. રોજીંદું જીવન તપાસવાથી રોજ આવું કેટલુંય કેટલીવાર ચલાવી રહ્યા છીએ એ માલૂમ પડશે.

**સદ્ભાવમુખી દૃષ્ટિનો લાભ :-**

ત્યાં ખરી રીતે જોવાનું તો એ છે કે આનાં બદલે Positive Side હકારાત્મક બાજુની સદ્ભાવમુખી દૃષ્ટિ કાં ન રાખવી ? એ રખાય તો દેખાશે કે પૈસા ખાવા-પીવા જેટલા તો છે; કુટુંબીઓ આપણી અમુક સગવડ-આમન્યા તો સાચવે જ છે; શરીર હરતું ફરતું અને ચાલુ કામ કરવા જેટલું તો ચાલે જ છે; પાડોશી અમુક રીતે તો સીધો જ છે; મોંઘવારી પણ હજી એવી હદ બહારની નથી કે આપણે કશું જ ખરીદી ન શકવાની સ્થિતિમાં હોઈએ; અછતમાં પણ અમુક પ્રમાણમાં તો વસ્તુ આપણને મળે જ છે. આવી સદ્ભાવમુખી દૃષ્ટિ રાખવાનો પહેલો સીધો લાભ આ કે ચિત્ત ક્લેશમાં નહિ પડે. ને શાંત પ્રફુલ્લિત રહેશે. પછીના લાભમાં કેટલુંય સીધું સૂઝશે, અને એવી સૂઝ પર સુખશાંતિની રીતરસમ અજમાવાશે. આમ અછતાં પુણ્યના રોદણાંની એક વિટંબણામાંથી બચી જવાશે. એથી કેટલાય ક્રોધ-લોભાદિ કષાય, દુર્ધ્યાન, મલિન વિકલ્પો, દુર્ભાવના, અશુભકર્મબંધ વગેરેથી બચવાનું સુલભ રહેશે.

૨. છતાં **પુણ્યની બેપરવાઈ** અને દુરુપયોગ એ બીજી વિટંબણા છે. અછતાં તરફ નજર રહી એટલે છતું નજરે નથી ચઢતું, મન એના પર નથી જતું, એ જોવા તરફ બેપરવા રહે છે. 'અલ્યા ! એ તો જો કે તારી પાસે વર્તમાન ભારે કપરા કાળમાં પણ અસંખ્ય પશુપંખી કીડાદિને નહિ મળેલ માનવભવ મોજુદ છે ! એના કરતાં વિશિષ્ટ બુદ્ધિ-શક્તિ મળેલી હાજર છે; પાંચે ઇન્દ્રિયો કામ આપી રહી છે; આરોગ્ય પણ કામ કરવા જેટલું તો પહોંચે છે; જીવન નિર્વાહ સાવ અટકી નથી પડ્યો. વળી કેવા વિશ્વશ્રેષ્ઠ અરિહંત દેવ, મુનિગુરુ ને જૈન ધર્મનો સંયોગ મળ્યો



છે ! સ્યાદ્વાદમય તત્ત્વ અને સમ્યગ્દર્શનાદિમય મોક્ષમાર્ગને વિવેચનારાં વિશ્વશ્રેષ્ઠ શાસ્ત્ર મળ્યાં છે ! પરમેષ્ઠિ નમસ્કારાદિ સાધનાને યોગ્ય મહાન મન મળ્યું છે !...' આવું આવું તો કેટલુંય પુણ્યયોગે પ્રાપ્ત છે, ને એથી સાધના કરવી હોય તો હાથવેંતમાં છે. એવાં છતાં પુણ્ય સામે જોવું નથી, બેપરવા રહેવું છે, તેથી જ એનો સદુપયોગ કરી લેવા તરફ દૃષ્ટિ ન હોઈ એનો દુરુપયોગ કરાઈ રહ્યો છે.

ખરું કરવાનું આ છે કે નજર આ પ્રાપ્ત વસ્તુઓના છતાં પુણ્ય તરફ રાખવી; વિચારવું કે 'આ પુણ્ય કાયમ ટકનાર નથી. છેવટે જીવન સમાપ્ત થતાં આ બધું મળેલું ખોવાઈ જવાનું છે તો પછી મહા મુસીબતે મળેલ તથા કરોડો-અબજો-અસંખ્યને નહિ અને મને મળેલ આ છતી સામગ્રીનો સદુપયોગ કાં ન કરી લઉં ? નહિતર સામગ્રી ય ક્યાંય ખોવાઈ હશે અને હું ય વિરાટ ભવચક્રમાં ક્યાંય ખોવાઈ જઈશ. એમ બનતાં પહેલાં હવે તો હું એનો સદુપયોગ તે ય ભારેમાં ભારે કરી લઉં.' બસ, આ વિચારી સદુપયોગ કરી લેવા વિવિધ માર્ગે ઉદ્યમ રાખવો.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૩,અંક-૧૪,તા.૨૬-૧૨-૧૯૬૪**

સદુપયોગના અનેક રસ્તા છે.

પહેલો રસ્તો તો આ કે મનને સ્વસ્થ અને સ્વચ્છ બનાવતા જઈએ. એને સંસારની વિચિત્ર અને વિટંબણાકારી ઘટમાળથી અસ્વસ્થ તથા જડ વિષયો અને કષાયોની આંધીથી મલિન ન થવા દઈએ. સંસારમાં લહેવાઈ યા અસ્વસ્થ બની જવાનું, કે અનુચિત બોલ-ચાલ અને વિષય કષાયથી મન મેલું કરવાનું નહિ.

આ પહેલો સદુપયોગ ચાલુ કર્યો પછી તો અનેકાનેક જાતની આત્મકલ્યાણની વૃત્તિઓ અમલમાં આવતી જશે. તેમજ પેલી નિષેધાત્મક દૃષ્ટિનાં રોદણાં પણ આ સ્વસ્થ સ્વચ્છ મન પર આવતા અટકી જવાનાં. એ બધું રોદણાનું તો સંસારની વિચિત્રતા અને વિટંબણામયતાના ખાતામાં ખતવી નાખતાં આવડશે; તે આ રીતે,

**સંસાર વિચિત્ર ને વિટંબણામય :-**

મનને લાગશે કે, 'હું શાને રોઈ રહ્યો છું ? જેને રોઉં છું એ બધું ય સંસારની ઘટનાઓ છે, અને સંસાર તો વિચિત્ર છે, એટલે એમાં એવું બધું વિચિત્ર બન્યા જ કરે; સંસાર તો વિટંબણામય છે, તેમાં એવી વિટંબણાઓ હોય જ, એમાં નવાઈ નથી. હું એવા વિચિત્ર અને વિટંબણાભર્યા સંસારને વળગી બેઠો છું એટલે બધું સમ-સરખું અને સગવડભર્યું મળવાની આશા રાખું તે જ ખોટું છે, ગરમાગરમ પાણીના તપેલામાંથી પવાલું પાણી લઈએ પીઈને ગળું તથા પેટ ઠારવાની આશા

રાખવી એ ખોટું. વિટંબણા ન જોઈએ તો સંસાર છોડ, અને ન છોડે ત્યાં સુધી કમમાં કમ દૃષ્ટિ એ રાખ્યા કરે કે સારું કેટકેટલું મળ્યું છે, અને એનો સદ્દુપયોગ કેમ કર્યા કરું, પછી એ પ્રમાણે વર્તવા માંડું.'

મનમાં વારંવાર આવું આવું આવ્યા કરે, તો ગમે તેવા સંયોગ-પ્રસંગમાં પણ એમાંથી સારું ઊભું કરી લેવા તરફ જ તત્પરતા રહેશે. આમાં મન કેટલું સરસ, સ્વસ્થ અને સ્વચ્છ.

વાત આ હતી કે પેલા રાજકુમારની વિચારધારાએ ચાલીને વિચારીએ તો આપણને મળેલી પુણ્ય-સામગ્રીમાંથી વધુમાં વધુ સદ્દુપયોગ ઉપજાવી લેવા તરફ દૃષ્ટિ રહે. બ્રહ્મચારી રાજા રુક્મિના દૃષ્ટિદોષના પ્રસંગ પર સંસારની વિચિત્રતા અને વિટંબણામયતા જોઈ દિલ સંસારથી ઊબકી જાય અને હવે જીવન-કાળ જરાય ન વેડફાઈ જાય, એ માટે છતાં તન-મન-ધનથી જેટલું સારું બને તેટલું કરવા તરફ ઉદ્યમ ચાલુ થઈ જાય.

અવશ્ય ખોવાઈ જવાની પુણ્યસામગ્રી દ્વારા કોણ સુજ્ઞ સારું સારું ન કમાઈ લે ? સારું ન કમાય એ તો મૂર્ખ ગણાય; અને દુરુપયોગ કરી નરસાંનાં પોટલાં ઊભાં કરે તે મહામૂર્ખમાં ખપે.

**મૂર્ખને શું આવડે છે ને શું નથી આવડતું ?**

વિચારવા જેવું છે કે,

જેટલા પ્રમાણમાં સગવડ-સામગ્રી મળી છે ઉપરાંત માનવદેહ, માનવ મન અને બુદ્ધિ તથા પુરુષાર્થ શક્તિ પ્રાપ્ત થઈ છે, એ ક્યાં નખાઈ રહી છે ?

પાપના માર્ગે કે ધર્મના ?

કાયા-ઈંદ્રિયો અને મનને બહલાવવામાં કે આત્માનું ભલું કરવામાં ?

જીવન અને બધી ય પુણ્યસામગ્રી ખોઈ નાખશો ત્યારે ઊંધા વેતરતા જંપશો, પણ ઊંચા સદ્દુપયોગ નહિ કરવાના, એમ ને ? કેટલી સરસ અક્કલ !! અક્કલ કે બેવકૂફી ?

**પ્રભાતે ઊઠી શું વિચારવું ?**

સવારે ઊઠ્યા બરાબર, મનમાં સંસારના કચરા ભૂંસા ઘાલતાં આવડે છે, અરિહંતાદિ પરમેષ્ઠીનું ચિંતન, સ્વાત્માનો વિચાર, તીર્થવંદના, મહાપુરુષોનાં સ્મરણ, અને આજના દિવસે શું શું આત્મહિત સાધીશ એની સંકલના નથી આવડતી !

સવારે ઊઠ્યા બાદ માટીના દેહને ચા-પાણીમાં અને સંસાર-ઠકરાણીની સેવામાં રગદોળતાં આવડે છે. સામાયિક-પ્રતિક્રમણ-દેવદર્શનાદિમાં જોડતાં નથી આવડતું ! ઈંદ્રિયો, આંખ-કાન-જીભને પાપદર્શન-શ્રવણ-ઉચ્ચારણમાં તરબોળ રાખતાં આવડે



છે, દેવ-ગુરુ-શાસ્ત્ર-જીવદયા વગેરેનાં દર્શન-શ્રવણ-ઉચ્ચારણથી અજવાળતાં નથી આવડતું ! જીવન ધન્ય ! કે અધન્ય, અભાગિયું ?

ત્યારે ધન-માલને કાં તો કેદમાં પૂરી રાખતાં યા પાપ વેપાર વધારવામાં જોડતાં અથવા દુષ્ટ ઇન્દ્રિયોના ભોગ-વિલાસ ને અમનચમનમાં ઉડાવતાં આવડે છે, પણ સાત ક્ષેત્રમાં તેમ કરતાં નથી આવડતું !

અરે ! એટલે લાંબે ક્યાં જવું, ટૂંકી વાત જુઓ કે એક કિંમતી વચનયોગ ક્યાં ક્યાં વેડફાઈ રહ્યો છે !

જાતની વડાઈના શબ્દ બોલી માનકષાયની સેવા-પુષ્ટિ કરતાં આવડે છે, પણ મૌન રાખી યા જાતની લઘુતા-તુચ્છતા અને દેવ-ગુરુ-ગુણવાનોની સ્તવના-પ્રશંસા બોલી શુભ અધ્યવસાયની પુષ્ટિ કરતાં નથી આવડતું ! એમ પ્રસંગે પ્રસંગે બીજાની લાગતી ભૂલ પર ગુસ્સાના પોષક વેણ કાઢતાં આવડે છે, પણ સૌમ્યતાના શબ્દ નથી આવડતાં ! વચનયોગની યાને બોલવાની શક્તિ એ પુણ્ય સામગ્રી છે, એનો સદ્દુપયોગ જ કરવાની ધગશ ક્યાં છે ? એવું જ મનની શક્તિમાં વિચાર નથી કે મળેલી પુણ્ય શક્તિ-સામગ્રી દ્વારા કોનું ઘર મજબૂત કરી રહ્યો છું ? કુસંસ્કારનું કે સુસંસ્કારનું ? મોહની પરિણતિનું કે ધર્મપરિણતિનું ? આ વિચાર નથી. વિચારણા છે માત્ર પોતાના જ આંતરશત્રુ કષાયોના પગ મજબૂત થાય એવી !

વાત આ છે, જે પુણ્ય પાસે નથી એ પુણ્યથી અલભ્ય માલના રોદણાં રોવાં છે, અને જે પાસે છે એનો ધૂમ દુરુપયોગ કરવો છે, તો જીવન જીતી જવાશે કે હારી ?

પેલો રાજકુમાર રોદણું રુએ છે પણ કેટલું બધું ઊંચું ? એના મનને થાય છે કે 'અરે ! આ રુક્મિની દૃષ્ટિ બગડવામાં કેમ આ મારું શરીર રાગયંત્ર જેવું નિમિત્ત બની રહ્યું છે ? હવે તો એવું કરું કે આ શું, કોઈ પણ મારું શરીર કોઈના ય પાપમાં નિમિત્તભૂત ન બને ! અર્થાત્ અશરીરી જ થઈ જાઉં ! રોદણું એવું કે જેમાંથી તારવણીરૂપે ઉચ્ચ આત્મહિતનો પુરુષાર્થ જાગે, ને મળેલી માનવ ભવ આદિ પુણ્યસામગ્રીનો ઊંચો સદ્દુપયોગ કરી લેવાનું બને, એ પ્રશંસનીય રોદણું.

નિરાશા, નિઃસાસો અફસોસ થાય તો ય તે એવા હોય કે જેના ફળમાં આત્મકલ્યાણનો પુરુષાર્થ આવીને ઊભો રહે.

**રાજાનો અતિ આગ્રહ :-**

કુમાર રાજાને કહે છે, 'મહારાજ ! જેની ચક્ષુકુશીલતા જોતાં મારું મન સંસાર પરથી ઊબકી ગયું, આ સુંદર માનવભવ આદિ સામગ્રીનો જે ઉચ્ચ ઉપયોગ છે તે કરી લેવા તરફ મનને નિર્ધાર થઈ ગયો, એનું નામ જમવા પહેલાં લેવું રહેવા દો, પહેલાં જમી લો, પછી વાત.'

રાજાને તો ઇંતેજારી વધી ગઈ છે એટલે હાથમાં કોળિયો લઈ કહે છે કે, 'જુઓ કુમાર ! હવે તો આ કોળિયા હાથમાં છે, હવે તમે નામ બોલો. એ સાંભળતાં જો વિઘ્ન આવી આ જમવાનું ટળે તો વિશ્વાસ તો પડશે કે ખરેખર ! કુશીલતા આટલી ખતરનાક હોય છે ! અને તેથી તો હું પણ તમારી આજ્ઞાનુસાર ધર્મ-આરાધનામાં લાગી જાઉં.'

રાજાનો બહુ આગ્રહ જોયો, એટલે રાજકુમાર કહે છે કે 'તે આ ઉત્તમ જીવનને નિષ્ફળ કરનાર ચક્ષુકુશીલનું નામ રાજા રુક્મિ છે.'

**રુક્મિનાં નામોચ્ચારણ સાથે ઉલ્કાપાત :-**

બસ, આ નામનું ઉચ્ચારણ કર્યું ત્યાં જ જોરદાર કોલાહલનો અવાજ આવ્યો. અવાજ પણ સામાન્ય નહિ કિન્તુ 'મારો, મારો, કાપો, કાપો,' એવો ભયંકર ! તેય એકાદ બે માણસનો નહિ પણ હજારો...માણસોનો ! થયું, કોળિયો હવે શે મોંમાં જાય ?

બન્યું એવું કે કોઈ રાજાના બળવાન યોદ્ધાઓનું મોટું લશ્કર આ નગરમાં ઘૂસી ગયું ! સુભટો પણ લડાઈમાં જરાય પાછી પાની ન કરે અને દુશ્મનના લશ્કરમાં હાહાકાર કરાવી મૂકે એવા જબરા જોદ્ધા ! તે પણ હાથમાં ખુલ્લી તલવારો, ભાલા વગેરે ભયાનક શસ્ત્રો રાખીને ઘૂસ્યા; અને વિશાળ નગરમાં 'હણ, હણ,' 'મારો મારો' નો રાક્ષસી ઘોષ મચાવતાં મચાવતાં નગરમાં ફરી વળ્યા છે. અહીં નામોચ્ચારણ થવા બરાબર એ ઘોષનો કોલાહલ કાન પર આવી લાગ્યો. રાજાના માણસો પણ દોડતા આવીને કહે છે, ''મહારાજ ! જુલમ જુલમ ! દુશ્મનનું લશ્કર ચઢી આવ્યું છે અને નગર આખામાં ઘૂસી ગયું છે !'

હવે રાજાએ હાથમાં ઉપાડેલો કોળિયો મોંમાં જાય ? કોળિયો તરત નીચો મુકાઈ ગયો ને રાજા ઊભો જ થઈ ગયો. કુમારને કહે છે,

'તમારી વાત પર બરાબર વિશ્વાસ પ્રત્યક્ષ અનુભવું છું.'

ત્રિભુવનપતિ શ્રી મહાવીર પરમાત્મા અહીં ગૌતમસ્વામીને કહે છે :-

''હે ગૌતમ ! બસ, રાજા વધુ બોલવા ન પામ્યો. એને તો હવે સામે મૃત્યુનાં દર્શન થવા માંડ્યા. મરણનાં ભયથી વ્યાકુલ થયેલો એ રાજા 'રાજ્યનું શું થશે ? પ્રજાનું શું થશે ? આશ્રિતોનું શું ? મારે વીરતાથી એનું રક્ષણ કરવું જોઈએ ?...' ઇત્યાદિ કશો વિચાર કરવા થોભ્યો નહિ, પોતાના વિખ્યાત કુળમાં આવા પ્રસંગે કેવો પુરુષાર્થક્રમ ચાલ્યો આવે છે ? પોતાનું પરાક્રમ શું ?... એનો કાંઈ જ વિચાર ન કરતાં પોતાના પરિવારની સાથે પ્રાણ બચાવવા તરત જ ત્યાંથી નાઠો.''

જીવન મૃત્યુનો ભય કેવો બાવરો કરી મૂકે છે ! કુળની યશસ્વી પ્રણાલિકા



કે જાતની જવાબદારીનો પુરુષાર્થ, એની તરફ એ આંખ-મિંચામણા કરાવે છે, મરણના ભયની વિહ્વળતા ચીજ જ એવી છે. માટે તો જીવન જીવતાં જીવતાં પહેલેથી જ આવા ભય જીતી લેવા મનોબળ કેળવવું જોઈએ, કેમ કેળવાય એ ?

**મરણનો ભય જીતવા ભાવના :-**

એટલું ધ્યાનમાં રાખજો નિર્ભયતા કેળવ્યા વિના એકાએક આવવી મુશ્કેલ છે. મરણના ભયની સંજ્ઞા તો અનાદિની ચાલુ છે, તે શું અકસ્માત્ કે અસાધ્ય બિમારીનો પ્રસંગ આવતાં એ નહિ ઊભો થાય ? વારંવાર આ વિચાર આવવો જોઈએ કે મરણ કે મરણાન્ત કષ્ટ પણ શી વિસાતમાં છે ? કુછ નહિ, એ આવનાર હશે ત્યારે અચૂક આવીને ઊભું રહેશે, પછી રોઈશ, કકળીશ, માથાં પછાડીશ પણ એ મોત કે કષ્ટ નહિ ટળે. માટે એવા સંયોગ આવતાં પહેલાં કલ્પી લે કે 'એ આવીને ઊભાં છે, છતાં મને કોઈ જ ગભરામણ નથી, મારું શું લઈ જાય છે એ ? મારું જ્ઞાનધન, મારું ધર્મધન, મારું શ્રદ્ધાધન મારી પાસે જ છે. શરીર તો મારું રહેવાનું છે જ ક્યાં ? એકલો આવ્યો હતો અને કર્મે આ શરીર બનાવી આપ્યું. પાછું એ અવશ્ય ખૂંચવાઈ જનાર છે. આ નિર્ધારિત હકીકત છે. માટે એવા કામચલાઉ શરીર પર રાગ રાખવો ખોટો. તેમ કષ્ટની દૃષ્ટિએ જોઉં તો પણ વધારે તો શરીરના અને સુખશીલતાના રાગને લીધે કષ્ટ લાગે છે. એ રાગ જો નથી, તો કષ્ટ પણ જાણે કાંઈ નથી. નરકાદિ ગતિમાં મેં ક્યાં ઓછાં કષ્ટો જોયાં છે ?

ત્યારે મહાપુરુષોએ ક્યાં ઓછા કષ્ટ જોયાં છે ? અરે ! આવી પડેલાં તો શું, પણ જાતે ઊઠીને કષ્ટની સામે જઈ વેઠ્યાં છે ! મહાવીર પ્રભુ ચાહીને અનાર્યદેશમાં વિચર્યા. એમનો સંતાન હું, કમમાં કમ, આવી પડેલા કષ્ટને તો સહું ? ગભરામણ શી ?

**મૃત્યુની નિર્ભયતાના દૃષ્ટાન્ત :-**

રાજા કુમારપાળને દેવીએ ત્રિશૂળ ભોંક્યું ! આખું શરીર કોઢરોગથી વ્યાપ્ત થઈ ગયું ! સમય વર્તી ગયા. શાનો ? બોકડાનો ભોગ દેવાનો નહિ, કિન્તુ ચિતામાં જીવતા સળગી જઈ સવાર પડતાં પહેલાં રાખ થઈ જવાનો; જેથી અજ્ઞાન મૂઢ લોક નિંદા ન કરે, 'કે જોયું ? એમનો દયાધર્મ પકડી રાખ્યો એનું ફળ આ પ્રત્યક્ષ મળ્યું !' કહો, મરણની તે પણ જીવતા સળગી મરવા માટે કુમારપાળ રાજાની કેટલી બધી નિર્ભયતા.

કલિકાલ સર્વજ્ઞ આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજના શિષ્ય આચાર્ય શ્રી રામચંદ્રસૂરિજી મહારાજ રાજા અજયપાલનો ગુરુવચનથી વિરુદ્ધ હુકમ ન માનતા ધખધખતી લોખંડની કઢાઈ પર બેસી ખુશીથી શેકાઈ ગયા !

આવા આવા મહાપુરુષોએ મૃત્યુ શી રીતે નિર્ભયપણે વધાવ્યા હશે ? જીવન જીવતાં આવો કોઈ ખ્યાલ રહ્યા કરે કે મરણ કોઈ ચીજ નથી. મરવું તો પડશે જ.

એક જ વાર મરવાનું છે, વહેલું કે મોડું, પછી ભય શો ? બીવાથી થોડું જ એ ટળે છે ? ઊલટું નિર્ભય રહેવાથી આનંદપૂર્વક મરી શકાય છે.

**મરણથી નિર્ભય કેમ બનાય :-**

એક વાત છે કોઈ પણ પળે મૃત્યુ આવે તો ફિકર નથી એવું મન બનાવવા માટે જીવનમાં ઔચિત્ય, પવિત્ર હૃદય, ક્ષમા, સૌમ્યતાદિ ગુણોનો અભ્યાસ અને શક્ય એટલી ધાર્મિક પ્રવૃત્તિ, વાણી અને વિચારણા રખાવી જોઈએ. પછી મનને એમ થશે કે શક્ય એટલું સાધવાનું મેં નિષ્કપટ દિલે સાધ્યું છે, ગુણોનો પણ શક્ય અભ્યાસ કર્યો છે, એટલે 'આજે મૃત્યુ આવે તો શું થાય' એવી કોઈ ફિકર નથી. સાધના અને અરિહંતના આલંબને ભાવિ સારી ગતિ અને આથી વિશેષ આરાધના મળશે.

સારાંશ, મૃત્યુનો ભય ટાળવા વારંવાર નિર્ભયતાની ભાવના કરવી જોઈએ. નહિતર કાંઈ એકાએક એ ઉપરથી ટપકી નહિ પડે.

**અંતે જે ઈચ્છો તે જીવનમાં ઘાલો :-**

એકલી નિર્ભયતા જ શું, પણ જીવનના અંતકાળે જે જે સારું લાવવું હોય એની એની ભાવના વારંવાર અભ્યાસમાં રાખવી જોઈએ. નવકારમંત્ર, ચિત્તસમાધિ, સમતાભાવ, પીડામાં સહિષ્ણુતા, સર્વ જીવોને ક્ષમાપના, અરિહંતનું ધ્યાન, પૈસા-પરિવાર-કાયા આદિ પર નિર્મમતા, દાન-પુણ્યની ઉદારતા, જીવનમાં દુષ્કૃત્યોની ગર્હા, વગેરે વગેરે બધાનો અંતકાળે ખપ પડશે. એ બધું મરણની અસહ્ય પીડા વખતે શું એકાએક સ્ફુરી આવશે ? શું એકાએક હૃદયમાં રમતું થઈ જશે ? એવા ખોટા ભરોસે બેસતા નહિ. એ બધાનો જીવનકાળ દરમિયાન સારો અભ્યાસ જોઈશે. અંતે જે ઈચ્છો તે જીવનમાં ઘાલો. જાણે એ બધી વસ્તુ આત્મસિદ્ધ કરી ! એવું કરવું પડે. એનાં સુખદ ફળરૂપે અંતકાળે એ સગી થશે, સહેલાઈથી સ્ફુરતી રહેશે.

**મરવા પડેલો બીજાને શિખામણ દે :-**

એમાં તો પછી બીજાઓ આપણા મૃત્યુ વખતે આપણને શું શિખામણ આપતા હતા, આપણે બીજાઓને આશ્વાસન શિખામણ આપી શકીએ; કહી શકીએ કે 'મુંઝાશો નહિ. મૃત્યુ તો માત્ર એક વસ્ત્ર બદલવા જેવું છે, સ્થાનાન્તર કરવા જેવું છે. બાકી આત્માને ને પુદ્ગલને કાયમના શા મેળ ? કાયા તો રત્ન વણિકની એક ઘાસની ઝૂંપડી છે, સળગવા જેવી લાગી એટલે મૂકી દેવાની, ને રત્ન લઈ ચાલતા થઈ જવાનું. જુઓ :-

**કાયા પર રત્નવણિકની ઝૂંપડીનું દૃષ્ટાન્ત :-**

એક નગરમાંથી એક ઝવેરી રત્નો કમાવવા અર્થે રત્નદ્વીપ ઊપડ્યો. ત્યાં પહોંચી એણે જોયું કે 'અહીં બીજાઓ પણ આવે છે તે પોતપોતાના ઝૂંપડા બાંધીને



રહે છે. દરિયાના મરજીવાઓ સમુદ્રમાં પડી રત્નો લઈ આવે છે, તેની ખરીદી કરી કરી રત્નો ભેગાં કરે છે.' એટલે એણે પણ ઝૂંપડી ઊભી કરી અને મંડ્યો રત્નોની ખરીદી કરવા. ધીમે ધીમે કરતાં એણે સારો એવો રત્નભંડોળ ભેગો કર્યો.

'એક વાર એવું બન્યું કે ત્યાં કાંક આગ લાગી, તે એના ઝૂંપડા પર પણ ભડકા આવ્યા, અને ઝૂંપડી સળગવા જેવી થઈ ગઈ, ઝવેરીએ જોયું કે 'રત્નો ઠીક ઠીક કમાઈ લીધાં છે, તો હવે આ ઝૂંપડીને બચાવવા કરવાની ખટપટમાં શું પડવું હતું ? ને વળી બચાવી બચે એવી પણ લાગતી નથી. માટે મૂક માથાફોડ, લઈ લે રત્ન પોટલી, અને થા ઘરભેગો !

"ઝૂંપડી સળગવા પર ઝવેરી જરાય રોવા ન બેઠો. એ તો ખુશખુશાલ ઝટ ઊભો થઈ કમાયેલ રત્નપોટલી સંભાળી લઈ ચાલ્યો, અને સીધો ઘરભેગો થઈ ગયો. ત્યાં એ કિંમતી રત્નો પર મોટો વેપાર કરી સુખી સમૃદ્ધ બની ગયો !"

પેલો મૃત્યુશય્યામાં પડેલો શ્રાવક હવે આની ઘટના કાયામાં કરી બતાવતાં કુટુંબને કહે છે,

**કાયા પર ઝૂંપડીની ઘટના :-**

"ત્યારે આપણો જીવ એ ઝવેરી છે. એ આ મનુષ્યભવરૂપી રત્નદ્વીપમાં જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી રત્નો કમાવવા માટે આવ્યો છે. કાયા એ એને અહીં કામચલાઉ રહેવા માટેની ઝૂંપડી છે. કર્મ અને જડ આહારાદિ પુદ્ગલોની સહાયથી એણે એ ઊભી કરી છે. પણ છે તકલાદી : એકાદ કોઈ તેવા રોગની-અકસ્માતની ટક્કર લાગતાં તૂટી જાય એવી. આ કાયામાં રહીને દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપી રત્નો જેટલાં કમાવાય એટલાં કમાઈ લેવાના છે. તે યથાશક્તિ મેં કમાઈ લીધા છે.

હવે બન્યું છે એવું કે મરણ સમયરૂપી આગ આ કાયાને જોરદાર લાગી છે. એમાં હવે શું કરવું ? આગ એવી છે કે રોકી રોકાય એવી નથી, કાયાને બચાવી બેસી રહેવાય એવી નથી, તો હવે જીવે શું કરવું ? રોવા બેસવું ? ના, જરાય નહિ. એ તો અહીંથી ઊભા થઈ જવાનું. કમાયેલ ધર્મરત્નો દર્શન-જ્ઞાન-ચારિત્રરત્નો સંભાળી લઈ ચાલતી પકડવાની. જ્યાં જવાશે ત્યાં એના પર સુખી સમૃદ્ધ થવાશે. વળી નવો વેપાર થશે. પછી ચિંતા શી ?

**જડ-ચેતનના ભેદ :-**

"માટે તમે કોઈ જરાય મુંઝાશો નહિ. કાયા તો પુદ્ગલની બનેલી છે. એના ગુણધર્મ તદ્દન જુદા અને ચેતન આત્માના ગુણધર્મ જુદા. એ સડન-પડન-વિધ્વંસનશીલ; ત્યારે જીવ અવિનાશી. જડ કાયાની સારસંભાળ વગેરે કરવાનું કાયાનું પોતાનું ગજું નહિ, એ તો આત્મા એને સંભાળે તો થાય. પાછું આત્માએ

સંભાળવા છતાં ય આયુષ્યની દોરી ખૂટ્યે કાયા આગ લાગવા જેવી થઈ જાય છે. ત્યાં હવે જીવનું કશું ઊપજે એવું નથી. એવી તદ્દન પરાઈ, વિલક્ષણ, અ-સ્વાધીન કાયા પુદ્ગલની મમતા શી ?

**કર્તવ્યમાર્ગ :-**

'આત્મા, પુદ્ગલના મોહમાં ભૂલે છે એટલે જ રોવું પડે છે; અને પાછું એ રોવાનું કાર્ય કશું ફળ દેતું નથી. નિરંજન, નિરાકાર, નિર્વિકાર આત્માને પુદ્ગલના સંગ હોય નહિ, આ તો વર્તમાનમાં કર્મની વિટંબણા છે એટલે જ. માટે પુદ્ગલના જવા આવવા પર કોઈ ખેદ કે હર્ષ કરવા જેવા નથી. આપણે તો આપણી પોતાની જાતનાં અર્થાત્ આત્માનાં શુદ્ધ સ્વરૂપનો વિચાર કરવો. પુદ્ગલના સંગ ઓછા કરતાં ચાલવું. અશુદ્ધિઓને વીણી વીણીને ખોળી કાઢી એને ધક્કે ચડાવી દેવી.''

મરવા પડેલો માણસ કુટુંબીઓ વગેરેને આવી શિખામણ આપે, એમ જૈનશાસન પાઠ ભણાવે છે, ક્યારે આપી શકે ? પહેલાં પોતે મૃત્યુથી નિર્ભય બન્યો હોય ત્યારે જ ને ? એ નિર્ભયતા શી રીતે આવે ? જીવનભર એ માટે મથાય તો; જડ-ચેતનના ભેદ અને જડની તુચ્છતા તથા, ચેતનની મુખ્યતા હૈયે અંકિત થઈ જાય તો. એ માટે એવાં શ્રવણ-વાંચન, એવી ભાવના અને એવા જડના ત્યાગ રોજિંદા જીવનમાં ઝગમગતા રહે તો. શું સમજ્યા ?

**આ મનુષ્ય ભવનું મહાન કાર્ય (૧) હૈયે જડ-ચેતનના ભેદ અંકિત કરી,**

**(૨) ચેતનની મુખ્યતા અને જડની તુચ્છતા હૈયે સ્પષ્ટ અને સચોટ ઠસાવી દેવાનું કાર્ય છે.**

**કુટુંબીના આત્મા પર રાગ છે ? :-**

હૃદય સાફ સાફ પોકારે, 'કાયા જડ છે, એમાં પુરાયેલો હું ચેતન આત્મા તદ્દન નિરાળો વિલક્ષણ છું. ધન-માલ-કુટુંબાદિ બધું જ જડ ! બધીય માટીની માયા છે ! કુટુંબ જડ ? હા જેને કુટુંબીઓને જોઈ જોઈ રાગ થાય છે, મમત્વ થાય છે, એ કુટુંબીઓનો આત્મા જોઈને નહિ, કાયા જોઈને. કાયા જડ છે. રાગ એના પર છે, એમાં વસેલા આત્મા ઉપર નહિ; નહિતર તો જો એ આત્માઓ પર રાગ હોય ને, તો તો આત્માને સારા સંસ્કારો, સારા ગુણો અને સારી હિતસાધના કેમ વધે, એમની પુણ્યસંપત્તિ કેમ વધે, તથા એમના પાપકચરા કેમ ઓછા થાય, એનો જ મુખ્ય વિચાર રહે. પછી એમની જડ કાયાનાં પોષણ થાય તે ય આ માટે. અવસરે ૧૦-૨૦ હજાર રૂપિયાનો હીરાનો હાર પણ લાવી ઘરવાળાના ગળામાં નાખવાનું કરાય તે એમના દિલમાં પોતાના ઉપરનો પ્રેમ-સદ્ભાવ-આસ્થા ઊભી કરવા દ્વારા આત્મહિતની વાત એમના ગળે ઉતારી દેવા માટે. રાત પડ્યે કહી શકાય;'



**સગાંને બક્ષીસ પર હિતશિક્ષા :-**

''જુઓ, આજે પુણ્યે યારી આપી, વેપારમાં બે પૈસાનો લાભ થયો છે. ત્યારે મનને થાય કે એમાં તમારાં પણ પુણ્યનો હિસ્સો છે, એટલે આ તમારા માટે હીરાનો હાર લઈ આવવાનું કર્યું. પણ આપણે એ ધ્યાન રાખવાનું છે કે,

**અરિહંતનું આપણા માથે ઋણ :-**

આ પુણ્ય અરિહંત ભગવાનની સિફારસથી મળેલું છે, એમના અચિંત્ય પ્રભાવે મળ્યું છે. એમની કાંક આડા હાથે કે સીધા હાથે આપણે સેવા ભક્તિ કરી હશે, અને ભગવાન એવા અચિંત્ય પ્રભાવવંતા છે, કે એથી આ પુણ્ય ઊભું થયું. આટલું જ શું, આ આખો મનુષ્યભવ, પાંચે ઈન્દ્રિયો, આરોગ્ય અને બીજી ખાન-પાન-મોજ આદિની પુણ્યાઈ પણ એમના જ પ્રભાવે ઊભી થઈ. એટલે ભગવાન અરિહંત દેવના રૂડા પ્રતાપ કે આજે આપણે આ પુણ્યાઈભરી સ્થિતિમાં છીએ. માટે એમની સેવા ભૂલવાની નહિ.

**અરિહંતની આપણને કેટલી જરૂર :-**

'બીજું એ પણ છે કે આ પુણ્યાઈ કાંઈ હંમેશાં કાયમને માટે બેસી રહેવાની નથી. આગળ પર નવી પુણ્યાઈની જરૂર પડવાની. એ નવી પુણ્યાઈ ભગવાન અરિહંતના પ્રતાપે જ મળવાની. માટે પણ એવા તારક-દેવાધિદેવનું શરણું જરાય મૂકવાનું નહિ.

આ દુઃખમય સંસારમાં અરિહંત વિના બીજા કોનો આધાર છે ? એ જ બેલી છે, એ જ તારણહાર છે, અહીં અને પરલોકમાં શાંતિ આપનાર ભગવાન અરિહંત જ છે, માટે એમને તો હૈયાના હાર, મનના મોર, આંખની કીકી અને આત્માના સુકાની બનાવી દઈએ.

''અને જુઓને અરિહંત પ્રભુના આટઆટલા ઉપકાર છતાં એમને મુખ્યપણે યાદ ન રાખીએ એમની સેવા ન કરીએ અને એમને ભુલાવી નાખે એવી કાયા-માયાનાં રંગરાગ અને જળોજથામાં પડીએ તો મહાકૃતઘ્ન બનવાનું થાય કે નહિ ? કમમાં કમ કૃતજ્ઞતા તો વિસર્યા જ ગણાઈએ.

**''કૃતજ્ઞતા તો પાયાનો ગુણ છે,** ધર્મ માટેની પહેલી યોગ્યતા છે; માટે તો દેખાય છે કે માતા-પિતા, સંસ્કારી ગુરુ, બીજા ઉપકારીઓ અને મહા ઉપકારી દેવ-ગુરુને જે ભૂલે છે એ બિચારા જીવો હૃદયમાં શાંતિ અનુભવી શકતા નથી, કેમકે એમના દિલમાં ધર્મની ફરસના થઈ શકતી નથી, ધર્મ અંતરમાં પરિણામ પામી શકતો નથી, **કૃતજ્ઞ નહિ એટલે કોમળતા નહિ, કઠોરતાનું સામ્રાજ્ય.**

**ધર્મ તો કોમળ દિલમાં ફરસી શકે, કઠોરતામાં નહિ** આપણે જ જુઓને,

આપણા કરેલા ઉપકાર પર દીકરા-દીકરી આપણી તરફ કૃતજ્ઞ ન બન્યા રહેતાં કૃતઘ્ન બને તો આપણે એમને કેવા કઠોર નિષ્ઠુર હૈયાના ગણીએ છીએ ? તો પછી આપણને આટલી બધી પુણ્યાઈ કમાવવામાં શ્રેષ્ઠ અને મુખ્ય નિમિત્તભૂત થનાર અરિહંત ભગવાનને જ ભૂલીએ, એમની સેવાને બદલે એમની અવગણના થાય એવી કાયા-માયાની ગણના રાખીએ, તો આપણે પણ કેવા નિષ્ઠુર હૈયાવાળા ગણાઈએ ?

''માટે આ હીરાના હાર ઉપર જ શું, કે બીજી સગવડ-અનુકૂળતા ઉપર શું, બધે જ અરિહંત ભગવાનના અનન્ય અચિંત્ય પ્રભાવને ઉપકારક માનવાનું ભૂલવાનું નહિ. એમનો ઉપકાર માનવાનો એટલે ખાલી સવાસલો કે વાગાડંબર નહિ, કિન્તુ મનને એમ થયા કરે કે 'એ પ્રભુના ઉપકારે તો મને આટલું બધું દીધું, હવે હું આ બધું નહિ તો થોડું તો જરૂર એ મારા નાથની સેવામાં લગાવું.

**સેવામાં નહિ લગાવું તો આ સંપત્તિ અંતે તો હાથમાંથી જવાની જ છે, પણ અહીં હાલ હાથવેંતમાં રહેલ સેવાનો લાભ મેળવવાનું રહી જશે,** કૃતજ્ઞતા અદા કરવાનું ગુમાવાશે. માટે વીતરાગની સેવા કરવાનું ન ચૂકું.

''મનને એમ થાય તો ય ઓછું છે કે આ જ હાર પ્રભુના જ ગળે પહેરાવી દઉં.''

**એમનું દીધેલું એમની શોભામાં જશે તો ખરેખર તો એ પાછું મારા આત્માની જ શોભા વધારશે, ત્યારે મારા ગળામાં ઘાલી રાખી મારી જાતને દેખીતી શોભાવવાની મૂર્ખાઈ કરીશ તો ખરેખર તો મારો આત્મા મોહ અને કર્મથી કદરૂપો થશે.**

''આપણને આપણા ક્ષુદ્ર હૈયાને લીધે લાગે છે કે 'હેં શું આટલો બધો ૧૦-૧૫ હજારનો માલ એકદમ જ દઈ દેવાય ? પરંતુ ખેર ! એટલું નહિ, તો ય રોજના ચાલુ જીવનમાં પ્રભુને આપણા દૂધ-કેશરથી પૂજા તથા વરખ-બાદલાની આંગી કરવાનું, ફળ નિવેદ ધરવાનું વગેરે તો કરી શકીએ ને ? પ્રભુએ આપણા હિત માટે ફરમાવેલ દાનાદિ-સાધના તો બને ને ?

''વાત આટલી જ છે, પ્રભુના પ્રતાપે જ મળેલી અને હજી પણ મળનાર વિશિષ્ટ પુણ્યાઈ તરફ નજર રાખી, એ અરિહંત દેવ અને એમની આજ્ઞાની તન-મન-ધનથી સેવા ખૂબ ખૂબ કરીએ. મનથી તો વારંવાર એમના ઉપકાર અને ગુણો યાદ આવી આવી હૈયું ભરાઈ જાય, હૃદય પોકારે 'પ્રભુ ! તમારો કેટકેટલો આભાર માનું ! તમારાથી જ હું ઊજળો છું, હું પગભર છું, હું સનાથ છું.' આની સાથે એમના શાસનના બધા અંગોની યથાશક્તિ સેવા બજાવવામાં જાગ્રત રહેવાનું.''

સગાને આવી શિખામણ દેવાનું ક્યારે બને ? એમની કાયા નહિ પણ એમના આત્મા ઉપર નજર રાખીએ તો જ. એમની રૂપાળી ને સેવાકારી કાયા જોઈ જોઈ એના પર રાગથી મલકાવાનું નહિ; પરંતુ એમના અનંત અનંત કાળના દુ:ખી કર્મવિડંબિત



આત્મા પર મુખ્ય દૃષ્ટિ રાખી, એ કેમ ઊંચો આવે એ ચિંતા ઊભી રાખવાની.

જો કાયા જ જોઈ જોઈ ખીલવાનું અને એની જ સુખ-સગવડની ચિંતા કરવાનું રાખ્યું તો જડ-ચેતનનો ભેદ હૈયે અંકિત નહિ થાય, જડને તુચ્છ અને ચેતનને મુખ્ય માનવાનું નહિ બને. ત્યારે જો પરના આત્માનો નહિ, તો પોતાના આત્મા માટેનો પણ ખ્યાલ ક્યાંથી રહેવાનો ? એ તો પોતાની પણ કાયા જ મનમાં આવ્યા કરવાની. એ ય જડ-ચેતનના ભેદને પ્રકાશવા ન દે.

**આ ભેદ કાંઈ જાપની વસ્તુ નથી** કે હું જડ કાયાથી ભિન્ન છું ભિન્ન છું...' એમ રટ્યા કરીએ ને ભેદ અંતરમાં ખરેખર સ્ફુરાયમાન થઈ જાય. એ માટે જડને તુચ્છ અને આત્માને મુખ્ય કરવા પડે. કાયાનાં હિતને માલ વિનાના અને આત્માના હિતને ખરા કિંમતી આદરણીય માનવા પડે, હૈયે ઠસી ગયા કરવા પડે. એ કરવા માટે

**(૧) એને અનુકૂળ સદ્‌ગુરુ સેવા, ધાર્મિક-આધ્યાત્મિક શ્રવણ-વાંચન,**

**(૨) એની વારંવાર ભાવના, અને**

**(૩) જડહિતના શક્ય અનેકવિધ ત્યાગ સહર્ષ કરવા પડે.**

**કાયા પરતંત્ર, આત્મા સ્વતંત્ર :-**

જડ અને ચેતનનો ભેદ જાણવો છે, જડ એ જડ, ચેતન એ ચેતન. ચેતનની આગળ જડ પામર છે. જડકાયાની અબૂઝતા, પર-નિયંત્રિતતા અને સડન-પડન-વિધ્વંસ્વિતા ક્યાં ? અને ચેતન આત્માની સબૂઝતા, સ્વતંત્રતા ને અવિનાશિતા ક્યાં ? નજર ક્યાં ને ક્યાં પડે છે ? અબૂઝ વિનશ્વર માટીના પૂતળા પર ?

આપણે આપણને મનથી ગળિયા, દબાયેલા અને પરાશ્રિત માનીએ એ જુદી વાત; એ તો આપણી કાયર-કંગાળ બની ગયેલ દૃષ્ટિનો દોષ છે. બાકી ખરેખર દૃષ્ટિ તો એ જોઈએ કે આપણે અનંત શક્તિના ધણી છીએ, સ્વતંત્ર છીએ અર્થાત્ દા.ત. જડ કાયા-ઈન્દ્રિયો વગેરેનું જેમ સંચાલન કરવું હોય તેમ કરી શકીએ છીએ. એ પરતંત્ર, આપણે સ્વતંત્ર. તેમ કાયા વિનશ્વર, આપણે અવિનાશી છીએ. જડ કાયામાં સડન-પડન થાય, આત્મામાં નહિ. એ તો અનંતાનંત કાળથી એ જ અસંખ્યપ્રદેશી છે તે છે જ, અને શાશ્વત કાળ માટે રહેશે.

**આમ જડ ચેતનનાં ખાતાં જુદાં છે,** ગુણધર્મો અને કાર્ય નિરનિરાળાં છે. આપણે આ બધું સમજનાર અગર સમજવા મથનાર, તે ચેતન છીએ. આપણી આગળ આપણી કાયા કોણ ? રાંકડી બિચારીનું એનું જેવું સંચાલન કરવું હોય તેવું આપણે કરી શકીએ, અલબત્ત આપણે વિકસાવેલી આપણી શક્તિના અનુસારે. પરંતુ એ સંચાલન કરી આત્માના ગુણધર્મનું ખાતું તર કરવાનું છે. એ આપણા 'સર્વ હક સ્વાધીન'નો ઉપયોગ કરીને થાય. કાયાને ભૂખી રાખવી કે ખવરાવવું

એને ઓછું ખવરાવવું કે વધું, એને એદી સુસ્ત ને સુખશીલ રાખવી કે બરાબર કામ કરતી રાખવી, એને જીવોની હિંસા-આરંભ-સમારંભાદિ કરનારી બનાવવી કે અહિંસક, નિરારંભ, એ આપણી મુન્સફીની વાત છે. આપણે સ્વતંત્ર, એ આપણને આધીન, એ વસ્તુસ્થિતિ છે. કાયાને પાપોમાં રૂલતી રાખવી કે નિષ્પાપ જીવન જીવતી કરવી એ આપણા કબજાની વસ્તુ છે. કામાંધ હોશિયાર પણ માણસ જડભરત અબૂઝ પત્નીને પરવશ પડી જાય અને એનો નચાવ્યો નાચે, એના જેવું કાયાને પરવશ પડી જવાનું છે. કારણ માત્ર એ આપણને તુચ્છ સુખ દેખાડે છે માટે ને ? એવા આપણે સુખના લાલચુ કે આપણું સ્વાતંત્ર્ય અને દીર્ઘ હિત ભૂલી કાયા-ઇન્દ્રિયોના નચાવ્યા નાચીએ ? એ તો આપણી ભ્રાન્ત દૃષ્ટિના કારણે છે. બાકી ખરી રીતે આપણે એને નચાવી શકીએ છીએ, અહિતના માર્ગ બંધ કરી હિતના માર્ગે જોડી શકીએ છીએ. કાયાના કષ્ટનો વિચાર ન કરતાં આપણાં હિતનો વિચાર કરીએ, એટલી જ જરૂર છે. જડ-ચેતનનો ભેદ હૈયે વસાવી દેવો જોઈએ.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ"** **વર્ષ-૧૩,અંક-૧૫,તા.૨-૧-૧૯૬૫**

**ભેદ જ્ઞાનમાં પહેલું જરૂરી :-**

એ વસાવવા માટે કેવળ ચેતન પક્ષે જીવન જીવનાર મુનિમહાત્માનો સંસર્ગ-પરિચય-સેવા પહેલી જરૂરી છે. એમનાં દર્શનમાત્રે એમનાં આત્મહિતકારી અને કાયા પર અંકુશવાળા ત્યાગમય નિષ્પાપ જીવનનું પ્રતિબિંબ આપણા મન પર પડે છે. દેખાય છે કે આપણા જ જેવા બે હાથ, બે પગ મોં-માથાવાળા આ ભવ્યાત્મા કાયાને પોતાની શુભ ઇચ્છાનુસાર દોરી રહ્યા છે, ત્યારે હું કાયાનો દોરવાયો દોરવાઉં છું. એ નિષ્પાપ જીવન, સજ્ઞાન જીવન, શાંતિમય જીવન જીવી રહ્યા છે, હું કાયામાં મુંઝાયેલો પાપભર્યું અજ્ઞાન અશાંતિભર્યું જીવન જીવી રહ્યો છું ! કેવો એ જડચેતનના ભેદ પરખી ચેતનપક્ષે જીવનને જીવનારા ! અને હું એ ભેદ નહિ સમજનારો કેવો જડ-ચેતનનો શંભુમેળો કરી જડ કાયાને જ મારી જાત માનનારો મૂરખો ! કેવો કાયાના જ પક્ષે જીવન જીવનારો અબૂઝ પામર !'

**શ્રવણ-વાંચનમાં ફેર :-**

સાધુસમાગમે આ ભાન જાગે છે; એટલે એમના પર ઓવારી જઈ એમનો વિનય, નમસ્કાર, સેવા-ભક્તિ અને એમની પાસેથી આત્મહિતનું શ્રવણ કરવાનું બને છે. વિનયપૂર્વક લીધેલી વિદ્યા ફળે છે, તેમ જ મુખના હાવભાવ અને બોલવાના અમુક અમુક (accent) ઓછા વધતા ભાર સાથેના શબ્દોચ્ચારણની



શ્રોતા પર ઘેરી અસર પડે છે. એટલે શ્રવણ એ શ્રવણ અને વાંચન એ વાંચન. વાંચનમાં આ લાભ ન મળે. છતાં જ્યાં શ્રવણ ન મળે ત્યાં તેમ જ શ્રવણ મળ્યા પર એને તાજું રાખવું જ છે ત્યાં પણ ધાર્મિક-આધ્યાત્મિક વાંચન ઉપયોગી બને છે. પણ વાંચન આ હો; કે જેમાં આત્મહિતની જ વસ્તુ આલેખેલી હોય, મહાપુરુષોનાં ચરિત્ર, જીવ-અજીવ આદિ તત્ત્વ, સમ્યગ્દર્શનાદિ મોક્ષમાર્ગ, માર્ગાનુસારી, આદિધાર્મિક, સમકિતી, શ્રાવક, સાધુ વગેરેનાં આચાર-અનુષ્ઠાન, આને લગતાં શાસ્ત્રનું વાંચન જોઈએ.

રોજ ને રોજ વંચાયા કરવાથી તેમજ મુનિઓનાં મુખે સંભળાયા કરવાથી આત્માનો ખ્યાલ બહુ આવ્યા કરે; અને એ જ જડ-ચેતનના ભેદજ્ઞાનની દિશા ખૂલી કહેવાય. 'જડ-ચેતન જુદા છે જુદા,' એટલી રટણા-માત્રથી કંઈ ન વળે.

**ભેદજ્ઞાનમાં શું શું બને :-**

ભેદજ્ઞાન તો એવું હોય કે જેમાં આત્મા તરફનો પક્ષપાત વધે, આત્મહિતની જ મુખ્ય ચિંતા જાગે, દેહ અને દેહને લગતી વસ્તુ પરની આસ્થા, રાગ મમત્વ વગેરે ઓછાં થાય. જીવન દેહની જળોજથામાં વેડફાઈ જતું દેખાય, હૈયે એની ભારે બળતરા થયા કરે, એ બરબાદી અટકાવવા ચારે બાજુથી શક્ય આત્મહિતની પ્રવૃત્તિઓ ચાલુ રહે. પાપના સતત ભય અને પરલોકના નિરંતર વિચાર રહે, પરમાત્મા અને ગુરુનો અપાર ઉપકાર યાદ આવ્યા કરે, જીવો પ્રત્યે દયાની જ લાગણી વહે...આ બધાં ભેદજ્ઞાનનાં લક્ષણ છે. ધાર્મિક-આધ્યાત્મિક શ્રવણ-વાંચન સતત રાખવાથી આ આવે.

**પ્ર.**- શ્રવણ-વાંચન તો કરીએ છીએ છતાં કેમ આ સ્ફૂર્તિ નથી આવતી ?

**ઉ.**- એનું કારણ એ ઉપરાંત ભાવનાનો વ્યવસાય જોરદાર નથી એ છે. ભેદજ્ઞાનનાં ત્રણ સાધનમાં એ બીજા નંબરનું સાધન કહેલું જ છે.

**ભાવના એ ધર્મસગાઈ, ગુણોપાર્જન અને દોષનિવારણ માટે અનિવાર્ય અતિ આવશ્યક સાધન છે.** એકવાર ગમે તેવું સારું શ્રવણ-વાંચન કર્યું કે વિચાર્યું પરંતુ એની પાછળ વારંવાર ભાવના ન કરાય તો એ હવામાં ઊડી જાય. ભાવનાનો અભ્યાસ રાખવા પર સંસ્કાર દૃઢ થાય છે. પૈસા કેમ કિંમતી લાગ્યા છે ? એની વાત કેમ મુખ્ય રહે છે ? ભણતા હતા ત્યારથી પૈસાનાં મહત્ત્વના વિચાર બહુ કરેલા માટે. ભણતરની વાતવાતમાં એને અગત્ય આપેલી. એનું જ નામ ભાવના. એથી સંસ્કાર દૃઢ થતાં જ ગયા, અને એ પૈસાએ આજે જીવનમાં એક પ્રધાન સ્થાન જમાવી દીધું. એમ ધર્મને જીવનમાં એક પ્રધાન સ્થાન આપી દેવું હોય, જડ-ચેતનના ભેદજ્ઞાનને સક્રિય બનાવવું હોય, તો આત્મા અને આત્મહિતને ઉદ્દેશીને વિચારો વારંવાર આવે,

સાંભળેલું-વાંચેલું વારંવાર યાદ કર્યા કરીએ, એના પર જગતની દુઃખદ કર્મવિડંબિત ઘટનાઓ લઈ ચિંતન કરીએ, અનિત્ય-અશરણ વગેરે જે ભાવના લાગુ થાય તેનો વિચાર કરીએ. આવું બધું થયા કરે તો ભાવના કરી ગણાય; એનું સુસંસ્કરણ થયા કરે, એ જીવનમાં નવી નવી સ્ફૂર્તિ લાવે. 'ભાવના ભવનાશિની !, ભાવના તો આત્મા પરના સંસારનો નાશ કરનારી છે, ભવ પાર કરાવનારી છે. એ આટલા જ માટે કે ભવના કારણભૂત રાગદ્વેષાદિનો એ નાશ કરે છે.

**પાતંજલ યોગદર્શનકાર** પણ કહે છે કે પ્રતિપક્ષની ભાવનાથી રાગાદિદોષોના સંસ્કાર નાશ પામતા આવે છે. પ્રતિપક્ષ એટલે વિપક્ષ, વિરોધી. રાગનો વિરોધી વૈરાગ્ય, દ્વેષનો વિરોધી ઉપશમ, કામનો પ્રતિપક્ષ બ્રહ્મચર્ય, ક્રોધનો વિપક્ષ ક્ષમા...ઇત્યાદિ. એ વૈરાગ્યાદિની વારંવાર ભાવના કરો, વિચાર કરો, હૃદયને એથી ભાવિત કરતા ચાલો, એટલે રાગાદિ સંસ્કારો ઘસાતા આવે, અને વૈરાગ્યાદિના સુસંસ્કાર જામવા માંડે. એની પરાકાષ્ઠાએ વીતરાગતા આવે.

**સાંભળીને ગયા પછી અસર કેમ નહિ ? :-**

આવો મહાલાભ કરાવનારી ભાવનાની કેવી સુંદર તક અહીં મળી છે ! ખર્ચ પાઈનો નહિ. મહેનત જરા હાથ ઊંચો કરવાની પણ નહિ. બસ મનને એમાં પરોવવાનું. માનવમનની કિંમત આના અંગે છે. ઠેઠ વીતરાગતાની પરાકાષ્ઠાએ પહોંચાડે એવી ભાવના કરી શકવા યોગ્ય મન માત્ર માનવ અવતારે મળે છે.

**આપણને મળેલી આવા વિશિષ્ટ મનની બક્ષિસની કદર કરીએ તો એમાં કચરા-ભૂંસા ઘાલવાનું દિલ જ ન થાય;** બને તેટલી શુભ ભાવના જ મનમાં રમાડ્યા કરીએ; જરા સારું શ્રવણ મળ્યું યા વાંચન કર્યું, કે તરત એ ભાવનામાં દાખલ કરી દેવાય. પછી સાંભળેલું-વાંચેલું ભૂલાય શાનું ? એ તો વારંવારની ભાવના-વિચારણાથી નજર સામે તરવરતું થઈ જાય. આ જો કરવું નથી તો પછી બૂમ માર્યા કરીએ કે અહીંથી ઊઠીને ગયા પછી અસર ભૂંસાઈ જાય છે, એનો કોઈ અર્થ નથી. અસર ન ભૂંસાય એનો ઉપાય કરવો જોઈએ. ઉપાય આ, કે ભાવના શરૂ કરી દો.

**ભાવના કેવી કરવી ?** જડ-ચેતનના ભેદ હૈયે અંકિત કરવા છે, તો એનું સાંભળેલું-વાંચેલું ભાવનામાં ઉતારી દેવું જોઈએ. મુખ્ય આત્મદૃષ્ટિ રાખીને મહાપુરુષોએ કરેલ સાધનાના પુરુષાર્થ-પરાક્રમ પર આપણા દિલમાં વારંવાર ભાવના ઊઠ્યા કરે. દા.ત. મનને એમ થાય કે 'મહાવીર પ્રભુ અને ધન્નો, શાલિભદ્ર, ધનાજી, મેઘકુમાર વગેરેએ મહાસુકોમળ શરીર છતાં કેવી ઉગ્ર તપસ્યાઓ કરી ! કેવા ઉગ્ર પરિસહો વેઠ્યા ! કાયાને કેવી એમાં રગડી !' પછી એમના એકેક



સાધના-પ્રસંગ પર ભાવના કરવામાં આવે. જડ કાયાથી ચેતન આત્મા જુદો છે એ વાત, એ મહાપુરુષોએ કાયાને તુચ્છ ગણી આત્મા ખાતર એને કચરવાનું જીવન બનાવ્યું ! એના પરથી આપણા મનમાં એ વાત ઠસતી જાય. આ ઠસે એ ભેદજ્ઞાન. એની ભાવના વારંવાર કરવાથી એ શક્ય બને છે.

**માંદો સાજાને આશ્વાસન આપે :-**

જીવનભર એ કર્યા કરીને જડ-ચેતનના ભેદજ્ઞાનને અસ્થિ-મજ્જા કર્યું હોય, પછી મૃત્યુકાળે આ કાયા અને એના સાંયોગિક પદાર્થો છૂટવાની તૈયારીમાં છે, છતાં આપણે નિર્ભય હોઈએ. અસાધ્ય રોગમાં પણ બીજાઓ આપણને શું આશ્વાસન આપતા હતા, આપણે એમને તાત્ત્વિક આશ્વાસન આપીએ, એવું આપીએ કે 'અસાધ્ય રોગ એ તો એક નિર્ધારિત હકીકત છે. એમાં રોવું શું ? શા સારું વળી મનોદુઃખ વધારવું ? મનનું સુખ ગુમાવવું એ મૂર્ખાઈ છે. વળી મૃત્યુ પણ શોક કરવા જેવી વસ્તુ નથી. માત્ર, કાયાની ઝૂંપડી ઊભી છે ત્યાં સુધી ધર્મરત્નો કમાઈ લેવાનું કરવાનું છે. કાયા પડવા જાય છે કે રત્નો સમાલી લઈ ખુશખુશાલ પરલોક ચાલ્યા જઈએ.'

**પાંચ વરસનાં પ્રમુખપદમાં શું કરવાનું ? :-**

પેલો પાંચ વરસના પટ્ટાના પ્રમુખપણાનો દાખલો યાદ છે ને ? દરદીને જોઈ ડોક્ટર સગાંઓને કહે છે 'હવે આ બચે એમ નથી, સાંજ કાઢે તો ભાગ્યશાળી.'

ત્યારે દરદી પ્રસન્નતાથી કહે છે 'ના ડોક્ટર ! સાંજ નહિ; ૨ કલાક ૨૨ મિનિટ.'

ડોક્ટર ચોંકી ઊઠે છે, 'અરે ! આટલી બધી નિર્ભયતાથી આવા અવસરે રહી શકો છો ?'

એટલે એણે પાંચ વરસના પ્રમુખનો દાખલો આપ્યો. પાંચ વર્ષ પછી જ્યાં નિર્જન દ્વીપમાં ધકેલાઈ જવાનું છે ત્યાં અહીં પ્રમુખ બનતાં જ લશ્કર મોકલી ધીકતા વેપારની નગરી વસાવી દીધી ! પોતાનું સામ્રાજ્ય ઊભું કરી દીધું ! પછી ત્યાં ધકેલાઈ જતાં શો ખેદ ? એમ,

**અહીં જન્મ્યા ત્યારથી અજાણ્યા દ્વીપ જેવા પરલોકને સદ્ધર બનાવવાની જ** પેરવી શરૂ કરી દીધી, પુણ્ય-શક્તિઓરૂપી નાણું એ માટે જ ભરચક્ર ખર્ચ્યે રાખ્યું, પછી મૃત્યુ વખતે શો ડર ? શો ખેદ ? બસ એક જ ધૂન, શરીર મળ્યું છે તો કરો ભરપૂર ત્યાગ, તપસ્યા, સેવા વગેરે; વચનશક્તિ મળી છે, તો કરો પ્રભુગુણગાન-શાસ્ત્રાધ્યયન-ધર્મવાર્તા; મન મળેલું છે, કરો ઉત્તમ ભાવનાઓ, નવકારસ્મરણ; હૃદય મળેલું છે તો ભાવો નકરી જીવદયા, હૃદયમાં વસાવો અર્હત્પ્રેમ, વ્રતનિયમ;

પૈસા મળ્યા છે કરો દાન, સાતક્ષેત્રે ભક્તિ;...' જીવનભર આવી ને આવી ધૂન મચાવી હોય, પછી મૃત્યુ વખતે નિર્ભય.

દરદીએ ડોક્ટરને એ જ કહ્યું કે 'મેં પરમેષ્ઠિ-નમસ્કાર વગેરેની આરાધના એવી કરી છે કે હું મૃત્યુ સામે નિર્ભય છું, સ્વસ્થ છું.' આ સ્વસ્થતાના બળે એને કોઈ એવી સ્ફુરણા થઈ ગઈ કે મૃત્યુ સમય વર્તાઈ ગયો, તે ડાક્ટરે જોતો રહ્યો ને બરાબર કહેલા સમયે આનંદપૂર્વક નવકાર સ્મરતાં પ્રાણ છોડ્યા.

**સુરતના એક મંદિરના વહીવટદાર લલ્લુભાઈ** એવા પાપભીરુ અને પ્રામાણિક કે દેવદ્રવ્યની કોથળીમાં રોકડો રૂપિયો નાખીને પરચુરણ સોળ આના લેવાની વાત નહિ ! પછી પોતાની સ્વાર્થ-સગવડ માટે 'હમણાં પાંચ રૂપિયા આમાંથી લઉં છું, પછી આમાં નાખી દઈશ' એવું કરવાની તો વાતે ય શી ?

સારા ગણાતા શ્રાવક પણ જો આ મર્યાદાને ચુસ્ત ન વળગી રહ્યા અને ધર્મખાતાની સિલકમાં ઘાલમેલ કરી, પછી ભલેને મનમાં એમ પણ રાખ્યું કે આને બજારું વ્યાજ કરતાં અધિક વ્યાજે પાછા વાળીશ, તો પણ ભૂલી ગયા, ધર્મદ્રવ્યનો નાશ કરવાના ઘોર પાપમાં પડવું પડ્યું. ત્યારે શ્રાદ્ધવિધિ, દ્રવ્યસપ્તતિકા, દર્શનશુદ્ધિ, ઉપદેશપદ વગેરે શાસ્ત્રો જુઓ તો ખબર પડે કે દેવદ્રવ્યની જરાક ઘાલમેલમાં પણ કેટલા ભયંકર ભવોમાં દુઃખથી રિબાવું પડે છે !

એક શ્રાવકે મંદિર-નિર્માણનો વહીવટ કરતાં મજૂરોને રોજી થાય તે રોકડી ન આપતાં પોતાની દુકાનેથી એનો માલ આપવામાં નફો ખાધો. તે કેટલો ? માત્ર ૮૦ કાકિણીનો નફો ! એને ભવાંતરે એ ધર્મદ્રવ્યના ભક્ષણનું પાપ ભયંકર નડ્યું. તમને લાગશે કે આમાં ક્યાં એણે દેવદ્રવ્ય ખાધું ? પણ અંતરની પરિણતિનો વિચાર કરો કે એની પરિણતિ કેવી હતી ?

**ધર્મદ્રવ્યમાંથી નફો લેવાની બુદ્ધિ કેવી ? :-**

એ જાણતો હતો કે 'આ દેવદ્રવ્ય છે. મજૂરોને રોકડું આપીશ તો મને શું મળે ? માટે માલ આપું તો મને પણ લાભ થાય,' આવી લેશ્યાથી એ ધંધો ચલાવ્યો. એનો અર્થ જ એ કે ધર્મદ્રવ્ય ખાવાની બુદ્ધિ થઈ. ત્યારે આજે એવી વસ્તુનો વેપાર કરનારે વિચાર કરવા જેવો છે કે આ વસ્તુનાં વેચાણનાં નાણાં ક્યાંથી આવવાનાં છે ? જો ધરાર પોતાને ખબર છે કે દેવદ્રવ્યમાંથી મંદિરનાં નિર્માણ કે જીર્ણોદ્ધાર યા રંગરોગાનનો સામાન સામો ખરીદે છે, કેશર-સુખડ-વરખ ખરીદે છે, જ્ઞાનદ્રવ્યમાંથી પુસ્તકપાનું ખરીદે છે, સાધારણ દ્રવ્યમાંથી ચીજવસ્તુની ખરીદી કરે છે, આવી જો ખબર છે, અને છતાં પોતાના માલના નફામાં એવું નાણું સ્વીકારી લે છે, તો એનો અર્થ જ એ, કે ધર્મદ્રવ્યમાંથી પોતાને લાભ લેવાનું મન થયું.



**જેને અર્પવાનું એનું લેવાનું ? :-**

વિચારવા જેવું છે કે જે ધર્મક્ષેત્ર-ધર્મખાતાને ચરણે તો આપણું દ્રવ્ય સમર્પી કંઈક કૃતાર્થ થવાનું હોય, કેમકે આપણને મળેલું છે તે ધર્મના અંગોનો ઉપકાર છે. એની તો કૃતજ્ઞતા અદા કરવાની હોય. વળી જીવનમાં ચાલી રહેલા સ્વાર્થ અને કુટુંબાદિ મોહમાયાનાં પોષણનાં ભરપૂર દુષ્કૃત્યના મારની સામે દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્રની ભક્તિમાં ખરચી સુકૃતરૂપી રક્ષણ ઊભું કરવાનું હોય. એના બદલે ઊલટું એ તારક ઉપકારક દેવ-ગુરુ-ધર્મ-શાસ્ત્રનું ખાવાનું મન થાય એ કેટલી કનિષ્ઠ-પાપિષ્ઠ અધમાધમ બુદ્ધિ !

**ધર્મખાતાનું ખાવાની લેશ્યા પરલોકમાં દુઃખદ :-**

આ ધર્મખાતાનું ખુશમિશાલ ખાવાની લેશ્યા એ એટલો બધો ભયંકર સંસ્કાર આત્મામાં નાખે છે, એના એવો ઊંડો પાયો રોપાય છે, કે અહીં અને પરલોકમાં તો વિશેષરૂપે બીજા અનેક પાપોની વૃત્તિઓ તરવરતી રહે છે. એ કુસંસ્કાર ભૂલાવો-ભૂંસાવો મુશ્કેલ બની જાય છે. ભવોના ભવો કર્મના માર ખાય પછી એ મોળો પડવા જેવો થાય. આમાંથી બચે. ટૂંકે પતે, જલ્દી ઊંચો આવે, એટલો કોક જૂજ અપવાદ; બાકી પ્રાયઃ દીર્ઘ દુર્ગતિ-ભ્રમણ !

**પાપમાં ધીટતા ભયંકર :-**

ધર્મનું નાણું કેટલું ખાધું એ પ્રશ્ન કરતાં એની પાછળ કામ કરી રહેલી લેશ્યા, આત્મપરિણતિ, ધૃષ્ટતા-નિષ્ઠુરતાનું મહત્ત્વ છે. ચક્રવર્તી દીક્ષા લઈ સ્વર્ગે કે મોક્ષે જાય છે ! કેમ વારુ ? હૃદયમાં થોડા પણ પાપની ધીટતા નહિ, નઠોરતા નહિ. એક ભિખારી ભીખ માગવાના ચપ્પણિયા પર નરકે જઈ શકે છે, કેમ એમ ? નાના પણ પાપની નિષ્ઠુરતાને લીધે, રૌદ્ર ધ્યાનને લીધે, નરકગતિ ય સુલભ બને છે.

માટે જ જીવન જીવતાં આ ખૂબ ખ્યાલમાં રાખો કે કષાય, નિષ્ઠુર બુદ્ધિ, કઠોર લેશ્યા, ધીટ પરિણામ ન થાય. પાપ ભલે કદાચ નાનું દેખાતું હશે, પણ આ નિષ્ઠુર-રૌદ્ર પરિણામ એને મહાપાપ બનાવી દેશે. જાણી જોઈને ધર્મદ્રવ્ય-ખાવાની બુદ્ધિ એવી લેશ્યા ઘડે છે. મનને એમ થવું જોઈએ કે 'શ્રાવકના અવતારે આવી આજીવિકા કમાઈ પેટ ભરવા કરતાં પાપી પેટ વોસિરાવવું સારું, અર્થાત્ ભૂખે મરવું બહેતર ! મજૂરી કરું, પણ ધર્મદ્રવ્યની એક રાતી પાઈ ન ખાઉં. મજુરી પણ ધર્મખાતાનાં નાણાં મળે એવી નહિ, જેમાં એવી પાપિષ્ઠ બુદ્ધિ જાગવા સંભવ રહે કે 'વધુ મળે તો સારું.' આ જીવન તો આમ પૂરું થઈ જશે, પણ આ પાપથી દુઃખમય ભવોમાં ભટકવું પડશે !' મનને આવી ભાવના જાગ્રત જોઈએ જેથી ક્યારે ય ક્યાંય લેશ પણ ધર્મદ્રવ્ય ખાવાનું મન ન થાય.

પેલા લલ્લુભાઈ શ્રાવક ખૂબ શ્રદ્ધાળુ, ખૂબ ચોક્કસ, તે ધર્મદ્રવ્યનો અણીશુદ્ધ

વહીવટ કરતા. સાથે શ્રાવક-જીવનને શોભાવે એવી દેવભક્તિ-ગુરુભક્તિ-વ્રતનિયમ-સામાયિક વગેરે પ્રવૃત્તિને પણ જીવનમાં પ્રધાન સ્થાન આપતા. 'પ્રધાન' સમજો ને ? સાંસારિક પ્રવૃત્તિમાં આઘું પાછું થાય તો ચાલે, પણ ધર્મ-પ્રવૃત્તિને તો બરાબર સાચવવાની. વર્ષોના આવા ધર્મપ્રધાન જીવનનું પરિણામ એ આવ્યું કે જીવનના છેલ્લા દિવસે સવારે ઊઠીને કુટુંબને કહી દીધું કે 'જુઓ આજે હું જવાનો છું. મારું આયુષ્ય પૂરું થાય છે. પણ તમે ચિંતા ન કરશો.'

શું કુટુંબને આ સાંભળીને અવિશ્વાસ ન આવે ? કે આઘાત ન થાય ?

ના, બેમાંથી એકે ય નહિ; કેમકે

**અવિશ્વાસ એટલા માટે નહિ કે** જીવન જ એવું જીવેલા કે જૂઠા કે મફતિયા બોલ યા આવેશના બોલ કાઢવાની કુટેવ જ નહિ, જે બોલવાનું તે સાચું ઉપયોગી અને સ્વસ્થતાભર્યું જ બોલવાનું. એટલે કુટુંબ પર એની સુંદર છાયા, તેથી આજે જ્યારે આમ બોલે છે તો જરૂર એની પાછળ તથ્યાંશ છે એવો કુટુંબને વિશ્વાસ.

**માણસ પોતાના બોલને વજનદાર કેમ નથી બનાવી શકતો ? વિશ્વાસપાત્ર કેમ નથી કરી શકતો ?**

આટલા જ કારણે, કે

(૧) કાં તો જૂઠું બોલવાની કુટેવ છે,

(૨) અગર બિન જરૂરી નિરુપયોગી બહુ બોલ-બોલ કરવાની કુટેવ છે.

(૩) અથવા કેટલીક વાર આવેશના બોલ બોલી કાઢે છે, પછી ભલે પસ્તાતો હોય.

આવું બોલવામાં ભલે તાત્કાલિક આનંદ કે ક્ષુદ્ર લાભ દેખાતો હોય પરંતુ વચનનું વજન ગુમાવવામાં કિંમત ઘટે છે અને નુકશાન મોટું થાય છે, માટે,

બોલવું તે (૧) સાચું જ બોલવું, (૨) ઉપયોગી જ બોલવું, અને

(૩) આવેશમાં આવ્યા વિના મુલાયમ ભાષાએ બોલવું, પણ સામાનું હૈયું ભાંગી નાખે એવી કર્કશ ભાષામાં નહિ.

આ ત્રણેય મુદ્દા બહુ સાચવવા જેવા છે, મહાન લાભ કરનારા છે. એટલું ધ્યાનમાં રહે કે,

**વચનયોગમાં બે ખાસિયત છે,**

(૧) એક તો એ પ્રાયઃ હૈયાની વૃત્તિ અનુસાર કરાય છે એ સૌ સમજે છે. તેથી તો આપણાં વચન પરથી એ આપણા હૃદયનો ભાવ કલ્પી લે છે. આવેશનું બોલીએ તો સામો માને છે કે એ આપણા હૈયામાં ગુસ્સો છે; અને મુલાયમ બોલ કાઢીએ તો આપણી શાંતતા-સ્વસ્થતા સમજે છે; અલબત્ત હૈયામાં ગુસ્સો હોય



છતાં માયાવી બહારથી મીઠું બોલે છે, પરંતુ એનો એ અર્થ નથી કે આપણે હૈયામાં આવેશ હોય તો તડ ને ફડ સુણાવી દેવું. એકાદિ વાર દિલમાં ગુસ્સો આવી પણ ગયો, છતાં સામાને કષાય-અસદ્ભાવાદિ ન થાઓ એવી ભાવ દયાથી પ્રેરાઈને પણ ભાષા મુલાયમ બોલવી જરૂરી છે. આમાં સામાની ભાવદયાનો આશય શુદ્ધ છે તેથી માયા ન કહેવાય. વસ્તુનું માપ એના પરિણામ પરથી મપાય છે. એટલા માટે તો,

**સાચું પણ પણ તે છે કે જે સામાના અને આપણા હિતમાં હોય.** પાપનો ઉપદેશ, આરંભ-સમારંભનો ઉપદેશ, એ દેખીતો સાચો હોય છતાં વાસ્તવિક સ્થિતિએ સત્ય નથી. પારધી કે કસાઈને પશુનું સાચું સ્થાન કહી દેવું એ શું સત્ય વચન છે ? ના, જરાય નહિ, એ તો ઘોર મૃષા કહેવાય. એમ બીજાને હિંસા કરવા કહેવું, અગર એવું કહેવું કે જેના નિમિત્તે પેલો સીધો હિંસા કરવા જાય, એમ જૂઠ બોલવાનું કહેવું, ક્રોધ-માન વગેરે કષાય કરવાની સલાહ આપવી, આ બધું કાંઈ સત્ય વચનમાં ન આવે. નિષ્પાપ સાચું એ સાચું. એમ શુભ આશયનું મુલાયમ વચન એ માયા વિનાનું જ ગણાય.

ત્યારે ઉપયોગી જ બોલવું, બિનજરૂરી એક પણ ઉદ્ગાર ન કાઢવો એમાં પણ લાભ અનુપમ. બહુ બોલબોલ કરવામાં તો જૂઠ આવતાં વાર નથી લાગતી. જેને અસત્યનો ડર છે, અસત્યથી બચવું છે, એણે બોલવા પર પાકો અંકુશ રાખવો જ જોઈએ. બોલવું તે વિચારીને કે આ નિશ્ચિત સાચું જ છે ને ? તેમજ જોખીને બોલ કાઢવા. પરિમિત બોલવું, કે જેથી અજાણ્યે પણ જૂઠ ન આવી જાય.

**બહુ બોલવાનાં ૪ કારણ :-**

બાકી બહુ બોલનાર લોકમાં પણ સારા પ્રૌઢમાં નથી ગણાતા. બિનજરૂરી બક્યે રાખે એ પોતાની કિંમત ઓછી કરે છે. 'બહુ બોલે એ તણખલાને તોલે' કહેવત છે ને ? (૧) હૃદય છીંછરું, (૨) તુચ્છ આનંદમાં રાચનારું, (૩) શંકા-અવિશ્વાસ ભર્યું, અને (૪) આપબડાઈથી ભરેલું હોય, ત્યારે બોલ બોલ કરવાનું થાય છે. એ આપણા વચનયોગ પર આપણાં હૃદયનું આ માપ નીકળે છે. માણસને કાં તો પોતાની બડાઈ દેખાડવી હોય કે બીજાની ઈર્ષ્યા-અસૂયા હોય ત્યારે બહુ બોલવાની જરૂર પડે છે. એ બધા દોષોથી બચવું હોય તો પહેલો વચનયોગ કાબૂમાં લેવો જોઈએ.

**(૨) વચનયોગની બીજી ખાસિયત** આ છે કે એ હૃદયમાં નવી શુભ કે અશુભ વૃત્તિ ઘડે છે. હૈયામાં કદાચ સારા ભાવ ન પણ હોય છતાં જો બોલવાનું સારું રખાય તો એથી સારા ભાવ જાગવાને અવકાશ રહે છે.

મંદિરમાં અનુભવ છે કે સારું ભાવવાહી સ્તવન બોલતાં બોલતાં દિલમાં સંવેગ-વૈરાગ્ય-પ્રભુ ભક્તિનો ઉલ્લાસ જાગે છે ! શું થયું એ ? શુભ વચનયોગથી શુભ વૃત્તિ જાગી.

**એમ, કોઈની આગળ સારી ધર્મકથા** કરતા હો, મહાપુરુષનું ચરિત્ર કહેતા હો, તો એથી પણ દિલમાં સારાં ભાવ જાગવાનું બને છે. સાચી સલાહ આપતા હોઈએ, તો ય એવું થાય છે. બીજાના ગુણની અનુમોદના કરતા હોઈએ, ત્યાં પણ શુભભાવ જાગે છે, અરે, અંતરમાં ગુસ્સો આવ્યો છે પણ પ્રેમભર્યા શબ્દોથી શિખામણ આપતા જો સામો પીગળી જાય તો આપણો ગુસ્સો શાંત થઈ વાત્સલ્ય ઊભરાય છે.

**સારા-નરસા વચનયોગ :-**

આથી ઊલટું વિકથા, કૂથલી, પરનિંદા, આત્મ-શ્લાઘા, પાપોપદેશ, આવેશના બોલ, અર્થ-કામકથા, વગેરે અશુભ વચનયોગમાં પડતાં હૈયાના ભાવ વધુ બગડે છે. માટે જીવન સુધારવા, અનાદિના કુસંસ્કાર સુધારવા. અને ચીકણા કર્મબંધથી બચવા. ધર્મકથા-સચ્ચરિત્ પ્રસંગ પર ગુણાનુમોદના-સ્વદોષ નિંદા-ધર્મ-સલાહ-હિતોપદેશ-પ્રભુ ગુણગાન-સારાં સ્તવન-સજ્ઝાય-સ્તોત્ર વગેરેના શુભ વચનયોગનો જ ખપ કરવો જરૂરી છે.

પેલા સુશ્રાવક લલ્લુભાઈ કહે છે 'આજ મારું જીવન પૂરું થાય છે,' એ વચન પર કુટુંબીઓ અવિશ્વાસ નથી કરતા, કેમકે એમની જીવનસરણી સાચી, ઉપયોગી અને મુલાયમ વાણી પર ચાલી છે. ત્યારે બીજો પ્રશ્ન એ થયો કે તો પણ કુટુંબને આઘાત ન લાગે ?

લાગે તો ખરો, પણ એટલો નહિ. એનું કારણ; શ્રાવકજી પોતે જ એ આગાહી કહેવા સાથે જ કુટુંબને કહે છે,

**શ્રાવકનું અંતકાળ પર ભાષણઃ જન્મ એ મહાન ગુનો :-**

"જુઓ, આ વસ્તુ પર જરાય દુઃખ લગાડતા નહિ. જન્મ્યા પછી મૃત્યુ થાય એ તો કુદરતી ઘટના છે. બજારમાં ગયા પછી સાંજ પડ્યે પાછું જવાનું હોય છે, એમાં રોજ કોણ દુઃખ કરવા બેસે છે કે આ પાછું ક્યાં જવાનું આવ્યું ? એ તો રોજની ઘટમાળ, બજારમાં ગયે રાખ્યું ને પાછા ફર્યે ગયા. એમ અહીં પણ અનંત અનંત કાળ વીત્યો, જનમ પામતા જ ગયા, અને મરતા ગયા. ત્યાં મરવાનો ખેદ શો ? ખેદ થાય તો હજી જનમવાનો થવો જોઈએ, કે 'આ મારે કેમ જનમ લેવો પડ્યો કે જે એક મોટા ગુનારૂપ બની ઠેઠ મૃત્યુના દંડની સજા આપે છે !' આ ખેદ હોય તો જેમ મરવાના ભયવાળા કેઈ જાતની દવાઓ ખાય છે, એમ જનમ રોકાય એવી ઊંચી સત્ સાધનામાં જોડાઈ જવાય.



**બીજાનું મૃત્યુ જોતાં પોતાની મૃત્યુ દશા ચિંતવો :-**

મારા મૃત્યુ પર શોક જરીકે કરતા નહિ; પોતાની મૃત્યુવશ દશા વિચારજો, જેથી કાળ કોળિયો કરી જાય તે પહેલાં શક્ય એટલો ધર્મ સાધી લેવા, રાગદ્વેષાદિ કષાયો ખરેખરા મંદ કરી નાખ્યા, અને ભાવિ જનમના સારા જીવન માટે અહીં સારું સંસ્કરણ કરી લેવા નિરંતર ગરજ રખાય. પ્રયત્ન પુરુષાર્થ કરાય. મૃત્યુ પહેલાં જ શક્ય છે ને આ ? કે મૃત્યુ પછી ? જો મૃત્યુ નિર્ધારિત આવવાનું જ છે, તે પણ નોટિસ વિના અણધારી જ ક્ષણે, તો પછી ધર્મ સેવવાનું કોના વાયદે રખાય ? એ તો જેટલો રોકડો કરી લીધો એટલા ફાવ્યા. જીવન એવું સારું જીવાશે તો મૃત્યુ આવી લાગતાં કોઈ જ શોક નહિ થાય, આનંદપૂર્વક સમાધિ જાળવીને મૃત્યુ પામી શકાશે.

**મૃત્યુ એટલે જૂનાં કપડાં છોડવાનાં :-**

માટે મારી તમને ખાસ ભલામણ છે કે મારા મૃત્યુ પર તમારા આત્માનો ખાસ વિચાર કરી શક્ય વધુ ધર્મ-સુકૃત સાધી લેવાનો પુરુષાર્થ ધખાવજો. અને મૃત્યુ તો એક જૂના કપડાં ઉતારી નવાં કપડાં પહેરી લેવાના પ્રસંગમાત્ર સમજજો.

**સગાં એટલે જંક્શનની ગાડીઓ :-**

આપણા સંબંધ તૂટવા પર બહુ ચિંતામાં પડવા જેવું નથી. આ વિશાળ જગતમાં ઠામ ઠામ ભટકાતા જીવને વળી સંબધોની શી નવાઈ છે ? કેઈ સાંધ્યા ને કેઈ તોડ્યા. આ તો અહીં જંક્શન સ્ટેશને આપણી ગાડીઓ મળ્યા જેવું છે. મૃત્યુ બાદ દરેક દરેકની ગાડી એની એની દિશામાં ચાલી જવાની છે. **'જેવી કરણી તેવી પાર ઊતરણી'** થવાની. માટે સંબંધમાં મૂંઝાયા કરતાં સારી કરણીની જ ચિંતા નિરંતર રાખવી જોઈએ, શક્ય પુરુષાર્થ કરી લેવો જરૂરી છે.

**અરિહંતની પાકી હૂંફ :-**

ત્યારે, મારા માટે તો કોઈ ફિકર કરતા નહિ. ભગવાનનો ધર્મ સાધ્યો છે, એ ભાતું સાથે હોય પછી ચિંતા શી ? ભગવાન અરિહંતદેવ હૈયામાં સ્થિર કરી દીધા પછી તો પાકી હૂંફ મળે છે. એમના બળે જગ જીતી જઈએ છીએ. માટે આજે બધા વિશેષ ધર્મધ્યાનમાં રહેજો...'

**કેવું મૃત્યુ પામવું ? :-**

લલ્લુભાઈ શ્રાવકે માથા પર મૃત્યુનો જાણે કોઈ જ ભાર નહિ એ રીતે શાંતિથી સમજાવ્યું. હવે કુટંબને બહુ આઘાત શાનો લગાડવાનો હોય ? શ્રાવકપણાની નિત્ય કરણી ઉપરાંત મંદિર અને એના દ્રવ્યની ભર-ભલામણ કરી દીધી, સામાયિક નવકાર-સ્મરણ, તત્ત્વચિંતન વગેરેમાં દિવસ પસાર થયો. સાંજ પડી ગયે સામાયિકમાં

બેઠા અને એમાં જ અવસર આવ્યો જાણી બધું વોસિરાવ્યું, બધાને ક્ષમાપના કરી, પરમેષ્ઠિનાં ધ્યાનમાં દેહ છોડી ગયા. કોઈ હાય નહિ, વોય નહિ, ચિત્તની અસમાધિ-અસ્વસ્થતા નહિ, સમાધિ-મરણનો વિજયડંકો વગાડી દીધો.

શ્રાવકનાં મૃત્યુ કેવાં થાય ? જડસંયોગોને કોડીના ગણી આત્મા-પરમાત્માના જ વિચારમાં રમતાં રમતાં અંતકાળને ભેટે. 'હાય ? જિંદગી ગુમાવી ? કશું સાધ્યું નહિ !' એવા માત્ર રોદણાં નહિ, કિન્તુ દેવ-ગુરુ-ધર્મ મળ્યાની પાકી અનુમોદના-આશ્વાસન સાથે,

**'દેવ-ગુરુ મારા દિલમાં છે ને, કોઈ ફિકર રાખેલી નથી.'**

શ્રાવકપણાનું જીવન જ એવું હોય કે મૃત્યુનો કોઈ ભય નહિ. મરવા પડેલા એને બીજા શું આશ્વાસન આપતા હતા ? એ પોતે બીજાને આશ્વાસન આપે. પેલો હિરણ્યકરટી નગરીનો રાજા તો ભયનો માર્યો ભાગી ગયો, કેમકે દુશ્મનસેના અચાનક ઘૂસી આવી. પરંતુ સંન્યાસીના કપડે આવેલો પરદેશી રાજકુમાર શું કરે છે ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૩,અંક-૧૬,તા.૯-૧-૧૯૬૫**

અહીં મહાવીર ભગવાન ગૌતમસ્વામીને કહે છે, 'હે ગૌતમ ! એ રાજકુમાર વિચાર કરે છે કે આ રાજા તો ભાગી ગયો, પણ મારાથી એમ કેમ ભાગી જવાય ? અમારી કુળપરંપરાથી એ વિરુદ્ધ છે. તેમ મારાથી મારકૂટ કરતાં ય કેમ નીકળી જવાય, કેમકે મારે પહેલા વ્રતમાં સ્થૂલ પ્રાણાતિપાતનો ત્યાગ છે, અને જીવની હિંસા કરવી એ ઉચિત પણ નથી. તો મારે શું કરવું ?'

રાજકુમાર વિચારમાં પડ્યો, સામે 'હણ હણ'ના ભયંકર નાદ ગાજે છે, એવા કે ભલભલાના છક્કા છૂટી જાય ! જુઓ રાજા પણ ભાગ્યો ને ? છતાં આ રાજકુમાર આવા જીવન-મરણના પ્રસંગ વખતે પણ પોતાના કુળની ખાનદાની યાદ કરે છે.

**શાસ્ત્રકારોએ સુકુળ જન્મને પણ એક ગુણ ગણ્યો છે,** અને એનું સમર્થન કરતાં કહે છે કે સારા કુળમાં જન્મ પામ્યાનો માથે ભાર હોય તો અવસરે અપકૃત્યથી બચી જવાય છે. મનને એમ થાય કે 'આવા ઉત્તમ કુળમાં જન્મેલો હું આ અપકૃત્ય કરું ? એથી તો મારા કુળને કલંક લગાડનારો થાઉં, બહેતર છે કે દુન્યવી મોટો લાભ અને યાવત્ પ્રાણનો પણ ત્યાગ કરું; કિન્તુ કુળને કલંક તો ન જ લગાડું, કેમ કે દુન્યવી લાભ તો ચંચળ છે. માત્ર આ જીવનનો જ પ્રશ્ન છે, ત્યારે અકૃત્ય-નિવારણની સુકુળ પરંપરાની રક્ષાનું સુકૃત અમર છે. અને પ્રાણ તે વળી શી ચીજ છે ? એકવાર મરવાનું તો છે જ. એના ડરથી કલંકિત કૃત્યનું આચરણ ભવની



પરંપરા બગાડી નાખે.' આ સમજથી જે સુકુળજન્મ પર અપકૃત્યથી બચાય એને ગુણ કેમ ન કહેવાય ? આપણે આપણા આ ગુણની કદર કરીએ, અનુમોદના કરીએ તો આપણામાં એવું જોમ આવે કે હલકા બોલ, અધમ કૃત્ય અને કચરાપટ્ટી વિચારોથી બચી જઈએ. દિલને એમ થાય કે 'હેં ? મને તે આ મનુષ્ય ભવમાં આવું સુંદર કુળ મળ્યું ? તો જરૂર હું એને બટ્ટો ન લગાડું.' માટે જ રાજકુમાર એમ જ ભાગી જવા તૈયાર નથી.

ત્યારે શું, લડતાં લડતાં અને મારતાં મારતાં નીકળી જવું ? ના, પહેલું વ્રત ભાંગે અને કોઈને જરા પણ દુઃખ ન અપાય, તો હિંસા તો કેમ જ થાય ?

**દયાભાવ કેમ દુર્લભ બન્યો છે ? :-**

કેટલાય કટોકટીના મામલામાં પણ રાજકુમારની વિચારસરણી અને હૃદય કેવાં વિવેક અને જાગૃતિભર્યાં છે એ જોવા જેવું છે. લડવાની તાકાત છે, આવડત છે, પણ લડવું નથી. કેમકે એમાં તો દુશ્મનના ઘાથી માત્ર બચવાનું જ કરાય એમ નહિ, કિન્તુ એના પર ઘા કરવાનું ય બને. પરંતુ કોઈ પણ જીવને કેમ મરાય ? આ સંકોચ રાજકુમારને છે. વગર યુદ્ધે, વગર આવા વિષમ પ્રસંગે, ચાલુ જીવનમાંય જો આ અહિંસક ભાવ અને જીવો પ્રત્યે દયાભાવ ન પળાય તો પછી તેવા વિષમ પ્રસંગમાં તો એ ક્યાંથી જાળવી શકાવાનો ? જરાક કોક વાંકું બોલ્યું-ચાલ્યું કે ઝટ એના દિલને આઘાત પહોંચે એવા આવેશ દેખાડાય છે, મર્મવચન બોલાય છે, પણ,

**એ બિચારો કર્મપીડિત છે, એની કષાયથી કતલ થઈ રહી છે. તો એને વધારે કષાય કરાવવાની ક્રૂરતા હું કાં કરું ?'**

એવી દયાની લાગણી સ્ફુરતી નથી. આપણને જરાક-શા અનિષ્ટમાં આ નહિ, તો મોટા ભારે અનિષ્ટમાં તો નીતરતા દયાભાવને સ્થાન જ ક્યાં ? એનું સ્વપ્નુંય શાનું ?

સ્વપ્નમાં પણ 'જેવા સામે તેવા' થવાની જ વાત ! આવેશ-મારકૂટ-દબડાવવાની જ સ્વપ્ન-સૃષ્ટિ !

એમ આરંભ-સમારંભ કરી જલસા ઉડાવવાનો યા ઘરસંસાર મસ્ત ચલાવવાનો જ રસ રહે, પણ એમાં થતાં પૃથ્વીકાયાદિ અસંખ્ય જીવોના સંહારનો વિચાર પણ નહિ, એ જીવો પ્રત્યે દયાભાવ નહિ.

એમ, વેપાર-રોજગારીમાં બીજા વેપારીઓ-દલાલો પોક મૂકે, નહાઈ નાખે, એનો વિચાર જ ન હોય.

રોજિંદા સંસાર-વ્યવહારમાં યેનકેન પ્રકારે પોતાનો જ એકડો ઘૂંટવાનો અને તેથી સામાના દિલને આઘાત પહોંચે એની પરવા જ નહિ કરવાનો આગ્રહ હોય,

એવા દિલમાં જીવદયાનું વહેણ ક્યાંથી વહેતું હોય ? જરાકશું કોઈથી પોતાનું વાંકું થતું દેખાયું, કે પોતાના સ્વાર્થને અગવડરૂપ લાગ્યું કે ઝટ દિલમાં એના પ્રત્યે દ્વેષની લાગણી ઊભરાવવા જોઈતી હોય, કૂતરું ઘરમાં પેઠું કે દ્વેષ, રાતના ભસતું હોય કે દ્વેષ, છોકરો કે નોકર જરા ભૂલ્યા કે દ્વેષ, ઘરમાં કીડીઓ નીકળી કે દ્વેષ, મોંઢા પર માખીઓ ફરી ફરી આવી કે દ્વેષ, આમ નજીવી બાબતોમાં પણ જ્યાં ને ત્યાં હાલતાં ચાલતાં દ્વેષ કરવા જોઈતો હોય, ત્યાં દયાની લાગણીનો અભ્યાસ ક્યાંથી પડવાનો ?

દયાનો અભ્યાસ તો જ પડે કે જો તેવા તેવા પ્રસંગમાં કોમળ ભીના હૃદયે વિચાર આવે. કે,

**દયાની વિવિધ ભાવના :-**

''બિચારો જીવ કર્મપીડિત, તે ભૂલે છે ! એના પર દ્વેષની આગ વરસાવનારા તો અનેકાનેક છે પણ દયાનાં અમૃત આશ્વાસન કોણ આપે ? મને વિશ્વદયાળુ વીતરાગ ભગવાનનું શાસન અને એમની ઓથ મળી છે, તો મારું કર્તવ્ય માત્ર દયા જ વહેવડાવવાનું છે. ભલે મારો જરા સ્વાર્થ બગડતો હોય, પણ તે મારા અશુભ કર્મનો હિસાબ છે, સામો જીવ તો શુદ્ધ દયાનું પાત્ર છે. એવા જીવ પર પણ જો દયા જ કરવાની હોય, દ્વેષ નહિ, તો મારા ઉપકારીઓ, મારા પૂજ્ય, અને ગુણિયલ આત્માઓ પ્રત્યે તો દ્વેષ કરાય જ કેમ ? ત્યાં તો હૃદયનાં ભક્તિ-બહુમાન-પ્રેમ જ વહે.

**માનવ જીવનના આ મોંઘેરા કાળમાં એ દયા-ભક્તિ-પ્રેમનો જેટલો અભ્યાસ વધશે એ જ અહીં પાછલી વયમાં, અંતકાળે અને પરલોકમાં સુંદર જવાબ આપશે;** એના પર જ બીજા ગુણોનો સંચય થશે; અનંતા હલકા ભવોનાં પરિભ્રમણ બાદ માંડ મળેલા આ માનવભવની સાર્થક્તા થશે.

''બાકી દ્વેષની આગો સળગાવ્યા કરવાથી તો વાઘ-વરુના અવતારના જ અભ્યાસ દૃઢ થશે. માનવભવે આ કરું ? નહિ, જરાય નહિ, બધું વેઠી લઈશ, પણ જીવો પ્રત્યે દ્વેષ ન જ ખપે, દયા જ ખપે.

મારા વહાલા વીર ભગવાને જ્યારે છ છ માસ સુધી ભયંકર ઉપસર્ગની ઝડીઓ વરસાવનાર સંગમ દેવતા ઉપર પણ હૃદયમાં એટલી બધી દયા ઊભરાવી કે આંખ આંસુથી ભીની થઈ ગઈ, તો મેં એ પ્રભુને માથે નાથ તરીકે ધર્યા પછી તો કમમાં કમ મામૂલી પ્રસંગોમાં તો જીવો પર મારે દયાનો અખંડ સ્રોત વહેતો રાખવો જ જોઈએ.

''વળી તીર્થંકર ભગવાને તો ઠેઠ પૃથ્વીકાય-અપકાય વગેરે જીવોની પણ ઓળખ આપી છે. તે પણ એકેક કણ, એકેક ટીપામાં અસંખ્ય જીવો ! એની



દયાનો ભાવ પણ વારંવાર વિચારું. ઘર-સંસારના પ્રસંગોમાં એ જીવોની વિરાધના કરવા-કરાવવાનું આવે ત્યાં મનમાં એ ભાવું કે 'અરે ! આ મારી કેવી મોહમાયા કે આ મારા નિરપરાધી જીવોનો મારે કચ્ચરઘાણ કરવો પડે છે ! ક્યારે એ બધાને મારા તરફથી સંપૂર્ણ અભયદાન દઈ દઉં ! હિંસામય ઘરવાસ મૂકી અહિંસા-સંયમ-તપના મુનિમાર્ગે લાગી જાઉં ! બિચારા આ જીવો મારાથી કેટલી ક્રૂર પીડા પામી રહ્યા છે ! આ દયાનો ભાવ વારંવાર લાવ્યા કરું, જેથી નાના-મોટા જીવો પ્રત્યે સહેજે દયાભાવ જાગતો રહે.

''કર્મની વિટંબણા ભોગવતા જીવમાત્ર દયાપાત્ર છે. કદાચ કોઈ જીવે મારો અપરાધ કર્યો તો એને બિચારાને તેમાંય એના પૂર્વ કર્મની વિટંબણા છે ! અને અસદ્ આચરણથી એ બિચારો નવી કર્મવિટંબણાની તૈયારી કરી રહ્યો છે ! આમ કર્મનો માર ખાઈ રહેલ એના પર મારે દ્વેષ શો કરવો ? ઊલટું દયા જ ચિંતવવી જોઈએ કે બિચારો કર્મવિટંબણાથી મુકાઓ, ને મારા દ્વેષ આદિ નિમિત્ત પામી અધિક કર્મબંધનમાં ન પડો...''

**કોરી ફરિયાદ નકામી :-**

આવી દયાની ભાવના વારંવાર કરતા રહેવાય તો અવસરે તેવા પ્રસંગમાં દયાભાવ આવીને ઊભો રહે. વારંવાર આ ભાવના કરતા રહેવું નથી, ને ફરિયાદ કરવી છે કે પ્રસંગ બનતાં કેમ અમને આવેશ આવી જાય છે, એ કેમ ચાલે ? ફરિયાદ ટાળવાનો ઉપાય કરવો નથી ને ફરિયાદનું રોદણું મરતાં સુધી ચલાવવું છે એથી શું વળશે ? પરલોકમાં કેવા સંસ્કારની ફોજ લઈને જવાનું થશે ? પહેલો ઉપાય આ જ કરવો જોઈએ કે દયાની ભાવના દિલમાં સતત ચાલ્યા કરે, શું સ્થાવર જીવ કે શું ત્રસ. બધાની ઉપર દયાનું વહેણ વહેતું રહે. આરંભ-સમારંભ ધંધાધાપાના કાળે તો ખરું જ, પણ તે વિના પણ ખરું. અનંતા ભવો દ્વેષની આગો સળગાવ્યા કરી છે તે શું નાયગ્રાના ધોધની જેમ સતત દયાભાવનાના ધોધ વરસાવ્યા વિના જ બુઝાઈ જશે ?

**દયાભાવનો આલંબનભૂત શ્લોક :-**

નાના મોટા જીવો પ્રત્યે દિલમાં વારંવારની ભાવના દ્વારા દયાનો ધોધ વરસતો રાખવાની બલિહારી છે. દિલ એથી એટલું બધું સ્વચ્છ અને ફોરું રહે છે કે વાત-વાતમાં દ્વેષ-અરુચિ-અભિમાન વગેરે કેટલાય દોષના કચરા દેખાતા નથી, જાણે અડતા જ નથી. ભાવના સુકાઈ જાય તો દયાની ઝરણીય ટકવી મુશ્કેલ ! અલોપ સમજો, આ ભાવના ઉલ્લસતી રાખવા માટે શાસ્ત્રે સારાં આલંબન આપેલાં છે એનો ઉપયોગ કરતા રહેવું જોઈએ. દા.ત. આ એક ગાથા,

**'સવ્વે જીવા કમ્મવસ ચઉદહ રાજ ભમંત;**

**તે મે સવ્વ ખમાવિયા, મુજ્ઝ વિ તેહ ખમંત.'**

**ક્ષમાપના :-** આનો ભાવ એ છે કે 'સઘળા જીવો બિચારા કર્મને પરાધીન રહ્યા ચૌદ રાજલોકમાં ભટકે છે; એમાં એ મારા વડે પણ વિરાધના-દુઃખ પામ્યા છે, તેથી હું તેઓનો અપરાધી હોઈ તેમને ખમાવું છું, તેમની ક્ષમા માગું છું, અને તે પણ મને ક્ષમા આપો.'

આ ભાવનાને પહોળી કરીએ એટલે વિચારી શકાય કે 'અનંતાનંત ભૂતકાળમાં વ્યવહાર-રાશિમાં રહેલા બધા જીવોને આપણા સ્વાર્થના રસમાં રહેંસી નાખ્યા છે, હિંસા હિંસા પહોંચાડી છે. અરે હિંસા કરતાં પોતાના હૈયાંને તો ક્રૂર બનાવ્યું. પણ એ જીવોને બિચારાને ય અપરંપાર ચિત્તક્લેશ-સંક્લેશ કરાવી તીવ્ર નરકાદિયોગ્ય કર્મ બંધાવ્યા છે. કઈ દશા એની કરી ? અહીં તો આપણી હિંસક પ્રવૃત્તિથી એને કારમી રિબામણ ખરી જ, પરંતુ પછી આગળ વળી એ ચિત્તસંક્લેશથી બંધાયેલા કર્મને લીધે નરકાદિ ગતિઓના ભયંકર ત્રાસ ! આ બધામાં પહેલું નિમિત્ત મારી હિંસક પ્રવૃત્તિ. એમ બીજાઓને કષાય રાગ-દ્વેષ-મોહ, કામ-ક્રોધ-લોભ, ભય-હર્ષ-ઉદ્વેગ વગેરે જગાવીને પણ એની બિચારાની પરલોકમાં એવી જ દુઃખમય સ્થિતિ કરી ! આ મારા અપરાધ જેવા તેવા છે ? મેં એમને શત્રુ થઈને, કે દુનિયાના સ્વાર્થી મોહાંધ સગાસ્નેહી બનીને, યા એમની પ્રત્યે શત્રુ-મિત્રતાના કોઈ ભાવ વિના તુચ્છ જડસ્વાર્થમાં એમના જીવત્વ તરફ બેદરકાર બનીને બહુ દુઃખ આપ્યાં છે; તો હવે મારા એ ઘોર અપરાધની હું ક્ષમા યાચું છું. ખમો, ખમો, હે જીવબંધુઓ ! મારો અપરાધ ખમો, મને ક્ષમા આપો, મારાં એ દુષ્કૃત્ય મિથ્યા થાઓ, મિચ્છા મિ દુક્કડં. મને એ દુષ્કૃત્યની અને દુષ્કૃત્ય કરનાર મારાં આત્માની બહુ ઘૃણા-જુગુપ્સા થાય છે. કેવો હું મૂઢ-અબૂજ-અધમ, કે જે પીડાનો લેશ પણ મને ન ગમે એવી પીડાના મોટા પોટલા મેં બીજા જીવોને પહોંચાડ્યા ! મારા જીવની જેમ જીવમાત્ર સુખના જ ચાહક છે, દુઃખ તો લેશ પણ ગમતું નથી. એમનાં જીવવા વગેરેનાં સુખનો નાશ કરી ઠેઠ મૃત્યુ સુધીનાં કે હૃદયમર્મવેધી તીક્ષ્ણ શબ્દ બાણનાં દુઃખ પમાડનાર હું કેવો ક્રૂર-ઘાતકી-નિર્દય ! હવે તો હું ખમાવું છું, ક્ષમા યાચું છું. સૌ મારા મિત્ર છે, સૌની પ્રત્યે મારે મિત્રતા છે, કોઈના ય પ્રત્યે વૈર-વિરોધ નહિ. મારા મિત્ર એવા એમનું ભલું થાઓ.'

**સાચી મૈત્રી કેમ આવે ? :-**

આવી આવી ભાવના ઉલ્લસતી રહેવી જોઈએ. કઠોર હૈયાંને કૂણું કરવું છે ? જાતની શેખાઈ ઘમંડ અને સ્વાર્થ-પટુતાની અધમાધમ લાગણી વોસિરાવવી



છે ? તો દયાની ભરપૂર ભાવના ભાવ્યે જ છૂટકો છે. એવી ભાવના ભાવતાં ભાવતાં જ સંસાર-બંધનના યોગે જ્યાં આરંભાદિ પ્રવૃત્તિમાં બીજા જીવને દુઃખ પહોંચાડવાનું બનતું હશે ત્યાં દિલમાં એનો કાળો કકળાટ રહેશે, અને એ જીવો પ્રત્યે દયાભાવની આર્દ્રતા ઊઠવા પામશે, ત્યાં સાચો મૈત્રીભાવ આવશે.

બાકી જેને જેને આપણે સાક્ષાત્ કે આડકતરી રીતે દુઃખ પહોંચાડીએ છીએ, એની ક્ષમાપનાનો ભાવ જ હૈયામાં ન આવે, હૈયું એ વિરાધનાનો ખેદ ન અનુભવે, અરે ! વિરાધના કરવા પૂર્વે એ કરવી પડશે એની ગ્લાનિ ન અનુભવે અને ભાવના કરાય કે સર્વ જીવોનું ભલું થાઓ, સૌ સુખી થાઓ, એનો અર્થ શો ? દયાભાવ વિનાની મૈત્રી ભાવના એ તો એક વાણીના વિલાસ જેવું થાય છે, બિચારા બૌદ્ધ ધર્મવાળા આવી આભાસરૂપ મૈત્રી ભાવનામાં અટવાઈ રહે છે. વિશ્વનું હિત થાઓ, સૌ સુખી થાઓ એમ બોલવાનું ખરું, પરંતુ પોતાના સ્વાર્થભોગમાં જેનો કચ્ચરઘાણ કાઢી રહ્યો છે, એવા એકેન્દ્રિય શું, પંચોન્દ્રય જીવોની દયાનો ભાવ પણ એને ક્યાં છે ?

**આંધળું અનુકરણ :-**

**પ્ર.-** પણ બૌદ્ધોને એકેન્દ્રિય જીવોની તો ઓળખ જ નથી ને ?

**ઉ.-** તો એને બચાવ મળશે ? અને જેને ઓળખ છે એ પણ શું પેલાની માફક માત્ર 'સૌનું ભલું થાઓ' એવી રટણા કરતો જ બેસી રહે ? કે પહેલાં તો જેને દંડી રહ્યો છે ખાસ પોતે એને મરણાંત કષ્ટ આપી રહ્યો છે, એનો ખેદ પશ્ચાત્તાપ કરે ? એ કશું કર્યા વિના મૈત્રીની ભાવના દેખાડે એ તો જાણે બૌદ્ધોનું એક આંધળું અનુકરણ કરવા જેવું થાય છે.

જૈન શાસન 'ખામેમિ સવ્વ જીવે' પહેલું આગળ કરે છે. સંસારમાં ભમતા ભમતાં જે હિંસાઓ કરી બીજાને દુઃખ દીધાં છે, એ દુષ્કૃત્યનો સંતાપ-પશ્ચાત્તાપ તો પહેલો લાવવો જોઈએ, વિનમ્ર બની એ જીવોની ક્ષમાયાચના પહેલી કરવી જોઈએ. દુષ્કૃતગર્હા એ તો ભવસ્થિતિ પકવવા માટે પહેલાં જરૂરી ત્રણ સાધન. ચાર શરણ-સ્વીકાર, દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદનમાંનું એક છે. વિરાધેલા જીવો અને વર્તમાનમાં હજી પણ વિરાધાઈ રહેલા જીવો પ્રત્યે દિલમાં નીતરતો દયાભાવ ન ઊઠે, ન વહે ત્યાં સુધી એનું શું ભલું ઈચ્છ્યું ગણાય ? કોઈ જીવ બહારના બીજાથી પીડાઈ રહ્યો હોય તો એની એ પીડા અટકાવવાનું કરાય, એ ન બની શકે તો ય કમમાં કમ એની એ પીડા પ્રત્યે દિલમાં આર્દ્રતા તો આવવી જ જોઈએ; તો પછી જેને આપણે પોતે જ પીડા આપી છે, શું એના પ્રત્યે આપણું દિલ ભીનું ન થાય ? એ થયા વિના આપણે એનું ભલું ચાહનારા બની શકીએ ?

**'ખામેમિ' ના પાયા પર 'મિત્તી મે' :-**

વિવેક કરવાની જરૂર છે. સર્વજ્ઞના શાસનની આરાધનાઓ અને અજ્ઞાનીઓનાં દર્શનોમાં બતાવેલી આરાધનાઓ વચ્ચેનાં આકાશ-પાતાલીય અંતર તપાસવાની જરૂર છે. જીવોની વિસ્તૃત ઓળખાણ ક્યાં છે અને ક્યાં નથી ? જીવની પરિણતિ ક્યાં શુદ્ધ થાય છે, ક્યાં ચોર બને છે ? ક્યાં મૂળ પાયા પર વિકસે છે, ને ક્યાં પાયા વિના એમ જ આંધળા અનુકરણમાં ઘસડાય છે ? એની ઓળખ કરવા જેવી છે. નહિતર ઠગાવાનું થશે, **'ખામેમિ સવ્વ જીવે'** નો પાયો નાખીને **'મિત્તી મે સવ્વ ભૂએસુ'** નું ચણતર કરવાનું જિન શાસનમાં કહેવામાં આવે છે. કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજ પણ **'ક્ષમયામિ સર્વાન્ સત્ત્વાન્'**-સર્વ જીવોને હું ખમાવું છું 'કહીને પછી 'મૈત્રી મે સર્વભૂતેષુ' સર્વ જીવો ઉપર મારે મૈત્રી હો' એમ કહે છે. આ મૈત્રી ભાવમાં પણ મુખ્ય ઉપશમભાવ છે. આવશ્યક ચૂર્ણીકાર **'મિત્તી મે સવ્વભૂએસુ'**ની વ્યાખ્યા કરતાં **'મિત્તી'નો અર્થ ઉપશમ ભાવ કરે છે.** અર્થાત્ ચિત્તમાં સર્વ જીવો પ્રત્યેનો વૈર-વિરોધ-ઈર્ષ્યા વગેરે કષાયભાવ શાંત થઈ જાઓ એ ભાવના છે.

ઉપશમભાવ લાવવા માટે જીવો પ્રત્યે સ્નેહભાવ લાવવાનો એ પણ મૈત્રીભાવ છે. ઉપશમ અને સ્નેહ પહેલા જરૂરી છે. એ હશે તો પછી જ્યાં આપણા સ્વાર્થના કામમાં બીજાને દુઃખ પહોંચે છે ત્યાં એ જીવો પરના સ્નેહ અને ઉપશમ ભાવને લીધે એ જીવોને દુઃખ દેતાં હૈયું થડકશે, ખેદ થશે, 'ક્યાં હું બધાનું ભલું ઇચ્છનારો આ જીવોની વિરાધના કરી રહ્યો છું !' કલેજુ કંપશે, ચિત્ત પીગળશે. આ કશું લાવવું કરવું નથી પછી 'સૌનું ભલું થાઓ' એવી રટણા કેટલી કારગત થઈ શકે ? પોપટ પાઠ જેવું થાય ને ?

**મૈત્રીભાવ સાથે ભરપૂર હિંસા કેમ ? :-**

બૌદ્ધ ધર્મવાળા એકેન્દ્રિય જીવોને નથી ઓળખતા, એથી એની દયાનો વિચાર ન આવે, પણ વિકલેન્દ્રિય જીવજંતુ અને પંચેદ્રિય જીવનું તો ભાન એમને છે ને ? છતાં કેમ એમનામાં એ જીવોની છૂટથી હિંસા અને માંસાહાર ચાલે છે ? સર્વ જીવોની મૈત્રીભાવના કરી સૌનું ભલું ઇચ્છનારા શા માટે એમનું આટલું બધું ભૂંડું કરી રહ્યા છે ? એના જવાબમાં કહેવું જ પડશે કે મૈત્રીનો મુખ્ય ભાવ જીવો પ્રત્યે પોતાનાથી થતા અને થયેલા અપરાધ બદલ ક્ષમાયાચના-પૂર્વક ઉપશમભાવ અને સ્નેહભાવ જે જાગતો કરવો જોઈએ તે એ સમજતા નથી, અને માત્ર ઉપર-ઉપરથી 'સર્વ સુખી થાઓ સૌનું ભલું થાઓ,' એટલી જ મૈત્રી ભાવના સમજે છે. શું વીતરાગ અરિહંત પરમાત્માનું શાસન પામેલા પણ આ જ સ્થિતિમાં હોય ?

**જૈન શાસ્ત્રવચનો શું કહે છે ? :-**



**'ઉવસમ સારં ખુ સામણ્ણં' ધમ્મસ્સ...ઉવસમ-પભવસ્સ'** 'સવ્વે જીવા કમ્મવસ ચઉદહ રાજ ભમંત; તે મે સવ્વ ખમાવિયા...' 'ઓહેણ વા સવ્વ જીવેસુ... જં કિંચિ વિતહમાયરિયં...મિચ્છા મિ દુક્કડં' -આવા બધાં શાસ્ત્ર વચનો જૈન ધર્મમાં મુખ્યતા ઉપશમની, સર્વ જીવોને ખમાવવાની અને જીવહિંસાનાં દુષ્કૃત્યના પશ્ચાત્તાપની સૂચવે છે. પાયામાં એ મૈત્રીભાવ ન હોય અને ખાલી સૌનું ભલું થાઓ એવી મૈત્રી ભાવના બોલવાની હોય તો સ્વાર્થ માટેની જીવહિંસા ખુશમિશાલ ચાલુ રહેશે અને 'સૌનું ભલું થાઓ' રટાતું રહેશે. બૌદ્ધોની એ દશા છે. શું જૈનો પાસે મૂળભૂત પાયાની ચીજ નથી તે એમ જ બૌદ્ધોનું અજ્ઞાન અનુકરણ અને રટણ કર્યા કરે ?

પાયામાં સ્વકૃત જીવહિંસાનો પશ્ચાત્તાપ અને જીવો પ્રત્યે દયા જોઈશે. એના પર જ સાચો મૈત્રીભાવ પ્રગટી શકશે. દુઃખીના દુઃખ જોઈ હૈયું પીગળે નહિ, એમાંય પોતે દીધેલા દુઃખ માટે સંતાપ-પશ્ચાત્તાપ થાય નહિ, ત્યાં હૃદય કઠોર છે, કોમળ નહિ; અને કાંઈ પણ ગુણ પ્રગટવાની ભૂમિકારૂપ કોમળ હૃદયના અભાવે એમાં ગુણો શી રીતે વસી શકે ? તેમ, વારંવાર આ દયાની ભાવના કર્યા વિના પ્રસંગે પ્રસંગે દયાની લાગણી શી રીતે પ્રગટે ? આ સ્થિતિ ન હોવાના લીધે જ, પોતાનો સ્વાર્થ ઘવાયો લાગતાં કે પોતાના મન-વિરુદ્ધ બન્યું દેખતાં, ઝટ બીજા પર દ્વેષ ઊભરાઈ આવે છે. દિવસમાં કોણ જાણે કેટલીય વાર આ દ્વેષ થયા કરતો હશે ? ત્યાં દયાને ક્યાં જગા રહે ? માટે જો પાયાની દયાનો ખપ હોય, તો વારંવાર પૂર્વે બતાવ્યા પ્રમાણે જીવહિંસાનો પશ્ચાત્તાપ અને દયાની ભાવના વારંવાર કરવી જોઈએ.

પેલો રાજકુમાર હિરણ્યકરટી નગરના ઉપર દુશ્મનની ફોજ તૂટી પડવા પ્રસંગે રાજાના ભાગી જવા છતાં પોતે હિંમતથી ઊભો છે. નગર બહાર જવું છે ખરું, પરંતુ કોઈને ય માર્યા વિના; વગર લડાઈએ સીધા નગર વચ્ચેથી ચાલીને જવું છે. એટલે એને વિચાર આવે છે કે 'અહિંસા ધર્મને સમજનાર એવા મારે કોઈને પ્રહાર કરવો નથી, તો શું કરવું ? શું ત્યારે હું સાગાર અનશન જ કરી લઉં ?'

પાપનો ભીરુ છે અને પાપ વિનાનો માર્ગ કાઢવો છે, તેથી ચારે આહારનો ત્યાગ કરીને ત્યાં જ ઊભા રહી જવાનો વિચાર કરે છે. પરંતુ આ અનશન શરતીય, શરત આ કે જ્યાં સુધી પ્રસ્તુત ઉપદ્રવમાંથી મુક્ત ન થવાય ત્યાં સુધી અનશન. ઉપદ્રવમાં કાળ કરી જાય કે ઉપદ્રવથી મુક્ત થાય એટલે અનશન પૂર્ણ. હવે અહીં સામે ભય તો મોટો છે, કદાચ મૃત્યુ પણ થઈ જાય, એટલે સમજીને જ ચાલવું પડે કે મરણે ય આવી જાય, તો મૃત્યુ અનશનમાં થાય એ ઉત્તમ મરણ

કહેવાય. અલબત્ત ચિત્તની સમાધિ જાળવવી પડે. પણ પુદ્ગલની મમતા પ્રતિજ્ઞા સાથે છોડી એટલે સમાધિને સારો અવકાશ મળ્યો. મમતા ઊભી રાખી હોય તો સમાધિ મુશ્કેલ પડે. માટે તો સાગાર અનશન કરીને નાવમાં બેસવાની વિધિ બાંધી. કેમ વારું ? નથી ને કદાચ અચાનક નાવ ઊથલી પડીને મૃત્યુ સામે આવીને ઊભું તો અનશનમાં જ મરવાનું થાય.

**સાગાર અનશન :-**

શ્રાવકે પણ અંત વખતે આ ધ્યાન રાખવાનું છે કે સાગાર અનશન ઉચ્ચરી લેવાય. પછી ભલે અહીં જીવતાં કલાક માટે, અગર પથારીમાંથી બેઠો ન થાઉં ત્યાં સુધી...' ઇત્યાદિ કોઈ રૂપે અનશન કરાય. અનશનનો મહિમા ઘણો છે. મહાત્માઓ ઉપસર્ગ આવી લાગતા, પહેલું કામ અનશનનું કરે છે. કેમ કે એમાં સદ્ગતિનું પ્રયાણ નક્કી થાય છે. વિચારજો સદ્ગતિને સુલભ કરી આપે એવા અનશનનો પ્રભાવ કેટલો ? આ જો ધ્યાનમાં રહે તો જૈનશાસને જ ખાસ બતાવેલ આ જરૂર કરાય કે મુટ્ઠિસહિયં પચ્ચક્ખાણનો રોજિંદો પ્રયોગ જીવનમાં ચાલુ જ રહે. એમાં ત્યાગનું કષ્ટ કેટલું ? કશું ય નહિ. જ્યારે તમે ખાતાં-પીતાં નથી એટલો સમય એમ ને એમ જવા દેવાને બદલે મુટ્ઠિસહિયં પચ્ચક્ખાણમાં પસાર થવા દેવાનો. કરવાનું શું ? ખાઈ પી લીધું એટલે તરત 'મુટ્ઠિસહિયં પચ્ચકખામિ અન્નત્થણાભોગેણં સહસાગારેણં મહત્તારાગરેણં સવ્વ સમાહિ-વત્તિયાગારેણં વોસિરામિ' અર્થાત્ મુઠ્ઠી વાળીને નવકાર ન ગણું ત્યાં સુધી મારે આ પચ્ચક્ખાણ કે અશન-પાન-ખાદિમ-સ્વાદિમને વોસિરાવું છું એટલે કે મોંમાં ન ઘાલું; સિવાય કે અનાભોગ (અજાણપણું) સહસાકાર, અતિમોટું કારણ, અને સર્વ સમાધિના નિમિત્તે મોંમાં પડવાનું બને; આવું પચ્ચક્ખાણ કરવાનું. પચ્ચક્ખાણ બોલતાં ન આવડે ત્યાં સુધી 'મારે મુટ્ઠિસહિયં પચ્ચક્ખાણ' એમ હાથ જોડીને ધારી શકાય.

બસ, હવે પચ્ચક્ખાણમાં આવ્યા એટલે મહાન કર્મ-નિર્જરા અને પુણ્યો-પાર્જનનો પ્રવાહ ચાલુ થયો. કેવી સુંદર સાધના ? હાથ જોડ્યા કે કાર્ય ચાલુ થઈ ગયું. આવા મુટ્ઠિસહિયં પચ્ચકખાણમાં શું કાંઈ બહુ મોટો ત્યાગ કરવાનો છે કે ન બને ? જ્યારે પાછું ખાવું કે પીવું હોય ત્યારે મુઠ્ઠીવાળીને નવકાર ગણી પચ્ચક્ખાણ પારી શકાય છે. એમાં સમયનું માપ નથી કે એ પચ્ચકખાણ કર્યા પછી કલાકે જ વપરાય પહેલાં નહિ, ના એવું કશું જ નહિ. જ્યારે ઇચ્છા થાય ત્યારે પારી શકાય છે, માટે આને **'સંકેત'** પચ્ચક્ખાણ કહે છે. નવકારશી-પોરિસી વગેરેને **'અદ્ધા'** પચ્ચક્ખાણ કહેવાય. અદ્ધા એટલે કાળ. આમાં કાળમાન છે; મુટ્ઠિસહિયં વગેરેમાં નહિ. છ કલાક સુધી ન પારો તો છએ કલાક પચ્ચક્ખાણમાં એટલે કે અનશનમાં ગણાઓ. કાંઈ



કઠિન ત્યાગ કે મહેનત કશી નથી, ને મોક્ષના અણાહારી પદનો અભ્યાસ મળે છે, સસ્તુ ભાડું ને સિદ્ધિપુરીની ટિકિટ. અહીં કેટલાકને ડર લાગે છે કે

**પ્ર.**- સસ્તુ તો ખરું, પણ પારવાનું ભૂલી જવાય તો દંડ આવે ને ?

**ઉ.**- એટલે દંડના ભયથી મોટી કમાણીનો વેપાર જ નહિ કરવાનો ? કલાકોના કલાકો અનશનનો લાભ મળે એ કેટલો બધો લખલૂટ લાભ છે ! એની કલ્પના નથી, એનું ભાન નથી એટલે જ 'ભૂલી જવાય તો ?' એવા હાઉ સામે રાખી રાખીને મહાલાભથી વંચિત રહેવાય છે. પાછું એનું દુઃખ પણ નથી થતું કે 'હું કાયર આ કેટલો ગજબનો લાભ અને વ્રતનો અભ્યાસ ગુમાવી રહ્યો છું !!' આવું દુઃખ પણ જો વારંવાર થાય તો હિંમત આવે કે લાવને ત્યારે અભ્યાસ કરવા માંડું. બે ચાર વાર ભૂલાશે તો દંડ ભરીશ, પણ દંડ ભરતાં પછી ટેવ પડી જશે એટલે ભૂલવાનું બંધ.'

ભૂલી જવાય તો ? એવા ડરથી મહા લાભના કારણભૂત મુટ્ઠિસહિયં પચ્ચક્ખાણને છોડાય ? એનાથી આઘા રહેવાય ? દાદર ઊતરતાં પગથિયું ભૂલાશે તો નીચે પડી હાડકાં ખોખરાં થશે માટે દાદર ઊતરવાનું માંડી વાળો છો ? ના. એમ વેપારમાં ખોટ જાય તો, એવા ભયથી વેપાર નથી કરતા ? મહાન આત્મકલ્યાણની વસ્તુ માટે જ ડર રાખવાનો ? કહો કે આત્મ-કલ્યાણની તેવી ભૂખ નથી, ગરજ નથી. નહિતર તો રસ્તો બધો ય છે. પહેલ પહેલાં ભલે પચ્ચક્ખાણ ન કરવું કે ન ધારવું, કિંતુ એવો માનસિક સંકલ્પ રાખી શકાય કે ખાવું-પીવું હોય ત્યારે પહેલાં મુઠ્ઠી વાળીને નવકાર ગણી લેવો, અને એ જો ભૂલાય તો પછી યાદ આવે ત્યારે દસ નવકાર ગણી લેવા. બસ આ રીતે પહેલાં ટેવ પાડવાં માંડો, પછી ટેવ પડી ગઈ એટલે રીતસર પચ્ચકખાણ કરવાનું શરૂ કરી શકાય.

અનશનનો લાભ સમજો વિચારો એટલે આવા કામચલાઉ અનશનમાં રહેવાની તમન્ના રહેશે. જીવને અનાદિકાળથી આહારની માયા લાગેલી છે. માટે તો નાનું બાળક હાથમાં જે આવે તેને મોંમાં ચૂસવા મથે છે. ક્યાંથી શીખ્યું એ ? અનાદિનો અભ્યાસ છે. સમસ્ત જીવરાશિ જુઓ, ખાવાની લતમાં પડેલ છે. એમાં નથી ને જીવ જો શિકારી પશુ થયો તો જીવતા પ્રાણીઓ જ ખાવા જોઈએ છે ! આવી ભયંકર ખાવાની લત શે છૂટવાની ? અનશનનો અભ્યાસ એ લતની ઉપર કાપ પાડી શકે છે. એવો અભ્યાસ મુટ્ઠિસહિયં પચ્ચકખાણમાં સહેલાઈથી પડે. બાકી તો બેયાસણું, એકાસણું. ઉપવાસ વગેરે તપસ્યા દ્વારા પણ અનશનનો અભ્યાસ પાડતા રહેવું જોઈએ. એ તપ કરતાં આ ખુશી માનવાની કે 'ચાલો આજે ઠીક થયું, અમુક પ્રમાણમાં અનશનનો લાભ મળ્યો'

રાજકુમાર એ વિચારી રહ્યો છે કે 'ત્યારે હું સાગાર અનશન કરી દઉં ? પરંતુ પાછું મનને એમ થાય છે કે 'ઊભો રહે, અત્યારથી અનશન અને મૃત્યુ શા માટે, જો ચારિત્ર જીવન પામી અનેકાનેક સાધનાઓથી કર્મોના ગંજના ગંજ બાળીને ભસ્મ કરી શકાય એમ છે ? તો એવો જ કોઈ માર્ગ કાઢવો કે જેથી આ ઉપદ્રવમાંથી અખંડ ક્ષેમકુશળ બહાર નીકળી શકાય.' એ સમજે છે કે સંયમની બલિહારી છે.

**સંયમ જીવનમાં** એવી અનેક પ્રકારની રોજની સાધનાઓ છે, તેમજ એવા મનોરમ સ્વાધ્યાય-ધ્યાન છે કે જીવ એમાં કાયાની પણ મૂર્ચ્છા મૂકી મનને એકતાન કરી શકે છે, અને એથી અસંખ્ય જનમનાં સંચિત કર્મોના ઝૂંડ ખરી પડે છે. જ્ઞાન અને ક્રિયાયોગની સાધનામાં મન લયલીન બન્યા વિના કર્મોનો વિશિષ્ટ વિધ્વંસ થવો અશક્ય છે. આ સાધના પણ દીર્ઘ કાળની સાધના જોઈએ. રાજકુમાર એનો વિચાર કરીને એકદમ જ સાગાર અનશન કરી દેતાં અચકાય છે. એટલે બીજો ઉપાય શોધે છે.

**શીલની પરીક્ષાનો સંકલ્પ :-**

એનો વિચાર બતાવતાં ભગવાન મહાવીર પરમાત્મા ગૌતમ ગણધરને કહે છે,

''હે ગૌતમ ! એ રાજકુમાર વિચારે છે કે જ્યારે દૃષ્ટિમાત્રથી કુશીલ આત્માનું નામ લેવામાં આટલું મોટું તોફાન જોયું છે, તો પછી હવે અહીં સમ્યક્શીલની પણ પરીક્ષા કરું. આમ વિચાર કરીને હે ગૌતમ ! તે કુમાર બોલવા લાગ્યો કે,

'જો હું વચનથી પણ કુશીલ બન્યો હોઉં, તો હું આ રાજધાનીમાંથી ક્ષેમકુશળ અણહણાયો ન નીકળું. ત્યારે જો હું મન-વચન-કાયાથી સર્વ પ્રકારે શીલ સંપન્ન હોઉં તો મારા પર આ અતિ તીક્ષ્ણ અને પ્રાણઘાતક પણ ભયંકર શસ્ત્ર-સમૂહ ઘા ન કરો.'

બસ, આટલું બોલી રાજમહેલના દરવાજેથી 'નમો-નમો અરિહંતાણં' કહેતોક બહાર નીકળ્યો.

ઉપાય કેટલો સરસ શોધી કાઢ્યો ! પણ એ મહાન ધર્માત્મા અને અટલ શ્રદ્ધા સંપન્ન જ કરી શકે. કુમારને પોતાના શીલ પર શ્રદ્ધા કેટલી હશે ત્યારે આ સાહસ કરી શકે છે. એ શ્રદ્ધા પાછળ એણે શીલનું પાલન કેવું અત્યંત નિર્મળ કર્યું હશે ! એ પાલન પણ મનથી વચનથી અને કાયાથી ! તો જ આટલી શ્રદ્ધા ધરી શકે ને ? પાછું એમાં એ પણ તૈયારી છે કે કદાચ ક્યાંક ક્યારેક સ્ખલના થઈ હોય તો ભલે શસ્ત્ર ઘા વડે મરી જવાનું થાય; વાંધો નથી. 'કુશીલથી જીવવા કરતાં મરવું સારું,'-એમ એને લાગે છે.



**કાયાથી કુશીલ નહિ એટલે ? :-**

અહીં જરા સમજવા જેવું છે કે કાયાથી લેશમાત્ર કુશીલ નહિ એટલે શું ? એ જ કે પરસ્ત્રી-વિધવા-વેશ્યા કે કુમારિકા પર કામની દૃષ્ટિ પણ ન પડે. એના ગુપ્તાંગ તો શું, પણ ઉઘાડા અંગ અરે ! પગના એક આંગળા ઉપર પણ રાગભરી નજર નહિ નાખવાની. જ્યારે દૃષ્ટિ ય નહિ, તો અડવાની તો વાતેય શી ? આજ મોટર બસ પર ચડતાં ચાલે છે ને ? 'Sister lift !' પણ 'Mother lift !' નહિ. યુવતીને બસ ઉપર ચડાવવા હાથનો ટેકો અપાય છે, બુઢ્ઢીને નહિ. શું છે આ ? કામનો ચાળો, સ્પર્શની કુશીલતા. મુંબઈ-સુરત-અમદાવાદ જેવા શહેરોમાં આજે યુવકો ચક્ષુ-કુશીલતામાં કેટલાય મરી રહ્યા છે ! જ્યાં ને ત્યાં પરનારી પર દૃષ્ટિ નાખવા જોઈએ છે. એમાં વળી 'જૈસે કું તૈસા મિલા' જેવા ઘાટ છે. કુમારિકા અને યુવતીઓ, અરે ! હવે તો પ્રૌઢ સ્ત્રીઓને પણ પોતાનાં રૂપની ચોરી કરાવવા જોઈએ છે; એ એમનાં વેશપરિધાન, ઉઘાડાં માથાં, લટકતાં કેશકલાપ, અર્ધખુલ્લી છાતીઓ વગેરે ચાળા પરથી સમજી શકાય છે. નહિતર આ ચાળો શાનો કરવાનો હોય ? અંતરમાં એક બાજુ કામવાસના અને બીજી બાજુ સામા જીવોની કેવી ભારે કતલ થશે એ તરફ સરાસર બેપરવાઈ અને કઠોરતા રમી રહી હોય એટલે ઉદ્ભટ વેશ, ઉદ્ભટ ચાલ અને મર્યાદાહીન આચરણ ચાલી પડે છે.

કાયકુશીલમાં આજે વળી તેવાં ચિત્રપટ-દર્શન, એવી બિભત્સ નોવેલ-નવલિકા-વાંચન, એવાં રેડિયોનાં ગીતશ્રવણ એવાં પત્રલેખન, એવાં લેખનાં આલેખન, વગેરે પણ ગણાવી શકાય.

કાયાથી કુશીલ સેવન ન ખપતું હોય એણે આ બધાથી દોઢસો ગાઉ દૂર રહેવું જોઈએ. આજના મોહઘેલા સંસારમાં બહુ સાવધાન અને ગંભીર રહેવા જેવું છે. આંખનો કામવિકાર એક કટાક્ષ પણ ન કરાય; કે હાથનો એક ચાળો પણ એવો નહિ; પરસ્ત્રી સામે એ પણ કાય-કુશીલ ગણાય.

મનને સમજાવી દેવું જોઈએ કે હવે એ કરવાના દિવસો ગયા. આ તો આર્ય મનુષ્ય જીવન છે, એમાં પશુચેષ્ટા કે અનાર્ય માનવચેષ્ટા ન હોય. શું સસરો છોકરાની વહુ સામે એવું કરે ? શાણો તો ન જ કરે. મનને એણે સમજી મૂક્યું હોય છે કે હું વડેરો ગણાઉં. મને એવું કરવું ન છાજે. અરે ! પોતાની પત્ની સામે પણ પુત્રવધુના દેખતાં એવું ન કરે તો પુત્રવધુની સામે કરવાની તો વાતે ય શી ? અમને એક સ્થાનકવાસી ગૃહસ્થ મળેલા. તે કહેતા હતા કે 'ગુરુજી ! માણસ જો આ હિસાબ માંડી રાખે કે જગતની મોટી ઉંમરની સ્ત્રીઓ એ પોતાની માતા, સમાન ઉંમરવાળી એ સગીબેનો અને નાની ઉંમરની એ પુત્રવધુઓ, તથા કુમારિકાઓ

એ દીકરીઓ, તો પછી એમાંથી કોની તરફ એને કામવિકારી દૃષ્ટિ નાખવાનું મન થાય ? હું તો આ ગણતરીએ બચું છું.'

**લક્ષ્મણજીનો વ્યવહાર :-**

પરસ્ત્રી સાથે હાસ્ય, હાહા હીહી એ પણ કાય-કુશીલતામાં તાણી જાય છે. શું માનો છો, લક્ષ્મણજી અને સીતાજીનો પરસ્પર વ્યવહાર કેવોક હશે ? ચૌદ ચૌદ વરસ વનવાસમાં ગાળ્યા, પણ કોઈ દિ' એવા ગલગલિયામાં જ નહિ. રામ બહાર ગયા હોય અને સીતા-લક્ષ્મણ એકલા બેઠા હોય, છતાં સીતાને મન એવો એકાંતવાસનો મુંઝારો નહિ કે દિયરિયા સાથે હાસ્યમજાક જેવું ય કરવાનું દિલ થાય, તેમ લક્ષ્મણજીને ય લેશ પણ એવી કોઈ પાશવી ખણજ જ નહિ. સીતા એટલે જાણે સગી મા. માટે તો સાંભળીએ છીએ ને કે સીતાને રાવણ ઉઠાવી ગયા પછી રામ-લક્ષ્મણ એને શોધવા નીકળે છે ત્યાં રસ્તામાં પડેલું કુંડળ બતાવી રામ લક્ષ્મણને પૂછે છે કે 'જો ભાઈ ! આ સીતાનું હોય ?' ત્યારે લક્ષ્મણ કહે છે,

**कुंडले नैव जानामि न च जानामि कङ्कणे ।**
**नूपुरे त्वभिजानामि नित्यं पादाब्जवंदनात् ॥**

'હું સીતાદેવીના કુંડળને ઓળખતો નથી; (કેમકે એમના મોં સામે કદી જોયું નથી) તેમ હું એમના કંકણને પણ પિછાણતો નથી; (કેમકે એમના હાથ પણ ધારીને નિરખ્યા નથી) હા, એમના પગનાં ઝાંઝરને તો ઓળખું છું, કેમકે એમના ચરણકમળે રોજ પ્રણામ કરતો હતો.'

કેવું જીવન ! ત્યારે શું સીતાજીએ દિવ્ય કર્યું તે ભડભડતી ૩૦૦ હાથની અગ્નિની ખાઈ ત્રિકરણશુદ્ધ શીલનો પ્રભાવ વિના એમ જ તત્ક્ષણ જળવાવડી બની ગઈ હશે ? કેવા શીલના પ્રભાવે એ ચમત્કાર ? ફાસફૂસિયાં શીલના પ્રભાવે કે કડક શીલના ?

અનાદિ વાસનાવશ એવી કુશીલની ખણજ મનમાં ઊઠે, પણ એકને ય બહાર કાયા, ઈન્દ્રિય હાથપગ કે વાણીમાં નહિ ઊતરવા દેવાની. એવો સખ્તમાં સખ્ત પ્રતિબંધ અંકુશ રાખ્યે જઈએ ત્યારે દીર્ઘ કાળે એ ખણજો ને વાસનાઓ ઘસારે પડે છે. સહેલું કામ નથી.

ગંભીર, તૃપ્ત, અને સૌમ્ય બનવા માટે સેંકડો હજારો વાર પ્રલોભનો સામે ઝઝૂમવું પડે છે, કુટિલ ખણજોને ગૂંગળાવી નાખવી જોઈએ છે, અનુચિત આતુરતાઓ અને આવેશોને દાબવા-અટકાવવા અને નિષ્ફળ કરવા પડે છે. ત્યારે ગાંભીર્ય, તૃપ્તિ અને સૌમ્યતા સિદ્ધ થાય છે. પછી કોઈ પૂર્વજન્મમાં એ જહેમત ઉઠાવીને આવ્યો હોય તો એને અહીં બાળપણથી એ ત્રિપુટી સહજ જેવી બની જાય એ જુદી



વાત. બાકી જો આપણે આપણી જાતમાં દેખતા હોઈએ કે ગંભીરતા નથી, તુચ્છતા-છીછરાપણું-ઉછાંછળાપણું છે, તૃપ્તતા નથી પણ અધીરાઈ, ભૂખારવાપણું, અસંતોષ રહ્યા કરે છે, સૌમ્યતા નથી, કિન્તુ ઉકળાટ, વિહ્વળતા, વ્યાકુળતા વગેરે છે, તો એને ડારવા-દબાવવા માટે હજારો વાર પેલી નાલાયક તુચ્છતા-ખણજો-ભૂખ-આતુરતા-આવેશ વગેરેને નિષ્ફળ કરવા જોઈએ છે. બહાર અને કાયિક વિકાર, ચેષ્ટા, પ્રવૃત્તિ કે વાણીમાં ઊતરવા જ નહિ દેવાના. મનમાં ને મનમાં જ એવા શમાવી દેવાના કે બહારનાને ખબર જ ન પડે કે આને કોઈ એવો ભાવ ઊઠતો હશે.

**વચનની કુશીલતા ટાળવા** આ કરવાનું છે કે કામવિકારી વચન ન બોલવા. એવી સ્ત્રીકથા ન કરાય કે જેમાં સ્વ કે પરને ઉન્માદ જાગે, વાસના સમસમે. એમ, વિકારપોષક હાસ્ય-મજાક-ઠઠ્ઠાનાં વેણ ન ઉચ્ચારાય.અરે ! પરસ્ત્રીને વેણથી એટલું પણ કહેવું કે 'અમને તમારા ઉપર પ્રેમ થાય છે' એ પણ વચન-કુશીલતામાં જાય. બાકી 'અમુક સ્ત્રી આવી ગોરી-ગુલાબી, એની આંખો કામણગારી' વગેરે બોલવું એ પણ કુશીલતાને પોષનારું બને છે.

વિચારજો આજની રીતરસમો. મોટી ઉંમરના થયેલા છોકરા છોકરી પરસ્પર હસા-મશ્કરી કરે, સિનેમા-એક્ટર-એક્ટ્રેસની વાતો કરે, પ્રેમનાં ટાયલાં કરે, એ બધું કેવું વચનકુશીલતામાં જાય ? સાથે ભણતા હોય. એક બીજાને ત્યાં લેસનની નોટ લેવા-કરવાના બહાને જાય, કેટલો દિ ઉઠાડે ? આવી ને આવી કુશીલતા પોષતા પોષતા જૈનની છોકરી ખ્રિસ્તીને પરણી ગઈ ને ? કે ઈતર ધર્મીને પણ પરણી બેઠી ને ? આ બધું જાણવા છતાં એમ જ ચલાવ્યે રાખો છો ને ? કોઈ ઊંડો વિચાર ખરો ? જોતાં દુઃખ થાય એવું છે કે નખરાં કરતા અને યુરોપિયન ફેશન સજતા છોકરા-છોકરી આજના મા-બાપોને ગમે છે ! બહુ વિચારવા જેવું છે ભાવિ સંઘ કેવો તૈયાર કરશો એની કલ્પના આવે છે ? પૂર્વ પુરુષોએ તમારા સુધી પહોંચાડેલું શાસન આવી પ્રજાના પનારે મૂકી નિસ્તેજ, સંકૂચિત અને કરમાયેલું થવા દેશો ?

**વચન કુશીલતાને** રોકવા માટે પહેલો અંકુશ પોતાની જાત પર અને બીજો અંકુશ પોતાની પ્રજા પર રાખવો જોઈશે. સમજવું અને સમજાવવું જોઈશે કે-

**માતાને વેશ્યા ન કરાય :-**

વાણીની અદ્ભુત શક્તિ મળી છે. એ વાણી તો માતા સરસ્વતી છે. એને કામઘેલા વિકારી ઉન્માદપોષક વિષયોથી અભડાવાય નહિ. પોતાની માને વેશ્યા કોણ કરે ? આપણી વાણીના માલિક તો જો પરમાત્મા જ રહે તો એ સતી; અને એમના બદલે જેને તેને માલિક કરીએ, જે તે વિષયો એને ભોગવે, તો એ વેશ્યા બની

જાય. બસ, મનમાં આ જડી રાખો, આ વારંવાર ભાવનામાં લાવો કે 'મારી મા વાણીને મલિન વિષયોથી વેશ્યા નહિ બનાવું. એના માલિક તો પરમાત્માને જ રાખીશ'

**કેવું બોલવું ? :-**

આ જો ટેક બરાબર પળાય અને વચનપ્રયોગમાં

- (૧) પવિત્ર જ વાણી બોલાય,
- (૨) વિવેકી શબ્દો જ ઉચ્ચારાય,
- (૩) ઔચિત્યભર્યાં જ વેણ કઢાય,
- (૪) સૌમ્ય શૈલીથી જ અને સામાના હૃદયને પ્રોત્સાહનકારી બોલવાનું રખાય,

તો એની આપણા પોતાના મન પર પણ સારી અસર પડે છે, વિચારો ઉમદા રખાવે છે.

**શબ્દોની વિચારણા પર અસર :-**

માનસશાસ્ત્રીઓ કહે છે કે શબ્દોની વિચારણા પર અસર પડે છે. અલબત્ત વિચાર તેવી વાણી નિકળે; પરંતુ વાતચીત જેવા ઢંગથી, જેવા શબ્દોમાં કરાશે તે પ્રમાણે નવા વિચાર સ્ફુરશે અને મન તેવું ઘડાશે. નિરાશાત્મક શબ્દો બોલવાથી વિચારણા પણ વિશેષ નિરાશાભરી બને છે. એમ કુશીલપોષક શબ્દોથી પોતાની અને સામાની પણ વિચારણા બગડે એ સહજ છે. એ બગડવાથી મનમાં બગાડો ઊભો થવાનો. એવું ને એવું ચાલુ રહેવાથી પછી આત્માનું વલણ પણ તેવું બગાડાભર્યું બને એ સહજ છે. માટે વચનની કુશીલતા રોકવાનો પણ ધરખમ પ્રયત્ન જરૂરી છે. સ્ત્રીઓના રૂપરંગ, હાવભાવ, રીતિનીતિ વગેરેની વાતોમાં નહિ પડવું જોઈએ. શૃંગાર અને વિલાસના પ્રકારોની વાતો પણ નહિ કરવી. ટૂંકામાં વાસના-વિકારને સહેજ પણ ઉદીરે-ઉત્તેજે એવું વચન નહિ કાઢવું. આ વચન-કુશીલતા અટકાવવાની વાત ચાલે છે. બાકી તો ધર્માત્મા બનવું હોય એણે રાજકથા-દેશકથા-સ્ત્રીકથા-ભોજનકથા કે પૈસા ટકાની વાતોમાં બહુ પડવું જોઈએ નહિ.

મનની કુશીલતામાં પરસ્ત્રી પ્રત્યેના કામોન્માદના વિચાર આવે, કામવાસનાના પોષણની યોજનાનું ચિંતન આવે. પરસ્ત્રીના રૂપરંગના વિચાર હાવભાવનું ચિંતન, એની સાથેના ભોગ-વિલાસના વિચાર, આ બધું મનની કુશીલતામાં ગણાય. મનની કુશીલતા ઉપર પ્રસંગે વાણીમાં કુશીલતા અને કાયામાં કુશીલતા આવી જાય છે.

મનને બહુ સાચવવા જેવું છે. કાયા અને વચન પર અંકુશ રાખવાથી મનોરક્ષા સારી થાય છે. એમાં કાયાથી તેવાં શૃંગારી વિલાસી ચિત્ર, પ્રસંગ વગેરે જોવા નહિ, તેમ શૃંગારી વિલાસી વાંચન ન કરવાં, શ્રવણ નહિ કરવાં, ઇત્યાદિ



પાકો અંકુશ રાખવાથી મન ઘણા પ્રમાણમાં બચી શકે છે. આમ છતાં માનસિક વિચારણાનું એક સ્વતંત્ર ખાતું છે. એટલે એના પર ખાસ અંકુશની જરૂર છે. બેઠો મનમાં લોચા વાળે, સ્ત્રીઓના ગાત્ર, વાણી, ગાયનગીત, પ્રેમાલાપ, હાવભાવ વગેરે યાદ કરે, વિચારે, તો મનની વિચારણા બગડે છે.

**કુશીલ વિચાર ખતરનાક છે.** મનને એથી બચાવી લેવા માટે બીજી જ લાઈનની સારી વિચારસરણી રાખ્યા કરવી જોઈએ. એની સારી ટેવ પડી હશે તો જ મન એમાં રોકાય કુશીલ વિચારથી બચશે. સારી વિચારણામાં તીર્થોનાં સ્મરણ, તીર્થંકરદેવો ને મહાપુરુષોનાં જીવનપ્રસંગોનાં સ્મરણ-ચિંતન, તત્ત્વની વિચારણા, ૧૨ ભાવના, નવકાર જાપ; વગેરે ચિત્તથી ચાલુ રખાય. અલબત્ત મન ભારે ચંચળ છે, એટલે આમાંથી ખસવા જાય, પરંતુ આત્માનો દૃઢ સંકલ્પ સાથે આનો વારંવાર પ્રયત્ન મનની સ્થિરતા વધારે છે. આનો ઉદ્યોગ ચાલુ રહેવો જોઈએ; અને આની અત્યંત જરૂર પણ છે; કેમકે કુશીલ વિચારોથી મનને બચાવવું છે. નહિતર સમજી રાખવું કે મનની કુશીલતાની સીધી અસર કર્મબંધ પર પડે છે, અને તે ભારે અશુભ કર્મના જ બંધ પડવાના. કહે છે ને કે

**'મનને પાપે રે મત્સ્ય તંદુલિયો, જુઓ મરી નરકે જાય, ચતુર નર !**
**—શ્રી જિનવાણી હો ભવિયણ ચિત્ત ધરો.'**

રૂપસેન બિચારો રાજપુત્રી સુનંદામાં લોભાયો, વળ્યું કાંઈ નહિ, મનની કુશીલતામાં મરીને એના જ પાપે ભવે ભવે હલકા અવતાર અને કમોત મૃત્યુ પામતો ગયો ! એક મનુષ્ય ભવમાં પોષેલી મનની કુશીલતાનો કેટલો ભયંકર અંજામ !

ચિત્ર અને સંભૂતિ મુનિમાંથી સંભૂતિમુનિ નમસ્કાર કરતી ચક્રવર્તીની પટ્ટરાણીના કેશનો કલાપ જરાક પગે સ્પર્શ્યો એમાં મનની જરાક કુશીલતામાં પડ્યા, તો સંયમ-ભાવના ગુમાવી ! નિયાણું કર્યું ! બ્રહ્મદત્ત ચક્રવર્તી થઈ અતિશય ભોગલુબ્ધ બની સાતમી નરકે ગયા !

**કુશીલતા એક ચેપી રોગ જેવી છે.** એમાં ય મનની કુશીલતા ભારે ચેપી છે. એને જરાક મચક આપો એટલે પછી એનું લાંબું પૂછડું ચાલ્યું સમજો. એમાં વળવાનું કાંઈ નહિ, ને માર ભારે ખાવાનો ! ઘોર પાપોપાર્જન તો ખરાં જ, ઉપરાંત એના કુસંસ્કાર લઈ હલકા ભવોમાં જવાનું, ત્યાં કુશીલપાપ કોટે વળગવાનું !

પેલો રાજકુમાર પોતાના શીલની પરીક્ષા કરે છે. દુશ્મન સુભટોના 'કાપો કાપો, મારો મારો'ના નાદની વચ્ચે સંકલ્પ કરે છે કે જો વચનથી પણ કુશીલ સેવ્યું હોય તો દુશ્મનનાં શસ્ત્ર મને હણી નાખજો; અને મન-વચન-કાયાથી લેશ પણ કુશીલ ન સેવ્યું હોય તો શત્રુના શસ્ત્રનો લેશ પણ ઘા મને પડશો નહિ.'

પોતાને ખાતરી છે કે પોતે જીવન વિશુદ્ધ જીવ્યો છે, મન, વચન અને કાયાથી જરાય અપવિત્ર ભાવ સેવ્યો નથી, એટલે આ સંકલ્પ કરે છે.

પોતાની ખાતરીમાં ભૂલ ન થતી હોય ?

**માનવની વિશિષ્ટ બુદ્ધિની વિશિષ્ટતા શી ? :-**

ભૂલ થતી હોય તો જીવવાની જરૂર પણ નથી લાગતી. જીવન તો પવિત્ર જ કામનું, એમ સમજે છે. આવા સુંદર બુદ્ધિ-શક્તિવાળા ઉચ્ચ જીવનમાં જો પવિત્રતા ન જળવાય તો પછી ક્યાં જળવાવાની ? બુદ્ધિથી વિચારતાં જો અપવિત્રતા આચરાય તો પછી જનાવરનાં અવતાર કરતાં શી વિશેષતા ? તિર્યંચ કરતાં લાખો ગુણી તેજસ્વી બુદ્ધિશક્તિ મળી એનો શો ઉપયોગ ? ચાલુ આહાર, વિષય-પરિગ્રહ-નિદ્રાની સંજ્ઞાની બુદ્ધિ તો પશુ પાસે અને કીડા પાસે પણ છે. માનવની બુદ્ધિ વિશિષ્ટ કોટિની છે, તે માત્ર એ સંજ્ઞાઓમાં અટવાઈ રહ્યે વિશિષ્ટ ન ગણાય એ તો દાન-શીલ-તપ-ભાવનાની પ્રજ્ઞામાં જોડાય, પ્રજ્ઞાને પકડી રાખે, એ દાન-શીલાદિની જ તરફેણ કરનારી બને, તો જ વિશિષ્ટ કોટિમાં જાય

આર્ય સંસ્કૃતિની આ વિશેષતા છે કે દાનાદિની પ્રજ્ઞાને મુખ્ય કરે છે. આર્યોનાં જીવન જ એવાં કે જેમાં બચ્ચાને જન્મથી આવું જોવાનું મળે. એ મળે એમાં એના પૂર્વના સારા સંસ્કાર તાજા થાય છે, અને નવાં સંસ્કારનો ઉમેરો થાય છે. પછી દાનાદિની પ્રજ્ઞા ખીલે એમાં નવાઈ નથી. બચ્ચાના બાને બાપા બનતાં પહેલાં આ ધ્યાન રાખવાનું છે કે આપણા જીવનમાં દાન-શીલ-તપ-ભાવનાની પ્રવૃત્તિ ભરચક ચાલતી હોય, મુખ્ય કરાતી હોય. તો જ બચ્ચાને વારંવાર એ જોવા મળશે તેથી એ સંસ્કારી બનતું જશે. એના બદલે આહાર-વિષય-પરિગ્રહ-નિદ્રાના જ ખેલ ખેલાતા હશે, તો બચ્ચાને એ જ જોવા મળવાથી એનામાં બીજું સારુ ક્યાંથી આવવાનું હતું ? અનાર્ય કે ઢેડ ભંગીના છોકરાની જેમ એ પણ આહારાદિનો જ રસિયો બનવાનો. માટે કહેવાનો સાર આ છે કે માનવપણાની વિશિષ્ટ બુદ્ધિનો ઉપયોગ દાનાદિની પ્રજ્ઞા જીવંત રાખવામાં છે. એમાં સહેજે શીલની પવિત્રતા પર જીવવાનું બનશે.

રાજકુમાર સમજે છે કે પવિત્ર જીવન જીવાતું હોય તો જીવ્યા કામનું; નહિતર મરી જવાય તો વાંધો નથી. એટલે સંકલ્પ કરીને હવે 'નમો નમો અરિહંતાણં' કહી બહાર નીકળે છે.

**અર્હન્-નમસ્કાર શા માટે ? :-**

જીવનની પવિત્રતા પર બચાશે એ માન્યતા ખરી, છતાં પગલું ઉપાડતાં અરિહંતને નમસ્કાર મંગળરૂપે અવશ્ય કરવાનો. શું મંગળ ન કરે તો બચાવ ન



મળે ? ઈષ્ટ સિદ્ધ ન થાય ? થાય ને ન પણ થાય; પણ જો બીજાં વિઘ્ન નડતાં હોય તો મંગળથી દૂર થાય. અહીં ખરી વાત તો એ છે કે ધર્મના શ્રદ્ધાળુ જીવને ધર્મ-પુરુષાર્થ જ મુખ્ય લાગે છે, એટલે બીજા બધા પુરુષાર્થ કરતાં ધર્મ-પુરુષાર્થને મોખરે રાખે છે. માટે ઉત્તમ ધર્મ-પુરુષાર્થ રૂપે અરિહંતને નમસ્કાર પહેલો કરે છે.

ધર્મ-પ્રવૃત્તિ કરતાં ચિત્તને નિરાશંસભાવનું બનાવવા કે બન્યું રાખવા આ એક સુંદર મુદ્દો છે.

કોઈ પૂછે 'કેમ નવકાર ગણો છો ?'

તો ઉત્તર આ કે 'મનુષ્ય જીવનમાં ધર્મ-પુરુષાર્થ જ મુખ્ય છે, વળી પવિત્ર મન માટે ધર્મ એ જ સાચી ચીજ છે, અને પરમેષ્ઠિ-નમસ્કાર એ પહેલા નંબરનો સુંદર ધર્મ પુરુષાર્થ છે માટે,'

આપણા મનમાં પણ આ જ લાવવાનું કે 'ચાલો નવકાર ગણ્યા એટલો સમય ધર્મમાં ગયો, તેથી જીવન એટલું સફલ થયું. અહીં મળેલી વિશિષ્ટ કાયા વાણી અને બુદ્ધિ ધર્મમાં જોડાઈ એટલી લેખે લાગી.

**કુમાર બહાર પડે છે :-**

કુમાર પોતે સંકલ્પ કરીને જેવો સપાટા બંધ દરવાજાની બહાર નીકળ્યો અને થોડાં ડગલાં આગળ વધ્યો કે તરત ભયંકર અને જાનથી ખલાસ કરે એવા દુશ્મનના જબરા જોદ્ધાઓ એને સંન્યાસીના વેશમાં જુએ છે, તેથી કોલાહલ કરી મૂકે છે કે, 'અલ્યા ! આ તો અહીંનો રાજા સંન્યાસીનો વેશ કરી છૂપી રીતે ભાગી જવા માગે છે. માટે મારો મારો એને.' એમ કહેતાંક ખુલ્લી તલવાર વગેરે શસ્ત્રોથી ધસી આવે છે.

રાજકુમારે તો નિર્ધાર કરી લીધો છે એટલે એને ડર નથી. પેલો તીક્ષ્ણ શસ્ત્ર ઊગામી ધસી આવે છે ! પણ આ નિશ્ચિન્ત છે 'શીલભંગ હશે તો ભલે મરું અને શીલ અખંડ હશે તો કશું થવાનું નથી.' બે ય રીતે ચિંતા નથી, ત્રાસ નથી, લેશ પણ મનમાં દીનતા કે રાંકડાગીરી નથી. એ બધા ભયભીતતાનાં લક્ષણ છે. ભય જીત્યો એને 'હાય !' શું ?

જડ કાયા અને ચેતન આત્મા વચ્ચેના ભેદને આત્મસાત્ કરનાર માહાત્માઓ એવા નીડર બની પૃથ્વીતલ પર ગમે ત્યાં વિચરે છે, અને ઘોર ઉપસર્ગમાં પણ અ-દીન અડગ રહે છે. કાયા પુદ્ગલ ભાડુતી છે, સાચવ્યું રહેવાનું નથી, એના મોહ શા ? એ કપાઈ જાય તો ય આત્મા અછેદ્ય રહે છે, પછી એની ચિંતા શી ?

અહીં ત્રિભુવન ગુરુ મહાવીર પરમાત્મા ફરમાવે છે, 'હે ગૌતમ ! કુમાર ત્યાં એ લોકોને કહે છે; 'હે દ્વેષભર્યા લોકો ! મારા પર તમે આટલો બધો ઘોર તામસભાવ રાખી ધસી આવો છો; પણ તમે સમજી રાખો કે મારી પાસે અનેક

વારના શુભ અધ્યવસાયથી સંચિત પુણ્યનો મહાન સમૂહ છે. એ જ હું તમારો પ્રતિશત્રુ અમુક રાજા આ તમારી સામે ઊભો છું એમ સમજી લો. એવું કહેતા નહિ કે અમારા ભયથી બિચારો એમ જ ભાગી ગયો ! ના, આ હું ઊભો, તમારી તાકાત હોય તો કરો ઘા.'

વાણીનો વિવેક જોવા જેવો છે. પોતે જરાય ગભરાતો નથી એ દેખાડવા જોસીલી ભાષામાં બોલે છે, અને એમના અને પોતાના હૃદયનું સ્પષ્ટ અંતર ખુલ્લું કરે છે. પેલા અધમ તામસ ભાવમાં સબડી રહ્યા છે, આ માત્ર હમણાં જ નહિ, પણ જીવન જીવતાં ય શુભ અધ્યવસાય અને ઉમદા સાત્ત્વિક ભાવમાં રમી રહ્યો છે. આટલા હલ્લાની સામે પણ બચાવ અર્થે ય મારવાનો વિચાર સરખો નથી. કેટલી બધી ઊંચી પરિણતિ !

કારણ ? એને મન અહિંસાવ્રતનું પાલન એ જ મોટો બચાવ લાગે છે.

**જડ-ચેતનનો વિવેક :-**

જડ-ચેતનનો વિવેક કર્યા પછી જડ કાયાના બચાવ કરતાં ચેતન આત્માનો બચાવ મહામહા કિંમતી લાગે એમાં નવાઈ નથી. આત્માનો બચાવ અવગણીને કાયાના બચાવની જ ચિંતા રાખવી, પછી ભલે એમાં આત્માનું સાવ વટાઈ જાય, એ તો ફરી ભવના ફરી ઊભા કરવાનો ધંધો છે. જરાક માંદા પડ્યા કે ઝટ અભક્ષ્ય દવા-વસ્તુઓ ખાવી, બજાર મોડા છે માટે રાત્રે ખાવું, એક જ ધૂન 'બસ કાયાને બચાવી લો, રૂપિયા ભેગા કરી લો,' પોતાના જ આત્માનાં હિતનો નાશ કરવો, એ સંસારયાત્રા વધારવાનો નહિ તો બીજા શાનો ચાળો છે ? શું બચાવેલી કાયા બચે છે ? અમર થશે ? કાયા અને ધન શું પરલોક પ્રયાણે સાથે આવશે ?

**જિન નાથ પામ્યાનું ગૌરવ :-**

શી એવી કાયા અને લક્ષ્મીની ગોઝારી માયા કે એમાં તણાયા ઊંધા હિસાબ માંડવા અને શ્રાવકપણાના રૂડા આચાર નેવે મૂકવા ? અનાર્યો અને અધર્મીઓ જેમ અભક્ષ્યભક્ષણ, રાત્રિભોજન, ધર્મપ્રવૃત્તિબાધક સુખશીલિયાપણું અને ધંધાધાપા કરે, એમ જ શું શ્રાવક પણ કરે ? મહાવીર પ્રભુ જેવા માથે નાથ મળ્યા, એમનાં તારક શાસનરૂપી ખજાનો મળ્યો, શું એનું કોઈ ગૌરવ દિલ પર નહિ કે હું જિનનો સેવક તે કાયા-માયાનો એવો ગુલામ શાનો થાઉં કે જેમાં મારા આત્માનું જ વટાઈ જાય અને જિનના સેવકપણાને બટ્ટો લાગે ? મારે મન આત્મા જ ખરી ચીજ, કાયા નહિ. આત્માનો બચાવ મારે પહેલો જોવાનો.' શું છે આવું કોઈ ગૌરવ અને તકેદારી ? એ જો હશે તો નજર સામે આ જ હિસાબ તરવર્યા કરશે કે આત્માના બચાવ માટે તો રૂડા દાન-શીલ-તપ છે, કૂડા આહાર-વિષય-પરિગ્રહ નહિ.



**જીવનમાં કેવા ગંદવાડ ? :-**

કહો તો ખરા કે આત્માનો બચાવ શાનાથી થાય એ નક્કી કરી રાખ્યું છે કે જીવન જીવો છો તે જડની પાછળ એક આંધળિયા દોટ ? તે ય દુર્ગુણ-ગંદવાડ સાથે ?

- મામૂલી વાતમાં ય મૃષા ભાષણનો અનાર્ય ખેલ કરતાં આંચકો કેમ નથી ?
- અનીતિ-અન્યાયનો ઢેડિયો વિચાર પણ મગજમાં કેમ ઘલાય છે ?
- બીજાની ઈર્ષ્યાના દાવાનળથી કેમ બળો છો ?
- ગંદી નિંદાને મોંમાં કેમ ઘાલો છો ?
- વાતવાતમાં કિંમતી મનને ક્રોધ-ચંડાળથી કેમ અભડાવો છો ?
- રાત ને દિવસ અહંકાર-અભિમાનનો તાવ કેમ ચડ્યો રહે છે ?
- સ્ત્રીઓના રૂપ-રંગ-ગાત્ર પર આંખ ભટકાવી મનને કેમ રાગના કાળા કૂચડાથી રંગો છો ?
- કુટિલ લક્ષ્મીનું દેવ-ગુરુ-ધર્મ કરતાં વિશેષ મહત્ત્વ આંકવાની પાગલગીરી કેમ છોડાતી નથી ?

આ બધું તમારા આત્માના બચાવમાં ઊતરશે એમ માનો છો ?

**આત્માનો બચાવ શાથી ? :-**

પણ કહો, સત્ય-ન્યાય-નીતિ, પ્રમોદ ભાવના-ગુણ પ્રશંસા, ક્ષમા-નમ્રતા, દાન-નિસ્પૃહતા, શીલ-સદાચાર, વગેરે આત્માનો બચાવ કરશે એ નજર સામે તરવરતું નથી, અગર આત્માનો બચાવ કરવાની તમન્ના જ નથી. 'આ ભવ મીઠા, પરલોક કોણે દીઠા ?' એ હૈયે વસી ગયું છે. એટલે કાયાના બચાવ, ધનના સંગ્રહ, અને કાયા-માયાની બોલબાલામાં જ જીવ અટવાઈ ગયો છે. પછી કાળના નામે, જમાનાના ઓઠા હેઠળ, તામસભાવની ચેષ્ટાઓમાં જ રમતા રહી જીવન પૂર્ણવિરામે પહોંચે તો ય શી ચિંતા હોય ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૩,અંક-૧૮,તા.૨૩-૧-૧૯૬૫**

## અગમલાલનું દૃષ્ટાન્ત

આ પેલા અગમલાલ જેવું છે. અગમલાલ એક ગર્ભશ્રીમંત વેપારી. માબાપે એનું નામ તો એવું શોધેલું કે એને શાંતિથી બેસી પોતાના નામ ઉપર વિચાર આવે તો આત્મા યાદ આવે, 'હું સમજાય-દેખાય એવી આ કાયા નહિ, પણ એમાં ન સમજી-દેખી શકાય એવો કેદ પૂરાયેલ અગમ-અગોચર સિદ્ધ આત્મા,' અથવા 'હું અગમલાલ અગમ-અગોચર ભગવાનનો લાલ, લાડકવાયો, પણ કાયા-માયાનો લાલ

નહિ.' નામ તો આ ઉદ્દેશનું હતું, પણ ભાઈનાં લક્ષણ એવાં કે અગમ એટલે કે લોકોને ગમ ન પડે કે શેઠના દિલમાં શું ભર્યું છે ? ચાવવા-બતાવવાના દાંત જુદા. બોલે મીઠું મીઠું ને પેટમાં પાપ; બીજાને ખબર જ ન પડે. એવા એ અગમલાલ ! માયા-પ્રપંચ-અનીતિ તો હાલતાં ને ચાલતાં કરવા જોઈએ. અવસરે રોફ અને રોષ પણ એવો ! લક્ષ્મીના લોભનો પાર નહિ. સુકૃત તો શીખ્યું જ કોણ છે ? પાછા મોટા શેઠ, એટલે રૂપાળી બાયડીઓ સામે નજર નાખે એમાં કોણ એમને અટકાવે ? બિચારી કોઈ ભોળીને ફસાવે પણ ખરા.

પરંતુ અગમલાલની પત્ની સુશીલ અને ધાર્મિકવૃત્તિની હતી. એનું તો આનાં પાપોથી દિલ બળીને ખાખ થઈ જાય. એ કહે ખરી કે 'તમે આ શું કરો છો ! પરલોકનો કોઈ ડર નથી ? આ લોકના સજ્જનોની દૃષ્ટિએ પણ શરમ નથી ? કેટલા કાળ માટે આ ? કેટલું જીવવાનું છે ? ઊઠીને બધું મૂકી હાલ્યા જવું પડશે. આ માટીનું ખોળિયું ય અહીં પડ્યું રહેશે. અહીંનું કશું જ પરભવે બચાવવા નહિ આવે !...'

પત્ની ઘણું ય કહેતી, પણ શેઠને મન એની કશી કિંમત નહિ. એ તો હસી કાઢતા, કહેતા કે 'બેસ ! વેવલી થા મા. જીવીએ છીએ તે આનંદ કરવા, કૂચે મરવા નહિ. આ તારી વાતો કૂચે મારનારી છે. પોલિસીથી વેપાર ન કરીએ તો પૈસા ક્યાંથી આવે ? લોક વચ્ચે પોલિસીથી ન રહીએ તો કૂટાઈ જ મરીએ ?

'પણ આ તમે પારકી બાયડીઓ સામે નજર નાખો છો એ સારું કરો છો ?'

'અરે ઘેલી રે ઘેલી ! એમાં શું ? જગતમાં સારું જોવાનું મન ન થાય ?' નરી કૂતરા-ગધેડાની મનોદશાનો જવાબ ! ખોળિયે માનવ, પણ અંતર શિયાળિયા-કૃતરાનું તે પ્રપંચ-દુરાચારની સૂગ પણ નહિ. પાપાનુબંધી પુણ્યના નતીજા છે આ,

આપણને મળેલ સગવડ-સામગ્રી પર ચિત્ત ધર્મબાજુ જાય છે કે પાપ તરફ, એના પર માપ નીકળે કે એનું પુણ્ય પુણ્યાનુબંધી છે કે પાપાનુબંધી ?

એક વાર એવું બન્યું કે ગામમાં એક સાધુ પધાર્યા. અગમલાલને તો મહાત્માના સંગ જ શાના ? પણ એમની પત્ની દર્શનાર્થે ગઈ. મહાત્માની ધર્મવાણી સાંભળી એનું દિલ ગદ્ગદ થઈ ગયું. મનને થયું કે 'આ અધર્મી પતિના પનારે કાં પડી ? પણ હવે એ આ મહાત્માથી જરા બોધ પામે તો સારું.' એમ વિચારીને મુનિમહાત્માને પોતાની કરુણ કથની કહે છે, અને વિનંતિ કરે છે કે કૃપા કરીને એમને કંઈક બોધ પમાડો.'

મુનિ મહાત્માએ કહ્યું 'ઠીક, મોકલજો એમને પણ જુઓ ધર્મનું નામ લેતા નહિ, નહિતર એ નહિ આવે. તમે તમારે એમને કહેજો કે બહારથી એક સાધુ આવ્યા છે. એમને તમને કાંક દેવું છે તો જરા મળી આવજો.'



બાઈ ઘરે આવી અગમલાલને એ પ્રમાણે કહે છે. ત્યારે પેલો પહેલાં તો જરા આનાકાની કરે છે, પણ વાણિયો પાછો લોભમાં પડે છે કે 'કોને ખબર, સાધુ મહાત્મા છે, કંઈક જંતરમંતર જાણતા હોય, તે મને આપવો હશે. એ મળે તો તો બંદા ન્યાલ જ થઈ જાય, માટે જવું તો ખરું જ. જવામાં શું જાય ? જોઈશું.'

બસ, અગમલાલ ઊપડ્યા મહાત્મા પાસે. જઈને પ્રણામ કરીને બેઠા, પોતાની ઓળખ આપી. મહાત્માજી કહે છે. 'સારું સારું, મેં તમારું નામ સાંભળેલું, તમારી કીર્તિ સાંભળેલી, મને થયું કે આવા ભાગ્યશાળીને એક મંત્ર સાધી આપું, તો વળી એ ધાર્યા પૈસાના ઢેર વધવાથી કેટલાયનું ભલું કરશે.'

વાણિયો કહે, 'હા બાપજી ! ખરી વાત, આપ જેવાની પ્રસાદી મળે અને ધાર્યાં નાણાં આવ્યે જતાં હોય તો તો એને પરોપકારમાં ખૂબ ઉછાળું. આ તો વેપારમાં ધાર્યું નથી મળતું એટલે જરાક હાથ પાછો પડે છે.'

છે ને ઉદારતા ? પરોપકાર તો જાણે હૈયે વસી ગયો છે, પણ બિચારાને પૈસાની પહોંચ નથી એટલે જ કામ અટક્યું છે !! કેવી તાલંબાજી ? વેપારના સાહસ ખેડવામાં પૈસા પહોંચે છે, દુરાચારના પંથે પૈસા વેરવા પહોંચે છે, ભાવિ ભયની શંકાથી હજારો રૂપિયાનું સોનું ધરતીમાં દાટી રાખવા પહોંચે છે. ઘરનો બંગલો બનાવવા, વાહન ફેરવવા, મોજમજા ઉડાડવા પૈસા પહોંચે છે; માત્ર નથી પહોંચતા ધર્મ કરવા, પરોપકાર કરવા ! આ એની જ દશા કે તમારી પણ ખરી ?

**ભગવાનના કેવા સેવક ? :-**

કહો જો બંગલો હાઈક્લાસ બનાવ્યા પછી એ વિચાર આવે છે ખરો કે 'આ મારો બંગલો આટલો શાનદાર, ને મારા ભગવાનનું મંદિર કે એમની આજુબાજુની એક ભીંત માત્ર કાળી ભંગાર જેવી કે જૂની ખખડી ગયેલી કેમ ? લાવ એને હાઈક્લાસ બનાવરાવું.' ના, પૈસા પહોંચતા નથી એ જ જવાબ છે ને ? જાતે રેશમી બુટ્ટા કે શરબતી મલમલનાં મુલાયમ વસ્ત્ર પહેરી દેરાસરે જાઓ, ત્યાં ભગવાનનાં જાડાં ખદ્દરના ઝાંખાં અને બરછટ થઈ ગયેલા અંગલૂંછણાં જોતાં કાંઈ શરમ લાગે ? ઝટ વહેલી તકે ઘરે દોડી જઈ શરબતી મલમલના મુલાયમ મોટા ટૂકડા લઈ આવો ખરા ? 'ના, પૈસા પહોંચતા નથી' એ જ જવાબ ! કેમ ખરું ને ? તમે ભગવાનના લજ્જાળુ સેવક ? કે નિર્લજ્જ સેવક ? ભગવાન પાસેથી લૂંટણિયા સેવક ? સોદાકારું સેવક ? કે ભગવાનના ચરણે નિઃસ્વાર્થ ભાવે ઢગલો કરનારા સેવક ? ભગવાનના અનંત ઉપકારની કૃતજ્ઞતા અદા કરવા માટે તલપાપડ થનારા સેવક ખરા ? કેવા દાસ ?

પણ જીવનમાં ધર્મ, કૃતજ્ઞતાપાલન અને પરોપકાર એ જ સાચો પુરુષાર્થ લાગે

તો ને ? તો તો 'એના માટે પૈસા પહોંચે છે, ભોગવિલાસ માટે નહિ' એમ લાગે.

પેલા વાણિયાને હૈયે ધર્મ હતો નહિ, તેથી વેપાર-સાહસ-દુરાચાર-અમનચમન વગેરે માટે તો પૈસા પહોંચતા હતા, પણ પરોપકાર માટે નહિ. હવે મહાત્માજી પાસેથી મંત્ર મળે એવું લાગે છે એટલે સવાસલું કરે છે 'મહારાજ ! આ વેપારમાં ધાર્યું મળે નહિ એટલે પરોપકારથી હાથ પાછો પડે છે, બાકી આપની કૃપાથી જો પૈસા ધાર્યા પ્રમાણે મળ્યે જ જાય, તો તો લોકોનું ઘણું જ ભલું કરું.'

મહાત્મા આ સવાસલાંને ઓળખી શકે ખરા કે નહિ ? ના સમજ છો એટલે તો મહારાજની આગળ ગોળા ગબડાવી જાણે મહારાજને બનાવવાની વાતો કરો છો. મહાત્મા તો બધું સમજે છે, પણ પેલાને ઠેકાણે લાવવો છે એટલે એને કહે છે 'ખરી વાત. ખરી વાત. હવે તમે જરાય ફિકર ન કરતા. બોલો સાધના ક્યારથી શરૂ કરીએ ? ચાર દિવસનું કામ છે.'

વાણિયો શું કામ આમાં વિલંબ કરે ? કહે છે, 'બાપજી ? કાલથી જ. પણ આમાં પૈસા તો નહિ ખર્ચવા પડે ને ?'

મહાત્માજી એનો ભાવ સમજીને એને તાણવા માટે કહે છે, 'ખરચ ? હોય ?' દેવતા થોડા કાંઈ પૈસાના ભૂખ્યા હોય. પૈસાનો ભોગ આપ્યા વિના પણ તમારા ભાવ સલામત છે તો ઘણું ઘણું. પૈસા તો ભલેને તમારી તિજોરીમાં રહે.'

**ભોગ આપ્યા વિના ભાવ સલામત ! :-**

શું ? પૈસાનો ભોગ આપ્યા વિના પણ ભાવ સલામત હોઈ શકે ને ? ઘરે આવેલા મહેમાનને પવાલું પાણી ય ન ધરો, છતાં એનાં દિલમાં તમારો ભાવ જમા કરાવી શકો ને ? ભાવ શાને કહેતા હશે ? આ ઠીક શોધી કાઢ્યું કે 'પૈસા મારા મારી પાસે સલામત, અને મને તમારા પર બહુ ભાવ થાય છે !' દેવદર્શન તો મફત, ગુરુદર્શન તો મફત, જિનવાણી-શ્રવણ તો મફત, કોઈના સારામાં સારા સુકૃતની અનુમોદના તો મફત, મંદિર-ઉપાશ્રયમાં પુણ્ય-કમાઈ તો મફત, બસ, ધર્મખાતાનું બધું મફત જોઈએ, પૈસો એક ન ખરચવો પડે, અને અમારા ભાવથી બધા લાભ મફતમાં મળે. આ જ જોઈએ છે ને ?

**સારા વ્યાખ્યાનની શી કદર કરો ? :-**

જો કોઈની આગળ પ્રશંસા કરો કે 'મહારાજનું વ્યાખ્યાન બહુ સરસ ! ત્યાં સામો કદાચ પૂછે કે હેં ! વ્યાખ્યાન બહુ સરસ કે તમારા પૈસા બહુ સરસ ?' તો શું કહો ? એ જ ને કે 'એની સાથે પૈસાનો શો સંબંધ ?' કેમ આમ કહેવાનું ? એટલા જ માટે ને કે 'રખેને અમારા પૈસા પર કોઈ ધાડ ન આવે' વ્યાખ્યાન સરસ ખરું પણ પૈસા આગળ વધુ સરસ નહિ; કેમ ? એ વ્યાખ્યાન મળવા પાછળ કિંમત



આપવાનો મોખ નથી. કહો તો ખરા કે કદી એમ મનમાં થયું કે આવી લાખ રૂપિયાની જિનવાણી સાંભળવા મળી તો લાવ હું એની કદરરૂપે બે પૈસા જ્ઞાનખાતાની પેટીમાં નાખું ? મહારાજને પૂછું 'સાહેબ આવી ઉમદા દેશના આપવાનો મહાન ઉપકાર આપે અમારા ઉપર કર્યો, તો અમે તો બહુ આભારી બન્યા છીએ. માટે મારા યોગ્ય કોઈ એવું સારું સુકૃત કરવાનું સ્થળ બતાવો, એમાં પૈસા મારા ખર્ચાશે, તો કૃતજ્ઞતા અદા થશે, આપનો બહુ ઉપકાર માનીશ', આવું કોઈ વારે ય કહેલું ખરું ?

ના, ધર્મનો ભાવ તો ભોગ આપ્યા વિના જ મફતમાં ઊભો થઈ શકે છે એવું હૈયે સજ્જડ કોતરી રાખ્યું છે. એટલે એના માટે કોઈ કિંમત આપવાનું સ્વપ્ને ય મનમાં આવતું નથી.

ઈતર દર્શનો પણ કહે છે કે

**'रिक्तपाणिर्न पश्येद्धि दैवतं सद्गुरुं तथा ।'**

**અર્થાત્, ખાલી હાથે દેવ-ગુરુનું દર્શન** ન કરવું. કેમ આમ કહેવાય છે ? એટલા જ માટે કે કંઈ પણ ભોગ આપો ત્યારે દેવ-ગુરુનાં દર્શનની કિંમત સમજાય છે, ને ભાવ ઊભો થાય છે.

મફતિયા ચોપડી લઈ જાઓ તો ઘરે જઈ એકવાર આમતેમ ઊથલાવ્યા પછી ગમે ત્યાં રખડતી મૂકી દેવાય છે; પણ કિંમત આપીને લઈ ગયા હો તો કાળજીથી ઊંચે મૂકાય છે. મનને થાય છે કે 'પૈસા ખર્ચ્યા છે.' શું થયું ? પૈસાના ખરચે કિંમત સમજાણી અને એટલો ભાવ ઊભો કર્યો.

**ભગવાનની પહેલી પૂજા** એમ ને એમ કરવાની મળે ત્યાં અને ઉછળામણી બોલીને કરવા મળે ત્યાં પૂજાના ભાવમાં ફરક પડે છે એવો અનુભવ છે ને ? એમાંય વધારે મોટી ઉછળામણી બોલીને કરવા મળે ત્યાં વધારે ભાવનો રંગ ચડે છે ને ? પૈસાનો ભોગ આપવાથી ભાવ ઊભો થાય છે.

**ઘરે આચાર્ય મહારાજનાં પગલાં** કરાવ્યાં ને એ નિમિત્તે હજાર રૂપિયાનું સુકૃત કરો, તો વર્ષો સુધી ભાવભરી યાદગીરી થાય છે કે આચાર્ય મહારાજનાં પગલાંથી પાવન થયા હતા.

**પ્રતિષ્ઠા ઉપધાનમાળ** વગેરે સારી ઉછળામણીથી લીધા હોય તો ઊંચા ભાવ સાથે એની અનુમોદના થયા કરે છે. મફતમાં લીધું હોત તો એ થાત ?

વાત આ છે કે ધર્મનાં કાર્ય ભોગ આપીને, કંઈક ઘસાઈને, કર્યા હોય તો એમાં અનેરો ભાવ જાગે છે. એક કૃતજ્ઞતારૂપે પણ શું આ ન બને ? શું મનને એટલું ય ન થાય કે જ્યારે ધર્મ મને અઢળક પુણ્ય આપે છે કે જેનાં ફળરૂપે પરલોકમાં ભારે સુખ સગવડ અને સદ્ગતિ મળવાની છે, તો હું એની કૃતજ્ઞતારૂપે અહીં થોડો

પણ ભોગ ન આપું ? થોડો પણ પૈસે ન ઘસાઉં ?' આ કૃતજ્ઞતાનો વિચાર જો રહેતો હોત તો આજે સાધારણ ખાતામાં તોટાની બૂમ ન રહે; કેમ કે મંદિર-ઉપાશ્રય જ્યારે અઢળક પુણ્ય આપે છે, તો એની કૃતજ્ઞતારૂપે એકે એક જણ પોતાની શક્તિ ખર્ચીને પૈસા આપ્યે જ જતા હોત. દુનિયાની ચીજભાવ મેળવવા પાછળ રોજિંદા ખર્ચ હોય છે, તો આત્માને ગુણ અને પુણ્ય મેળવવા પાછળ રોજિંદા ખર્ચ ન હોય ? દુનિયાનો માલ મફતમાં મળતો નથી, ને ધર્મ-પુણ્ય વગેરે તો મફતમાં આંચકી શકીએ છીએ, એમ ? કઈ અક્કલ પર આ ડીંડવાણું ચાલી પડ્યું છે ?

**પેલો અગમલાલ વાણિયો** મહાત્મા પાસેથી મંતર જંતર ઝંખે છે, પણ મફતમાં ! છતાં મહાત્માને તો એને કાંક પમાડવું છે એટલે કહે છે, 'કશો ખર્ચ નહિ કરવો પડે. તમારા ભાવ છે તો ઘણું છે. માત્ર એક ચોખ્ખું તાંબાનું નાનકડું પતરું લાવજો. એમાં વિધિ કરીને મંત્ર આલેખી આપવાનો છે. પછી એ તમારે ઘરે લઈ જઈ પૂજીને એના પર મનવાંછિત લાભ મેળવવાનો.'

**જાપમાં ઠપકો :-**

બસ, વાણિયો ખુશ ખુશ થઈ ઘરે ગયો, બીજા દિવસે પતરાં સાથે હાજર ! મહાત્માએ વિદ્યામંત્રનો પટ ખોલી સામે બેસાડી પોતે જાપ કર્યો, ને પેલાને પણ કરાવ્યો. એક દિવસ, બે દિવસ, ત્રણ દિવસ થયા, એટલે હવે મહાત્મા એને કહે છે. 'જુઓ અગમલાલ, હવે આ મંત્ર કાલે સિદ્ધ થઈ જવાનો. એ હું આ પતરાં પર આલેખી આપીશ. પણ તમારે એક વાત નક્કી કરવી પડશે.'

પેલો કહે 'બોલો મહારાજ શી વાત ? ખુશીથી હું નક્કી કરીશ.'

**લાકડી પરલોકમાં પહોંચાડવાની :-**

વાત તો જાણે એ છે કે 'આ મારી નાની લાકડી પણ જોડે મંત્રેલી છે, તે તમારે મને પરલોકમાં હું માગું ત્યારે દેવાની; અને આ પતરું તો તમને અહીં ને અહીં જ હું આપી દઈશ, જે તમને મનમાન્યા પૈસા આપશે. આ મંત્ર એવો છે કે સાધક અને ઉત્તર-સાધક બન્નેના વાંછિત પૂરે; પણ બેનો મેળ ખાય તો જ. તો મારે અહીં તો કંઈ જોઈતું નથી, પરંતુ પરલોકમાં આ મંત્રેલી લાકડી કામ આપે એવી છે, માટે તમારે મને એ પહોંચાડવી પડે; ત્યારે દેવા આવવું પડે.'

અગમલાલ તો સાંભળીને સજ્જડ થઈ ગયો. કહે છે, 'મહારાજ ! એ તો કેમ બને ?'

મહાત્મા કહે, 'અરે ? એમાં શું છે ? તમારી આટલી બધી સંપત્તિ જ્યારે સાથે લઈ જશો તો એના ભેગી શું મારી આટલી નાની લાકડીનો ભાર વધી પડશે ?'

'અરે બાપજી ! ભાર તો કાંઈ નહિ, પણ મારી ય સંપત્તિ હું ક્યાં પરલોક



લઈ જઈ શકું એમ છું ?'

**ઘોર પરિશ્રમની લક્ષ્મી પડતી મૂકી મરવાનું ? :-**

'શી વાત કરો છો ? તો પછી આ મંત્રથી ધનના ઢગલા કરવાના તે ય એમ જ અહીં પડતા મૂકીને જવા માટે ?'

'ત્યારે બાપજી ! એમ ઇચ્છું તો ય શું એક રાતી પાઈ પણ સાથે લઈ જઈ શકું એમ છું ? કશું જ નહિ. આપ તો જાણો જ છો કે બધું અહીંનું અહીં જ પડ્યું રહે, ને જીવને ખાલી જવું પડે. પછી કેમ આમ પૂછો છો ?'

**મહારાજનો ભવ્ય ઉપદેશ :-**

'હું આંખ ઉઘાડવા પૂછું છું કે જે પૈસા અહીં મૂકીને જવું પડશે, એની શું એટલી બધી વેઠ ને ઘેલછા કરવાની કે એ અહીં પડ્યા રહેવા છતાં એનાં પાપનો મોટો બોજ ઉપાડી લઈ જવો પડે ?

**'જાણો છો ને કે પૈસા આપણને છોડે છે, પણ પાપ આપણને નથી છોડતા ?** કઈ અક્કલથી આ પૈસાટકા અને મોજમજા પાછળ આંધળા થઈ મંડી પડ્યા છો ? કાંઈ જ ભાનબાન નથી ? સરાસર મૂર્ખતા ? જનાવર-કીડા-મંકોડા વગેરેના ત્રાસ નજરે નિહાળો છો ને ? ને શાસ્ત્રથી નરકનાં કારમાં દુઃખ સાંભળ્યા છે ને ?'

**નરકનાં કારમાં દુઃખ :-**

"જનમતાં જ કુંભીમાં ઉત્પન્ન થાય તે લાંબી સાંકડી નળીમાંથી એને બહાર કાઢવા માટે પરમાધામી તીક્ષ્ણ સાણસાથી ટૂકડે ટૂકડે કાપી કાપીને બહાર ખેંચી કાઢે છે ! કાઢ્યા પછી તલવાર-ભાલાથી એના ટૂકડે ટૂકડા કરે છે. પાછું કર્મ એવું ચીકણું કે શરીર આખું પારાની જેમ સંધાઈ જાય છે. ત્યાં પરમાધામી એને ટાંગાથી પકડી શિલા પર ધોતિયું કૂટવાની જેમ પછાડી કૂટે છે ! પાછો એને યંત્રમાં ઘાલી શેરડીનો રસ કાઢવાની જેમ પીલે છે. વળી મકાઈ ડોડાની જેમ ધખધખતી આગની ભઠ્ઠીમાં ઘાલી ફેરવી ફેરવીને શેકે છે ! પાછો બહાર કાઢી જમીન પર સુવાડી તીક્ષ્ણ ભાલાઓ આખા શરીરના ભાગોમાં ભોંક ભોંક કરે છે ! એક પરમાધામી એવા દારુણ જુલ્મ કરીને જાય ત્યાં બીજો પરમાધામી આવી વળી નવી જાતના જુલ્મ વરસાવે છે. આવાં દુઃખોમાં જઈ પડવું, પડ્યું ત્યાં કોણ બચાવવા આવશે ? આ પૈસા ? આ મોજમજા ? શું સમજીને એની પૂંઠે પડ્યા છો ? ભાન નથી ?"

અગમલાલ સ્તબ્ધ થઈ ગયો. એની આંખ સામે જગતના જીવોનાં દુઃખ તરી આવ્યાં, 'હાય ! એ મને આવે તો કેમ સહ્યા જાય ?' એવો ધ્રાસ્કો પડ્યો. 'જીવન આખું ય ઘોર પાપની રમત કરી છે તો મારું શું થશે ?' એવો સજ્જડ આંચકો

લાગ્યો. આંખમાં પાણી આવી ગયાં, કહે છે,-

'મહારાજ ! મહારાજ ! આજે તમે મારી આંખ ખોલી નાખી. મારા પાપી જીવન પર મને તિરસ્કાર છૂટે છે. મારું શું થશે ? મારો તો કોઈ પરભવે બચાવ જ દેખાતો નથી. આ મારા ઘરવાળાં કહેતાં હતાં કે આ શું લઈ બેઠા છો ? પણ હું માનતો નહોતો. બાપજી ! મારું શું થશે ?'

મહાત્મા આશ્વાસન આપે છે,

**'મુંઝાશો નહિ, જીવતા છો ત્યાંસુધી હજી પાપ ધોવાને તક છે. મરી ગયા પછી તક ગઈ.** પહેલો શ્રેષ્ઠ ઉપાય તો સંસાર છોડી ચારિત્ર લો.'

'એ તો બાપજી ! એકદમ કેમ બને ?'

મહાત્મા કહે, 'તો પછી નથી ને કદાચ એકદમ નરક-તિર્યંચ ગતિમાં જવાનું થયું તો એકદમ જ ઘોર ત્રાસ વેઠવાનું બની શકશે ને ? ખેર, એમ કરો, હોંશથી પૈસા ભેગા કરવાનું કર્યું છે. એનાથી બેવડી, ચારગુણી, દસગુણી હોંશ સાથે પરોપકાર કરો, સુકૃત કરો, વ્રતનિયમમાં આવો, ત્યાગ-તપસ્યા કરો. કહો, આ તો બનશે ને ?'

'હા મહારાજ ! એ તો જરૂર કરીશ. એ કરતાં કરતાં મનોબળ પણ કેળવીશ. હવે જરાક કહું ? આ મંત્ર પૂરો કરી આપો તો એનાથી જે વધારે નાણાં મળશે, એનાથી વધારે પુણ્ય-દાન કરી શકીશ.'

**પુણ્ય કરતાં માયાની લપ સાથે લાગે એ ભયંકર :-**

મહાત્મા સમજાવે છે, 'અરે ભલા માણસ ! એથી પુણ્ય તો સાથે આવશે, પણ પૈસાની માયાની લપ સાથે લાગશે એનું શું ? એ ભારે પડી જશે. શું અહીં જ નથી અનુભવ્યું કે ધનની મોહમાયામાં કેટલાં કાળાં કર્યા છે ? દેવ-ગુરુ-ધર્મને કેવા ભૂલ્યા છો ? એ ધનતૃષ્ણાની લપ પાછી ઊભી રાખવી છે ? આત્માને બચાવ નહિ મળે એથી. સુકૃત તો હોય એમાંથી કરો. બાકી અનેકવિધ મૂર્ચ્છાત્યાગનો મોટો ધર્મ કરવાનો છે. સિવાય શાસ્ત્રાધ્યયન અર્હદ્ભક્તિ વગેરે કેટલીય ધર્મપ્રવૃત્તિ કરવાની છે. બસ, હવે તો આત્માના બચાવ માટે એમાં લાગી જાઓ.'

**મહાત્માની વેધક વાણીથી અગમલાલનું જીવન સુધરી ગયું.** આત્માના બચાવની ચીજ મુખ્ય કરી દીધી. દાનાદિ ધર્મથી જીવન ઝગમગતું કરી દીધું.

**પેલા રાજકુમારની દૃષ્ટિ** આત્માના બચાવ તરફ છે, એટલે અહિંસા-વ્રતનું પાલન સચોટપણે કરવાનું રાખ્યું છે. દુશ્મનના સુભટોને પડકાર ફેંક્યો 'ચલાવો તમારી તાકાત હોય તો શસ્ત્ર-તામસ ભાવમાં રાચતા તમને એ જ આવડે છે. પણ હું જરાય ગભરાતો નથી, કે તમને અજાણમાં રાખી ચોરીચૂપકીથી મારે ભાગી જવું



નથી. પણ મારે જોવું છે કે તમારું કયું એકે ય શસ્ત્ર ચાલી શકે છે.'

કુમારને પોતાના ત્રિકરણશુદ્ધ શીલ પર અટલ વિશ્વાસ છે, પોતાના શુભ અધ્યવસાયોથી ભરચક ભર્યા જીવનમાં વધી રહેલા પુણ્યપ્રાગ્ભારની ખાતરી છે. હૃદય ખૂબ જ ફોરું અને સ્વચ્છ બની ગયું છે. તેથી ભારે સ્વસ્થતા છે.

**કોણ સુખી અને સમૃદ્ધ ? :-**

ત્રિકરણશુદ્ધ શીલમાં રમનારો ગરીબ પણ સુખી ? કે મોટો શેઠિયો છતાં મન-વચન-કાયાથી દુઃશીલ-કુશીલતા આચરનારો સુખી અને સમૃદ્ધ ?

ગરીબી છતાં મોટા ભાગે શુભ અધ્યવસાયમાં ઝીલનારો ? કે શ્રીમંત યા સમ્રાટ છતાં અશુભ વિકલ્પો-વિચારો-લાગણીઓમાં તણાનારો ? કોણ સુખી ?

**ખરી ગરીબી કઈ :-**

ગરીબીથી મનને ઓછું આવે છે ને ? શા સારુ ઓછું લગાડો છો ?

ખરી ગરીબી તો શુભ અધ્યવસાય, શુભ વિકલ્પો, ને શુભ લાગણીઓ ન હોય એ છે. એ રોવા જેવી છે; કેમકે આ શુભ ભાવોની એવી એક સુંદર મૂડી છે કે જેનાથી અહીં પણ સુખ-શાંતિ અનુભવી શકીએ છીએ, અને ભવાંતરે તો અપરંપાર સુખનો ભોગવટો મળે જ છે.

**શુભ અધ્યવસાય એક જબરદસ્ત મૂડી :-**

શુભ અધ્યવસાય સતત રાખ્યે જ જઈએ એ એક નાણું ભેગું થતું જાય છે. એથી અહીંના બાહ્ય ગમે તેવા સંયોગોમાં આત્મા હૃદય સ્વસ્થ અને મસ્ત રાખી શકે છે. કારણ કે હૃદય એવું ટેવાઈ ગયું છે. ત્યારે માટીના કૂકા તો ઘણા ય હોય પણ હૃદય સ્વસ્થ ન હોય, અસ્વસ્થતા, ચિંતા, સંતાપ સળગતા હોય, તો સુખ શાનું ? ચોક્કસ ચીવટ અને પુરુષાર્થ રાખી ચિત્તના વિકલ્પ, અધ્યવસાય બગડવા ન દેવા અને શુભ રાખ્યા કરવાનું કરાતું હોય તો દિવસો-મહિનાઓ કે વર્ષોના અભ્યાસ પછી એની ટેવ પડવા માંડે છે. પછી સહેજે સ્વસ્થતા રાખી એમાં રમવાનું બને છે. એ જ મોટું સુખ છે. કહે છે ને કે,

**'જ્ઞાનસમું કોઈ ધન નહિ, સમતા સમ નહિ સુખ'**

સમતા-સ્વસ્થતા જેવું કોઈ સુખ નથી. તેમ અધ્યવસાય શુભ એટલે સાચું જ્ઞાન; એના સમાન કોઈ ધન નથી. શાસ્ત્રબોધ તો ઘણો મેળવ્યો હોય, પણ એનો ઉપયોગ શુભ અધ્યવસાય રાખવામાં આવડે નહિ, તો અશુભ અધ્યવસાય રહેવાના. ત્યાં એ બોધ જ્ઞાનરૂપ ન બને. જ્ઞાન તો દીવો છે, હૃદયમાં અજવાળું કરે.

**શુભ અધ્યવસાય એ અજવાળું, અને અશુભ અધ્યવસાય એ અંધકારપટ.** અજવાળું ન કરે એ જ્ઞાન-એ દીવો શાનો ? શાસ્ત્રબોધ પ્રકાશ કરે તો દીવારૂપ

બને, જ્ઞાનરૂપ બને. શુભ અધ્યવસાયમાં જે અલ્પ પણ બોધ કામ લાગતો હોય તે દીવો છે, જ્ઞાનરૂપ છે. એનાથી પ્રાપ્ત થતી સમતા, સ્વસ્થતા એ સુખ છે. જીવનભર એ ભોગવી શકાય. માષતુષ મુનિ એવા દીવાવાળા હતા, ભલે જ્ઞાન અલ્પ હતું..

**ત્યારે પરલોક દૃષ્ટિએ શુભ અધ્યવસાયોથી**

(૧) એક બાજુ શુભ કર્મના જથ્થા એકત્રિત થયેલા તે પરભવે સારી સદ્ગતિ-સગવડ-સામગ્રી આપે છે; ને

(૨) બીજી બાજુ ઊભા થયેલ રકમબંધ સુસંસ્કાર અહીં ચિત્તને સંકલેશ થવા દેતા નથી. ભોગ તો ઊંચા ભોગવતો હોય પણ અસંક્લિષ્ટ ભોગ; અર્થાત્ જેમાં કોઈ સંકલેશ નહિ, તીવ્ર રાગ-દ્વેષના પરિણામ-અધ્યવસાય નહિ. તેથી જ ભોગવટો બાદશાહી ! સંક્લિષ્ટ ચિત્તવાળાને તો સંક્લેશના યોગે ગરીબડાપણું-દીનતા-આવેશ વગેરે હોય છે. બાકી ત્યાં સંક્લેશ નહિ એ પૂર્વ જીવનમાં અભ્યાસ કરેલા શુભ અધ્યવસાયનાં ફળરૂપે સહજ બની જાય છે.

સારાંશ, ચિત્તના અધ્યવસાય જરાય ન બગડવા દેવા એ એક મહાન આશીર્વાદરૂપ જબરદસ્ત સુંદર પુરુષાર્થ છે.

**અધ્યવસાય ન બગડે એના ઉપાય :-**

**પ્ર.**- જીવનમાં- અનેક વિષમ સંયોગો આવે ત્યાં અધ્યવસાય કેમ ન બગડે ?

**ઉ.**- જુઓ એના કેટલાક ઉપાય છે; દા.ત.,

(૧) સામાન્ય રીતે આપણને નિષેધાત્મક-અભાવમુખી દૃષ્ટિથી જ જોતાં આવડે છે. 'આ ફલાણું બરાબર નથી. અમુકનું ઠેકાણું નથી. અમુક બગડી ગયું છે. પેલા ખરાબ ને ઓલ્યા ખરાબ...' આવું આવું જ જોતાં આવડે છે. હવે એમાં સુધારો કરી વિધેયાત્મક દૃષ્ટિથી યાને સદ્ભાવમુખી દૃષ્ટિથી જ જોવાનું કરવું. અર્થાત્ ઠેકાણું નથી ત્યાં ય સારું શું છે ? બગડી ગયેલામાં ય હજી નહિ બગડેલું કેટલું ? જેની પાસે તદ્દન અનુકૂળતા નથી એના કરતાં હજી પણ આપણી પાસે અનુકૂળતા કેટલી ઊભી છે ? પ્રતિકૂળ લાગતું પણ કઈ બીજી દૃષ્ટિએ લાભમાં છે ?...ઇત્યાદિ જોવું.

(૨) સુખદુઃખ કાયમ ટકતાં નથી, એ સિદ્ધાન્ત ઉપર વર્તમાન આપત્તિ પણ એક દિ' જશે એ આશ્વાસન રાખવું.

(૩) જેને વિષમ સંયોગ કહીએ છીએ તે અમુક દૃષ્ટિએ, અર્થાત્ આપણા તુચ્છ સ્વાર્થનો ભંગ થવાની દૃષ્ટિએ. પરંતુ એ સિવાય બીજી કોઈ મહાન દૃષ્ટિ છે કે નહિ ? આધ્યાત્મિક દૃષ્ટિએ જોવાનું ખરું કે નહિ ? કમમાં કમ આપણને આપત્તિની સામે સ્વસ્થ-અવિકૃત રહેવાની શક્તિ માપવા અગર કેળવવાની તક મળી, એ એક વિષમ નહિ પણ સમ સંયોગ છે.



(૪) એમ ક્ષમા, સમતા, ત્યાગવૃત્તિ, અહંકારનો નિગ્રહ વગેરે આત્મોદ્ધારક મહાન ગુણો કેળવવાની તક મળી એ પણ સુખકારી સંયોગ મળ્યો કહેવાય. શો વિષમ સંયોગ છે ? સામાના ક્રોધીલા સ્વભાવમાં આપણને ક્ષમા-સમતાની તક મળી. સામો અપમાન અવગણના કરે છે તો આપણા અહંકારને દબાવવાની તક મળી, ત્યારે સારાસારીમાં વળી શી ક્ષમા-નમ્રતા કેળવાય ? લખી રાખો, **ક્ષમાની કમાઈ ક્રોધના બજારમાં, ક્રોધના વાતાવરણમાં થાય છે.**

એમ વિષમ સંયોગ તરીકે માલની અછત મોંઘવારીમાં ત્યાગવૃત્તિ કેળવવાની તક મળે છે. ચઢી જાઓ ત્યાગ પર. એમ ઇચ્છાનિરોધ-તૃષ્ણાનિગ્રહની તક મળે છે.

શરીર બિમારીમાં આરંભ-આશ્રવો રોકવાની, અગર અશુભ વેદનીય કર્મ ઓછા થવાની, ને ભયંકર આપદાઓ વેઠેલ નળ-દમયંતી, પાંડવો, રામ-સીતા, વગેરે તેમ ભયંકર ઉપસર્ગ વેઠેલ મહાવીર પરમાત્મા વગેરે મહાપુરુષોને ખરેખરા યાદ કરવાની તક મળે છે. આ તકોનો ઉપયોગ એ કોઈ નાનોસૂનો લાભ નથી.

(૫) વિષમ સંયોગોમાં પણ માનવભવ અને જિનશાસનની હાજરાહજૂરતા એ મહાન સમસંયોગ છે એનાં આલંબને બાહ્ય-આભ્યન્તર કેટલીય આરાધના કરી શકીએ છીએ. એનો મહાન સંતોષ મૂકી બાહ્ય વિષમતાને શું રોયા કરવી ?

(૬) ભવિતવ્યાતા એવી જ હશે યા કર્મનો નિર્ધારિત ઉદય એવો જ હશે કે આમ જ બને. તો નિર્ધારિત વાતમાં મન શું બગાડવું ? ખાઈએ એટલે શરીરમાં મળ ઊભો થાય જ. અને એનો નિકાલ કરવા પાયખાને કે જંગલમાં જવું જ પડે, અશુચિ પોતાના હાથેથીજ સાફ કરવી પડે, આ બધું નિર્ધારિત સમજી મૂક્યું છે. તો એમાં મન ક્યાં બગડે છે ? "એ તો એમ જ ચાલે" એમ મન સાબૂત છે. બસ, એવું વિષમ સંયોગોમાં બનાવવાનું, પછી અધ્યવસાય શું કામ અશુભ થાય ? શું કામ બગડે ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૩,અંક-૧૯,તા.૩૦-૧-૧૯૬૫**

(૭) એક મહાન ઉપાય આ છે કે એ નક્કી કરવું જોઈએ કે આપણે આ જિનશાસન સાથેના મનુષ્ય ભવમાં કોને પરણ્યા છીએ ? અર્થાત કોની સાથે હૈયાનો મુખ્ય સંબંધ ધરાવીએ છીએ ? ત્રિલોકનાથ ભગવાન અરિહંત દેવ અને એમણે આપેલ મોક્ષ-ઉપાયો સાથે ? કે જડ કાયા-માયા અને ચિત્તના દોષો મદ-તૃષ્ણા વગેરે ચંડાળ-ટોળકી સાથે ? કોની સાથે હૈયાનો મુખ્ય સંબંધ છે ? જો પહેલા સાથે, તો બીજાના આઘા-પાછામાં મન બગાડવાનું કામ નથી. સીતા રાજ્ય કે

લક્ષ્મીને નહિ પણ રામને પરણી હતી, એને રામ સાથે મુખ્ય સંબંધ હતો, તો વનવાસમાં એમની સાથે જવામાં એને જરા પણ આંચકો ન આવ્યો, મનને ઓછું ન આવ્યું કેમકે એની પાસે રામ સલામત હતા. એમ આપણી પાસે પરમાત્મા અને શાસન સલામત છે. પછી શું કામ મનને ઓછું લાવી અધ્યવસાય બગાડીએ ? જો બગાડવું છે તો એમ કહો કે 'ભગવાન અને એમના શાસનને નહિ પણ બહારની દુનિયાને પરણ્યા છીએ.'

**પ્ર.**- પણ બહારના વિના જીવનનું ગાડું ક્યાં ચાલે છે ? સાધુ મહારાજને ય કાયા સંભાળવી પડે છે.

ઉ.- અરે ! બહારના વિના ચાલતું નથી પણ એ બહારનું તમારા હાથમાં છે ક્યાં ? ઊંચા-નીચા થાઓ એમાં એ સુધરી જાય ? એ તો પુણ્યની નાણાં કોથળી મુજબ જ મળે છે, રહે છે, ભોગવાય છે, બહારના વિના ચાલતું નથી એની ક્યાં માંડો છો ? એમાં તો વલખાં મારો એ સરાસર નિષ્ફળ છે. કાંઈ ઊપજવાનું નથી વલખાનું, કે મલિન અધ્યવસાયોનું. પુણ્યની જેવી જેવી ચિઠ્ઠી ફાટશે એટલું જ પામવાનું છે.

માટે જ જ્યાં આપણું ઊપજે નહિ, જે આપણા કહ્યામાં નહિ, જે આપણી ઈચ્છાનુસાર ચાલે નહિ એવા સાથે હૈયાનો મુખ્ય સંબંધ રાખવાની મૂર્ખાઈ કરવા કરતાં જ્યાં આપણું ઊપજે છે, આપણી ઈચ્છા ખરેખર પૂરાય છે, એવા પરમાત્મા અને એમનાં શાસન ને એમના ધર્મ સાથે જ મુખ્ય સંબંધ કાં ન જોડી રાખીએ ?

માનેલા વિષમ સંયોગમાં પણ આવા એક યા અનેક ઉપાય વિચારી ચિત્ત બગડતું અટકાવી શકીએ છીએ ને શુભ અધ્યવસાય કેળવી ટકાવી શકાય. બીજું કાંઈ ન જડે ત્યાં પણ આ એક જબરદસ્ત ઉપાય છે, કે,-

(૮) મન બગડવાનું લાગતાં જ ઝટ મનમાં 'અરિહંતા મે સરણં, સિદ્ધા મે સરણં, સાહુ મે સરણં, કેવલિપન્નત્તો ધમ્મો મે સરણં,' એ રટના ચાલુ કરી દઈએ, તે પણ ગદ્‌ગદ દિલે, એમ સમજીને કે 'હે પ્રભુ ! આ વિકલ્પકારી પ્રસંગમાં મને કાંઈ સમજ પડતી નથી, મારે કોઈ આધાર-આશરો નથી, મારે કોઈ નથી, મારે તમારો જ આધાર છે, આશરો છે, હું તમારા શરણે છું. નાથ ! કમમાં કમ મારું મન ન બગડે એવી કૃપા કરજો. ચિત્તસમાધિ આપજો. મને પાક્કી શ્રદ્ધા છે કે જરૂર તમારા શરણે મારું ચિત્ત સ્વસ્થ રહેશે.'

અભ્યાસ કરવો પડશે, આ ઉપાયોની વારંવાર ભાવના કરવી જોઈશે. તો જ અવસરે વિષમતામાં પણ એ શુભ અધ્યવસાય રાખવા બળ આપશે.

આ ભાવનાનો વારંવાર અભ્યાસ નથી કરવો, કિંમતી મનથી કિંમતી કામ



નથી લેવું, ને રોદણાંનો વારંવાર અભ્યાસ રાખવો છે. અરે ! કિંમતી મનથી કચરા કામ લેવું છે, તો કશું વળશે નહિ; લખી રાખો.

રાજકુમાર શીલ અને શુભ અધ્યવસાય બળ ઉપર મુસ્તાક છે, નિશ્ચિન્ત છે, દુશ્મન સુભટોના તામસ ભાવથી જરાય ગભરાતો નથી; પડકાર કરે છે, 'તમારી તાકાત હોય તો ભલે શસ્ત્ર અજમાવો !' ખાતરી છે એને કે પોતાના શીલ અને શુભ અધ્યવસાયના બળ પર કશું નહિ થાય ને પૂર્વના તેવા કોઈ નિકાચિત પ્રબળ કર્મના ઉદયે કદાચ ઘા પડે, તો પાસે શુભ અધ્યવસાયનું બળ અખંડિત રહેવાનું હોઈ ઘા પડવામાં પણ કશું બગડવાનું નથી, એ પણ વિશ્વાસ છે.

**સુભટો સ્તંભિત :-**

બસ, કુમારના શીલના મજબૂત પાયા ઉપરના પડકાર પર તીક્ષ્ણ તલવાર-ભાલા વગેરે શાસ્ત્રોના ઘા કરવા જતાં સુભટો એમ જ શિલા જેવા પાકા સ્તંભિત થઈ ગયા ! ન હાલી શકે, ન ચાલી શકે, ન ઘા લગાવી શકે ! ઘણુંય મથ્યા હાલવા ને પ્રહાર કરવા, પણ શીલના પ્રખર પ્રભાવે એમને જરાય ચસકવા દીધા નહિ. બિચારા ડોળા ફાડીને કુમાર સામે જોઈ રહ્યા, શું કરે ? ગમ પડતી નથી કે આમ કેમ બની રહ્યું છે. વાત પણ સાચી, કે

તામસ ભાવમાં રમનારને આધ્યાત્મિક અચિંત્ય શક્તિ અને એનાં અદ્‌ભુત ફળનો ખ્યાલ ન આવે.

**સુખ-સંપત્તિ શેનાથી મળે :-**

બોલો, **'પ્રભુ નામે આનંદકંદ સુખસંપત્તિ લહીએ'** આવી પાર્શ્વનાથ ભગવાનના નામની અદ્‌ભુત શક્તિ હૈયે બરાબર વસી ગઈ છે ? **ૐ હ્રીં વર્ણ જોડી કરી જપીએ પારસનામ; વિષ અમૃત થઈ પરગમે' આ 'ૐ હ્રીં પાર્શ્વનાથાય નમઃ'** ના જાપનો પ્રભાવ હૈયે જચી ગયો છે ? જો ના, તો શું કારણ છે ? આ જ કે આનંદ કે સુખસંપત્તિ તો બજાર વગેરે કરવાથી જ મળે, એનાં સાચાં સાધન એ જ, એવા તામસ ભાવની રમણતા છે. ઝેર તો દવા-ઓસડિયાથી જ નાબૂદ થાય એવો તામસ ભાવ હૈયે વસેલો છે. પછી ત્યાં પેલી આધ્યાત્મિક શક્તિ હૈયામાં ક્યાંથી ઠસે ? અને ઠસે જ નહિ તો એનું જ મુખ્ય આલંબન કરવાનું ક્યાથી સૂઝે !

**આધ્યાત્મિક બળ સાધો.**

છતે આધ્યાત્મિક પરિબળો મળ્યે, જીવન એને સિદ્ધ કરવા સિવાય એમ જ વેડફી નાખશો ? અલબત્ત તુચ્છ લાલચ માટે એ આધ્યાત્મિક બળ સિદ્ધ નથી કરવાનાં; પરંતુ નિરાશંસ ભાવે તો સિદ્ધ કરવા જોઈએ ને ? શું એના પર એવો વિશ્વાસ લઈ ન ફરીએ કે કદાચ ક્યાંક અવસર આવી લાગ્યો તો હું મારી નવકાર-

સિદ્ધિ વગેરે પર સામાનું ઝેર ઉતારી દઉં ? સામાની કોઈ તેવી ભયંકર પીડા શમાવી શકું ? આ બની શકે, પણ પહેલાં આપણે દિલના અથાગ ઉછળતાં વિશ્વાસ અને સમર્પણથી અરિહંતાદિ પરમેષ્ઠિ-નમસ્કાર, પાર્શ્વનાથ ભગવાનનું સ્મરણ, તેવા કોઈ સ્તોત્ર વગેરેને સિદ્ધ કરીએ. આધ્યાત્મિક ઉપાય જે અંતરાયકર્મનો નાશ કરીને કાર્યસિદ્ધિ સરળ સુલભ બનાવી શકે, એ તાકાત બાહ્ય ભૌતિક ઉપાયોમાં ક્યાંથી હોઈ શકે ?

**કુમારને મૂર્ચ્છા :-**

હવે અહીં કુમારની વાણી ઉપર દુશ્મનના સુભટો તો નિશ્ચલ બની ગયા, કિન્તુ એક આશ્ચર્ય એ થયું કે કુમાર પોતે મૂર્ચ્છિત બની ધસ કરતાં ધરણી પર ઢળી પડ્યો !

કેમ મૂર્ચ્છા ? કેમ ઢળી પડવાનું ? કોઈ ડર તો હતો નહિ, ને હવે તો ઊલટું સામે સુભટો નિશ્ચલ સ્થિર શિલા જેવા થંભી ગયા છે, પછી ડરવાનું-ગભરાવાનું તો હોય જ શાનું ? ત્યારે કોઈને એણે માર્યા નથી યા પોતાના નિમિત્તે કોઈને એમ જ મરવા-કરવાનું બન્યું નથી કે જેથી એનો આ દયાભર્યા દિલને આઘાત લાગી ગયો હોય. તો પછી મૂર્ચ્છાનું શું કારણ ? કારણ અદ્‌ભૂત છે.

**કુમારને અવધિજ્ઞાન :-**

સુભટો નિશ્ચલ થઈ થંભી ગયા એ આ કુમારે પોતાના શીલનો જાગતો પ્રભાવ જોયો; ત્રિકરણશુદ્ધ શીલની ખાતરી ય થઈ; એના પર શુભ અધ્યવસાયની ધારા એવી વધતી ચાલી કે એથી એને અવધિજ્ઞાનાવરણ કર્મના ફૂરચા ઊડ્યા ! કર્મનો ક્ષયોપશપમ થયો અને અવધિજ્ઞાન પ્રગટ થયું ! તે પણ અસંખ્ય ભવ સાક્ષાત્ જોઈ શકે એવું ! એમાં એણે જે પોતાની દુઃખદ સ્થિતિ જોઈ, અહીંની અને પૂર્વ ભવની આરાધનાની સામે પોતાની બહુ પૂર્વના ભવોમાં જે જાલિમ દુર્દશા નિહાળી, એના પર એ એવો ચોંકી ઊઠ્યો કે મગજ ઘૂમ થઈ ગયું, ભાન ચાલ્યું ગયું, અને મૂર્ચ્છિત થઈ ગયો ! ધસ પડ્યો ધરતી પર !

આપણે ખુશમિશાલ કેમ ફરી શકીએ છીએ ? પૂર્વની ભયંકર દુર્દશા, નરક-તિર્યંચ ગતિનાં કારમા દુઃખ-ત્રાસ-રિબામણ વગેરે નજર સામે નથી માટે. શાસ્ત્રવચનથી જો એ પ્રત્યક્ષવત્ નજરમાં આવ્યા કરે તો અહીંના બધાય તુચ્છ-અસાર હર્ષકલ્લોલ અને લાલાચેન સુકાઈ જાય. મનને થાય કે એવા લાખો-કરોડો ભવોમાં દુઃખનાં ડુંગરા, અપમાન-તિરસ્કાર-અવગણના, કચરામણ-છુંદામણ-પિસામણ, ભૂખ-તરસ, રોગ-શોક વગેરે ભોગવી આવેલો હું મૂઢ અહીં અલ્પ કાળના અને અતિ અલ્પ પ્રમાણનાં માન-સન્માન કે ખાનપાનમાં શું જોઈને રાચી રહ્યો છું ? કૂતરાને આખો દિવસ હડધૂત-મારપીટ મળતી હોય ને ક્ષણવાર કોઈ



પંપાળે-ખીલાવે કે ટૂકડો રોટલાનો દેખાડે એમાં એ પૂંછડી પટપટાવે, પગ આગળ આળોટી આનંદ-ઉલ્લાસ બતાવે, એ કેવો લાગે ? 'અલ્યા પૂર્વના દીર્ઘ દુઃખ તો જો, અને હમણાં પછી તો પાછું હડધૂત અને અપમાન મળવાનાં છે તો શો અત્યારે રાચે-નાચે ? એમ કહેવાનું મન થાય ને ? કૂતરા માટે એમ વિચાર આવે, પણ આપણી જાત માટે ? કૂતરાને ત્રાસ-અપમાન તો વિસાતમાં નથી, પણ આપણે તો એથી અનંતગુણા ત્રાસ-અપમાન યુગોના યુગો વેઠી આવ્યા છીએ, અને હજી પણ સખણા નહિ ચાલીએ તો ભાવિ એ દુર્દશા આપણને વધાવવા ડોકિયાં કરી રહી છે ! પછી કઈ બુદ્ધિ પર અહીંના અસાર-તુચ્છ-અત્યલ્પ વિષયસુખ અને ગમારનાં સન્માન જોઈ હર્ષઘેલા અને ગર્વોન્મત્ત બનીએ ?

**'સાધવઃ શાસ્ત્રચક્ષુષઃ'** સજ્જન પુરુષો શાસ્ત્રરૂપી આંખે જોનારા હોય. શાસ્ત્રથી જાણ્યું તે જાણે પ્રત્યક્ષ આંખેથી દેખ્યું ! એનું નામ શાસ્ત્રશ્રદ્ધા. બોલવું છે 'હું શાસ્ત્ર માનું છું,' ને શાસ્ત્રની વિગતો પ્રત્યક્ષવત્ નજર સામે હૂબહૂ તરવરતી રાખવી નથી, એ શાસ્ત્રમાન્યતા કેવી પોકળ ? એ શ્રદ્ધા શાની ? 'ઝેર મારે' એ વચન પર શ્રદ્ધા કેવી થાય છે ? જાતે સ્વ કે પરમાં કદી એનો પ્રયોગ જોયો નથી, છતાં અટલ વિશ્વાસ રહે છે કે 'ઝેર તો કાતિલ, સીધું મોત જ પમાડે !' એટલે તો ક્યાંક ખોરાકમાં ઝેર પડ્યું સાંભળતાં એનો સ્પર્શ કે દર્શન પણ કર્યા વિના આઘા ભગાય છે, તો અહીં કેમ આમ ? પછી કદાચ કહો કે 'જો પ્રત્યક્ષ જોવા મળે, જાતિસ્મરણ થઈ જાય, તો તો ઝટ બેઠા ત્યાંથી ઊભા થઈ જઈએ' તો એય ખાલી સમજાવવાની વાતો ! ખરેખર તેમ બને તો ય પછી બીજાં-ત્રીજા બહાનાં કાઢી છટકવાનું જ થાય. નિદાન આ લાગે છે કે હૈયાં નઠોર હોય ત્યાં પેલા કૂતરાના દૃષ્ટાન્તથી વર્તમાનનાં તુચ્છ આનંદની લંપટતામાં અતીત કે આગામી દુઃખ-ત્રાસ-વિટંબણાનું સ્મરણ મનને ક્ષોભ-આઘાત ન લગાડે.

કુમારને અવધિજ્ઞાન થતાં પોતાના પૂર્વ ભવોની દુઃખમય અને અજ્ઞાનતાભરી દુર્દશા નજર સામે આવતાં ભારે આઘાત લાગ્યો, અને મૂર્ચ્છિત થઈ ગયો. શુભ અધ્યવસાયની ધારા કેવા સંયોગમાં કેવી જબ્બર ઊછળી કે એક ગૃહસ્થ છતાં અવધિજ્ઞાન પ્રગટ થઈ ગયું !

**શુભ અધ્યવસાયનું બળ કેમ વધે ? :-**

અવધિજ્ઞાન પ્રગટ્યું છે એટલે એ તો વાત નક્કી છે કે શુભ અધ્યવસાયની ધારા ઊછળેલી. તે વિના કાંઈ તેવો ક્ષયોપશમ થાય નહિ. તો ચાલુ સ્થિતિ કરતાં એમાં પ્રબળતા શી રીતે આવી હશે ? અહીં એટલું સમજી લેવા જેવું છે કે સામાન્ય રીતે અધ્યવસાય, વિચારણા, લાગણી, ભાવ વગેરે આત્મપરિણામ એ શુભ કોટિના

રાખ્યા તો ખરા, પરંતુ એમાં ઉછાળો, પ્રબળતા, વેગ લાવવા માટે ગુણનું જોર વધારવાની જરૂર છે. ગુણ એટલે જે આપણે સમજીએ છીએ તે.

દયા, અહિંસા, સત્ય, નીતિ-ન્યાયાનુસારિતા, શીલ-બ્રહ્મચર્ય, ગાંભીર્ય, ઉદારતા, દાન, દેવગુરુ-ભક્તિ, જિનવચનશ્રદ્ધા, ગુરુ-સમર્પિતતા, ગુણાનુરાગ, વૈરાગ્ય, તૃપ્તિ, પાપભય, સૌમ્યતા, સહૃદયતા, વિનય, વિવેક, વગેરે વગેરે ગુણ ગણાય.

એમાંના એક પણ ગુણનું ય જોશ વધારવાથી શુભ અધ્યવસાયનું જોર વધે છે.

**દયાગુણ વધવા પર :-** દા.ત. અહીં પ્રસ્તુતમાં જ સંભવ છે કે રાજકુમારે તો માત્ર એટલું ઇચ્છ્યું હતું કે 'જો મન-વચન-કાયાએ મારું શુદ્ધ શીલ હોય તો મને આ સુભટોના શસ્ત્રનો ઘા ન લાગો.' પરંતુ અહીં તો એટલું જ બન્યું નહિ પણ ઘા ન લાગવા ઉપરાંત સુભટો આખા ને આખા શિલાની જેમ થંભી ગયા. બિચારા ન હાલી શકે-ન ચાલી શકે ! કેઇકે શસ્ત્ર ઉગામવા હાથ ઊંચા કર્યા હશે તે એમ જ રહી ગયા ! કુમારે આ સ્થિતિ જોઈ એના અંતરમાં દયાનો ભાવ ઊછળી આવ્યો હોય કે આ બિચારાને આ શું થઈ ગયું ! અહીં આ પોતાને મારવા-મારી નાખવા માટે ધસી આવ્યા છે એ વખતે પોતાની કેવી દુઃખમય સ્થિતિ થાય, એનો વિચાર નહિ, ને ઊલટું એ શત્રુઓ ઉપર દયા ઊભરાઈ આવવી એ દયાનું જોર અતિશય ગણાય. એમાંય એ લોકો થંભી જવાથી એમને દુઃખ વધી ગયું. એના અંગે દયાભરી લાગણીનું જોસ વધી જવું, એ વળી વિશેષ અતિશયતા ચાલી કે દા.ત. 'અરે ! આમને બિચારાને આ સ્થિતિમાં મુકાવું પડ્યું ?' અને તે પણ મારા નિમિત્તે ?' આ શુભ અધ્યવસાયની ધારા ઊછળતી કરે એમાં નવાઈ નથી.

દયાની આ તાકાત છે કે દયાને જેમ પહોળી બનાવો, સૂક્ષ્મ બનાવો, વ્યાપક કરો, પોતાનાં ઘોર કષ્ટને પણ ભૂલીને દયા કરો; તેમાં પણ એ જ કષ્ટને દેનારા ઉપર કરો. એ ય પાછી એવી વિકસાવો, એવી વિકસાવો કે હૈયું ગદ્ગદ અને ભીનું લચપચ થઈ જાય. એ ય એટલું બધું કે કદાચ આંખમાં આંસુ ઊભરાય; જેમ મહાવીર પ્રભુને ઘોર ઉપસર્ગ કરનાર સંગમ દેવતા પર દયાના આવેગથી આંખ ભીની થઈ ગઈ; આવું કંઈક થાય તો એ દયાગુણ ખૂબ જોરદાર બન્યો કહેવાય. એના પર શુભ અધ્યવસાયનું જોર વધતું ચાલે.

**ગુણપક્ષપાત વધવા પર :-**

સંભવ છે કુમારના શુભ અધ્યવસાયનું જોર આ રીતે વધી ગયું હોય; અથવા ગુણાનુરાગ-ગુણપક્ષપાતમાં ઉછાળો આવવાથી પણ એમ બન્યું હોવાનો સંભવ છે. શીલગુણનો જાગતો પ્રભાવ દેખ્યો કે દુશ્મનો થંભી ગયા છે ! શસ્ત્રો ઘા કરી શકતા નથી ! ત્યાં એ શીલગુણ ઉપર અનુરાગ વધી ગયો હોય. વાહ



આવો પ્રભાવક શીલગુણ છે ! શી શીલની બલિહારી ! અમે બીજા નકામા ફાંફાં મારીએ છીએ. આટલા ઊંચા પ્રભાવવંતા શીલગુણ પર કેમ નિર્ભર ન બનીએ ? ધન્ય !' એમ શીલગુણનો પ્રેમ-મમતા-આકર્ષણ વધી ગયાં હોય. તેથી શુભ અધ્યવસાયની પ્રબળતા વધી જવાનો સંભવ છે. એ ગુણનો અનુરાગ વધી જવામાં ત્યાં પછી બીજી જડસામગ્રી, જડનું બળ, અને જડની અનુકુળતાઓ વગેરે તો તુચ્છ અતિ તુચ્છ લાગે. જડ ઉપાયોનો પુરુષાર્થ બેકાર ભાસે.

આમાં એટલું ધ્યાન રાખવાનું કે માત્ર શુદ્ધ ગુણનોજ અનુરાગ અને પક્ષપાત કરવાનો. એમાં મનમાં પોતાની જાતનો ઉત્કર્ષ નહિ લાવવાનો કે 'કેવો મારો સરસ ગુણ !' ના, મારો-બારો કશું નહિ; માત્ર 'ગુણ ચીજ કેવી ઉમદા !' એવો ભાવ થવો જોઈએ. નહિતર ગુણપ્રેમ કરવા જતાં માંહી અભિમાનદોષ ઘૂસી જાય. બાકી શુદ્ધ ગુણાનુરાગમાં તો બીજા આરંભ-પરિગ્રહાદિ દોષો પર અભાવ છૂટે, એટલે કે દોષઘૃણાનો ગુણ ખીલે.

સ્વકીય ગુણની આ વાત થઈ, એમ પરના ગુણનો અનુરાગ વધી જાય એમાં પણ શુભ અધ્યવસાયની ધારા વધે. એમાં ઉછાળો એ રીતે કે સામાના ગુણ પર પ્રેમ વધતાં એનામાં રહેલી કોઈ બીજી ત્રુટિના લીધે એ વ્યક્તિ પર જે લેશમાત્ર પણ અરુચિ-ઘૃણા થતી હોય તેને શમાવી દે. આ જરૂરી પણ છે. દોષ-દુષ્કૃત્ય પર જ ઘૃણા-તિરસ્કાર જોઈએ, પણ વ્યક્તિ પર નહિ. દોષિત માણસ તો દ્વેષનું નહિ પણ દયાનું પાત્ર છે. ગુણાનુરાગનું જોસ વધતાં વ્યક્તિ પરનો દ્વેષ ચાલી જાય છે.

વળી ગુણાનુરાગ વધતાં પોતાનો ગુણ તુચ્છ લાગે, અર્થાત્ પોતે ય ગુણસંપન્ન હોવા છતાં પોતાની જાત તુચ્છ લાગે. મનને એમ થાય કે 'મારામાં શું છે ? આ ભાઈનો કેવો સચોટ ગુણ ! આનો ગુણ કેટલો ઉમદા !' એમ પણ ગુણાનુરાગનું જોસ વધે. એના પર શુભ અધ્યવસાયનું જોર વધે.

**ક્ષમા-સહિષ્ણુતા ગુણ વધવા પર :-**

એમ પોતાનામાં સહિષ્ણુતા વધે, ક્ષમા-સમતા વધે, એના ઉપર પણ શુભ અધ્યવસાયની પ્રબળતા વધી શકે. તે એ રીતે કે પોતાને કંઈ વેઠવાનું આવ્યું ત્યાં મન એટલું કાઠું અને બેપરવા કરી લેવાય કે આ સહવાનું કુછ વિસાતમાં ન લાગે. મનને એમ થાય કે 'આમાં વળી સહવા જેવું છે જ શું ? શાનું કષ્ટ ? મારે તો આમાં લીલાલહેર છે. ક્યાં નરકના ત્રાસ ? ક્યાં આ ?'

ચોવિહાર ઉપવાસ-છઠ્ઠ-અઠ્ઠમ કર્યો, પણ તરસ જોરદાર લાગી ગઈ, ત્યાં મનમાં જરાય વિકાર ન થવા દે. વિચારે કે 'આમાં શું છે ? નરકના જીવ બિચારા આથી અનંતગુણી કેવી જાલિમ તૃષા સહે છે ! આમાં ક્યાં મરી જઈએ છીએ ?

આ તો ખરેખરી તક મળી કે ઉપવાસધર્મ તો છે જ પણ વધારામાં પરિસહધર્મ આરાધવાનો મળ્યો ! અને જડ કાયાપુદ્‌ગલને કષ્ટ પડે એમાં મારા આત્માને શું ? કાયા તો પાડોશી છે, ભાડુતી છે. સુખશીલતા ભોગવી આત્માના શત્રુની ગરજ સારનારી છે ! એ તો કુટાવાને જ લાયક છે. મહાપુરુષોએ એને આથી પણ કેઈગુણી કૂટી છે. મારા મહાવીર પ્રભુએ એને છ-છ મહિનાના સળંગ ચોવિહાર ઉપવાસમાં તગેડી છે ! તો મારો ઉપવાસ કે છઠ્ઠ-અઠ્ઠમ શી વિસાતમાં છે ? એમાં તૃષાની શી તકલીફ કહેવાય ?'

ચંદનબાળાએ જે અભિગ્રહ પૂર્યો તે મહાવીર ભગવાને શાસ્ત્રીય પોષ વદ એકમે એટલે કે ગુજરાતી માગશર વદ એકમે કરેલો. એ છ મહિનામાં પાંચ દિવસ ઓછે પૂરાયો. હવે મહિના ગણો. માગશરથી પોષ-માહ-ફાગણ-ચૈત્ર-વૈશાખ-જેઠ, એમ જેઠ વદ એકમ લગભગ છ મહિના પૂરા થાય, એમાં પાંચ દિવસ ઓછા એટલે માગશર વદ એકમથી જેઠ સુદ ૧૧ લગભગ ત્યાં સુધી ચોવિહાર ઉપવાસ !! આમાં ગરમીના મહિના કેવા આવ્યા ? આખો ફાગણ, ચૈત્ર ! વૈશાખ ઋતુની ગરમી કેવી પડે ? પાછું એમાં મધ્યાહ્ન કાળ પછીની ભિક્ષાનો અભિગ્રહ છે, એટલે એ વખતે કેવા તાપમાં ઘર ઘર ફરવાનું ? તે ય ઉપરાપર દહાડાના દહાડા અને મહિનાના મહિના ! તરસ કેવી જલદ લાગે ! આ સહ્યું ભગવાને. આપણે તો શું સહીએ છીએ ? જરાક જરાકમાં આકુળ વ્યાકુળ થઈ જતાં શરમ ન આવે કે કેવું સહન કરનારા ભાગ્યવાનનો સેવક થઈને આ હું શું કરી રહ્યો છું ? મારે તો એ નાથને માથે ધર્યા પછી કષ્ટ સહવાનું તો 'કુછ નહિ' માનીને સહવું જોઈએ.' બસ, આ અને બીજાં આલંબન પકડી સહિષ્ણુતા ગુણ જેમ વધારાય તેમ શુભ અધ્યવસાય પ્રબળ બનતો જાય.

**તત્ત્વજિજ્ઞાસાદિ વધવા પર :-**

એમ તત્ત્વની જિજ્ઞાસા-શુશ્રૂષા-અનુમોદનાનો ગુણ વધારતાં પણ શુભ અધ્યવસાય પ્રબળ બને. સામાન્ય રીતે તત્ત્વની જિજ્ઞાસાદિ હોય એ જુદું, ને એનો જોસ વધારાય એ જુદું. તત્ત્વજિજ્ઞાસા-સુશ્રૂષાગુણ એ રીતે જોરદાર બનતો કહેવાય કે એની આગળ દુનિયાનું જાણેલું કે જાણવાનું કૂચા લાગે, એટલી બધી તત્ત્વ જાણવા-સાંભળવા-સમજવાની તાલાવેલી જાગે ! જીવનનું સાચું કર્તવ્ય જ આ લાગે.

તત્ત્વબોધ વિનાની પોતાની જાત મૂઢ, મૂરખ, ઢોર જેવી ભાસે. 'ક્યાંથી તત્ત્વ મળે ? કેમ હું ઝટ એને પામી જાઉં ? એ મળે તો કેવો ન્યાલ થઈ જાઉં !' તત્ત્વબોધ વિનાની ધર્મકરણી પણ મામૂલી લાગે; ત્યાં દુન્યવી સુખ-સંપત્તિના ઢેર તો તુચ્છ દેખાય જ એમાં શી નવાઈ ? તત્ત્વની, માર્ગની, માર્ગદાતાની ભારોભાર



અનુમોદના થાય. મનને એમ લાગે કે 'અહો આ તત્ત્વ. આ માર્ગ-માર્ગદાતા મળ્યાની ભારોભાર અનુમોદના થાય એનું બળ વધતાં શુભ અધ્યવસાયની ધારા કૂદકે-ભૂસકે વધે.

**જુઓ પંદરસો તાપસ** ગૌતમ મહારાજ મળ્યા પછી કેવી તત્ત્વની જિજ્ઞાસા-સુશ્રૂષા અને અનુમોદનામાં વધ્યા ! ઠેઠ કેવલજ્ઞાન સુધી પહોંચાડે એવા શુક્લ-ધ્યાનના શુભ અધ્યવસાય સુધી વધી ગયા ને ?

પહેલાં એટલી જ જિજ્ઞાસા હતી કે કૈલાસનાથને કૈલાસ-અષ્ટાપદ ગિરિ ઉપર ભેટીએ, એમાં શ્રી ગૌતમસ્વામી મળ્યા. જિજ્ઞાસા વ્યક્ત કરી; અને ગૌતમ મહારાજને વિનંતિ કરી કે 'અમને ઉપર લઈ ચાલો.'

ગૌતમ મહારાજે સમજાવ્યું કે 'તમારે જીવંત કૈલાસનાથ જોવા છે કે મૂર્તિરૂપે ? ઉપર તો મૂર્તિરૂપ મળશે. બાકી જીવંત જોવાની ઇચ્છા હોય તો ચાલો મારી સાથે, બતાવું એમને.'

જીવંત પરમાત્મા જોવા મળતાં હોય તો કોણ ન ઇચ્છે ? માત્ર મૂર્તિથી કોણ સંતોષ માને ? તાપસો સીધા-સાદા-ભદ્રક પ્રકૃતિના, એટલે ઉપરની ઇચ્છા પડતી મૂકી જીવંતને જોવાની ભાવના દેખાડી.

ગૌતમસ્વામીએ કહ્યું, 'પણ તે આવા અજ્ઞાન દેદારે જોવા આવશો ? તત્ત્વ-વિહોણા જીવને તત્ત્વશુશ્રૂષા વધી.

ગૌતમ મહારાજ સમજાવે છે 'તો આ તો તમારો દેદાર અજ્ઞાનતાભર્યો છે. પહેલું તો તમારે એકેન્દ્રિયાદિ જીવોને મન-વચન-કાયાથી ન મારવા, ન મરાવવા, અને મારનારની અનુમોદના ન કરવી, એવી પ્રતિજ્ઞા ક્યાં છે ? એમ અસત્ય વગેરેના ત્યાગની પ્રતિજ્ઞા ક્યાં છે ? આ સૂકી સેવાળ, સૂકા પાનને તમે તમારો પોતાનો પરિગ્રહ કરી રાખ્યો છે એટલે તો જ્યારે ફાવે ત્યારે કોઈને પૂછ્યા વિના રજા વિના પોતાની ચીજની જેમ એનો ભોગવટો કરી રહ્યા છો. આમાં ક્યાં તત્ત્વ છે તમારી પાસે ? તત્ત્વ તો ત્યારે પમાય કે પહેલાં આ હિંસાદિ પાપોને જીવનમાંથી મહાપ્રતિજ્ઞા સાથે દેશવટો દઈ દો. પહેલું તત્ત્વ આ કે ત્રિવિધ ત્રિવિધે પાપનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ.'

તરત તૈયાર ! સર્વવિરતિ સામાયિક ઉચ્ચરી સાધુપણું લઈ લીધું, ગૌતમસ્વામીએ એમને એકેન્દ્રિયાદિ જીવોની ઓળખ કરાવી, સામાયિક-મહાવ્રતનો પરિચય આપ્યો. ત્યારે હવે પરમાત્મતત્ત્વ કેવું હશે એ જાણવા-સાંભળવાની તાલાવેલી જિજ્ઞાસા-શુશ્રૂષા વિશેષ વધી ! મૂળ પાયો સમજાયા વિના તો તત્ત્વજિજ્ઞાસા-શુશ્રૂષા કેટલી હોય ? હજી એકડા-બગડાનું અંકજ્ઞાન ન હોય એને મેટ્રિક અને

બી.એ.,એમ.એ. ના ગણિતની જિજ્ઞાસા-શુશ્રૂષા શાની થાય ? નજર જ ન પહોંચે ને ? એ તો ઊંચા ક્લાસમાં જાય ત્યારે એની કંઈક કલ્પના આવે. તાપસોને પહેલાં પરમાત્મતત્ત્વની જિજ્ઞાસા ઓછી હતી, પરમાત્માના સામાન્ય નામ પૂરતી. હવે સર્વવિરતિ સામાયિકે પહોચ્યા ત્યારે કંઈક ખ્યાલમાં આવવા લાગ્યું, વિશેષ સમજાયું, ને પરમાત્મતત્ત્વની સાચી જિજ્ઞાસા-શુશ્રૂષા જાગી, એટલે હવે ખરું સમજીને પૂછે છે, 'ત્યારે પરમાત્મા કેવાક હશે ?'

ગૌતમ મહારાજ કહે છે, 'અરે ! એ કાંઈ એમ આપણી સમજમાં આવે ? એ તો કેવળજ્ઞાનથી સમજાય. શબ્દમાં એ શે' ઊતરે ? અને કેવળજ્ઞાન પામવા માટે વીતરાગ બનવું પડે. હવે આપણે સર્વ સંગના ત્યાગી કહેવાવા છતાં હજી મોક્ષમાર્ગ સાધક આ કાયા અને એની આવશ્યક્તાઓના સંગમાં બેઠેલા છીએ. વીતરાગ બનવા માટે તો અંતરથી એ સંગનો પણ ત્યાગ જોઈએ; અસંગદશાએ પહોંચવું પડે. કાયા પર પણ લેશમાત્ર કોઈ રાગ નહિ, તો બીજા પર રાગની તો શી વાત ? એ માટે કોઈ દ્વેષ, હર્ષ, આનંદ, ખેદ-ઉદ્વેગ વગેરેનો અંશમાત્ર નહિ.

'આભ્યન્તર સમસ્ત ગ્રંથિઓના સંગનો ત્યાગ કરાય ત્યારે વીતરાગ દશા આવે. પછી લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન મળે. એમાં સમસ્ત રૂપી-અરૂપી પદાર્થોના ત્રણે કાળના સઘળાય ભવો હૂબહૂ દેખાય. એટલે અરૂપી-નિરંજન-નિર્વિકાર પરમાત્માનું સ્વરૂપ ખરેખરું સમજી શકે.'

તાપસોના અજ્ઞાન અંધકારને ગૌતમ મહારાજે ઉલેચી નાખ્યો ! પરમાત્મતત્ત્વને પામ્યા. ક્યાં સુધી જવાનું છે, શું શું કરવાનું છે, વગેરેની સમજ આપી, પ્રકાશ કર્યો. તાપસમુનિઓએ એ ઝીલ્યો, એટલે હવે સળગતી સાચી પરમાત્મ-તત્ત્વની જિજ્ઞાસા જાગી. મનને થયું 'અહો ! જે પરમાત્માનું સ્વરૂપ અગમ અગોચર છે, શબ્દથી સમજી શકાય નહિ, અને વીતરાગ સર્વજ્ઞ બન્યા પછી જ અનુભવી શકાય. એ પરમાત્મા કેવાક હશે !'

**ગુરુ છદ્મસ્થ, શિષ્યો કેવળજ્ઞાની ! :-**

બસ, જિજ્ઞાસા હવે વધતી ચાલી, સાથે અનુમોદના તો લાગેલી જ છે, કેવા સુંદર લોકોત્તર પરમાત્મા મળશે ! પરમાત્મતત્ત્વ ખરેખર કેટલું ઉમદા હાથમાં આવશે ! એના તરફ દૃષ્ટિ પડી ! 'ધન્ય જીવન ! ધન્ય તત્ત્વ બતાવનાર ગુરુ !' જિજ્ઞાસા અને અનુમોદના બંને વધતી ચાલી. એ ગુણ વિકસતો રહેવા ઉપર શુભ અધ્યવસાય પ્રબળ-પ્રબળતર બનતા ચાલ્યા ! એવા કે ક્રમશઃ ચડતાં કાયા સુદ્ધાં પર અનાસક્તભાવ ઊભો થઈ ગયો. તે એટલો જોરદાર બની ગયો, કે પાંચસો ને પારણું કરતાં કરતાં, પાંચસોને દૂરથી દેવદુંદુભિનાદ સાંભળતાં અને સમવસરણ



જોતાં, તથા પાંચસોને સમવસરણના પગથિયે પ્રભુની મધુર વાણીનો રણકાર સાંભળતાં સીધો શુકલધ્યાનનો અધ્યવસાય અને કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું ! એ વીતરાગ-સર્વજ્ઞ બની ગયા ! ગુરુ ગૌતમસ્વામી હજી એમ જ છદ્મસ્થ અવસ્થામાં રહ્યા છે અને આ નૂતન શિષ્યોને તત્ત્વ-માર્ગની અનુમોદનાનો ગુણ જ્વલંત વિકસિત થવાથી શુભ અધ્યવસાય શુકલધ્યાને પહોંચાડે એવો પ્રબળ બની ગયો.

સમરાદિત્ય મહાત્માને સમતા-સહિષ્ણુતાના ગુણ-વિકાસ દ્વારા શુભ અધ્યવસાય એવો જ પ્રબળ બની ગયો. દુશ્મન અગ્નિશર્માનો જીવ અહીં ગિરિસેન ચંડાળ થયો છે. અને પૂર્વ નિકાચેલ વૈરનાં નિયાણાની અસરને લીધે મહાત્માના વાંક વિના જ અમથો અમથો ગુસ્સે ભરાયો. મહાત્માને મારી નાખવા ધ્યાનમાં ઊભેલા એમના શરીર પર એણે ચીંથરાં લપેટ્યાં ! અને પછી એ સળગાવ્યાં ! આગની ગરમી વધી, પણ એ જેમ વધતી ચાલી, તેમ તેમ મહાત્માની સહિષ્ણુતા અને સમતા પણ વધતી આવી. કઠિન મનથી વેદનાને જરાય ન ગણકારતાં સમભાવે સહન કરવાનો પાવર (જોસ) વધાર્યે ગયા. બસ, એની સાથે જ અધ્યવસાયનું જોસ પણ વધતું ચાલ્યું તે શુકલધ્યાન અને પછી કેવળજ્ઞાને જઈ ઊભા ! ક્ષેત્રદેવતા દોડી આવ્યો, ચીંથરાં કાઢી નાખ્યાં, અને કેવળજ્ઞાનનો ઉત્સવ કર્યો. છે ને કમાલ ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૩,અંક-૨૦,તા.૩૦-૧-૧૯૬૫**

આપણે જરા સહન કરવાનું આવે ત્યાં આકુળ વ્યાકુળ થઈ જઈએ છીએ. કેમ જાણે કેવળજ્ઞાન લેવાનો અવસર આવશે ત્યારે સામટું સહન કરવાનું કરીશું ! પણ ખબર નથી કે ગુણો તો 'ટીપે ટીપે સરોવર ભરાય' ની જેમ થોડો થોડો પણ કેળવતાં આવવું પડે તેથી એ પુષ્ટ થાય. બાકી તો,

જેવી રીતે ગુણના વિકાસથી શુભ અધ્યવસાય વિકસતો આવે એમ દોષના વિકાસથી અશુભ અધ્યવસાય વિકસતો જવાનો.

એટલે સહન કરવાનું આવ્યું ત્યાં હાયવોય, દ્વેષ વગેરે વધારતાં ચાલીએ, એનું પરિણામ વિચારી લેજો. અશુભ અધ્યવસાય વધુ જોરદાર જ બને ને ? એના પર કેવાં ચીકણાં અશુભ કર્મ બંધાય ? કઈ ગતિ અને કયા દુઃખ મળે ? ખબર છે ખરી કે પાર્શ્વનાથ ભગવાનનો જીવ પહેલા ભવમાં સારો વ્રતનિયમાદિ સદાચારોવાળો શ્રદ્ધાળુ શ્રાવક પણ મરીને જંગલમાં હાથીનો અવતાર પામ્યો ! કેમ આવો હલકો તિર્યંચનો ભવ ? એટલા જ માટે કે એ ગયો' તો પોતાના દુરાચારી ભાઈને ખમાવવા, પરંતુ પેલાએ આના નમેલા મસ્તક પર શિલા મારી. જીવલેણ

પીડા આવી, એમાં સમતા-સહિષ્ણુતાનો ગુણ વિકસાવવાનું ગુમાવ્યું; હાયવોય થઈ; તો મનના અધ્યવસાય બગાડ્યા. તે સીધા તિર્યંચના અવતારમાં ઊતરી ગયા, કમઠના ગુને સજા મરુભૂતિને !

કર્મનો અટલ કાયદો છે કે ભલે સામાના ગુનો હોય, પણ તમે મન બગાડો, હાયવોયના દુર્ગુણ પર અધ્યવસાય બગાડો, તો એ હવે તમારો ગુનો બન્યો, એની સજા ભોગવવા તૈયાર રહેજો. બીજું તમારું ગુણિયલપણું અને ધર્મ હશે એનું ઇનામ મળશે ખરું, પણ મલિન અધ્યવસાયના ગુનાની સજા તો ભોગવવી જ પડશે. એનો અર્થ એ કે મહાન ગુણિયલ અને ધર્માત્માની પણ કર્મને શરમ નથી, જો એ ક્યાંક ક્યારેય મન બગાડે તો. અહીં તો ગુનોય કેટલો ? હાયવોય આર્તધ્યાન કર્યું એટલો જ ! એમાં ય તિર્યંચગતિના સ્ટેશને ઊતરવું પડ્યું ! રૌદ્રધ્યાન આવે તો તો નરક જ દેખાડે.

એથી ઊલટું, હાથીના ભવે મરુભૂતિને એ જ કમઠ સર્પ થઈને મર્મસ્થાને ડસે છે ત્યાં કારમી પીડા છતાં સહિષ્ણુતા રાખી, તો શુભ અધ્યવસાયને અવકાશ મળ્યો, ને મરીને દેવલોકમાં ઉત્પન્ન થયા.

સમભાવે સહન કરવામાં ને નહિ કરવામાં કેટલું અંતર ? બંને સ્થિતિમાં આવેલું દુઃખ તો ભોગવવું જ પડે છે, પણ સમતા-સહિષ્ણુતા ગુમાવવાથી તિર્યંચયોગ્ય કર્મોત્પાદન ! અને સહિષ્ણુતા કેળવવાથી શુભ અધ્યવસાય અને દેવગતિનાં પુણ્ય ! એમાં ય સહિષ્ણુતાગુણ જેટલો જોરદાર બનાવો, એટલા જોરવાળા શુભ અધ્યવસાય બને છે, એટલું પ્રબળ પુણ્યોપાર્જન અને પાપક્ષય થાય છે.

**ધર્મરુચિ અણગાર :-**

દયાગુણના વિકાસ ઉપર ધર્મરુચિ અણગારના શુભ અધ્યવસાયનું જોર એવું વધી ગયું કે અનુત્તર વિમાનમાં અવતાર પામ્યા ! કડવી તૂંબડીનું શાક પરઠવવા ચાલ્યા હતા, જંગલમાં એક બિન્દુ પરઠવતાં કીડી ખેંચાઈ આવી, મરતી દીઠી, મહાત્માને દયા ઊભરાઈ, 'અરે ! તો પછી આટલું બધું પરઠવ્યે કેટલા બધા જીવોનો કચ્ચરઘાણ નીકળે ? એના કરતાં મારા પેટમાં પધરાવી દઉં,' એમ વિચારીને એ વાપરી ગયા. લાય ઊઠી ! તરત સંથારો કરી દીધો. માસખમણનો તપ થયો છે, એમાં આ પીડા ! ભારે સહવાનું આવ્યું, પરંતુ સમભાવે સહતાં અનુમોદના કરે છે કે 'ચાલો મારું ગમે તેમ, પણ બિચારા નિર્દોષ નિરપરાધી જીવો મરતા બચ્યા !' દયાગુણનો વિકાસ વધ્યો, એમ શુભ અધ્યવસાયની માત્રા વધી, અનુત્તર વિમાને દેવ થયા !

**મેઘકુમારને શું** થયું હતું ? એ જ, પૂર્વના હાથીના ભવે સસલાની દયા કરી



પગ ઊંચો રાખ્યો, પણ એમાં ભૂખે-તરસે મરવાનું આવ્યું. છતાં દયાનો વિકાસ કર્યો તો શુભ અધ્યવસાયે મેઘકુમાર બન્યા. ત્યાં પણ રાજ્યસમૃદ્ધિના સુખો છોડી દીક્ષા લીધી, અને તપગુણ વધાર્યો. તો એથી અધ્યવસાય એવા વિકસ્વર બન્યા કે જેણે એમને અનુત્તર વિમાનમાં અવતાર અપાવ્યો !

મહાવીર પ્રભુએ પૂર્વના નંદન રાજર્ષિના ભવમાં તપગુણ એવો વિકસાવ્યો કે લાખ વરસ માસખમણને પારણે માસખમણ કર્યાં. સાથે વીસ સ્થાનકની જબરદસ્ત આરાધના કરી. એ ગુણ ઉપર શુભ અધ્યવસાય એવા મહેક્યા, એવા મહેક્યા, કે તીર્થંકર નામકર્મનું ઉત્કૃષ્ટ પુણ્ય ઊભું કરી દીધું !

ધન્ના અણગારે માત્ર નવ મહિનાના ચારિત્રમાં તપગુણનો એટલો બધો જબરદસ્ત વિકાસ સાધ્યો કે એના બળ ઉપર અતિ પ્રબળ બની ગયેલા શુભ અધ્યવસાયે એમને સર્વાર્થસિદ્ધ વિમાનમાં મૂક્યા ! પછી એકાવતારીપણું, મહાવિદેહમાં જન્મીને ચારિત્ર લઈ મોક્ષે જવાના !

એવું જ મલ્લિનાથ ભગવાનના પૂર્વભવમાં પોતે મહાબળ રાજા ચારિત્ર લઈ ઘોર તપ પર ચઢ્યા એ તપગુણના વધતા જવા સાથે શુભ અધ્યવસાય એવા પ્રબળ બન્યા કે એક બાજુ તીર્થંકરનામ કર્મ ઉપાર્જ્યું અને બીજી તરફ અનુત્તર વિમાનમાં જવાનું પુણ્ય ઊભું કર્યું !

ત્યારે ક્ષમાગુણના વિકાસ પર ખંધકમુનિ, ખંધકસૂરિના ૫૦૦ શિષ્યો, ગજસુકુમાર, ઝાંઝરિયા મુનિ, મેતારજ મુનિ વગેરેએ શુભ અધ્યવસાય એવા મહેકાવ્યા કે ઠેઠ શુક્લધ્યાન અને મોક્ષ પામ્યા !

**પ્ર.**- સહિષ્ણુતા, તપ, ક્ષમા વગેરે ગુણમાં વિકાસ થતો હશે એટલે શું થતું હશે ?

ઉ.- આવું કાંક, કે એ ગુણ પહેલપહેલાં તો મન મારીને મન પર પાકો અંકુશ મૂકીને ઊભો કરવો પડે. પરંતુ પછી આગળ વધતાં એ મનને જ અનુકૂળ બનાવતું જવાય. અર્થાત્ મનને જે સહેજે સહેજે પહેલાં અસહિષ્ણુ, ખાવકલું અને ગુસ્સાખોર બનવાનું ગમતું, તે મનને હવે સહિષ્ણુતા, તપ ક્ષમા વગેરે ગમતું બને, સહેજે ગમતું થાય. પૂછો,

**પ્ર. મનને સહિષ્ણુતા-તપ-ક્ષમા, વગેરે સહેજે ગમતું કેવી રીતે બને ?**

ઉ.- આ રીતે,

(૧) જિનાજ્ઞાનો પ્રેમ વધારવાથી, જિનાજ્ઞાનો ભાર હૈયે વહેવાથી. 'અહો ! જિનાજ્ઞા આ સહિષ્ણુતા, તપ, ક્ષમા વગેરેની જ છે, ને એ તારક છે, ભવોદધિ પાર કરનાર છે કેવી સુંદર જિનાજ્ઞા ! બસ, મેં જિનને નાથ તરીકે માથે ધર્યા છે તો મારે એમની આજ્ઞાનું પાલન કરવાનું જ હોય. આહાહા, મારા

જિન ! મારા જિનની આજ્ઞા ! એ તો મારા પ્રાણ !' આમ જિનાજ્ઞાનો પ્રેમ અને ભાર હૃદય પર રાખવાથી સહિષ્ણુતા વગેરે મનને સહેજે ગમતાં થાય.

(૨) એમ, અસહિષ્ણુતા-આહારગૃદ્ધિ-ક્રોધ વગેરેનાં ભયંકર કટુ વિપાક નજર સામે તરવરતાં રાખવાથી પણ સહિષ્ણુતાદિ મનને સહેજે ગમતા થાય. વિપાકમાં અહીં નુકસાન ને પરલોકે ભારે દુઃખ તો ખરું જ, પરંતુ વિશેષ મહત્ત્વનું નુકસાન તો એ કે એ અસહિષ્ણુતાદિના કુસંસ્કારના કદાચ ગુણાકાર થઈને પછીના ભવોમાં આવૃત્તિ ચાલે. પાછું ત્યાં કોઈ રોકનાર નહિ, કે જાતે પાછા વળવાની સમજ જ નહિ; એટલે ભયંકર પાપી જીવન જ જીવવાનું થાય. આ વિપાક નજર સામે રખાય તો અસહિષ્ણુતા, આહારગૃદ્ધિ, ગુસ્સો વગેરે અકારા લાગે અને અસહિષ્ણુતાદિ સહેજે ગમતાં થાય.

(૩) વળી, એક ઉપાય આ છે, કે પૂર્વજોનું ગૌરવ માથે ધરવાથી પણ એ સહેજે ગમતા થાય. ગૌરવ આ રીતે માથે ધરવાનું કે 'વાહ ! મારા પૂર્વપુરુષો કેવા વિવેકી કે એમણે સ્વેચ્છાએ ભારે સહ્યું, ઘોર તપ આચર્યા, જબ્બર ક્ષમા રાખી ! તે પણ છતી જબરદસ્ત તાકાત અને પુણ્યાઈ પર ! તો મારે બીજો શો વિચાર કરવાનો હોય ? **'મહાજનો યેન ગતઃ સ પન્થાઃ'** એક સુપુત્ર તરીકે મારે એમના ચીલે જ ચાલવાનું હોય, તેથી મારે તો સહિષ્ણુતા-તપ ક્ષમાદિ જ મુબારક હો પણ અસહિષ્ણુતાદિ દુર્ગુણ નહિ.'

(૪) એક ઉપાય એ પણ છે કે પોતાના આત્માનું શુદ્ધ સ્વરૂપ વિચારવું, હૃદયમાં એની ભૂખ-મમતા આકર્ષણ ઊભાં કરવાં. મનને જો એમ થાય કે 'વાહ ! કેવું સુંદર મારું અણાહારી-નિર્વિકાર-નિષ્ક્રિય સ્વરૂપ ! એમાં લેશમાત્ર પણ આહારની ગુલામી નહિ, આહાર પર જીવવાનું નહિ, કોઈ પણ પ્રકારની જડમુખી ક્રિયાની વેઠ નહિ ! ક્યારે મારું આવું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થાય ! ક્યારે જડ પુદ્ગલના સંગ માત્રથી છૂટી જવાય ! જડના ભાવોમાં નાચવાનું-રાચવાનું મટી જાય !' જો મનને સ્વાત્માના શુદ્ધ સ્વરૂપની આવી માયા લાગે-એમાં જ સાચા સુખ સૌંદર્ય અને સુવિકાસ દેખાય, તો પછી એ સ્થિતિએ પહોંચવા માટેનું જ જીવન બનાવાય, એ જ રીતે જીવાય એટલે સહેજે સહેજે ખાવાનું છોડી છોડી તપમાં અવાય, ઊકળાટ વગેરે વિકાર છોડી સહિષ્ણુતા કેળવાય, ક્ષમા પકડી રખાય, અને પાપક્રિયાઓથી બને તેટલા નિવૃત્ત બની વીતરાગ દેવની ભક્તિ, સામાયિક, શાસ્ત્રસ્વાધ્યાય વગેરેમાં આનંદપૂર્વક જઈ બેસાય; દેવ-ગુરુ-ધર્મની સેવાભક્તિમાં આડે આવતો ધનતૃષ્ણાનો વિકાર દાબી ઉદારતાથી ધનવ્યય યાને દાનગુણ, ઔદાર્યગુણ, કૃતજ્ઞતાગુણ વિકસાવાય. પોતાના વર્તમાન કૃત્રિમ, મેલા, અને



વિટંબણાભર્યા સ્વરૂપની શરમ-નાલેશી લાગી એના પર તિરસ્કાર છૂટે અને શુદ્ધ સ્વરૂપની માયા-મમતા જાગે તો આ સહેજે ગુણવિકાસ થવાનું સંભવિત છે.

ખાનપાન અને એમાં ય મેવા-મીઠાઈ વગેરેનાં ખાનપાન ખુશમિશાલ કેમ કરી શકો છો ? કહો મૂળમાં જ ખાનપાનની વેઠ એ વેઠ જ લાગતી નથી, એમાં કોઈ નાલેશી જ લાગતી નથી. કેમ જાણે આ એક લહાવો હોય, અગર શોભાભર્યું કાર્ય હોય એવો એની સાથેનો વ્યવહાર દેખાય છે ! આ હોય ત્યાં પછી ત્યાગ, તપ સહેલાં સ્વાભાવિક ક્યાંથી બને ? હોંશપૂર્વક ક્યાંથી સેવાય ? તેમ એની લાલસા છે એટલે એમાં આઘુપાછું થતાં ક્ષમા-સહિષ્ણુતા ક્યાંથી રહેવાના ? એ ગુણ સુલભ કરવા હોય તો શુદ્ધ આત્મસ્વરૂપ અણાહારીપણું-નિર્વિકારતા-નિષ્ક્રિયતાની માયા લગાડો, એમાં જ શાબાશી જુઓ, એટલે પેલી આહારવેઠ વગેરેમાં નાલેશી લાગી એની મમતા-લાલસા મીટે.

આમ, ગુણોને મન મારીને કેળવવામાંથી સહેજે સહેજે પળાવામાં લઈ આવવા માટેના ઉપાય,

(૧) હૈયે જિનાજ્ઞાનો પ્રેમ અને ભાર,

(૨) દોષ-દુર્ગુણના કટુ વિપાકનો જાગતો ખ્યાલ,

(૩) મહાપુરુષોની માર્ગસાધનાનું અનુકરણ, અને

(૪) સ્વાત્માના શુદ્ધ સ્વરૂપની માયા-લાલસા

ઈત્યાદિમાંથી એક યા અનેક ઉપાય યોજ્યા રાખવા જોઈએ. આ ઉપાયોને મામૂલી ગણતા નહિ. મહાન ઉપાયો છે. જિનાજ્ઞાનો પ્રેમ તો એવો લગાડી દઈએ કે 'મારે તો આ જીવનમાં એંજિન એ, હું ડબો; એની પાછળ ચાલ્યો જાઉં, દોષત્યાગ-ગુણગ્રહણની જિનાજ્ઞા જ મારા પ્રાણ.' એનો હૈયે ભાર એવો રહે કે 'બસ, એને અનુસરવું જ જોઈએ,' એમ મનને રહે. જગતમાં જિનાજ્ઞા ક્યાં મળે ?...ત્યારે દોષ-દુર્ગુણના કટુ વિપાકમાં જો એની અહીં કુટેવ પડી ગઈ, યા એમાં રસ રહી ગયો, ગ્લાનિ ન લાગી, તો ભવાંતરે ચંડકોશિયાના ક્રોધની જેમ એ દોષની જે પરંપરા ચાલશે, ફાલવા-ફૂલવાપણું થશે એ જીવને બેફામ બનાવશે. ચંડકોશિયાના ગુસ્સામાં ઠેઠ તીર્થંકર ભગવાનને એ બચકું ભરવા સુધી પહોંચી ગયો ને ? શું ભવાંતરે એવું પાપિષ્ઠ જીવન ઈચ્છો છો ? ના, તો પછી આ કટુ વિપાક દૃષ્ટિ સામે તરવરતો રાખી દોષથી બચવામાં અને સહિષ્ણુતા કેળવવામાં શું કઠિનાઈ લાગે ?...ત્યારે મહાપુરુષનાં અનુકરણ પણ ક્યાં કમ આલંબન છે ? 'એવા મહાવીર પ્રભુ શાલિભદ્ર-ધનાજી-સનતકુમાર ચક્રવર્તી જેવાએ કર્યું, સહ્યું, આદર્યું, એ મારે પણ મુબારક હો.' આ ઓથ પકડીને ચલાય તો ય ગુણપાલન સહજ બનતું

જાય... એમ આત્માના શુદ્ધ સ્વરૂપની માયા-મમતા-લાલસા જગાડી દેવાથી પણ સહજ ગુણપાલન શક્ય છે. દોષ દુર્ગુણમાં નાલેશી-નાલેશી જ જોયા કરવાની. આહાર વિષય-પરિગ્રહાદિમાં નાલેશી-નાલેશી જ જોવાની.

એના એ જ ગુણમાં વધારો, ઉંડાણ, વિશાળતા વ્યાપક્તા લાવવા,

(૧) આ એક કાર્ય, કે ગુણને-સહેજે આદરાતો કરી દઈએ.

(૨) બીજું એ કરવાનું કે એમાં રસ, હોંશ, પૂર્વે ધગશ પછી અનુમોદના વધારતા જઈએ. ભોગ આપીને ય એ સાચવીએ.

જે કાર્ય ભોગ આપીને કરીએ છીએ એની કિંમત લાગે છે. મફતિયા પુસ્તક લઈ આવ્યા તો એનું મહત્ત્વ એવું જ લાગવાનું. જરા આડુંઅવળું ઊથલાવી ઘરમાં ક્યાંય રખડતું મૂકી દેવાશે. કિંમત ખરચીને લાવવા પાછળ એને ઊંચું ઠેકાણે મૂકાશે. માણસ ઘેર જમવામાં એટલું નહિ છોડે, પણ મફતિયા જમણમાં જમવા ગયો તો વિના સંકોચ છોડશે ! મહેનત કરીને બનાવેલી ચીજનો સ્વાદ લાગે છે; ને એમ જ મફતમાં મળી ગયેલી વસ્તુનો એવો સ્વાદ નથી લાગતો. પોતાના દૂધ-કેશર-સુખડથી ભગવાનની પૂજાભક્તિ કરવામાં જે ભાવોલ્લાસ જાગે છે એ મફતિયાથી પતાવવામાં નથી જાગતો. આ બધો અનુભવ છે ને ? એ શું કહી રહ્યો છે ?

ભોગ આપીને જે ગુણ કે ધર્મ સાચવશે એનો રસ, એની હોંશ, એની અનુમોદના ઉમદા થશે.

**શાલિભદ્રના** જીવે પૂર્વભવમાં માત્ર થાળી ખીર પણ ખરેખરો ભોગ આપીને દાનમાં દીધી તો એની ભારોભાર અનુમોદના થઈ. એમાં એ દાનના ફળરૂપે પુણ્ય અને સંસ્કારના તો ગુણાકાર થયા ! ત્યાગનો ગુણ વિકસ્વર થઈ ઠેઠ દેવતાઈ રોજની નવાણું પેટી મળવાની ભવ્ય સમૃદ્ધિ વગેરેનો ત્યાગ પળવારમાં કરી નાખવા સુધી પહોંચ્યો.

ગુણવિકાસ કરવો છે ? ભોગ આપીને પણ એ કેળવવાની હોંશ રાખો. સામાને દબાવવા-દબડાવવાના સંયોગ છે, શક્તિ છે, પણ એ જતું કરી જો ક્ષમા રાખી તો એ ક્ષમાનો પાવર વધી ગયો સમજો; કેમ કે ભોગ આપ્યો.

**સુદર્શન** શેઠે જાતનો ને જાતની આબરૂનો ભોગ આપીને પણ બ્રહ્મચર્ય ઉપરાંત અહિંસા-દયાનો ખપ રાખ્યો તો એ ગુણના ગુણાંક વધી ગયા.

**ધન્ના અણગારે** માત્ર નવ મહિનાના તપમાં છઠ્ઠ-છઠ્ઠને પારણે સુક્કા-લુખ્ખા આંબેલમાં ભારે ભોગ આપ્યો, તો એનો રસ-હોંશ-અનુમોદના એવા વધી ગયા, ગુણની માત્રા એવી વધતી ચાલી કે મહાવીર પ્રભુએ ચૌદ હજાર મુનિઓમાં નિત્ય ચઢતે પરિણામે એમને એકને જ આગળ દેખાડ્યા.



ગુણવિકાસ માટે ગુણનો રસ, હોંશ, અનુમોદના, કદર, ખૂબ ખૂબ વધારતા ચાલો. કદર તો એવી વધતી જાય કે તે તે ગુણની આગળ એની સામેના દોષ દુર્ગુણ કે જડચેષ્ટા અને એનાથી થતા અર્થ-કામના-લાભ તુચ્છ લાગે.

**'પંચસૂત્ર'** શાસ્ત્રના બીજા સૂત્રમાં કહ્યું છે કે શ્રાવક પાંચ અણુવ્રત લે, અહિંસા-સત્ય વગેરેનો સ્વીકાર કરે, પછી એની સુંદરતા, હિતકારિતા, સુખદ-પરંપરાનુબંધિતા વગેરેની ભાવનાથી આત્માને ભાવિત કરતો ચાલે, અને એની સામેના હિંસા-અસત્ય વગેરે દોષોની ગલીચતા-અપકારતા-મહાદુઃખદ પરંપરાનુબંધિતા વગેરેની ભાવના વધારતો જાય. એને અને એનાથી થતા પૈસા-પ્રતિષ્ઠાદિના લાભને તુચ્છ-અતિ તુચ્છ લેખતો જાય. આ તો તમે પૈસાને બહુ કિંમતી અને મહત્ત્વવાળા માનો છો એટલે એની પાછળના આરંભ-કષાય-પરિગ્રહના દોષની ઘૃણા નથી થતી, અથવા આરંભ આદિ દોષોની કટુતા નથી લાગતી; એટલે એ સેવી કમાયેલા પૈસા પર તિરસ્કાર નથી છૂટતો.

દોષનો દ્વેષ નથી. પૈસા-બંગલો-મોટર સારા લાગે છે, પછી, એની પાછળના આરંભ-સમારંભ અને લોભમાનાદિ કષાયો ભૂંડા ક્યાંથી લાગે ? અથવા આ આરંભાદિ ભૂંડા નથી લાગતા તો એના લાભ પણ કડવા શી રીતે લાગવાના ? કસાઈપણું ભૂંડું લાગે છે તો કસાઈના બંગલા પર રાજીપો નથી થતો, એ મીઠો નથી લાગતો.

જૈનધર્મ હૈયે ફરસ્યાનું આ લક્ષણ છે કે દોષ-દુર્ગુણ ને પાપના પાયા પર ઊભનારા વૈભવવિલાસ મીઠા નહિ, કડવા લાગે. કોઈ પૂછે,

**પ્ર.**- 'પૈસા કેમ ખરાબ ? ભોગ-વૈભવ કેમ ભૂંડા ?'

**ઉ.**- 'તો એનો તરત આ ઉત્તર કરવાનો કે એ હિંસા-પરિગ્રહ અને કષાયાદિ દોષો પર ઊભા છે માટે,

બસ, ગુણનો વિકાસ કરવા આ ઉપાય છે કે એની કદર કરો, એનું મૂલ્યાંકન ઊંચું-ઊંચું આંકતા જાઓ. એમ એનો રસ, ધગશ, આનંદ વધારતા ચાલો.

આજના અજ્ઞાન માણસો ચિત્રપટ-સિનેમા જોઈને ખુશ થાય છે ને ? એક જુએ છે, પછી વળી બીજો જુએ છે, એમ કરતાં કરતાં એનો રસ વધતો જાય છે. એમ બીડી-સિગારેટ વગેરે વ્યસનની આદત પડતાં એનો રસ વધતો જાય છે. એમ પૈસાની કમાઈ થતાં એનો રસ વધે છે. વેશ્યાગામીને એનો રસ વધતો જાય છે. નવા ગામમાં જશે તો પહેલું પ્રિય શોધશે ! દુનિયામાં ભિન્ન ભિન્ન વિષયોમાં આવું થાય, તો ગુણ અંગે કેમ એવું ન બને ? કેમ ન બનાવી શકાય ? સહિષ્ણુતાદિગુણના પોષક પ્રસંગોમાં એ ગુણનો રસ વધારતા રહેવું જોઈએ. એક ધર્મશ્રવણનો ગુણ, એમાં સમ્યગદૃષ્ટિ આત્માને રસ કેટલો ? ઉપાધ્યાયજી મહારાજ કહે છે,-

"તરુણ સુખી સ્ત્રી પરિવર્યો રે, ચતુર સુણે સુરગીત;
તેહથી રાગે અતિ ઘણો રે, ધર્મ સુણ્યાની પ્રીત."

યુવાન માણસ, પાછો સુખી, સમૃદ્ધિ-વૈભવવાળો વળી પત્નીથી પરિવરેલો. અને ચતુર સમજદાર, એ દિવ્ય ગાંધર્વગીત કેવા રસથી સાંભળે ? એના કરતાં પણ અતિ ઘણા રસથી ધર્મશ્રવણ કરવાની સમકિતી આત્માને પ્રીતિ હોય. મનમાં સજ્જડ બેસાડી દીધું છે 'કે જીવનમાં ધર્મ એ જ ચીજ છે, સાર છે, માલ છે, આત્માની સાચી કમાઈ, સાથે થનારી કમાઈમાં અંકે થનારી વસ્તુ છે. બાકી બધું તો ખોવાઈ જવાનું ! તુચ્છ, અસાર, અને અપકારક, ! માટે એની વાતોમાં શું બહુ પડવું હતું ? તારણહાર ધર્મની વાતો જ સાંભળું, બહુ બહુ સાંભળ્યા કરું, જેથી આગળ ને આગળ ધર્મમાર્ગે મારા આત્માની પ્રગતિ રહ્યા કરે.' આમ ધર્મશ્રવણનો ભારે રસ હોય. એમાંય નવું નવું સાંભળતો જાય, તેમ તેમ રસ વધતો જાય. આવા રસને લીધે ધર્મશ્રવણનો ગુણ કેવો વિકસે ? કેવો યોગીના ધ્યાનની જેમ આ શ્રવણગુણમાં તન્મય બને ? એ ગુણ ખીલે એટલે ચિત્તના અધ્યવસાય એની સાથે વિકસતા જાય.

આપણી વાત આ જ ચાલે છે ને ? કે પેલા રાજકુમારને દુશ્મન સુભટોના હલ્લા સામે પોતાના શુભ અધ્યવસાય અને શીલથી રક્ષા કરવાનું મન થયું અને દુશ્મનોના થંભી જવા પર વળી અધ્યવસાયનું જોસ એવું વધી ગયું કે ત્યાં જ એને અવધિજ્ઞાન પ્રગટ થઈ ગયું. ત્યારે એ જોસ કેવુંક આવ્યું હશે ? શુભ અધ્યવસાયમાં વેગ શક્તિ કેવી રીતે વધતી આવે ? એની વિચારણા ચાલે છે. એમાં આ વાત છે કે કોઈ એક પણ ગુણમાં જોસ લાવવાથી અધ્યવસાયમાં જોસ આવે છે.

એટલે આ પ્રશ્ન ચાલ્યો કે ગુણનો જોસ કેમ વધારવો ?

આના એક ઉપાય તરીકે જિનાજ્ઞાની મમતા, દોષની પરલોક-નુકસાનવિચારણા વગેરે વિકસાવવાં.

બીજા ઉપાયની વાત ચાલે છે કે ગુણનું મૂલ્યાંકન અને રસ વધારવા; જેથી ગુણપાલન એનું એ દેખાય છતાં અંદરનો દોષ-દ્વેષ-તાકાત-વેગ જોરદાર હોય.

ત્રીજો ઉપાય આ છે કે ગુણની મમતા-ધગશ અને અનુમોદના એવી વધારવી કે દુશ્મનના પણ ગુણ ઉપર હૈયું ઓવારી જાય ! ગુણ છે ને ? ભલે વિરોધીનો હોય, એ જિનભક્તિ, સાધુસેવા કરે છે ને ? બસ, એની અનુમોદના થાય, મમતા એવી થાય 'કે આ મારા જિને આદરણીય-અનુમોદનીય કહેલ ગુણ છે, અને ગુણ તો મારો તારણહાર છે. તો એ ગમે ત્યાં હોય તોય મારી ઉપાસ્ય ચીજ. એના તો હું ગુણ જ ગાઉં; આવી મમતા-અનુમોદનાથી પણ આમાં જોસ આવે છે.



**કાકા અજિતસેનની ગુણાનુમોદના :-**

શ્રીપાલકુંવરના કાકા અજિતસેન શ્રીપાલ સાથેના યુદ્ધમાં હાર્યા. ત્યાં જુએ કે શ્રીપાલને દુશ્મન માનીને સામે લડેલા છતાં હવે એના ગુણની અનુમોદના કરતાં શુભ અધ્યવસાય કેટલા ઊંચા વિકસાવી રહ્યા છે ? એ વિચારે છે કે, અહો ! આ બાળક કેવો ગુણિયલ ! અને હું મોટો કેવો અધમ ! એણે એની ભુજાબળે અને પુણ્યબળે ન્યાયપુરસ્સર આટલી મોટી રાજેશ્વરી સંપત્તિ મેળવી, ને મેં દગો કરી એનું રાજ્ય પડાવી લીધેલું ! છતાં વિવેકથી મને કહેવરાવે છે કે 'કાકા ! તમે અત્યારસુધી રાજ્ય સાચવ્યું એ તમારો મોટો ઉપકાર ! હવે હું રાજ્ય ચલાવવા લાયક થઈ ગયો છું તો તમે રાજ્ય સોંપી નિરાંતે નિવૃત્તિ ભોગવો.' ત્યારે હું અધમ કેવો કે ચોરી પર શિરજોરીરૂપે એની સાથે લડવા આવ્યો ! કેવી સુંદર એની ગુણિયલતા ! ને મારી કેવી જઘન્ય દુષ્ટતા ! પણ આ સામાના ગુણ વિસરાવનાર અને જાતની દુષ્ટતા પોષનાર માટીની માયાથી સર્યું ! જડસંહાર ઊભો રાખું તો બુદ્ધિ ભ્રષ્ટ થાય ને ? જોઈએ નહિ એ. શ્રીપાળના ગુણની કદરરૂપે પણ હવે ગુણનું જ જીવન-ધર્મમય જીવન મુબારક હો.' બસ, ત્યાં ને ત્યાં જ સંસાર ત્યજી અણગાર થયા. ત્યાં શ્રીપાલે એમની ખૂબ ખૂબ ગુણસ્તુતિ કરી. ત્યારે હવે આ મહાત્મા તો શુભ અધ્યવસાયનું બળ વધારતાં વધારતાં આગળ ઉપર અવધિજ્ઞાન પામ્યા ! વધતી ગુણાનુમોદના શુભ અધ્યવસાયને કેટલે ઊંચે લઈ જાય ?

અરે ! પોતાના પણ કોઈ ખાસ ભોગ આપીને સાચવેલા ગુણ કે સુકૃતની જ શુદ્ધ અનુમોદના પણ શુભ અધ્યવસાયનું બળ વધારી મૂકે છે.

જુઓ, શાલિભદ્રના જીવ આહિરપુત્ર સંગમે મુનિને ખીર વહોરાવી ભારે આનંદ-ઉલ્લાસ સાથે ! ખીર કેવી ? જીવનમાં પહેલી જ વાર દેખવા પામેલ તથા ખાવાની તૈયારીમાં છે એવી ખીર ! પોતાનો તુચ્છ રસાસ્વાદ જતો કર્યો ! પોતાની કપરી સ્થિતિની દૃષ્ટિએ એ પણ કિંમતી ગણાય, ગુરુ મહારાજનો ઉપકાર માન્યો કે 'એમણે મને કેવા સુંદર દાનના સુકૃતનો લાભ કરાવ્યો !' પછી આ ત્યાગધર્મ અને ગુરુઉપકાર પર એટલી બધી ભારોભાર અનુમોદના કરી, અનુમોદના વધારી કે એમાં શુભ અધ્યવસાયનું બળ અદ્ભુત વધી ગયું ! એણે માત્ર શાલિભદ્રનો અવતાર. અને રોજની દેવતાઈ નવી નવાણું પેટી જ નહિ, પણ 'શ્રેણિક માથે માલિક ? **માલિક તો એક જ મહાવીર,** માટે આ શ્રેણિકની માલિકી શિરે લદાય એવું એનું પ્રજાપણું જ ન જોઈએ, સંસાર છોડી સાધુપણું જ ખપે,' એવા પરાક્રમી શુભ અધ્યવસાયમાં એવો ચડાવ્યો, કે ઠેઠ અનુત્તર વિમાનમાં પુણ્ય ઊભાં કરી આપ્યાં ! આ છે સુકૃતાનુમોદના-ગુણને વિકસાવવાનો પ્રભાવ ! એ વિકસાવવાનું

એવું ચાલ્યું, એવું ચાલ્યું કે એના વધતા જતા આનંદમાં, પછી ખીર ખાવાનો આનંદ તુચ્છ બની ગયો. ખીર ખાતાં ખાતાં મનમાં રટણા પેલા દાન અને ગુરુની જ ચાલી, પછી પણ એજ ચાલ્યું. એ જ રીતે અજીર્ણ ઉપર શૂળ અને મરણાંત દશા આવી. એમાંય દુઃખ મનને મૂંઝવી શક્યા નહિ, સુકૃતનો આનંદ વિસરાવી શક્યા નહિ, અને વહાલસોયી માતાનો પ્રેમ પણ એવા અવસરે ય નહિવત્ લાગ્યો એટલો ગુરુ પ્રત્યેનો પ્રેમ, ગુરુએ કરેલા ઉપકારનો આનંદ ઝણઝણી રહ્યો !

શુભ અધ્યવસાયનું બળ આવા ગુણ અને ધર્મનું બળ વધવા ઉપર વધે છે; ને એ બળ એની શુદ્ધ અનુમોદના પુષ્ટ થવા પર વધતું જાય છે.

**શુદ્ધ અનુમોદના એટલે કે જેમાં,**

(૧) જાતની વડાઈનો ઘમંડ ન હોય,

(૨) 'બીજાઓને આ શું આવડે ?' એવો તુચ્છકાર ન હોય,

(૩) દુન્યવી સુખ-સમૃદ્ધિની આશંસા, કે બહાર વાહવાહ-કીર્તિ લેવાની કામના ન હોય,

(૪) બીજાની ઈર્ષ્યા કે દ્વેષ ન હોય કે 'એને બતાવી આપું, એને હેઠો પાડું.'

આવી આવી કોઈ પણ જાતની અશુદ્ધિ-કચરાથી લેશમાત્ર ખરડાવાપણું ન હોય. લખી રાખજો,

આ જાતવડાઈનો ઘમંડ વગેરે એકેક અશુદ્ધિ સુકૃતમાં ઝેર ભેળવે છે. સુકૃતને નિસ્સાર-નિઃસત્ત્વ બનાવે છે. ભરવાડણનો છોકરો અભણ, અબૂઝ, ગમાર પણ આ અશુદ્ધિથી બચવામાં મહાવિદ્વાન હતો.

સગી માતાને પણ પોતાના દાનની હોશિયારી ન કહી, એવી વાહવાહ લેવાનું ન ઈચ્છ્યું.

'નગરના મોટા શેઠિયાને શું વહોરાવતાં આવડે ? મહારાજને મેં વહોરાવ્યું' આવો કોઈ તુચ્છકાર, ઈર્ષ્યા મનમાં ય ન ફરકી.

જાત ઘમંડની તો વાતેય શી ? જ્યાં 'મહારાજને આપ્યું' એમ માનવાને બદલે 'મહારાજે મને રાંકડાને સુકૃત-તક આપી' એજ કૃતજ્ઞ-ભાવ-નમ્રભાવ યાદ કર્યા કરવાનો હોય.

ત્યારે દાનનાં ફળરૂપે પુણ્યના લોચાની કે દુન્યવી વૈભવની તો ઈચ્છા ય થઈ નહિ.

દાન તો એટલા માટે કર્યું કે 'સામે મહાત્મા છે, આ ઉત્તમ ખીર છે, પાસે પેટ છે, ઉત્તમ પણ ખીર મારા પાપી પેટમાં ગયે અધમ માટી થશે, અને મહાત્માના પાત્રે ચડ્યે પરમાન્ન થશે.' વસ્તુનો સદુપયોગ, સદ્ વિનિયોગ કરવો એ જ



બુદ્ધિમાનનું જીવન, બુદ્ધિની બલિહારી ! બસ, મહાત્મા તરફના આકર્ષણથી વસ્તુના સદુપયોગ અર્થે એણે દાન કર્યું; અને એમાં રાચ્યો-માચ્યો-નાચ્યો, એવો કે એની અનુમોદના-ગુણનો પાવર વધારતો જ ગયો, વધારતો જ ગયો.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૩,અંક-૨૧,તા.૧૩-૨-૧૯૬૫**

**શાહ મહાશાલ** અને એમના નૂતનદીક્ષિત બે ભાણેજ, ચારે જણા ગુરુ ગૌતમસ્વામીજી સાથે મહાવીર પ્રભુની પાસે આવી રહ્યા છે. ચારેયને મનમાં ગુરુની અનુમોદના, ગુરુના ઉપકારની અનુમોદના એવી વિકસતી ચાલી છે, 'અહો સદ્ભાગ્યે કેવા ઉત્તમ ગુરુ મેળવી આપ્યા ! કેવા અમને સંસાર-કારાગારમાંથી છોડાવ્યા ! કેટલો એમનો નિઃસ્વાર્થ ઉપકાર ! ઉપકાર પણ ગજબ કોટિનો ! કયાં એ સંસારની વિટંબણા, દુર્દશા, અને કયાં આ લોકોત્તર બાદશાહી ? આ પમાડનારા ગુરુના ઉપકારનો બદલો કયાં વળે ? જે આ ઉપકાર ઉપર તો આગામી જન્મ-પરંપરા માટે અને ભાવી અનંત કાળ ઉજ્જવળ થઈ જાય, એનું માપ શું કઢાય ? અને આવા ગુરુ મળ્યા પછી તો નવો જન્મ જ શાનો લેવો પડે ? આત્માને અસંગ-અકષાયી નિર્વિકાર-વીતરાગ બનાવી દે એવા ગુણનો અમને રાંક પામરને ભેટો ? બસ, ત્યારે આવા ગુરુ મળ્યા પછી હવે અમે કાયાની, ઈન્દ્રિયવિષયોની, કે કષાય-રાગદ્વેષની માયામાં પડશું ? હરગીઝ નહિ. અમારે ને એને શું લાગેવળગે ? હવે તો ગુરુની જ એક સેવા-એકધ્યાન-એકતાનમાં કાયા-વિષય-કષાય સર્વના સંગ-આસક્તિ ભાવથી પર થઈ જઈશું...' આવા કોઈ ગુરુની કદર, અનુમોદના ગુણ અને શુભ મનોરથગુણનું બળ વધારનાર વિચારમાં ચઢ્યા તો શુભ અધ્યવસાયનું બળ એટલું બધું વધી ગયું, એટલું બધું વધી ગયું, કે રસ્તામાં ને રસ્તામાં જ ઊંચા શુકલધ્યાનની ધારામાં ચઢ્યા ! ક્ષપકશ્રેણી લગાવી ! ઘાતી કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા ! વીતરાગ સર્વજ્ઞ બન્યા !

જેનો જેવો ગુણવિકાસનો ને ધર્મ વિકાસનો પુરુષાર્થ, તેવી તેના અધ્યવસાયની પ્રબળતા બને. ગુરુ ગૌતમ મહારાજ હજી છદ્મસ્થ છે ને ચેલા શાલ-મહાશાલ વગેરે સર્વજ્ઞ બની બેઠા !

ગુણનું બળ વધારવા

(૧) એની કદર

(૨) એનો રસ

(૩) એની અનુમોદનાની જેમ

(૪) એની સામેના અવગુણ અને એથી દેખાતા લાભ વગેરેને તુચ્છ અતિ તુચ્છ માનતાં ચાલવું પડે.

અહિંસા એ ગુણ છે, એની સામે હિંસા-આરંભ-સમારંભો અને એનાથી દેખાતા લક્ષ્મી આદિના લાભ અતિ તુચ્છ માનવા પડે. જેમ જેમ આ તુચ્છ ભાવ વધતા જાય, તેમ તેમ અહિંસાનું બળ વધતું જાય. એવું જ ક્ષમા, સહિષ્ણુતા, ગાંભીર્ય, ઔદાર્ય, દેવગુરુ ભક્તિ, સાધર્મિક પ્રેમ વગેરે ગુણોમાં એની સામેના ગુસ્સો, સામનો, છીછરાપણું, કૃપણતા, ધનમૂર્ચ્છા, કુટુંબ પ્રેમ વગેરેને તુચ્છ લેખવા જોઈએ. એનાથી લાભ થતા દેખાય એ પણ તુચ્છ. આપણી અજ્ઞાનતાના કારણે લાભ એ દુર્ગુણોથી થવાનું દેખીએ છીએ. ખરી રીતે તો લાભ પૂર્વના પુણ્યના ઉદયે થાય છે. બાકી એ દોષો તો પાપની જ કમાઈ આપે છે; ચિત્તને મલિન બનાવે છે; સરવાળે દુઃખની જ પોક મુકાવે છે. એ દોષોની સામે પ્રશસ્ત ભાવ કરવાથી દોષ દબાય છે.

પ્રસન્નચંદ્ર રાજર્ષિને પુત્રમોહ જાગ્યો, મન ચકડોળે ચઢ્યું, વિચારમાં ને વિચારમાં ખૂનખાર લડાઈ લડ્યા ! પણ ક્ષણવાર પછી મનને થયું કે અરે ! હું મહાવીરનો શિષ્ય, ને મેં આ શું કર્યું ? પરમાત્મપ્રેમ-ગુરુપ્રેમની આગળ પુત્રપ્રેમ તુચ્છ અતિતુચ્છ બની ગયો. એનું અને સંયમનું બળ વધતું ચાલ્યું. એના પર શુભ અધ્યવસાયની ધારા વધી, તે ઠેઠ કેવળજ્ઞાન સુધી લઈ ગઈ ! પ્રભુપ્રેમ-ગુરુપ્રેમનો ગુણ વિકસી ઊઠવો જોઈએ, તો સાંસારિક પ્રેમનો દોષ ઘટી જાય.

એમ જીવો પર દ્વેષ ઊઠી આવે છે, એની સામે જીવોને અપરાધમાં કારણભૂત મોહ અને કર્મ સામે દ્વેષ ઊભો કરવો જોઈએ. વારંવાર એ ભાવના કરાય કે 'આ જગતમાં કષાયો-અજ્ઞાનતા-મૂઢતા અને પૂર્વ કર્મ કેટલી કારમી પ્રવૃત્તિ કરાવે છે ! બિચારા જીવોને ફસાવે છે ! મને પણ કેવા એ કનડી રહ્યા છે ! મારી શક્તિઓને, કેમ હું એ ખરા શત્રુઓને મહાત કરું, દબાવું, નષ્ટ કરતો ચાલું !' એમાં જ ખરચું ! અવશ્ય ખરચું !

આવું આવું કાંક કરતા રહીએ તો શુભ અધ્યવસાયને હૈયે જગા મળે.

**તન્મયતા વધારવા પર શુભ અધ્યવસાય પ્રબળ બને :-**

આત્માના ગુણો અને ધર્મપ્રવૃત્તિમાં તન્મયતા વધારવા ઉપર શુભ અધ્યવસાયનું જોસ વધે છે. આ એક માનવ જીવનની અતિ દુર્લભ વિશેષતા છે, અને તે માર્ગે પુરુષાર્થ ખાસ રાખવો જોઈએ. કોઈપણ ગુણ કે કોઈપણ ધર્મપ્રવૃત્તિમાં ય આ તન્મયતા વધારી શકાય છે, અને એનું ફળ મળે છે.

**નાગકેતુએ** ભગવાનની પુષ્પપૂજા વખતે તન્મયતા વધારી, તે એટલી બધી



કે સર્પદંશની પીડામાં મન લેશ પણ વિહ્વળ થવા ન દીધું ! તો એથી અધ્યવસાયની ધારા વિકસતા શુકલધ્યાન અને કેવળજ્ઞાન લાધ્યું ! પૂજામાં લીનતા કેવી વિકસ્વર થઈ હશે ! જિન સાથે એકરસતા ગાઢ અતિ ગાઢ બનતી ચાલી. જીવન જિનની સાથેની એકરસતાનું જ લાગેલું.

**રાજા હરિશ્ચંદ્રે** સત્ત્વગુણ એટલો અસ્થિમજ્જા કરવા માંડ્યો કે ઘોર કષ્ટમાં લેશમાત્ર પણ દીનતા-કાયરતા-થકાવટ ન આવવા દીધી. દેવતાઈ પરીક્ષા-વિધિમાં ઠેઠ સુધી અડીખમ રહ્યા. આમાં શુભ અધ્યવસાય પ્રબળ થતા જાય અને અપૂર્વ અપૂર્વ કર્મક્ષય નીપજતો જાય એ મહાન લાભ છે.

આ માનવ જીવનમાંથી કોઈ નક્કર વિશિષ્ટ કમાઈ કરી જવી છે ? તો એક પણ ગુણ કે ધર્મપ્રવૃત્તિ જોસિલી બનાવતા જાઓ.

**ગૌતમ મહારાજે** ગુરુભક્તિગુણને એટલો બધો વિકસ્વર કર્યો કે ભગવાનનું નિર્વાણ સાંભળીને હવે પોતે આખા સંઘમાં સૌથી ઊંચા વડેરા બન્યાનો લેશમાત્ર આનંદ કે ઉત્કર્ષ અનુભવ્યો નહિ, પણ ઊલટું ગુરુવિરહનું અપરંપાર દુઃખ અનુભવ્યું ! એમાં ગુરુભક્તિ વધતાં વધતાં ગુરુએ અપનાવેલી વીતરાગતાને અપનાવનારા અનાસક્તિ યોગમાં પહોંચી ગઈ ! રાગ-મમતા છૂટી ગયા ! અધ્યવસાય વિકસ્વર થતાં થતાં શુકલધ્યાનમાં પહોંચી ગયા !

**દેવભક્તિ કેમ વધે ? :-**

દેવાધિદેવની ભક્તિનો જોસ વધારવો હોય તો એની આડે નડતા તુચ્છ પદાર્થોના સ્વાર્થની લાગણી કપાતી આવવી જોઈએ. મહારાજા શ્રેણિકને એક રત્નકાંબળ ખરીદવા મન માન્યું નહિ; પરંતુ ભગવાનની ભક્તિના જોશમાં ભગવાનની સુખશાતાના સમાચાર લાવનારને મોટા ઈનામથી એ નવાજી દેતા !

**ભક્તિ પાછળ કાંઈ જોખવાનું ન હોય, ભોગ આપવાનો હોય નહિ, તો એ ભક્તિમાં જોસ શી રીતે આવે ?** બોલો, ભગવાનની રોજની ભક્તિ પાછળ જાતનું કાંઈ ખર્ચવાનું રાખ્યું છે ? એક રૂપિયાની વરખ-થોકડીના પાનાં સોળ, એમાંથી રોજ કદાચ એક આખું પાનું નહી સહી તો ય અડધું ય પાનું પ્રભુને છાપો તો ય બત્રીસ દિવસે એક રૂા. નો ખર્ચ લાગે. આટલોય ભોગ આપવાનો નિયમ છે ? લુખ્ખો ભક્તિ ગુણ બળવાન શી રીતે બનતો જતો હશે ? એના પર અધ્યવસાયનું જોસ કેમ વધે ? પૂર્વ પુરુષોના ચરિત્રોમાં માત્ર એક કમળપૂજા, અક્ષતપૂજા, ફળપૂજા વગેરે પણ જિનભક્તિગુણ પ્રબળ થઈ અધ્યવસાયધારા વધવામાં સ્વર્ગનાં પુણ્ય ઊભા કરી દીધાનું આવે છે.

**કુમાળપાળના જીવે** પૂર્વ ભવમાં અંત્યત ગરીબીમાં પાંચ કોડીનાં ફૂલથી પૂજા

કરવામાં જિનભક્તિ ગુણ અને અધ્યવસાય એવા પુષ્ટ કર્યા કે એના પર અહીં અઢાર દેશનું રાજ્ય એ તો મામૂલી વસ્તુ, પણ ગણધરપણાનું પુણ્ય ઊભું કરી દીધું ! પાંચ કોડીની સર્વસ્વ મૂડી લગાવી દેવાનો ભોગ આપ્યો હતો, શું સમજીને ? આજ કે 'વાહ ! કેવા મારા તરણતારણ જિન ! મારા નાથ ! પ્રભુ આપની આગળ કશું ય શી વિસાતમાં છે ? ક્યાં આપનો અથાગ અમૂલ્ય ઉપકાર ? ને કયાં સો-હજાર-લાખમાં ભાગે પણ આ ભાર વાળવાની ય ભાગની પણ કૃતજ્ઞતા અદા કરવાની વાત કયાં ? જો એ હોત તો મળેલી તન-મન-ધન-ઈન્દ્રિયોની વિપુલ શક્તિ એમાંથી, પ્રભુ ! તમારી સેવામાં તમારી આજ્ઞાની આરાધનામાં કેટલીય લગાડ્યે જતા હોત ?'

**નિશ્ચિન્તતા-નિર્ભયતા કેમ નથી :-**

જીવનમાં દિલનો મુખ્ય સંબંધ આત્માના ગુણના વિકાસની અને શુભ અધ્યવસાયનું બળ વધારવાની સાથે રહે તો જ સતત જાગૃતિ રાખીને આ કાર્ય થવાનાં, નહિતર તો જડ પદાર્થો અને કાયાની સુખ-શીલતા-સન્માનનો ધસારો એવો છે કે એ જીવને તાણ્યા જ રહેવાના. મન એમાં ને એમાં વ્યગ્ર રહેવાનું. દિવસ અને રાત એ જ ગડમથલ. સાર શો નીકળવાનો ? હૃદય પર હાથ મૂકીને કહો, શું એવા જડજીવનમાં હૈયાને નિશ્ચિન્તતા-નિર્ભયતા છે ? કોઈના અકાળ મૃત્યુને જોતાં દિલમાં આંચકો આવે છે ને કે 'કદાચ આપણું ય કાંક આવું થાય તો ?'

અથવા કોઈ એવો રોગ ઊભો થતાં ડાક્ટર વૈદ્ય કોઈ એવી ભયંકર આગાહીની સંભાવના કરે તો હૃદયના ઊંડાણમાં આઘાત લાગે છે ને ? અથવા વિશ્વ યુદ્ધ, પાકીસ્તાની બળવો, કે ચીનનાં આક્રમણ જેવી વસ્તુ ઊભી થાય તો હૈયે ધ્રાસકો પડે ને ?

**જડજીવનથી જ ધ્રાસકો :-**

વિચારવા જેવું છે કે આ આંચકો, આઘાત, ધ્રાસકો પડવામાં શું કારણ છે ? જડજીવન કે બીજું કાંઈ ? જડજીવનમાં હૃદય એવું દુર્બળ બની જાય છે કે અનિષ્ટ સંયોગોનો વિચારમાત્ર પણ અસહ્ય બને છે. ત્યારે,

**નિશ્ચિન્તતા-નિર્ભયતા કેમ આવે ? :-**

પરમાત્માની ભક્તિ, એમનું શ્રદ્ધા-ભરપૂર શરણ, ધર્મવૃદ્ધિ-ગુણવૃદ્ધિ અને શુભ અધ્યવસાય મુખ્ય કરેલા જીવનની બલિહારી છે કે દિલને સુંદર કોટિની નિર્ભયતા-નિશ્ચિન્તતા આપે છે ! એથી એવા આઘાત-આંચકાના ભોગ નથી બનવું પડતું. સ્વસ્થ જીવનધારા વહ્યે જાય છે. દુનિયા પાસે આ નથી પણ જો આપણને વીતરાગ અરિહંત પરમાત્મા અને એમનું શાસન તથા એને સચોટ રીતે અનુસરનારા



મહાપુરુષોનાં આદર્શ-જીવનનાં આલંબન મળ્યાં છે, તો આપણે તો એવી સ્વસ્થ જીવનધારા બનાવીએ ને ? જીવનની બધી પ્રવૃત્તિનો સારો સરવાળો શુભ અધ્યવસાયની રક્ષા તથા વૃદ્ધિ છે એ સતત લક્ષમાં રહે ને ? અને એ માટેના મુખ્ય પ્રયત્નમાં રહ્યા કરીએ ને ?

**મનના ઉઠ્યાને વશ ન થાઓ :-**

ધ્યાન રાખજો મન કદાચ કહેશે કે 'પણ સંયોગો અનુકૂળ જોઈએ ને ? શરીર સારું ચાલવું અને નિશ્ચિન્તતા હોવી જોઈએ ને ?' પરંતુ મનના આ ઉઠાવાને મહત્ત્વ આપતા નહિ, નહિતર ખરૂં કરવાનું રહી જશે. સંયોગો, શરીર, ઉપાધિઓ તો કર્મના અનુસારે એની એ ઊભી રહેવાની, અને જીવનું પોતાનું હિત દૂર જ રહ્યા કરશે ! ખરી રીતે એના એ જ સંયોગોમાં વિચાર-સરણીનો ઝોક બદલવાથી શુભ અધ્યવસાય ઊભા કરી શકાય છે.

**વિચારસરણીનો ઝોક બદલવા માટે :-**

(૧) નેગેટીવમાંથી પોઝીટીવમાં, નિષેધાત્મક, નિરાશાત્મક વિચાર પદ્ધતિમાંથી વિધેયાત્મક અનુકૂળાત્મક વિચારપદ્ધતિમાં ચાલ્યા જવું. તાવ આવ્યો, 'હાય ! હવે બધા કામ અટકશે, કેટલું બધું બગડશે !' એમ નહિ પણ ઠીક છે, (૧) આશ્રવોમાંથી આરામ અને (૨) આત્મ-વિચાર કરવાની તક મળી, (૩) થોડું સહન કરવાની શક્તિ પણ ખીલવી શકાશે,' આવી આવી લાઈનની વિચારપદ્ધતિ અજમાવવાની. જે સંયોગોને આપણે અટકાવી શકતા નથી, એના પર રોવાથી શું ? મન બગાડવાથી શો લાભ ? એને અનુકૂળ જ વિચાર બનાવી લેવા.

(૨) વિચાર કોઈ બીજા જ ચાલુ કરવા કે જેમાં મનને સ્ફુર્તિ મળે. દા.ત. મહાપુરુષોના પરાક્રમોના, જીવાજીવાદિ તત્ત્વનાં, રળિયામણાં તીર્થસ્થાનોના, વાંચેલા-સાંભળેલા ઉપદેશના, વગેરે વગેરે વિચાર ચાલુ કરી દેવા.

(૩) સંકલ્પ કરવો કે મારે આ તાવ વગેરેમાં આટલા નવકાર યા એના પહેલા પદનો જાપ કરવો છે, ને પછી તે જાપ ચાલુ કરી દેવાનો સંકલ્પ છે એટલે એનું કાર્ય ચીવટ અને ગણતરી પૂર્વક ચાલશે.

(૪) અરિહંતાદિ ચારનાં શરણ સ્વીકારી અરિહંતની પ્રાર્થનામાં મન લગાડી દેવું. એ પ્રાર્થના પણ ઉમદા વસ્તુની. દા.ત. પ્રભુ ! મને શુભ અધ્યવસાયની બક્ષીસ કરો, મને સદ્‌બુદ્ધિ અને સમાધિ સુરક્ષિત રાખો. 'સમાહિવરમુત્તમં દિંતુ.' હું તમારા શરણે છું. મને તમારા અચિંત્ય પ્રભાવે જરૂર આ મને પ્રાપ્ત થશે.' વારંવાર આ પ્રાર્થના કરવાની.

ગુણવિકાસ અને સુયોગ્ય વિચારસરણીની જેમ એવું સુંદર તાત્ત્વિક આધ્યાત્મિક

વાંચન તથા કોઈ એવી ઉલ્લાસપ્રેરક ધર્મપ્રવૃત્તિ પણ શુભ અધ્યવસાયની જાગૃતિ અને પુષ્ટિ કરે છે.

મુખ્ય કામ આ છે, શુભ અધ્યવસાય સદા રમતા વિકસતા રાખવાની ખાસ તમન્ના જોઈએ; અને જ્યારે, બહુ સૂક્ષ્મ સમયે સમયે આત્મા પર કર્મનો બંધ ચાલુ છે, તેમજ એ શુભ કર્મબંધ થાય કે અશુભ, એનો મુખ્ય આધાર અધ્યવસાય પર છે, શુભ અધ્યવસાયે શુભ, અને અશુભે અશુભ કર્મબંધ, એ સ્થિતિ છે, તો પછી શુભ અધ્યવસાય જાગતા રાખવાની તમન્ના કેમ ન થાય ? સહેજ પ્રમાદમાં-ગફલતમાં -ઘેલછામાં અશુભ અધ્યવસાય કરી અશુભ કર્મ ઊભાં કર્યાં તો એ પછીથી વેઠવા કોને પડવાનાં ? આપણને પોતાને જ. એમાં ય અહીં અધ્યવસાય બગાડવાનો કાળ મામૂલી, પણ એનાં ફળ રૂપ અશુભ કર્મના ઉદય ભોગવવાનો કાળ જંગી ! તેમજ પ્રમાદ વખતે જીવને મજા-અનુકૂળતા કે સહજ જેવું લાગે તો તે મામૂલી, પણ એના અશુભ કર્મના ઉદય વખતની દુઃખદ સ્થિતિ ભારે ! તાત્પર્ય અશુભ કર્મના ઉદય વખતની દુઃખદ સ્થિતિ ભારે ! તાત્પર્ય અશુભ કર્મબંધ તરફ આંખ-મિંચામણા કરવા જેવા નથી. એને વધાવી ન લેવાય કે ‘શું કરીએ ? સંયોગ એવા છે, પુણ્ય કાચાં છે, અશુભ કર્મ બંધાઈ જાય છે, એમાં શી રીતે બચાય ?’ આવી બેપરવાઈ નહિ કરવાની. અશુભ ન બંધાવા દેવાની અર્થાત્ અધ્યવસાય ન બગાડવાની પાકી ગરજ અને ચીવટ રાખવાની; અને એ અઘરું નથી કે ચિત્તના અધ્યવસાય મેલા ન થવા દઈએ, નિર્મળ રાખીએ. કેમકે એ આપણા વિવેક અને પુરુષાર્થને આધીન છે.

**અધ્યવસાય-શુદ્ધિ માટે તત્ત્વ-પ્રયોગ :-**

અધ્યવસાય, એના એ જ નબળા સંયોગને નબળી પુણ્યાઈમાં પણ, ઊજળા નિર્મળ રાખવા માટે આ એક ખાસ કરવા જેવું છે કે મનનું વલણ તત્ત્વ તરફ ઝુકતું રાખવું. જીવ-અજીવ, પુણ્ય-પાપ, આશ્રવ-સંવર, બંધ-નિર્જરા, અને મોક્ષ, આ મુખ્ય તત્ત્વ છે. જીવનમાં બનતા બનાવ વખતે આ નવમાંથી જે તત્ત્વ લાગુ થતું હોય એને અનુરૂપ વલણ ચિત્તનું રાખવાનું દા.ત. આરંભ-સમારંભનો પ્રસંગ છે તો એ આશ્રવ તત્ત્વ છે, એને અનુરૂપ મનોવલણ હેયતા-ત્યાજ્યતા-ભય-અરુચિનું હોય એમ,

**બીજાની બૂરાઈ પ્રત્યે ઉદાસીનતા-કરુણા :-**

પ્રસંગ કોઈ માણસની બૂરાઈ જોવા-સાંભળવાનો આવ્યો ત્યાં પહેલો તો ઉદાસીન ભાવ કેળવવો કે ‘જીવો કર્મવશ છે. આપણે સામાની બૂરાઈ તરફ ઉદાસીન રહો.’ કદાચ મગજમાંથી એનો વિચાર ન જ ખસતો હોય તો દયા ભાવ લાવો, ‘બિચારો જીવ કર્મ પીડિત ! તેવા મોહનીય કર્મના ઉદયે ખોટું કરી રહ્યો છે. એને



સદ્‌બુદ્ધિ મળો, સદ્‌ભાવના જાગો અને એની બૂરાઈ દૂર જાઓ !’ દિલના પીગળવા સાથે આવી દયા ઊભરાવવાની આ કષાય-નિગ્રહરૂપ સંવર તત્ત્વનું આલંબન કર્યું.

**બિમારીમાં નિર્જરા તત્ત્વ :-**

એમ આપણી બિમારીનો પ્રસંગ આવ્યો, ત્યાં નિર્જરા તત્ત્વ ખોલવાનું. મનનું વલણ આ અશુભ કર્મના ઉદયમાં અશુભ ખપી જવાથી અને કાયકલેશ સમભાવે સહવાથી કર્મની નિર્જરા થવાના હિસાબે પ્રસન્નતાનું રાખવાનું. વળી સ્વેચ્છાએ સહી લઈએ, દિલમાં ધીરજ, હિંમત અને આપણે કરેલાં આપણે ભોગવવા જોઈએ એવી શાહુકારી રાખી ભોગવી લેવાય તો સવિશેષ કર્મ નિર્જરાનો લાભ થાય છે. એના તરફ ઉદ્વેગ શા માટે ?

**જડ પ્રત્યે વિચારણા :-**

એમ, જગતના સારા-નરસા જડ પદાર્થો નજરે ચઢવાના પ્રસંગ ઘણા આવે છે, ત્યાં એ અજીવ તત્ત્વ છે, માત્ર જ્ઞેય તત્ત્વ છે, ઉદાસીન ભાવે જોવાનું-નવાજવાનું તત્ત્વ છે, મનનું વલણ ઉદાસીન રહે, ઉપેક્ષાવાળું રહે, કોઈ રાગ નહિ, કોઈ દ્વેષ નહિ. તે એમ વિચારીને કે ‘આ બધું અનિત્ય છે, પરિવર્તનશીલ છે; શુભ અશુભ થાય, ને અશુભ શુભ થાય. મારે કાંઈ આની સાથે કાયમના મેળ નથી. તો આમાં શું અટકી પડવું હતું ? શા રાગ કે દ્વેષ કરવા ? શા વાત વાતમાં મારા આત્માને વિકાર જગાડવા ? જડ એનું કામ કરે, મારે મારું કામ કરવાનું. મારું કામ મારા આત્માના જિનભક્તિ, જીવદયા, વૈરાગ્ય, ક્ષમા, નિસ્પૃહતા વગેરે ગુણો પુષ્ટ કર્યે જવાનું. જગત એની રાહે ચાલે એમાં મારે હરખાવા-કરમાવાની જરૂર નહિ. જડની પાછળ એમ નાચ્યા કરવામાં હું કેટલે પહોંચીશ ? જડના વિચિત્ર પર્યાયોના ઢંગ તો પાર વિનાના છે, એની પાછળ મારે રાગ-દ્વેષથી વિકૃત થવાની જરૂર નથી. અવધુ સદા મગન મેં રહના, પોતાના વૈરાગ્ય, સમતાના પર્યાય ન બગડે એ જોવાનું.’

તત્ત્વચિંતન, તત્ત્વપરિણતિ, તત્ત્વમુખું દર્શન એ શુભ અધ્યવસાયની રક્ષા માટે અદ્‌ભુત ઉપાય છે. એ ઉપાય જો ખરેખર દિલથી સેવવામાં આવે, તો આત્માના અધમ દોષો, અહંત્વ, મદ, માયા, ઈર્ષ્યા, જૂઠ, અનીતિ, વગેરે પર અંકુશ આવી જાય છે. હૃદયથી તત્ત્વની પિછાણ કરી, હૈયે તત્ત્વ પરિણમાવ્યું, પછી ત્યાં અહંત્વ વગેરેને શું કામ પોષવા પડે ? ગમે તેવી કરોડો રૂપિયાની પણ સંપત્તિ જો અનિત્ય તરીકે લેખી, કર્મના ઉદય તરીકે જોઈ, મહા આશ્રવનાં અંગરૂપે નિહાળી, પછી એના પર શું અહંત્વ કરાય ? એમ બીજા જીવોમાં એવા કર્મના ચમકારા દેખ્યા, ત્યાં એ જીવ ઉપર શી ઈર્ષ્યા કરાય ? અથવા જો એ આત્મગુણમાં આગળ

વધે છે તો એ એનું પરાક્રમ છે. એની અનુમોદનાને બદલે ઈર્ષ્યા કરી એવા સારા નિમિત્તે પોતાના આત્મામાં શુભ કમાઈ મૂકી બગાડો કોણ ઘાલે ? સામો સારું જીવન જીવીને સંવર તત્ત્વની પોતે ઉપાસના કરવા દ્વારા આપણને પણ શુભભાવ ને અનુમોદનાનું સંવર તત્ત્વ પૂરું પાડે છે. તો એને તે રીતે જ અપનાવવામાં ડહાપણ ને ? ઈર્ષ્યા કરવામાં તો ઊલટું સામાના સંવરે આપણે આશ્રવમાં પડવાનું થાય. એવી મૂર્ખાઈ કોણ કરે ? તત્ત્વ ધારાએ ચાલી આ જીવનમાં બને તેટલી સંવર-નિર્જરાની કમાઈ કરી લેવા જેવી છે; આત્મદોષોનો હ્રાસ અને આત્મગુણોની ઉપાસના કરવા જેવી છે, અશુભ અધ્યવસાય અટકાવી શુભ અધ્યવસાય દિલમાં રમતા રાખવા જેવા છે.

પેલો રાજકુમાર પોતાના શીલબળ ઉપર દુશ્મન સુભટોને સ્તંભિત થઈ ગયેલા જુએ છે, એના પર અભિમાનમાં નથી ચડતો, યા સામા પર દ્વેષ ભાવમાં નથી પડતો, કે 'કેવો મારો પ્રભાવ ! કેવા આ લુચ્ચાઓને થંભી જવું પડ્યું !' ના, કોઈ અશુભ ભાવ નહિ. એ તો શીલનો પ્રભાવ જોઈ શીલ પર ઓવારી જાય છે. અરિહંત પ્રભુની દયા પર ઓવારી જાય છે. 'ભગવાનની કેવી કૃપા કે એના પ્રભાવે આવા શીલનું બળ મળ્યું !' બસ, આવી કોઈ શીલની અનુમોદના, કોઈ અરિહંત પ્રત્યેની કૃતજ્ઞતા વગેરે મુદ્દા પર નિર્મળ અધ્યવસાયની ધારાએ ચઢ્યો, તે એને ત્યાંજ અવધિજ્ઞાન પ્રગટ્યું ! અસંખ્ય ભવ નજરે નિહાળ્યા ! એની વિકરાળ દુઃખદ સ્થિતિ જોતાં ક્ષણભર મૂર્છિત થઈ ગયો.

અહીં બીજી બાજુ એવું બને છે કે આ હિરણ્યકરટી નગરી પર ધાડ પાડનારા રાજાએ પહેલાં તે સુભટોને મારફાડ કરી નગરનો કબજો લેવા મોકલ્યા છે; હવે એ કિંમતી માલ હસ્તગત કરવા બીજા માણસોને મોકલવાનું કરે છે. રાજા અધમ છે, માયાવી છે, નિષ્ઠુર છે, અનીતિખોર છે, એટલે જીવનમાં આવા ધંધા ન કરે તો બીજું શું સારું કરે ?

**દિલના ભાવનું પ્રતિબિંબ પ્રવૃત્તિમાં પડે છે.**

દિલ જો મલિન ભાવોમાં રમતું હશે તો સહેજે પ્રવૃત્તિ અધમ થવાની. એજ કાળ અને એજ દેશમાં જ્યારે પેલો રાજકુમાર ઉત્તમ પવિત્ર ભાવમાં રમતો ઉત્તમ પ્રવૃત્તિ આચરી રહ્યો છે, ત્યારે તેજ કાળ ક્ષેત્રમાં આ રાજા હલકટ ભાવમાં તણાયો દગો-પ્રપંચ-મારફાડ-લૂંટ કરાવવાની અધમ પ્રવૃત્તિ આચરી રહ્યો છે. જીવોની કેવી વિચિત્રતા છે ! જગતમાં સારા નરસા બે ય જાતના તત્ત્વ મળે; ઉત્તમ અધમ બંને ભાતના માણસો હોય, સારા ઉત્તમ બનવાની પોતાની ધગશ હોય, તો કોઈ અટકાવતું નથી, ને અધમ થવું હોય, તો ય કોઈ અટકાવતું નથી, અંતરમાં પૂછી લો કે,



**આપણે સારા ઉત્તમ દિલના બનવાની બન્યા રહેવાની ધગશ કાયમ રહ્યા કરે છે ને ?** આ ધગશ હોય, એની પાકી ગરજ હોય, પછી દિલ ઉત્તમ રાખવામાં શી વાર લાગવાની ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૩,અંક-૨૨,તા.૨૭-૨-૧૯૬૫**

**દિલ ઉત્તમ રાખવાના ૨ ઉપાય :-**

**(૧) આત્માને કિંમતી સમજવો. (૨) મૈત્રી દયા રાખો.**

દિલ ઉત્તમ બન્યું રાખવાની ભૂમિકામાં પહેલા નંબરમાં જગતના ગમે તેટલા કિંમતી જડ પદાર્થોની પણ કિંમત મામૂલી, અને પોતાની, પોતાના ઉત્તમ દિલની કિંમત એના કરતાં લાખો-કરોડોગુણી ઊંચી હૈયે અંકિત કરી રાખવી પડે. આનું કારણ સ્પષ્ટ છે કે જીવ મોટા ભાગે દિલ અધમ બનાવે છે તે જડવસ્તુના કારણે; પછી ભલે એ દુન્યવી માન-સન્માન સત્તાના કારણે હોય, તોય તે જડ વસ્તુ જ છે. દિલ અધમ એટલે ક્રોધ-અભિમાન-માયા-પ્રપંચ-આસક્તિ-લંપટતા-ઈર્ષ્યા-વેરઝેર-નિંદા વગેરેમાંના કોઈથી રંગાયેલુ. આ જડના કારણે થાય છે માટે જડને જ કિંમત વિનાનું ગણી પોતાના ઉત્તમ દિલને મહાકિંમતી ગણવું.

**આત્મા સૌથી વધુ કિંમતી શાથી :-**

ખરેખર જુઓ તો દેખાશે કે બંગલા-બગીચા-માલ-મિલકત-ખાનપાન વગેરે બધું જ કામનું શાના ઉપર ? અહીં આત્મા હયાત હોય એના પર ને ? આત્મા જો પરલોક ચાલી ગયો, તો પછી એના માટે પેલા શા કિંમતી ? કશા નહિ. કોહિનૂર હીરો ગમે તેટલો અઢળક કિંમતવાળો હોય, પણ જોનાર આત્મા મોજુદ હોય તો ? કે મરી ગયો હોય તો પણ ? તાત્પર્ય, બધું ય આત્માની પાછળ છે.

**હવે જ્યારે આત્મા કિંમતી છે, તો તે અધમ દિલવાળો કે ઉત્તમ દિલવાળો ?**

અધમ દિલવાળો હશે તો તે જાતે પોતે જ પોતાની કિંમત, પોતાનું વર્ચસ્વ, પોતાનો મોભો-ગૌરવ હલકું પાડશે, અને જડ પદાર્થ-પ્રતિષ્ઠા-સત્તા-શેઠાઈને કિંમતી ગણી એનું વર્ચસ્વ પોતાના ઉપર સ્થાપશે, જાણે પોતે એનો ગુલામ ! એના નાચે નાચનારો ! એની વાંકાશમાં રાંકડો બની રોવા બેસનારો ! વેશ્યા વાંકી થાય ત્યારે એનો યાર રોવા બેસે ને ? શા માટે ? દિલ વાસનાના કિચડથી ખદબદતું છે, અધમ છે, તેથી. નિસ્પૃહતાદિ ગુણોથી દિલ ઉત્તમ હોય તો લાત મારીને ઊભો રહે; 'ચાલ, તારા ઊંચાનીચા થવામાં હું આ ઉત્તમતા ન છોડું; તારે બગડવું હોય તો બગડ મારે શું ?' આમ

આ લોકની દૃષ્ટિએ ઉત્તમ દિલવાળો આત્મા જ કિંમતી છે. દિલ ઉત્તમ છે તો મહા સુખશાંતિ છે.

પરલોકની દૃષ્ટિએ પણ ઉત્તમ દિલવાળો આત્મા જ કિંમતી છે એમાં પૂછવું શું ? કેમકે એવા દિલ પર જ મહાન પુણ્યાઈ, સદ્ગતિ, સંકલેશ વિનાના ભોગ વૈભવ અને ઉત્તમ ધર્મસાધના પ્રાપ્ત થઈ શકે છે.

સારાંશ જડસામગ્રી-સત્તા-સન્માન કરતાં ઉત્તમ દિલને, ઉત્તમ દિલવાળા પોતાના આત્માને ઘણો વધુ કિંમતી માનવો એ પહેલો ઉપાય છે.

**(૨) મૈત્રી-દયા રાખો :-**

દિલ ઉત્તમ બનાવવા બીજો ઉપાય સર્વ જીવો પર નીતરતો મૈત્રીભાવ-સ્નેહભાવ અને દુઃખી જીવો પર વિશેષ કરીને દયાભાવ છે. ધ્યાનમાં રહે કે જીવ ભૂખ-તરસ-અપમાન-મારપીટ વગેરે દુઃખની જેમ અજ્ઞાન-કષાય-હિંસાદિ પાપોથી પણ દુઃખી જ છે; કેમકે ભયંકર દુઃખો એને નજીક આકર્ષી રહ્યા છે. હવે જેમ જડ પદાર્થોના મોહ ખાતર દિલ અધમ બનાવાય છે, એમ જે જીવો અજ્ઞાનાદિવશ આપણું બગાડે છે એવું લાગે છે, એના પર દ્વેષ ઊભરાય છે, દયાભાવ નહિ, તેથી દિલ અધમ બને છે. ત્યારે જો મન પર સતત ચોકી પહેરો રાખી જીવો પર નીતરતો વાત્સલ્યભાવ, દયાભાવ બરાબર જીવંત રાખીએ, ‘બિચારો જીવ કર્મપીડિત છે, કર્મવશ છે, કર્મનો માર ખાતા અને ભવિષ્યમાં માર ખાનારા એવા એના પર મારે દ્વેષ શો કરવો ? દયા જ રહો, પ્રેમ જ રહો, બિચારાને સન્મતિ મળો.’ આ ભાવના મનમાં રમતી રાખીએ તો દિલને અધમ બનવાનું કારણ નથી.

કહો જો, દ્વેષને બદલે દયાભાવની લાગણી રાખો તો શું એમાં આત્માનું ગૌરવ હણાય છે ? આત્મા મુફલીસ લાગે છે ? દ્વેષ કરે તો આત્મા પરાક્રમી ? ભૂલા ન પડતા, ખરું પરાક્રમ જ વિકટ સંયોગમાં પણ દયાભાવ જાળવવામાં છે; ગૌરવ એમાં છે, સત્ત્વ એમાં છે.

એટલે જીવો પર દયાભાવ અને જડ કરતાં સ્વાત્માની કિંમત કેઈગુણી ઊંચી હોવાનો ખ્યાલ, -આ બે ઉપાયથી દિલ ઉત્તમ રાખી શકાય છે.

જડની કિંમત નીચી તે નીચી જ. જડવિષયો આદિથી ગમે તેવુ-સુખ લાગતું હોય, પણ જડની એવી કિંમત-આંકણી અને મમતા નહિ કે સ્વાત્માને એની આગળ નિર્મૂલ્ય ગણવો. ઉત્તમ દિલવાળો આત્મા કિંમતી છે, જડસુખો અને પદાર્થો તુચ્છ છે. એમાં તણાઈ જવું ખોટું છે. એથી દયા ઘવાય છે.

**અસંખ્યના સંહાર પરના સુખ અને પૈસા કેવા લાગે :-**

જીવ મહા આરંભ સમારંભ કરવામાં અસંખ્ય સ્થાવર જીવોની દયા ભૂલે છે,



તે આરંભાદિ કોની ખાતર ? (૧) જડ પદાર્થોના ક્ષણિક સુખ અને (૨) જડ લક્ષ્મીની મમતા ખાતર જ ને ? પણ એ ખબર છે કે એ તુચ્છ સુખની ભૂખ અને જડની મમતા મટે છે ? ના, રોજ ને રોજ એની ખણજ ચાલુ છે. એટલે પછી એના માટેની વેઠ પણ હંમેશની માથે લાગી જ છે ! શું કરવાનું આ સુખને ? આ મમતાને ?

**(૧) જડના સુખ અંગે વિચાર :-**

આવા સુખની પાછળ પાગલતામાં અસંખ્ય જીવોની દયાનો વિચાર જ નહિ કરવાનો ? આજ ને આજ એવા સુખની લાલસા ન મૂકાય એ બને, પણ એ સુખ કેટલી હિંસાના ઉપર ઊભું થાય છે એનો વિચાર તો લાવવો ને ? એ લાવો એટલે એ જીવોની દયા તો ઊભરાય ને ? પોતાની એ જીવો પ્રત્યેની અપરાધિતા મનમાં આવે ને ? એવા અપરાધ કરીને મળેલા સુખ ઉપર નિર્ભયતા રહે કે ભય લાગે ? ખુશીનો પોટલો થવાય કે ખેદ થાય ?

**લોહીના બંગલા પર ખુશી :-**

રસ્તે ચાલતાં કોઈ સુંદર બંગલો દેખાયો, ને કોઈને પૂછ્યું કે આ કોનો બંગલો છે ? ત્યાં એણે કહ્યું કે ‘આ તો પેલા રોજના સેંકડો પશુ મારનાર કસાઈનો.’ તો સાંભળ્યા પછી એ બંગલા પર રાગ થાય ? હરખ થાય ખરો કે ‘વાહ ! કસાઈ ભાગ્યશાળી કે એને આવો બંગલો છે !’ ના રાગે ય નહિ ને હરખે ય નહિ. કેમ ? એટલા માટે કે જીવોની ઘોર હિંસામાંથી આ બંગલો ઊભો થયો છે, લોહીનો બંગલો છે એ, એમ લાગે છે. બંગલાવાળો જીવોનો ભારે અપરાધી છે.

**લોહીના બંગલાનો ઉપનય :-**

બસ, તો એવી રીતે આપણા ધર્મે સમજાવ્યું કે પૃથ્વીકાય-અપ્કાય વગેરે અસંખ્ય જીવો છે. એના સંહાર ઉપર વેપાર ધંધા ચાલે છે, અને વિષયસુખો ઊભા થાય છે. તો એવા હિંસા પર ઊભા થયેલા પૈસા-ટકા, મકાન-વાડી અને ઈન્દ્રિય-સુખો પર રાગ થાય ? હરખ થાય ? એની ખાતર દિલ અધમ કરીએ ? એ જીવોના અપરાધી એવા આપણે ગુમાનથી ઊંચે મોંઢે ફરી શકીએ ?

અહીં એક પ્રાસંગિક વિચાર છે. એ પૃથ્વીકાયાદિ જીવોના કલેવર પર આપણે માલ-મિલકતવાળા અને ઈન્દ્રિયસુખના ભોકતા બનીએ છીએ. તો પ્રશ્ન છે કે

(૧) એ જીવોને આપણા ઉપકારી માની એની પ્રત્યે કૃતજ્ઞતા દાખવવાની ? કે

(૨) એ જીવોના આપણે ઘોર અપરાધી હોવાનું માની વારંવાર એની ક્ષમા માગવાની ?

**દૃષ્ટિ બે છે,-**

એકમાં જગતના જીવો આપણાં સુખનાં સાધન બનવાથી અને ઉપકારી

માનવાની વાત છે,

બીજી દૃષ્ટિમાં જગતના જીવોના આપણે ઘાતક હોઈ આપણે એના અપરાધી હોવાની વાત છે.

બેમાં તાત્ત્વિક દૃષ્ટિ કઈ ? જૈન શાસ્ત્રને અનુકૂળ દૃષ્ટિ કઈ ?

**સર્વ જીવો ઉપકારી કે આપણો અપરાધ પામેલા ? :-**

જૈન શાસ્ત્રો તો કહે છે કે જગતના જડ પદાર્થોએ જીવને ઘેલો બનાવી રાગ કરાવી કરાવી અનેકાનેક દુષ્કૃત્ય કરતો એને ભવોભવ ભટકતો રાખ્યો છે. ઉપદેશ-માલામાં શ્રી ધર્મદાસગણી મહારાજ કહે છે કે 'અહો ! આ જગતમાં વિષયો ન હોત તો જીવો કેટલા બધા સુખી અને દુઃખરહિત હોત !' તાત્પર્ય, વિષયોએ જીવને ભયંકર અનર્થ કર્યો છે અને કરે છે, માટે જીવના એ ભારે અપકારી છે. હવે વિચારો કે પૃથ્વીકાયાદિ જીવો આ મોહક વિષયભૂત જડ શરીર ધારણ કરી જગતના જીવોને શું ઉપકારનું સાધન આપી રહ્યા છે કે અપકારનું ?

**તાત્ત્વિક દૃષ્ટિએ શું ? :-**

અલબત અપકાર તો જીવની વિષય-વાસના છે. વાસના ન હોય તો વિષયો શું કરી શકે ? માટે વિષયો કે એના શરીર ધારણ કરનારા જીવો અપકારી નથી. પણ એ રીતે વિચારતાં તો એ જીવો ત્યારે ઉપકારી પણ શાના ? એ જે સુખ પૂરું પાડે છે એમ દેખાય છે, એ પણ જીવના કર્મના ઉદયના ઘરનું છે, તો કર્મોદય ઉપકારી બન્યો; વળી એ સુખ જીવનું ઉપકારક પણ નથી. ઊલટું એવા સુખની લાલસા-લંપટતા જ જીવો આ ભવચક્રમાં ભટકે છે. એટલે

**તાત્ત્વિક દૃષ્ટિએ એ જીવો નથી તો અપકારી, કે નથી તો ઉપકારી :-**

**માનવું શું :-**

આમ હોવા છતાં જેણે મોહ ઓછો કરવો હોય, એણે માનવું તો આ જ જોઈએ કે 'આ પૃથ્વીકાયાદિના બનેલા બંગલા-હીરામાણેક-સોનું-ચાંદી-મેવા-પકવાન્ન વગેરે જીવને મહા મોહાંધ અને રાગમૂઢ કરનાર હોવાથી અનર્થકારી છે, અપકારક છે.' એમ માનતો રહે તો ક્રમે ક્રમે એનો ત્યાગ કરવાની ધગશ રહે. નહિતર તો જો પોતાની વાસનાને જ અનર્થકારી માને અને વિષયોને તેવા ન માને તો તો ભુલાવવામાં પડી જાય. ત્યાં તો મન કહેશે 'હું વાસના નહિ રાખું, વિષયો ભલે મારી પાસે રહે.' પણ વિષયો જો પાસે રાખવામાં વાંધો ન હોત, અનર્થકારી હોઈને ત્યાજ્ય ન હોત, તો તીર્થંકર ચક્રવર્તી જેવાઓએ એના ત્યાગ શું કામ કર્યા હોત ? એને પાસે જ રાખત ને ?

**જીવોને ઉપકારી માનવાનું કેટલું વાજબી ? :-**



એટલે વાત આ આવીને ઊભી રહે છે કે વિષયો અને વિષયમય પૃથ્વીકાયાદિ જીવો તાત્ત્વિક દૃષ્ટિએ ઉપકારી ય નહિ, ને અપકારી ય નહિ; છતાં વૈરાગ્ય અર્થે માનવાનું આ રહે છે કે 'આ ભારે અનર્થકારક છે, અપકારક છે; માટે એનો સંગ છોડવા જેવો છે.' હવે વિચારો કે વિષયસુખ પૂરા પાડવામાં નિમિત્ત થનારા જીવોને ઉપકારી માનવાનું કેટલું વાજબી છે ? તાત્ત્વિક દૃષ્ટિ અને વૈરાગ્યની દૃષ્ટિ, બેમાંથી એકે દૃષ્ટિએ ઉપકારી માનવાનું ઉચિત ખરું ? તાત્ત્વિક દૃષ્ટિએ ઉપકારી નથી, તેમ વૈરાગ્ય દૃષ્ટિએ ઉપકારી માનવામાં તો ઊલટું વિષયરાગ પોષાતો રહેવાનો.

માટે ખરી રીતે તાત્ત્વિક દૃષ્ટિ તો આ રાખવાની છે કે આપણા તુચ્છ સ્વાર્થમાં એ પૃથ્વીકાયાદિ જીવોનો આપણે નાશ કરતા આવ્યા છીએ, એટલે આપણે એમના ઘોર અપરાધી છીએ. આ નક્કર હકીકત છે. જરા પેલા કસાઈનો દાખલો વિચારો.

**કસાઈ બકરાને ઉપકારી માને તો ? :-**

કસાઈ એમ કહે કે 'આ બકરા-ઘેટા વગેરે મારા બહુ ઉપકારી છે. એ મને આજીવિકા રળાવે છે, સુખ આપે છે,'- તો એ કેટલું વાજબી છે ? એમ એ ઉપકારી માનતો રહે તો શું કદીય એને એમની હિંસા મૂકવાનું મન થાય ? હિંસા પર ઘૃણા-દુઃખ-ખેદ થાય ? કે એ તો હિંસા કરતો રહેવાનો ને ઉપકારેય માનતો રહેવાનો ?

**પ્ર.**- પણ જો એ સાચો ઉપકાર માને તો એની કૃતજ્ઞતા રૂપે હિંસા ન છોડે ?

ઉ.- ના, શું કામ છોડે ? કૃતજ્ઞતા એટલે કે ઉપકારના બદલામાં અવસરે પોતાનો જીવ આપવાની વાત આવે, અને એ બનવાનું નથી. બાકી એની હિંસા પોતાના જીવનનિર્વાહ માટે અનિવાર્ય સમજી ઉપકારના બદલા તરીકે એ આ મૈત્રી ભાવના ભાવી શકશે કે "સૌ જીવો ભેગું આનું ય ભલું થાઓ, સૌ ભેગા આ પણ સુખી થાઓ !" એ ચિંતવવાનું કાંઈ કઠિન નથી. એ તો સહેલું ને સટ ! તો પૃથ્વીકાયાદિ જીવો માટે પણ એમ જ વિચારવાનું. કહેવાય છે ને કે બધા જીવો આપણા ઉપકારી છે માટે મૈત્રી ભાવના કરો કે 'સૌનું ભલું થાઓ, સૌ સુખી થાઓ.' શું ત્યાં જાતે એની હિંસા છોડવાનું ભાવવામાં આવે છે ખરું ?

**કસાઈ હિંસા ક્યારે છોડે ?**

એટલે ખરી વાત એ છે કે કસાઈ જો માને કે 'હું આ બધા મારાથી મરાતા જીવોનો ઘોર અપરાધી છુ, બિચારાને મહા ભયંકર મોતનું, ને જીવતા કપાવાનું દુઃખ આપી અહીં પણ એમની કરુણ દશા કરી રહ્યો છું ! અને એ રીતે કપાતા એ જીવોને ભારે ચિત્તસંકલેશ તથા આર્ત-રૌદ્ર ધ્યાન થવાથી એ ભવાંતરે દુઃખદ દુર્ગતિ પામે, એ પણ એમની કરુણ દશા કરી રહ્યો છું ! બંને સ્થળે બિચારા એ જીવોને અહીં

અને ભવાંતરે કેટલો ત્રાસ !' એમ એ જીવોની ભારોભાર દયા ઊભરાય, અને પોતાનો એમાં ઘોર અપરાધ જણાય, એ અપરાધનાં દારુણ વિપાક સમજાય, તો એ જીવોની ક્ષમા માગવાનું અને એવા અપરાધ ઓછા કરવાનું મન થાય.

**આપણે અપરાધી હોવાની માન્યતામાં મૈત્રી :-**

બસ, એજ રીતે અહીં વિચારવાનું છે. માટે જ પૃથ્વીકાયાદિ જીવો આપણા ઉપકારી છે એ માનવાને બદલે 'આપણે એ જીવોના અપરાધી છીએ' એ ભાન વારંવાર જાગૃત રાખવા જેવું છે. એમાં ખરેખરી મૈત્રી ભાવના આવે છે.

**પ્ર.**- આપણી જાતને અપરાધી માનવામાં મૈત્રી કયાં આવી ?

ઉ.- મૈત્રી આ રીતે કે મનને એમ થાય છે કે હું જેમ જીવ છું અને સુખનો અર્થી છું. એમ એ પણ જીવ છે, ને સુખના જ અભિલાષી છે. તો જેમ મને કોઈ દુઃખ આપે એ ન ગમે, તેમ એને હું દુઃખ આપું એ એને બિચારાને કેમ ગમે ? જીવત્વની દૃષ્ટિએ એ જીવો મારા બંધુ છે. બંધુને દુઃખી કેમ કરાય ?' એ રીતે એ જીવો પર પ્રેમની લાગણી થાય, એ મિત્રભાવ છે, મૈત્રી છે.

**મૈત્રી ઉપર ઉત્તમ ભાવો :-**

એના પર પછી દુઃખ આપવા બદલ દયા ઊભરાય, પોતાનો અપરાધ દેખાય, અને પહેલે પગથિયે અપરાધીની ક્ષમા માગવાનું કરાય. હૃદયના કકળાટ સાથે એમ લાગે છે કે 'આ મેં બહુ ખોટું કર્યું છે. મારે એ જીવોને શા માટે મારવા જોઈએ ?' 'વારા પછી વારો, મારા પછી તારો,' એ ન્યાયે કુદરત કર્મ મને પણ એવી સ્થિતિમાં મૂકશે કે જેથી બીજા જીવો મારી દારુણ હિંસા કરતા રહે. માટે ક્યારે એવો ધન્ય દિવસ આવે કે આ પૃથ્વીકાયાદિ એક પણ જીવની મારે હિંસા ન કરવી પડે એવું સુંદર ચારિત્રજીવન હું પામું ! એ પામવા માટે તુચ્છ વિષય-સુખો અને માનેલી સગવડ ઓછી કરી કરી એ જીવોની વિરાધના ઘટાડતો આવું.'

આમ જીવોને ક્ષમાપના કરવાનું, પોતાના દુષ્કૃત્યનો પશ્ચાત્તાપ અનુભવવાનું, અને જીવોની વિરાધના ઓછી ઓછી કરવાનું તો જ લાધે કે જો પોતે જીવોનો અપરાધી છે એ ભાવ વારંવાર નજર સામે લાવ્યા કરે ને કકળતા દિલે એનો ખેદ અનુભવ્યા કરે.

**ત્યારે શાસ્ત્રકારોએ ધર્મનાં લક્ષણમાં મૈત્રી જોડી છે તે શા માટે ?** જિનેશ્વર દેવની આજ્ઞાને અનસારે (૧) દાન-શીલ-તપ-ભાવના રૂપ ધર્મ કહો, કે (૨) અહિંસા-સંયમ-તપરૂપી ધર્મ કહો યા (૩) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ, કહો, એ બીજા જીવોનો વિચાર રાખીને અર્થાત્ બીજાને દુઃખ ન થાય એ રીતે કરવાનો છે. કેમકે ધર્મના પાયામાં દયા છે. દયા ઊડી તો ધર્મ ઊઠ્યો. આ દયા રાખવાનું તો જ બને



કે જો જીવો ઉપર સ્નેહ હોય, મૈત્રીભાવ હોય. માટે મૈત્રી સાથે જરૂરી છે.

**મૈત્રીનો પ્રભાવ :-**

જીવો પ્રત્યે મૈત્રીભાવ હોય, સ્નેહ હોય તો પોતાનો એવો સ્વાર્થ સાધવાનું મન ન થાય કે જેમાં જીવોનો કચ્ચરઘાણ થાય, જીવોને દુઃખ થાય.

**'શાસ્ત્રવાર્તા-સમુચ્ચય'** નામના શાસ્ત્રમાં ધર્મ હેતુ સિદ્ધ કરવાના ત્રણ સાધન બતાવ્યાં-

**(१) साधुसेवा सदा भक्त्या,**

**(२) मैत्री सत्वेषु भावतः**

**(३) आत्मीयग्रहमोक्षश्च**

-અર્થાત્ સદા ભક્તિપૂર્વક સાધુસેવા, જીવો પર હૃદયથી મૈત્રીભાવ, અને મમતાની પકડના અંધ આવેશનો ત્યાગ આ ત્રણથી ધર્મહેતુ સિદ્ધ થાય.

હવે આમાં જુઓ કે મમત્વ-સ્વાર્થનો અંધ આવેશ ક્યારે ઓછો થાય ? કે જીવોના દુઃખનો વિચાર રાખે તો. એ લાવવા માટે જીવો પ્રત્યે સ્નેહ મૈત્રીભાવ જોઈએ. મનને થાય કે 'જીવમાત્ર મારા બંધુ છે. એને દુઃખી કરીને મારો સ્વાર્થ કેમ સધાય ? જડ પદાર્થોની મમતા કેમ કરાય ?'

**મૈત્રીમાં દયા સામેલ જ હોય :-**

એટલે તાત્પર્ય આ આવીને ઊભું રહે છે કે જીવોને દુઃખ દેવું એ ધર્મવિરુદ્ધ છે; માટે પહેલા પાયામાં આ ભાવ જાગવો જોઈએ કે 'મારા તુચ્છ સ્વાર્થ કે આવેશમાં મારા બંધુતુલ્ય જીવોને દુઃખ દેવું એ અધમ કૃત્ય છે. હું તો દુઃખ ન આપું પણ બીજી રીતે જીવો દુઃખ ભોગવતા હોય એની મને દયા આવે.'

**દયાનું મહત્ત્વ ઠામ ઠામ :-**

અષ્ટકજી શાસ્ત્રમાં પણ આ આવે છે કે **दया भूतेषु वैराग्यं,...** -અર્થાત્

(૧) જીવો પર દયા, (૨) વૈરાગ્ય, (૩) વિધિપૂર્વક ગુરુભક્તિ-પૂજા, (ગુરુમાં પરમ ગુરુ પરમાત્મા પણ આવી જાય.) અને (૪) વિશુદ્ધ શીલવૃત્તિ;

-આ ચાર પુણ્યાનુબંધી પુણ્યને સૂચવે છે. અહીં પુણ્યનો ભોગવટો કરતાં આ ચારને આદરવાનું કરાય તો નવું પુણ્ય ઊભું થાય. એટલે આ ધર્મરૂપ પણ છે. આમાં પણ જીવો પર દયા પહેલી બતાવી.

**ત્યારે યોગદૃષ્ટિ શાસ્ત્ર શું કહે છે ?**

**અનાદિનો સહજ મળ ક્ષય પામે એનાં ત્રણ લક્ષણ બતાવ્યાં,**

(૧) દુઃખિત જીવો પર અત્યન્ત દયા,

(૨) ગુણવાન પર અ-દ્વેષ

(૩) સર્વત્ર ઔચિત્ય.

આમાં પણ જીવો પર દયાની પહેલી વાત છે, દુઃખી પર દયા ન આવે એ તીવ્ર સહજ મળનો પ્રભાવ છે, તીવ્ર રાગ-દ્વેષનું પરિણામ છે. પોતાના તુચ્છ સ્વાર્થની લંપટતામાં ને રાગાન્ધ દશામાં હૈયું એટલું કઠોર રહે છે કે જીવો પર દયાની સ્ફુરણા જ ન થાય. અથવા કહો, જીવોનાં દુઃખનો વિચાર જ ન હોય ત્યાં સ્વાર્થની કાળી રમત અંધ બનીને ચાલ્યા કરે એ સહજ છે.

**દયામાં પશ્ચાત્તાપ પહેલો કેમ ?**

ત્યારે જીવોના દુઃખનો વિચાર આવે ત્યાં સ્વાભાવિક છે કે પહેલાં તો પોતે જે જીવોને દુઃખ આપ્યાં છે, ને આપી રહ્યો છે, એનો વિચાર, એનો પશ્ચાત્તાપ જરૂર થાય. મનને એમ થાય કે 'જીવોને સુખી કરવાનું તો બાજુએ રહ્યું. પણ ઊલટું દુઃખ અને તે મરણાન્ત કષ્ટ આપવાનું કરાય, એ મારી કેવી અધમ દશા ! એ જીવોએ બિચારાએ મારું શું બગાડ્યું છે ? એવા નિર અપરાધી જીવોને હું રેંસી રહ્યો છું જે સ્વાર્થના કારણે, એ સ્વાર્થ ગોઝારો છે. દુઃખી કરેલા એ જીવોનો હું અપરાધી છું. જીવો મારા એ અપરાધની ક્ષમા કરો.'

આમ, જીવો પ્રત્યે અપરાધી દશા માટે ભારોભાર દુઃખ-સંતાપ થાય અને એ જીવોની દયા આવે, એ તાત્ત્વિક દૃષ્ટિ છે. એના પર પોતાને તમન્ના રહે કે 'ક્યારે સર્વથા અહિંસક જીવન પામું ! કોઈને મારે દુઃખ દેવું ન પડે, કોઈનીય મારે હિંસા ન કરવી પડે, ન કરાવવી પડે કે બીજા કરતા હોય એમાં સંમતિ ન દેવી પડે, એવું જીવન ક્યારે બનાવું !'

જીવનનું ઉત્થાન સાચી મૈત્રી પર અને એ જીવ-દયા અને જીવ-ક્ષમાપના પર પ્રગટ થાય છે, પણ નહિ કે પોતાનાથી કરાતી હિંસાના ખેદ-ક્ષમાપના વિનાની લુખ્ખી 'સૌનું ભલું થાઓ, સૌ સુખી થાઓ' એવી મૈત્રી ભાવના પર, પેલો રાજકુમાર આ દયા અને હિંસાના ભાવ ઉપર આગળ વધી રહ્યો છે.

તુચ્છ ક્ષણિક ઈન્દ્રિય સુખોની પાછળ આંધળી દોટમાં આ જીવ દયાનો વિચાર આવતો નથી, એ વાત થઈ.

**(૨) જડ પદાર્થોના મમત્વનો વિચાર :-**

એવી બીજી વાત લક્ષ્મી વગેરે જડ પદાર્થોના લોભ મમત્વ ખાતર પણ જીવ દયા કોરાણે મૂકી ભરપૂર જીવ-હિંસાના આરંભ સમારંભ કરે છે એ છે. ત્યાં એ જોતો નથી કે આ જેની ખાતર કરું છું એ જડ પદાર્થોમાંનો એક પણ મૃત્યુને રોકનાર નથી કે મૃત્યુ પછી સાથે ચાલનાર નથી. અરે ! મૃત્યુ તો પછી પણ તેવા



રોગ અકસ્માત થાય. ત્યાં પણ લક્ષ્મી અને વાડી બંગલા એક બાજુ ઊભા રહે છે, અને વેદના જીવને એકલાને જાલિમ ભોગવવી પડે છે. એમાંનુ કાંઈ પણ જીવના દુઃખને ઓછું કરે ? ના,

**તો વેદનામાં એ ન બચાવે, ઘડપણને એ ન રોકે,**

**મૃત્યુને એ ન અટકાવે, તેમ મૃત્યુબાદ સાથે ન આવે,**

**એની એટલી બધી મમતા શી કે એની પાછળ પાપ-સેવનથી ખુવાર થઈ જવું ? જીવદયાનો વિચાર જ ન રાખવો ? પરલોકના ભાતા રૂપે કશી દાન-શીલ-તપ-ભાવનાની કરણી ન કરવી ?** કહો છો,

**પ્ર.-** બધું જાણીએ છીએ પણ કેમ આરંભ ને સમારંભનો ડર નથી લાગતો ? કેમ એનાથી ઊભી થતી લક્ષ્મી તરફ અરુચિ નથી થતી ? કેમ દાનાદિમાં પ્રમાદ થાય છે ?

ઉ.- જો ડર અરુચિ નથી થતી અને પ્રમાદ થાય છે તો પછી બધું જાણવાનું શેને કહેવાતું હશે ? જેને હૈયે કોઈ અસર નહિ એને ? જેના પર શ્રદ્ધા નહિ એને ? શ્રદ્ધા હોય, હૈયામાં અસર થતી હોય, તો હિંસાના ફળનો ડર અને હિંસાજન્ય લક્ષ્મી તરફ અરુચિ જરૂર થાય. દાનાદિમાં એટલો બધો પ્રમાદ ન રખાય, રાખવાનું મન જ નહિ થાય. માટે આ કરો, જડ સુખોની ભૂખ અને જડ-મમતા પાછળ જે અસંખ્ય જીવોનો કચ્ચરઘાણ નીકળે છે એનો હૈયે આંચકો લગાડો જડ-સુખોની ભૂખ કારમી છે, એમ જ જડ પદાર્થો રોગ-મૃત્યુ-પરલોક કયાંય બચાવ નથી આપતા એનો આંચકો લગાડો કે 'આ શું ? ક્યાં સુધી ?' આંચકો લાગશે તો આંખ ઊઘડી જશે. પછી તો વીર્યોલ્લાસ એ માર્ગે ઊછળશે.

વાત આ હતી કે દિલ અધમ બને છે તે જડ સુખોની તુષ્ણા અને જડની મમતા તથા જીવ પરના દ્વેષ ઉપર. પણ આપણે જો દિલ ઉત્તમ બન્યું રાખવાની ધગશ અને ગરજવાળા હોઈએ, તો ઉત્તમ દિલનું સર્વોચ્ચ મૂલ્યાંકન અને જીવદયા કેળવવા કેમ ખડે પગે ન હોઈએ ? એ હોઈએ પછી દિલ ઉત્તમ બનાવતાં શી વાર લાગે ?

**જીવનની કોઈ પળ એવી નથી કે જ્યારથી સારા ઉત્તમ દિલવાળા બનવું હોય તો ન બની શકાય.** માત્ર ભાન આવવું જોઈએ, અનાદિનો મોહનો કેફ ઊતરવો જોઈએ, સારું ઉત્તમ પવિત્ર દિલ બનાવવાની લગની લાગવી જોઈએ, ગરજ જોઈએ, પછી દિલને તરત ફેરવી શકાય છે. ખૂનખાર યુદ્ધ કરનાર રાજાઓના પણ ક્ષણવારમાં દિલ પલટાઈ ગયાના દાખલા મળે છે.

**દ્રાવિડ અને વારિખિલ્લ** વિશાળ લશ્કર સાથે યુદ્ધમાં ઊતરી વર્ષો સુધી એવા લડ્યા, એવા લડ્યા કે એકેક પક્ષના પાંચ-પાંચ કરોડ માનવીનો કચ્ચરઘાણ નીકળી ગયો. પરંતુ મહાત્માના યોગે દિલ પલટાતાં યુદ્ધ તરત બંધ કર્યું, અને બાકીના ૫-૫ કરોડના લશ્કર સાથે ચારિત્રમાર્ગે ચઢી ગયા ! તે ઠેઠ સિદ્ધગિરિ ઉપર અનશન ઝુકાવી દીધું ! કેવળજ્ઞાન અને મોક્ષ પામી ગયા !

**દુશ્મન રાજાની લૂંટની તૈયારી :-**

આ રાજા અધમ છે, એટલે કુમારની મૂર્છિત સ્થિતિ જાણી હશે તેથી લાગ જોઈ પોતાના પ્રપંચી વિચક્ષણ ગુપ્ત પુરુષોને કહે છે, કે 'તમે જાઓ રાજધાનીમાં, અને જુઓ હવે એનો રાજા અને પરિવાર ભાગી ગયા હશે, તેથી તમે એના ખજાના કબ્જે કરો. જે કાંઈ હીરા-માણેક-મોતી, સોનું-રૂપું, જર-ઝવેરાત હાથમાં આવે તે બધું કબ્જે કરો. વળી એનું લશ્કર પણ હતપ્રહત, નિરાશ, નિઃસત્ત્વ બન્યું હશે, એને ય તાબે કરો. સાથે એટલું જો જો કે પેલા રાજકુમારની ભારે શીલશુદ્ધિનો બહુ પ્રભાવ છે, એવા એ સુગૃહીત-નામધેય પુરુષસિંહના પણ શા સમાચાર છે તે ય જાણી લાવજો, જેથી મારા મનને શાંતિ થાય.'

**અતીન્દ્રિય તત્ત્વ તરફ જુઓ :-**

માણસ કેવળ બહારના સંયોગો પર માપ કાઢી ધારણા સફળ કરવા દોડે છે, પરંતુ એને ભાન નથી હોતું કે ત્યાં કોઈ અતીન્દ્રિય તત્ત્વ એવું કામ કરતું હોય છે કે એના વર્ચસ્વ આગળ માણસનું કશું નથી ચાલતું. રાજાએ બહારથી એટલું જ જોયું કે 'રાજકુમાર મૂર્ચ્છિત થઈ ગયો છે તેથી હવે કોઈની રોકટોક નથી, પછી લૂંટ ચલાવવામાં કયાં વાંધો આવવાનો છે ?' મૂર્ખ છે, એમ જો પ્રપંચીઓની ધારણાઓ સફળ થતી હોય તો સજ્જનોને જીવવું જ ભારે પડે. પણ સજ્જનો સારી રીતે જીવી શકે છે, અને પ્રપંચીઓની જાળ સફળ થતી નથી, એ સૂચવે છે કે સજ્જનોનું રક્ષક કોઈ મજબૂત અતીન્દ્રિય તત્ત્વ કામ કરી રહ્યું છે. એ આત્મ તત્ત્વની મહાન સાબિતી છે. એકલી જડસૃષ્ટિમાં અતીન્દ્રિય શું ? અને રક્ષા શી ? સજ્જન કોણ ને દુર્જન કોણ ?

**લૂંટવા આવેલા સ્તબ્ધ :-**

રાજાએ પોતાના ગુપ્તચરોને દોડાવ્યા તો ખરા, પેલાઓ પણ જાતિમાન ઘોડા પર ચઢી ઘોડા દોડાવતા પર્વત કોતરો નિકુંજો ઓળંગી ઝટ આ રાજધાનીમાં આવી ય પહોંચ્યા. એમને તો રાજ્યના ખજાના લૂંટવા છે એટલે સીધા પહોંચ્યા



રજવાડા તરફ. પરંતુ ત્યાં જોઈને સ્તબ્ધ ! ત્યાં બહાર શું જુએ છે ?

**કુમાર આગળ શાસનદેવતા :-**

પેલો રાજકુમાર હજી મૂર્ચ્છિત દશામાં છે. ડાબા જમણા હાથ બે બાજુ વળીને જાણે બે પાંદડા હોય અને વચમાં મસ્તક સહિત મુખ જાણે કમળ પડ્યું હોય એમ શોભે છે ! આટલું જ હોત તો તો પેલા ઝટ આગળ વધ્યા હોત, પરંતુ અહીં તો આશ્ચર્ય મોટું બન્યું છે. કુમારની આગળ શાસનદેવતા ઊભા છે ! એ દેવતાઈ સુંદરવર્ણના સુશોભિત મહાકિંમતી વસ્ત્ર-અલંકારથી સજ્જ છે, દશે દિશામાં એનો પ્રકાશકુંજ પથરાઈ રહ્યો છે. એના મુખમાંથી 'જય જય કુમાર' એવા મંગળશબ્દ નીકળી રહ્યા છે. વળી એના હાથમાં રજોહરણ-મુનિપણા માટેનું મુખ્ય ઓઘિક લિંગ ઓઘો છે, અને એણે કુમારને હાથની અંજલી જોડેલી છે.

રાજપુરુષો આ જોતાં જ આભા બની જાય છે. 'અરે ! આવા દેવતા જયાં ખડા હોય ત્યાં લૂંટ ચલાવી શકવાની વાત કેવી ?' આશ્ચર્યચકિત થઈ જાણે પાષાણની મૂર્તિ રૂપ ન બની ગયા હોય એવા સ્થિર થઈ ઊભા ! એમને શી ખબર કે આધ્યાત્મિક શક્તિ શું કામ કરે છે !

**શીલવાન પુરુષને દેવતાઓ વશ થઈ જાય છે !** વગર બોલાવ્યે આવી દેવતા દાસની જેમ આદેશ માગે છે, શીલવાનનો જયજયકાર વર્તાવે છે !

**આજના કાળે કેમ કોઈ દેવતા દેખાતા નથી ?** એવી કોઈ શંકાકુશંકા કરવા જેવી નથી. મન-વચન-કાયાથી ત્રિકરણશુદ્ધ શીલના ખપી બનવાની જરૂર છે. આજે દેવતાઓ આપણી તેવી શુદ્ધિ ન દેખતા હોય, ભય કે પ્રલોભનમાં અણીશુદ્ધ ટકવાનું તેવું આપણું સત્ત્વ એમને ન દેખાતું હોય, તો એજ હાજરાહજુર ન થાય. અગર તેવી આવશ્યકતા કે યોગ્યતા ન જણાતી હોય તો ય હાજર ન થાય. એટલા માત્રથી કાંઈ શંકા કરવાની જરૂર નહિ.

**શીલપાલન શા માટે ?**

આપણે દેવતાને હાજર કરવા માટે શીલપાલન કરવાનું નથી. રાજકુમારે એવી કોઈ અપેક્ષા રાખી નહોતી. એને તો માનવજીવન જ ત્રિકરણશુદ્ધ શીલ માટે લાગતું હતુ. એનું પાલન થઈ ગયું. એટલે જીવનની સફળતા થઈ, એમ એનું સચોટ માનવું હતું. તપાસો જીવીએ છીએ તે કેવું ? 'શીલપાલનથી સુશોભિત જ જીવવાનું; નહિતર તો કુશીલભર્યું જીવવા કરતાં મરવું સારું,' એ મત કુમારનો હતો. અટેલે તો શીલપાલનમાં એ ખૂબ ખબરદાર હતો. બાકી દેવ તો કુમારની લેશમાત્ર ધારણા વિના એમ જ આકર્ષાઈ હાજર થયેલ છે. એટલે આપણું કર્તવ્ય શું એ જ ધ્યાનમાં રાખો. દેવ હાજર નહિ થાય તો ય એ કર્તવ્યપાલન આપણને

જવાબ દેવાનું જ છે; અને દેવાગમન વગેરેની અપેક્ષા-આશંસા વિના કર્તવ્ય બજાવ્યું શીલ પાળ્યું, તો તો એ ઉત્તમ સાધના થઈ.

**નિરાંશસભાવની સાધના ઉત્તમ કોટિની છે.**

એનાથી અવશ્ય આત્માને લાભ થાય જ છે. એ લાભમાં

(૧) અંતરાયક્ષય, જ્ઞાનાવરણીયાદિ કર્મક્ષય,

(૨) પુણ્યાનુબંધી પુણ્યનું ઉપાર્જન, (૩) સુસંસ્કારોપાર્જન,

(૪) પૂર્વબદ્ધ અશુભ કર્મોનું શુભ કર્મમાં સંક્રમણ, વગેરે બને છે.

(૫) જિનની આજ્ઞાનું પાલન થાય એ પણ મોટો લાભ છે.

**દૈવી ચમત્કાર કે લોકવાહવાહની આશંસા કેમ છૂટે ? :-**

આવા ઉત્તમ આત્મિક લાભના તરફ દૃષ્ટિ રાખીએ, તો પછી બીજા દૈવી ચમત્કાર કે લોકવાહવાહ થયા ન થયાની શી પરવા રહે ? મૂળ વાધો અહીં આ જ નડે છે કે આપણને આત્મલાભ તરફ દૃષ્ટિ નથી રહેતી, એની કદર, એનું મૂલ્યાંકન અને એની ગરજ હોતી નથી, એટલે જ આડાઅવળા ફાંફાં મારવાનું મન થાય છે. સાધનાની સફળતા, એવો કોઈ ચમત્કાર વગેરે બાહ્ય લાભ થાય, એમાં દેખાય છે. એક નવકારમંત્રની સાધના કરતાં કરતાં જો કોઈ એવું દર્શન થયું, સ્વપ્ન આવ્યુ, બાહ્ય ચમત્કારિક લાભ થયો, તો લાગે છે કે સાધના ફળી. સફળ થઈ.' ત્યારે શું સાધનાનું આ જ ફળ છે ને ? શું આવું કાંઈ ન બન્યું તો સાધના નિષ્ફળ ગઈ ને ? કેટલી બધી અજ્ઞાન દશા ! આવી અજ્ઞાનતામાં પછી તેવું ન બનતાં સાધના મોળી પડી જાય, નિરાશા થાય, ઉત્સાહ વધે નહિ, એમાં શી નવાઈ ?

સાધનામાં સાચો ઉત્સાહ અને જોમ તો જ રહે, કે માત્ર આત્મિક લાભો જે પૂર્વે કહ્યા તેના પર દૃઢ વિશ્વાસ રહે, એની જ તમન્ના રહે. જો સાધનાકાળમાં પ્રતિસમય એ શ્રદ્ધા ચાલુ છે, પછી આડાઅવળા ફાંફા મારવાની શી જરૂર ?

**માણસ અંદરનું મૂકી બહારમાં ભટકે છે માટે જ ભૂલો પડે છે.** બીજાએ મારી વાહવાહ કરી કે નહિ, મને સારો માન્યો કે નહિ, કોઈ ચમત્કાર થયો કે નહિ, આવું આવું જોવામાં ખરી વસ્તુ ચૂકી જાય છે. એને કોણ કહે 'અલ્યા ભાઈ ! આ ગડમથલ, આ બાહ્ય કીર્તિની ભૂખ કે ચમત્કારના આકર્ષણ તો તેં અનંતીવાર રાખ્યા, એમાં તારા આત્મા માટે શો ભલીવાર આવ્યો ? હજી ભવમાં ભટકતો રહ્યો છે ! હવે આ લપ મૂક એમાં આત્મા કાંઈ ઊંચો નહિ આવે. પૂર્વોક્ત નક્કર આત્મિક લાભ થઈ રહ્યા છે એનો દૃઢ વિશ્વાસ રાખી નિરાશંસભાવે આરાધના કર્યે જા. એટલું જ તારું કામ છે.'

નડતર આ જ છે કે બહારમાં મન ફર્યા કરે છે. 'બીજા શું કરે છે, કેમ એમ



કરે છે, એ કેમ ચલાવી લેવાય,' વગેરે વગેરે ચિંતા કર્યા કરાય છે એટલે પોતાના આત્માની ચિંતા દુર્લભ બની જાય છે. ત્યારે, શું તમને લાગે છે કે સ્વાત્મચિંતા વિના પોતાનો ઉદ્ધાર થાય ? જૈનશાસન ના પાડે છે.

**સ્વાત્મ-ચિંતા મુખ્ય જોઈએ એમ જૈનશાસન કહે છે.** માટે તો 'તિત્થયરા મે પસીયંતું' 'સમાહિવરમુત્તમં દિંતુ, 'સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ' 'ધમ્મો વડ્ઢઉ'... તીર્થંકરો મારા પર પ્રસાદ કરો, ઉત્તમ ભાવસમાધિ મને આપો. મને મોક્ષ આપો. શ્રુત-ધર્મ મારો વૃદ્ધિ પામો. વગેરે અનેક માગણીઓ રોજ સ્વાત્મ-હિતાર્થે કરવામાં આવે છે. 'જયવીયરાય' સૂત્રમાં એવી અનેક માગણી કરીએ છીએ. એમ પાપથી પાછા હટવાના અને મિચ્છામિ દુક્કડં દેવાના અનેક સૂત્રો પણ સ્વાત્મશુદ્ધિ અર્થે બોલાય છે. એ બધું શું સૂચવે છે ? સ્વાત્મ-ચિંતાની પ્રધાનતા. ત્યાં કાંઈ એ પાઠ ન આવ્યા કે 'તીર્થંકરો સૌના પર પ્રસાદ કરો. સૌને સમાધિ આપો, સૌને મોક્ષ આપો...' આમ નથી ઈચ્છવાનું એમ નહિ, પણ પોતાના આત્માની ચિંતા મુખ્ય કરવાની છે. એમ સૂત્રપાઠો કહે છે.

**મહાવીર ભગવાન** જેવાએ આ વિચાર્યું કે 'મારે કર્મો ઘણાં બાકી છે, તો અનાર્ય દેશમાં જાઉં. ત્યાં સહન કરવાનું સારું મળશે તેથી બહુ કર્મક્ષયનો લાભ થશે.' આ શું ? સ્વાત્મચિંતાની મુખ્યતા. જો પરની ચિંતા મુખ્ય હોત તો તો ઊલટો એમ વિચાર આવત કે 'અનાર્ય દેશમાં જઈશ તો ત્યાં બિચારા અજ્ઞાન લોક મારી આશાતના કરી ઘોર પાપ બાંધશે.'

**પ્ર.**- આવો વિચાર કેમ ન કર્યો ? તો શું ભગવાનનું નિમિત્ત પામી એ લોકો પાપ બાંધે એમાં ભગવાન દોષપાત્ર નહિ ?

ઉ.- ના, કારણ એ છે કે અનાર્ય જીવોના પોતાના અધ્યવસાય જ એવા મલિન છે કે ભગવાન ન જાય તો પણ એવાં ક્રૂર કર્મમાં એમને એ લીન રાખે છે. એટલે ભગવાન કાંઈ એમને શુભ અધ્યવસાયમાંથી અશુભ અધ્યવસાયમાં જવાની ઉદીરણા કરતા નથી. ચારિત્ર લેનાર પાછળ સ્નેહીઓ મોહવશ રુએ એમાં ચારિત્ર લેનારો દોષપાત્ર નથી, કેમકે પેલા રુએ છે તે પોતાના મોહના કારણે. આવું જો ન માનીએ તો તો પછી સારી પ્રવૃત્તિ કરનારા પણ દોષપાત્ર ઠરશે, કેમકે એમની સારી પ્રવૃત્તિ દુર્જનોને નથી ગમતી અને તેથી દ્વેષ કરે છે, દ્વેષ કરી કર્મ બાંધે છે. આમાં જો સારી પ્રવૃત્તિ કરનાર દોષપાત્ર હોય તો તો પછી સારી પ્રવૃત્તિ ન કરવી એવો અર્થ થાય ! પણ વસ્તુસ્થિતિ એમ નથી; દુર્જનો નિંદે તોય સજ્જનોએ સારી પ્રવૃત્તિ છોડવાની નથી. નહિતર તો જગતમાં સત્પ્રવૃત્તિ રહે જ નહિ, કેમકે કોઈ દુર્જનને એની નિંદાથી પાપ થવા સંભવ છે. પણ દુર્જનને એની નિંદાથી પાપ થવા સંભવ છે. પણ દુર્જન

નિંદે એમાં એના દિલનો મોહ જ દોષપાત્ર છે, નહિ કે સજ્જન યા એની સત્પ્રવૃત્તિ. એ જ રીતે મહાવીર ભગવાનની અનાર્ય દેશમાં સંયમથી વિચરવાની સત્પ્રવૃત્તિ અનાર્યોના પાપબંધમાં જરાય દોષપાત્ર નહિ. અશુભનો બંધ તો એ અનાર્યો પોતાના મોહને લીધે કરે છે. પોતાના અધ્યવસાય સહેજે સહેજે એવા મલિન છે કે એના લીધે અશુભબંધ થયા કરે છે. એમાં ભગવાન મહાવીર ભેટી ગયા, અને ભગવાન એમનું કશું બગાડતા નથી, કશું પ્રતિકૂળ કરતા નથી, દ્વેષનું કોઈ કારણ આપતા નથી, છતાં એ લોકોની પોતાની જ અયોગ્યતા એવી છે કે પોતાના અધ્યવસાયને પોતે જ મલિન કરી રહ્યા છે. એમાં ભગવાન કે જે બીજાનું મનથી પણ લેશમાત્ર બૂરું ચિંતવવા નથી એ દોષપાત્ર કેમ જ ગણાય ?

ભગવાન સ્વાત્મહિતાર્થે અનાર્ય દેશમાં વિચર્યા, એ વાત છે. સ્વાત્મચિંતા જરાય ભૂલવાની નથી. એ હોય પછી નિરાશંસભાવે સાધના કરતા આત્મહિત તો અચૂક થાય છે; તો દેવતાએ દર્શન દીધું કે નહિ એ ચિંતા કરવાની શી જરૂર ?

**કુમારની મૂર્ચ્છા ઉતરી :-**

રાજકુમારની શીલસાધના, જીવદયાની સાધના અને શુભ અધ્યવસાયની સાધના એવી જ હતી. શાસનદેવ આપમેળે આવી ગયા અને મૂર્છિત કુમારની આગળ ઊભા છે. રાજકુમારને મૂર્ચ્છા ઊતરી; જાગ્રત્ થાય છે, અને હવે તો ચારિત્રના જ પરિણામ છે, એમાં દેવતાને રજોહરણ સાથે જુએ છે, 'હેં ! દેવ આવ્યા ?' એવું કોઈ આશ્ચર્ય નથી.

**વિશ્વના તત્ત્વ જોનાર-વિચારનારાને એક દેવતા આવે એમાં શું આશ્ચર્ય લાગે ?** ઈન્દ્રની સેવામાં હજારો દેવો ખડે પગે રહે છે, એની અપેક્ષાએ અહીં એક દેવ હાજર થાય એ કઈ મોટી વસ્તુ છે કે એના પર ખુશી ખુશી થઈ ફુલીને ફાળકો થઈ જવું ? કુછ નહિ, પુણ્યની ચિઠ્ઠી પ્રમાણે બન્યા કરે એમાં જરાય ફુલાવાની જરૂર નથી.

**કુમાર દીક્ષા લે છે :-**

રાજકુમાર દેવસંનિધાન પર મલકાયા વિના એની પાસેથી રજોહરણ લે છે, ને મુનિપણું અંગીકાર કરી લે છે. સિદ્ધ ભગવાનની સાક્ષીએ પોતે સર્વવિરતિ ચારિત્ર ઉચ્ચરી લે છે. એ જ વખતે શાસનદેવતા અતિ હર્ષથી રોમાંચપુલક્તિ બની 'નમો-અરિહંતાણ' કહેતા આકાશમાં રહી આ પ્રમાણે ઘોષિત કરે છે,-

**દેવવાણી :-**

'જે મેરુ પર્વતને પણ મુઠ્ઠીથી ચૂરી નાખે, જે આખી પૃથ્વીને હથેલીમાં ધારણ કરે, જે સર્વ સમુદ્રોનું જળ એક જ ઘૂંટડાથી પી જાય છે, જે સ્વર્ગમાંથી મોટા



ઈન્દ્રને પણ નીચે ઊતારી દે અને ત્રણે ભુવનને ક્ષણવારમાં નિરુપદ્રવ કરી મૂકે, એ બધામાંથી કોઈ પણ અખંડિત શીલવાળા પુરુષ રત્નને કેમે ય પહોંચી શકતું નથી. અથવા એજ પુરુષ કે સ્ત્રી જન્મ્યા ગણાય, એજ ત્રિભુવનને વંદ્ય છે, જે શીલાંગનું ખંડન નથી કરતા. પરમ પવિત્ર, સત્પુરુષોએ સેવેલ, સકલ પાપનું નાશક, અને સર્વોત્તમ સુખનિધિ એવું સત્તર પ્રકારનું સંયમશીલ વિજયવંતુ છે.'

**દુશ્મન સુભટો શાંત ! :-**

આવેલા સુભટો અને નવા આવેલ ગુપ્તચરો તથા નગરવાસીઓ બધા જ સ્તબ્ધ બનીને જોઈ રહ્યા છે કે આ શું થઈ રહ્યું છે ! સુભટોના ઉન્માદ શાંત થઈ ગયા છે. જ્યાં દેવતા શીલનો પ્રભાવ દેખાડીને જાહેર કરે કે મોટા મેરુને મૂઠીની ચૂરવાનું કે પૃથ્વીને હથેલીમાં તોલવાનું પરાક્રમ ગમે તેવું, પણ શીલનાં પરાક્રમ આગળ વિસાતમાં નથી, તો ત્યાં શસ્ત્ર લઈને 'મારો મારો' કરવાનું પરાક્રમ શી વિસાતમાં લાગે ? કાંઈ જ વિસાતમાં ન લાગે. તો પછી એના ઉન્માદ શાના ઊભા રહે ? બિચારા ઠંડાગાર થઈ ગયા !

**પ્રલોભનમાં પારખું :-**

વાત પણ સાચી કે માણસ પોતાના અંતરમાં જુએ તો દેખાય કે રંગરાગની સામગ્રી હાજર છે, ત્યાં શીલનું પાલન ભલભલા સુભટને પણ કેટલું કઠિન છે ! કદાચ સામગ્રીનો યોગ ન હોય અને વાસનાની વૃત્તિઓ એટલી પ્રવર્તતી ન દેખાય, એના પર તો પોતે ડંફાસ હાંકવા જાય કે શીલ પાળવું એમાં શું છે ? પરંતુ એનો એ જ માણસ પ્રલોભનોમાં મૂકાઈ જાય, ત્યારે ઢીલો ઘેંસ બની જાય છે. એટલે અંદરની છૂપી પ્રવૃત્તિઓની પારખ નથી તેથી ગુમાન યા અતિવિશ્વાસ કરાય છે કે શીલ પાળવું એમાં શી મોટી વાત ?

**અંતરની છૂપી વાસનાઓથી સાવધાન રહો**

પરંતુ આ ગુમાન કે અતિ વિશ્વાસ ખોટો છે. માણસ ગરીબમાંથી શ્રીમંત થાય ત્યારે એનામાં પૂર્વે નહિ દેખાતા કોઈ દોષ-દુર્ગુણો ઊભા થતા દેખાય છે. કયાંથી આવ્યા એ ? બહારથી ? ના, અંદરમાં છૂપા બેઠા જ હતા, છૂપી વાસના રૂપે હતા જ, સામગ્રી મળતાં એ પ્રગટ થયા. એમ સત્તાનો હોદ્દો મળતાં પણ આમ બનતું દેખાય છે. એ પણ એ જ સૂચવે છે કે અંદરના એના કુસંસ્કાર છૂપા પડેલા જ હતા. અનંત અનંત કાળથી ભિન્ન ભિન્ન યોનિઓમાં ભટકતા અને તે તે ભવની લીલાને ખેલતા જીવમાં તેવા તેવા સંસ્કારવૃત્તિ-વાસનાઓ દઢ થયેલી હોય એ સ્વાભાવિક છે. વાઘ બન્યા તો ચૂપકીથી હરણિયા પર ત્રાટક્યા, બિલાડી થયા તો ચૂપકીથી ઉંદર ઝડપમાં લઈ આરોગ્યા, જીવનભરના આ ધંધા શું આત્મામાં

માયા, ક્રૂરતા, લોભ અને હિંસાના કુસંસ્કાર ન નાખે ? એમ કૂતરા ગધેડા થઈ કૂતરી ગધેડી પાછળ પાગલ થઈ કામાંધતા પોષી એમાં શરીર સુકાઈ દુબળા પડી જવા છતાં પણ એ લત ચાલુ રાખી, પછી શું એ કામવાસનાના કુસંસ્કાર આત્મામાં દૃઢ ન થયા હોય ? સિંહ જેવા ભવમાં વનરાજ બની મહા અભિમાન કરવાના, એવું જ મદોન્મત્ત હાથીના ભવે એજ કરવાના ખેલ ખેલ્યા હોય, એટલે મદગુમાનના કુસંસ્કાર આત્મામાં સહેજે દૃઢ બન્યા હોય. ત્યારે ખાનપાન, ઈન્દ્રિયવિષયો અને પરિગ્રહની ધૂમ પ્રવૃત્તિઓ ઠેઠ કીડી કે વનસ્પતિ જેવા ભવમાં કરી હોય; ઠામ ઠામ ભવોભવ એની રામાયણ સેવી હોય એના કુસંસ્કારોના પોટલાં આત્મામાં પડેલાનું પૂછવું શું ?

**આત્મા કુસંસ્કારોનું સંગ્રહસ્થાન :-**

હવે વિચારો કે મનુષ્ય અવતારમાં આવ્યા અને જાતને શાણી ડાહી સમજી બેઠા, પણ આત્મા એ જુગજુગના રીઢ કરેલા કેવા કેવા કુસંસ્કારોનું સંગ્રહસ્થાન છે ! સંયોગ, સામગ્રી, પરિસ્થિતિ, વાતાવરણ યાને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવના અનુસારે એ પ્રગટરૂપે અમુક પ્રમાણમાં દેખાય એ જુદી વાત, બાકી અંદર ખજાનામાં શું બાકી છે ? નહિતર સારા આર્યકુળમાં જન્મેલાને ભલે ઉંદર મારવાની ક્રૂરતા કે રસ નથી, કિન્તુ એ જ જીવ તેવી માયા-કૂડ-કપટ કે ટેસથી રાત્રિભોજન આદિ પાપ કરવાના યોગે કદાચ બિલાડો થયો, તો કેમ સહજભાવે એ ક્રૂરતા અને રસ રાખે છે ? અંદરમાં એના કુસંસ્કાર માણસના અવતારે પણ પડેલા જ હતા, તેવા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ અને ભવના અભાવે એ પ્રગટ નહોતા થતા, એટલું જ. આ હિસાબે બીજા અનેકાનેક જાતના કુસંસ્કારો-કુવાસનાઓ-કુવૃત્તિઓ અંદર ભરી પડી છે, જાણે આત્મા એનું સંગ્રહસ્થાન !

**નવ વાડ શા માટે ?**

કુવાસનાઓના સંગ્રહસ્થાનના હિસાબે જ જ્ઞાની ભગવંતો એને પ્રગટ કરનારા સંયોગો અને નિમિત્તોથી આપણને દૂર રહેવાનો ઉપદેશ કરે છે. શીલવાનને નવ વાડ શા માટે પાળવાની ? આજ કારણે, કે જો એ વાડનો ભંગ કર્યો, તો અંદરની પિશાચી વાસના ઉત્તેજિત થતાં વાર નહિ લાગે. આજનાં સહશિક્ષણ, આજની સ્ત્રીઓની વેશભૂષા, આજના બિભત્સ ચિત્રો અને ચિત્રપટો વગેરેના અનર્થ કેટલા બધા વધી ગયા છે ? હજી સારું છે કે સુશીલ બાઈઓ એના મોભા-મર્યાદામાં રહે છે; બાકી એ જો ભાન ભૂલી કુશીલ થાય, તો આદમીના શા ગજા હતા કે બચી શકે ? શે શીલ પાળી શકે ? સંયોગો સારા હોય, નિમિત્ત ઉમદા હોય, વાતાવરણ પવિત્ર હોય, ત્યાં અંદરની પાશવી વાસનાઓ દબેલી રહે છે. એ સંયોગાદિ નરસા



થતાં ભલભલા માણસ સારામાંથી ખરાબ થતાં વાર નહિ.

આજ એક વખતના દેશસેવક ગણાતા સત્તાની ખુરશીનું નિમિત્ત મળતાં કેવા અર્થલાલચુ, લાંચિયા, નિષ્ઠુર અને ચોર બન્યા છે ! શું એમ જ એવા બની ગયા ? ના, અંતરમાં એની છૂપી વાસનાઓ પડેલી જ હતી તે સંયોગ મળતાં પ્રગટ થઈ ગઈ.

**બોધપાઠ :-**

આ ઉપરથી આ બોધપાઠ લેવાનો છે કે નિરંતર આ જાગૃતિ રાખવી કે 'મારા આત્મામાં બધી જાતની કુવાસનાઓ ભરી પડી છે. એને જાગવા ન દેવી હોય, કુકૃત્યમાં ઊતરવા ને બેફામ મહાલવા ન દેવી હોય, તો એને ઉત્તેજિત કરનારાં નિમિત્તથી દૂર રહેવું. કુશીલની વાસના નથી જાગવા દેવી, તો પરસ્ત્રી સામે દૃષ્ટિ નાખવાનો પણ પ્રસંગ નહિ બનવા દેવો. મન પર પાકા બળાત્કાર સાથે એ વૃત્તિને લાલચને રોકવી.'

**પૂર્વકાળે પરિગ્રહ અલ્પ કેમ રાખતા ?**

પ્રાચીન કાળમાં સુશ્રાવકો અલ્પ પરિગ્રહથી કેમ જીવન જીવતા ? સમજતા હતા કે 'આરંભ-સમારંભનું મૂળ પરિગ્રહ છે, પરિગ્રહનું નિમિત્ત મળતાં આરંભ-સમારંભની વાસના જાગ્રત થવાની; એના પર આરંભ-સમારંભ અને ષટ્કાયજીવોના સંહાર કરનારાં જરૂરી બિનજરૂરી કાર્યો ઊભા થવાનાં. માટે નિમિત્તભૂત પરિગ્રહથી આઘા રહો.' એકલા આરંભ-સમારંભના જ શું બીજા પણ લાલસા, લંપટતા, વિષયગૃદ્ધિ, અભિમાન, પ્રપંચ, વગેરે કેટલાય પાપોની બલા પરિગ્રહના ઉપર વળગે છે ! એના છૂપા કુસંસ્કારો પરિગ્રહનું નિમિત્ત મળતાં જાગ્રત થઈ જાય છે. માટે એનાથી બચવું હોય તો નિમિત્તભૂત પરિગ્રહથી જ દૂર રહેવું.

**અલ્પ ધનમાં ધન્ય જીવન કેમ ? :-**

કર્મસંજોગે કુદરતી અલ્પપરિગ્રહ આપ્યો હોય, તો જાતને ધન્ય માનવી કે પેલી પિશાચી વાસનાઓ નહિ ઊઠે ! એ પાપો જીવનમાં નહિ મહાલે ! આ રીતે જો જાતને ધન્ય માનવામાં આવે તો પછી શ્રીમંતોને દેખી એને ભાગ્યશાળી માનવાનું, શ્રીમંતાઈના લારા કરવાનું, અને જાતને દીનદુખિયારી માની, રોદણાં રોવાનું નહિ થાય. ઊલટું એ ભારે મૂર્છા અભિમાન વગેરે ગોઝારા પાપોથી બચી જવામાં માનવજીવનની એક પ્રકારની સુંદર સફળતા દેખાશે.

વિચાર તો કરો કે લાખો-કરોડોની લક્ષ્મીના ઢેર હોય, તોય અંતે તો બધું એ પડતું મૂકીને જ મરી જવાનું ને ? પછી એની બહુ મમતા શી ?

**પ્ર.**- પણ અહીં તો લહેર ખરી ?

ઉ.- અરે ? એનાં નિમિત્તે જીવનભર સેવાયેલ મદ-મૂર્ચ્છા-લાલસા, આરંભ-સમારંભ વગેરે પાપો પરભવે ડૂચા કાઢી નાખશે એનું શું ? આત્મા સાથે જડબેસલાક ચોટેલા એના સંસ્કાર પર સંસ્કાર એમ ઉખડી જશે ? કે એ જામ્યા રહેશે ? ભવાંતરે હલકા અવતારે એ જીવનભર અતિકાળાં કર્મ કરાવશે ! એવું એક જ ભવમાં નહિ, પણ એવા ભવોની પરંપરા ચાલશે.

**શ્રીમંત-મધ્યમનાં કર્તવ્ય :-**

માટે કર્મસંજોગે શ્રીમંતાઈ મળી હોય તો આ વાતનો ખાસ વિચાર રાખી એ પરિગ્રહનાં નિમિત્ત પર છૂપી હિંસા-મૂર્ચ્છા-અભિમાન-વિષયવૃદ્ધિ વગેરેની વાસનાઓને ન ઊઠવા દેવાની અને શ્રીમંતાઈ ન હોય તો એની લેશ પણ લાલસા કર્યા વિના મહાપાપો ને કૂંડા સંસ્કાર-પોષણથી બચી જવાની પૂરી તકેદારી રાખવી જરૂરી છે.

ધનના ઢગલા પર અને વિષયોની અનુકૂળતા પર કાંઈ નાચવા-રાચવા જેવું નથી. એના પર જુગજૂની કુવાસનાઓ પુષ્ટ થઈ ભવોમાં જીવનું ભ્રમણ વધારે છે. જીવને વિકરાળ વાસનાની દૃષ્ટિએ વાઘવરુ-શિયાળ-કૂતરાની લેવલમાં મૂકે છે. એમાં શું ખુશી થવાનું ?

વાત આ ચાલે છે કે મલિન વાસનાઓના સ્ટોક ખજાને પડેલા છે. નિમિત્ત ન મળતું હોય એટલે પ્રગટ ન દેખાય; એમ કુશીલની વાસના તેવા સંયોગોના અભાવે પ્રગટ ન દેખાય; એટલામાત્રથી અતિવિશ્વાસ કે ગુમાન નહિ રાખવાનું કે શીલ પાળવું એમાં શી મોટી વાત છે ? પ્રલોભક સંયોગો આવી મળતાં ગુમાનડૂલ થઈ જાય છે, જીવ રાંક બની જાય છે ! એવા અવસરે બચવા માટેનું ભારે પરાક્રમ પહેલાં કેળવેલું જોઈએ છે માટે તો કહ્યું છે-

**ધીરતા ક્યાં :-**

**'विकारहेतौ सति विक्रियन्ते, चेतांसि येषां न, त एव धीरा !'**

-અર્થાત્ કામ-ક્રોધાદિ-રાગાદિ વિકારના કારણ મોજુદ હોય અને ચિત્તમાં વિકાર ન જાગે એ જ માણસો ધીર છે, પરાક્રમી છે.

પણ આ પરથી નિરાશ થવાની ને માંડવાળ કરવાની જરૂર નથી કે 'ત્યારે આપણું શું ગજું કે કામ-ક્રોધાદિ વિકારનાં નિમિત્ત મળે ત્યાં વિકારથી બચી શકીએ ?' ના, જો એવી માંડવાળ કરીને ખોટાં નિમિત્તો વધાવ્યે ગયા, ને આવી પડેલા નિમિત્તને વશ થયે જ ગયા, અને વિકાર સેવ્યે જ ગયા, સેવ્યે જ ગયા, તો તો કોઈ દિ' ઉદ્ધાર જ નહિ થાય; ને વિકારો શમાવવા એને અંકુશમાં લેવા માટે મળેલું આ ખાસ જીવન એળે જશે. આપણે જો સતત શુભ ભાવના રાખીએ કે,

**વિકારોથી બચવાની જ્વલંત ભાવના**



**(૧) જગતનું બધું કયાં જોવા જઈએ છીએ ? :-**

માની લઉં કે સામે એવા નિમિત્ત ઊભાં થયાં છે, છતાં આ કામ, ક્રોધ વગેરે ચંડાળોથી મારા પવિત્ર મનને અભડાવવાની કોઈ જરૂર નથી. બાહ્ય જગતના ભાવો અને પ્રસંગો તો કોઈ બન્યા કરે છે. એ બધાને જો મારી નજર સામે નથી તો હું ક્યાં એથી બગડું છું ? તો આ નજર સામે છે એને પણ જાણે હું જોતો નથી એમ એને ઉવેખીને ચાલુ.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૩,અંક-૨૪,તા.૩-૩-૧૯૬૫**

બહારના પ્રસંગ તો એનાં કારણોએ બનવાના જ છે, તેથી મારે વિકૃત થવાની-બગડવાની શી જરૂર ? હું શા માટે બગડું ?

**(૨) નિમિત્ત મને શું એવું સારું પરખાવી દે છે કે એની ખાતર હું મારું અતિ કિંમતી મન બગાડું ?** સારું ગણાતું નિમિત્ત સુખ દેખાડે યા પ્રતિકૂળ કોઈ દુ:ખ ઊભું કરે, એની એવી બહુ કિંમત નથી કે એ માટે આ વિકાર સેવવાનું અને તેથી જુની-ખંધી-દુષ્ટ વાસનાને જાગ્રત કરી કરી પુષ્ટ બનાવવાનું મહાનુકશાન વહોરું ?

(૩) જગતને એનો સ્વતંત્ર રાહ છે, તો મારે મારા આત્માનો પણ સ્વતંત્ર રાહ છે. જગતની ચીજના રાહ ઉપર મારા આત્માનો વિષયવૈરાગ્ય અને કષાયોપશમનો પવિત્ર મહાતારક રાહ પલટવાની જરૂર નથી

**(૪) લોકોત્તર માર્ગદર્શન અને મહાપુરુષનાં આલંબન મળ્યાનો ભાર :-**

જિનેશ્વર ભગવંતનું કેટલું સુંદર ધર્મશાસન મળ્યું છે ! મારા પૂર્વ મહાપુરુષોના કેવા અદ્‌ભુત જીવન ચરિત્ર અને સુકૃત-પરાક્રમોનાં ભવ્ય આલંબન મળ્યાં છે ! આ લોકોત્તર શાસનમાં માર્ગદર્શન અને પૂર્વનાં દૃષ્ટાન્તનાં આલંબન મળવા છતાં જો હું એના માથે ભાર ન રાખું, ઉપયોગ ન કરું, અને મૂઢ બની નિમિત્ત વશ થાઉં તો મારા જેવો કંગાળ-મૂઢ-રાંકડો બીજો કોણ ? જો હું વિકાર સેવું કુવાસનાઓને દૃઢ કરું તો મારા જેવો સ્વાત્મઘાતક અને માનવભવવિડંબક બીજો કોણ ?

**(૫) જાતકાળજી વિના સ્વાત્માની દયા કોણ કરશે :-**

બસ, મારે તો પ્રભુનાં શાસનનાં તત્ત્વ, આત્મા, કર્મ, આશ્રવ, સંવર વગેરેને મનમાં રટવાના, અને માર્ગની જિનાજ્ઞાને જ ખરેખર મહાસારભૂત માનવાની; તથા સર્વશક્તિ ખર્ચીને એનું પાલન જ જીવનમાં મુખ્ય રાખવાનું. એની આગળ તુચ્છ ઈન્દ્રિયસુખ જતા કરવાનાં, અને મામૂલી કષ્ટ દુ:ખ વધાવી લેવાનાં; પણ મારા પ્યારા આત્માને કર્મ અને કષાય-સંસ્કારથી નહિ લપેટવાનો.

(૬) **વિકારો એ મહારોગ :-**

(૭) **કિંમતી આત્મવીર્ય :-**

'આત્મામાં ઊઠતા કામ-ક્રોધાદિ વિકાર ને રાગ-દ્વેષ અહંત્વ આદિ વિકાર એ તો મહા રોગ છે. રોગને મારે હાથે કરીને ઉઠાડવાની અને પોષવાની શી જરૂર છે ? હું એને ઊભા કરું તો ઊભા થાય, ન કરું તો નહિ. મારા પુરુષાર્થ પર આધાર છે. મારું કિંમતી આત્મવીર્ય ખરચવા પર આધાર છે. મારે એ ન ખરચવું હોય તો કોણ મને ફોર્સ પાડે છે ? કોણ બળાત્કાર કરે છે ? મારું કિંમતી આત્મવીર્ય એ વિકારચંડાળને આપવાની જરૂર નથી.

(૮) **મદિરાપાનની કુટેવ :-**

'વળી વિકારો સેવ્યે જવાથી એ કાંઈ મટતા નથી, ઊલટાં વધે છે. કામ, ક્રોધ, મદ, તૃષ્ણા વગેરે એકેક વિકાર જેમ જેમ સેવાય તેમ તેમ એની કુટેવ પડે છે, અને પછી મદિરાપાનની કુટેવની માફક એ કોટે વળગે છે. પછી સહેજ સહેજ વાતમાં એ જાગી પડે છે, અને મોટા રૂપમાં ઊઠી આવે છે. તો મહાકલ્યાણકર ક્ષમાદિગુણો માટે કામે લગાડવા મળેલું મહાકિંમતી મારું આત્મવીર્ય શા માટે મારે હાથે કરીને આ ક્રોધાદિ કષાયો, કામિક વૃત્તિ, હાસ્ય-મજાક, હર્ષ-ખેદ વગેરેમાં વેડફી નાખું ?

(૯) **દારુણ વિપાકનો વિચાર**

ક્રોધાદિ કષાય કરાય, કે ક્ષમાદિ ધર્મ સચવાય, બંનેમાં આત્માએ પુરુષાર્થ તો કરવો જ પડે છે. વીર્યનો ઉપયોગ કરતાં તાત્કાલિક લાભ અગર તુચ્છ અલ્પકાલીન કષ્ટનિવારણ દેખાય, પરંતુ તેથી શું ? દીર્ઘ ભવિષ્ય કાળ માટે શી સલામતી ? કશી જ નહિ. ઊલટું એથી ભવિષ્ય કાળ માટે તો ભય, નિરાધારતા, પરાધીનતા, નીચી હલકી સ્થિતિમાં ભ્રષ્ટતા વગેરે દુર્દશા જ ઊભી થાય. તો એવા તાત્કાલિક લાભ કે અલ્પકાલીન કષ્ટનિવારણમાં શું મોહવું હતું કે એની લાલચથી આત્મવીર્યને વેડફી નાખવાનું થાય ? મારા પોતાના જ હાથે ભવ ભારે કરાય ? ભાવિ દુઃખમય બનાવાય ? વર્તમાનમાં પણ એવા આત્મવીર્યના ઉપયોગથી જીવને નિઃસત્ત્વ, તામસી, વિહ્વળ, અસહિષ્ણુ અને પશુવત્ બનાવાય ? કોણ હું ? ભગવાન મહાવીરદેવનો સંતાન ! એ દુનિયાના પામર-પ્રાકૃત જનની જેમ જ આત્મવીર્ય વેડફી નાખનારો અને મૂર્ખ ઠરનારો બનું ?

વળી એ પણ મોટી વિવેકની વસ્તુ છે કે

(૧૦) **ક્ષમાદિ આત્મવીર્ય ઊગી નીકળે :-**

"આત્મવીર્યનો ઉપયોગ તો કરવો જ છે તો કષાયથી થતા તાત્કાલિક



વિષયસુખ-સન્માનના લાભની કે અલ્પકાલીન કષ્ટ-નિવારણની પરવા કર્યા વિના દીર્ઘકાલીન લાભ અને દુઃખનિવારણ કરાવે એવા ક્ષમાદિ ગુણો કેળવવામાં જ મારું આત્મવીર્ય ખરચું એ બહુ ઊગી નીકળશે ! એ કરવા હંમેશા તૈયાર રહું. ભવસાગર તરવો છે તો એનાથી જ તરાશે. ભગવાન જેવાએ પણ એ જ કર્યું છે. જ્યારે જ્યારે કામ-ક્રોધાદિના પ્રસંગ ઊભા થાય ત્યારે ત્યારે ઝટ સાવધાન થઈ આત્મવીર્ય એ દુર્ગુણો પોષવામાં ન જાય એ બરાબર ધ્યાન રાખું, અને પ્રતિપક્ષી ગુણોમાં વીર્યને ફોરવું."

(૧૧) **વાસના ભૂંસવાના ભવમાં પુષ્ટ કરાય ? :-**

આ પણ એક મોટી નુકસાની છે કે આત્માનું વીર્ય વિકારોને ઝગમગતા રાખવામાં વપરાય એથી વિકરાળ વાસનાઓ તગડી થાય છે, દૃઢ થતી જાય છે. વાસનાઓ જાગ્રત થાય છે, એટલે તો વિકારો ઊઠે છે; અને વિકારો આત્મવીર્ય દ્વારા ખુશમિશાલ સેવાયે જવાથી એ વાસનાઓ લષ્ટપુષ્ટ થાય એમાં નવાઈ નથી. આ કેટલી મોટી કમનસીબી કે વાસનાઓને ભૂંસવા માટે જ ખરચવાનાં આત્મવીર્યવાળા આ ભવમાં એને લષ્ટપુષ્ટ કરવામાં જ આત્મવીર્યનો ઉપયોગ કરાય ? આવા ઉત્તમ ભવમાં જો એ વાસનાઓને ઘસારે પાડવાનું ન બને, તો પછી મનુષ્ય સિવાયના કયા બીજા ભવમાં એ કામ થઈ શકશે ? પવિત્ર સમર્થ જિનશાસનનો સહારો મળ્યો છે, ત્યારે જો એ કામ નહિ થાય તો પછી એના અભાવે શી રીતે કરી શકાવાનું ?

(૧૨) **ભવ અને શાસનની કદરથી વિકારો પર સંતાપ :-**

એ તો આ ભવ અને આ શાસનની ઊંચી કદર કરી પ્રસંગ પ્રસંગે ઊઠવા જતા વિકારોની સામે એના પ્રતિપક્ષી ગુણ અને ધર્મમા આત્મવીર્ય જોડ્યા કરું. તો જ એ છૂપી વાસનાઓ પર કુઠારાઘાત લાગે. પામરતાવશ જ્યાં કામક્રોધાદિ વિકાર સેવાઈ જાય ત્યાં પણ ખુશખુશાલી નહિ, કિન્તુ હૈયે પારવાર દુઃખ થાય કે આ ઉત્તમ માનવક્ષણની અને અદ્ભૂત આત્મવીર્યની કેવી રાખ થઈ રહી છે ! જો ખરેખર હૃદયસંતાપ થાય તો પણ વાસનાને એવી પુષ્ટિ ન મળે."

**જીવન સંગ્રામ :-**

બસ, આવી આવી રીતે જો વારંવાર ભાવના કરતા રહેવાય તો અવસર અવસરે વિકારો સેવી સેવી વાસનાને પગભર રાખવાનું ન કરાય. આત્મવીર્ય એમાં ખરચવા પર અંકુશ મૂકાય. આપણા વીર્યના આપણે માલિક છીએ, તેથી એનો ધાર્યો સદુપયોગ જ કરીએ. અનાદિનો અભ્યાસ છે એટલે એકદમ એ વીર્યનો દુરુપયોગ ન રોકાય અને વાસના તદ્દન ન દબાય એ બને; પરંતુ સાચો પ્રયત્ન હોય

એ એમાં મંદતા જરૂર લાવે. જીવનભર આ જ કામ કરવાનું છે, વિકારો સામે લડવાનું છે, જીવનસંગ્રામ ખેલવાના છે.

આત્મવીર્યને બને ત્યાં સુધી રાગાદિવિકાર પોષણના માર્ગે ન ખરચવા દઈએ. એ માટે કહેલી ભાવના, અને ભાવના માટેના આલંબન ભૂલશો નહિ. આલંબન પણ ભારે સહાયક બને છે. એવું એકાદ સૂત્ર પણ પકડી રાખ્યું હોય છે અને અવારનવાર એને મનમાં લાવીએ છીએ તો મનને બળ આપે છે. દા.ત. આ જ સૂત્ર કે **'શું મારું કિંમતી આત્મવીર્ય, મહાવીર પ્રભુ જેવાને માથે નાથ કર્યા પછી, ક્રોધલોભાદિ-રાગદ્વેષ-હાસ્ય-મદ વગેરેમાં વેડફી નાખું ?'** આ સૂત્રને મન પર લીધાથી મન સશક્ત બની એ વિકારો સેવવા પર અંકુશ મૂકે છે, વિકારને દબાવી એથી પ્રતિપક્ષી ક્ષમા-નિર્લોભતા-વિરાગ-ઉપશમ-ગાંભીર્ય-નમ્રતા વગેરેને કેળવવાનું કરે છે.

**સારાં નિમિત્ત સારા સંયોગાદિને જ સેવવા :-**

વાત એ ચાલતી હતી કે દેવતાએ જ આકાશમાં જઈ વાણી ઉચ્ચારી કે મોટા મેરુને ચૂર્ણ કરી નાખે એના કરતાં શીલને અખંડ ધારણ કરે એ પરાક્રમ મોટું છે. આપણે પ્રલોભક સંયોગના અભાવમાં શીલનું પાલન સહેલું માનતા હોઈએ, પરંતુ અંદરની છૂપી વાસનાઓ જોતાં એ ગુમાન રાખવા જેવું નથી. તેવા સંયોગ ઊભા થતાં અંદરની વાસના જોર કરી આત્મવીર્યને વિણસાડી જાય છે. માટે જ મુખ્ય કામ આ કરવાનું છે કે,

સારાં નિમિત્ત સારા સંયોગનો જ સહવાસ રાખી ઉત્તમ ભાવના, અર્હદ્ભક્તિ, ગુરુસેવા, શાસ્ત્ર-વ્યવસાય, અને ત્યાગ-તપસ્યાદિમાં આત્મવીર્ય કામ કરતું રાખવા દ્વારા એ કુટિલ વાસનાઓ સામે વૈરાગ્ય-ક્ષમાદિગુણોનું સુસંસ્કરણ જોરદાર બનાવતા જઈએ.

એટલે પછી સહેજે એના વધતા જતા બળ ઉપર કુવાસનાઓનું જોર કમી થઈ જવાનું. સવાલ આટલો કે આપણા આત્માનું વીર્ય ખોટે રસ્તે, અસત્-અશુભ કાયયોગ-વચનયોગ-મનોયોગમાં જતું અટકાવવા ધરખમ જાગૃતિ અને ચીવટ રાખવી અતિ જરૂરી છે. કોઈ જ અનુચિત અસભ્ય વર્તાવ, અસૌમ્ય અનુચિત વાણી કે કામ-ક્રોધાદિ વિકારવાળો વિચાર કરવામાં આત્મવીર્ય જોડવું નહિ.

**દેવની પુષ્પવૃષ્ટિ ને આકાશવાણી :-**

દેવતાએ સત્તર પ્રકારના શીલ-સંયમનો વિજય પોકાર્યો. અને આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ કરી ! વળી પણ ઘોષિત કર્યું કે,

**देवस्स देंति दोसं पवंचिया अत्तणो सकम्मेहिं ।**
**न य गुणेसु ठवेंतऽप्पं सुहाइ मुहाए जोएँति ॥**



**જાતે જ આત્મવંચના-ગુણોપેક્ષા :-**

અર્થાત્ અજ્ઞાન લોકો પોતાના અસત્ આચરણથી પોતાની જાતે જ ઠગાયા છતાં દેવને દોષ દે છે ! પણ પોતાના આત્માને ગુણોને વિષે સ્થાપિત કરતા નથી ! એ બિચારા સુખની સામે ફોગટ જુએ છે, સુખની નિષ્ફળ ઈચ્છા કરે છે."

કેવું સરસ સત્ય ઉચ્ચાર્યું ! દુશ્મનના સુભટો કદાચ એમ વિચારતા હોય કે 'શું કરીએ, આપણું ભાગ્ય વાંકું કે અહીં ફાવટ તો ન આવી પણ ઊલટું માર પડ્યો, સ્તંભિત થઈ જવું પડ્યું, નાલેશી મળી,' આવું વિચારતા હોય એને દેવવચનથી સમજવા મળે એવું છે કે 'આ અમે ઠગાયા, નાલેશી મળી, તે અમારા પાપાચરણથી બન્યું છે. એમાં ભાગ્યને શાનો દોષ આપવો ? ખોટી રીતે લૂંટવા ન આવ્યા હોત તો આ કાંઈ ન બનત' આના ઉપરથી તો ધડો લેવો જોઈએ કે જો ખોટું આચરણ ન કરીએ અને ગુણથી મઘમઘતા માર્ગે ચાલીએ તો કોઈ ઠગામણ થાય નહિ, ઠગાવાનું બને નહિ. અર્થાત્ પોતાના આત્માને ગુણને વિષે સ્થાપિત કરવો જોઈએ; આત્માએ સદ્ગુણોનો જ ખપ રાખી એવી ગુણભરી પ્રવૃત્તિ જ કરવી જોઈએ, નહિતર દુર્ગુણના ભરેલા બન્યા રહી દુર્ગુણભરી પ્રવૃત્તિ કરવામાં આવે પછી એનાથી ગમે તેટલી સુખની કામના રખાય પણ તે ફોગટ છે. એવી ઈચ્છા સફળ થાય નહિ.

**ભાગ્યદોષ દાખલો ખરો ?**

માણસ લોભવશ વેપારમાં સાહસ કરવા જાય, અને પૈસા ગુમાવે તો ભાગ્યને દોષ દે છે કે 'આ ભાગ્ય બરાબર સીધું નહિ તે પૈસા ગુમાવ્યા.' પહેલાં લોભ કરી કામ કરતો હતો અને કમાણી થતી હતી તેથી માનતો હતો કે 'આ હિંમત કરી કામ કરીએ તો પૈસા મળે,' અને ભાન નથી કે 'પૂર્વ જીવનમાં કોક ગુણ કોઈક ધર્મ કરેલો, તેથી આ પૈસા મળે છે;' એટલે એમ જ માની બેસે છે કે 'ઈચ્છા રાખી હિંમત કરીએ તો પૈસા મળે.' હવે લપડાક ખાય છે એટલે ભાગ્યના માથે ઓઢાડે છે. એ જોવું નથી કે **'અતિ લોભ તે પાપનું મૂળ'** મર્યાદા બહાર વેતરવા જાય છે, તેથી લેવાના દેવા થાય છે.' હા, લોભ ન કર્યો હોત, જંપીને બેઠો હોત, તો ગુમાવવાનું ન થાત.

**જે લોભાદિ-દુર્ગુણની સડકે દોડતાં આગળ પટકાવાનું છે, એ દુર્ગુણને લાભ કરનારો કેમ કહેવાય ?** એથી ઊલટું જે ગુણના માર્ગે ચાલ્યા જતાં ખરેખરી સુખ-શાંતિ રહે છે એને લાભકારી કેમ ન કહેવાય ?

લોભ કરે ને પૈસા જાય, રોફ કરે સામેથી લપડાક પડે, જૂઠ બોલે પકડાઈ જઈ ફજેત થાય, અનીતિ કરે સરકારી ચુંગાલમાં ફસાય, આવા આવા કેટલાય

દાખલા છે કે અવગુણની સડકે દોડતાં જીવ માર ખાય છે. છતાં મોહમૂઢ દશા એવી છે કે એ મારના કારણભૂત અવગુણને જ ખોટા-ખરાબ નુકસાનકારી માનવા તૈયાર નથી. નહિતર માર પડ્યાને રોતે, એના કરતાં વધુ પોતાના અવગુણને રોવત; અને અવગુણને રુએ તો ક્યારેક ય એનાથી પાછો વળવાનું થાય. પણ અંધાપો હટે તો એ બને ને ?

**જીવન જીવવાની કિંમત** પોતાના ગુણ-અવગુણ પર દૃષ્ટિ રાખી ગુણના માર્ગે ચાલવામાં અને અવગુણને બને ત્યાં સુધી અમલમાં નહિ આવવા દેવામાં છે.

બસ, આ રાહે ચાલ્યા જાઓ, બાકી

**બહારની-અનુકૂળ પ્રતિકૂળ પ્રાપ્તિને લલાટ પર છોડતા ચાલો; કદીય પ્રતિકૂળ બન્યાને ગુણ સાથે સાંકળો નહિ કે**

દા.ત. 'આ સાચું બોલ્યા કે ક્ષમા રાખી એટલે નુકશાન થયું.' ના, 'નુકશાન તો લલાટ વાંકાના હિસાબે થયું છે; છતાં મારે ગુણ સચવાઈ ગયો એ સારું થયું. નહિતર વક્રવિધિના લીધે નુકશાન તો થાત જ, અને ઉપરથી જૂઠ બોલ્યાનું કે ગુસ્સો કર્યાનું પાપ માથે પડત. આ તો ટૂંકે પત્યું.

(૧) નુકશાન વેઠ્યું એટલો પાપકચરો આત્મામાંથી ઓછો થયો,

(૨) સત્ય કે ક્ષમાની અમૂલ્ય કમાઈ પરલોકના ચોપડે જમે થઈ એ ફાવ્યા.

**જીવન મસ્ત કેમ જીવાય :-**

**(૧) અવગુણ** પ્રગટ નહિ થવા દેવામાં, અને

(૨) ગુણના રાહે મક્કમ મને ચાલ્યા જવામાં, તથા ઈષ્ટ-અનિષ્ટ બનવામાં,

(૩) ભાગ્ય પર અટલ ભરોસો રાખવામાં, તેમ જ,

(૪) સકલ વિઘ્નનિવારક અને પરમ સંપત્તિદાયક પરમાત્માનું એકાંત મંગળમય શરણ વારંવાર સ્વીકારવામાં,

જીવન ખૂબ શાંતિભર્યું મસ્ત જીવાય છે. શાસ્ત્રમાં આના પર એક સુંદર દૃષ્ટાન્ત આવે છે.

## ચિતારાની પુત્રીનું દૃષ્ટાન્ત

ઉત્તરાધ્યયન સૂત્રની ટીકામાં આ દૃષ્ટાન્ત મૂક્યું છે, એક વૃદ્ધ ચિતારો હતો. એને રાજસભામાં ચિત્ર ચિતરવાનું કાર્ય મળ્યું તે બીજા ચિતારાઓ સાથે એને સોંપેલા ભાગમાં ચિત્રામણ કરતો હતો. બપોરે ભોજનના અવસરે એની દીકરી એને ભોજન આપી જતી.

એકવાર એવું બન્યું કે છોકરી ખાવાનું લઈ આવી છે, એનો બાપ એ વખતે જંગલ જવા ગયો. છોકરી બેઠી છે, એટલામાં રાજા ત્યાં સભા કેવી ચિતરાઈ રહી



છે, તે જોવા આવ્યો.

**માણસો પાસે કામ કેમ લેવાય :-**

માણસો પાસે કામ લેતા હોઈએ ત્યારે વચમાં વચમાં ઓચિંતી મુલાકાત લઈ તપાસ રાખ્યા કરવી જોઈએ છે કે કામ કેમ ચાલી રહ્યું છે. તો જ માણસો જાગતા રહે, સાવધાન રહી કામ કરે, તેમ જ કાંઈ વાંકુંચૂકું થતું હોય તો તત્કાલ સુધરાવી દેવાય, અને યોગ્ય ભલામણ કરી શકાય, નહિતર માણસો બેપરવા બને, સરખું કામ કરે નહિ ને રોજી મફતમાં ખાય. વળી વાંકુચૂંકું થયેલું તત્કાલ ન સુધાર્યું તો પછી સુધરવું મુશ્કેલ બને. એવું ચલાવી લેવું પડે અને તે જિંદગીનું સાલ બની સંતાપ્યા કરે. અડધું કામ જોતાં કાંઈ નવી ભલામણ સ્ફુરી તો તે પ્રમાણે કરાવવામાં કામ દીપી ય ઊઠે, તે પણ મુલાકાત ન લેવામાં બને નહિ. આમ (૧) કારીગરોની બેપરવાઈ, (૨) મફતિયા ખરચનો વધારો, (૩) નુકશાની પર જિંદગીનું સાલ, (૪) નવી રોનકનો અભાવ, વગેરે નુકશાનો વેઠવા કરતાં અવારનવાર ઓચિંતી મુલાકાતનો મામૂલી શ્રમ અને સમયવ્યય કરવો શું ખોટો ?

**રાજાની મૂર્ખાઈ પર હાસ્ય :-**

રાજા ત્યાં સભા જોવા આવ્યો. એમાં એક દિવાલ પર મોર એવો ચિતરેલો કે એના પર Shade-light છાયા-પ્રકાશના રંગ અપાયેલ હોવાથી જાણે ખરેખર મોર ઊભો દેખાય. રાજા કંઈક ભુલાવામાં પડી મોરનું પીંછું પકડવા ગયો, પણ હાથ ભીંત સાથે ટકરાયો એ જોઈને ચિતારાની દીકરી એકાએક હસતાં બોલી ઊઠી કે 'વાહ ! ચોથો પાયો મળી ગયો !'

રાજા એ સાંભળીને પૂછે છે 'શાનો ચોથો પાયો ?'

આ કુમારી રાજાને ઓળખતી નથી, કેમકે રાજા એકલો સાદા કપડામાં આવ્યો છે. એટલે નિર્ભીકપણે એ રાજાને કહે છે કે ચોથો પાયો તો મૂર્ખાના ખાટલાનો પાયા તરીકે ત્રણ મૂર્ખ તો મળ્યા હતા, પણ ચોથો ખૂટતો હતો તે હવે મળી આવ્યો.'

રાજાને કૌતુક થયું કે 'વળી ત્રણ મૂરખા કેવાક હશે ! અને હું મૂરખ શી રીતે ?' જાણવાની ઇંતેજારી થઈ, મનમાં રીસ ન લગાડી કે 'હેં મને મૂરખ કહે છે ?'

**મોટા માણસનાં મન મોટાં હોય છે.** તો જ વસ્તુ પામી શકે છે. વાતવાતમાં સાંકડા મનથી ખોટું લગાડે, રીસ લગાડે, એને નવું જાણવા-સમજવા ઓછું મળે છે; કેમકે એવાને બહુ કહેવાનું બીજાને મન થતું નથી. તેમ કદાચ કોઈ કહે તો પોતાના સાંકડા મનને લીધે ને પોતાની રીસાળ પ્રકૃત્તિને લીધે સાંભળ્યા પર

ઊંધી ખતવણી કરે છે. એવા માણસ નવું શું પામી શકે ? આગળ શું વધી શકે ? કહે છે ને,

**'રીસ કરે દેતાં શિખામણ, ભાગ્યદશા પરવારી'' એક ચિતારાનો છોકરો** બાપ પાસે ચિત્રકળા શીખતો હતો. બાપ રોજ ૪-૪ ભૂલ કાઢી આપે તે સુધાર્યે જતો હતો. છ મહિને સુંદર ચિત્ર દોરતો થઈ ગયો. પણ હવે ગુમાન આવ્યું કે આ બાપ રોજને રોજ ભૂલો કેમ કાઢે છે ? આજ જોઉં છું કેવી ભૂલ કાઢે છે ?' તે આજે બાપને ચિત્ર બતાવવા ગયો તે પગલાં જ ભારે ! શબ્દ પણ એવો બોલ્યો કે 'લો આજે ભૂલ કાઢો જોઉં.'

બાપ સમજી ગયો કે મામલો ફરી ગયો છે. તે જોઈને કહે છે 'વાહ ! કેવુંક સરસ ચિત્ર !'

છોકરો કહે 'પણ કાઢો ને ભૂલ કાઢો ને ? રોજ ભૂલ જ ભૂલ બતાવતા હતા તે આજ કાઢો જો ભૂલ ?'

બાપ કહે 'તારે ભૂલ જાણવી છે ? પણ હવે ભૂલ ન બતાવાય. હવે એ દહાડા ગયા. છ મહિના પહેલાનું ચિત્ર લઈ આવ, અને મેળવ આની સાથે.

છોકરો લઈ આવ્યો. ચિત્ર મેળવે છે. શું રાખ મેળવે ? કોઈ મેળ જ નથી. એને આશ્ચર્ય થાય છે કે

'અરે ! આ પહેલાનું ચિત્ર મારું ? પિતાને કહે છે કે આ તો કાંઈ મેળ ખાતો નથી.

બાપ કહે છે 'તે ક્યાંથી ખાય ? એના પર તો ૭૦૦ ભૂલો સુધરી ગઈ !'

'તો બાપુજી શું હજી પણ આમાં ભૂલો છે ? જો હોય, ને તે સુધરે તો આનાથી ય વળી કેવું સુંદર ચિત્ર બને ! તો કૃપા કરી બતાવો ભૂલ સુધારી લઈશ.'

બાપ કહે 'હવે બસ તારું ગજું આટલું જ છે. મારા મનને હતું કે તને દુનિયાનો નામી ચિત્રકાર બનાવું, ચિત્ર એવું ચિતરે કે જાણે હૂબહૂ વસ્તુ જ લાગે. પણ હવે તને રીસ ચડી, ગુમાન આવ્યું, એટલે આગળ વધવાની લાયકાત ગઈ.'

છોકરો રીસ કરતાં શું પામ્યો ? પ્રગતિ અટકી ગઈ. પછી ઘણું ય પસ્તાયો, શું કરે ? મયણાસુંદરીના બોલથી બાપને રીસ ચઢી, તો એને પસ્તાવો કરવાનો અવસર આવ્યો ને ?

**બ્રાહ્મી-સુંદરીના જીવ** પીઠ-મહાપીઠને પૂર્વભવમાં ગુરુએ ભરત-બાહુબલીના જીવ બાહુ-સુબાહુ મુનિના સેવા-વૈયાવચ્ચ-ગુણની કરેલી પ્રશંસા પર રીસ ચઢી, તો સ્ત્રીપણે અહીં જન્મ લેવો પડ્યો. કર્મને શરમ ક્યાં છે ? જેવા ભાવમાં વર્તો, એવું



ફળ આવીને ચોંટે છે. પછી એના દારુણ વિપાક ભોગવતાં રોતા બેસી રહો, હવે એમાંથી ઝટ શે છૂટાય ?

વાલી રાજાના મિત્રાચારીના સીધા વચન પર રાવણને રીસ ચઢી ગુમાન આવ્યું, લડાઈમાં ઊતર્યો, તો ફજેતો થયો ને ?

**ગંભીર બનવા ખોટું ન લગાડો :-**

વડીલોની કે નાનાની વાત પર શું જોઈને રીસ ચઢતી હશે ? હૃદય પહોળું રાખો. આગળ વધવું છે ? ધીર-ગંભીરમાં ખપવું છે ? જે વાત આવે એને વિશાળ દિલમાં ઉતારો, એના પર વિચાર કરો. રીસ કરવાનું શું કામ છે ? માનો ને કે એ ખોટું કહે છે, પછી એ ખોટું લાગે તોય શાંત-ઠંડા ચિત્તે અને ઠંડા શબ્દમાં કહો કે 'ભાઈ ! વસ્તુ આમની આમ છે.' તો પેલાને ય વિચાર કરવો પડશે. બાકી બધી ય વાત ખોટી થોડી જ હોય છે ? ઘણી ય સાચી ને સારી વાત પણ હોય છે. પહેલેથી રીસ ન કરતાં રહસ્ય જાણવાની આતુરતા રાખવા.

**ચાર મૂરખાનો ખાટલો :-**

રાજા ચિતારાની કન્યાને આસ્તેથી પૂછે છે 'તે બેન ! ચાર મૂરખાના ખાટલામાં મૂરખા કયા કયા ? અને મારી મૂર્ખાઈ શી ?'

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૩,અંક-૨૫,તા.૨૭-૩-૧૯૬૫**

કન્યા કહે છે, 'જુઓ,

(૧) આ પહેલો મૂરખ મારો બાપ કે હું એના માટે ઊનું ઊનું ભોજન લઈ આવું છું ત્યારે એને આ જ વખતે જંગલ જવાનું સૂઝે છે. અક્કરમીના પડિયા કાણાં તે ઊનાનું ટાઢું ગોતા જેવું કરીને ખાય છે. માણસે પ્રસ્તાવને યોગ્ય વર્તવું જોઈએ. વળી આવડી મોટી ઉંમરલાયક હું, મારો કોઈ વિચાર ન કરતાં મને એકલી ઘરે રાખી એ અહીં કામ કરવા આવે છે. એકલી જુવાન છોકરીનો શો ભરોસો ?

રાજા સાંભળીને તાજુબ થઈ જાય છે કે શો કન્યાનો વિવેક છે ? પણ કાંઈ બોલ્યા વિના બીજા ઉત્તર સાંભળે છે.

(૨) કન્યા ચલાવે છે કે બીજો મૂરખો આ ગામનો રાજા કે જેટલું કામ ખખડધજ નવજુવાન ચિતારાઓને સોંપ્યું છે એટલું જ કામ આ બિચારા મારા બુઢ્ઢા બાપને સોંપ્યું છે. માણસનો વિવેક તો તે કે વસ્તુની યોગ્યતા-તાકાત વગેરેને અનુસારે એનાથી કામ લે. નખ નરેણીથી કપાય, તલવારથી નહિ.'

(૩) 'ત્રીજો મૂરખ હમણાં અહીં આવતા રસ્તા પર એક ઘોડો દોડાવનાર

મળ્યો. ઘોડો એવો દોડાવતો આવતો હતો કે હું અને મારા જેવા બીજા કેટલાય ઘોડાની હડફેટે ચઢતા બચી ગયા તે સદ્‌ભાગ્ય ! બાકી એને વિચાર નહિ કે આપણો સ્વાર્થ સાધતાં બીજાને પીડારૂપ ન થઈએ.'

(૪) 'હું વિચાર કરતી હતી કે ત્રણ મૂરખ તો જોયા, પણ ચોથો કોઈ મૂરખ મળે તો ચાર પાયાનો ખાટલો બની રહે. એમાં તમે મળી ગયા. ખોટું ન લગાડશો, પણ શું તમને વિચાર ન આવ્યો કે આ ભરી વસ્તીની વચમાં નીચેના ભાગની આ સભામાં તે વળી સાચો મોર ક્યાંથી આવવાનો હતો કે એનું પીંછુ પકડવા હાથ લંબાવ્યો ? માણસે આજુબાજુના સંયોગ અને પોતાનું ગજું વિચારીને પગલું માંડવું જોઈએ એમ તમે પણ કબૂલ કરશો. માફ કરજો મારી બેઅદબી.'

**રાજાને આશ્ચર્ય :-**

રાજાને આશ્ચર્યનો પાર રહ્યો નહિ. અલબત ત્રણ મૂરખામાં તો પોતે જ હતો, ઘોડો પણ પોતે જ દોડાવીને આવેલો; છતાં ચાર મૂરખની પાછળ કન્યાએ જે તત્ત્વ ઉચ્ચાર્યાં, તે એને અદ્‌ભુત લાગ્યાં ! એના મનને થયું કે 'અહો ! એક ચિતારાની કન્યામાં આટલું બધું શાણપણ ?'

**જીવનમાં ઉપયોગી પરતત્ત્વ :-**

વાત પણ સાચી છે કે કન્યાએ ઉચ્ચારેલ તત્ત્વ જીવનમાં ઉતારવા જેવા છે. ગુણો ફરીથી,

(૧) માણસે પ્રસ્તાવને યોગ્ય વર્તાવ રાખવો.

(૨) જુવાન કન્યા એકલી મૂકી ભરોસે ન રહેવું.

(૩) વસ્તુથી કામ લેવું તે વિવેકપૂર્વક એની શક્તિ યોગ્યતા વિચારીને.

(૪) સ્વાર્થ સાધતાં બીજાને દુઃખ ન થાય એનો વિચાર રાખવો.

(૫) સંયોગ-ગજું વિચારીને પગલું માંડવું.

આ એકેક વાત પર બહુ વિચારી શકાય એવું છે. નગદ સત્યો છે. રાજાને વિચાર આવે છે કે આ હિસાબે તો આ કન્યામાં બીજો કેટલોય વિવેક, કેટલીય અક્કલ અને વગર અનુભવે પણ કેટલાય અનુભવ હશે !

એટલો જ વિચાર કરીને રાજા બેસી ન રહ્યો. એ એની મોટી કદર કરવા ઇચ્છે છે.

**ખરી કદર-આકર્ષણ-અનુમોદના કઈ ?**

ત્યારે કશી કદર કરવાની ન હોય તો પ્રશંસા શી ? આકર્ષણ કેવું ? તમને વીતરાગ ભગવાનનું અને મંદિરનું આકર્ષણ છે, ગુરુનું છે, વ્યાખ્યાનનું છે, કોઈ તેવા ઓચ્છવ-મહોચ્છવનું છે, સપરમાં દહાડે ઘરે સાધુના પગલા થવાના છે. છે



ને ? તો આ બધાં આકર્ષણ પાછળ તેની તેની શી કદર કરો છો ? ભૂલશો નહિ,

કદર કરવામાં ભોગ આપવો જોઈએ છે. ભોગ અપાય ત્યારે વસ્તુની ખરેખરી કિંમત હૈયે અંકાય છે.

કોઈ અદ્‌ભુત અંગરચના સહિત ભગવાનનાં દર્શન મળ્યાં, જીવડો હરખાયો, એ વખતે ઝટ ખીસામાંથી રૂપિયો કાઢીને ભંડારમાં સેરવી દો, અગર રૂપિયાની વરખ થોકડી લાવી બીજે દિવસે ભગવાનને છપાવી દો. ત્યાં મનને એમ થાય કે 'અહો ? આજનાં દર્શને મને કેટલું બધું પુણ્ય આપ્યું, તો મારે એના બદલામાં કાંક કરવું જ જોઈએ ને ?'

એમ, કોઈ અદ્‌ભુત વ્યાખ્યાન-શ્રવણ કે વાંચન કરીને કદર કરો, પાવલી-અધેલી જ્ઞાનખાતે નાખો, છેવટે કોઈ ત્યાગ, કોઈ ૨૦૦-૫૦૦ નવકાર જાપ કે એવું કાંઈક કરાય, તો હૈયે ખરેખરી અનુમોદના વસે.

રાજાને કદર કરવી છે. વિચારે છે કે 'આ ચીંથરે બાંધ્યું રતન છે, એને તો ઠેઠ મારી પટ્ટરાણીના પદે સ્થાપી દઉં, ભલે લોકમાં જરા કહેવાશે, યા બીજી રાણીઓને મનમાં લાગશે, પણ આને સુયોગ્ય સ્થાન તો મળશે; અને મારે પણ સલાહ લેવા ઉપયોગી થશે.'

રાજા એ વખતે તો કાંઈ બોલ્યો નહિ, તેમ પોતાની ઓળખ પણ ન આપી, કેમ કે કન્યાને બિચારીને ક્ષોભ થાય. રાજા ચાલ્યો ગયો અને દિવાન દ્વારા ચિતારાને પૂછાવ્યું.

ચિતારાના આનંદનું પૂછવું શું ? દીકરી રાજાની પટ્ટરાણી થાય એમાં શો હરખ બાકી રહે ? ચિતારાએ ખુશીથી મંજૂરી આપી, ને કન્યાનું રાજા સાથે લગ્ન થયું. હવે તો ચિતારાની મજૂરી ય મટી ગઈ, અને કન્યા પટ્ટરાણી પદે સ્થાપિત થઈ ગઈ.

સબળાનો ખરેખરો આશરો મળ્યા પછી નબળા પણ સબળા થઈ જાય.

**દેવ-દેવી નહિ, એક વીતરાગનો જ આશરો :-**

વીતરાગ ભગવાન પરમ સબળા છે. એમનો બરાબર હૃદયથી એક આશરો પકડીએ તો આપણે સબળા થઈ જઈએ. અનંતા આત્માઓ એ રીતે સબળા થઈ ગયા ! તો આપણે પણ કેમ ન થઈ શકીએ ? માત્ર આશરો બરાબર પકડવો જોઈએ; એવો કે પછી બીજા-ત્રીજાના આશરા હૈયે રાખવાના નહિ. એ તો એક વીતરાગનો જ આધાર. તો અદ્‌ભુત લાભ થાય. અનેક દેવ-દેવીઓના આશરા પકડનાર આ લાભ ગુમાવે છે. અરિહંત ઉપર એટલી દૃઢ સચોટ આસ્થા અને પ્રેમ નથી બાંધી શકતા. કવિ કહે છે ને,

**"એક ચિત્ત નહિ એકની આશ,**
**પગ પગ તે દુનિયાના દાસ, સ્વામી સેવીએ."**

'મારે તો અચિંત્ય અનંત પ્રભાવના ધણી એક અરિહંત જ બસ છે. એનાથી સર્વ સિદ્ધ થશે; સર્વ આપદા જશે. સર્પને ધરણેન્દ્ર બનાવી શકે, બહુ ભણેલા નહિ એવા દશ કરોડ સૈનિક મુનિઓને દ્રાવિડ-વારિખિલ્લ સાથે મોક્ષ પમાડી શકે એવા અરિહંત મારું શું નહિ કરી શકે ?' આ શ્રદ્ધા કેળવવી જોઈએ.

**નવી રાણીની ચતુરાઈ :-**

રાજા રાણીઓના મહેલમાં વારા ફરતી સુવા જાય છે. એમાં આ નવી રાણીને ત્યાં વારો આવ્યો ત્યારે, રાજા હજી હમણાં સુતા છે અને રાણી દાસીને ટૂચકો-કથા કહી રહી છે. એમાં વચમાં ઉખાણું આવ્યું ત્યાં કથા બંધ કરે છે. દાસી પૂછે છે કે 'એનો ખુલાસો શો ?' ત્યારે આ કહે છે 'હવે મને ઊંઘ આવે છે, કાલે વાત.' એમ કહીને દાસીને રવાના કરી.

રાજા સાંભળતો જ હતો; એના મનને થયું કે 'ઉખાણાનો શો ઉત્તર હશે ?' તે ઉત્તર સાંભળવા બીજી રાતે પણ અહીં જ આવ્યો. ત્યાં પાછી આ નવી રાણીએ દાસીને એનો અદ્ભુત ખુલાસો કહ્યો અને વળી નવી કથા માંડીને વચમાં ઉખાણું ઊભું રાખી અધૂરું છોડ્યું. એટલે રાજા ત્રીજી રાતે પણ આવ્યો. એમ ચાલ્યું દિવસ પર દિવસ.

**બીજી રાણીઓને ઈર્ષ્યા :-**

રાજાને આશ્ચર્યનો પાર નથી કે આની તે બુદ્ધિ કેટલી ? પણ બીજી રાણીઓ આની ઈર્ષ્યા કરે છે. એટલે જો કે આ નવી રાણીનો બધી રાણી સાથે વ્યવહાર નમ્રતાભર્યો અને સગી બેન જેવો છે, પણ પેલીઓ ઈર્ષ્યાની મારી જ્યારે જ્યારે રાજા એમના આવાસે આવે છે ત્યારે ત્યારે કંઈક ને કંઈક એની વિરુદ્ધ ભંભેરે છે, રાજા નવી રાણીના ગુણમાં ભારે આકર્ષાયેલો છે એની એ બિચારીઓને ક્યાં ગમ છે ? એટલે પેલીનું ઘસાતું બોલે છે, પણ રાજા એ હલકાઈ, એ ભંભેરણી માનવા તૈયાર નથી.

**છિદ્ર જડ્યું ?**

પરંતુ એક દિવસ રાણીઓના જાણવામાં આવ્યું કે આ નવી રાણી બપોરે ઓરડી બંધ કરી માંહી બેસી કાંક કરે છે. બસ, હવે એના પર રાજાને ઉશ્કેરે છે. એક ઉશ્કેરે છે, બીજી ઉશ્કેરે છે, ત્રીજી ઉશ્કેરે છે. બધી ય કહે છે કે 'આ આપ અમારું માનતા નથી, પણ એ બપોરે ઓરડી બંધ કરી આપના વિરુદ્ધ કંઈક કરતી રહે છે. અમને ડર છે કે કાંઈક કામણટૂમણ ન કરે ? માન્યામાં ન આવે તો જાતે



ખાનગી એકવાર તપાસ કરજો.'

**પ્રસ્તુત દેવવાણી સાથે સંબંધ :-**

આપણી વાત દેવની વાણી ઉપર ચાલતી હતી કે પોતાની જાતને ગુણમાં સ્થાપિત નહિ કરનારા જીવો પોતાના જ કૃત્યથી ઠગાય છે છતાં દોષ, દેવને આપે છે. આનો સંબંધ હવે આ ચિતારાની કન્યા જે રાણી બનેલી, તેના પ્રસંગમાં આવે છે.

રાજા ખાનગી તપાસ કરવા બપોરે એ નવી રાણીના મહેલમાં આવે છે. જુએ છે કે ઓરડી બંધ છે. એટલે પોતે બારણાની તરાડમાંથી જુએ છે કે એ શું કરે છે.

રાજાએ જે જોયું તે પર સ્તબ્ધ થઈ ગયો કે 'અહો આ પટ્ટરાણીપદે હોવા છતાં, અને એના પર મારા ચારે હાથ છતાં, આ કહી રહી છે ? શું જોયું રાજાએ ?

**રાણીની જાગૃતિ :-**

રાજાના જોવામાં એ આવ્યું કે આ રાણીએ બધાં રાજાશાહીના કપડાં બદલી નાખી ચિતારાની કન્યા-અવસ્થાના જૂનાં કપડાં પહેર્યાં છે, અને પોતાના જીવને શિખામણ દઈ રહી છે કે

**નવી રાણીની આત્મશિક્ષા :-**

'હે જીવ ! તું પુણ્યયોગે આજે ભલે પટ્ટરાણીપદ અને મહારાજાની પૂર્ણ મહેરબાની પામ્યો, પણ તું તારી પૂર્વ અવસ્થા ભૂલીશ નહિ, જેથી તને અભિમાન ન થાય, અને બીજી રાણીઓને હલકી ગણવાનું મન ન થાય. બધી તારી વડીલ બેનો છે. પતિ મહારાજા તારા ગુલામ નહિ, પણ સ્વામી છે, ભલે અવારનવાર તારી સલાહ લેતા હોય. બાપના ઘરે તારી શી કિંમત હતી ? માટે અહીં જરાય ગુમાન ન કરીશ, અને ક્યાંય પણ અનુચિત ન વર્તીશ.'

**ગુણમાં સ્થાપિતને અનર્થ નહિ :-**

રાજા તો આ સાંભળીને ઠરી ગયો. બીજી રાણીઓની ઈર્ષ્યા પારખી. બીજે દિવસે બધીને ખાનગી પકડી લાવી ગુપચુપ આ બતાવ્યું. એ પણ બધી સ્તબ્ધ થઈ ગઈ કે 'અહો અમે એની ઈર્ષ્યા કરીએ છીએ અને એ મહારાજાની પૂર્ણ પ્રીતિપાત્ર અને પટ્ટરાણી છતાં અમારા માટે આટલો બધો સ્નેહ અને આદરભાવ ધારણ કરી રહી છે !'

આત્માલોચન-આત્મશિક્ષા પર આ કથાનક છે. એ કહી જાય છે કે ચિતારાની કન્યા પટ્ટરાણી બનવા છતાં પોતાના આત્માને ગુણમાં સ્થાપી રાખ્યો છે, તો એને પસ્તાવાનો અવસર આવતો નથી. ત્યારે બીજી રાણીઓ પહેલાં તો એ સ્થિતિમાં નહોતી, ખોટી રીતે ઈર્ષ્યા કરતી હતી અને એમાં પાછી પડતી ત્યારે ભાગ્યને દોષ

દેતી હતી. પછી જ્યારે ચિતારાની પુત્રીના ગુણની ઓળખાણ પડી અને જોયું કે એ પોતાના ગુણના લીધે આગળ આવી છે અને રાજાનો આટલો બધો પ્રેમ સંપાદન કરી શકી છે, ત્યારે પોતે પણ ગુણ તરફ વળી, અને ચિત્તની સારી શાંતિ સ્વસ્થતા સાથે રાજાનો સદ્‌ભાવવૃદ્ધિ વગેરે ઐહિક લાભ પણ પામી.

**ચિતારાની પુત્રીના ગુણો :-**

મૂળ, ચિતારાની પુત્રીની ગુણસંપન્નતા કામ કરી ગઈ. વિચારજો એની ભારે કુશાગ્ર બુદ્ધિમત્તા-ચતુરાઈ છતાં ભારે ગંભીરતા અને સરળતા, રાજાની પટ્ટરાણીપણું છતાં ભારે નમ્રતા શોક્ય રાણીઓ ઈર્ષ્યાળુ છતાં એમના પ્રત્યે પણ દિલનો નિર્મળ પ્રેમ, કુમારી અવસ્થામાં પોતે ઘરે એકલી પડે છે એમાં સુશીલતા અણીશુદ્ધ સાચવવાની ભારે જવાબદારી છે એનો જાગતો ખ્યાલ, રાજા એની હોશિયારી વગેરેથી એના પર ખૂબ જ આકર્ષિત છે, છતાં રાજા પ્રત્યે પોતાના દિલમાં એક આજ્ઞાંકિત વિનમ્ર પત્નીપણાનો સેવક ભાવ...વગેરે વગેરે કેટલાય ગુણરત્નોથી એ અલંકૃત હતી. એનો જ ભારે પ્રભાવ પડ્યો.

**એકલી શ્રીમંતાઈ-ચતુરાઈ પર આવર્જન નહિ :-**

માનતા નહિ કે એકલી ચતુરાઈ પર એ પ્રભાવ પાડી શકી. એકલી ચતુરાઈનો ઉપયોગ રાખ્યો હોત અને બીજી ગંભીરતા-નમ્રતાને બદલે તુચ્છતા, ઘમંડ, ઈર્ષ્યા, પ્રપંચ વગેરે અપલક્ષણ રાખ્યા હતે તો બીજાના કશા સ્નેહ-સદ્‌ભાવને એ જીતી શકતે નહિ. આજ દુનિયામાં ચતુર કે શ્રીમંત માણસોના હાલ જુઓ છો ને કે કેવા એ પોતાના ઘમંડ-ક્ષુદ્રતા-પ્રપંચ વગેરેના લીધે અપજશ, લોકના દુર્ભાવ, વગેરે કેટલાય અનર્થ પામે છે ? કેમ એના પૈસા કે સત્તાધીશતા યા ચતુરાઈ બીજાના હૃદયનું આવર્જન કરતા નથી ? કહો, એના એકલામાં એ શક્તિ નથી. એ તો સાથે નમ્રતા, સહાનુભૂતિ, ઉદારતા, ગંભીરતા, સરળતા વગેરે ગુણો હોય તો આવર્જન થાય છે, જશ ગવાય છે ! ને મોટી વસ્તુ તો એ, કે સ્વજીવનમાં અસ્વસ્થતા-અશાંતિ-ક્લેશ વગેરે અનુભવવા પડતા નથી. આનો સાર એ, કે ગુણો પર મદાર રાખો, ગુણોને જ બરાબર જાળવવા-કેળવવાનું મુખ્ય લક્ષ રાખો, તો અનુચિત વર્તાવ અને એના અનર્થ જોવાનો અવસર નહિ આવે. તેવા નિકાચિત પાપકર્મના ઉદયે દુઃખ આવે તો ય ચિત્તને અસ્વસ્થતા નહિ.

**દોરવણી :-**

દેવતા આજ કહે છે કે "ગુણો પર મદાર ન રાખતાં અપકૃત્યમાં જે દોડે છે, તે પોતાના જ પાપે ઠગાય છે. પછી ત્યાં દૈવને દોષ દે એ વ્યર્થ છે, ખોટું છે. માટે ગુણ પર આધાર રાખો, ગુણનો આગ્રહ સેવો.



'જે આત્મા મધ્યસ્થભાવવાળો છે, સર્વ જીવો પ્રત્યે સમદર્શી છે, અને સર્વ લોકને વિશ્વાસપાત્ર છે, એને દૈવ-ભાગ્ય વિપરીત વર્તતું નથી, દૈવ પણ એને અનુકૂળ બની જાય છે. જુઓ છો ને આ રાજકુમારને કે એ એના અહિંસાગુણમાં, આવા કટોકટીના સમયે પણ સ્થિર રહી દુશ્મન પર પણ ઉપશમભાવવાળા છે, મિત્રવત્ સમભાવવાળા છે, કોઈને ય એમના તરફથી ભય નથી; પૂર્ણ વિશ્વાસ કે આ અમારું કાંઈ જ નહિ બગાડે, કશી જ પીડા નહિ આપે, એવા સમદર્શી સર્વને વિશ્વસનીય રાજકુમાર વળી ઉત્તમ શીલગુણમાં જ પોતાના આત્માને સ્થાપિત રાખનારા છે; તો જુઓ છો ને કે ભાગ્ય એમને કેવું અનુકૂળ વર્તી રહ્યું છે !

"માટે હે લોકો ! તમે સમજી જઈને તામસભાવ છોડી સર્વોત્તમ અને શીલગુણ સમૃદ્ધ આ કુમારમહર્ષિના ચરણકમળમાં નમસ્કાર કરો."

આટલું કહીને શાસનદેવતા અંતર્ધાન થઈ ગયા.

**લૂંટવા આવેલા નમી પડે છે :-**

દેવની વાણી પર, હવે પેલા લૂંટવા આવેલા ગુપ્ત પુરુષો અને પહેલા હલ્લો લઈ આવેલો સુભટોને જરાય અવિશ્વાસ કરવા જેવું રહ્યું નથી; કેમકે પ્રત્યક્ષ દેખ્યું છે કે કુમારે કોઈ શસ્ત્ર પ્રહાર કર્યો નહોતો, મારવાનો કોઈ પ્રયત્ન કર્યો નહોતો, એટલે અહિંસા ગુણ તો પ્રત્યક્ષ જોયો છે; તેમજ એને ભાગ્ય એવું અનુકૂળ થઈ ગયું કે સુભટો સ્તંભિત થઈ ગયા હતા તેમજ ગુપ્તચરો અંજાઈ ગયા હતા. દેવતાને પ્રત્યક્ષ જોયેલ એટલે હવે ગુણનો મહિમા કહેનારી દેવવાણીને શી રીતે ખોટી માની શકે ? વળી પોતાના હૈયામાં તામસભાવ હતો, લૂંટ ચલાવવાનો દુષ્ટ ભાવ હતો.

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૩,અંક-૨૬,તા.૩-૩-૧૯૬૫**

**દુશ્મનનો હૃદયપલટો :-**

બીજી બાજુ પોતે જે હલ્લો કરવાનો અને લૂંટ ચલાવવાનો પ્રયત્ન કર્યો એ અપકૃત્ય બદલ ભારે ખેદ અનુભવે છે. મનને થાય છે કે 'અરે ! મેં આ કોની સામે દુષ્ટ કૃત્ય આચર્યું ? આવા નરશિરોમણિ સામે ? કેટલી મારી અધમાધમતા !..."

**દુશ્મન રાજાનું આગમન :-**

હર્ષ અને ખેદથી ભરેલા હૃદયે તે ઊઠ્યો, અને સીધો આવ્યો કુમારમહર્ષિ પાસે. કેમ આવ્યો ? એટલા જ કારણે કે એના દિલમાં હવે જુદી જ જાતના શુભ વિકલ્પોના બહુ તરંગોની હારમાળા ઊભરાઈ આવી છે. એના પૂર્વના પાપી વિકલ્પોને એટલો જબરદસ્ત ફટકો લાગ્યો છે કે એને એમ લાગી ગયું છે કે 'ક્યાં આ

કુમારના ભવ્ય સાચા પરાક્રમ ? અને ક્યાં અમારી પરાક્રમના નામે કેવળ પિશાચી લીલા ? રાક્ષસી તાંડવ ? આ મેં શું કરી નાખ્યું ? કેવા સુંદર માનવ અવતારને વિટંબણાકારી કેવું ઘોર કૃત્ય મારું, આ પાપથી શે છૂટાય ? જીવનદીપક તો એક દિ' એકાએક બુઝાઈ જશે ! ત્યારે આ ઘોર-પિશાચી કૃત્યો મને શું પરખાવાના ? તો હું જાઉં કુમાર મહર્ષિ પાસે અને પૂછું ? એમનું હું શું સ્વાગત કરું ? શી શી ઉપાસના કરું !'

બહુ વિકલ્પના કલ્લોલોની હારમાળાથી ભરચક હૃદયે એ અહીં આવ્યો.

**નગરના રાજાનું પ્રગટ થવું :-**

વળી ખૂબી એ થઈ કે પેલો હિરણ્યકરટી નગરીનો મૂળ માલિક રાજા જે જીવ બચાવવા ભાગીને ગુપ્ત સુરંગમાં ભરાઈ બેઠો હતો. અને છૂપી રીતે ખબર મેળવતો હતો કે ઉપર નગરમાં શું બની રહ્યું છે તેને પણ આ બધો કુમારનો ઠેઠ દેવતા સેવામાં આવી જવા સુધીનો પ્રભાવ જાણવામાં આવતાં ભારે આશ્ચર્ય થયું કે 'અહો ! એક એકલો અટૂલો માનવી વિરાટ દુશ્મનસેનાની ભયંકર મારફાડ સામે કશું કર્યા વિના માત્ર પોતાના શીલ-ગુણના પ્રભાવે એને ઠારી શકે છે ? આવા લોકોત્તમ નરરત્નનો આશરો લેવાને બદલે હું નાદાન કાયરતાથી આ સુરંગમાં આવી ભરાણો ? હવે હું એ મહાપુરુષને શું મોઢું બતાવું ?' એનું હૈયું કંપવા લાગ્યું. બંને રાજાની સ્થિતિ જુઓ. ધર્માત્મા તરફ કેટલો ઝૂકી રહી સ્વાત્મનિંદા કરી રહ્યા છે !

અત્યંત વિશુદ્ધ શીલગુણસંપન્ન નરરત્ન કે નારીરત્નની બલીહારી છે. **'દેવાવિ તં નમંસંતિ'** દેવતા પણ એમને નમસ્કાર કરે છે, એમની ઉપાસના કરે છે. જ્યારે દેવોની આ સ્થિતિ હોય ત્યારે મનુષ્યોના આકર્ષણનું શું પૂછવું ? આ તો પાછી બાહ્ય પ્રભાવની વાત થઈ. પરંતુ એ શીલવાન આત્માઓના આંતરિક શુભ અધ્યવસાયોની કેવી સાગરભરતી ચઢે છે ! કર્મના ક્ષયોપશમ કેવા ભારે જોરમાં ઊછળે છે ! આત્માનું કેટલું બધું ઉચ્ચ-આભ્યન્તર ઉત્થાન થાય છે ! શીલગુણના આ જાગતા પ્રભાવને લક્ષમાં લઈ, આ આંતરિક ઉચ્ચ ઉત્થાનને ધ્યાનમાં લઈ શીલગુણનો ખપ કરવાનું ચૂકાય એ કેવી મહામૂર્ખાઈ ? આત્માના ઊર્ધ્વીકરણ માટેનો તો આ યોગ્ય મનુષ્ય ભવ મળ્યો છે. ત્યાં મહા અધઃપતન કરાવનાર ગધેડાના દુઃશીલને વળગવું, એ ઊંચા ભવની કેવી કારમી વિટંબણા ! એમાં ય વળી શીલગુણનું સારી રીતે પોષણ કરાવી શકે એવા તીર્થંકર ભગવાનના અનુપમ શાસનની પ્રાપ્તિ અને મહાશીલવંતા સતા-સતીઓનાં જીવનમાં જીવી બતાવેલા નિર્મળ પરાક્રમી ચરિત્રોનું આલંબન મળ્યા પછી આ દુર્દશા કે કુશીલની ગદ્ધા



રમતમાં ફસાવું ?

કુશીલ શું પરખાવી દે છે ? ક્ષણિક આનંદ ! પણ કેવો ગલીચ અને સામાની કેવી ગુલામી કરાવનારો ? શરીરની કેવી પાયમાલી ? શરીરનો રાજા વીર્ય તૂટી જવાથી કેવું મહાકલ્યાણકર સત્ત્વ અને સાત્ત્વિકભાવ ગુમાવવાનું થાય ? નિર્વીર્ય આત્મામાં તો તામસભાવ અને તામસી લાગણીઓ-વિચારો સ્ફુર્યા કરે. શું જિંદગી માટે સાત્ત્વિકભાવથી ભ્રષ્ટ રહેવાનું ?

**એક શીલ જવા પર ગુણોનો સમુદાય વિદાય લે છે ! વ્રતો કુશકી જેવા થાય છે ! ગુણ** અને વ્રતધર્મરૂપી વૃક્ષનું મૂળ શીલ છે, સાધુ અને શ્રાવકના આચાર એ શીલ વિના તો દોરી-પણછરહિત ધનુષ્ય જેવા છે. કર્મો સામે એ બાણ ન ફેંકી શકે.

માટે ક્ષણિક ગર્દભ-આનંદને કોરાણે મૂકી, એનું ભુખારવાપણું મિટાવી અત્યંત જરૂરી વિશુદ્ધ શીલગુણને એની નવ વાડના પાલન સાથે પકડી રાખવા જેવો છે.

**શીલ માટેની ભાવના અને માર્ગ :-**

મનને જરા અંકુશમાં લેવું, મજબૂત કરવું, એ વિચારીને કે શા માટે મારે સાવ જ માયકાંગલા ગળિયા થવાની જરૂર છે ? મનમાં જો હું વિકાર લાવું તો કુશીલની વાસના ઊઠે ને ? જે રૂપ કે સ્પર્શને લઈને વિચાર જાગે છે, એનામાં સારાપણું જોઉં તો જાગે ને ? ના, એ આકર્ષણ કરનારાં રૂપ અને સ્પર્શને તો હું ભયંકર દેખીશ ! નરકની ભઠ્ઠીની ભયંકર ઝાળરૂપ દેખીશ ! જો હરામીઓએ મારું અનંતકાળ નિકંદન કાઢી નાખ્યું છે, ને એ ક્ષણવાર મને રમાડી પછી કૂચા જેવો કરી નાખે છે, તો હવે એવા કૂચા થવાની મૂર્ખાઈ મારે કરવી નથી. હે દુષ્ટ રૂપ અને સ્પર્શ ! મારી આંખ અને સ્પર્શનેન્દ્રિય પર તમારી ખણજ ઊભી કરું તો તમે મને આકર્ષો ને ? ના, હવે મારી ઈન્દ્રિયોને એવી હિમ જેવી ઠંડગાર રાખીશ કે ઉકળાટ-ખણજ ઊઠે જ નહિ. ઈન્દ્રિયોના વિકારરોગ આજસુધી મેં બહુ સેવ્યા, હવે તો હું એનું વૈદું કરીશ; વૈદ્યરૂપે પરમ શીલવંતા અરિહંત પરમાત્માના વીતરાગ-ઉપશમરસભર્યા રૂપ અને એ કરુણાવંત નાથના ચરણસ્પર્શને વળગ્યો રહીશ. ઈન્દ્રિયોને એમાં શાંત, તૃપ્ત અને શીતળ બનાવી દઈશ. પરમાત્માનું માનસિક રૂપદર્શન અને મસ્તકે માનસિક ચરણસ્પર્શ ચોવીસે કલાક ચાલુ રહે એનો પ્રયત્ન શરૂ કરી દઈશ. ઈન્દ્રિયો ઠંડગાર બની ગયા પછી એને બાહ્ય ચામડાના રૂપ-સ્પર્શની ભૂખ જ નહિ, ખણજ જ નહિ રહે. શા સારુ એ રોગ નોંતરું ? શીલનું મહા આરોગ્ય જ ન ભોગવું ?'

આવી ભાવના-વિચારણા અને એનો અમલ વારંવાર કરી કરીને મનને શાન્ત, વિવેકસંપન્ન અને ગુણના વીર્યથી ભર્યું બનાવી દેવું જોઈએ. એ બન્યું,

પછી શીલપાલનમાં શી મોટી વાત હતી ? સહેલું, સરળ, મનગમતું.

**કુશીલમાં કેટલું ગુમાવવાનું :-**

ભૂલતા નહિ કે કુશીલ એટલું ખતરનાક છે કે દિવસ-રાત એના વિચાર અને ચામડાના રૂપ-સ્પર્શના વિચાર ઊભરાવે છે. ત્યાં પછી સારી ભાવના મરી પરવારી ! તત્ત્વનું ચિંતન રિસાઈ ગયું ! ધર્મક્રિયામાં મન લાગવાનું અલોપ ! શા સારુ એક આંખ કે ચામડીની ખણજ પાછળ આ ભયંકર નુકસાન વહોરવા ?

**યાદ રાખ્યા કરવું જોઈએ કે :-**

જે મનમાં કુશીલ વસ્યું, ત્યાં પરમાત્મા ન વસી શકે.

બસ, કુશીલથી બચવા આ કામ કરો,

(૧) ઇન્દ્રિયોને ઠંડગાર-શાંત અને અતિ ધરાયેલી કરી દો. હૈયાની તીવ્ર ઉત્કંઠાથી અને ઈષ્ટ તરીકેના વિચારથી આ બની શકશે. મન પછી ઘણું સ્વસ્થ બનશે.

(૨) પૂર્વે કરેલી ભાવના વારંવાર ભાવો. સમજી રાખો, વારંવારની શુભ ભાવના વિના તો ઉદ્ધાર જ નથી. આટલું જ પુનઃ પુનઃ ચિંતવ્યા કરો ને કે **'હરામખોર રૂપ-સ્પર્શ ! જાઓ સર્યું મારે તમારાથી.'** પછી જુઓ એનો કેવો પ્રભાવ પડે છે.

(૩) મનને કોઈ સારી વિચારધારામાં સતત જોડી રાખો, જેથી એને આ કુશીલ તરફ જવાની ફુરસદ કે અવકાશ જ ન મળે. વિચારધારા એટલે ગમે તે ગમે આડા ને અવળા વિચારો નહિ, પણ એક સારા ચોક્કસ વિષય પર સળંગ વિચારની ધારા, વચમાં બીજા હાલતુફાલતુ કોઈ વિચાર નહિ. તેથી મનની શક્તિ વધે છે. અભ્યાસની જ જરૂર છે. ટેવ પડ્યા પછી સરળ બની જશે.

**સારી વિચારધારાના અભાવે નિઃસત્વ મન :-**

ધ્યાન રાખજો જીવનમાં આ નથી એટલે જ મન આહટદોહટ અને કચરાપટ્ટી વિચાર્યા કરે છે, ને નિઃસત્વ બને છે, તથા ઝટ કામ-કષાયનો ભોગ બને છે. સારા સારા વિષયની સળંગ ધારાબદ્ધ વિચારણા કરવા માંડો તો એ મહારોગ ઓછો થશે. નહિતર એ મહારોગથી તો મહામૃત્યુઓ છે. બાકી સારા સારા વિષયો ઘણા છે. બાર ભાવના, મૈત્રી આદિ ચાર ભાવના, નવપદ, નવતત્ત્વ, આઠ કર્મ અને એના પ્રકૃતિ-સ્થિતિ-રસ-પ્રદેશબંધ-ઉદય, ચૌદ ગુણસ્થાનક, બાર વ્રત, સાધુને ચરણસિત્તરી કરણસિત્તરી, મહાપુરુષોનાં ચરિત્ર, અનેકાનેક તીર્થયાત્રા, આવશ્યક ક્રિયાનાં સૂત્રોનાં પદ, કેઈ સ્તવન સજ્ઝાય, વગેરે વગેરેમાંથી ગમે તે વિષય લઈ એના પર સળંગ વિચારધારા ચલાવી શકાય છે. મન એમાં પરોવાયેલું રહે પછી કુશીલની વિચારણા જ શાની સ્ફુરે ?



(૪) ઘણું કામ, ચોવીસ કલાકનો દહાડો ને અઠ્ઠાવીસ કલાકના કાર્યનો માથે ભાર, અને એમાં વ્યગ્રતા, એ પણ કુશીલના વિચારને અટકાવે છે; કેમકે એની ફુરસદ જ નથી.

**વિધવા દિકરીનું મન બગડ્યું :-**

શાસ્ત્રમાં શેઠની વિધવા દીકરીનો પ્રસંગ આવે છે. યુવાનીના પ્રારંભે જ વિધવા બની હોવાથી માબાપે એનાં મનને ઓછું ન આવે માટે એને બહુ ઉદારતાથી રાખવાનું કર્યું છે. ઘરમાં કામકાજ તો કાંઈ કરવું હોય તો કરે, નહિતર નહિ. માબાપનો કોઈ આગ્રહ નથી. પણ આનું પરિણામ એ આવ્યું કે નવરી પડી કેઈ જાતના વિચારો કરે છે, ઝરૂખે બેસી નીચેના માર્ગ પર દૃષ્ટિ નાખ્યા કરે છે. ત્યારે એ જોવામાં તો જુવાન જોડલાં દેખાય અને એના પર વિચારો કરવાને ફુરસદ હોય પછી મન બગડ્યા વિના કેમ રહે ? એનું મન બગડ્યું; બગડ્યું તે એવું બગડ્યું કે એક દિવસ દાસીને કહે છે કે 'કોઈ યુવાનને પકડી લાવ.'

દાસી ડાહી હતી એટલે એને તો એણે કહ્યું કે 'સારું, હું તપાસ કરીશ,' પણ પછી એણે એની માતાને આ વાત કરી. માતા ભડકી ! એણે પતિને વાત કરી. પતિ સમજી ગયો કે શું કારણ છે. તેથી પત્નીને આશ્વાસન આપ્યું કે 'તું ચિંતા ન કરીશ, હું એનું મન સુધારી દઈશ.'

**બાપ સુધારવાનો રસ્તો કાઢે છે.**

એક-બે દિવસ બાદ બાપે સાંજે બજારમાંથી આવી બહુ ચિંતાતુર હોવાનો દેખાવ કર્યો. છોકરીને બાપ પર બહુ પ્રેમ છે, તેથી પૂછે છે 'કેમ બાપુજી ! આટલા બધા આજે ઉદાસ ?'

બાપ કહે, 'બેન ! તને શું કહું ? કહીને વળી તને દુઃખમાં કાં પાડું ?'

છોકરીને વધુ ઇંતેજારી થઈ, કહે છે, 'અરે ! આ શું કહો છો ? મારે વળી શાનું દુઃખમાં પડવાનું ? ઊલટું આપ કારણ કહો અને એમાં મારાથી કંઈ બને એવું હોય ને તેથી આપની ચિંતા દૂર થતી હોય તો હું જરૂર એ કરીશ.'

બાપ કહે, 'વાત તો બીજી કાંઈ નથી, પણ આ દુકાન અને ઘરના નોકર, બંને ઉપર મારું ધ્યાન શી રીતે રહે ? ને ધ્યાન ન રાખીએ એટલે એ ચોરી કરે, કામ બગાડે, માલ બગાડે. એ સહેજ છે.'

છોકરી કહે છે, 'તો બાપુજી જો આપને ઠીક લાગતું હોય તો ઘરનું મને સોંપો, ઘરના નોકરોની દેખરેખ હું સંભાળીશ.'

'અરે બેન ! તારાથી એટલી મોટી જંજાળ શે બને ? ઠેઠ સવારના પાંચ વાગ્યાથી રાતના ૧૦-૧૧ વાગ્યા સુધી ખબર રાખવી પડે. એ તારા માટે કષ્ટ ભર્યું છે.'

છોકરી કહે છે, 'આપ જરાય ફિકર ન કરો, એમાં કોઈ કષ્ટ નથી. આપ મારું કેટલું બધું કરો છો ! તો હું આટલું ન બજાવું ? સારી રીતે હું સંભાળી લઈશ, માત્ર આપ નોકરોને ભલામણ કરી દો.'

બસ, બાપને એટલું જ જોઈતું હતું. તરત દાસ-દાસીઓને બોલાવીને તાકીદ આપી દીધી કે હવેથી બેન બધું સંભાળવાના છે, માટે દરેકે એમની પાસેથી જરૂરી ચીજવસ્તુ લેવાની, વપરાયાનો હિસાબ આપવાનો, કામકાજ એમની સૂચનાઓ મુજબ બજાવવાનું, એમાં જો ફેર પડ્યો છે અને ફરિયાદ આવી છે તો હું દંડ કરીશ.'

બેનને કોઠારો વગેરેની ચાવીઓનો ઝૂડો સોંપાયો. હવે શું પૂછવું ? બેન તો એક મોટા સત્તાધીશ શેઠાણી જેવા બન્યા. ચાવીઓનો ઝૂડો કેડે લટકાવી ઠમક ઠમક ચાલે છે ! પછી ભલેને ૪-૫ વાગ્યાથી દાસ-દાસીઓ બેનને ઉઠાડી એમની પાસેથી ચીજવસ્તુ ભરભલામણ લે છે. તે જંજાળ ઠેઠ રાતે ૧૦-૧૧ વાગ્યા સુધી ચાલે છે ! આખા દિવસની એમ થાકેલી રાતના ઘસઘસાટ ઊંઘી જાય છે. પાછું સવારે ૪-૫ વાગ્યાથી ચાલું ! આટલું છતાં મનને કોઈ કંટાળો નથી, કેમકે માન મળે છે ને ? સત્તા ચાલે છે ને ?

શું માણસ કામથી કંટાળે છે ? ના, એમાં એને ધાર્યો સ્વાર્થ નથી સધાતો, કદર નથી થતી, માન નથી મળતું, એટલે કંટાળે છે. બાકી જો એ બધું સચવાતું હોય તો મજૂર જેવો બની ભારે વૈતરું હોંશે હોંશે કરે છે ! પૂછો આ બાઈઓને કે પોતાના પિયરના સગાના ૫-૨૫ મહેમાન ઊતરી પડે તો સ્ફૂર્તિબંધ મોટી રસોઈ વગેરે કરી કાઢે છે ને ? સૂતાં રાતના અગિયાર વાગે તો ય ચિંતા નહિ, કંટાળો નહિ. કેમ ? એને રસ છે, સ્વાર્થ લાગે છે. પણ જો પતિના પાંચ સગાં કે સાધર્મિક ઊતરી પડ્યા હોય તો ? ભારે કંટાળો અનુભવશે ! કેમકે એમાં સ્વાર્થ દેખાતો નથી. સંસ્થાઓના સેક્રેટરી પણ ભારે મજૂરી હોંશથી કરે છે, કેમકે માન મળે છે. અહીં બાપ પણ દીકરીની અવારનવાર ચારની વચમાં કદર કરે છે, 'બેને બધું તંત્ર હાથમાં લીધું તો કેટલી સરસ વ્યવસ્થા ચાલે છે ! ને માલનો બગાડો ય થતો નથી.' આ કદરથી દીકરીના મનને હોંશ રહે છે.

બાકી આખા દિવસની આ ધાંધલમાં બીજો વિચાર કરવાને ફુરસદ નથી, તેમ રાત્રે તો પથારીમાં પડ્યા ભેગા ગાઢ નિદ્રા આવી જાય છે, એટલે બીજા વિચારને અવકાશ જ નથી, પછી કુશીલનો વિચાર ક્યાંથી ઊઠે ?

હવે પેલી દાસી એકવાર બેનને પૂછે છે, 'કેમ બેન ! લઈ આવું જુવાનિયો ?'

ત્યારે આ એને ધુત્કારી કાઢે છે, 'જા રે જા મૂરખી ! શી આવી વાત કરે ?'

'ના, આ તો તમે તે દિવસે કહેતા હતા ને, એટલે મેં પૂછ્યું.'



'અરે ઘેલી ! ગયા એ દહાડા એ તો નવરા પડ્યાના ધંધા હતા. હવે તો કામકાજમાં બીજો વિચાર જ નથી આવતો, પછી શી એની વાત ?'

દાસીએ એની માતાને અને માતાએ પતિને વાત કરી. બંનેના મનને શાંતિ થઈ ગઈ.

વાત આ છે કે કામોમાં ભારે વ્યગ્રતા એ પણ કુશીલના વિચારને અટકાવવાનો ઉપાય છે.

(૫) બાકી તો ઉપાયમાં, બને તેટલો વિગઈઓ-રસકસ વગેરેનો ત્યાગ કરતા રહેવાનું; કેમ કે એ વિકારને પોષે છે, વાસના જગાડે છે.

(૬) આ એક ખાસ ધ્યાન રાખવાનું કે અનાયતનત્યાગ બરાબર પળાય. અર્થાત્ કામોત્તેજક વાંચન, ચિત્રદર્શન અને કથાશ્રવણ યા વાતચીતોમાં કે કુસંગમાં જરાય નહિ પડવાનું. બને ત્યાં સુધી વિજાતીય સાથેના સીધા વ્યવહારમાં ય નહિ આવવું.

સુશીલ બન્યા રહેવું છે ? તો આ ઉપાયો જરૂર સેવો. બાકી તો જેમણે ઊછળતી તોફાની વયમાં કુશીલાચરણ કે અતિવિષયાસક્તિ કરી હોય છે તે જિંદગીના પાછલા ભાગમાં ભારે પસ્તાય છે. આંખના તેજ, ઇન્દ્રિયોની તાકાત, સ્મરણ-શક્તિ, શરીર-શક્તિ વગેરે કેટલું ય કુશીલ કે અતિ વિષયાંધતાથી નષ્ટ થાય છે. કસ વિનાના બનેલા શરીરમાં રોગો ય જલ્દી થાય છે.

**હિટલરે શું કર્યું ? :-**

આજની નવી પ્રજાએ આ બહુ સમજવા જેવું છે; નહિતર એ પ્રજા મુડદાલ પાકશે. હિટલર સત્તા પર આવ્યો. જોયું કે જર્મન પ્રજા મુડદાલ કેમ બની રહી છે ? મોટું કારણ એ નિહાળ્યું કે યુવાન સ્ત્રીઓ પુરુષોની સાથે નોકરીમાં રહે છે, એને જોઈ જોઈ પુરુષો મુડદાલ બને છે, ને સત્ત્વહીન બની એવી જ પ્રજાને જન્મ આપે છે. તરત એણે બધી સ્ત્રીઓને નોકરીમાંથી ઉતારી ઘેર બેસાડી દીધી. એમને એણે કહ્યું 'જાઓ તમારું કામ સાત્ત્વિક પ્રજાને જન્મ આપવાનું અને કેળવવાનું છે. તમારા પર દેશનો મોટો આધાર છે. માટે તમારે પુરુષો સાથે ભળવાનું નહિ.'

**ભારતની આયાત :-**

વિલાયત-અમેરિકામાં પહેલાં કોલેજિયન વગેરેમાં વેશ્યાગામિતા ચાલવાની ફરિયાદ હતી, આજે કન્યાગામિતાની જોરદાર ફરિયાદ ચાલે છે. ભારતને પણ જાણે એની આયાત કરવી છે તે આજે સહશિક્ષણ, બિભત્સ ચિત્રપટને મંજૂરી, કામોત્તેજક રેડિયો ગીત, સંતતિનિયમનનાં સાધન, અને આજે વળી ગર્ભપાતને ગુનો નહિ ગણવાની વિચારણા ચાલી રહી છે ! આ મામલો ક્યાં જઈને અટકશે ?

**ઉદર શૂળ કે કામશૂળ :-**

એક ભાઈ વાત કરે કે 'અમુક સુખી ઘરની વિધવા યુવાન પુત્રવધુને કેટલાય વખતથી પેટમાં બહુ દુખ્યા કરે છે તે હવે એના ગર્ભાશય કાઢી નખાવવાનું ઓપરેશન કરવાનું છે.' અલ્યા ભાઈ ! આ ખરેખર ઉદરશૂળ છે ? કે કામશૂળથી વ્યભિચારનો માર્ગ ખુલ્લો કરવાનો કીમિયો છે ? શા સારું ભોળા થાઓ ? સંતતિ નિયમનનાં સાધન વેચનાર વેપારીને પૂછો કે એ ખરીદનાર વધારે કોણ છે ? આજનાં સહશિક્ષણે દાટ વાળ્યો છે.

**કુશીલનો આજે પ્લેગ ફાટી નીકળ્યો છે.** એનાં કારણ સ્પષ્ટ છે. પણ બુઝુર્ગોને ય એ ધ્યાનમાં નથી આવતું, અને ઊલટું એ કારણોનું સમર્થન એ કરે છે ત્યારે આપણને પારાવાર દુઃખ થાય છે. મન એમ પણ માનવા જાય કે શું એ બુઝુર્ગોને જ વાસના પીડતી હશે તે આવું ચલાવ્યે રાખે છે ? જાહેર કોન્સર્ટોમાં મોટી ઉંમરની છોકરીઓને નચાવવી, એથી જોનારાની સુંવાળી લાગણીઓ ઉત્તેજિત થાય, ગલગલિયાં થાય, અને પછી શાળાના ફંડમાં ભરણું ભરી દે, કે શાળાની વાહવાહ પોકારે, આ તાયફો આર્યો કરે કે અનાર્યો ? શાસ્ત્રો એને તો શું પણ પુરુષના દેખતાં સ્ત્રીનો વેશ-સજાવટ, અરે ! બે હાથ ઊંચા કરી સિફતપૂર્વક માથે કપડું લેવું. એને પણ કામક્રીડાનો એક પ્રકાર કહે છે. ત્યારે આજની ફેશન એમાં કાંઈ વાંધો નથી જોતી ! કેટલી દુર્દશા ?

**ઘરમાં રોજ સુશીલતાના પાઠ :-**

બધું બગડી રહ્યું છે, આભ ફાટ્યું છે એને થીગડું નહિ દેવાય. પણ પોતાની જાતમાં અને પોતાના આશ્રિત કે આજ્ઞાધીનમાં કુશીલના માર્ગો રોકવા અને કુશીલનિવારણના ઉપાયો ખાસ સેવવાની જરૂર છે. ઉંમરમાં આવતા છોકરા-છોકરીઓને રોજ સાંજ પડે બેસાડી સુશીલતાના પાકા પાઠ ભણાવવા જેવા છે. સારી ધાર્મિક કથા વગેરે સંભળાવવા દ્વારા એ હિતશિક્ષા દેવાનું થઈ શકે. શીલ હશે તો બધું છે. શીલ ગયે સર્વનષ્ટમ્.

**શીલની મર્યાદાઓ :-**

શીલ સાચવવું હોય તો મર્યાદાનું કડક પાલન કરવું જોઈએ. ગૃહસ્થના મિત્ર-સ્નેહી-સંબંધીના ઘેર જાય પણ જો જુએ કે એ ઘેર નથી, ઘરમાં તો એકલી બાઈ છે, તો ત્યાં ઊભો ન રહે, આ મર્યાદા. યુવાન ભોજાઈ કે કાકી-મામી યુવાન દિયરિયા-ભત્રીજા-ભાણજા સાથે હાહા-હીહી ને એવાં ટાયલાં ન કરે, આ મર્યાદા. પિયરથી સાસરે કે સાસરેથી પિયર યુવાન બાઈ એકલી ન જાય, આ મર્યાદા. નહિતર પત્તો નહિ ક્યારે નીકળી, ક્યારે પહોંચી, ને વચમાં ક્યાં રોકાઈ ? બાઈઓ-



ભાઈઓ ભેગા મળી ધર્મક્રિયા ન કરે, આ મર્યાદા. નહિતર નવપદ ઓળી કે સ્નાત્રમહોત્સવ યા કોઈ તપનાં અનુષ્ટાન વગેરેમાં ક્યારેક ભવાડા શાના સાંભળવા મળે ? સાધુ મહારાજને વહોરાવતાં જરાય ટાયલાપટ્ટી હાસ્ય, ચાપલૂસી વગેરે ન કરાય, એ મર્યાદા. સુશીલ બાઈઓ સાધુમહારાજને ગંભીર મોઢું રાખી વિનંતિ પૂરી કરે છે. 'સાહેબ ! સારી રીતે લાભ આપો. અમારે વાંધો નથી આવવાનો, અમને લાભ આપી અમારો ઉદ્ધાર કરો' પણ જરાય ટાયલું નહિ. આંખનું નખરું નહિ, હસીને બોલવાનું નહિ. શબ્દથી દિલનો ભાવ અને આગ્રહ દેખાડી દીધો પછી બીજી શી જરૂર છે ? હૈયામાં વિકાર સ્ફુરે છે એનાં બધાં ટાયલાં છે. ભાન નથી કે આમ જ્યાં ને ત્યાં, તે યાવત્ સાધુમહારાજ સુધી આ તારી ગણિકાગીરી અજમાવીશ તો પોતાની પાશવી વાસનાઓ કેવી મહેકાયમાન થશે ? વંઠેલ વિકારોને મિટાવવાનું ક્યાં થશે ?

**સ્ત્રીનાં ઉદ્ભટ ઠઠારા-ટાયલા-નખરા એ**

(૧) ભવાંતરે દારુણ વિપાકો ભોગવવાની એ તૈયારી છે.

(૨) અહીં પણ ઉમદા શુભ ભાવ હાથવેંતમાં છતાં ગુમાવવાની ધીટતા છે.

(૩) સામાને પણ, જો એ સાવધાન ન હોય તો, પાપની લાણી આપવાનો ખેલ છે;

(૪) એને ય દુર્ગતિમાં રેંસાઈ જતો કરવાની ક્રૂરતા છે.

**ભવભ્રમણથી થાકેલાને અતિ જરૂરી :-**

કુશીલના ભયંકર પરિણામનો અને ઉત્તમ ભાવો તથા ગુણોની ઘાતકતાનો વિચાર રાખી કુશીલ અને કુશીલના માર્ગથી દોઢસો ગાઉ દૂર રહેવું જોઈએ. ઉત્તમ પ્રકારના શુભ ભાવ-ભાવના અને ગુણો એ તો જુગ જુના મલિન હૃદયને પ્રક્ષાલવાના સુંદર ઉપાય છે. એ અહીં સુલભ છે, અને ભવભ્રમણથી થાકેલા જીવમાત્રને એની આવશ્યક્તા છે. એ મહાન પ્રક્રિયાને એક કુટિલ-ગંદા-કુશીલના નાદ પાછળ ગુમાવવા જેવી બીજી મૂર્ખાઈ કઈ હોય ?

**નગરીનો રાજા પ્રગટ થાય છે :-**

કુશીલને ટાળી સુશીલ બન્યા રહેનારની બલિહારી છે. રાજકુમારે એનો જીવનભર ખપ કર્યો છે. એનો પ્રભાવ દેખી પેલો હિરણ્યકરટી નગરીનો રાજા શરમનો માર્યો કંપી ઊઠે છે કે મોઢું શું બતાવવું ? પણ પાછું કૌતુક છે કે જોઉં તો ખરો કે 'ઉપર શું ચાલી રહ્યું છે ? સમાચાર સાંભળવા અને નજરે જોવામાં ઘણો ફેર. આ રાંકડી શરમમાં આવો અતિ દુર્લભ પ્રસંગ જોવાનો ગુમાવીશ તો ગયો વખત એ ફરી નહિ મળે.' એમ હિંમત કરીને એ ઉપર આવ્યો.

**અદ્ભુત દર્શન :-**

બંને રાજા કુમારમહર્ષિ પાસે આવે છે. ત્યાં શું અદ્ભુત દેખે છે ? કલ્પનામાં ન આવે એવું મનોરમ દશ્ય ! કે જે જોતાં પત્થર-શા હૈયાં પણ પીગળી જાય. અને કાયરને ય પાણી ચઢી જાય.

કહો જો શી અદ્ભુતતા હશે એ ?

શાસનદેવતા તો સાધુવેશ આપી, ગુણગાન કરી અને પુષ્પવૃષ્ટિ કરીને ગયેલ છે. હવે તો ત્યાં સૌધર્મ દેવલોકના ઈન્દ્ર આવ્યા છે, અને સુગૃહીતનામધેય, મહાસત્ત્વશીલ મહાયશસ્વી મહાનુભાવ મહર્ષિના માથે છત્ર ધરીને ઊભા છે. મહર્ષિ પોતે પ્રાપ્ત અપ્રતિપાતી અવધિજ્ઞાનથી જે અસંખ્ય ભવોની દુર્દશા જોઈ રહ્યા છે, એનું ત્યાં વ્યાખ્યાન કરી રહ્યા છે.

**મહર્ષિની દેશનાઃ દુઃખનો કરુણ ઈતિહાસ :-**

અસંખ્ય ભવોમાં કેવા કેવા સુખદુઃખ અનુભવ્યા, એમાં ય વિશેષ તો દુઃખની જ રામાયણ ! તે નરક-નિગોદ-તિર્યંચગતિના ભયંકર ત્રાસ-વિટંબણા-રિબામણનું અવધિજ્ઞાનથી જે નજરે દેખ્યું હૂબહૂ વર્ણન કરે છે ત્યારે સભા સહિત આ બંને રાજા થરથરી ઊઠે છે ! કલેજું કંપી ઊઠે છે કે અરે ! આ ભયંકર દુઃખ જીવને આ સંસારમાં જોવાં પડે છે ! નથીને આપણે આ ઉત્તમ ભવમાંથી ભ્રષ્ટ થઈ એવા સ્થાને પટકાયા તો કઈ દશા ? શે સહન થાય ? ત્યાં પછી દેવતાઈ સુખનાં વર્ણન તો કશી જ લલચામણ કરી શકતા નથી. જેની પાછળ દીર્ઘાતિદીર્ઘ કાળનો દુઃખમય કરુણ ઈતિહાસ હોય એમાં શું સુખપણું લાગે ?

**સંસાર વિષમય-વિષમ-વિચિત્ર :-**

વળી મહર્ષિએ, આ સુખદુઃખની ઘટમાળમાં કેવી રીતે સમ્યગ્દર્શન પામ્યા, કેવા શમ-સંવેગ-નિર્વેદ-અનુકંપા અને આસ્તિક્યરૂપી સમ્યકત્વનાં લક્ષણની સ્પર્શના કરી, એનું પણ રોચક વર્ણન કર્યું. એ વર્ણન કરતાં, નિર્વેદ થવાના કારણભૂત સંસારના વિચિત્ર-વિષમ-વિષમય સ્વરૂપને દર્શાવ્યું. તટસ્થ રીતે એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના જીવોના આ સંસારમાં દુર્દશાભર્યા હાલહવાલ જોતાં સંસાર કેવો લાગે ? વિષમય કે અમૃતકુંડ ? વિલક્ષણ પુણ્ય-પાપના મિશ્રિત ઉદય જોતાં શું લાગે, વિચિત્ર કે એક સરખો ? જીવ મોટા દેવપણામાંથી એકાએક વિષ્ટા ચૂંથતા ભૂંડનો અવતાર પામતા જણાય, સુખના ક્ષણિક ઝબૂકા બાદ દુઃખની ભારે ખીણમાં પટકાતો દેખાય, ત્યારે સંસાર કેવો લાગે, વિષમ કે સમસ્થિતિવાળો ? ઝેર ચઢ્યાના ત્રાસની જેમ જીવોની ત્રાસભરી અવદશા નજર સામે ક્યાં જોવા નથી મળતી ?

**વિચિત્ર શુભાશુભ મિશ્ર કર્મના** ઉદય તે કેવા, કે દા.ત. પુષ્પને રૂપ-રસ-



ગંધ-સ્પર્શ કેટલા સુંદર મળ્યા છે ! જ્યારે, એકેન્દ્રિયપણાના સ્થાવર નામકર્મ, ગાઢ જ્ઞાનાવરણાદિ, મહાન અશાતા વેદનીય વગેરે અશુભ કર્મવિપાક પણ કેવા દારુણ છે ! માણસ જેવા માણસને પણ એક વાતની સરખાઈ તો બીજી વાતની વિષમતા ! રૂપ સારું, તો અવાજ ભેંસાસૂર ! પૈસા બહુ, તો છોકરો નહિ ! છોકરા બહુ, તો ખાવાના ફાંફાં ! આજનો કરોડપતિ કાલે ભિખારી ! આજનો લઠબાજ કાલે કેન્સરમાં !

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૩,અંક-૨૭,તા.૧૦-૪-૧૯૬૫**

**માણસનાં ગુમાન કયાં ટકી શકે ?** કવિ કહે છે ને, **'દશ શિર રાવણ રડવડ્યાં, ચાંચ દીએ શિર કાગ રે'** ઘોર ઉધમાત મચાવનાર રાવણનું માથું યુદ્ધભૂમિ પર જ્યારે લક્ષ્મણે ફેંકેલા ચક્રથી ખટાક્ છેદાઈ ગયું હશે ત્યારે એ દ્રશ્ય કેટલું કરુણ હશે ? કુદરત જ જાણે ક્રૂરપણે હસી ન રહી હોય ! રાવણની આખી સેના અને મદોન્મત્તી સેનાપતિ-સુભટોનાં કાળજાં કેવાં કંપી ઊઠ્યા હશે ! આ વિચિત્રતા સર્જનાર સંસારની કેવી દુઃખમયતા !

**કર્મ- કર્મહેતુ- કર્મવિપાક :-**

મહર્ષિ સંસારના વિચિત્ર-વિષમ-વિષમય સ્વરૂપને બતાવવા સાથે એની પાછળ કામ કરી રહેલ જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મ અને એના ભેદ-પ્રભેદનું વર્ણન કરે છે. કેવી કેવી રીતે એનો બંધ પડે છે, કેટકેટલી દીર્ઘ કાળસ્થિતિ હોય છે, કેવા મંદ-તીક્ષ્ણ રસ, બંધાય છે, એ બધું થવામાં નિમિત્તભૂત મિથ્યાત્વ-અવિરતિ-કષાય-યોગના વિવિધ પ્રકાર કેવા કેવા સ્વરૂપનાં હોય છે ! જીવોના પ્રમાદ, વિષયલંપટતા, સ્વાર્થસાધુતા, રાગ-દ્વેષના આવેશ, અજ્ઞાન-મૂઢ દશા, આપમતિ-અહંત્વ વગેરે કરી ભયંકર કર્મ ઉપાર્જવાની મહામૂર્ખાઈ, કર્મના દારુણ વિપાક, દુર્ગતિઓમાં દુઃખની ભઠ્ઠીઓમાં શેકાવાનું, વગેરે વગેરે એવું વર્ણવ્યું કે સાંભળતાં કમકમી થાય !

**સાચા સુખનો માર્ગ :-**

ત્યારે શું જીવને સનાતન શાશ્વત કાળ આ પાપમય અને દુઃખમય સ્થિતિ જ રહે છે ? ના, મહર્ષિએ એ બતાવ્યું કે સમ્યગ્દર્શન સહિત સમ્યક્ચારિત્ર, અહિંસાદિ મહાવ્રતો, ક્ષમાદિસ્વરૂપ દશવિધ યતિધર્મ વગેરે એ જીવનો દુઃખના ગર્તામાંથી અને પાપના કૂવામાંથી ઉદ્ધાર કરવા કેવો સમર્થ છે ! જે કારણોએ સંસાર છે એનાથી વિપરીત કારણ સેવતાં સંસારનો અંત, દુઃખનો અંત ને પાપનો અંત કેમ ન આવે ? એ બનતાં પહેલા પણ એ અહિંસાદિધર્મ સંસારમાં ઉચ્ચ

પુણ્યના આશીર્વાદ કેવા ઊતારે છે, એવા મહાન પુણ્યોદયમાં પણ કરાતા ભવ્ય ત્યાગ, સ્વીકારાતું અણગારપણું અને કરાતું અમૃતમય જિનાગમનું સેવન, તથા બાહ્ય આભ્યંતર તપ એ, જીવ ધારે તો કેટલું સરળ છે ! કેવું અહીં પણ સુખદ છે ! કેવું બીજા જીવોને પણ અભયદાયી અને કલ્યાણકાર બને છે ! ઈત્યાદિનું પણ અતિ મનોરમ વર્ણન કર્યું.

અવધિજ્ઞાની કુમારમહર્ષિની આ દિવ્ય વાણી વરસી જવા પર કેવાં હૃદય-પરિવર્તન અને આત્મપરાક્રમ જાગ્યાં તેનો ખ્યાલ આપતાં જગદ્ગુરુ મહાવીર પરમાત્મા કહે છે,-

'હે ગૌતમ ! ઈન્દ્રથી પૂજાતા મહર્ષિનો દેખાવ અને ચારે નિકાયના દેવો સહિત મનુષ્યોની સભાનો દેખાવ જોતાં, અને મહર્ષિની અમૃતવાણીનું શ્રવણ કરતાં, તે હિરણ્યકરટી નગરીનો રાજા અને પરરાજ્યનો રાજા બંનેય આ અદૃષ્ટપૂર્વ પ્રસંગ પર પ્રતિબોધ પામી ગયા !'

**રાજાઓની વિરાગભરી વિચારણા :-**

રાજાઓએ શું વિચાર્યું હશે ? આવું જ કાંઈક કે,

(૧) અહો ! મોટી રાજ્યસંપત્તિ પણ મહર્ષિએ વર્ણવેલા સંસાર, કર્મ ભવભ્રમણ વગેરે જોતાં કેવી અત્યંત અસાર, તુચ્છ અને તત્કાલ ત્યાજ્ય છે !'

(૨) વળી જીવન કેટલું ઊંચું છે, એટલી જ એને આજસુધીની જીવવાની રમત અમારી કેવી અધમાધમ ! કઈ વિશિષ્ટ બુદ્ધિએ કઈ બાલિશ ચેષ્ટા ?'

**(૩) આત્માનું કેવું વિસ્મરણ :-**

જગતની બધી ખબર ખરી, માત્ર અમારા પોતાના આત્માની જ ખબર નહિ ? જીવ ગાંડો તે સ્વાત્માનું બાળી પરની દિવાળી ઉજવે !

(૪) 'વળી પાણીના રેલાની જેમ સરકી રહેલા કિંમતી માનવકાળપ્રવાહની ચિંતા નહિ ? અને તે સરકવા દેવાનું પણ માત્ર નિષ્ફળ નહિ કિન્તુ ભયંકર નુકસાનકારક સ્થિતિ ઊભી કરવા સાથે ? હાથવેંતમાં રહેલી ઉત્તમોત્તમ કલ્યાણ-સાધનાઓ તરફ મૂઢતાભરી સરાસર બેપરવાઈ ?'

**(૫) આત્મા પરના ભાર કયાં ઓછા છે ? :-**

'વળી જીવનનો શો ભરોસો છે ? અને થોડું પણ જીવવાનું હોય તો ય જીવના માથે ખડકાયેલી એ બધી વિષયલંપટતા કષાયાવેશ, રાગાદિમૂઢતા, અનંત વાસનાઓ વગેરેના ઊતારવાના ભાર કયાં ઓછા છે, તે હવે વિલંબ કરવાનો હોય ? એક ક્ષણનો પણ હવે વિલંબ કરવા જેવો નથી.'

**(૬) બાહ્ય પદાર્થો વિશ્વાસઘાતી :-**



અહો ! અમે બાહ્ય લશ્કર અને શસ્ત્રસરંજામ પર ઝઝુમનારા પણ પાછા પડ્યા ત્યારે આ ભાગ્યશાળી નરરત્ન એકલા પંડે પોતાના શીલના પ્રભાવે વિજયવંતા બન્યા ! તો જીવનમાં કોના પર આધાર રાખવા જેવો ? શા સારુ બહારમાં ફાંફા મારીએ છીએ જો એ અમને દગો દે છે ?

**(૭) વિવેકીપણું કયાં ? :-**

**'શું આ વિશિષ્ટ બુદ્ધિશક્તિવાળું જીવન નબુદ્ધિ પશુજીવનની જેમ જ બાહ્ય પદાર્થ પર વિશ્વાસઘાતી આધાર રાખી ચલાવવાનું ?'** વિવેકીપણા અને અવિવેકીપણામાં ફરજ જ આ હોય કે કોનો આધાર રાખેલો વિશ્વનીય ઠરશે અને કોનો વિશ્વાસઘાતી ? પછી વિશ્વાસઘાતી આધાર મૂકી દે અને વિશ્વાસપાત્ર આધારને પકડે. તો અમારે હવે આ જરાય વિશ્વાસપાત્ર નહિ એવા બાહ્ય જડસરંજામના આધાર પર રહેવા જેવું નથી.

**(૮) બાહ્ય સામગ્રીથી શાંતિ ને ઓથ નહિ :-**

'વળી એ તો સ્પષ્ટ જ છે કે બાહ્ય સામગ્રી કદાચ અહીં જીવનના છેડા સુધી કદાચ પોતાની લીલા દેખાડે પણ શાંતિ નથી દેખાડતી; તેમજ પરલોકમાં સાથે તો નથી જ ચાલતી ! જ્યારે એથી ઊલટું, આવા શીલગુણ શુભ અધ્યવસાય વગેરે અહીં પણ અદ્ભુત શાંતિ દેખાડે છે અને પરલોકમાં સાથે ચાલે છે. તે પણ જીવને મહાઉન્નત કરતા કરતા ! તો પછી એને છોડી બહારમાં શા માલ દેખવા હતા ?'

**(૯) મહાપુણ્યવંતાનું આલંબન :-**

'વળી આ મહાનુભાવ જ્યારે આટલી શક્તિ આટલો પ્રભાવ ધરાવે છે કે મોટા દેવો અને ઈન્દ્ર પણ એમની સેવામાં આવે છે, છતાં એમને આ જગતના વૈભવવિલાસ ખપતા નથી, સત્તા ઠકરાઈ જોઈતી નથી ! નહિતર સુભટો જ્યારે સ્તંભિત થઈ ગયા, ત્યારે પોતાનો વિજયધ્વજ લહેરાવી આ બધાને કબજે કરી મહાન રાજ્યસંપત્તિના અધિપત્તિ બનવાનું શું કઠિન હતું ? પણ એમને એ જો ન ખપ્યું તો અમે કંગાળ હારેલા શક્તિહીન શું જોઈને વિવેકીને ફગાવી દેવા જેવી અસાર તુચ્છ જડસંપત્તિને વળગી બેઠા છીએ ?'

**(૧૦) પૂર્વભવોનો કરુણ ઈતિહાસ :-**

ત્યારે, આ કુમારમહર્ષિએ જે પૂર્વભવોનો કરુણ ઈતિહાસ કહ્યો, એ પણ એ જ સૂચવે છે કે આ જીવ આ સંસારમાં કાયા અને જડ માયાની આંધળી આસક્તિમાં જ ભટકે છે, કર્મને પરાધીન નિરાધાર-અશરણ-દીન-દુખિયારાપણે ભ્રમણ પર ભ્રમણ કરી રહ્યો છે ! ભલે કદાચ અજ્ઞાનવશ પૂર્વે એમ બન્યું, પણ હવે અહીં સમજવા મળ્યા પછી એ ગોઝારી કાયા-માયાની આસક્તિમાં શા સારુ તણાવું ? જેના સરવાળે

મીંડું, એમાં તરબોળ-તલ્લીન થવું એ શ્લેષ્મમાં ઝંપલાવવાનું સાહસ કરતી માખીના જેવી મહામૂર્ખાઈ છે ?'

...બસ, આવા આવા વિચારે એ રાજાઓનું મન રાજ્યસંપત્તિ અને આખા સંસાર પરથી ઊઠી ગયું, ઊભગી ગયું. વૈરાગ્ય જ્વલંત ઝળહળી ઊઠ્યો !

**(૧૧) કાળ કર્મનો અણભરોસો :-**

'કોણ જાણે ઘડી પછી કાળ કેવો આવે, એમાં કર્મ કોથળામાંથી બિલાડીની જેમ કેવા બહાર ઉદયમાં આવે ! ત્યાં પછી મનના મનોરથ મનમાં જ રહી જાય.' માટે **'હાથે તે સાથે; કર્યું એ કામ; શુભે શીઘ્રમ યતનીયમ્ જાગ્યા ત્યારથી સવાર.'** એમ કરીને આ બંને રાજા તરત જ ત્યાગી બની ગયા ! દીક્ષા લઈ અવધિજ્ઞાની મહર્ષિ પાસે અણગાર બન્યા.

વિશ્વવત્સલ શ્રી મહાવીર પ્રભુ ફરમાવે છે કે,-

'હે ગૌતમ ! એ વખતે આકાશમાં સુંદર ગંભીર ધ્વનિએ દુંદુભિ વગાડી ભવનપતિ-વ્યંતર-જ્યોતિષ્ક-વૈજ્ઞાનિક વૈમાનિક એ ચારે નિકાયના દેવતાઓએ ત્યાં આ પ્રમાણે ઉદ્ઘોષણા કરી કે,-' **દેવવાણી :-**

**कम्मट्ठगंठिमुसुमूरण ! जय परमेट्ठी महायस ।**
**जय जय जयाहिचारित्त-दंसण-णाण-समण्णिय ! ॥१॥**
**सच्चिय जणणी जगे एक्का वंदणीया खणे खणे ।**
**जीसे मंदरगिरि गरुओ उयरे वुच्छो तुमं महामुणी ॥२॥**

-અર્થાત્ 'અષ્ટવિધ કર્મની ગાંઠ તોડી નાખનાર હે મહાયશસ્વી પરમેષ્ઠી ! તમે જયવંતા વર્તો. હે ચારિત્ર-દર્શન-જ્ઞાનથી સંપન્ન ! તમે જય પામો, જયવંતા વર્તો, ચિરંજીવો.'

ખરેખર ! જગતમાં તે જ એક માતા ક્ષણે ક્ષણે વંદનીય છે કે જેના ઉદરમાં હે મહામુનિ ! મેરુ પર્વત જેવા મહાન તમે વસી આવ્યા છો.'

આટલું કહીને દેવો અદૃશ્ય થઈ ગયા.

કેવા ચમત્કારિક ધન્ય પ્રસંગ ઉજવાઈ ગયા ! રાજકુમારના શીલ પ્રભાવે શત્રુના સુભટોનું થંભી જવું, કુમારને અવધિજ્ઞાન, દેવાગમન, મુનિવેશ સમર્પણ, ઈન્દ્રનું આગમન, કુમારમહર્ષિની દેશના, બંને રાજાઓને તત્કાલ વૈરાગ્ય અને સંસારત્યાગપૂર્વક ચારિત્ર દીક્ષા !

દેવતાઓની ઘોષણા શું કહી રહી છે ? પહેલાં તો કર્મગ્રન્થિને તોડી નાખનાર અને જ્ઞાન-દર્શન-ચારિત્રને ધરનારનો જયકાર પોકારે છે. એ સૂચવે છે કે ખરેખર



કોઈના ય વિજયના અભિનંદન કરવા જેવા હોય તો તે કર્મક્ષય કરનારના અને જ્ઞાનાદિ રત્નત્રયીના સ્વામીના. વાત એ છે કે બીજી ત્રીજી દુન્યવી વસ્તુ-પરાક્રમવાળાના અભિનંદન સ્ફુરે છે તેનું કારણ પોતાને એનો રસ છે, એનું આકર્ષણ છે, એનું મહત્ત્વ સમજાય છે. પછી કર્મક્ષય અને રત્નયત્રીનાં તેવાં અભિનંદન ક્યાંથી ઊઠે ? કદાચ ક્યારેક એના અભિનંદન માટે સભામાં કે એમજ કોઈની આગળ બોલવાનું આવ્યું હોય તો વાણી પ્રવાહ જ નહિ છૂટે. ક્યાંથી છૂટે ? પહેલું પોતાના હૃદયમાં એ ખૂબ ખૂબ વારંવાર ઊભરાવ્યું હોય તો ને ? માટે આ કરવા જેવું છે કે રત્નત્રયી વગેરેની માનસિક પ્રશંસા વિવિધ શબ્દોથી, જુદી જુદી દૃષ્ટિથી, અનેકવિધ રીતે કરતા રહીએ.

દેવોએ બીજી વાત આ મહર્ષિની માતાને ક્ષણે ક્ષણે વંદના કરવાની કરી, જેના ઉદરમાં મેરુગિરિ જેવા મહાન મહર્ષિ વસ્યા હતા તે માતાને ધન્ય છે, તે એક-જ વારંવાર વંદનીય છે. વાત પણ સાચી છે કે પુત્રની માતા તો કૂતરી-ગધેડી પણ હોય છે, ચોરડાકુની ય હોય છે. પણ તેથી શું ? અનાદિના ચાલતા આ વિશ્વક્રમમાં માતા-પિતા-પુત્ર, માતા-પિતા-પુત્ર, માતા-પિતા-પુત્ર થવાનું તે સહજ છે. પણ થઈને શું ? પુત્રની જિંદગી તો ઠેઠ ગર્ભમાંથી માતાના હાથમાં માંડીને છે. એને જેવો ઘડવો હોય તેવો ઘડી શકાય છે. પરંતુ ઘડતર જેવો એ પુત્રનો જીવ પૂર્વ જીવનોમાં ઘડાયો અને વર્ત્યો હતો તેવું જ હોય તો આ માતાએ પુત્રને વિશેષ શું આપ્યું ? પૂર્વ જીવનોના તેવા ઘડતર-વર્તનના હિસાબે તો બિચારાને અહીં ફેર જન્મ, જન્મ્યા બરાબર ખાઉં-ખાઉં, સારાં-રમકડાં, માનપાન વગેરેની સંજ્ઞાઓ સહજ જેવી વળગી છે, હવે અહીં માતા ફેર એવું જ ઘડતર કરે એ શું આપી રહી છે, પુનરપિજનનં ને ભવના ફેરા જ કે બીજુ કાંઈ ? આહારાદિ સંજ્ઞાઓની જ ગુલામી કે કાંઈ બીજું ? મહર્ષિની માતા ક્ષણે ક્ષણે વંદનીય છે એમ દેવતાઓ એ માતા પર ઓવારી જાય છે ! શ્રાવિકા માતાએ આ ધ્યાન રાખવા જેવું છે કે પુત્રનું ઘડતર તો એવું કરું કે એ શેતાન નહિ સંત પાકે, અધમાત્મા નહિ, મહાત્મા બને, દોષોનું પૂતળું નહિ, ગુણોનું પૂતળું ગુણોનો ભંડાર થાય.

ચારિત્ર ન લેવાના વિવિધ બહાના ત્યજી રાજાઓએ પણ તુરત દીક્ષા લીધી, બંને રાજાને આવું કશું બહાનું નડ્યું નહિ કે 'સંયોગ અનુકૂળ નથી,' 'હવે મોટી ઉંમરે શું થાય ?' 'શક્તિ નથી' 'મન નબળું છે,' 'ગ્રહો અનુકૂળ નથી' 'વીર્યોલ્લાસ જાગતો નથી,' ભાવના નથી થતી,'... વગેરે; કારણ કે મનમાં વૈરાગ્ય સતેજ ઝળકી ઊઠ્યો હતો. એ વૈરાગ્યે આ બધાનાં સમાધાન કરી લીધાં. પૂછો શા સમાધાન કર્યા હશે ?

**બહાનાનાં સમાધાન :- સંયોગના બહાના સામે :-**

**'સંયોગ અનુકૂળ નથી'** એ બહાના સામે એ વિચારવું કે સંસાર વસ્તુ જ એવી છે કે એમાં વિચિત્ર વિષમ સંયોગો રહેવાના જ. પછી એના સામે જ જોયા કરવું હોય તો સાધના કયારે કરવાની ? ખરી રીતે તો સંયોગ કરતાં આપણું મન જ સાધનાને અનુકૂળ નથી, તેથી સંયોગોને પ્રતિકૂળ માની લે છે, જો સંસાર છોડવો જ છે, તો દુનિયાનો કયો સંયોગ એનું સમર્થન નથી કરતો ?

જો સંપત્તિ-ઠકરાઈ હોય તો ય તે કહે છે કે 'અમે તો અનુકૂળતા દેખાડીને સંસારમાં ફસાવી રાખનારા છીએ, માટે સાધના કરવી હોય તો અમારા સામે ન જો. અમારામાં ન લોભાઈશ. ધરખમ પાપનાં નિમિત્ત અમે છીએ. શું ખાટીશ અમારામાં ફસીને ?'

આમ એ સંયોગ સાધના માટે અનુકૂળ ભાવ આપે છે. ત્યારે

જો ગરીબી-કષ્ટ-તકલીફ હોય તો ય તે એમ કહે છે કે 'સંસાર આવો દુઃખમય છે, માટે ત્યાજ્ય છે' એટલે એ પણ સંસારત્યાગને અનુકૂળ સંયોગ કહેવાય. ફાંફા નકામા છે.

સંયોગનું બહાનું ધરવું હોત તો મોટા ચક્રવર્તીઓ સંસારથી છુટ્યા જ ન હોત ! છ ખંડ સાચવવાની ને ૩૨ હજાર દેશના રાજા પર શાસન ચલાવવાની તાકાત ચક્રવર્તી સિવાય બીજા કોનામાં ? ૧ લાખ ૯૨ હજાર સ્ત્રીઓને કોણ સંભાળે ? બહાનું કાઢવું હોય તો કહી શકે 'શી રીતે છોડું ? આ રાજાઓ બળવો જ કરે ને પ્રજા બિચારી રખડી પડે ! છોકરા કેટલાય નાના ! છ ખંડની પ્રજાને કોણ સાચવે ?...' તાત્પર્ય, સૌને ભાગ્ય હોય છે કે નહિ ? સંયોગનું બહાનું નકામું છે, દિલમાં જ્વલંતવૈરાગ્યના વાંધા એટલે બહાનું ઓઠું ધરાય છે.

**ઉંમરના બહાના સામે :-**

**'ઉંમર મોટી'**નું બહાનું પણ માલ વિનાનું. વૈરાગ્ય જોરદાર હોય તો એ શીખવે છે કે 'ભલે ઉંમર મોટી, પણ ચારિત્ર ન લેવાય તો જે ભવભ્રમણના ભય માથે રહેશે તે પાલવશે ?' અહીં તો ઉંમર પર ગલ્લાંતલ્લાં કરે છે, પણ પરલોકમાં ગમે ત્યાં મૂકાયો, ત્યાંની વિટંબણામાં શું કરીશ ?

વળી આ ઉંમરે ય સંસારના વૈતરાં કયાં ઓછા કરે છે ? તો આજના ચારિત્રમાં શું બહુ તૂટી મરવાનું છે ? ક્યાં એવા ઉપસર્ગ-પરીસહ છે ? કહે છે, 'મનની મોટાઈ નડે છે હું અહીં મોટા વડીલ તરીકે પૂજાતો, ત્યાં સાધુઓમાં મારું શું સ્થાન ? ગુરુમહારાજની આજ્ઞા કેવી ઉઠાવવી પડે ?-' આ માનની લાગણી નડે છે. ઉંમરનું બહાનું તો એક ઓઠું છું. માન છોડી મોટા મોટા રાજાઓ પણ મોટી



ઉંમરે દીક્ષિત બન્યા છે ! ઘોર તપસ્યા અને ઉગ્ર વિહાર પણ કર્યા છે ! સંસાર રહેવા જેવો નથી તે નાની કે મોટી બધી ઉંમર માટે. મોટી ઉંમરે પાકીસ્તાની થાય તો શું કરે ? નસીબ વાકું થયું ને નોકરી કરવાનો અવસર આવ્યો તો શું કરે ? કઠિનાઈ કેટલીય ઉપાડાય ને ? ત્યારે **'માનની લાગણી.** જ્યારે ભવાંતરે કર્મને પનારે પડીશ ત્યારે ક્યાં ઊભી રાખી શકીશ ?' ઊલટું અહીં સાધુપણામાં તો પહેલાં જેને શેઠ સાહેબ કહેવા પડતા હતા એવા મોટા શેઠિયા ય હવે તને 'મહારાજ સાહેબ' કરશે ! અને સંયમી સાધુઓ થોડા જ તરછોડ તરછોડ કરે છે ? મહાનુભાવ ! ભાગ્યશાળી ! એવા સંબોધનથી વાત કરે છે, ત્યાં માન શું ઘવાઈ જવાનું હતું ?

'મનની નબળાઈ' નું બહાનું પણ વૈરાગ્ય દૂબળો એટલે આગળ ધરાય છે. માનો કોઈ નગરમાં ધાડ પડવાની છે, લડાઈ વખતે મુંબઈ પર ધીખતી ધરાનો ભય હતો ને ? એવા અવસરે કે કોઈ સજ્જડ પાકી આગાહી હોય કે નગરનો આગથી સર્વનાશ થવાનો છે, તો શું નગર છોડી જવામાં મનની નબળાઈ નડે કે સુકાઈ જાય ? તો સંસાર-ઘરવાસ એવો આગ જેવો કે જુલ્મગાર લાગ્યો નથી માટે જ મનની નબળાઈને ? કહો તો ખરા કે મનની નબળાઈ એટલે શું ? આવું જ કાંક ને કે

**'સાધુપણામાં કેમ ફાવે ?'**

**અરે ભલા માણસ ! ફાવવા માટે ત્યાં જવાનું છે ? કે સંસાર ભયંકર દાવાનળ છે એથી છૂટવા માટે ?**

**ઘરવાસમાં** રોજનો ષટ્કાય જીવોનો કૂટો છે. જીવમારનો ધંધો છો, ચૂલો સળગાવ એટલે શું ? જીવોને માર, પાણિયારું કર એટલે ? એ જ, ધંધો ધાપો સ્નાન ધોવણ-શાકભાજી સુધાર, વગેરે વગેરે એટલે શું ?' 'જીવ માર' કે બીજું કાંઈ ? ખરી રીતે આ અસંખ્ય જીવો પર હજી બંધુભાવ નથી આવ્યો. સાચી જીવદયા નથી સ્ફુરી, અરે ! જિને કહેલા જીવો દેખાતા નથી ! એથી જ એ તરફ લક્ષ ન લઈ જતાં, મનની નબળાઈ વગેરે ઓઠાં આગળ ધરાય છે.

**દયાથી વૈરાગ્ય જો ઝળહળી ઊઠે તો એ શીખવે કે 'ઊઠ ઊભો થા, જીવદયા માટેના આ એક જ ભવમાં એને કેમ ભૂલે ?'**

મનને થાય કે 'બધું સહન કરીશ પણ આ મારા જેવા જ સુખના પ્રેમી અને દુઃખ માત્રના દ્વેષી નિર-અપરાધી સ્થાવર જીવોનો રોજીંદો કચ્ચરઘાણ નહિ કાઢું ? ઘર છોડીને સાધુપણું લઈશ.'

**મનની નબળાઈનું બીજું કારણ :-**

મનની નબળાઈનું એક કારણ જેમ જીવો પર તેવી દયા નહિ, અગર

સ્થાવર અસંખ્ય જીવો જ છે. એવાં જિનવચન પર ટંકશાળી શ્રદ્ધા નહિ; તેમ બીજું કારણ સંસારમાં સેવવા પડતા અઢાર પાપસ્થાનકના ભવાંતરે નીપજનારા દારુણ વિપાકનો ભય નહિ ! એનાથી ઢગલાબંધ અશુભ કર્મ બંધાયા, તેનો ઉદય કેમ ભોગવાશે ? મન ત્યાં બચાવ આપશે ? કર્મ જ શું, પણ એથી વધુ ભયંકર તો અહીં સેવેલા પાપ સ્થાનકોની કુવાસનાઓના ગુણાકાર થઈને લાંબી પરંપરા ચાલી તો પરલોકમાં એના પર જીવન કેવા ? કરણી કેવી ? એની અફસોસી નહિ, યા અહીંની વીતરાગનાં સેવક થઈને પાપસ્થાનકની રમતની શરમ નહિ. એટલે જ મનની નબળાઈનું બહાનું ને ? વૈરાગ્ય થયો હોય તો આ મોટી શરમ લાગે કે 'અરે ! હિંસાદિ પાપો, ક્રોધાદિ કષાયો અને રાગાદિ વિકારોમાં શું મહાલવું ?'

**'શક્તિ નથી, વીર્યોવલ્લાસ નથી, ભાવના નથી,' એ બધાં બહાનાં પણ એવા જ રેઢિયાળ છે.**

માનવ જીવનની મહાન શક્તિઓ મળી છતાં શક્તિ ન હોવાનું બહાનું ધરવું એ અત્યંત શક્તિહીન ભવને આમંત્રણ છે.

પાપમય સંસાર પર મન ઊકળી ઊઠવું જોઈએ કે તોડી નાખું આ પાપોને ? કાળા માથાનો માનવી છું શું ન કરી શકું ?

છ વિગઈના ત્યાગ ન કરી શકું પણ એ ત્યાગથી થતી મનની વિશુદ્ધિને, ભોગવાતી વિગઈઓને ધૂળ જેમ માની અને વિગઈઓના સેવન પર ગુરુસેવા અને ક્ષમાદિ ધર્મ વિકસાવીને, કરી શકું છું.

સર્વ પાપોથી વિરતિ, એકાગ્ર મનથી સ્વાધ્યાયલીનતા, ગુરુસેવા, ક્ષમાદિ, મનોવિશુદ્ધિ ઇત્યાદિ વસ્તુ ઘરવાસમાં બેઠે શું કરી શકવાના ? મહાન ચિત્ત વિશુદ્ધિ, શુભ અધ્યવસાયોની રેલમછેલ, અખંડ ગુરુસેવા, દિવસ રાત શ્રુતોપાસના, ક્ષમાદિધર્મ, વગેરે વગેરેની ઉત્તમોત્તમ કમાઈ સાધુજીવનમાં જ થાય. એની જો કડકડતી ભૂખ લાગી હોય તો મનની નબળાઈ, અશક્તિ વગેરે બહાનાં કયાંય સુકાઈ જાય.

**'શરીર ચાલતું નથી, નબળું છે,'** એ બહાનું પણ મંદ વૈરાગ્યના ઘરનું. વૈરાગ્ય સતેજ હોય તો તો એમ વિચાર આવે કે 'હું તે આ ઘોર સંસારમાં અનંત અનંત પુદ્‌ગલ પરાવર્ત જેવા જંગી કાળથી ભટકી રહેલો, અને હજી પણ નહિ ચેતું તો ભાવી દીર્ઘાતિદીર્ઘ કાળ ભટકી મરનારો, મારા આત્માની મુખ્ય ચિંતા કરું કે એક ભવની કુટિલ કાયાની ? પાપમાં ચોંટ્યો રહી શરીરને સાચવ્યા કરીશ તેથી એ શરીર શું અમર થઈ જશે ? મને કાંઈ પરખાવશે ? અને આગામી ભવે શરીર નબળું મળ્યું તો શું, પણ પરાધીનતાના ત્રાસ કેમ વેઠાશે ? ચારિત્રમાં શરીરને શા ઘા પડી જાય છે તે આત્માનું સુધારી લેવા મળેલી આ માનવ કાયાને બાહ્ય પુદ્‌ગલ



સમાલવામાં જ રોકી રહ્યો છું ? મૂરખના ગામ જુદા ન વસે, મૂર્ખા ગામમાં જ રહે, એમ હું મૂર્ખ જિનશાસન જેવું ઉત્તમોત્તમ સાધન મળ્યા પછી ય અને મહા જ્વલંત પૂર્વ પુરુષોનાં જીવન-આલંબન પામ્યા છતાં ય મૂર્ખ બન્યો રહ્યો છું. આ દિવ્ય સાધન અને આલંબનની કદર નથી ! કિંમત-આંકણી નથી ! નહિતર બજારમાં લાખો કમાવવાની તક વખતે જો શરીર નબળું નડતું નથી, તો અહીં કેમ નડે ? ક્રૂર કર્મ કરનાર મ્લેચ્છ-અનાર્ય-કસાઈ-માછીમાર વગેરે, અગર વાઘ-વરુ-ગિરોલી-બિલાડી વગેરેના અવતારમાં મૂકાયો હોત તો સબળા કે નબળા શરીરે પણ શા ધંધા શા કરત ? અહીં ઉત્તમ સાધના કરવા માટે મળેલા અને એવા ક્રૂર કર્મથી સહેજે સહેજે બચી ગયેલા શરીરે એ સાધના સૂઝતી નથી ? ને જાતની સુંવાળાશ-સુખશીલતા સૂઝે છે ? કેવો અભાગિયો ? આ શરીર તો અરિહંત ભગવાનની દયાની બક્ષીસ છે, માટે એ નાથની સેવામાં જ એ મૂકાવી જોઈએ, નહિતર હું કૃતઘ્ન નિમકહરામી બનું !'

**જ્યોતિષનું જાલિમ બહાનું :-**

કેટલાક વળી જ્યોતિષનું બહાનું આગળ કરી કહે છે 'શું કરું દીક્ષાનું મન તો છે, પણ જન્મ-કુંડલી પરથી જોષી કહે છે કે દીક્ષા લેશો તો આઘા જઈને પાછા પડશો ! અહીં પણ વૈરાગ્યની ખામીએ મન કહેતું નથી કે 'અલ્યા પણ ઘરવાસમાં કયો આગળ વધી રહ્યો છુ ? પાછો તો પડી જ રહ્યો છું. જેમ જેમ સમજ્યા પછી અહીં કાળ જાય છે તેમ તેમ ષટ્‌કાય હિંસા, પરિગ્રહ, વિષયો અને રાગાદિ દોષોમાં ધિટ્ઠો બનતો જાઉં છું.'

**હિંસા અને દોષોમાં ધિટ્ઠાઈ :-**

હવે જ્યોતિષના બહાને એ હિંસા ને એ દોષો મને રોવરાવતાં નથી. આ વધતી ધિટ્ઠાઈ એ પાછા પડવાનું નહિ તો બીજું શું છે ? એની વાતો આવે ત્યાં ભરપૂર રસ લેવા જોઈએ એ પણ પાછા પડવાનું નહિ તો બીજું શું છે ? આનો શું કોઈ અફસોસ નથી, કે જોષને આગળ કરી રહ્યો છે ? આમ ને આમ ધિટ્ઠું જીવન ચલાવ્યે રાખવામાં જે કુસંસ્કારો અને રાગાદિ વિકારો આત્મા પર જડબેસલાક મજબૂત થશે, વજ્ર બંધે બંધાશે, એથી જે ભાવિ દુઃખભવ જ નહિ પણ પાપ ભવ ખડા થશે, આ શું તને પાલવશે ? કેમ એનો ડર નહિ ? શું જ્યોતિષ બચાવ આપશે ? ભાન નથી કે, જૈનશાસનની અવિચ્છિન્ન ચાલી આવતી પવિત્ર પુરુષાર્થ પ્રણાલિકાને ગૌણ બનાવતાં પોતાની મોહમૂઢતા ન દેખાય ? પણ ખરી વાત, વૈરાગ્યના વાંધા છે, અનંતા જીવોની દયા અને સંસારની હળાહળ નિર્ગુણતા હૈયે વસી નથી એટલે આ ફાંફા મારવાનું કરાય છે.

પાછું પોતાની જાતને બુદ્ધિમાન, અક્કલવાન અને સમજીને કામ કરનાર માને છે ! આ બુદ્ધિ-અક્કલ-સમજણ એટલે કિંમતી પુરુષાર્થકાળના ધનને વેડફી નાખવાનું ? એમાં બુદ્ધિમત્તા છે કે ગમારપણું ? અક્કલ છે કે બેવકૂફી ? સમજણ કહેવાય કે મૂઢતા ?

**ગ્રહો સામે વિચારણા :-**

મનનો પાવર તો એ જોઈએ કે 'ગ્રહો મને આંતરિક શુભભાવના પુરુષાર્થમાં શું આડે આવતા હતા ? તોડી નાખું એના પાવરને. ગણધર ભગવાનના આગમ એટલા બધા પાવરફુલ છે કે એની ચોવીસે કલાકની રટણાથી હૃદયમાં શુભભાવની પ્રબળ છોળો ઊછળે છે ! ત્યાં ગ્રહોની કરેલ ગડમથલ બિચારી રાંકડી ભાસે છે ! અને આજના જોષીઓ ય કયા સર્વજ્ઞ કે સર્વજ્ઞના દીકરા હતા, તે અનંતજ્ઞાનીના વચનને ઠોકરે મારું ?' અનંતા આત્માઓ ભવસાગર તરી જવાની ભગીરથ સાધનાઓ કરી ગયા, તે કુંડલી જોતાં બેસી રહેવા પર નહિ, કિન્તુ પ્રખર પુરુષાર્થના બળ ઉપર. હું પણ એમનો જ વારસદાર છું, એમના પગલે ચાલીશ કંગાળ જોષીના વચન પર નહિ.'

**પ્ર.- પણ કદાચ જોષીનું વચન સાચું પડે તો ?**

ઉ.- અરે ! સંસાર ચાલુ રાખવામાં કોઈ જોષીનું વચન આડે નથી આવતું, ને અહીં પોતાને અનંતકાળે મળેલી આત્મ-કલ્યાણની સાધનાની મહાદુર્લભ તક વખતે આડે આવે છે ? શું સંસાર ચાલુ રાખવામાં જોવા ગયા ખરા કે 'કુંડલી શું કહે છે ? ખાઈશ તો પચશે કે નહિ ? ધંધો કરીશ તો માર તો નહિ ખાવો પડે ? નોકરીમાં અપજશ તો નહિ મળે ને ? બાયડી પરણીશ એ ખરાબ તો નહિ નીકળે ? લગ્ન પછી વિટંબણા નહિ આવે ને ? ન પરણું તો ય બીજે કયાંય ક્યારેક ફસાવાનું તો નહિ બને ?' આ કશું જોવાનું નહિ માત્ર આત્મહિતની વાત આવે ત્યાં કુંડલી જોવાની ને ગ્રહો જોવાનો કે એ શું કહે છે. અજ્ઞાન મૂઢ જીવની આ કેવી વિટંબણા છે ! આમ જ આત્મહિતના પુરુષાર્થની મળેલી અણમોલ તક બિચારો હારી જાય છે. ખબર નથી કે અસંખ્ય જન્મનાં પાપ અને અનંત જન્મની વાસનાઓનો નાશ કરવા માટે આત્મહિત પ્રવૃત્તિના દીર્ઘ કાળના અભ્યાસ અતિ આવશ્યક છે; તે કુંડલી ને ગ્રહો જોતો બેસી સમય ગુમાવવામાં શી રીતે સિદ્ધ કરાશે ?

પેલા રાજાઓને જ્યોતિષ-ગ્રહ-કુંડલીનું પણ બહાનું નડ્યું નહિ; 'ક્ષીણ લાખેણી જાય' એ સૂત્ર પકડી સીધા કુમારમહર્ષિના ચરણે ચારિત્ર લઈ બેસી ગયા.

**'अकालो नास्ति धर्मस्य'** શાસ્ત્ર કહે છે, જ્યારે જમરાજને આક્રમણ કરવાનો કોઈ અ-કાળ નથી, પછી ધર્મ સાધી લેવા માટે શાનો અ-કાળ હોય !



જાગ્યા ત્યારથી સવાર માની કામે લાગી જવું જોઈએ. ધર્મ સમજાયો, ધર્મનું મૂલ્ય સમજાયું, પછી વિના વિલંબે ધર્મસાધનામાં સર્વ શક્તિઓ ખર્ચી પુરુષાર્થ લગાવી દેવો જોઈએ.

**વીર્યોલ્લાસનો ઉપાય :-**

**'ત્યાં વીર્યોલ્લાસ નથી જાગતો, ભાવના નથી થતી'** એ બહાનાં નકામાં છે, આત્માની ધિઢ્ઢાઈનાં છે. વિચારવું તો એ જોઈએ કે 'પાપસ્થાનકોનો ખરેખરો તિરસ્કાર તથા ભય અને શ્રેષ્ઠ આત્મહિત સાધી લેવાની કકડીને ભૂખ-ગરજ જાગી છે ? જો એ નથી, તો પહેલાં એ જગાડ. સમજ કે પાપસ્થાનકોનો અભ્યાસ ભાવી ભયંકર પાપી ભવો સરજશે ! પછી ત્યાં શે બચીશ ? ત્યાં તો પાપ સમજાવનાર પણ નહિ મળે, અને જાતે સમજવાને અવકાશ જ નહિ હોય. તેમ અહીં રુડા જિનશાસનનો યોગ છતે આત્મહિતનો બેપરવા રહે છે, અને 'ભાવના નથી, વીર્યોલ્લાસ નથી' એવું બહાનું કાઢે છે, પણ કુટિલ સંસાર ચલાવવામાં ભારે પરવા-ચિંતા-કાળજી રાખે છે, તે ત્યાં બધી ભાવના થાય છે, અને ભારે વીર્ય ખરચી રહ્યો છે, તેની તને શરમ નથી આવતી ? ધર્મની ભાવના નથી ? તારે કેવી ભાવના જોઈએ છે ? શું ધર્મ કરવો જરૂરી નથી લાગતો ? લાગે છે તો પછી એની ભાવના કેમ ન થાય ? ખાવું જરૂરી લાગ્યા પછી શું ખાવાની ભાવના નથી થતી ? ઘર દુકાન જરૂરી લાગ્યા પછી શું એ ખરીદવા કે ભાડે લેવાની ભાવના ન હોય ?

**પ્ર.-** ખાવાની રુચિ ન જાગતી હોય તો ખાવાની ભાવના ન થાય ને ? એમ નાણાં ન પહોંચતા હોય તો ઘર-દુકાન ખરીદવા ભાડે લેવાની ભાવના ન થાય ને ?

ઉ.- અરે ! ખાવાની રુચિ ન થતી હોય તો રુચિ જગાડવા દવા, હવા-ખાવા જવાનું, વગેરે કેટકેટલા પ્રયત્ન થાય છે ? એવા પ્રયત્ન ધર્મરુચિ જગાડવા કર્યા ? નાણાં ન પહોંચે તો શું ઘર વિના ચલાવો છો ? ધંધા વિના બેસી રહો છો ? કે ઓઠકોઠ કરીને કાંઈ ને કાંઈ ઊભું કરો છો ? તો ધર્મ માટે એવો કોઈ પ્રયત્ન કેમ નહિ ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૩,અંક-૨૮,તા.૩-૩-૧૯૬૫**

'જીવનમાં ધર્મ વિના ન ચાલે, એ જરૂરી;' એવું પહેલું હૈયે ગાજતું કરો. એની તીવ્ર રુચિ-ભૂખ લગાડો. એ માટે ખૂબ સત્સંગ-ધર્મશ્રવણ વાંચન વગેરે કર્યા કરો.

ખાવાની રુચિ-ભાવના ન હોય તો ય મનને વિચાર થાય છે કે 'આ ખાઈશ નહિ, તો શરીર કેમ ચાલશે ? માટે લાવ રુચિ નથી તો ય ખાઉં; ખાતાં ખાતાં

રુચિ ખૂલશે.' એમ કરીને ખવાય છે. તો શું અહીં મનને થતું નથી કે

'આ ધર્મ નહિ કરું તો પુણ્ય વિહોણા આત્માનું શું થશે ? કેમ ચાલશે ? માટે લાવ, ભાવના નથી દેખાતી તો ય ધર્મ સેવું, ચારિત્ર લઉં, પછી ક્રિયાભ્યાસ, મહાત્માઓનો સંસર્ગ, અને શાસ્ત્રનાં અધ્યયનથી રુચિ ખૂલી જશે.' કેમ આવું નથી થતું ? ખરું તો એ સમજો કે સંસારના મોહક કૂડા સંયોગોમાં જ બેઠા રહ્યા છો એટલે સાધુ મહાત્માઓના સહવાસ અને જિનાગમના અમીપાનના શા ચમત્કાર છે એનું ભાન નથી. તેથી માની રહ્યા છો કે 'ભાવના નથી થતી.' તો શું સંસારમાં બેસી રહ્યા છો તે સંસારની ભાવના થાય છે માટે ? જો 'ના, એ તો ભાવના વિના ગાડું ગબડે છે,' તો તો પછી અહીં ચારિત્રમાં પણ એમ ગાડું ગબડાવજો ને.

**વિના હોંશે સંસારનાં કામ કેમ પતે છે ? :-**

'વીર્યોલ્લાસ નથી થતો' એવું બહાનું કાઢતાં શું મન એનો અર્થ સમજે છે ? દિલમાં હોંશ ન હોય કે આળસ હોય તો શું વીર્યોલ્લાસ જાગે ? ન જાગે તો કામ થાય ? છતાં જુઓ, તમારા સંસારમાં આજ સુધી તો તમે હોંશ નહિ છતાં કે આળસ છતાં કેટલાંય કામ પતાવ્યાં છે કે નહિ ? હજી ય પતાવો છો ને ? ક્યાંથી વીર્યોલ્લાસ આવ્યો ? જરૂરી અનિવાર્ય માનવામાંથી. બસ ધર્મને, ચારિત્રને એવું જરૂરી અનિવાર્ય માનો, આ કામ તો મારે પતાવવું જ છે એવો નિર્ધાર કરો પછી જુઓ કેવા ઊભા થવાય છે !

બંને રાજાઓ કંઈ પણ બહાનું ન કાઢતાં સીધા કુમાર મહર્ષિ પાસે દીક્ષા લઈ લે છે. એટલે બીજા તો કેટલાય નીકળે ને ? જોતજોતામાં કુમાર મહર્ષિ અનેક શિષ્યોના પરિવારવાળા એક મહાન ધર્મગુરુ બની ગયા !

**રાજાઓની દીક્ષા બાદ દેવભક્તિ :-**

મહાવીર ભગવાન ફરમાવે છે, 'હે ગૌતમ ! દેવોએ ત્યાં સુગંધીદાર પુષ્પોની વૃષ્ટિ કરી ! એમનાં હૈયે ભક્તિનાં પૂર ઊછળ્યાં ! મસ્તકે હાથની અંજલિ જોડી એમણે મહર્ષિને પ્રણામ કર્યો ! ત્યારે દેવીઓ બાકી રહે ? દેવાંગનાઓએ ત્યાં અત્યંત હર્ષનાં નૃત્ય કર્યાં. દેવ દેવીઓએ મહર્ષિની સ્તવના કરી, નમસ્કાર કર્યા ! અને લાંબો કાળ ઉપાસના કરી પછી સૌ સૌના સ્થાને ચાલ્યા ગયા.'

દેવતાઓની કેવી ભક્તિ ! સ્વર્ગમાં સુખની શી કમીના હતી તે આ બધું કરવા આવે ? એમાં મોટા ઈન્દ્ર જેવાને વળી કેટકેટલી સુખ સાહ્યબી ! કેટલી સન્માન-ઠકરાઈ ! કેવાં રત્ને ઝગમગતાં વિમાન ! કેવાં વસ્ત્ર-અલંકાર ! મનોરમ નંદનવન ! રત્ને ઝગમગતી જળવાવડીઓ ! કેવી લાવણ્ય-લચપચતી ઈન્દ્રાણીઓ -દેવાંગનાઓ ! કેવાં એનાં નૃત્ય-ગીત-હાવભાવ ! કેવો વિનીત આજ્ઞાંકિત વિશાળ



દેવ પરિવાર ! આ બધાના ભોગવિલાસ મૂકી અહીં ગંદકીની ખાડમાં શું કામ ઊતરી આવે ? નથી એથી અધિક વિષયસુખ કે એનાં સાધન અહીં મળવાની આશા; કે નથી કોઈનો બળાત્કાર. પણ કહો, અંતરાત્માને, ધર્મનું મોટું આકર્ષણ છે; તે આવી કુમાર મહર્ષિ જેવી ધર્મવિભૂતિનાં અતુલ પરાક્રમ દેખી દેવોનું ધર્મભાવિત દિલ એમને અહીં ખેંચી લાવે છે. પૂછો,

**પ્ર.**- આપણને કેમ એવું ખેંચાણ નહિ થતું હોય ?

ઉ.- પણ પહેલાં એ જોવા જેવું છે કે એવી ધર્મભાવિતતા છે ? તો હવે એમ પૂછો કે એ કેમ નહિ ? આટલા બધા સુખી દેવોને એ હોય અને દુઃખની રોજ પોક મૂકનારને નહિ ? હા, એનું કારણ આ છે,

**દેવોને ધર્મ-આકર્ષણનું કારણ :-**

દેવતાઓને અવધિજ્ઞાન હોય છે, તેથી જુએ કે પોતે પૂર્વભવમાં કઈ સ્થિતિમાં હતા, એમાં કેવી ધર્મસાધના કરી કે એના પ્રતાપે અહીં સ્વર્ગમાં અવતાર થયો. આ જોવાથી એમને લાગે છે કે 'સ્વર્ગસુખો એ તો માત્ર ફળ છે, કાર્ય છે. પણ મૂળ કારણભૂત ધર્મ છે. ધર્મ જ આવા સ્વર્ગ-અપવર્ગનાં સુખ દેખાડે છે. તો એવા મહા પ્રભાવી-મહાદાતાર ધર્મને કેમ ભૂલાય ? કેમ સુખ કરતાં એનું આકર્ષણ ઓછું રખાય ? દિવ્ય સુખ મળવા પાછળ મૂળ પ્રભાવ જેનો છે એવા ધર્મની પ્રત્યે તો મુખ્ય આકર્ષણ રહે જ, રાખવું જ જોઈએ.' પૂર્વભવનો ધર્મ અને અહીં એનું ફળ પ્રત્યક્ષ દેખવાથી આ સમજ પાકી હોઈને એમને ધર્મ તરફ આકર્ષણ થાય એમાં નવાઈ નથી.

**શ્રદ્ધાળુને શાસ્ત્ર એ ચક્ષુ બરાબર :-**

ત્યારે તમારે હવે ધર્મના આકર્ષણ માટે આટલી જ રાહ જોવાની હશે કેમ ? કે પૂર્વભવ દેખાઈ જાય અને ત્યાંના ધર્મનું અહીં ફળ મળ્યું છે, એમ જણાઈ જાય એટલે એવું ધર્મ પ્રત્યે આકર્ષણ થઈ જાય ? કેમ આટલી જ રાહ જોવાની ને ? એનો તો અર્થ એ, કે જ્ઞાની ભગવંતો ધર્મના એવા સ્વર્ગ-મોક્ષ સુધીનાં ફળ કહે છે તેના પર એટલી શ્રદ્ધા નથી ! માટે મનને પ્રત્યક્ષ અનુભવની ખાતરી જોઈએ છે. ધન્ય તમારા જૈનપણાને, જિનના ભક્તપણાને ! સર્વજ્ઞ વચનથી ખાતરી નથી થતી, હૂબહૂ નથી જણાતું, પ્રત્યક્ષ દેખવાની અપેક્ષા રહે છે. **'સાધવઃ શાસ્ત્રચક્ષુષઃ'** સાધુ પુરુષોને, સમ્યગ્દષ્ટિ સજ્જન આત્માઓને શાસ્ત્ર એ ચક્ષુ છે; શાસ્ત્રે કહેલું જાણ્યું તે પ્રત્યક્ષ અનુભવ્યું.

**ભગવાન બાપ કરતાં ય મોટા આપ્ત-હિતૈષી :-**

છોકરો મા-બાપને આપ્ત-વિશ્વસનીય પુરુષ સમજે છે તો મા બાપનાં વચન પર કેટલી બધી શ્રદ્ધા કરે છે ? મા બાપે કહેલું બધું જ ક્યાં પ્રત્યક્ષ અનુભવે

છે ? કે દલીલથી પણ સમજવાનું ક્યાં એનું ગજું છે ? છતાં આપ્ત તરીકે અને પોતાના હિતૈષી તરીકેની શ્રદ્ધા એમનાં વચન પર આબેહૂબ શ્રદ્ધા કરાવે છે. તમને મહાવીર પરમાત્મા એવા શું એથી ય લાખો કરોડોગણા ઊંચા આપ્ત-હિતૈષી નથી મળ્યા ? કે પછી શું હજી એમાં ય શંકા છે કે 'ભગવાન એવા આપ્ત એવા હિતેચ્છુ હશે કે નહિ ?' જો જો એવી શંકા કરતા, નહિતર રખડી જાશો. મોટા ઇન્દ્રો અને ગણધર મહારાજ જેવા હૃદયથી જેમને મહા આપ્ત, મહા હિતૈષી માને, જેમનાં વચન પર આફરીન થઈ જાય, એમનામાં આપ્તપણાની શંકા કરવા જેવું બીજું પાતક કયું હોય ? બીજી મહામોહાંધતા કઈ કહેવી ?

**ગણધરોએ સપરિવાર કેમ એકાએક ઝુકાવ્યું ? :-**

જરાક વિચારો તો ખરા કે ૪૪૦૦ વિદ્યાર્થીના પરિવારવાળા મહા વિદ્વાન અને બુદ્ધિનિધાન ઇન્દ્રભૂતિજી ગૌતમ વગેરે અગિયાર બ્રાહ્મણો શું જોઈને, પ્રભુ પાસે માત્ર વાદ કરવા આવેલા છતાં, ત્યાં ને ત્યાં પ્રભુનાં ચરણે લોટી પડ્યા હશે ? આખાં ને આખાં જીવન સોંપી દઈ શિષ્ય બની ગયા હશે ? થોડી ય અક્કલ હશે કે બધાય મૂરખ હશે ? કહેતા નહિ કે 'એમને તો દેવતાઓ પ્રત્યક્ષ જોવા મળ્યા ને ?' મળ્યા તેથી શું ? એથી કાંઈ 'ધર્મનું આ ફળ છે, આ લોકો આ ધર્મ કરવાથી આવું દેવપણું પામ્યા,' એમ પ્રત્યક્ષ થોડું જ દેખાય ? અને શય્યંભવ, હરિભદ્ર વગેરે બ્રાહ્મણોને તો એ ય જોવા નથી મળ્યા, છતાં કેમ બ્રાહ્મણપણામાંથી સીધું જ જિનેશ્વર દેવના ચારિત્ર માર્ગે ઝુકાવી દીધું હશે ? પ્રભુને કેવા આપ્ત અને હિતૈષી માની ને ? જન્મે જૈન નહિ, જૈનના સમાગમમાં ઉછેર નહિ, મુનિઓનાં ધર્મવ્યાખ્યાનો વર્ષો સુધી સાંભળેલ નહિ, છતાં એવો કોઈ પ્રસંગ મળ્યો કે તરત એના પર બુદ્ધિ ચલાવી તાર કાઢી લીધો કે

'આ જગતમાં વીતરાગ-સર્વજ્ઞ-તીર્થંકર ભગવાન જેવા પરમ આપ્ત અને સર્વ જીવોના હિતૈષી પુરુષ બીજા કોઈ છે નહિ. માટે એમણે કહ્યું તે જાણે આપણે પ્રત્યક્ષ જોયું માની એના પર અખૂટ શ્રદ્ધા રેલાવવાની. એમણે પ્રત્યક્ષ જોઈને કહ્યું છે; હતું- છે- બનશે તેવું કહ્યું છે. હવે એના પર પ્રત્યક્ષવત્ શ્રદ્ધા કેમ નહિ કરવી ? એમણે કહ્યું છે કે આ જગતમાં રૂડા પ્રતાપ શુદ્ધ ધર્મના છે કે જીવને ઠેઠ દેવલોક અને મોક્ષ સુધીનાં સુખ દેખવા મળે છે !' એક શુદ્ધ ધર્મ જ તારણહાર છે, શરણ છે, ઓથ છે, પરલોક સુધારનાર અને ભાવિ અનંતકાળ અજવાળનાર છે. માટે હવે એને જ પકડો.' આમ ચારિત્ર ધર્મમાં ઝુકાવ્યું. શા સારુ ધર્મને છોડી બીજા ફાંફાં મારો ? એમાં તમારું કશું ઊપજવાનું નથી. ધર્મથી વિરુદ્ધ ચાલનારની તો કર્મ પાકી જડતી લઈ નાખે છે, રેવડી દાણાદાર કરે છે !



**શાસ્ત્ર પર શ્રદ્ધા પછી કેમ મહાપાપ સેવવાનું ? :-**

આ જિનવચન પર પ્રત્યક્ષ જેવી શ્રદ્ધા, જો એ જિનને પરમ આપ્ત અને પરમ હિતૈષી માન્યા હોય, તો શું થાય નહિ ? જિનેશ્વર ભગવંતોએ શ્રાવકને માટે કહ્યું છે કે 'રાત્રિ ભોજન અને કર્માદાન એ મોટાં પાપ છે, એનાથી ભવોની સિરિયલ -પરંપરા બગડે છે.' જો આ વચન પર પ્રત્યક્ષ જેવી શ્રદ્ધા હોય તો કેમ ધનની ખોટી લાલચે કે શરીર-મંદવાડ વગેરેનાં બહાને કેમ એ મહાપાપ સેવાય છે ?

**પૂજેલો લોક ક્યાં સુધી ? :-**

**પ્ર.-** પણ એમ પૈસા કમાયાથી લોકમાં ઊજળા દેખાઈએ છીએ ને ?

ઉ.- એટલે લોકના જ પૂજારી છો ને, તે લોકને રીઝવવા તરફ જ દૃષ્ટિ અને પ્રયત્ન ? પણ લોક સામે કાં જુઓ ? લોક તો તમારી સાથે અંતે મસાણથી જરાય આગળ નહિ આવે. આ ખેડૂતો હોય છે ને ? સ્વાર્થી ખેડૂતો કેવા ? બળદ પાસેથી કામ લેવાય એટલું લીધું, હવે જુએ કે એ કામનો નથી રહ્યો તો જઈને બજારમાં કસાઈને વેચી દે છે ! બળદને વહાલો કરનાર ક્યાં સુધી મમતા રાખે ? કામ આપે ત્યાં સુધી; પછી કસાઈના હવાલે ! એમ આ જીવને વહાલા કરનારા કુટુંબી અને લોક સ્નેહી ક્યાં સુધી ? મસાણ સુધી ! પછી ? કર્મ કસાઈના હવાલે ! એવાઓને વહાલા થવું છે ? એમના સર્ટિફિકેટ પર નાચવું છે ?

**શય્યંભવ બ્રાહ્મણે** વીતરાગ આપ્ત મળ્યા પછી બીજું કાંઈ જોયું નહિ કે 'લોક શું કહેશે ? બાઈડીને શું લાગશે ? સગાં સ્નેહીઓ શું બોલશે ?' ના, આપ્ત હિતૈષી મળી ગયા પછી કશું જોવાનું નહિ. તત્ત્વની જિજ્ઞાસા જાગી એટલે એ મોટો યજ્ઞ કરાવતા હતા તે ઊભો મૂકીને આવેલા પ્રભવસ્વામીજી પાસે તત્ત્વ જાણવા. એમાં વીતરાગનાં વચન મળ્યાં, સંસારની કુટિલતા ઓળખાઈ, સાચું તત્ત્વ અને સાચો આત્મહિતનો માર્ગ સમજાયો, પછી ત્યાં ને ત્યાં મુનિજીવન સ્વીકારી લીધું !

**રોહિણિયા ચોરને** અંતે સમજાયું કે વીતરાગ વીર ભગવાન જ સાચા આપ્ત-હિતૈષી પુરુષ છે; એટલે બાપે કરાવેલ કબૂલાત કોરાણે મૂકી પ્રભુનાં ચરણે ચારિત્ર લઈ તન-મન સોંપી દીધા ! આ બધું કેમ બની શક્યું ?

(૧) આપ્તનાં વચનથી જણાયેલું જાણે પ્રત્યક્ષ દેખ્યા બરાબર અણીશુદ્ધ યથાર્થ લાગ્યું.

(૨) એમાં સંસારવાસમાં કરાતા ષટ્કાય જીવોના રોજિંદા ઘોર સંહાર અને અઢાર પાપસ્થાનકોનાં હાલતાં ને ચાલતાં સેવનથી આત્માની થતી ભવચક્રમાં ફસામણી સમજાઈ.

(૩) ઠેઠ એકેન્દ્રિયપણાથી ચડતાં ચડતાં ઊંચા મનુષ્યભવના થાળે આવવાની

મળેલી મહાન સિદ્ધિ વિષય-કષાયની ગુલામીમાં સાવ ખૂંચવાઈ જતી દેખાઈ.

(૪) માનવભવમાંની આત્માનાં અનેક વિષયમાં ઊર્ધ્વીકરણ કરવાની મળેલી અતિ દુર્લભ તક વિણસાઈ જતી લાગી.

એટલે બધું ઊભું મૂકીને વિષયોની ભયંકર જાળ, પરિવારનાં કારમાં બંધન તથા ષટ્કાય જીવહિંસાની કૂડી રમતમાંથી એકદમ જ બહાર નીકળી ગયા.

**જ્ઞાનીઓનાં વચનને આપણી આંખો બનાવ્યા વિના ઊંચા આત્મહિતનાં પરાક્રમ ન બની શકે.**

## ધર્મનું મુખ્ય આકર્ષણ

દેવતાઓ ભલે અવધિજ્ઞાનથી પૂર્વભવનો ધર્મ અને વર્તમાન ભવની સમૃદ્ધિ એ બેનો કાર્ય-કારણભાવ પ્રત્યક્ષ દેખીને ધર્મ તરફ મુખ્ય આકર્ષણવાળા બને; પણ આપણે એના ઓરતા નહિ કરવાના. આપણે તો તીર્થંકર ભગવાન અને એમને સમર્પિત રહેનારા ગણધરાદિ આચાર્ય ભગવંતોને પરમ આપ્ત-વિશ્વસનીય અને હિતૈષી માનીને એમનાં વચને કહેલું પ્રત્યક્ષવત્ સાચું લેખીને ધર્મનું મુખ્ય આકર્ષણ રાખવાનું.

**લાડવાનું આકર્ષણ, ધર્મનું નહિ :-**

ધર્મનું મુખ્ય આકર્ષણ રહે તો પછી કમમાં કમ તેવા તેવા પ્રસંગે તો સંસારના સો કામ અને ગમે તેવા સુખ-આનંદ પડતાં મૂકી ધર્મ તરફ દોડી જવાય, ધર્મ સાધી લેવાય. જો આ નથી, તો આજે જુઓ છો ને મંદિર વર્ષગાંઠમાં કે નજીકના તીર્થે પૂજા-જમણ વખતે પૂજામાં કેટલા દોડી આવે ? અને લાડવા જમવામાં ? કેમ એમ ? લાડવાનું આકર્ષણ છે, ધર્મનું નહિ. તીર્થયાત્રાસંઘમાં ચાલ્યા, હવે તો ઘરકામની જંજાળ નથી ને ? અને ધર્મ સાધવા માટે નીકળ્યા છે, છતાં વ્યાખ્યાનમાં કેટલા હાજર ? અને બહાર હરવા-ફરવા-ગપ્પાં મારવામાં ?

**ધર્મ શિક્ષણ જરૂર નહિ ? :-**

ધર્મનું મુખ્ય આકર્ષણ નહિ એટલે છોકરાને ધર્મમાં પ્રવીણ કરવા માટે કેટલો ખર્ચ અને કાળજી રખાય છે ? અને નિશાળનું ભણાવવા માટે. કેમ વારુ ? શું આપણા કે સંતાનના જીવનમાં પૈસા જ કમાવવાનું જરૂરી છે ને ધર્મ નહિ ?

**શરીરનું એવું ધર્મનું આકર્ષણ નહિ ! :-**

શરીર જરાક બિમાર પડે તો આરામ, ઔષધ વગેરે માટે ખબરદાર ! ને આત્મા આજનાં જડવાદ, વિલાસવાદ, નાસ્તિકવાદ વગેરેથી મિથ્યાત્વ-કષાયો, અસત્ય-અનીતિ, રોગોથી માંદો પડે ત્યાં કોઈ જ ખબરદારી નહિ ! ધર્મનું મુખ્ય આકર્ષણ નહિ એટલે જ આ ને ?

**સાચી શ્રીમંતાઈ કઈ :-**



શા સારુ આજના પાપયુગમાં ઘસડાઓ છો ? આખી આજની દુનિયાને નથી મળ્યું એવા અનુપમ તીર્થંકર પરમાત્મા, ટંકશાળી નવતત્ત્વ, મોક્ષમાર્ગમય જિનશાસન, ત્યાગી ગુરુઓ, શ્રેષ્ઠ અહિંસાદિ ધર્મ અને સ્યાદ્વાદાદિ સિદ્ધાન્ત બતાવનારા શાસ્ત્રો, અનુપમ તીર્થો તથા માર્ગાનુસારીથી માંડી સર્વવિરતિ ચારિત્ર સુધીની અતિ સુંદર સાધનાઓ વગેરે તમને મળ્યું છે, એની કદર તો કરો. એનું ગૌરવ તો હૈયે વસાવો. એના પર દિલને થશે કે 'એનાથી હું ખરો શ્રીમંત બન્યો છું. એ જ સાચી શ્રીમંતાઈ છે. એનું તો મને મુખ્ય આકર્ષણ રહેવાનું. એની ઉપાસના મારા અને કુટુંબનાં જીવનમાં પ્રધાન રહેવાની. એથી મારી છોકરીઓ પણ પારકે ઘેર ગયા પછી એની સુંદર હવા ફેલાવવાની, અને એનાં સંતાનોને એ મુખ્યપણે પાવાની.'

**ધર્મ-આકર્ષણના ઉપાયો :-**

**ધર્મનું મુખ્ય આકર્ષણ ઊભું કરવા માટે**

(૧) પૂર્વે કહેલ દેવાધિદેવાદિની પ્રાપ્તિની કદર,

(૨) પરલોકનો વિચાર,

(૩) જીવનમાં સાચી શાંતિ લાવનાર ધર્મ જ હોવાની દૃઢ શ્રદ્ધા,

(૪) શાસ્ત્રે કહેલ વસ્તુ પર પ્રત્યક્ષ દેખ્યા જેવી પ્રતીતિ,

(૫) મન માને કે ન માને પણ જીવનના પ્રસંગ-પ્રસંગમાં ધર્મને આગળ કરવાનો, ધર્મસુકૃત પહેલું બજાવવાનું, વાતચીતને ધર્મની વાતમાં ઉતારવા પ્રયત્નશીલ રહેવાનું.

વાત આ છે કે ધર્મનું મુખ્ય આકર્ષણ ઊભું કરવું હોય તો જાત માટે અને કુટુંબ માટે આ ચૈતન્ય જગાડનાર ઉપાયો અને એની ચિંતા રાખવી જ જોઈશે. એમાંની આ એક વસ્તુ છે કે જ્ઞાનીઓએ ભાખેલું પ્રત્યક્ષવત્ માનવું જોઈએ. દેવતાઓ અવધિજ્ઞાનથી પ્રત્યક્ષ દેખે છે કે ધર્મના જ પ્રભાવે આ દેવતાઈ ભવ; એટલે એમને ધર્મ તરફ સારું આકર્ષણ થાય છે જ. એથી અહીં કુમાર મહર્ષિના અવધિજ્ઞાન પર દેવો દોડી આવ્યા, અને પ્રભાવના કરી ! છેડે છેડે મહર્ષિના આઠ કર્મગાંઠ તોડનાર-યશસ્વી-પરમેષ્ઠી અને દર્શન-જ્ઞાન-ચારિત્રધર તરીકે ગુણ ગાયા. તેમજ મોટા મેરુ જેવા મહાન વર્ણવી જેની કુક્ષીમાં આવી વસી જન્મ પામ્યા તે માતાને પણ ક્ષણે ક્ષણે વંદનીય જાહેર કરી.

**જૈન દર્શન માત-પિતાનું કેટલું મહત્ત્વ આંકે છે** એ આવાં-આવાં પ્રતિપાદનથી સ્પષ્ટ થાય છે, તેમજ,

**માત-પિતાની વિશેષતા ક્યાં ઝળકે** એ પણ આ પરથી જણાય છે. એમ તો

કૂતરા-કૂતરી કે ગધેડા કે ગધેડી ય ક્યાં સંતાનને જન્મ નથી આપતા ? અને ક્યાં એનો ઉછેર નથી કરતા ? પરંતુ સંતાનના આત્માનો વિચાર અને આત્મહિતનો કોઈ પ્રયત્ન નથી એ એની પશુગીરીને આભારી છે. માણસને પણ જો એ વિચાર-પ્રયત્ન ન હોય તો માનવતા શી ? પણ વાત એ છે કે પોતાના આત્માના જ ચિંતા-વિચાર ન હોય એ સંતાનના આત્માનું શું વિચારે ?

દેવોએ કુમાર મહર્ષિના દર્શન-જ્ઞાન-ચારિત્ર પર સિક્કો માર્યો. દેવોનો સિક્કો એમને એમ મળે ? ના સદ્ધર માલ હોય તો જ મળે. એ હતો માટે તો દેવો દોડી આવ્યા ! મહાન જાહોજલાલી કરી દેવીઓ નાચી ઊઠી ! આ બધું બનવા પર બંને શત્રુ રાજાઓ અને બીજા કેટલાય સંસારત્યાગી બની એમના શિષ્ય બની ગયા.

બસ, દેવો-દેવીઓ રવાના થયા, આ અધિકાર ત્રિભુવન ગુરુ મહાવીર પ્રભુએ કહેતાં ગણધર ગૌતમ સ્વામીજી પ્રભુને નમસ્કાર કરી હાથ જોડીને પૂછે છે,

'હે ભગવન્ ! એ મહાયશસ્વી સુગૃહીત નામધેય કુમાર મહર્ષિ આટલા બધા સુલભ-બોધિ શે થઈ શક્યા ?'

ગૌતમ મહારાજાનો પ્રશ્ન વાજબી છે. અહીં બોધિ એટલે માત્ર સમ્યગ્દર્શન નહિ કિન્તુ એ સહિત ઊચ્ચ ચારિત્ર સુધીનો ધર્મ 'બોધિ' તરીકે સમજવાનો છે. 'આ વસ્તુ એમને આટલી બધી સુલભ કેમ બની ? એની પાછળ પૂર્વ ભવની કઈ એવી સાધના કામ કરી રહી છે ? આ પ્રશ્ન છે.

**મૌન અને દયાથી સુલભ બોધિ :-**

ભગવાન કહે છે, 'ગૌતમ ! એ પૂર્વ જન્મમાં શ્રમણ-મુનિ હતા ત્યારે એક વાર એમનાથી વચન દંડ સેવાઈ ગયો એનો એમને એટલો બધો પશ્ચાત્તાપ થયો કે ગુરુના ઉપદેશથી એમણે જીવનભરનું મૌનવ્રત ધારણ કર્યું, તેમ જ આ મન-વચન-કાયાના દંડ સેવાવામાં નિમિત્તભૂત બનતાં પાણી-અગ્નિ-મૈથુન, એ ત્રણ પાપસ્થાનક મુનિપણાને આઘાત પહોંચાડે છે એના એમણે સર્વ ઉપાયોથી ત્યાગ જીવનભર સાચવ્યો. આ કારણે એ આટલા બધા સુલભ બોધિ બન્યા !'

**એક બે અંગોની આરાધનાથી પણ ઉન્નતિ :-**

જૈનશાસનમાં આરાધનાનાં અનેક અંગો છે. એમાંનાં એક-બે અંગની પણ જોરદાર આરાધના થઈ જાય તો એ કેવું ઊંચુ ફળ દેખાડે છે એ આપણને આના પરથી સમજવા મળે છે. એનો અર્થ એ નથી કે 'બીજા અંગોની ઉપેક્ષા કરીએ તો ચાલે.' ના, એની પણ અપેક્ષા તો રાખવાની, પણ દરેક આરાધક બધા જ મોક્ષસાધક અંગોમાં જોરદાર પુરુષાર્થ કરી શકે એવું ન બને, તો પણ શક્ય કોઈ પણ એક બે અંગમાં પ્રબળ પુરુષાર્થ અજમાવે અને બાકીના અંગોને સાપેક્ષ રહે એટલે કે એની



વિરાધનામાં ન પડે, તો એ આત્મા ઊંચે આવી શકે છે.

બોલો, જીવનમાં એવું કોઈ એક પણ મોક્ષસાધક અંગ, ચાહે તે અનુષ્ઠાન-રૂપ, આચારરૂપ, યા ગુણરૂપ, પકડ્યું છે કે જેમાં પાકી દૃઢતા સાથે પ્રબળ પુરુષાર્થ જાગતો રાખ્યો હોય ? કોઈ દેવદર્શન-દેવપૂજા, કોઈ સાધુ સેવા, કોઈ સામાયિક, અરે એક નવકારવાળી, યા પર્વતિથિની કોઈ આરાધના, તપ, ત્યાગ, શાસ્ત્ર સ્વાધ્યાય વગેરે કોઈ એક પણ એવું કે લાલચ યા ભય એમાંથી ડગાવી શકે નહિ ? યાવત્ પ્રાણ જાય તો પણ શું ? એમ મન સાક્ષી પૂરે છે ? એ અનુષ્ઠાનની અણીશુદ્ધ આરાધના થાય છે ખરી ?

**જિનવચન વિરુદ્ધમાં મત્તું નહિ ને ? :-**

અથવા શ્રાવક હો તો શ્રાવકપણાના અને સાધુ હો તો સાધુપણાના કોઈ પણ એક આચારને ય મજબૂત રીતે પકડ્યો છે ? દા.ત. જિનાજ્ઞા પ્રતિબદ્ધતાનો એક આચાર એવો મજબૂત ધરી રાખ્યો હોય કે જિનવચન વિરુદ્ધ કોઈ વાતમાં ક્યાંય મત્તું નહિ મારવાનું. પછી ભલેને એમાં પોતાનો સ્વાર્થ પણ ઘવાતો હોય, દા.ત. બહુ મહેનતે ઉછેરી મોટો કરેલો છોકરો પરણાવ્યો, સારો કમાઉ બનાવ્યો, હવે એ પુણ્યયોગે વૈરાગ્ય પામી ચારિત્ર લેવાની વાત કરે છે, અને એની મા કે બીજા કોઈ જિનોક્ત માર્ગની વિરુદ્ધ બોલે છે, તો એમાં મત્તું નહિ ને ? મૂંગી પણ સંમતિ નહિ ને ? એવાને કહી દો ખરા ને કે 'બોલશો નહિ, પ્રભુએ બતાવેલો માર્ગ તે માર્ગ; આપણા સ્વાર્થે એની વિરુદ્ધ ન બોલાય, ન ચિંતવાય, ખરી રીતે તો આપણે આપણા આત્માનો વિચાર કરવા જેવો છે કે આપણે કેમ હજી સુધી ડૂબી રહ્યા છીએ ? આપણને ચાલુ આરંભ-પરિગ્રહભર્યા અને વિષયલુબ્ધ જીવનથી પરલોકની કઈ સલામતી રહેવાની છે ? ખરું તો આપણે જ આત્મહિતના માર્ગે આગળ થવા જેવું છે.

**પ્ર.-** પણ મોટો છોકરો આપણા માથે જ બધી લોથ મૂકીને જતો હોય, પછી આપણે શું આરાધીએ ?

ઉ.- લોથ કોની ? તમારી કે છોકરાની ? તમારા મોહની લોથ એને માથે ઓઢાડવી છે ? છતાં છોકરાને કહો ને કે, 'ભાઈ ! આ બધી જંજાળ તું સંભાળી લે અને અમને જ ચારિત્રની આરાધનામાં જવા દે.' ના, જાતે એ કરવું નથી, જાતે જિનવચનની આરાધનાને બદલે જગતની જંજાળ વહાલી કરવી છે. જાતેય ચારિત્ર જીવનમાં જવું નથી, અને જિનોક્ત ચારિત્રમાર્ગે જવા ઇચ્છનાર બીજાને પણ જવા દેવો નથી, આ ક્યાંનો ન્યાય ? આમાં જિનનું સેવકપણું ક્યાં રહે ?

**મગધાધિપ શ્રેણિક રાજાને** અભયકુમાર જેવો સુયોગ્ય અને સમર્થ પુત્ર

રાજ્યધુરા ઉપાડી લેવાની ના પાડે છે, અને પોતે ચારિત્ર માર્ગે જવાનું કહે છે, ત્યારે પરિસ્થિતિ કેવી છે ? પુત્ર કોણિકની નાલાયકતા ભારે છે, જન્મનો પિતૃવૈરી હોય એવાં લક્ષણ ગર્ભમાં આવતાં થયા છે. બીજા પુત્રો એની આગળ એવાં સમર્થ નથી; કેટલાક પુત્રોએ દીક્ષા લીધેલી છે; હવે સૌથી સમર્થ અને મહાબુદ્ધિવાન પાટવી કુમાર અભય ચારિત્ર લેવાનું કહે છે. શું કર્યું રાજાએ ? વિરોધ ? અંતરાય ? દીનતા કે મારા ભોગ લાગ્યા કે આ મોટો દીકરો થઈને ય મને આ અવસ્થાએ રખડતો મૂકે છે ? ના, આમાંનું કશું નહિ. ખુશીથી ચારિત્રની સંમતિ આપે છે. કેમ વારુ ? કહો, શ્રેણિક રાજા જિનવચનના મહાન પૂજારી છે, અને પુત્ર અભયના આત્મહિતના ખાસ પ્રેમી છે.

ભૌતિક બાબતો તો કર્માધીન છે. એમાં આત્મહિત ન ચૂકાય. આત્માનું હિત પુરુષાર્થને આધીન છે, અને એ માટેનો તો ખાસ આ મનુષ્ય-ભવ છે. એમાં જ એ ચૂકવા જેવી બીજી મૂર્ખાઈ-મૂઢતા નથી. જે કોઈ એમાં પુરુષાર્થ કરતો હોય એને અનુકૂળ થવું એમાં માનવભવની વિશેષતા સમજ્યા ગણાય. નહિતર તો માનવભવને સામાન્યભવ, સંજ્ઞાઓ પોષવાનો ભવ સમજતાં ચિંતામણિરત્નને સામાન્ય કાચનો ટૂકડો લેખનાર ભીલની હરોળમાં ઊભા રહેવું પડે. ભગવાનનાં વચન પર મહારાજા શ્રેણિકને અટલ શ્રદ્ધા છે અને ભગવાન કર્મના અટલ હિસાબ બતાવે છે, આત્મહિતના પુરુષાર્થના કર્તવ્યનાદ સુણાવે છે.

ઠેઠ એકેન્દ્રિય નિગોદપણાથી છૂટી આટલે ઊંચે માનવભવ સુધી આવેલા જીવ બિચારાને જો ભાવના અને પુરુષાર્થથી ઊંચે ચડવાની તૈયારીવાળાને આપણા સ્વાર્થે, મોહે કે અજ્ઞાનતાથી આરંભ-પરિગ્રહ-વિષયાદિમાં જોડી નીચી યોનિઓમાં સબડતો કરી દેવા જેવી ક્રૂરતા બીજી કઈ હોય ?

શ્રાવકપણાનો જિનવચન પ્રતિબદ્ધતાનો આચાર મક્કમ રીતે પાળવાનો રાખ્યો હોય તો **'જિનવચન તે જિનવચન'** સમજી એનાથી વિરુદ્ધ ન બોલાય કે કોઈના બોલવામાં સંમત ન થવાય,

એમ માતા-પિતાદિના વિનયનો આચાર, દાનનો આચાર, અનુકંપાનો આચાર, પરનિંદાત્યાગનો આચાર, શિષ્ટાચાર-પ્રશંસાનો આચાર વગેરે કોઈ એક પણ આચારને મજબૂતપણે પકડી રખાય તો ય તે આત્માને ઊંચા લાવે.

એવું જ કોઈ પણ ગુણ અંગે છે. સૌમ્યતા, પરોપકાર, દયા, ઉદારતા, ગંભીરતા, સહિષ્ણુતા વગેરેમાંનો એકાદ ગુણ પણ દૃઢપણે પકડો. દૃઢ એટલે બસ દૃઢ, પછી કોઈ પણ સંયોગમાં એ ગુણ મૂકવાનો નહિ. પ્રગટ જ રાખવાનો. આટલું કરી જુઓ. પછી તમને પોતાને લાગશે કે 'હું પશુજીવનથી કંઈક ઊંચે આવી રહ્યો છું.'



ગૌતમ મહારાજના પ્રશ્ન પર કુમારમહર્ષિ માટે શ્રીવીરપ્રભુ કહે છે કે પૂર્વ ભવમાં એમનાથી સાધુજીવનમાં એક જરાક વચનદંડ સેવાઈ ગયો તેથી એમણે જીવનભરનું મૌન લીધું. કેટલો બધો હૃદયસંતાપ થયો હશે કે એક નાનકડા દેખાતા ગુનાની સજા મોટી સ્વીકારી લીધી ?

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૩,અંક-૨૯,તા.૨૪-૪-૧૯૬૫**

**નાનો પણ દોષ કેમ ભયંકર ? :-**

વાત એ છે કે આત્માનો નાનો દેખાતો પણ દોષ ઉખેડી નાખવાની તમન્ના છે ? કે આટલામાં શું થઈ ગયું એવી ઉપેક્ષા-માંડવાળ છે ? માંડવાળ કરવી એ અજ્ઞાન દશા છે; કેમકે એ ભાન નથી કે આ ભલે દેખાય નાનકડો પણ બીજરૂપ છે, માટે ભયંકર છે; કેમકે બીજમાંથી મોટું ઝાડ ઊગશે. એવા સંયોગ-નિમિત્ત મળતાં મોટા રૂપમાં ફાલી ફૂલી નીકળશે. નાનોય વચનદંડ-વાણીનો અસત્ પ્રયોગ કેમ થયો ? એના મૂળમાં શું છે ? કોઈ પ્રમાદ, કોઈ રાગ યા દ્વેષ, કોઈ ભય કે એવું જ કાંઈ ને ? એને નિમિત્ત મળ્યું એટલે વચનદંડ રૂપે એણે કામ કર્યું. એનો નિગ્રહ-નિયંત્રણ કરવું છે તો એ માટે એવી કોઈ ભારે ચોકી મૂકી દેવી જોઈએ. ભારે દિવાલ ખડી કરી દેવી જોઈએ. કુમાર મહર્ષિએ પૂર્વજીવનમાં એ માટે જીવનભરનું મૌન નક્કી કરી દીધું.

**મૌનના ગજબ લાભ :-**

ખૂબી જુઓ કે મૌનથી શું એટલું બધું કામ થાય ? જરૂર થાય. મૌનથી અનેક પ્રકારના રાગ-દ્વેષ-મૂર્ચ્છા-ઈર્ષ્યાભાવ વગેરે દોષોને દબાવવાનું બને છે; કારણ કે માણસ કેટલું તો બોલી બોલીને જ એ દોષોને પોષે છે. બજારમાં એક મનગમતી ચીજ જોઈ આવ્યા. ભલે દિલમાં એનો રાગ ઊભો થયો, પરંતુ પછી જે બીજાઓ આગળ એની પ્રશંસા, એના વખાણ, એના ગુણગાન થાય છે, એથી વસ્તુદર્શને ઊભા થયેલા પેલા રાગને સારી રીતે પોષવાનું મળે છે, કાંઈ ઊછળતા રાગ વિના મોમાંથી વખાણના શબ્દ નીકળે નહિ, અને રાગ ઊછળતો રહે તેમ તેમ તે દૃઢ થતો જાય, એ કુદરતી છે. ત્યાં જો મન મારીને એનું બોલવાનું જ અટકાવ્યું તો રાગને એ રસ્તે સક્રિય બનવાનું ને દોડવાનું ન મળ્યું; બલ્કે બોલવા પરના અંકુશે રાગનું મહત્ત્વ, રાગનું જોર ઓછું કર્યું. ગુસ્સામાં ય શું છે ? ગુસ્સાનાં વચન બોલો એટલે ગુસ્સો સતેજ થાય છે; ન બોલો તો એ અટકે. એવું ઈર્ષ્યાનાં વચનમાં બને છે, ભયના ઉદ્ગારમાં થાય છે, હાસ્ય-મજાકના શબ્દમાં ય એવું. દોષના આવેશમાં

મૂંગા તો રહેવાતું નથી, અને આવેશમાં બોલો એટલે સહેજે એ દોષને પોષણ મળ્યું, પછી એ દોષ કેમ મજબૂત ન થાય ?

છદ્મસ્થ અવસ્થામાં, અ-વીતરાગ અ-સર્વજ્ઞ દશામાં બોલવાનું થાય છે તે મોટા ભાગે હૈયાના ભાવ અને મનના વિચારથી કાંઈ ને કાંઈ કહેવાનું થાય છે, ત્યાં સહેજે એ સારા કે નરસા ભાવને પોષણ મળવાનું, થોડા ભાવથી ભગવાનનું સ્તવન બોલવાનું શરૂ કર્યું, પણ બોલતાં ભાવ વધે છે એ અનુભવ છે. જેવું આ સારા ભાવમાં, તેવું નરસા ભાવમાં કેમ ન બને ?

**સારું બોલવાથી અશુભ ભાવ દબાય :-**

આ પરથી એ પણ શીખવા મળે છે કે ખરાબ ભાવથી કાંઈક બોલવાની ઇંતેજારી થઈ, પણ એ જ વખતે સાવધાન બની જઈ સહેજે કોઈ સારો ભાવ ઊભો કરી સારું બોલવાનું કર્યું, તો પેલો હલકો ભાવ પડ્યો રહેવાનો, અને સારા ભાવને પુષ્ટિ મળવાની. દા.ત. ગમે તે લોભ-લાલચથી શેઠની ખોટી ખુશામતનું કાંક બોલવા મન કર્યું, પણ તરત એને અટકાવી શેઠનો કોઈ ખરેખર સદ્‌ગુણ શોધી કાઢી એની સદ્‌ભૂત પ્રશંસા કરવાનું કર્યું, તો દિલમાં ગુણાનુરાગનો શુભ ભાવ પોષાવાનો.

જમવા બેઠા છો, રાગથી કોઈ ચીજની પ્રશંસા કરવાનું મન થઈ આવ્યું, પણ એ જ વખતે એમ ન કરતાં વૈરાગ્ય ભાવને અનુસરતું બોલો, જેમકે, 'આ સારી દેખાતી વસ્તુ પણ શરીરમાં જઈ કેવી વિકૃત થાય છે ! જીવને આવી વસ્તુ વગેરેના નિમિત્તે કેવા મલિન ભાવ પોષાય છે !...' આવું કાંક બોલવાનું કર્યું તો શુભ ભાવ પોષાય છે.

ગુસ્સાના ભાવથી દુશ્મનનું, વિરોધીનું કાંક ઘસાતું બોલવાનું મન થયું, પણ એ અટકાવી બોલવાનો વળાંક પોતાની અલ્પ પુણ્યાઈ અને તેનાં કારણભૂત પૂર્વના પોતાના અલ્પ ધર્મ તરફ વળ્યો, કર્મવિપાક અને ધર્મમહિમાનું બોલ્યા, તો પેલા ગુસ્સાને વધારવાને બદલે કર્મવિપાકનો ને ધર્મ-પ્રધાનતાનો શુભ ભાવ ઊભો થાય છે.

ત્યારે, સહેજ એક બોલવાની કુશળતાથી જો બૂરા ભાવનાં પોષણ અટકાવી શુભ ભાવની પુષ્ટિ કરી શકાતી હોય તો કોણ વિવેકી એ ન કરે ? **વિવેક જોઈએ કે,**

આ ચંચળ અને ટૂંકાં જીવનમાં મળેલી સુંદર વચનલબ્ધિને દીર્ઘાતિદીર્ઘ કાળ સારો જવાબ આપે એવા શુભ ભાવનાં પોષણમાં જ કેમ ન ખરચવી ? એમાં કયો પૈસાનો ખરચ થઈ જાય છે ? કે કયો કાયાને શ્રમ લાગી જાય છે ? માત્ર દિલને એમ થવું જોઈએ કે

'અનુપમ વચન-શક્તિ દ્વારા દોષોના આવેશ પોષી પોષીને ભાવિ અતિદીર્ઘ કાળ દુષ્કૃત્યની પરંપરા ચાલે એવા કુસંસ્કાર ઊભા કરવાની અને પુષ્ટ કરવાની



મહા મૂર્ખાઈ શા સારુ કરવી ? 'હું દોષોમાં ગમે તેટલો ધમધમું, પણ દુનિયા તો એના રાહે જ ચાલવાની છે, મારા ઓછા-વધુ પુણ્યાનુસાર જ મારી સાથે વર્તવાની છે, તો ફોગટ ઊંધો વેપલો શા માટે કરવો ? ઊલટું શુભ ભાવને વારંવાર પોષવામાં જ એ અનુપમ માનવીય વચન લબ્ધિનો ઉપયોગ ન કરું ?

**પ્ર.**- તો પછી કુમાર મહર્ષિના જીવે સર્વથા મૌન કેમ લીધું ? સારું બોલવાનું ય કેમ અટકાવી દીધું ?

ઉ.- જુઓ આ મૌનની વસ્તુ ઓછા પરાક્રમની સમજતા નહિ. એ તો ભારે પરાક્રમ હોય તો મૌન પાળી શકે. બોલ બોલવાનું રોકી શકાતું નથી, બોલવું છે, તો પછી કેવું બોલવું એની આ વાત છે કે સારા ભાવને પોષણ મળે એવો વાણીનો ઉપયોગ કરવો. પરંતુ બોલવામાં જોખમ તો છે જ. ક્યારેક અશુભ ભાવનું પોષક વચન બોલાઈ જવા સંભવ છે, માટે બોલ બોલ કરવાની આદત પર અંકુશ મૂકવાની પહેલી જરૂર છે.

**દેશનિકાલની સજામાં મૌન :-**

આપણી સ્થિતિ વિચારો કે બોલવા કેટલું જોઈએ છે ? કલાકો સુધી મૂંગા રહેવું પડે, વાત કરનાર ન મળે, તો જીવને મૂંઝવણ થાય છે, ચેન નથી પડતું. માટે તો દેશનિકાલની સજા થતી અને આંદામાનના ટાપુમાં કેદીને મોકલવામાં આવતા, ત્યાં દિવસોના દિવસો મહિનાના મહિના એક કેદી બીજા કેદી સાથે સહેજ પણ વાત ન કરી શકે એવી રીતે સજા ભોગવવી પડતી. જોયું કે માણસને વાતથી ભારે વિસામો મળે છે, માટે મોટામાં મોટી સજામાં આ પણ દાખલ કરો કે એને વાત કરવાની જ ન મળે જેથી એ ભારે દુઃખ, ભારે હૃદયભાર ભોગવ્યા કરે.

**ગપસપ કરવાની કુટેવ :-**

તમારી જાતનું જ વિચારો ને કે ઘરનું માણસ બહુ જ ગંભીર મળ્યું હોય યા પુત્ર મરણાદિ કારણે પાછળથી ગંભીર બન્યું હોય, ને ઘણું જ ઓછું બોલે, તો તમને કેમ લાગે છે ? મન મુંઝાય છે ને ? પેલા બહુ સેવાભાવી હોય છતાં બહુ ઓછું બોલનારા હોય તો અતડા લાગે છે ને ? આનંદવર્ધક નથી લાગતા. કેમ એમ ? બોલીને વાતો-ગપસપ કરીને હૃદય ફોરું અને આનંદિત કરવાની કુટેવ છે માટે. કુટેવ ? હા, કેમકે એમાં પછી બોલવામાં આચરકૂચર ભરડવાનું અને બીજાનું ઘસાતું બોલવાનું બહુ થાય છે. ખોટી ખુશામત દીનતા કે જાતનો ઉત્કર્ષ, વડાઈ યા પરનિંદા, જૂઠ, વિકથા, કુથલી વગેરે કેટલા ય અસત્ ભાષણ એ વાતો-ગપ્પામાં ચાલ્યા કરે છે. આની આદત એ કુટેવ નહિ તો શું સારી ટેવ ગણાય ? માટે પહેલો ઉપાય આ છે કે મૌન રાખતાં શીખો, એનો અભ્યાસ કેળવતાં ચાલો.

કેટલીય બોલ્યાં વિના ચાલે એવી વાતો-બાબતો બોલવાની આતુરતા જાગે ખરી, પણ એને દબાવવાની કિન્તુ અમલમાં નહિ મૂકવાની.

**બોલવાની આતુરતા અટકાવવા માટે** મન મોટું બનાવવાનું, એમાં એ વિચારીને આતુરતા સમાવી દેવાની કે

'હવે મફતિયું શું બોલવું હતું ?

(૧) જીવનધન કિંમતી છે, એને આમાં વેડફી નાખું ?

(૨) વાણી તો માતા સરસ્વતી છે, એની પાસે આવા તુચ્છ-અસાર કામ કરાવું ?

(૩) આવા હલકામાં રાચીશ તો પતી ગયું, ઊંચા કાર્યનું જ ભવ્ય જીવન જીવી રહ્યો ! ઉચ્ચની લાયકાત માટે હલકાનો રસ છોડવો પડે.

(૪) વળી મનથી સારાં ઘણાં કામ લેવાં છે, એ મનની શક્તિ તુચ્છ બોલના વિચાર ને આતુરતા પાછળ વેડફી નાખવાથી મન નિસ્સાર-કમજોર બની જાય છે. પછી એ ઉમદા-એકધારા ચિંતન શું કરી શકે ?'

આમ ખોટી આતુરતા પોષવામાં મન સારું ચિંતન ગુમાવે છે, અને આત્માની નિર્બળતાને પોષણ મળે છે. એથી ઊલટું,

**આતુરતાને રોકવામાં લાભ-૧.** સદ્‌વિચારોને અવકાશ મળે છે. ૨. મનોબળ વધે છે, ૩. સત્ત્વ વિકસે. મફતિયું-બિનજરૂરી બોલવામાં તો શું ને શું ય બોલી જવાય ? એમાં કોક એવાં ચીકણા કર્મ બંધાઈ ગયા, તો પછી બાર વાગ્યા ! એનાં વિપાકની ભયંકરતા તોબા પોકરાવે એવી જ સમજી રાખવી.

**બોલવામાં મરીચિની દુર્દશા :-**

મરીચિનું દૃષ્ટાન્ત ક્યાં અજાણ્યું છે ? કપિલ અભાગિયો એવો મળ્યો કે એની સાથે નકામી ચર્ચામાં ચઢ્યા, એમાં બોલી નાખ્યું કે **'ધર્મ તો ત્યાં મુનિઓ પાસે પણ છે, અને અહીં પણ છે.'** બસ આટલા ઉત્સૂત્ર ભાષણ પર એક કોડાકોડી સાગરોપમ પ્રમાણ સંસાર વધાર્યો. પછી કેટલી દુર્દશા ! કેવા દુઃખદ ભવો ! ભવોના ભવો સુધી કેવો જૈન ધર્મથી દેશવટો ! વાતોના તડાકા ઠોકતાં કે ગપાટાં મારતાં આનો કોઈ વિચાર ? શા સારુ જીભડીના ચટકા પોષી રહ્યા છો ?

મહાત્મા નંદીષેણ મુનિ અજાણપણે વેશ્યાને ત્યાં ગોચરી જઈ ચડ્યા ! ધર્મલાભ કહીને ઊભા ત્યાં પેલી કહે છે 'મહારાજ ! અહીં તો અર્થલાભનું કામ છે, ધર્મલાભને શું કરીએ ?'

હવે મહાત્માએ આગળ બોલવા પર અંકુશ મૂકવાનો હતો, પણ ના, જીભ મમરી (ચળવળી), બોલ્યા 'એટલે તું શું એમ સમજે છે કે અમે અર્થ લાભ નથી



કરાવી શકતા એટલે ધર્મલાભ આપીએ છીએ ?' બસ આ બોલવા પાછળ હવે મન પર ભાર આવી ગયો કે હવે એને સાચું કરી બતાવવું જોઈએ.

**બોલી નાખ્યાનો માથે ભાર :-**

આવું તો કેટલીય વાર બને છે કે બોલતાં બોલાઈ જાય પછી એ ગમે તેવુ અજુગતું હોય, જૂઠું હોય, આક્ષેપકારી હોય, પણ પછી એને સિદ્ધ કરવા, જુગતું ઠરાવવા અને અસત્ય ન હોવાનું સાબિત કરવા કેટલું મથાય છે ! વિચારો આમાં પરિણામ. વેશ્યા સાથે લાંબી વાતચીતો નહોતી, તો પણ બિનજરૂરી એક વાક્ય પણ કાઢવામાં અનર્થ ક્યાં સુધીનો ઊભો થયો કે પર્વત પરથી ઝંઝાપાત કરું, ગળે ફાંસો ખાઉં, પણ વ્રત ન ભાંગું, એ મક્કમતાવાળા એ અહીં વેશ્યાને ત્યાં બેસી પડ્યા ! તે ય ખાસા બાર વરસ ! એક બોલવા માત્ર પર આ બન્યું ને ? બોલ્યું ને બોળ્યું.

આ વિચારવા જેવું છે કે જીવનના વર્ષોના વર્ષો સારી વાણી રાખવા છતાં એક વાર પણ અસત્ વચનપ્રયોગ થઈ જાય તો એનાં માઠાં ફળ આવે છે, તો ફાવે ત્યારે બોલ્યા કરવાની આદતમાં અનેકાનેક પાપવચનો, અનુચિત બોલ અને પરના દિલને દુભાવનારા વેણ કાઢવામાં કેટકેટલાં અનર્થ ઊભા થવાના ?

કુમાર મહર્ષિએ પૂર્વ ભવમાં આ સમજીને જ એનાં મૂળ પર અંકુશ મૂકી દીધો, અને જીવનભરનું મૌન સ્વીકારી લીધું. મૌન જીવનમાં કેટલી અગવડ વેઠવી પડતી હશે ? પણ એની ચિંતા ન રાખી. બાકી તો અગવડ કેટલીક આપણી માની લીધેલી હોય છે. જીવન બહુ છૂટથી બોલવાનું રાખ્યું છે એટલે એમ લાગ્યા કરે છે કે 'આ જગ્યાએ નહિ બોલું તો અગવડ થશે,' કિન્તુ ખરેખર તો બહુ ઓછુ બોલવાની આદત પડ્યા પછી જીવન એવું ટેવાઈ જાય છે કે એમાં કશી અગવડ લાગતી નથી. મોટું મૌન હોય તો પછી એમ ટેવાઈ જાય છે.

મહાવીર પરમાત્મા ગૌતમ સ્વામી આગળ કુમાર મહર્ષિને સુલભબોધિ થવાનું આ કારણ બતાવી રહ્યા છે. સાથે એ બતાવ્યું કે એમણે અગ્નિ, પાણી અને સ્ત્રી, ત્રણેયથી ભારે અલિપ્ત જીવન રાખ્યું, એનાથી પણ એમને ભવાંતરે આટલા ઊચ્ચ ધર્મરૂપ બોધિ સુધીની સારી સરળતા થઈ.

આનો અર્થ એ છે કે;

અગ્નિ-પાણી-સ્ત્રીના ગાઢ સંબંધ બોધિને સુલભ ન થવા દેવામાં નિમિત્તભૂત છે.

બોધિ એટલે શું ? કેટલાકની સમજ એવી હોય છે કે બોધિ એટલે માત્ર સમ્યગ્દર્શન. પણ એટલું જ બોધિ નથી; **બોધિ તો સમ્યકત્વથી માંડી ઠેઠ વીતરાગતા સુધીના ધર્મરૂપ છે.** શાસ્ત્ર બોધિનો અર્થ જિનધર્મની પ્રાપ્તિ કરે છે. એનો એ જ ભાવ છે કે સમ્યકત્વ પણ ખરું અને ઉપરના દેશવિરતિ-સર્વવિરતિ વગેરે ધર્મ પણ

બોધિ જ છે. માટે તો એક પ્રશ્ન આવ્યો,

**પ્ર.**- ક્ષાયિક સમ્યગ્દષ્ટિ 'અરિહંત ચેઈયાણં' સૂત્રમાં 'બોહિલાભવત્તિયાએ' પદ શા માટે બોલે ? કેમકે એને તો હવે શાશ્વતકાળ માટેનું સમ્યગ્દર્શન પ્રાપ્ત થયેલું છે. પછી એના નિમિત્તે કાઉસ્સગ્ગ શો ?

ઉ.- આનું સમાધાન આ જ છે કે બોધિલાભ માત્ર સમ્યગ્દર્શનરૂપ નથી, કિન્તુ એથી ઉપરના ઠેઠ વીતરાગતા સુધીના બધા જ ગુણસ્થાનક, ધર્મસ્થાનક, આત્મધર્મકક્ષાઓ, એ પણ બોધિલાભ છે. એ બધો જ જિનધર્મ-જિને કહેલ ધર્મ છે. એની પ્રાપ્તિ અર્થાત્ અંતરાત્મામાં એની સ્પર્શના એ જિનધર્મ-પ્રાપ્તિ, એ બોધિ છે. એટલે ક્ષાયિક સમકિતિને પણ એ ધર્મો હજી પ્રાપ્ત કરવાના ઊભા છે, તેથી એ નિમિત્તે કાઉસ્સગ્ગ જરૂર કરે. માટે 'બોહિલાભવત્તિયાએ' પદ એણે બોલવું સાર્થક છે, નિરર્થક નહિ.

પ્રમત્ત-અપ્રમત્ત સંયમ સુધીની આ બોધિ કુમાર મહર્ષિને સુલભ થઈ જવામાં ભગવાને આ કારણ બતાવ્યું કે એમણે પૂર્વે અગ્નિ-પાણી અને સ્ત્રીથી તદ્દન અલિપ્તપણું રાખેલું.

**આત્મોન્નતિ અને ઉચ્ચ તત્ત્વજ્ઞાનનો પાયો સ્વ-પર-અહિંસા :-**

જિનેશ્વર ભગવાનનો ધર્મ સ્વ-પરની અહિંસાને મુખ્ય કરે છે. પરની અહિંસામાં ઠેઠ પૃથ્વીકાય અપ્કાય આદિ સુધીના જીવોની અહિંસા અને સ્વાત્માની અહિંસામાં કષાયો અને સ્ત્રી આદિ વિષયોના સંગથી થતી પોતાના આત્માની ભાવ હિંસાના ત્યાગરૂપ અહિંસા બતાવી. દ્વાદશાંગી જિનાગમમાં પહેલું અંગ આચારાંગ સૂત્ર, એમાં પહેલા બે અધ્યયનમાં આ જ બે વસ્તુ બતાવી છે, પહેલામાં શસ્ત્રપરિજ્ઞા' ઠેઠ સ્થાવરકાય સુધીના જીવોને સહેજ પણ દુઃખ થાય એવાં શસ્ત્રપ્રયોગનો પ્રતિજ્ઞાપૂર્વક ત્યાગ કરો, અને બીજામાં 'લોકવિજય' કષાયલોક અને વિષયલોક પર વિજય મેળવો. આ બંને વસ્તુ પાયો છે, એના પર આત્માની ઉન્નતિની, અને મોક્ષમાર્ગની સાધનાઓની ઈમારત રચાય છે. ઊંચું તત્ત્વજ્ઞાન પણ આ પાયા ઉપર મંડાય એને લેખે લાગે.

**સ્વઅહિંસા વિના પર-અહિંસા વ્યર્થ :-**

અભવી-ભવાભિનંદી જીવો ય ચારિત્ર લે છે, પણ માત્ર પર-અહિંસા પાળવા સુધી પહોંચે છે, સ્વ-અહિંસા નહિ. કેમકે એને હૈયાનાં ઉંડાણમાં ઇન્દ્રિયના વિષય સુખોનો રંગ છે, રાગ છે. તેથી એ બિચારાને ચારિત્ર જીવનમાં મેળવેલું તત્ત્વજ્ઞાન લેખે લાગતું નથી, આત્માની ઉન્નતિ કરી શકતું નથી.

**સ્વાત્માની અહિંસા પ્રધાન છે :-**



પર-અહિંસાથી સ્વની અહિંસા થાય, સ્વાત્માને પાપકર્મના ભારથી બચાવી શકાય, પરંતુ પોતાના વિષય-કષાયોની આસક્તિથી થતી સ્વહિંસામાંથી શે બચાય ? એ તો સર્વ ઉપાયોથી એનો ત્યાગ કરે તો જ બચી શકે. આ સૂચવે છે કે જિનશાસનમાં એકલી પર-અહિંસાની મુખ્યતા નથી, પણ સ્વ-અહિંસા સાથે પર-અહિંસાની મુખ્યતા છે. એમાંય ઊંડા ઊતરીને જોઈએ તો દેખાશે કે જો સ્વ-અહિંસા કરી અર્થાત્ વિષયો અને કષાયોનો સર્વથા ત્યાગ ઊભો કર્યો, તો પછી બીજા જીવોની હિંસા કરાવનારાં કારણ જ અટકી ગયાં, પ્રયોજન જ ન રહ્યું, પછી પર-હિંસા શાની થાય ? એટલે મુખ્ય આ આવીને ઊભું રહે છે કે સ્વાત્માની હિંસા ન કરીએ. વિષયકષાયો દ્વારા ઊભાં થતાં કર્મથી આત્માની હિંસા થાય એવી સ્થિતિ સર્જાય છે. કર્મ જીવને દુર્ગતિઓમાં એવો ફસાવે છે કે ત્યાં બીજાઓ એની હિંસા કર્યા જ કરે.

(૧) આ તો દ્રવ્યપ્રાણના નાશની દૃષ્ટિએ સ્વાત્માની હિંસા વિષય-કષાયો ઊભી કરે છે, એ વાત થઈ.

(૨) પણ આત્માના ભાવ પ્રાણની દૃષ્ટિએ પણ એનો નાશ થવાની હિંસારૂપ સ્વ-હિંસા વિષય-કષાય દ્વારા થાય છે એ વિશેષ ભયંકર છે. આત્માના ભાવ પ્રાણ છે જ્ઞાન-દર્શન-ચારિત્ર-ક્ષમાદિ ગુણો. ચિત્તમાં ઇંદ્રિય વિષયોનાં આકર્ષણ અને કષાયની લાગણીના આવેશ ઊઠવાથી ભાવ પ્રાણરૂપ જ્ઞાનાદિ ગુણોનો નાશ થાય છે. આ મોટી સ્વાત્મહિંસા છે. કેમકે એમાં પછી આત્મા પાપ-દોષ-દુષ્કૃત્યોથી ઘણો વિડંબાય છે, જેથી ઘોર દુઃખમય દુર્ગતિની પરંપરા સર્જાય છે.

ભરત ચક્રવર્તીએ આ સમજીને જ સાધર્મિકોને આ કામ સોંપ્યું હતું કે રોજ રાજસભામાં આવીને સુણાવે 'મા હણ, મા હણ' અર્થાત્ **'તમારા આત્માની હિંસા ન કરો, હિંસા ન કરો.'**

પોતે પોતાની શી હિંસા કરે ?

આ જ કે વિષય-કષાયોના આવેશ દ્વારા પોતે જ પોતાના ભાવ પ્રાણજ્ઞાન ક્ષમાદિ ગુણોનો નાશ કરે એ સ્વકૃત સ્વહિંસા.

**જાગૃતિ અને એનો પ્રબંધ જોઈએ છે ! :-**

વિચારવા જેવું છે મનહીમેં વૈરાગી ભરતજીને આનાથી બચવા રોજ જાગૃતિ જોઈતી હતી અને એ મળ્યા કરે એવો પ્રબંધ પણ એમણે કર્યો હતો. તમારે જાગૃતિની કેટલી જરૂર, ને તમે શો પ્રબંધ રાખ્યો છે ? સ્વયં સદા વિરક્તને જાગૃતિના નિત્ય સંદેશની જરૂર નથી લાગતી ! આશ્ચર્ય છે ને ? પેલા તો સમજે છે કે 'ભલે આપણે વિરક્ત હોઈએ છતાં મોહના સરંજામનો ઘેરાવો એવો છે કે

ઉંઘાઈ જવાય. માટે જાગતા રહેજોની ટહેલ તો પડ્યા જ કરવી જોઈએ.'

જાગતો નર સદા સુખી. બીજા કોઈને નહિ તો જરા ઘરના માણસને તો આ કામ સોંપી રાખો કે રોજ તમને જાગતા રાખે, રોજ તમને ટહેલ પાડે 'મા હણ, મા હણ ?' આવું કાંઈ નથી રાખવું તો શું ધાર્યું છે ? ક્યાંની ટિકિટ કઢાવવી છે ? મોક્ષનો ખપ છે કે નહિ ? કે પછી સંસાર ચાલે છે એ બરાબર લાગે છે ? એ તો ભવાભિનંદિતાનાં લક્ષણ છે,

**ભવાભિનંદીપણા પર પરિવર્તન નહિ :-**

ભવાભિનંદીપણું સારું નથી. ભવાભિનંદી જીવ ચાહે કીડો હોય, પશુ હોય કે મનુષ્ય હોય. ક્લેવર જુદી જાતનાં અને ઇન્દ્રિય શક્તિઓ ઓછી વધુ એટલું જ, બાકી આત્મા એવો ને એવો ! નીચેથી ઉપરની યોનિમાં આવવા છતાં કોઈ પરિવર્તન નહિ ! સંસારનો રસિયો એટલે માત્ર ઇન્દ્રિયોનાં સુખ જોયા કરે, ને એ માટે ભરચક કષાયો કરે. આહાર-વિષય-પરિગ્રહ-નિદ્રા અને કષાયોની પરવશતા એવી ને એવી. ભવાભિનંદીપણાની આ સ્થિતિ છે.

**આથર બદલ્યા, ગધેડાં એના એ જ :-**

કુંભાર ગધેડા હંકારી જતો હતો. કોઈ માણસ એને કહે છે 'ભાઈ ! આજ તારાં ગધેડાં સારા લાગે છે.' કુંભાર કહે છે 'ભાઈ સાહબ ! રહેવા દો. આ તો ઉપર નાખવાના આથર બદલ્યા છે, બાકી ગધેડા તો એના એ જ છે.' ભવાભિનંદી જીવનું આના જેવું છે. ઠેઠ મનુષ્ય ભવ મળ્યો, પણ તેથી શું ? ક્લેવર બદલ્યું બાકી આત્મા તો એવો ને એવો જ.

**આત્માની ગ્રેડ-પાયરી શું જાતે જ નીચે ઉતારવી ? :-**

અસારના રસમાં મહાલીને પોતાના આત્માની ગ્રેડ-પાયરી નીચીની નીચી રાખો છો એનું ભાન છે ? ગ્રેડ વધારી શકવાના આ ઊંચા ભવમાં રૂડું જિનશાસન સમજાવનારું મળ્યા પછી પણ શું એ કોડ નથી થતા કે 'હું હાથે કરીને શા સારુ નીચી પાયરીમાં ભટકું છું ? અરે ! શા માટે જાતે જ ગ્રેડ ઉતારી રહ્યો છું ? પશુ જેવાં આચરણથી પાયરી નીચી રહે છે. કદાચ સારાં આચરણ મુશ્કેલ પડે તો ય કમમાં કમ વિચારણા તો સુધારાય ને ? મનને એટલું ય ન થાય કે 'આ વિષય-કષાયની રમત તો પશુભવે ય કરી હતી, હવે મનુષ્યભવ પામ્યાથી શી વિશેષતા ? ધિક્કાર પડો મારા આત્માને કે અબૂઝ વિષય-કષાયોમાં રાચે છે, આહારાદિ સંજ્ઞાઓમાં રાચે છે ! આમ ને આમ આ ઘોર સંસારમાંથી શે ઊંચો આવીશ ? માટે કંઈક ને કંઈક પણ પશુ-પાયરીથી ઊંચી પાયરીએ આવવા પહેલું તો આ વિષય-કષાય, આ આહારાદિની લત, આ અર્થ અને કામને ઝેરરૂપ દેખું.'



આટલી વિચારણા ય મોંઘી પડે છે ? તો પછી ભવાભિનંદિતા શે ટળશે ?

**યોગદૃષ્ટિમાં પ્રવેશ ક્યારે ? :-**

શાસ્ત્ર કહે છે ભવાભિનંદિતા ટળ્યા વિના જીવ યોગદૃષ્ટિ પામી શકતો નથી. યોગની ઉત્તરોત્તર ચડતી આઠ દૃષ્ટિ છે. એમાંની માત્ર પહેલી દૃષ્ટિમાં પણ પ્રવેશ તેને જ મળે કે જેણે ભવાભિનંદિતા-સંસારનો રસ હેઠો મૂક્યો હોય. કૂતરા જેવાના જીવનમાં સેવેલી ઈર્ષ્યા, સિંહ જેવાના અવતારે રાખેલા અભિમાન અને નિર્દયતા, કાગડા-શિયાળ જેવા અવતારમાં પાળેલી-પોષેલી માયા, કીડી જેવા ક્ષુદ્ર અવતારે સેવેલો લોભ-તૃષ્ણા આ બધા કષાયોનું જીવન એ સંસાર છે. એનો રસ એ ભવાભિનંદિતાને પોષે છે.

માનવ તરીકે માત્ર ક્લેવર પલટો નહિ, પણ આત્માને ઊંચી પાયરીએ મૂકવો. એ કરવું હોય તો આ ઈર્ષ્યાદિનો રસ સુકાવી નાખવો જોઈએ.

**ઈર્ષ્યા રોકવા વિચારણા :-**

દિલમાં ઈર્ષ્યા ઊઠે કે તરત આ વિચારવું કે 'શા સારુ તારા જ હાથે તારી પોતાની ગ્રેડ નીચી ઉતારી રહ્યો છે ? ગ્રેડ-પાયરી ઊંચી લાવવી હોય તો સામા પર ઈર્ષ્યાને બદલે પ્રમોદ ભાવ 'સારું છે એ અધિક પામ્યો તો મારો જીવબંધુ જ છે ને ? એનાં પુણ્યે એને આવ્યું, તો ભલે. શા સારુ મારે ફોગટ બળવું ? જો એનું પુણ્ય જોરદાર છે, તો મારા બળવાથી કશું વળવાનું નથી; ઊલટું મારી પાયરી નીચી ઊતરે છે ને જીવ કર્મથી ભારે થાય છે. માટે મેલ ઈર્ષ્યાની લપ. સામો સુખી થાઓ, એનું ભલું થાઓ ! આ વિચારણા જ જોઈએ, ઈર્ષ્યાદિ દોષ મંદ થાય તો જ ભવાભિનંદિતાનું પાપ ટળે; અને યોગની પહેલી દૃષ્ટિમાં પ્રવેશ મળે; આત્માની પાયરી વધે.

વિચારશુદ્ધિ પહેલી જરૂરી છે. પ્રશંસનીય અપુનર્બંધક અવસ્થા અને ઉપર સમ્યગ્દર્શન અવિચારશુદ્ધિના બળ પર પ્રાપ્ત થાય છે. વિચારશુદ્ધિ આ કે સ્વહિંસારૂપ વિષય-કષાયના આવેશ તરફ અ-બહુમાન, નફરત, જુગુપ્સા, ભય, સચિંતતા. જો આ નથી તો જીવન એ દોષોનો એક ઢેઢવાડો, એક ઉકરડો બની જાય છે. જીવનને સુંદર ઉદ્યાન બનાવવા માટે પહેલી આટલી વિચારશુદ્ધિ જોઈએ. પછી શક્તિ ફોરવી-ફોરવી મન મારીને પણ આચારશુદ્ધિ કેળવતા જવી.

કુમાર મહર્ષિના જીવે પૂર્વ ભવમાં આ આચારશુદ્ધિની ઊંચી કક્ષા જાળવી રાખવા માટે, ભગવાન કહે છે કે, સર્વ ઉપાયોથી અગ્નિ, પાણી અને મૈથુનથી સર્વથા આઘા રહ્યા; એનો ઊંચો ત્યાગ પાળ્યો ! આ ત્રણે ચીજ એવી છે કે અખંડ સુવિશુદ્ધ સાધુપણું પાળવું હોય તો ત્રણેયથી દૂરના દૂર રહેવું જોઈએ.

અભયકુમારે દીક્ષિત ભિખારીની નિંદા કરતા લોકને ઉદ્યાનમાં ભેગા કરી આ જ

કહ્યું કે 'ભાઈઓ ! આવો, લઈ જાઓ મફત, અહીં આ સોનામહોરના ત્રણ ઢગલા કર્યા છે તે ભેટ આપવાના છે. જેને જોઈએ તે લઈ જાઓ. પણ શરત એક કે જે જિંદગીભર અગ્નિ, કાચું પાણી અને સ્ત્રીને અડવાનો ત્યાગ કરે એજ લઈ જાય.'

બસ, સોનૈયા મફત મળવાના જોઈને તો મોંમાં પાણી પાણી આવી ગયેલ ! પણ આ શરત સાંભળતાં સૌ ઠંડા પડી ગયા ! એક બચ્ચો આગળ આવ્યો નહિ. ત્યારે અભયકુમારે કહ્યું કે 'કેમ ઊભા રહી ગયા ? આવોને, લઈ જાઓ આ મોટા સુવર્ણ ઢગ મફતમાં. પણ પેલાં ત્રણનો ત્યાગ અઘરો લાગે છે કેમ ? તો એ ત્યાગ કરવા તૈયાર થાય એ બહાદુર ખરો ને ? તો પછી પેલા ભિખારીએ તો મુનિપણું સ્વીકારી જીવનભર માટે આ ત્રણ ઉપરાંત બીજાએ કેટલાક ભીષ્મત્યાગ કર્યા છે, છતાં જુઓ જો, એ આ ઢગલા લેવા આવ્યા છે ? જુઓ ટોળામાં એ દેખાય છે ? ના. તો પછી એ કેટલા બધા પરાક્રમી ગણાય ? એમની તમે નિંદા કરો છો ? નિંદા કરતાં શરમ નથી આવતી ? ભાગ્યવાન ! ઉત્તમોત્તમ સુકૃતની અનુમોદનાનો મહાલાભ ગુમાવી નિંદાનું જઘન્ય પાપ શા સારુ કરવું ?' બસ બધા સમજી ગયા કે અગ્નિ, પાણી અને સ્ત્રીને અડવાનો પણ ત્યાગ કરનારે કેવું મહાપરાક્રમ કર્યું છે !

**કુમારે શું શું મેળવ્યું ? :-**

કુમાર મહર્ષિના જીવે સર્વ ઉપાય યોજી અર્થાત્ મન-વચન-કાયાની બરાબર ગુપ્તિ જાળવી, પડવાનાં સ્થાન અને નિમિત્તોનો ત્યાગ કરી, શ્રુતોપયોગની ધારા, આગમપદાર્થચિંતનની ધારા વહેતી રાખી, બાહ્ય તપને ખૂબ જ વિકસ્વર બનાવી અગ્નિ-પાણી-મૈથુનનો સર્વથા ત્યાગ અદ્ભુત પાળ્યો. આની સાથે મૌન તો હતું જ. એણે ભગવાન કહે છે કે, એમને આટલા બધા સુલભબોધિ કરી દીધા કે (૧) એક રુક્મિના દૃષ્ટિદોષ પર પોતે સંસારત્યાગનો નિર્ધાર, (૨) દુશ્મનના ઘેરાવા વખતે ય અહિંસાની ઉજ્જવળ વૃત્તિ, (૩) સહજ કરી દીધેલ શુભ અધ્યવસાય અને (૪) શીલ, (૫) શીલના પ્રભાવ પરના ચિંતને અવધિજ્ઞાન, (૬) ત્યાં જ સંયમ સ્વીકાર, વગેરેને અતિ સહેલાઈથી પ્રાપ્ત કરી લીધા.

**ગૃહસ્થપણે પણ કર્તવ્ય :-**

મૌન અને અગ્નિ-પાણી-સ્ત્રીના ત્યાગનો કેવો પ્રભાવ ! એમ માનતા નહિ કે 'એ તો ચારિત્ર લીધું હોય તો બને; ગૃહસ્થજીવનમાં શું બને ?' એમ તદ્દન માંડવાળ જ કરશો તો શક્ય પણ ગુમાવશો. ઘરવાસ છે તેથી શું ? ધર્મની સરાસર અશક્યતા ? અલબત્ત સંપૂર્ણ મૌન, સંપૂર્ણ ત્યાગ ન બને, પરંતુ શક્ય એટલો ત્યાગ તો થઈ શકે ને ? શક્ય એટલું મૌન તો પાળી શકાય ને ? વાત આટલી



જ છે કે અગ્નિ અને પાણીના આરંભમાં એના અસંખ્ય જીવોની હિંસા નજર સામે રહી હૈયે એ જીવોની દયા ઊભરાય; તેમજ સ્ત્રીસંબંધ એટલે પશુતામાં પાછું વળવાનું ! નીતરતા બાહ્ય ભાવમાં ફસાવાનું ! ઉત્તમોત્તમ દેવ-ગુરુને પણ સ્ત્રી કરતા નીચેની પાયરીએ રાખવાના ! નરકાદિ દુર્ગતિને આમંત્રણ દેવાનું !...વગેરે વગેરે રૂપ ઓળખાય તો એના શક્ય ત્યાગ માટે પ્રયત્ન થાય.

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૩,અંક-૩૦,તા.૨૪-૪-૧૯૬૫**

**સુખનો અનુભવ પણ દયાનો નહિ ? :-**

સર્વજ્ઞ ભગવાનનું શાસન મળ્યું એની વિશેષતા શી ? એમણે જ પૃથ્વી-પાણી-અગ્નિ વગેરેમાં કણે કણે અને ટીપે ટીપે અસંખ્ય જીવ બતાવ્યા, એ જો આપણને માન્ય છે તો પછી એ જીવોની દયાનો વિચાર જાગતો રહેવો જોઈએ કે નહિ ? રાખો છો ? એ જાગતો હોય તો એના આરંભ-સમારંભના કાર્યોમાં એ અસંખ્ય જીવોની કતલ થઈ રહી છે એ શું વિસરાય ? આ તો આરંભ-સમારંભમાં સુખ-સગવડનો જ અનુભવ કરવો છે પણ અસંખ્ય જીવોની કતલનો વિચાર અને દયાની લાગણી નથી અનુભવવી, એ ક્યાંનો ન્યાય ? હૈયે એની અરેરાટી ન રહે ?

**જૈનપણાનો વિવેક :-**

'વાહ બંગલો સરસ બંધાયો !' એ ખુશી અનુભવવી છે, પણ 'અરે ! આની પાછળ અસંખ્ય જીવોનો સંહાર થયો ! કેવી મારી નિઘૃણા !' એ બળાપો નથી અનુભવવો ! શાસન શું માથે ધર્યું ? એમ, 'રૂપાળી પત્ની મળી, રૂપાળાં સંસાર-સુખ ભોગવાય છે, સરસ !' એ આનંદ માણવો છે, પણ એકેક પ્રસંગમાં બેથી ૯-૯ લાખ ગર્ભજ મનુષ્યોની હત્યા કરી, ગલીચ પશુક્રિયા અને કામાદિ વિકાર રોગો પોષ્યા, એની અરેરાટી, ઘૃણા, અને શરમ નથી અનુભવવી, ત્યાં જૈન માનવપણાનો વિવેક ક્યાં રહ્યો ? જીવન આવું ને આવું ચાલે તો બહારનું કોણ એમાં રોકવાનું છે ? એ તો જાતે જ આત્મા સાથે વિચાર કરી પાછા હટાશે તો જ બચી શકાશે.

**ધર્માત્માપણાનું મૂળ :-**

અગ્નિ-પાણીના જીવોની દયાનો વિચાર ભરપૂર વહેતો રાખો, તો જીવન જીવવામાં તદ્દન બિનજરૂરી એવા આરંભ-સમારંભ પડતા મૂકવાનું મન રહેશે. તેમ જરૂરી સમારંભોમાં પણ બને તેટલા ઓછા જીવોની વિરાધનાનું લક્ષ રહેશે. પાશેર પાણીથી કામ પતે તો અડધો શેર નહિ ઢોળવાનું. ౦। કલાકના અગ્નિથી કામ પતે

તો પોણો કલાક ચૂલો સળગતો નહિ રાખવાનો. એવું જ પશુક્રિયાની જુગુપ્સા-ઘૃણા-શરમ અને કામ-રાગાદિ વિકાર-રોગોના પોષણનો ખેદ જાગતો રખાય, તો એમાં શક્ય વધારે સંયમ કેળવવાનું મન અને અમલ ચાલુ રહે. ધર્માત્મા બનવાનું મૂળ આ છે કે જીવદયા, પાપઘૃણા અને વિકારખેદ જોરદાર રહે.

ગૃહસ્થવાસનું જીવન છે એનો એ અર્થ નથી કે, 'વિના કામ પાપ આચર્યે જવાનાં ! સ્થાવર જીવોની દયા નહિ વિચારવાની ! વિષયવાસના ગધેડાની માફક પોષવાની !' ના, જૈન ગૃહસ્થપણાનો આ અર્થ નથી.

**'શું કરીએ ? પાપમાં પડ્યા છીએ,'-એમ કરી પાપની મર્યાદા ન રાખવી, પાપમાં ભય નહિ રાખવો, એ તો જૈનપણાનું લિલામ છે.** જૈન ગૃહસ્થ તો શ્રમણો-પાસક હોય, શ્રમણપણાનો અભિલાષી હોય; એટલે એના હૈયે સ્થાવર જીવોની પણ દયા બેઠેલી હોય. જો ખરેખર આ દયા તરવરે છે, તો જીવોની જતના કેમ ન કરે ? પૂર્ણ બ્રહ્મચર્યને માનનારો હોય અને એ પામવાની અભિલાષા ધરાવતો હોય, એ થોડાય સંયમમાં કેમ ન આવે ?

**નરકદ્વારની પ્રશંસા ? :-**

જીવદયા અને દોષઘૃણા ભરપૂર જાગતા જોઈએ. એટલા માટે તો પૂર્વકાળે અલ્પ પરિગ્રહ, અલ્પ આરંભ અને ભારે સંયમ જ મહાન ગુણરૂપ મનાઈ એનાથી ગૃહસ્થ જીવન શોભતાં હતાં ! આજની તો ગતિ જ ન્યારી છે. મહા આરંભીને ઉદ્યોગપતિ તરીકે પ્રશંસવામાં આવે છે ! જ્યાં શાસ્ત્ર મહા આરંભ, મહા પરિગ્રહને નરકના દ્વાર કહે છે, ત્યાં એની પ્રશંસા હોય કે એની ઘૃણા અને મહાઆરંભી મહાપરિગ્રહીની દયા ? મહા પરિગ્રહની આજે હરિફાઈઓ ચાલી છે ! એ તો ઈન્કમટેક્ષ વગેરે સરકારી નિયમન નડે છે એટલે ચાલતું નથી, છતાં છાનુંછૂપું કેટલું કરાય છે ? એમાંય મનમાન્યો પરિગ્રહ ન કરી શકાયાનો ખેદ કેટલો કરાય છે ? ત્યાં નરકના દ્વાર તરીકેનું ભાન જ ક્યાં ?

**ગળથૂથી કેવી ? જૈનત્વ એના પર ? :-**

આજનું શિક્ષણ પણ શાનું ? મહા આરંભ, મહા પરિગ્રહ અને ઉદ્ભટ ભોગવિલાસોની લાલસા પોષનારું જ ને ? એની ભરચક અનુમોદના જ કરનારું ને ? ગળથૂથી જ આવી પોષાય એ પ્રજા ભવિષ્યમાં જૈનત્વ સાચવશે ? જૈનત્વ દીપાવશે ? આનો તમને વિચાર કેમ નથી આવતો ? એ ગળથૂથી બચાવવા શું કરો છો ?

**મૌન કેટલું જરૂરી ? :-**

કુમારમહર્ષિના જીવે અગ્નિ, પાણી અને મૈથુનનો સર્વથા ઉત્કૃષ્ટ ત્યાગ



પાળેલો, તેમ જીવનભર મૌન રાખેલું, તેથી અહીં એમને ઉચ્ચ ધર્મરૂપ બોધિ સુલભ થઈ ગઈ. ગૃહસ્થ જીવનમાં પણ શક્ય એટલું મૌન રાખવાનું કાંઈ અઘરું નથી, હૈયે વસી જાય કે 'ધર્મ સિવાયનું બોલવામાં મજા નથી. એમાંય બહુ બોલ બોલ કરવામાં તો પુણ્ય અને સંસ્કાર બોળવાના થશે, રદ્દી કરવાના થશે, તો સહેજે એવું બોલવા પર અંકુશ મુકાય. અનુભવ જુઓ કે સારું વ્યાખ્યાન સાંભળીને ઊઠ્યા પછી દુનિયાદારીનું બહુ બોલવા માંડો, ગપ્પાં-સપ્પાં લગાડવામાં પડો, એટલે પેલા ઉત્તમ શ્રવણથી મળેલા સુસંસ્કારો પાણીમાં જાય છે કે નહિ ?

- જીભ પર તાળું લગાવો.
- અંદરની ઊઠતી બોલવાની ખણજને દાબો.
- જરૂરી બોલવાનું ત્યાં ય જોખી જોખીને બોલો.
- ઈશારાથી પતે તો અક્ષર ઉચ્ચારવાનું માંડી વાળો.
- વચનયોગ બહુ કિંમતી છે, એને વેડફાય નહિ. બે વાક્યથી પતે ત્યાં બાર વાક્યો નહિ બોલવાના. આવું કાંઈક કરો તો મૌન તરફ પગલાં મંડાશે. મૌનથી ઘણાં ઘણાં પાપથી બચી જવાય છે.

**બોલવા પાછળ ભાવ કામ કરે છે :-**

આ એક ધ્યાનમાં લેવા જેવું છે કે આપણે કાંઈ ને કાંઈ બોલીએ એની પાછળ આત્મામાં પ્રાયઃ કોઈ ને કોઈ ભાવ કામ કરતો હોય છે, તેમ સામાને પણ એ સાંભળીને સામાન્ય રીતે તેવા તેવા ભાવ જાગે છે. હવે જો ભૌતિક પૌદ્ગલિક જ બાબતો બોલાયા કરે, અગર પરનિંદા, સ્વવડાઈ, ઈર્ષ્યા વગેરેનું બોલાય, તો સહેજે એની પાછળ ચિત્તમાં વિષયાસક્તિ, કષાયાવેશ વગેરે મલિન ભાવ પોષાવાના; ને શ્રોતામાં પણ એવા મલિન ભાવનું પોષણ થવાનું.

**મૌનના વિશિષ્ટ લાભ :-**

**પ્ર.**- તો ન બોલીએ તો શું એ ભાવો મટી ગયા છે ?

ઉ.- ભલે મટી ન ગયા હોય, પણ બોલવાનું કરતી વખતે એની ઉત્તેજના થાય છે, એવું જ શ્રવણથી. ત્યારે જો 'બોલવાથી દુષ્ટ ભાવનું વધારે પોષણ ન થાઓ,' એવી સમજથી મૌન રાખીએ કે તેવું સાંભળવાનું ન કરીએ તો,

- (૧) એમાં મલિન ખણજ પર અંકુશ મૂકવામાં આત્માનું સત્ત્વ વિકસે છે,
- (૨) દુષ્ટ ભાવની ખરાબીની જાગૃતિ રહે છે.
- (૩) એનું વધુ પોષણ અટકે છે.
- (૪) રદ્દી બોલવા-સાંભળવા પર થતા બીજા ય અનર્થ મૌનથી રોકાય છે.

...ઈત્યાદિ સુંદર લાભો મળે છે.

મલિન ભાવોના સંસ્કાર અનંત કાળના છે, પરંતુ આવી આવી રીતે મૌન દ્વારા એનું પોષણ અટકાવવાથી એ ઘસારે પડે છે. અલબત્ત, એ તો સમજી જ રાખવાનું છે કે મૌન રાખીને પણ દિલની અંદર એ મલિન ભાવો રમાડ્યા કરવાના નથી; કિંતુ એના પ્રતિપક્ષી શુભ ભાવ ભાવવાનો ઉદ્યમ ચાલુ રાખવાનો છે. એમાં મૌન પણ એવા ભૌતિક ભાવને રોકનારો એક પુરુષાર્થ બની શકે છે.

**કૂતરાથી ભૂંડી દશા નિંદા-કૂથલીમાં :-**

વિચારવા જેવું છે કે બીજી તો કેટલીય રીતે અશુભ ભાવોનું પોષણ કરી રહ્યા છીએ. એમાં બિનજરૂરી બોલવાનું કરીને મલિન ભાવોનું વિશેષ પોષણ શા સારુ કરીએ ?

માનવજીવન ભાવની વિશુદ્ધિ કરવા માટેનો ઉત્તમ અવસર છે. એમાં કમમાં કમ અજ્ઞાન ઢોરની જેમ અશુભ ભાવનું નિરર્થક પોષણ તો ન કરીએ. કૂતરા રાતના સામસામા ભસ્યા કરે છે. ભસીને શું કરે છે ? ઈર્ષ્યાના મલિન ભાવનું પોષણ. બસ, એથી ય ભૂંડી દશા શક્ય સુલભ પણ મૌન ન રાખનાર અને વિકથા-કૂથલી-નિંદા વગેરેનું બોલનારા માણસની છે. એવી પ્રવૃત્તિથી એ એક યા બીજા મલિન ભાવનું પોષણ કરે છે. મનુષ્યભવની આ કેવી વિટંબણા ! એમાં ય થયેલી જિનશાસનની પ્રાપ્તિની કેવી અવગણના !

**વાતવડાઈથી યશ કે મૌનથી ? :-**

બસ, વાત આ છે કે **'મૌનં સર્વાર્થ સાધનમ્'** મૌનથી સર્વ પ્રયોજન સિદ્ધ થશે, આપવડાઈ કે નિંદાનું બોલીને પણ જાતનો યશ થાય એ ઈચ્છા છે ને ? મૌન રાખો, એથી પુણ્ય વધી જશે, મૌન રાખવા પાછળના શુભ ભાવથી શુભ કર્મ યશનામકર્મ, શાતા વેદનીય, સૌભાગ્ય-નામકર્મ વગેરેની કમાઈ થશે. એના ઉદયે અવશ્ય જશ વગેરે મળશે. ત્યારે પેલું બોલવામાં તો યશ મળે કે ન ય મળે, એ શંકા.

**તત્કાળની ભૂખ મોટી :-**

**પ્ર.**- પણ મૌનથી તત્કાળ તો યશ ન મળે ને ?

**ઉ.**- આ તત્કાલની જ ભૂખમાં મરો છો. તત્કાળ તો આપવડાઈ કે નિંદા દ્વારા કદાચ યશ મળશે તો ય તે તુચ્છ ! ત્યારે મૌનથી ઊભા થયેલ પુણ્ય દ્વારા ભલે ભવિષ્યમાં, પણ મહાન યશ મળશે. તત્કાળની દૃષ્ટિમાં તો પછી એકે ય સુકૃત નહિ કરી શકો; અને સાંસારિક જીવનમાં ય આવકમાંથી ઘડપણ માટે બચાવી રાખવાનું શું કામ ? તત્કાલના આનંદમાં બધું જ ઉડાવી નાખો ને ? ભગવાનના આલંબને પુણ્ય દ્વારા મજેની દીર્ઘદૃષ્ટિ મળી છે, તો એનો આત્મહિતાર્થે ઉપયોગ ન



કરતાં તાત્કાલિક લાભમાં ઘસડાઈ ભાવિ દીર્ઘકાળ બરબાદ કરવો એ સરાસર મૂર્ખાઈ અને ધીટતા. છે બાકી મૌનથી તત્કાળ પણ ગંભીર તરીકેનો યશ મળે છે.

**પ્ર.**- અરે ! ગંભીર નહિ, પણ ગૂઢ-માયાવી તરીકે લોક ઓળખે છે, તેનું કેમ ?

**ઉ.**- ભૂલો છો, માયાવી તો તે કે જે મૂંગો રહી પેંતરા રચે છે અગર બોલવા જેવી બાબતમાં માયાભર્યું બોલે છે, તેમ અવસરે પ્રગટ કરવી જરૂરી પોતાની ક્ષતિને છૂપાવે છે. પોતાનું સારું જ ગાયા કરે, બીજાની ખોટી ખુશામતે ય કરે, અને આમ મૌન રાખે એ માયાવીમાં ખપે છે. બાકી એવું પોષે નહિ અને નિરર્થક બાબતમાં મૌન રાખે એ તો ગંભીર તરીકે લેખાય છે. અસ્તુ.

કુમાર મહર્ષિએ પૂર્વભવમાં વચનદંડ સેવ્યા પછી જીવનભર મૌન પાળેલું અને અગ્નિ-પાણી-મૈથુનનો સર્વેસર્વા ત્યાગ રાખેલો તેથી અહીં એ એટલા બધા સુલભબોધિ થયા ! એમ મહાવીર પ્રભુ ગૌતમસ્વામીને ખુલાસો કરે છે. પછી શું થયું એ ફરમાવતાં ભગવાન કહે છે,

**રુક્મિના રાજ્યમાં કુમાર મહર્ષિ :-**

એ કુમારમહર્ષિ પરિવાર સાથે આ પૃથ્વીને પાવન કરતાં કરતાં ઉત્તમ સંયમ જીવન સાથે ભવ્યાત્માઓ પર પણ ઉપકારને કરતા શ્રી સમ્મેતશિખર તીર્થ પર અનશન કરવા માટે જઈ રહ્યા છે, એમાં પેલા ચક્ષુકુશીલ રુક્મિ સ્ત્રીરાજાની નગરીમાં પધારે છે. ત્યાં પ્રજા અને રાજા સુદ્ધાં દર્શન-વંદન-દેશનાશ્રવણ અર્થે એમની પાસે આવે છે.

**મહર્ષિની દેશના :-**

આવા અવધિજ્ઞાની મહર્ષિ પરિવાર સાથે પધારે એટલે લોક-આકર્ષણનું પૂછવું જ શું ? પેલા બે દુશ્મન રાજાઓએ પણ આમની પાસે મુનિ-દીક્ષા લીધી છે. એટલે પણ મહર્ષિનો યશવાદ તો પૃથ્વી પર ફેલાઈ ગયો હોય. વળી એ અવધિજ્ઞાની છે. એ બધા હિસાબે અહીં રાજા અને પ્રજા આકર્ષાઈ આવેલ છે. મહર્ષિએ ભવ્ય ધર્મદેશના આપી, દેશનામાં શું પૂછવાનું ? અવધિજ્ઞાનથી પોતાના જીવનમાં જ અસંખ્ય ભવોમાં ઇન્દ્રિય-વિષયાસક્તિ, કષાય સેવન, પ્રમાદ, હિંસાદિ દુષ્કૃત્યો, રાગ-દ્વેષ-મોહ-મિથ્યાત્વ વગેરેથી કેટકેટલા ભયંકર અનર્થ નીપજ્યા, તે નજરોનજર નિહાળી રહ્યા છે. તેમ મૌન, અગ્નિ-પાણી-મૈથુનનો ત્યાગ, શીલ અને શુભ અધ્યવસાય વગેરેના કેવા મહા ચમત્કારિક લાભ છે એ પણ અનુભવ્યું છે, એટલે શુભાશુભ ભાવના લાભાલાભ પર અતિ રોમાંચક ભવ્ય ઉપદેશ કરે એમાં નવાઈ નથી.

**રુક્મિ વૈરાગ્ય :-**

આવી હૃદયવેધી દેશના સાંભળીને રુક્મિ રાજાને વૈરાગ્ય વધી ગયો, સંસારવાસ ઝેરરૂપ લાગ્યો, એમાં માનવ જીવનની ઉત્તમ સાધનાને યોગ્ય લાખેણી

ક્ષણો વેડફાઈ જતી લાગી ! એને થયું કે,

'મૃત્યુનો ભરોસો નથી કે ક્યારે આવી પડે ને અણમોલ તક ઝૂંટવાઈ જાય ! મૃત્યુને વાર હોય તોય કાળ થોડો છે અને સાધવાનું કામ ઘણું છે !'

**ક્રોડ પૂર્વ એટલે :-**

મહાવિદેહ ક્ષેત્ર જેવામાં ક્રોડ પૂર્વનું આયુષ્ય છતાં ત્યાં જન્મેલાને આ કાર્યસિદ્ધિ માટે એ કાળ ઓછો લાગે છે; માટે તો નાની ઉંમરમાં ચરિત્ર લઈ લે છે. ક્રોડ પૂર્વ એટલે શું નાનો સૂનો કાળ છે ? એક પૂર્વ ક્યારે થાય ? ૭૦,૫૬૦ અબજ વર્ષ વીતે ત્યારે એક પૂર્વ થાય. એવું એક વાર, બે વાર નહિ, અરે ! સો-બસો, હજાર-બે હજાર વાર નહિ, લાખ-બે લાખ વાર પણ નહિ, કિન્તુ સો લાખ વાર એવા જંગી કાળ પસાર થાય ત્યારે એક ક્રોડ પૂર્વનો કાળ થાય. કેટલો બધો મોટો કાળ ? છતાં એ પણ ઓછો લાગે છે, તેથી નાની નાની ઉંમરમાં ચારિત્ર લઈ એટલો દીર્ઘ કાળ ચારિત્ર પાળે છે ! બોલો છો ને,

**'જ્ઞાન-ધ્યાન-કિરિયા સાધંતા કાઢે પૂરવના કાળ,**
**—ભવિયા, મુનિવર પરમ દયાળ.'**

કેમ વારુ ? એટલા જ માટે, કે આવો ય કાળ ગમે તેટલો, પણ અસંખ્ય જનમનાં કર્મ તોડવા અને અનંતાનંત કાળની સુ-અભ્યસ્ત સંજ્ઞા-વાસનાઓ નિર્મૂળ કરવા માટે ઓછો લાગે છે. પછી ભલે પ્રખર પુરુષાર્થ વધી જાય, અને વચમાં જ કેવળજ્ઞાન મળી જાય; પણ એવા વિશ્વાસે ન રહેવાય કે 'હમણાં તો ઘરવાસ રાખો પાછળથી ચારિત્ર લઈ પ્રખર પુરુષાર્થ કરી કર્મ-વાસનાનો ભૂક્કો કરી નાખશું.'

**ધર્મ વાયદે કેમ ન મૂકાય ? :- ના કેમકે,**

(૧) એક તો જીવનકાળની ચોક્કસ ખબર નથી,

(૨) બીજું એ, કે એમ જાણી જોઈને ઘરવાસમાં રહ્યા તો પાપની ધીટતા થશે, તેથી ભવિષ્યમાં એવો પ્રખર ચારિત્રનો વીર્યોલ્લાસ જ નહિ જાગે.

(૩) વળી, ઘરવાસમાં રહેવા જેવું છે પણ શું ? ષટ્કાય જીવોના સંહારભરી અને રાગાદિ કષાયોથી ખદબદતી તુચ્છ વિષયસુખો અને વિનશ્વર મોહમાયાની ગુલામી જ કે બીજું કાંઈ ? બધું જ ઇન્દ્રિયો અને જડ કાયાની મોજમજા અને ફુલેકા ને ? આત્મા મૂળ માલિક છે, ધણી છે, કાયા તો પાડોશી છે. ધણીને મૂકી પાડોશીની સહેલ-સરભરા એજ ઘરવાસ ને ?

આ કાયા પાડોશીનું કરતાં કરતાં તો જન્મારા ગુમાવી નાખ્યા ! મૂળ ધણી આત્માનું કશું હિત જોયું નહિ, એટલે તો કર્મની પાકી કેદ ક્રૂર વિટંબણા અને સરાસર વેઠ પરાધીનતામાં હજી સુધી જીવ વિડંબાતો આવ્યો છે.



હવે અહીં વીતરાગ ભગવાનના શાસનથી સારી સમજ મળ્યા પછી પણ એ ? ધણીને ભૂલી પાડોશીને તાગડધિન્ના કરાવવાનું ચાલુ ?

**રુક્મિની દીક્ષા :-**

રાજા રુક્મિનો આત્મા સંસારવાસ પર કકળી ઊઠ્યો ! કુમારમહર્ષિની હૃદયવેધી વાણી પર અંતરાત્માના અનેરો વીર્યોલ્લાસ ઝળહળી ઊઠ્યા ! રાજ્ય બીજાને ભળાવી દઈ મહર્ષિ પાસે એણે ઘરવાસ ત્યજી ચારિત્ર લીધું, અને સાધ્વીસંઘમાં જોડાઈ ગઈ. આવી મોટી સ્ત્રીરાજા સંસાર છોડે એની અસર બીજાઓ પર પણ કેમ ન પડે ? એના પરિવારે પણ સંસારનો ત્યાગ કરી મુનિદીક્ષા સ્વીકારી લીધી.

**એક દીવો અનેક દીવા કરે :-**

જુઓ એક જ અવધિજ્ઞાની મહર્ષિ કેટલાને અને કેવા કેવાને તારે છે ! પૂર્વે ય બે રાજાઓને ભવકૂપમાંથી ઉદ્ધર્યા છે ! અહીં પણ રુક્મિ રાજાને ઉદ્ધરે છે ! ગામે ગામ વિચરતાં બીજા વળી કેટલાય સુખી-સમૃદ્ધોને ઘરકેદની બહાર કાઢ્યા હશે. એક દીવો કેટલાય દીવા પ્રગટાવે છે. આ બધો પ્રતાપ કોનો ? રાજકુમાર ઘરવાસમાં પડી રહ્યા હોત તો આમાંનું કેટલું કરી શકત ? પ્રતાપ ચારિત્ર જીવનનો, એમાં ય મૂળ પૂર્વ ભવે સાધેલ મૌનવ્રત તથા અગ્નિ-પાણી-સ્ત્રીનો સર્વથા કડક ત્યાગ કરેલો, એનો આ પ્રભાવ વિકસી ઊઠ્યો છે કે મોટા રાજાઓ જેવા પાસે પણ સંસાર ફગાવી ફગાવી એમને ચારિત્રમાર્ગે ચઢાવી દે છે ! તેમ પોતાને પણ આજન્મ પવિત્ર ત્રિકરણશુદ્ધ શીલ, શુભ અધ્યવસાયમાં રમણતા ઉપરાંત ગૃહસ્થ કુમારપણામાં જ નિર્મળ અવધિજ્ઞાનની પ્રાપ્તિ ! લાવો લાવો જીવનમાં કાંક નક્કર સાધના લાવો જેથી આત્મા ઊંચો આવે. કાયા-માયાની આળપંપાળ કર્યે શું વળવાનું છે ?

**રુક્મિની સાધના :-**

જગદ્ગુરુ મહાવીર પરમાત્મા ફરમાવે છે કે 'હે ગૌતમ ! તે નરેન્દ્રશ્રમણી રુક્મિએ ચારિત્ર સમજીને લીધું છે એટલે દીક્ષાથી માંડીને એણે ઘોર, વીર, ઉગ્ર, કષ્ટમય તપ, સંયમ અને અનુષ્ઠાન આચરવા માંડ્યા ! સાથે શરીર સારવારની દરકાર જ મૂકી દીધી; સગવડ-અનુકૂળતા તરફ નિસ્પૃહ બની ગઈ.

**તપ-સંયમ-ક્રિયાની ત્રિપુટી :-**

તપમાં આંબેલ, ઉપવાસ, છઠ્ઠ, અઠ્ઠમ વગેરે. સંયમમાં મહાવ્રતો અને સમિતિ-ગુપ્તિનું અણીશુદ્ધ પાલન, અને અનુષ્ઠાનમાં આવશ્યક ક્રિયા તથા શાસ્ત્ર-સ્વાધ્યાય, ગુરુસેવા વગેરે. તપ-સંયમ-ક્રિયાની આ ત્રિપુટીની સાધના પણ કાચીપોચી મુડદાલ નહિ, કિન્તુ જોમવાળી ! ઘોર !

**સાધના 'ઘોર' એટલે :-**

એવી કે બીજાને આ જોઈને હૈયું ફફડે. કે 'હાય ! આ શે બને ? સુખશીલિયાઓને ભય લાગી જાય કે આ તપસ્યા ને આ સંયમ-અનુષ્ઠાન કરતાં આપણા તો બાર વાગી જાય ! એવી ઘોર સાધના આ રાજવી અને સુકુમાર શરીરે રુક્મિ સાધ્વી કરી રહી છે.

**સાધના 'વીર' એટલે :-**

વળી એ સાધનાને ભગવાન વીર સાધના કહે છે. 'વીર' એટલે વીર્યવાળી, પરાક્રમી, સાત્ત્વિક; અર્થાત્ અનાદિ કાળથી તેમ આ જીવનના જન્મકાળથી સુંવાળા ટેવાયેલા તન-મનને કષ્ટમય તપસ્યા વગેરેની સાધના પસંદ ન પડે, પણ અંતરાત્માનું ખમીર પ્રગટ કરીને, સત્ત્વ વિકસાવીને મજબૂત મને અને આનંદભેર એ કષ્ટમય સાધનાઓ આચર્યે જવાની ! દિનરાત જરાય થાક્યા-કંટાળ્યા વિના ખડતલ બની ધપાવ્યે રાખવાની. જેમ જેમ એ સાધના થયે જાય તેમ તેમ આત્માનું ઓજસ ઓર વિકસતું જાય એ વીર સાધના.

**સાધના 'ઉગ્ર' એટલે :-**

વળી સાધના પણ મામૂલી નહિ કિન્તુ ઉગ્ર ! ઉગ્ર એટલે શરીર સુકોમળતા ના પાડે છે, શાસ્ત્ર બળાત્કાર કરતું નથી, છતાં ઉચ્ચ કોટિની સાધના કરવાની. તે પણ મનની હોંશ વિના નહિ, હોંશ સાથે મનના પ્રણિધાનવાળી અને તનને ઘસારો પમાડે એવી ! સુખશીલતાનો ભુકો બોલાવે, ને સુંવાળાશને દેશવટો દે એવી !

**સાધના 'કષ્ટમય' એટલે :-**

એ વળી કષ્ટમય સાધના એટલે કે બાવીસ પરિષહ :- ક્ષુધા પિપાસા, ટાઢ, ગરમી વગેરેને સ્વચ્છાએ સહન કરવા સાથેની સાધના.

**શું મન માને એ કષ્ટમાં ? :-**

હા, સંસારની કારમી વિટંબણાઓ બરાબર નજર સામે તરવર્યા કરે, જીવથી અર્થ-કામ પાછળ સહાતી ઘોર યાતનાઓ દૃષ્ટિસન્મુખ રહ્યા કરે અને સાધનાની તક સરકી જતી દેખાય તો આ આત્મકલ્યાણ-સાધક પરિસહાદિ કષ્ટમય સાધના કરવાનું મન ખુશમિશાલ માને. એ તો આત્મહિતની વાતમાં રસ નથી, એટલે જરાક શું કષ્ટ વેઠવા તૈયારી નથી.

પણ અનંતાકાળની તન-મનની સુંવાળાશ ધર્મનાં કષ્ટ સહ્યા વિના શે જવાની હતી ?

રાજશ્રમણી રુક્મિ ઘોર-વીર-ઉગ્ર-કષ્ટમય તપમાં લીન બની છે, પરંતુ તે અત્યંત નિસ્પૃહભાવે. કોઈ મોટા ચક્રવર્તી-દેવ-દેવેન્દ્રની ઋદ્ધિ-સમૃદ્ધિ આશંસા નથી;



તેમ અહીંના ય માનસન્માનની આકાંક્ષા નથી. બસ એ રીતે કેટલોક કાળ પસાર થઈ ગયો.

**સમ્મેત શૈલ પાસે :-**

હવે એ કુમારમહર્ષિ સમ્મેતશેલ શિખરની નજીકમાં આવી પહોંચે છે. પોતાને હવે અનશન નજીકમાં છે. સાધુ-સાધ્વી પરિવાર સાથે છે. એ ય અંતિમ આરાધના કરવા ચાહે છે. મહર્ષિને જેના નિમિત્તે શીઘ્ર વૈરાગ્ય-વૃદ્ધિ અને ચારિત્ર પ્રાપ્ત કરવાનું બન્યું છે એવી એ રુક્મિ-સાધ્વીની આત્મશુદ્ધિ માટે લાગણી થઈ આવે છે, એટલે એને બોલાવીને આ પ્રમાણે કહે છે,

**મહર્ષિની રુક્મિસાધ્વીને સલાહ :-**

'હે દુષ્કરકારિ શ્રમણી ! હવે આપણે અનશન માટે જ્ઞાનીઓએ ભાખેલી સંલેખના શરૂ કરવાની છે, કેમકે હવે આ દેહનો વિધિપૂર્વક ત્યાગ કરવાના પાકા લક્ષ્યને અમલમાં મૂકવાનો અવસર આવી લાગ્યો છે. તો પહેલું તો હૃદયને સર્વ શલ્યથી મુક્ત બનાવી દેવું જોઈએ. એ માટે કાંઈ પણ માયાશલ્ય રાખ્યા વિના વિશુદ્ધ દિલે જીવનની સ્ખલનાઓનું આલોચન-નિંદા-ગર્હા કરવા પૂર્વક શાસ્ત્રોક્ત પ્રાયશ્ચિત્ત ગ્રહણ કરી વહન કરવું જોઈએ. તો તમે જેવી રીતે ભારે પુરુષાર્થ-પરાક્રમથી ઘોર-વીર-ઉગ્ર-કષ્ટમય તપ, ઉગ્ર વિહાર તથા સંયમ અને અનુષ્ઠાનની આરાધના કરી છે તેવી રીતે હવે શીઘ્ર સ્થિર-વિનમ્ર-નિર્મળ મનથી નિઃશલ્યપણે બધી આલોચના કરો.'

મહર્ષિએ ઊલ્લાસ વધે એ રીતે પ્રેરણા કરી અને રુક્મિસાધ્વીએ યથોક્ત વિધિએ સર્વ આલોચના કરી પણ ખરી, અર્થાત્ જીવનની બધી સ્ખલનાઓ વ્રતભંગ, વ્રતને દૂષણ લાગ્યા હોય તે વગેરે બધું કહ્યું, પરંતુ પેલા દૃષ્ટિ-દોષની આલોચના ન કરી.

હવે સામાન્ય નિયમથી તો આચાર્ય સામે જેટલું સ્પષ્ટપણે આલોચે, પોતાના દોષ-અતિચાર કહે એ સાંભળી લે, પણ સામે પ્રશ્ન કરીને દોષ પ્રગટ કહેવરાવે નહિ; કિન્તુ પ્રસંગવિશેષમાં પૂછવું ય પડે. અહીં કુમારમહર્ષિને રુક્મિની દયા થઈ આવે છે, તેમ જ એના એ દોષને પોતે જાણે પણ છે, તેથી સામે ઊઠીને એને યાદ દેવરાવતાં કહે છે,-

'હે નરેન્દ્રશ્રમણી ! તે વખતે રાજસભામાં બેઠેલા તમે ઋદ્ધિ-શાતા ગૌરવમાં રહ્યા સરાગ અભિલાષાથી મારા પર દૃષ્ટિ નાખેલી, તેની પણ આલોચના કરી લો, જેથી હે દુષ્કરકારિણી ! તમારે સર્વોત્તમ વિશુદ્ધિ પ્રાપ્ત થાય.'

**રુક્મિ દૃષ્ટિદોષ આલોચવા તૈયાર નથી :-**

મોટા અવધિજ્ઞાની મહર્ષિ કહે છે છતાં હજી રુક્મિની એ દોષ કબૂલવાની તૈયારી નથી; કેમકે એને એમ ભય લાગે છે કે "એમ કબૂલી લઉં તો સાધ્વીઓની સાથે રહેતાં કેવી કહેવાઉં ? 'અરે ! આ અમુક રાજાની પુત્રી ચક્ષુકુશીલ હતી ?' એમાં તો મારી નાલેશી થાય."

માનહાનિનો ભય લાગ્યો, પાછું મહર્ષિને જૂઠા પડાય એમ નથી કે 'ના, મેં તો તમારા સામે એમ જોયું જ નથી.' એમાં તો વળી સાધ્વીઓની વચમાં વિશેષ માનહાનિ થાય. પેલી તો કદાચ ન થાય કેમકે સાધ્વીઓ ગંભીર હોય, પણ ધર્માચાર્યને ખોટા પાડવામાં તો જરૂર માનહાનિ થાય. એટલે ઈન્કાર કરી શકાય એમ નથી. તેથી હવે જવાબ દેવા માટે મન સંતાપ અનુભવી રહ્યું છે. ત્યાં પોતાના માથેથી કલંક ટાળી દેવા સિફતનો ઉત્તર કરવા માટે એનો અતિ ચપલ અને માયાશીલ પાપી સ્ત્રી સ્વભાવ આગળ આવ્યો, અને એને વશ થઈ ઉત્તર શોધી કાઢ્યો.

કર્મની કેવી વિચિત્રતા છે ! આત્માની સિલિકમાં રહેલ તેવાં કોઈ મોહનીયકર્મ નિમિત્ત મળતાં જ્યારે ઉદયમાં આવે છે ત્યારે એ કર્મવાળા જીવની બીજી ગુણસંપન્નતા અને પૂર્વની સારી કારકીર્દીને ગણકારતા નથી. શ્રેણિકપુત્ર નંદીષેણ મુનિ બનેલ ! અલૌકિક લબ્ધિ ઉત્પન્ન કરે એવી ઘોર તપસ્યા અને રસત્યાગ વગેરે કરેલ ! સંયમનો જબરદસ્ત પ્રેમ ! વિષયભોગની અત્યંત તીવ્ર ઘૃણા ! આવા, ગુણિયલ અને ઉત્તમ કારકીર્દીવાળા છતાં વેશ્યાના હાવભાવ અને આગ્રહનું નિમિત્ત મળી આવ્યું તો મોહનીયકર્મ જોર કરી ગયું; ઉદયમાં આવી મુનિને પટકી ગયું ! મુનિના પુરુષાર્થને આંબી ગયું ! પુરુષાર્થને મોળો પાડી નાખ્યો.

**પ્રદેશોદય : સ્તિબુક સંક્રમ :-**

એવું નિમિત્ત નહોતું સેવ્યું ત્યાંસુધી ભોગકર્મ દબાયું રહેતું, અર્થાત્ એનો ક્ષયોપશમ પ્રવર્તતો હતો. કર્મની નિષેક-રચના મુજબ સમયે સમયે કર્મદળિયાં ઉદયમાં તો આવે, પરંતુ જીવના શુભ ભાવ-ભાવનારૂપી જાગતા પુરુષાર્થને લીધે માત્ર પ્રદેશથી ઉદયમાં આવે, પૂર્વ સમયે બીજા હળવાં કર્મમાં સંક્રમિત થઈને ઉદયમાં આવે, પણ એનો પોતાનો રસ ઉદયમાં ન આવે. રસ સંક્રમથી સ્થગિત થઈ જાય. એને શાસ્ત્રમાં સ્તિબુક સંક્રમ કહે છે. એટલે કર્મપ્રદેશ-કર્માણુ કોરેકોરા ઉદયમાં આવી રસ દેખાડ્યા વિના આત્મા પરથી ખરી જાય. આને રસોદય-વિપાકોદયનો અભાવ અને પ્રદેશોદય કહેવાય, તે કર્મનો ક્ષયોપશમ કહેવાય. ખરાબ નિમિત્તોથી આઘા રહી શુભ ભાવ યા ભાવનાનો પુરુષાર્થ ચાલુ રાખો ત્યાં સુધી આ સ્થિતિ ચાલ્યા કરે, અને તેથી આત્મામાં ગુણ પ્રગટ રહે.





**નિમિત્તની જોહુકમી :-**

પરંતુ ખરાબ નિમિત્ત સેવો, અને સહેજે જો એથી શુભભાવ-અધ્યવસાય-ગુણસ્થાનક પરિણિતિ મોળી પાડો, સુંદર ભાવનાનું જોર મંદ કરો, એટલે પેલા પ્રદેશોદયમાં ચાલુ કર્મ ચડી બેસે. સંક્રમણ અટકી જાય, બીજા મંદમાં સંક્રમિત થઈને ઉદયમાં આવવાનું બંધ, અને પોતે સ્વતંત્ર ઉદયમાં આવે. એટલે સ્વાભાવિક છે એનો રસોદય ઝળહળે ! એ પૂર્વે ચાલી આવતા ગુણોનો ઘાત કરે ! નિમિત્તની આ જોહુકમી છે.

**પુરુષાર્થનો વિજય :-**

હાં, નિમિત્ત અણધાર્યું આવી ગયું અને શુભ-ભાવનાનો પુરુષાર્થ મોળો ન પડવા દેતાં ઊલટો સતેજ કર્યો, તો બચી જવાય. ઝાંઝરિયા મુનિ અણધાર્યા એક કુશીલ સ્ત્રીના ઘરે જઈ ઊભા હતા. પેલીએ હાવભાવ, કોમળ કામવચન, ઉપરાંત ઠેઠ સાધુને વળગવા સુધી પહોંચી જવાનું કર્યું ! પરંતુ મુનિ અતિ તેજસ્વી સંયમભાવ રાખવાનો પુરુષાર્થ અને ત્યાંથી બળાત્કારે ભાગી છૂટવાનો પુરુષાર્થ કરનારા બન્યા, તો મોહનીય કર્મનું ચાલ્યું નહિ, ગુણ ગુમાવ્યો નહિ, પુરુષાર્થનો વિજય થયો. નંદીષેણ મુનિને પણ અણધાર્યો વેશ્યાયોગ થયેલો, કિન્તુ લબ્ધિથી ૧૨ાા ક્રોડ સોનૈયા વરસાવવા અને હાવભાવ-નખરાં કરતી પેલીની સાથે સવાલ-જવાબ કરવા ઊભા, એ અસત્ પુરુષાર્થ કર્યો. ત્યાં નિમિત્ત જોર કરી ગયું, કર્મને રસોદયમાં તાણી લાવ્યું, ગુણ ગયો, મુનિપણું ત્યજી વેશ્યા સાથે બેસી ગયા !

એટલે વાત આ છે કે-

ખોટાં નિમિત્ત ધારીને સેવવાનાં નહિ; ને અણધાર્યાં આવી પડે તો શુભ ભાવનો પુરુષાર્થ જ્વલંત રાખી ત્યાંથી ખસી જવાનું. તો પુરુષાર્થનો વિજય થાય.

**શુભ-ભાવ-ભાવના શે ટકે ? :-**

આ જો ન આવડે, અણધાર્યાં આવી પડેલ નિમિત્તમાં ઊભા રહેવાય, તો સત્ પુરુષાર્થ મોળો પડ્યો સમજો; અને ધારીને જ અસત્ નિમિત્ત સેવવા ગયા તો તો પડવાનું પૂછવું જ શું ? આજે ધારીને સેવાતાં બિભત્સ સિનેમા-દર્શન અને નવલિકા-વાંચન તથા કુમારિકા સાથેના સહવાસે સારા સદાચારી કુળના પણ છોકરાઓને કેવા બનાવ્યા છે. એ ક્યાં અજાણ્યું છે ? છોકરા શું, મોટાઓ પણ જો એમાં પડે તો ખતમ ! સામૂહિક નવપદ ઓળી-આરાધના, ઉપધાન, તીર્થયાત્રા સંઘ વગેરેમાં જો પરસ્ત્રી સાથે લપુડાવેડા કરવા ગયા તો એની ય દુર્દશા થાય છે. કદાચ સમૂહ-શરમે કાયિક પતન કરવાનો જોગ ન મળ્યો તો પણ માનસિક પતન અને દૃષ્ટિદોષમાં પતન

તો થયું જ સમજો. ત્યાં શુભ ભાવ-ભાવનાના પુરુષાર્થ શે ટકે !

**સિનેમાની વિચિત્રતા :-**

કેટલું વિચિત્ર છે રસ્તે જતી બાઈના સામે આંખ માંડીને જોવાય નહિ, પરંતુ સિનેમામાં ચિત્રપટ પરની હાલતી-ચાલતી-બોલતી પરસ્ત્રી સામે ધારી-ધારીને જોવાનું કરાય ! એ કમમાં કમ માનસિક પતન કેમ ન કરાવે ? આ જ તમારો સિનેમા ને ? આર્યને તદ્દન અનુચિત પરસ્ત્રીદર્શન કોઈની ટીકા-ટિપ્પણી વિના ખુશમિશાલ ધારી ધારીને કરાવે એ આજના સિનેમા ! એમાંય પાછી ભાગ ભજવતી સ્ત્રી એક્ટ્રેસો હાવભાવ-કટાક્ષ અને ઉદ્ભટ વેશમાં કાંઈ બાકી રાખે ? સદાચારના હિમાયતી છો ? જાતમાં અને આશ્રિત કુટુંબમાં વિજાતીયનાં દર્શનનો દૃષ્ટિદોષનો પણ દુરાચાર ન પેસે એ ઈચ્છો છો ? એના હિમાયતી છો, તો સિનેમાનાં મહાપાપથી જાતને અને આશ્રિતને પહેલેથી જ એની ભયાનકતા સમજાવી દૂર રાખવા જોઈએ. એવું જ છાપાં-માસિકો વગેરેની નવલિકા-નોવેલોના વાંચનથી આઘા રહેવા-રાખવા જેવું છે. એમાં તો સાધુય જો પડ્યા ને, તો એ ય ખતરામાં સમજો.

**શીલની પવિત્ર ભાવના નાજુક છે.** સહેજ ખરાબ નિમિત્તનો ટકોરો લાગતાં એના તાર તૂટ્યા સમજો. અંતરથી એ તૂટ્યા એટલે કદાચ બહારનાં વ્યવહારનાં બંધને બહુ આડુઅવળું-અજુગતું નહિ થાય, તોય મન ભૂંડ-ગદ્ધાની કોટિમાં જવાનું, ને છાનાંમાનાં પાપ આચરશે એ જૂદું. કાળા ચશ્માં શાના પહેરાય છે ? શું એ પહેરનાર બધાને આંખો એટલી બધી નબળી ને રોગિષ્ઠ થઈ ગઈ છે કે સૂર્યનું તેજ ખમાય જ નહિ ? આંખ બગડી જ જાય ? પણ આડીઅવળી દૃષ્ટિ ફેરવવી હોય તે, વગર તેવા ચશ્મે, શી રીતે ફેરવી શકાય ? આ બધા ચક્ષુકુશીલ વગેરે પાપ શેમાંથી ઊઠે છે ? ખરાબ નિમિત્તોનાં સેવનથી પવિત્ર ભાવનો પુરુષાર્થ ખતમ કરી નાખ્યા પર જ તો. સાર આ છે કે ખરાબ નિમિત્ત અણધાર્યા આવી પડે તો એનાથી ઝટ દૂર ભાગો, પછી જાણી જોઈને તો એનો પડછાયો પણ નહિ લેવાનો એમાં પૂછવું શું ? માટે તો સ્થૂલભદ્રજીને એકલાને અપવાદમાં મૂક્યા. ખુદ એમના ગુરુ શ્રુતકેવળી ભગવાન સંભૂતિવિજય અણગાર એવો અખતરો કરવા ન ગયા, કે સિંહની બોડ આગળ ૪-૪ માસ સુધી ચોમાસું રહી આવનાર મહામુનિને પણ એ અખતરો કરવા જવાની આજ્ઞા ન આપી. કેમ વારુ ? બ્રહ્મચારી-સદાચારીએ એવા એકાંત પરસ્ત્રી સહવાસનાં નિમિત્તથી આઘા જ રહેવાનું એ કાયદો, તીર્થંકર ભગવાનની આજ્ઞા. એ ઉત્થાપે એના બાર વાગી જાય ! નંદીષેણ ખરાબ નિમિત્ત જાણવા છતાં ઊભા રહ્યા, દર્શનાદિ નિમિત્ત સેવ્યું, તો પડ્યા ને ?



**પ્ર.-** પણ એમને તો નિકાચિત કર્મ હતું એટલે પડ્યા ને ?

ઉ.- તો વહેલા કેમ ન પડ્યા ? અને ખરું તો તમારે પણ ખરાબ નિમિત્ત સ્થૂલભદ્રજીના પવિત્ર ભાવથી સેવવા છતાં નિકાચિત કર્મ છે માટે પડવાનું થાય છે ? ભૂલા પડતા નહિ, ખોટા વિશ્વાસે ખોટા બહાને તણાતા નહિ, ઉપાધ્યાયજી મહારાજ કહે છે,

**'શ્રેણિક સરખા રે અવિરતિ થોડલા, જેહને નિકાચિત કર્મ !**
**તાણી આણે રે સમકિત વિરતિને, એહી જ પ્રવચન-મર્મ**
**શ્રી જિનભાષિત વચન વિચારીએ.'**

અર્થાત્ "શ્રેણિક અને કૃષ્ણ મહારાજા જેવા આત્મા થોડા કે જેમને નિકાચિત કર્મ નડતાં હોય, અને તેથી 'સમકિત' સમ્યગ્દર્શન છતાં 'વિરતિ' હિંસાદિ-વિરમણ ન આવતું હોય. બાકી તો ઘણાયને ભોગાવલી કર્મ અનિકાચિત, એટલે ખરેખર સમ્યગ્દર્શનનો પુરુષાર્થ હોય તો તે સહેજે એ અનિકાચિત ભોગ-કર્મનો ક્ષયોપશમ ઊભો કરી વિરતિને તાણી લાવે. જિનપ્રવચનનું આ રહસ્ય છે. માટે શ્રી જિનેશ્વરદેવે ભાખેલ વાણીનો ઊંડો વિચાર કરીએ."

શું કહ્યું ? સમ્યક્ત્વનું પડીકું ખીસામાં લઈને એવા ચીંથરેહાલ ભોગલંપટ અને ઘરવાસનો કીડા બન્યા રહ્યે ફરાય એમ નથી. ચકાસવાની જરૂર છે કે,

**ખરેખર સમ્યક્ત્વ સ્પર્શ્યું છે ? સમ્યક્ત્વનું પાયાનું લક્ષણ આ કે જિનોક્ત તત્ત્વ પર અખૂટ-અનન્ય શ્રદ્ધા.** જિને શું કહ્યું છે ? જીવતત્ત્વ કેવું બતાવ્યું છે ? પૃથ્વીકાય, અપકાય, વગેરે ષટ્કાયનાં અસંખ્ય અનંત જીવો, એક પાણીના ટીપે ટીપે અસંખ્ય જીવ, એ બધા જીવો સુખના અભિલાષી છે, દુઃખથી ત્રાસે છે. **'सव्वे पाणा परमाहम्मिआ'** પરમાહમ્મી એટલે 'પરમધર્મ' સુખની અભિલાષાવાળા સર્વે પ્રાણીઓ છે. હવે વિચારો,

**આ જીવો પર દયા છે ?**

ઘરવાસ સેવતાં સુંદર મકાન, રાચરચીલું, ભોજનના થાળ, કરન્સી નોટોના થોકડાં, વગેરે તૈયાર થવામાં જે એ અસંખ્ય જીવોનો કચ્ચરઘાણ નીકળ્યો એની અફસોસી અરેરાટી થાય છે ?

સ્થાવરકાય જીવોના જાણી જોઈને અને ત્રસકાય જીવોના અજાણ્યે સંહાર કરતાં કાળજું કંપે છે ?

'અરે ! આ કેવો ગોઝારો ઘરવાસ કે મારે આ નિર્દોષ-નિરપરાધી-અસંખ્ય જીવોનો કચ્ચરઘાણ કરવો પડે છે ! કેવી મારી નિર્ઘૃણતા-નિર્દયતા !' આવો જાતફિટકાર છૂટે છે ?

દયા ઊભરાય છે ? 'બિચારા આ જીવોને કેવું જીવતા રેંસાઈ જવાનું કારમું દુ:ખ ! મૂંગા બોલી ન શકે પણ એને કેટલી વેદના થતી હશે !' ભય લાગે છે, 'મારું શું થશે ?' વૈરાગ્ય ઊછળે છે' ક્યારે આ જીવમારના ઘરવાસના ફંદામાંથી છૂટીશ ?'

વિચારો, કંપ નથી, દયા નથી, ભય નથી, સંસાર-ત્યાગની ભાવના નથી, તો એ જીવોની ઓળખાણ અને એની અહિંસાનો ઉપદેશ કરનાર જિનવચન પર શ્રદ્ધા કેવી ? સંસારનું બધું નિષ્કંપ-નિર્વિચારપણે હોંશે હોંશે કરવું છે, જીવબંધુના દુ:ખની દયા ચિંતવવી નથી, જૈન થઈ આ સંહારમય કરણીની શરમ-નાલેશી અનુભવવી નથી, તો શું જિનવચન પર, જિનોક્ત જીવતત્ત્વ પર, હેય હિંસાદિ આશ્રવતત્ત્વ ઉપર શ્રદ્ધા છે ?

ત્યારે જો એ કંપ, એ દયા, એ ભય, એ શરમ, અને એ ઘરવાસ-ત્યાગની ભાવના ઝળહળતી હોય, તો એ બધા વિરતિને તાણી લાવ્યા વિના રહે ? ત્યાં પછી સંયોગોના ખોટાં બહાનાં કે નિકાચિત ભોગાવલી કર્મનાં ઓઠાં ધરાય ? જો જિનવચન પર શ્રદ્ધા છે તો જિનવચનનું મર્મ તો આ કહે છે કે 'નિકાચિત કર્મના ઉદયવાળા શ્રેણિક-કૃષ્ણજી જેવા જીવો થોડા.' તો એ વચન પર શ્રદ્ધા નહિ કરવાની ?

**ત્યારે, શરીર અને સંયોગોનું બહાનું પણ કેટલું વાસ્તવિક છે ?** એ જરા ઠરીને હૃદયની સાક્ષીએ વિચારવા જેવું છે. પક્ષાઘાત થઈ જાય, અકસ્માત્ થાય, ઈત્યાદિ પ્રસંગે સંયોગોનું શું ? વળી આ જ સંયોગોમાં કપરાં પણ સાંસારિક કાર્યો થાય છે ને ? તો શરીર પણ દુનિયાદારી કેટલી ય સંભાળે છે ને ? પણ કહો, મૂળમાં ખરેખરી જિનવચન-શ્રદ્ધા અને એને અનુસારે ષટ્કાય જીવબંધુ ઉપર દયાભાવ નથી, એ જ મોટો વાંધો છે. નહિતર ગમે તેવી ઋદ્ધિસંપત્તિ અને ભોગવિલાસ મળ્યા હોય છતાં,

ષટ્કાયજીવ-સંહાર આદિ અઢાર પાપસ્થાનકના કથલા સમા ઘરવાસમાં અને સંસારકરણીમાં ચેન શાનું પડે ? શાનું લાલ મોં રાખીને ફરવાનું હોય ?

આરંભ-પરિગ્રહ અને વિષયભોગમાં નિશ્ચિન્તતા-નિર્ભયતા શાની હોય ?

સમ્યગ્દર્શન હૈયે ફરસાવવું હોય તો આ બધી અજ્ઞાન વૃત્તિઓ દબાવવા જેવી છે.

વાત એ હતી કે નિકાચિત કર્મનું મોટું ઓઠું ધરી ખરાબ નિમિત્તો સેવવાં જેવાં નથી. એનાથી દૂર ને દૂર રહો, શુભ ભાવ, શુભ અધ્યવસાય અને શુભ ભાવનાનો જ્વલંત પુરુષાર્થ આદર્યે રાખો, પછી જુઓ કે કર્મ બિચારાં કેવાં રાંકડાં બની એનો પ્રભાવ દેખાડ્યા વિના વહ્યાં જાય છે ? એ ભલે આંખે દેખાશે નહિ,



પણ દિલની જે પવિત્રતા રહેશે, દોષ-દુરાચારની ઘૃણા રહેશે, એ પરથી સમજી શકાય કે દુષ્ટકર્મના રસોદય નથી વર્તતા, એનો ક્ષયોપશમ ચાલી રહ્યો છે.

**રુક્મિ સાધ્વી આચાર્યને બનાવવા ધારે છે :-**

વાત આ છે કે નિમિત્તને ન સેવો, તો કેટલાંય કર્મ એમ જ વિપાક દેખાડ્યા વિના વહી જવાનાં. નિમિત્ત મળતાં ઝટ એ ઉદયમાં આવવા તૈયાર ! સાધ્વી રુક્મિને બીજી સાધ્વીઓની વચ્ચે માનહાનિ થવાનો ભય લાગ્યો, એ ભયનું નિમિત્ત મળતાં મોહનીય કર્મ એવું ઉદયમાં આવ્યું કે માયામૃષાવાદ કરવાની ધીટતા ઊભી થઈ; તેમ શુદ્ધ આલોચના પૂરેપૂરી કરી રહી છે એવો ડોળ કર્યો; 'એક પણ પાપનું શલ્ય રહી જશે તો ભવ ભારે થશે, ભાવિ ભવોની વૃદ્ધિ થશે,' વગેરે જોવા તરફ હૃદય નિષ્ઠુર બની ગયું. હવે તો મહા અવધિજ્ઞાની મહર્ષિને બનાવવા સુધીની સિફત વાપરવાનું મન થયું.

મહર્ષિએ તો જાતે અનુભવેલું યાદ દેવડાવ્યું છે કે 'તમે મારા તરફ સરાગ અભિલાષાએ દૃષ્ટિ નાખેલી એની આલોચના કરો.'

**રુક્મિનો મહામાયાવી બચાવ :-**

ત્યારે આ રુક્મિ સાધ્વી સિફતથી મહામાયાવી ઉત્તર કરે છે, કે

'ભગવન્ ! મેં કાંઈ એવા હેતુથી આપના તરફ સરાગ દૃષ્ટિએ જોયું નહોતું કે જેમાં હું તમારી અભિલાષા ધરાવું; કિન્તુ એ હેતુથી કે આપ આવા સર્વોત્તમ રૂપ તારુણ્ય, લાવણ્ય, કાન્તિ, સૌભાગ્ય, કળાસમૂહ, વિશિષ્ટ જ્ઞાન-વિજ્ઞાનાદિ ગુણગણથી અલંકૃત છો અને છતાં વિષયોના અત્યંત નિ:સ્પૃહ છો એ વસ્તુ ખરેખર એમ જ છે કે નહિ, એ ચકાસવું; અર્થાત્ **'આપનું સત્ત્વ તોળવા માટે'** મેં આપની તરફ સરાગાભિલાષાથી દૃષ્ટિ નાખેલી; કિન્તુ આપની અભિલાષાથી નહિ. અથવા આ પરીક્ષા કરવાનું કદાચ દોષરૂપ હોય તો એની આલોચનામાં શો વાંધો છે ? મને તો એ ગુણકારી છે. તીર્થ પાસે ગયા પછી ભલેને કોઈ સેંકડો સોનૈયા દે, તોય શા સારું માયાકપટ કરવું ?'

સાધ્વીએ પોતાના માથે જરાય ચક્ષુકુશીલતા ને વાસનાવશતાનું કલંક ન ચડે એ માટે બહુ ચાલાકીભર્યો ઉત્તર કર્યો. તદ્દન બનાવટી અને કપટપૂર્ણ ઉત્તર કરતાં એના દિલને આંચકો આવ્યો નહિ. એ પણ વિચાર ન રહ્યો કે આ સંસાર કૂવામાંથી ઉદ્ધરવાનો મહાન ઉપકાર કરનાર અને પાછા વિશિષ્ટ અવધિજ્ઞાની એવા ધર્મગુરુની આગળ માયાચાર ન સેવાય. બસ એક જ વાત, **'પોતાની માનહાનિ ન થાઓ.'** એ સ્વાર્થાંધતામાં તણાઈ.

**ક્ષુદ્રતાથી સ્વાર્થાંધતા : એથી ઉપકારી-દ્રોહઃ-**

સ્વાર્થની અંધતા-સ્વાર્થબુદ્ધિનો આવેશ, કેટલો બધો ભયંકર છે કે પોતાના અતિશય મહાન ઉપકારીને પણ અવગણે અને માયાચાર સેવડાવે ! મન જ્યારે ભવાભિનંદીપણાના પહેલા દુર્ગુણ ક્ષુદ્રતાથી છવાઈ જાય છે ત્યારે એ ક્ષુદ્રતા, એ છીછરા-તુચ્છ-ઉત્તાન-ઉપલકિયા સ્વભાવને લીધે કશું ઊંડાણથી-ગંભીરતાથી વિચારવા તૈયાર નથી હોતું. વિચાર જ નહિ કે 'એમ કરીને જ અહીં સ્વાર્થ પોષ્યો પણ તે કેટલા કાળ માટે ટકવાનો ? એક દિ' મરીને તો ચાલી જવું છે અને અહીંની બધી સ્વાર્થમાયા ભેગી કરેલી અહીં જ રહેવાની, સાથે ચાલવાની નહિ. પછી આગળ તો અહીં સેવેલા ભયંકર માયાચારાદિ પાપોના અત્યંત દારુણ પરિણામ ભોગવવા પડવાના એમાં ય વળી દુર્ગતિનાં દુઃખ ઉપરાંત આ માયાચારાદિના કુસંસ્કારની ગાંઠો પછીથી વજ્રલેપ જેવી બંધાઈ ગયેલી, તે કાંઈ છૂટવાની નહિ ! અને એવા ભયંકર કુકર્મો કરાવવાની કે જેથી આગળ ભયંકર નરકાદિ દુઃખમય જન્મોની પરંપરા ચાલવાની !' આવો કોઈ વિશાળ વિચાર જ ન કરવા દે એવી ક્ષુદ્રતા યાને તુચ્છ મતિ રખાવનારી સ્વાર્થપટુતા હોય તો કેમ સંસારરસ અર્થાત્ ભવાભિનંદિતાને ન પોષે ?

**ગુણ વિના મોટાઈ કેટલી નભે ? :-**

એમને એમ જ માની બેસતા નહિ કે 'ના, મારામાં સંસારનો રસ નથી.' માણસ પોતાના મનથી માની લે કે 'ના, મને સંસારનો રસ નથી. મને તો મોક્ષની અભિલાષા છે,' પરંતુ શાસ્ત્રકારોએ બતાવેલા સંસારરસિયાના ક્ષુદ્રતા-લાભરતિ-દીનતા વગેરે દોષો પડતા ન મૂકવા હોય, તો એ સંસારરસિકતા યાને ભવાભિનંદિતાના કલંકથી શી રીતે બચી શકે ? સત્પુરુષતા કે અસત્પુરુષતા કાંઈ માની લેવા માત્ર પર યા બીજાના સર્ટિફિકેટ પર નક્કી નથી થતી. એ તો એનાં લક્ષણ પર, ગુણ-અવગુણ ઉપર નિશ્ચિત થાય. તેવી વિદ્વત્તા છે નહિ, અને સૂંઠને ગાંઠિયે ગાંધીની જેમ મનથી માની લીધું કે હું ગ્રેજ્યુએટ જેટલો વિદ્વાન છું, અગર ગમે તે ઘાલમેલ કરીને યુનિવર્સિટી પાસેથી ગ્રેજ્યુએટનું સર્ટિફિકેટ લઈ લીધું, પણ તેવો બોધ છે નહિ, તો એ માની લીધેલી ગ્રેજ્યુએટગીરી કાર્યસાધક શી રીતે બની શકે ? એને વાસ્તવિક ગ્રેજ્યુએટગીરી કહેવાય પણ કેમ ? ક્યાંક ગ્રેજ્યુએટનો દાવો રાખી નોકરીએ બેસે ત્યાં એક કાગળ લખવાનું કહેવામાં આવે તો લખી શકે નહિ, કે આવેલ તેવા કાગળો વાંચવા-સમજવા જેટલી ગુંજાયશ ન હોય, પછી ગ્રેજ્યુએટ-પણાનું ભોપાળું જ ખુલ્લું થાય ને ? અપમાનભેર રુખસદ જ મળે ને ? ગુણ વિનાનો મોટાઈનો દાવો કેટલો ચાલે ?



એમ આત્મામાં ભવાભિનંદિતાનાં લક્ષણો બેઠાં હોય, એથી ઊલટા મોક્ષ-રસિકતાના ગુણો જો ન હોય, તો વસ્તુસ્થિતિએ એનામાં ભવાભિનંદિપણું નથી પણ મોક્ષરસિકતા છે એમ કેમ કહેવાય ? તેમ એવી માની લીધેલી મોક્ષરસિકતા શી કાર્યસાધક બને ? ભલેને કોઈ ધર્માનુષ્ઠાનમાં જોડાયો હોય, પણ ત્યાંય એ ક્ષુદ્રતા-મત્સર આદિ દોષો ઝળકતા રહેવાના. તેથી વાસ્તવમાં હૈયે ધર્મસ્પર્શનાનું કાર્ય નહિ થવાનું; ભવાભિનંદિતા જ કોટે વળગી રહેવાની.

**ભવાભિનંદિતાથી ક્રિયા નિષ્ફળ :-**

અનંતી દ્રવ્યક્રિયાઓ ઠેઠ ચારિત્ર સુધીનાં ધર્માનુષ્ઠાન ભવાભિનંદિતાના કારણે નિષ્ફળ ગયા છે. તો એ રીતની અહીંની મામૂલી ધર્મક્રિયા કારગત થશે ? કયા વિશ્વાસે તણાવાનું ? ધર્મ માટે તૂટી મરવું છે, ધર્મનાં કષ્ટ સહવાં છે, પણ ભવા-ભિનંદિતાના પોષક ક્ષુદ્રતા-માત્સર્ય-ઈર્ષ્યા વગેરે દોષો નથી છોડવા, તો કેમ ઊંચે આવશે ? એ જ સૂચવે છે કે,

**ધર્મક્રિયા સહેલી છે, ધર્મકષ્ટ સહેવું સરળ છે, પણ આ ક્ષુદ્રતાદિ દુર્ગુણ ત્યજવા મુશ્કેલ છે;** કેમકે એ નાના સ્વાર્થ સાધવા માટે ય જરૂરી લાગે છે, અને એવા મામૂલી સ્વાર્થનો રસ, અંધાપો, છોડાતો નથી. મામૂલી સ્વાર્થનો આંધળો રસ એ સંસારનો રસ નહિ, તો બીજું શું છે ? એ ભવાભિનંદિતા જ છે.

રુક્મિ સાધ્વીને બીજી સાધ્વીઓ વચ્ચે જરા માનહાનિ થવાનો ભય લાગ્યો એવા અલ્પ માનરૂપી સ્વાર્થની ડાકણી-ભૂખ રહી એમાં એવી ક્ષુદ્ર બને છે કે મોટા અવધિજ્ઞાની ઉપકારી ધર્માચાર્યને બનાવવાની કૂડી રમત રમે છે. કષ્ટ-તપ-જપ કેટલા કર્યા છે ? પણ તેથી શું ? તુચ્છ સ્વાર્થના રસ મૂકાય નહિ ત્યાં સુધી ઊંચા ગુણસ્થાનકને યોગ્ય હૈયું લાવે ક્યાંથી ? આત્મપરિણતિ ઊંચી બનાવે શી રીતે ?

**ઊંચા ગુણસ્થાનકની આત્મપરિણતિ ઘડવા માટે આ પહેલું જરૂરી છે કે તુચ્છ સ્વાર્થનો રસ મિટાવી જ દેવો જોઈએ.** ગુણસ્થાનક બાબતમાં કોઈની શેહ-સિફારસ લાગે એવી નથી, યા દુનિયાની વાહવાહ કામ લાગે તેમ નથી.

**એ તો વિશુદ્ધ આત્મપરિણતિ ઘડો, ઘડીને ય સાચવી-ટકાવી રાખો તો જ ઉપરના ગુણસ્થાનક સંઘરે એમ છે.** નહિતર તો નીચે પડ્યા રહો. મોટા તીર્થંકરદેવના જીવ મરીચિ જેવાને ય ગુણ સ્થાનકમાં નીચે ઊતરી જવું પડ્યું ને ? તો પછી શા મોહ તુચ્છ સ્વાર્થના રાખવા'તા ? શી એવી ચારની વચમાં માન જળવાય એ બલા વહોરવી'તી ?

**માનસંજ્ઞાની બલા ભૂંડી છે.** ભવની અભિનંદિતાને એ પોષે છે. એની પકડમાં પકડાયા પછી જીવ કેઈ અનુચિત વાણી-વિચાર વર્તાવથી ખરડાય છે. માનસંજ્ઞા જીવની કાનપટ્ટી ઝાલીને એની પાસે જરૂર પડ્યે ઠેઠ દેવાધિદેવ સુધીનાની ય અવગણના કરાવે છે. આ બલા નહિ તો બીજું શું ?

શા માટે એ બલા વહોરવી ?

**'ચાર જણ અમને સારા માનો કે ન માનો અમારે તો કેવળજ્ઞાની ભગવાનની દૃષ્ટિના સારા બનવું છે, બન્યા રહેવું છે.** એ અમારો ઉદ્ધાર કરશે, પરલોકે ઓથ આપશે અને અહીં પણ શાંતિભર્યું જીવન જીવવા દેશે.' આ માન્યતા હૈયે સચોટ અંકિત રહેવી જોઈએ, જેથી એ બલાથી બચી શકીએ. વાત પણ સાચી છે કે,

**માનસંજ્ઞાની બલા અશાંત-અશાંત અને સચિંત રાખ્યા કરે છે.** વાત વાતમાં એ જોયા કરશે કે બહારમાં હલકો તો નહિ પડું ને ? 'આજુબાજુવાળા મને સારો માનશે ને ?' એ માટે પછી ગમે તેવાં પાપ આચરવાં પડે તો એની ચિંતા નહિ, પણ માનરક્ષાની ચિંતા મોટી.

**માનસંજ્ઞાના કુકર્મ :-**

એટલે એમાં નથી ને ક્યાંક ખોટું પણ જાણ્યું કે મારું હલકું બોલાય છે, અગર કોઈ મને ઠીક નથી માનતો, તો હવે ચિંતામાં પડશે કે એ ટાળવા શું શું કરું ? એ માટે ચાપલૂસી કરવા જશે ! જરૂર લાગી તો ગુણિયલનું-ઉપકારીનું ઘસાતું બોલશે ! બીજાઓથી બોલાતામાં ટાપસી પૂરશે ! પાપમય વાતો કરશે ! ક્યાં શાંતિ છે ? એ બલા જપવા દે નહિ. જુઓને આવી મોટી રાજવીપણું છોડી સાધ્વી બનેલી રુક્મિના દોષને કુમારમહર્ષિ ચોક્કસ મુદ્દા સાથે પકડે છે, ત્યારે રુક્મિ માનબલાથી ચિંતામાં પડે છે.

**માનબલાની ચિંતા ભૂંડી;** એની પાછળ એ મલિન વિચારો જ ઊભરાવે, મેલા ઉપાયો જ પકડાવે, જીવનું પોતાનું કોઈ વર્ચસ્વ નહિ ! શાસ્ત્રવચનના માર્ગદર્શન મુજબ સ્વહિતાર્થમાં જ, પવિત્ર ભાવના અને ઉત્તમ ઉપાયોમાં જ, પ્રવર્તવાની કોઈ ગુંજાયશ નહિ ! એને તો આ માનસંજ્ઞા ઘસડે એમ ઘસડાવું રહ્યું ! કેટલી દુર્દશા ? એ પાકી બલા જ યાને વળગાડ જ છે ને ?

**કષાયોની સંજ્ઞાઓ ભૂતના વળગાડની જેમ શાણા** જીવને પણ અનુચિત વિચારોમાં નાખી અકાર્યમાં ઘસડી જાય છે. ભરત ચક્રવર્તી છ ખંડનો દિગ્વિજય કરીને આવ્યા, પણ ચક્રરત્ન હજુ આયુધશાળામાં પ્રવેશ કરતું નથી. કેમ એમ ?

સુષેણ સેનાપતિ કહે છે, 'મહારાજ ! બધે વિજય મેળવી આવ્યા ખરા, પણ આપના નવાણું ભાઈઓ ઉપર વિજય ક્યાં મેળવ્યો છે ? છ ખંડમાંની એમના



રાજ્યની ભૂમિ પર હજી આપનું શાસન નથી.'

ભરત કહે, 'તો શું મારે એમની સાથે લડાઈ કરવી ?'

સેનાપતિ કહે, 'પણ છ ખંડ પરનું વર્ચસ્વ પૂર્ણ કરવા એ કરવું જ પડે ને ?'

**લોભ પર વિવેકનો અંકુશ :-**

ચક્રવર્તીના હૃદયમાંનો વિવેકદીપક પ્રકાશી ઊઠે છે. એ કહે છે, 'રહેવા દો. ભાઈઓ સાથે લડવાનો મારે મોખ નથી. ચક્રરત્ન ભલે બહાર જ ઊભું રહે.' ચિત્તમાં શાણપણ છે, એ છ ખંડના પૂર્ણ વર્ચસ્વના લોભને દબાવે છે. લોભસંજ્ઞા શાણપણને ન ભૂલાવે, ન દબાવે, એમ નહિ. કેઈ સટોરિયા લોભસંજ્ઞાની બલાના વળગાડમાં શાણપણ ગુમાવી બેઠા અને અવળા ધંધા કરી તારાજ થઈ ગયા ! પણ અહીં ભરત ચક્રીએ કુટુંબી ભાઈ તરીકેનો વિવેક જાગતો રાખ્યો છે તેથી લોભને દબાવું પડે છે. વિવેકનો લોભ પર અંકુશ છે. છતાં જુઓ માનસંજ્ઞા એ વિવેકને ય કેવો ભૂલાવે છે !

**સુષેણની ભરતને ચાલાકીભરી ચડાવણી :-**

સુષેણ કહે છે, 'મહારાજ ! આમાં છ ખંડ પૂરા કરવાનો કે ચક્રરત્નને અંદર દાખલ કરવાનો પ્રશ્ન નથી પરંતુ મને તો એ વિચાર આવે છે કે આ આપના ભાઈઓ કેટલા વિવેકી ? આપ આટલું મહાન ભગીરથ પરાક્રમ કરીને આવો છો, વળી વડિલ ભાઈ છો, છતાં શું આ નવાણું નાના ભાઈઓને એટલો વિવેક આવડે છે કે ચાલો આપણે મોટા ભાઈના પરાક્રમનું અભિનંદન કરવા જઈએ ? ખરેખર તો ભાઈને વિજયયાત્રામાં સહકાર આપવો જોઈતો હતો; ખેર ! તે તો ન આવડ્યું, પણ આપના એકલાના પરાક્રમથી આટલો મહાન વિજય આપે પ્રાપ્ત કર્યો એનું અભિનંદન પણ નહિ ?' દુનિયાના માંધાતા રાજાઓ અને દિવ્ય શક્તિવાળા દેવતાઓ પણ આપનું અભિનંદન કરવા આવે છે, અને આ ઘરના જ નાના ભાઈઓને એ વિવેક આવડતો નથી ! પણ શાનો આવડે ? ઈર્ષ્યા અને અભિમાનના શિખરે ચડેલાને એ ન આવડે. આપ તો મોટા તરીકે ઘણુંય વાત્સલ્ય રાખો છો, પણ આ નવાણુંને નાના તરીકેનો વિનયભાવ ક્યાં છે ? પછી અભિનંદનની શી વાત ? શું એક હિતૈષી વડીલ તરીકે આપની ફરજ નથી કે નાના ભૂલતા હોય તો એને સમજાવીને, ન સમજે તો દંડ કરીને માર્ગે લાવવા ? આપને મારા નિદાન પર વિશ્વાસ ન બેસતો હોય તો દૂતને મોકલી જુઓ ખબર પડશે કે એ ખરેખર અભિમાનમાં ચડ્યા છે કે નહિ. બાકી આમ નાના સાથે કેમ લડાય, એવા માયકાંગલા વિચારથી તો એમની ઉદ્ધતાઈ પોષાય છે, અને આપનું વડીલ તરીકેનું ગૌરવ હણાય છે. દુનિયા કહેશે 'જોયું ? નાના ભાઈ પર કાંઈ ચાલતું નથી.'

ચબરાક સેનાપતિએ સ્વામીની માનસંજ્ઞાને ઉશ્કેરી; વિવેક-ઔદાર્ય ભૂલાવ્યાં. ક્યારેક લોભસંજ્ઞા કરતા પણ માનસંજ્ઞા બળવાન બની જાય છે. એમ તો વાણિયો સારું ખટાવનાર ઘરાકના ગમે તેવા બોલનાં અપમાન એની પાસેથી કમાવવાના લોભથી ગળી જાય છે; પરંતુ એ જ પાછો ક્યાંક નોકનો, આંટનો, સવાલ આવી લાગે તો પૈસે ખુવાર થવા તૈયાર ! જુઓ છો ને કે ૨૦૦-૫૦૦ રૂા. ની જમીનના ટૂકડા કે એવી તુચ્છ વસ્તુ ખાતર ઠેઠ હાઈકોર્ટ સુધી ચડી કેવા હજારો રૂપિયાનાં આંધણ મૂકાય છે !

**માનસંજ્ઞા એ, માણસની મોટી નબળી કડી છે.** એનો લાભ ઉઠાવી હોશિયાર માણસો માનીની માનસંજ્ઞાને પોષી એની પાસેથી હજારો રૂપિયા કઢાવી જાય છે ! યા વૈતરું કરાવે છે ! લડાઈઓ લડાવે છે ! ઘરના માણસના જરા ગુણ ગાયા, 'આ અમે તો દુકાને જઈ નિરાંતે ગાદી પર બેઠાં બેઠાં ધંધો કરીએ છીએ, અને તમે તો આખા ઘરનું તંત્ર ચલાવવા ચાર આવ્યા ગયા એનું ય સાચવવા, સવારથી રાત સુધી કેટકેટલો પરિશ્રમ કરો છો !' બસ, પછી દસ દોસ્તદારને લાવી ઊભા રાખો ને, વળી એમની આગળ ઘરવાળાના ગુણ ગાઓ ને ચડ્યા ઘરવાળા માનસંજ્ઞામાં ! પછી દસેયની સારી સરભરા થાય એ ખાતર તૂટી મરશે તૂટી ! આખો દિવસ ભારે વેઠ કરી રાતના ઠેઠ અગિયાર વાગે સૂતાં પણ એમને થાક-કંટાળો કેમ નહિ ? માનસંજ્ઞાની બલાની બોલબાલા છે માટે. નહિતર ઉપાશ્રયના માણસને કહેતાં કેમ નથી આવડતું કે 'ભાઈ ! મહારાજ સાહેબને વાંદવા કરવા કોઈ બહારથી સાધર્મિક આવે તો આપણા ઘેર જમવા લઈ આવજે ?' ના, ત્યાં કાંઈ માન પોષાતું નથી લાગતું. કહો, ધર્મસંજ્ઞા નથી એવી માનસંજ્ઞા જોરદાર છે.

માનસંજ્ઞા હજારો રૂપિયા ખરચાવી સંઘ કઢાવે, નવકારશી જમાડાવે, ઉત્સવ કરાવે. મન કહે છે, 'કર, કર, કાંઈક આવું ખરચ તો લોકને ખબર પડે કે આ ભારે ઉદાર છે, આની પાસે સારું પહોંચતું લાગે છે.' પણ એનો એ કોઈ સિદાતા સાધર્મિકને સો રૂપિયા ગુપ્તપણે આપવા તૈયાર નથી; કેમકે એમાં માન ક્યાં પોષાય ?

**માનવશ સુકૃતનો નાશ :-**

વિચારો માનવની દુર્દશા. માનકષાયની એ જે સેવા કરવા તૈયાર, તે ધર્મની, પોતાના જ આત્મહિતની નહિ ! અરે ! ધર્મ કર્યા પછી પણ જો માન ન મળ્યું, અપમાન થયું, તો કરેલા મહાન સુકૃતને 'આ મારા ક્યાં ભોગ લાગ્યા કે મેં આ કર્યું !' એમ નિંદાથી બાળી નાખવા તૈયાર ! સુકૃત કરીને ખજાને નાખેલા પુણ્ય સંચયને પાછો નિંદાથી, બળાપાથી પોતાની જાતે જ ઉલેચી નાખશે ! કેટલી મૂર્ખાઈ કે બીજાના વાંક પર પોતાની પુણ્ય મૂડીને જ સફાચટ કરાય ! ત્યાં જો એટલું જ



વિચારે કે 'જીવ ! ભૂલો પડતો ના, તને શુભ ભાવે કરેલા સુકૃતની પુણ્ય-કમાઈ મળી જ ગઈ છે. હવે આ સામા કદર ન કરે તેથી માનમાં અને રીસમાં ન ચડીશ; કેમકે પૂર્વ પુરુષો વગર-કદરે તારા કરતાં કેટલાં ઊંચાં સુકૃત કરી ગયા છે ! તું તારે તારી નમ્રતા-લઘુતા સંભાળજે,' આ વિચારે તો આત્મામાંથી પાપ ઉલેચાય. સુકૃતપુણ્ય-લાભ અને પાપક્ષયલાભ એમ બેવડો લાભ !

સુષેણ સેનાપતિની ચબરાક વાણી પર ભરત ચક્રવર્તીને માનસંજ્ઞા સળવળી 'હેં ! ભાઈઓની આ ઉદ્ધતાઈ ? આ અભિમાન ?' બસ, ભાઈઓ પર ચાલાક દૂત મોકલ્યો.

માનસંજ્ઞા ભૂંડી ! રુક્મિ સાધ્વી આમ રાજ્યપાટ છોડી ઘોર-વીર-ઉગ્ર કષ્ટમય તપ-સંયમ સાધવાના પરાક્રમવાળી, પણ માનસંજ્ઞાની બલાએ એને કાયર બનાવી દીધી. અવધિજ્ઞાની મહર્ષિ આગળ પોતાના પાપની આલોચના કરવાનાં મહત્ત્વને અવગણી સાધ્વીઓમાં હલકાઈ ન થવાને મહત્ત્વ આપ્યું ! તે એટલે સુધી કે હવે માયામૃષાવાદ સુધી પહોંચી કે 'મેં તો તમારી પરીક્ષા કરવા જ તમારા સામે રાગવાળી દૃષ્ટિથી જોયેલું, કામની સંજ્ઞાથી નહિ.'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૧૩,અંક-૩૨,તા.૨૨-૫-૧૯૬૫**

મહર્ષિને એ સાંભળી બહુ દુઃખ થયું, રુક્મિની ભારે દયા આવી કે આ બિચારી કેટલે ઊંચે ચડેલી કેવી ડૂબી રહી છે ! પોતાનો સંવેગ યાને સંસાર પરની ઉદ્વિગ્નતા વધી કે અરે ! સંસારમાં સ્ત્રી જાતિનો કેવો ચંચળ સ્વભાવ !' પ્રસંગ એનો એ, પણ વિવેક અને ધર્મપરિણતિ હોય તો એના પર દયા, સંવેગ વગેરે ગુણકમાઈ કરવાનું થાય, અને વિવેક ન હોય તો દ્વેષ તિરસ્કાર વગેરે પાપસ્થાનક સેવવાનું બને.

મહાવીર પ્રભુ કહે છે, 'હે ગૌતમ !

**સ્ત્રી-સ્વભાવની વિષમતા :-**

"એ કુમારમહર્ષિને વિચાર આવ્યો કે 'અરે ! આ ચંચળ સ્ત્રી-સ્વભાવને ધિક્કાર છે ! કેટલા ઊંચા શુભ ભાવમાંથી એકાએક કેટલે નીચે અશુભ ભાવમાં પટકાય છે ! જુઓ તો ખરા કે આટલા એક થોડા કાળના અપયશના ભયથી કેવી માયા વાપરી ! અહો ચપળ-ચંચળ-અનવસ્થિત મનવાળી સ્ત્રી જાત ! અહો એક ક્ષણમાં જન્મને બગાડનારી ! અહો સકલ અકાર્યનું ભાજન ! સકલ અપયશ-અપકીર્તિની વૃદ્ધિ કરનારી ! અહો પાપકર્મમાં અભિનિવેશ-દુરાગ્રહના

અધ્યવસાયવાળી ! અહો ભય વિનાની ! અહો પરલોકગમનમાં ઘોર અંધકાર અને દારુણ દુઃખ, તથા શાલ્મલી વૃક્ષ-કુંભીપાકના ત્રાસને પમાડનાર દુષ્ટ ચિંતનવાળી !...' ઇત્યાદિ રુક્મિ સાધ્વીના સ્ત્રીસ્વભાવ પર મનમાં બહુ સંતાપ કરીને, પછી એની ઉપેક્ષા ન કરતાં અથવા 'ભલે એને ગમ્યું તે' એમ અનુવર્તન ન કરતાં, ધર્મરસિક કુમારમહર્ષિએ અત્યંત પ્રશાંત શબ્દોમાં પ્રશાંતમુખે એને ધર્મદેશના આપી."

**વ્યક્તિ પર દયા, દોષ પર દ્વેષ :-**

અહીં ધ્યાનમાં રાખવાનું છે કે કુમારમહર્ષિના દિલમાં રુક્મિના આત્મા પ્રત્યે ભારોભાર દયા ભરી છે, કોઈ દ્વેષ-અરુચિ નહિ. દ્વેષ, અરુચિ, ફિટકાર તો સ્ત્રીજાતમાં એટલે કે લગભગ મોટા ભાગની સ્ત્રીઓમાં રહેલ ચંચળ સ્વભાવ, એની માયાવિતા, પાપમાં નિર્ભિક્તા, મિથ્યા અભિનિવેશ-દુરાગ્રહ વગેરે પર આવે છે. વ્યક્તિ પ્રત્યે તો દયા જ છે. એટલા માટે તો હજી પણ એની રક્ષા થાય એ શુભ હેતુથી સમજાવટ કરે છે. દ્વેષ હોત તો તો એને બીજા આગળ હલકી પાડી તુચ્છકારવાનું મન થાત. પણ એ નથી, દયા છે એટલે હજી પણ એને ધર્મદેશના આપે છે. શું કહ્યું હશે એમાં ? આવું જ કાંઈક કે,

**શલ્યોદ્ધાર માટે અમૂલ્ય વિચારણા :-**

'હે ભાગ્યવતી ! જુઓ કે આ સંસાર કેવો અસ્થિર છે ! કેવા અસ્થિર ભાવોથી ભરેલો છે ! બહારના ભાવ પણ અસ્થિર અને આત્માની અંદરના ભાવ પણ અસ્થિર !

મોટી ધન-સંપત્તિ રાજ્ય સિંહાસનો, મહેલાતો વાડી-બગીચા બધું જ અસ્થિર ! કશું જ સ્થિર કાયમ માટે ટકવાનું નહિ. અરે ! આપણાં માન-સન્માન, કીર્તિ-આબરૂ, સત્તા-ઠકરાઈ વગેરે પણ અસ્થિર ! મોટા ઇન્દ્રોને પણ એ અંતે ગુમાવવું જ પડે છે ને ? જેમ આ જડ પદાર્થો અસ્થિર, એમ એના રૂપ-રસ-ગંધ-સ્પર્શ-શબ્દ બધું જ અસ્થિર, આપણી કાયા અને એના રૂપ-રંગ-વય આદિ સુદ્ધાં સઘળું ય અસ્થિર ! શું આ અસ્થિર ખાતર દીર્ઘ કાળનાં દુઃખ ઊભાં કરે એવું શલ્ય રાખવું ?

હે શિષ્ટ આચારવતી ! આપણા અંતરના ભાવો પણ એવા જ ! ઘડીમાં રાગ, ઘડીમાં દ્વેષ, ઘડીમાં ગુસ્સો ને ઘડીમાં ખામોશ ! હમણાં ક્ષુધા ને પછી તૃપ્તિ ! હમણાં માન-અભિમાન-અહંત્વ ને પછી નરમ ઘેંશપણું ! કયો કષાય એક સરખો ટકે છે ? એવા જ હાસ્ય, રતિ, અરતિ, વગેરે ભાવો ય અસ્થિર છે. એમ જ જીવના મનુષ્યત્વ-તિર્યક્ત્વ ભાવો પણ ક્યાં સ્થિર છે ?



**અહીંનું મળેલું માન જીવને પરભવે ન બચાવે :-**

હે બુદ્ધિમતિ ! આ પરિસ્થિતિમાં આપણું માન, ગૌરવ વગેરે પણ કેટલા ટકવાના હતા કે એની ખાતર તણાઈ પાપનું એક પણ શલ્ય દિલમાં રાખી મૂકવું ? એક દિ' આપણે જ ઊડી જવાનું છે, પછી જો અહીં આપણે જ નથી, તો અહીં મળેલ માન ને ગૌરવથી આપણને શું ? તેમ એય શાશ્વત કોણ ગાતું બેસે છે ? જ્યારે, એ શલ્ય તો ભવાંતરે સાથે આવ્યા બાદ જીવની અત્યંત ઘોર દુર્દશા કરે છે. ત્યાં અહીં ગવાતું માન જરાય બચાવવા નથી આવતું.

**શલ્યથી પરભવે ભારે દુર્દશા કેમ ?**

અહીં હજી ખોળિયામાં પ્રાણ છે, શુધબુધ છે, ત્યાં સુધી તો શલ્યનો ખ્યાલ છે એટલે એનો ઉદ્ધાર કરવાનું હાથમાં છે. પણ ભવ પલટાયા બાદ તો એનો ખ્યાલ ગયો, પછી ઉદ્ધારની શી વાત ? અહીં જ અનુભવાતી ખંધી કામ-ક્રોધાદિની લાગણી શું સૂચવે છે ? દાબી કેમ દબાતી નથી ? આ જ કે પૂર્વે કોઈ ભવે એનાં શલ્ય આત્મામાં રાખી મૂકેલાં ! હવે કેમેય વાળ્યાં વળે જ નહિ ! સેવ્યાં પછી કદીય એના પસ્તાવા-પ્રાયશ્ચિત્ત કર્યા નહિ, તે અંકે થઈ પછીના ભવે શે કડવાં લાગે ?

શલ્ય ચીજ એવી ભૂંડી છે કે આત્મામાં અંકે થઈ ગયા પછી જાણે જીવનો સ્વભાવ બની જાય છે ! પાપ સહજ ભાવે સેવાતું ચાલે ! તે ય ભલું હોય તો ગુણાકાર થઈને વધતાં ચાલે ! ચંડકોશિયાનું ક્રોધશલ્ય કેવું વધતું ચાલ્યું ? ત્યારે અહીં હજી ખબર છે કે અમુક પાપ સેવાઈ ગયું છે, એની શુદ્ધિ બતાવનાર મોજુદ છે. શુદ્ધિ કરી આપનાર ગુરુ મળે છે, પછી એનો ઉદ્ધાર કેમ ન કરી લેવો ?

છતે શાસને અને ગુરુએ જો શલ્યોદ્ધાર ન કરાય તો એ ઇરાદાપૂર્વક દિલમાં ગોપવવાનું થાય છે, અને તેથી તો આત્મામાં અંકે થઈ સીલપેક થઈ એની મૃત્યુ બાદ દારુણ ચીકણી-ખંધી વાસના જામી ચાલી આવે છે ! એના યોગે ભવ પણ હલકા દુર્ગતિના મળે છે. અને ત્યાં એ કુટિલ દઢ વાસના રકમબંધ પાપ કરાવ્યે જાય છે ! એમાં જીવને કોઈ રંજ નહિ ! અફસોસ નહિ ! અરેકારો નહિ ! ને પાપનાં આંધળા ભરપૂર સેવનથી વળી એ વાસના વધારે પુષ્ટ બનતી જાય છે ! તેથી આગળ આગળ અધિક હલકા ભવો ! અધમ પાપાચરણ ! અને દુઃખ ત્રાસ-વિટંબણાનો પાર નહિ ! શો સાર કાઢવાનો આવી શલ્યરક્ષાથી, આવાં શલ્યપોષણથી ?

**એક શલ્યપોષણમાં બીજી કુવાસના પુષ્ટ :-**

શલ્યપોષણમાં વળી છૂપી રીતે બીજી ય કુવાસનાઓને ફાલવા-ફૂલવાનું બને છે !

દા.ત. મેતારજ મુનિએ પૂર્વભવમાં સુંદર ચારિત્ર હોંશથી પાળવા છતાં એક કુવિચાર કર્યો કે 'આ ચારિત્ર તો ઉત્તમ, પરંતુ ગુરુએ એ પરાણે આપ્યું એ ઠીક

ન કર્યું. કાંઈ મારીને મુસલમાન કરાય ?' બસ પછી આનું આલોચન-પ્રાયશ્ચિત્ત કર્યું નહિ, એ શલ્યરૂપ બની ગયું ! હવે જુઓ આમાં ગર્ભિત રીતે વિષયવાસના કેવી દૃઢ કરી ! કેમકે ચારિત્ર ને સંયમને ઊંચું મહત્ત્વ આપવાને બદલે 'પરાણે ન અપાય' એ વૃત્તિને મહત્ત્વ વધુ આપ્યું. એટલે કે, તો પછી

**'ધર્મ પરાણે ન અપાય' એમાં ગુપ્તખરાબી :-**

'સંયમ-ચારિત્ર પરાણે ન અપાય એટલે પરાણે ન આપવામાં જીવ ભલે અસંયમમાં પડ્યો રહે, એ સારું, પણ પરાણે સંયમ અપાય એ સારું નહિ,' આ ભાવમાં અસંયમનો પક્ષપાત, અસંયમમાં નિર્ભયતા, અસંયમની રુચિ જાગતી રહી ! એ ભાવ અસંયમ એટલે કે જીવઘાતક આરંભ-સમારંભ અને ઇન્દ્રિયવિષયોમાં ઓછી ખરાબીનો ખ્યાલ પોષી સહેજે એનો છૂપો રસ છૂપી કુવાસનાને પુષ્ટ કરે એમાં નવાઈ નથી. ધ્યાનમાં રહે કે આ બીજાને માટેની વાત નથી, ત્યાં તો એથી એને ધર્મ પર તિરસ્કાર ન થઈ જાય એ જોવાનું. અહીં પોતાના અંગેની વાત છે. ધર્મ પરાણે મલ્યો ઠીક નહિ એમ પોતે અરુચિ નહિ કરવાની. એ અરુચિમાં પાપરસ પોષાઈ જાય. મેતારજના ભવમાં રાજકન્યા અને બીજી શ્રીમંત-કન્યાઓના વિષયભોગમાં લંપટ બન્યા ! દેવતા પ્રતિબોધ કરવા આવે છે, પૂર્વભવનો ખ્યાલ પણ આપે છે, પોતે પણ પૂર્વના દેવ ભવમાં સંયમની ઇંતેજારી સેવી દેવતા પાસે કોલ કરાવી આવ્યા છે કે મને તું ગમે તેમ કરી પ્રતિબોધ કરવા આવજે. આ બધું ખરું પરંતુ 'પરાણે ચારિત્ર ન અપાય' એ એક કુવિચારમાં પોષેલ ગર્ભિત અસંયમની ઇન્દ્રિય-વિષયસંગની વાસના અહીં જોર કરી જાય છે. નહિતર પેલા શલ્યમાં તો ફળરૂપે માત્ર ચારિત્ર આઘું રહે એટલું જ થાય, કિન્તુ આટલી બધી કામગૃદ્ધિ કેમ થાય ?

**મરીચિએ ઉત્સૂત્રનું શલ્ય નાખ્યું** તો આગળ પર જૈન ધર્મ ઝટ ન મળે પણ વિષયગૃદ્ધિ વગેરે થવાનું શું કારણ ! આજ કે અહીં ઉત્સૂત્રમાં મિથ્યા ધર્મને મહત્ત્વ આપ્યું એમાં ગર્ભિત રીતે વિષયસંગને મહત્ત્વ મળી ગયું, તેથી એની ય કુવાસના દૃઢ થઈ ગઈ. તે ભવોભવ નડી !

અવધિજ્ઞાની મહર્ષિનું કહેવું આ છે કે 'હે ભાગ્યવતી ! શલ્યનો ઉદ્ધાર ન કરવો એ આ ભયાનકતા સર્જે છે. તો પછી એનો આગ્રહ શા સારુ રાખવો ! સદ્‌ગુરુ આગળ દિલ ખોલીને એ પ્રગટ કરી એનું પ્રાયશ્ચિત્ત કેમ ન માગી લેવું ?

હે સુભગે ! જીવને પાપ અને પાપની વાસનાઓ તથા એને લગતા કષાયો પુષ્ટ રાખવાના ભવ ઘણા મળે છે, પણ અનેકાનેક પ્રકારના જન્મોની વચમાં એવા જન્મ કેટલાં કે જ્યાં પાપશલ્યોના ઉદ્ધાર થાય ? જ્યાં કુટિલ કુવાસનાઓને સુંદર આલોચના-પ્રાયશ્ચિત્ત-તપ વગેરેથી નામશેષ કરી શકાય ?



**શલ્ય કેવું ખતરનાક છે !** પાપને છૂપાવીને એની વાસના તો દૃઢ કરે છે, પણ સાથે એનો ઉદ્ધાર કરવાનું કહેનાર જિનવચનની પણ અવગણના કરાવે છે ! અને સમજો છો કે જિનવચનની કરેલી અવગણના કેવી ભયંકર નીવડે ? ભવિષ્યમાં કદાચ ભવો સુધી જિનધર્મનું મુખ ન દેખવા દે ! તેથી ઊલટું મિથ્યા ધર્મમાં કે ધર્મહીન દશામાં સપડાયા જિનમાર્ગ તરફ ઘૃણાય કરાવે ! એમાં જીવની કેવી જાલિમ પાપચકચૂરતા થાય ? કેવી ખતરનાક વિષય-કષાય-લુબ્ધતા થાય ? એ નહિ, તો જીવના માથે ભવાભિનંદિતા કેવી ઠોકાઈ જાય ?

**વીતરાગ પરમાત્માના ભાખેલા ધર્મ વિના રાગાદિનું ઉલ્લંઘન,** વિષય કષાયોની પરિણતિનો વિધ્વંસ કોણ કરી શકે ? એ જો નહિ, તો તો પછી એ વિષય અને કષાયરૂપી બે થાંભલા મજબૂત રહ્યે સંસારરૂપી ઇમારત અડીખમ જ ઊભી રહે ને ? એ બે મૂળ પર ચતુર્ગતિમય સંસારવૃક્ષ ફાલેફૂલે જ ને ?

આવી કોઈક ધર્મદેશના કુમારમહર્ષિએ રુક્મિસાધ્વીને આપી.

ત્રિભુવનગુરુ મહાવીર પરમાત્મા ફરમાવે છે, 'હે ગૌતમ ! એ કુમારમહર્ષિએ ધર્મદેશના આપવા પૂર્વક એ નરેન્દ્ર શ્રમણીને કહ્યું, 'હે દુષ્કરકારિકે ! તમે તો અત્યંત ઘોર-વીર-ઉગ્ર કષ્ટ-તપ, સંયમ અનુષ્ઠાન સાથે શાસ્ત્રસ્વાધ્યાય-ધ્યાન વગેરેની સુંદર આરાધના કરી છે, તો એને માયા દંભમાં હવે નિષ્ફળ ન કરો. એક પાપશલ્ય છુપાવવા ખાતર અને તુચ્છ-અતિતુચ્છ માનસંજ્ઞા પોષવા પાછળ આટલી જોરદાર સાધનાને રદબાતલ ન કરો. અનંત સંસાર આપે એવો માયાદંભ સેવવાનું શું પ્રયોજન છે ? શલ્ય છૂપું રાખ્યું અને સારામાં ખપ્યા એ ચીજ એવી છે કે બીજી બાજુ ઘોર-વીર-ઉગ્ર કષ્ટ-તપ-સંયમ-સ્વાધ્યાય સેવેલા એ બધાની આત્મા પરની સારી અસરના પ્રમોદને ઝાંખો પાડી દે છે, અને પરિચિત મંડળમાં માન સચવાયું તથા એ માટે પોતાનો દોષ ગુપ્ત રાખી શકાયો એના પ્રમોદને મુખ્ય બનાવી દે છે. તેથી સહજ છે કે એ માયાથી છુપાવેલ દોષનો વળ હૈયામાં પાકો બેસી જાય છે. પછી એ વળને અનુસારે પછીના અજ્ઞાન ભવોમાં ખુશમિશાલ એ દોષ અને એમાં સાથે સંકળાયેલ બીજા અનેક દોષ નિસંકોચ-નિર્ભયપણે સેવાયે જાય છે. જરૂર પડ્યે ભલે અનંત ભવો વીતે, પણ દોષોનું અને એના હિંસાદિ પાપોનું જીવન બન્યું રહે છે ! ત્યાં સુધી આત્મા પરથી એનો વળ ઉકેલાતો નથી ! એ પ્રતાપ અહીં સજ્ઞાન અવસ્થામાં માયાદંભ કરી હૈયામાં છૂપાવી રાખેલો દોષનો છે, છૂપા સાચવી રાખેલ શલ્યનો છે.

માટે હે તપસ્વિની ! શુદ્ધ નિર્મળ ચિત્તે નિઃશંકપણે આલોચના કરી દોષનો ઉદ્ધાર કરી દો, અને આત્માને નિઃશલ્ય બનાવી લો. અહીં ખોળિયામાં પ્રાણ છે, શુધબુધ હજી ઊભી છે, ત્યાંસુધી જ નિર્મળ ચિત્તે દોષની આલોચના કરવાને

અવકાશ છે, તક છે. એ તક ગુમાવી નાખ્યા પછી તો અવસર આલોચના ઉદ્ધારનો ગયો, અનંત સંસારભ્રમણનો અવસર આવીને ઊભો રહે છે. એ પરિણામ લાવનારી શલ્યપકડ ઊભી રહે ત્યાં, પછી ઘોર પરિસહ, ઘોર તપ અને ઘોર સંયમકષ્ટ સહ્યાં એ બધું અંધકાર-નર્તિકાના નૃત્ય જેવું થશે. અંધારે નાચ્યા, કોઈએ જોયું નહિ, ઈનામ-ફળ મળ્યું નહિ, એમ આ ઉગ્ર પરિસહ-સહનાદિ કરવાની બધી કષ્ટમય સાધના કરી પણ એનું ફળ કર્મક્ષય અને ભવના ફેરાનો અંત આવ્યો નહિ, એવું થાય. શા સારુ એ ભારે કષ્ટવાળી તપસ્યાઓ, નિર્દોષ ભિક્ષાચર્યા, લુખ્ખા આહાર, બાવીસ પરિસહસહન, ઉપસર્ગાધ્યાસ, વગેરે કષ્ટ અને ઉગ્ર વિહારનાં કષ્ટ, એક નજીવા શલ્યની રક્ષા કરવા માટે નિષ્ફળ કરો ? શુદ્ધ દિલથી એની યથાસ્થિત આલોચના કરી લો.'

અવધિજ્ઞાની મહર્ષિએ તો દયાભરપૂર હૃદયે શલ્યની છેલ્લામાં છેલ્લી ભયાનકતા બતાવી દીધી, અને શુદ્ધ આલોચના કરી હૃદય સાફ અરીસા જેવું કરવા માટે ભારપૂર્વક ભલામણ કરી દીધી. શલ્યથી કેમ અનંત સંસાર વધે છે એ ય સમજાવી દીધું.

'શલ્યરક્ષા અને માનરક્ષાને મહત્ત્વ આપવાથી બીજી બધી ઉગ્ર કષ્ટમય પણ સાધનાઓની અસર નહિવત્ થઈ જાય છે, અને તેથી ભવોના ભવો માટે સદ્ધર્મથી બાતલ થઈ જવાય છે.' એ વગેરે સમજાવવાનો મહાન અનુગ્રહ કર્યો પણ છાર પર લીંપણ ! પાણીનું વલોણું !

**રુક્મિનો પ્રપંચભર્યો બચાવ :-**

મહાવીર પરમાત્મા ફરમાવે છે' હે ગૌતમ ! તે ભગ્નભાગ્ય નરેંદ્રશ્રમણીએ પોતાના શલ્યનો વળ મૂક્યો નહિ. એ તો કહે છે,- 'હે ભગવન્ ! શું આપ જેવા મહર્ષિની સાથે કપટ રમાય ? અને તે પણ વિશેષ આલોચના કરતી વખતે ? હું સાચું કહું છું કે એ વખતે મેં આપના પર દૃષ્ટિ નાખેલી તે ખરેખર **કોઈ કામવાસનાની અભિલાષાથી નહિ, કિન્તુ આપની પરીક્ષા કરવા, આપનું માપ તોળવા માટે નાખેલ.'**

**રુક્મિનો કરુણ અંત :-**

બસ આટલું બોલતાં તો ત્યાં ને ત્યાં જ કર્મ પરિણતિવશ ધબ કરતીક ધરણી પર પડી ગઈ ! દેહમાંથી પ્રાણ પંખેરું ઊડી ગયું !

કર્મ અને ભવિતવ્યતાની કેવી અગમ વિચિત્રતા ! ચાહ્ય આયુષ્ય સહજભાવે પૂરું થવાનું હોય, કે એના પર ઉપક્રમ લાગીને એ તૂટવાનું બન્યું હોય, પરંતુ રુક્મિ સાધ્વીનું આ છેલ્લા માયાવચન સાથે જ મૃત્યુ થઈ ગયું ! શું ખબર હશે એને કે આ બચાવ પછી ખતમ છું !



**આપમતિ કેટલું બચાવે ? :-**

માણસ ગમે તેટલો પોતાના ડહાપણમાં અને આપમતિમાં ચાલ્યો જાય, પણ કર્મસત્તા આગળ એ રાંક છે, અસમર્થ છે, કેમકે અજ્ઞાન-મૂઢ છે, કર્મસત્તાથી એ રોળાઈ જાય છે, એક મચ્છરની જેમ ચોળાઈ મરે છે ! એને ખબર નથી કે એકલું સર્વજ્ઞ જ્ઞાની ભગવંતોનું જ ડહાપણ, એમની જ સાક્ષાત્ દૃષ્ટ હકીકતની વાણી જ કર્મસત્તાને પડકારી શકે છે ! મહાત કરી શકે છે ! બાકી આપમતિમાં તો પોતે કરી રાખેલ ધનરક્ષાની, માનરક્ષાની, દેહરક્ષાની, કુટુંબ પર વર્ચસ્વ વગેરેની ધારણા બધી જ કર્મસત્તા દ્વારા નિષ્ફળ કરાય છે. જગતમાં આના દાખલા કાંઈ દીવો લઈ શોધવા નીકળવું પડે એમ નથી; ઠામ ઠામ દેખાય છે. જીવતા જીવે કોઈની આબરૂ ખતમ ! કોઈનું ધન ખલાસ ! કોઈનું કુટુંબ વાંકું ! કોઈને એકાએક ટી.બી.-કેન્સર-લકવો વગેરે જોવા મળે છે ને ? ત્યારે મુઆ પછી તો કાયા-કંચન-કીર્તિ-કુટુંબ બધું જ અહીં પડ્યું રહી ભાઈ પોતે જ ઊડ્યા ! ક્યાં ? કોઈ અગમ-નિગમ પ્રદેશમાં કે જેનું એડ્રેસ સગા છોકરાઓને ય ન જડે !

**જ્ઞાનીના જીવન-મૃત્યુમાં શી વિશેષતા ? :-**

**પ્ર.-** પણ એમ તો જ્ઞાનીના વચન અનુસાર ચાલનારને ય આપત્તિ અને મૃત્યુ ક્યાં નથી આવતાં ?

ઉ.- એને આપત્તિ અને મૃત્યુ આવે છે, પણ એની પેલી કાયા-કંચન-કુટુંબ-કીર્તિની રક્ષા કરવાની ધારણા નથી, આવેશ નથી, આંધળિયાં નથી, એટલે એને રોવાનું નથી; હાયવોય નથી, ચિંતા નથી; તેમ મર્યા પછી દુર્દશા-અધઃપતન-અધોગતિમાં ફસાવાનું નથી. પેલા તો અહીં ય રુએ ! ને પરલોકમાં ય રુએ ! આને અહીં પણ નિશ્ચિન્તતા અને આગળ પણ નિશ્ચિન્તતા !

**ઊંચા આલંબન પર બીજા તરે પણ આપમતિ ડૂબે ! :-**

રુક્મિએ જ્ઞાનીનાં વચનનો અનાદર કર્યો અને આપમતિએ ચાલી, તો શો સાર કાઢ્યો ? બધા ચકિત થઈ જાય એવું એનું અનુચિત બોલતા સાથે જ મૃત્યુ થઈ ગયું ! માન ક્યાં રહ્યું ? શી આબરૂ સચવાઈ ? અવધિજ્ઞાની મહર્ષિના મળેલા આલંબન પર જ્યારે બીજાઓ આરાધકભાવ અને આરાધનામાં આગળ વધી રહ્યા છે, ત્યારે આ નાદાન આપમતિ રુક્મિ વિરાધકભાવ અને વિરાધનામાં દોડી ! માનસંજ્ઞાને પરવશ પડી એણે આરાધનાને મહત્ત્વ ન આપ્યું, પણ માનરક્ષાને આપ્યું ! પણ માનેય રહ્યું નહિ, ને આરાધના ય ગુમાવી ! એટલું જ નહિ પણ મહાવિરાધનમાં પડી ! યેનકેન માયા, મૃષા, મહર્ષિને ખોટા પાડવા, વગેરે ચલાવી પોતાનો કક્કો ઊભો રાખવા મથી ! શું પરિણામ ? દુઃખદ દુર્ગતિના ભવોના ઘોર

ત્રાસ-યાતના-વિટંબણાઓ શરૂ થઈ ગઈ.

**જ્ઞાનીના વચનની બહાર કે અંદર ? :-**

કહો જો, મહત્ત્વ કોને આપવું છે ? આરાધનાને કે આપમતિની કાયા-કંચન કીર્તિ-કુટુંબની રક્ષાને ? જ્ઞાનીના વચનમાં રહો એની રક્ષા કરો એનો એટલો વાંધો નથી, પરંતુ વચનને અવગણી એ કરવા જાઓ એનો મોટો વાંધો છે. એ બધાની માવજત-સરભરા કરતાં કરતાં શું ક્યાંક ભૂલ નથી થતી ? દિલ નથી બગડતું ? ગુપ્ત પાપ નથી સેવાઈ જતું ? જ્ઞાનીના વચનની બહાર છે, છતાંય ભૂલ કબૂલ કરી લો, પશ્ચાત્તાપ કરો, દિલના ખોટા વિચાર અને ગુપ્ત પાપોનો પણ સદ્‌ગુરુ આગળ ઈકરાર કરી પ્રાયશ્ચિત્ત લો, તો જ્ઞાનીના વચનની અંદર અવાય છે.

**ભવ આલોચના કરી ? :-**

બોલો જો, જીવનમાં એવા માનસિક ક્રૂર, કઠોર, ગલીચ-વિચાર શું નથી આવ્યા ? તેમ પ્રગટ ને છૂપા કાયા-ઈન્દ્રિયો-વાણીથી પાપો નથી સેવાયા ? જો હા, તો શું જ્ઞાની, ગંભીર, સદ્‌ગુરુ પાસે એની આલોચના-ઈકરાર કરી પ્રાયશ્ચિત્ત લીધા છે ? ભવ-આલોચના કરી છે ? કર્યા પછી પણ એવું ને એવું પાપ સેવાઈ ગયું તો એ જ ગુરુ પાસે શરમાયા-સંકોચાયા વિના પશ્ચાત્તાપભર્યા હૃદયે આલોચના કરી છે ? જો નહિ, તો એનાં કારમા શલ્ય લઈને પરલોક ગયે શું થશે ? જો એક પાપ, એક શલ્યમાં રુક્મિની ભારોભાર દુર્દશા, તો ઢગલાબંધ પાપો અને શલ્યોની કેટલી ભારી દુર્દશા ? ચેતવા જેવું છે. બાજી હજી હાથમાં છે. ધ્યાન રાખો, જીવનનો ભરોસો નથી, રોગ-અકસ્માતનું કાંઈ કહેવાય નહિ ક્યારે આવી લાગે. એ વખતે સદ્‌ગુરુનો યોગ કે એમની આગળ ઈકરાર કરવા જેટલો અવકાશ નહિ હોય, પછી શું થશે ?

**ગોશાળાને** અંતકાળે પશ્ચાત્તાપ થયો, ભૂલ સમજાણી, પોતાના શિષ્યો આગળ પણ કહી એમને સાવધાન રહેવા સલાહ પણ આપી, કિન્તુ ગુરુ આગળ આલોચના કરી પ્રાયશ્ચિત્ત માગવાનું ન બન્યું. ત્યારે હવે કેટલી ભયંકર દુર્દશા થવાની છે એ જાણો છો ને ? મહાવીર ભગવાનની સામે યોજેલી તેજોલેશ્યા પોતાને જ વળગી અને પોતે બળું-બળું થઈ ગયો. ત્યાં પશ્ચાત્તાપ થયો.





**વીતરાગ-સર્વજ્ઞ લબ્ધિનો ઉપયોગ ન કરે :-**

**પ્ર.-** પ્રભુએ એને શીતલેશ્યાથી કેમ બચાવ્યો નહિ ?

ઉ.- એમ તો પ્રભુએ એ જ ગોશાળાના તેજોલેશ્યાના પહેલા પ્રયોગથી બળતા સુનક્ષત્ર-સર્વાનુભૂતિ મુનિને ય ક્યાં બચાવ્યા છે ? પ્રભુ કેવળજ્ઞાની વીતરાગ સર્વજ્ઞ છે. એમની પાસે અંતરાયક્ષયથી અનંત લબ્ધિઓ પ્રગટ છે છતાં વીતરાગ હોઈ એનો ઉપયોગ ન કરે; કેમકે એ સરાગ અવસ્થાનું કાર્ય છે. વીતરાગને રાગદ્વેષ નથી એટલે એવા રાગદ્વેષાધીન અનુગ્રહ-નિગ્રહ અને લબ્ધિના ઉપયોગ કરવાના હોય નહિ. માટે તો કોઈ પૂર્વ કે એ ભવનો વૈરી દેવતા ઉપાડી લવણસમુદ્રમાં ફેંકી આવવાની દુષ્ટતા કરે અને ત્યાં એ મહાત્માને ભાવના ચડતાં કેવળજ્ઞાન થાય, અનંતલબ્ધિધર બને, તો ખુદ પોતે કે બીજા વીતરાગ એનો પ્રતિકાર કરતા નથી. સામે કોઈ લબ્ધિપ્રયોગ કરી બચાવ કરતા નથી. ત્યારે લવણસમુદ્રની ઈંચે ઈંચ જગા પર આત્મા મોક્ષ પામ્યા છે ને ? નહિતર ત્યાં કોણ, અનશન કરવા જાય છે ? એ તો કોઈ છદ્મસ્થને દુષ્ટ દેવતા ત્યાં ડુબાડે, એ વખતે એ છદ્મસ્થના ભાવની વિશુદ્ધિ થઈ પરિણામની ધારા વધે, કેવળજ્ઞાન પામે, અને ત્યાં સર્વ કર્મનો અંત કરી મોક્ષ પામે, એ રીતે લવણસમુદ્ર પરથી પણ સિદ્ધ થાય. શાશ્વતી પ્રતિમા પરથી પણ દેવ વડે સંહરણ કરાઈ લઈ જવાતા આત્માને ભાવના વધતાં કેવળજ્ઞાન થઈ બરાબર પ્રતિમા ઉપરના આકાશપ્રદેશમાં હોયે મોક્ષ થાય ! એ રીતે શાશ્વતી પ્રતિમા પરથી પણ મોક્ષે ગયા છે, વીતરાગ જાણે છે પણ લબ્ધિપ્રયોગ કરે નહિ, અને આપત્તિ ભોગવનારાના કર્મની વિચિત્રતાએ બીજા અવધિજ્ઞાની દેવતા વગેરેનો ખ્યાલ જાય નહિ, એટલે દુષ્ટને હટાવવાનું થાય નહિ; તેમ આયુષ્ય આવી રહ્યું હોય એટલે પણ એમ બને.

પ્રભુની ઉપર ગોશાળો તેજોલેશ્યા મૂકે છે, બીજા કેવળજ્ઞાની એ પહેલેથી જાણે છે, છતાં એ કાંઈ કહેતા-કરતા નથી, અને બીજા છદ્મસ્થ લબ્ધિધરોનો ખ્યાલ જતો નથી, પછી ગોશાળાને કોણ અટકાવે ? કર્મની આ જ જોહુકમી છે કે જેમ બિલાડી ગમે તે રીતે ઊંદરને સપડાવી દે, એમ કર્મ જીવને ફસાવી દે છે, બચાવનાં સાધનોને સ્થગિત કરી દે છે.

વાત આ હતી કે ગોશાળો પોતે જ મૂકેલી તેજોલેશ્યાથી બળુંબળું થઈ ગયો, પણ પ્રભુ પાસે હવે ઈકરાર કરી પશ્ચાત્તાપપૂર્વક પ્રાયશ્ચિત્ત માગતો નથી; અને પોતાના મુકામે દોડી જઈ ભયંકર ત્રાસ ભોગવી રહ્યો છે. સાત દિવસમાં ખતમ

થનાર છે. અંતે શિષ્યો આગળ ઈકરાર કરે છે કે 'હું બનાવટી જિન છું. અંતે પ્રભુ આગળ ઈકરાર કરી પશ્ચાત્તાપ પૂર્વક પ્રાયશ્ચિત માગતો નથી; અને પોતાના મુકામે દોડી જઈ ભયંકર ત્રાસ ભોગવી રહ્યો છે. સાત દિવસમાં ખતમ થનાર છે. અંતે શિષ્યો આગળ ઈકરાર કરે છે કે **'હું બનાવટી જિન છું, મૂળ એ જ ગોશાળો છું અને ધર્માચાર્યનો દ્રોહી છું. ધર્મગુરુનો દ્રોહ કરશે એના મારા જેવા હાલ થશે.'** એમ પણ કહે છે કે 'મારા મર્યા પછી મારાં મડદાંને કૂતરાંના મડદાંની જેમ દોરીએ બાંધી શ્રાવસ્તિનગરીની શેરીઓમાં ઘસડતાં ચાલજો અને જાહેર કરજો કે ઉપકારી ધર્મગુરુનો જે દ્રોહ કરે, એના અહીં પણ આવા બૂરા હાલ થાય.' ગોશાળે બધું કહ્યું, દિલના પશ્ચાત્તાપથી કહ્યું. પણ ગુરુ પાસે આલોચના-ઈકરાર ન કર્યો, પ્રાયશ્ચિત્ત ન માગ્યું, તો શુદ્ધિ શી રીતે થાય ?

**જીવન કર્તવ્ય :-**

માટે મનના એકલા પશ્ચાત્તાપના ભરોસે રહેતા નહિ, ગુરુ આગળ સમસ્ત જીવનના પ્રગટ અને છૂપા વાણી-વિચાર-વર્તાવનાં પાપોની આલોચના કરી લેવા જેવી છે. એ કર્યા બાદ પ્રાયશ્ચિત્ત આપે તે વહન કરવાનું, અને નવી ભૂલ થાય એનું આલોચન કરી પ્રાયશ્ચિત્ત લેતાં જવાનું.

મનને કોઈ શંકા રાખતા નહિ કે આપણાં છૂપા પાપ ગુરુ બીજાને કહી દે તો ? ના, ગુરુઓ ગંભીર હોય છે, પોતાના અંગતમાં અંગત શિષ્યને ય ન કહે, પછી બીજાને કહેવાની વાતે ય શી ? એ તો એમના પેટમાં પડ્યું એટલે જાણે દરિયામાં પડ્યું.

**મહાનિશીથ વાચનાનો અનુભવ :-**

અમે અહમદનગર ચોમાસું હતા, ત્યાં પચીસેક મુનિઓને મહાનિશીથ સૂત્રનાં પહેલા બે અધ્યયનની વાચના ચાલી. એમાં આ જ અધિકાર હતો કે બાળભાવે પોતાના પાપોની ગુરુ આગળ આલોચના કરી આત્માને શલ્યરહિત કરવો. એ સૂત્રમાં સાધ્વીના પ્રસંગમાં કોઈને એવો આલોચનાનો ભાવ થતાં, કોઈને ગુરુ પાસે આલોચના કરતાં, કોઈને વળી પ્રાયશ્ચિત લેતાં એમ સાધ્વીઓના પરિણામની શુદ્ધિ થતાં એ કેવળજ્ઞાન પામી; એનો પણ એ સૂત્રમાં અધિકાર છે. પાપશુદ્ધિ, નિઃશલ્યતા, નિખાલસ-પવિત્ર-વિશાલ હૃદય વગેરે કરીને શલ્યોદ્ધારની ગંભીરતા, જીવનમાં એની અતિ આવશ્યક્તા, તથા એથી આત્માને કેટકેટલા મહાન લાભ અને ઉન્નતિ પ્રાપ્ત થાય, એ સમજાવાતાં મુનિઓને શૂરાતન ચડી ગયું; અને ગુરુદેવ તો પરમ કારુણિક પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ મળેલા હતા; એ પૂરા ગંભીર ! એટલે એકેક મુનિએ જઈને એમની પાસે ઠેઠ બાલ્યકાળથી માંડીને અત્યાર સુધીનું પોતાનું જીવન ખોલી નાખ્યું ! રજે રજ છૂપાં પાપોને પણ પ્રગટ કરી દીધાં



પ્રાયશ્ચિત્ત લીધાં ! એનો અજબ પ્રતાપ કે આજ સુધી વિચારમાં પણ પોતાનાથી કોઈ દુષ્કૃત્ય ચિંતવાયું હોય એની આલોચના કરે છે. આનું કારણ, (૧) હૃદયમાં કોઈ પણ પાપનું શલ્ય રહી જાય એનો ભય હતો, (૨) નિખાલસતા હતી અને (૩) ગુરુ ગંભીર પેટના હતા, એવા કે ન તો આલોચિત પાપની વાત બીજા કોઈને કહેવાની કે ન આલોચના કરનાર પ્રત્યે પછીથી લેશ પણ સૂગ કે અરુચિ દાખવવાની.

**આલોચનાના લાભ :-**

જીવનમાં બીજાં વિશિષ્ટ ધર્મ-પરાક્રમ કદાચ ઓછાં થાય, પણ સાફ દિલે પાપશુદ્ધિ થાય, ગુરુ આગળ નિઃશંક આલોચના અને શલ્યરહિતતા થાય એ અત્યંત આવશ્યક છે. એથી વિરાધકભાવથી બચી જવાય છે ! દોષ-દુષ્કૃત્યનાં ઊંડા અનુબંધ પડતા અટકી જાય છે ! અને ભવની દુઃખદ પરંપરાના ભોગ નથી બનવું પડતું ! એટલા જ માટે શ્રાવકોને માટે વાર્ષિક કર્તવ્યો બતાવ્યાં એમાં શિખર પર અગિયારમું કર્તવ્ય શુદ્ધિ-આલોચનાનું બતાવ્યું ! એટલે યોગ્ય ગુરુ પાસે ભવ-આલોચના અને પછી બની જતા દરેક પાપની આલોચનાનું કાર્ય અવશ્ય કરવા જેવું છે.

**ત્યાં ધ્યાન આટલું રાખવાનું કે** 'છાશ લેવા જાય, ને દોણી સંતાડે' એવું ન થાય. આલોચના, પાપ પ્રકાશન કરવાનું એટલે દિલના વિશુદ્ધભાવે, કોઈ જાતની માયા ન સેવતાં, માનાકાંક્ષા ન રાખતાં, માનહાનિનો ભય બાજુએ મૂકી સ્પષ્ટ સાફ જે ભાવે પાપસેવન કર્યું હોય, જેવું કર્યું હોય તે પ્રમાણે બધું ખુલ્લંખુલ્લું કરીને કહેવાનું. સંવેગની વૃદ્ધિ કરી સંતાપ-પશ્ચાત્તાપ ભર્યા દિલે ગદ્ગદ શબ્દમાં કહેવાનું.

**શલ્યોદ્ધાર માટે ભય :-**

હૈયામાં શલ્યનો ભારે ભય અને નિખાલસ ભાવ રહેશે તો જ આ શક્ય થશે. મનને એમ થવું જોઈએ કે 'બીજી બધી મારી ભરપૂર ધર્મ સાધનાઓ અને સુકૃતો, પાપનું એક પણ શલ્ય દિલમાં જ પડી રહીને, નિષ્ફળ ન થાઓ, શલ્યના યોગે મારા ભવના ફેરા ન વધી જાઓ. દુર્ગતિની પરંપરામાં હું ઝડપાઈ ન જાઉં.' શલ્ય ચીજ બહુ ભયંકર ! શરીરમાં રોગનું એક શલ્ય રહી જાય તો તે આગળ જતાં ખાનાખરાબી કરે છે. મંદિર કે ઘરની નીચે પાયામાં શલ્ય રહ્યાં હોય તો મહા અપમંગળ કરે છે. તો પછી આત્મામાં રહેલ છૂપાવેલાં શલ્ય ઘોર અશુભની પરંપરા ચલાવે એમાં નવાઈ શી ? માટે પહેલું તો શલ્ય રહી ગયાનો ભારે ભય જોઈએ.

**બીજું, નિખાલસતા જોઈએ.** દિલ માયાવી હશે તો માનહાનિના ભયથી કાં તો આલોચના થશે નહિ, અગર થશે તો મિથ્યાભાવે થશે, પાપસેવનને હળવું દેખાડીને અગર સંયોગવશ કરવું પડ્યું એવું ખોટું બહાનું કાઢીને. આ ખોટું છે. આલોચના કરવી તો બહુ નિખાલસ, પ્રામાણિક, સ્પષ્ટ દિલથી કરવી, આ

નિખાલસતાનો ગુણ બીજે પણ કામ લાગશે; કેમકે એનો અહીં ઉપયોગ કર્યો, અભ્યાસ પાડ્યો.

**નિખાલસતામાં માનહાનિ ન થાય ? :-**

**પ્ર.**- ગુરુ તો ગંભીર છે એટલે એમની સાથે તો નિખાલસતા આવે, પણ દુનિયા થોડી એવી જ છે ? એની સાથે નિખાલસતા કેમ આવે ?

ઉ.- એક વાત સમજી રાખો કે નિખાલસતા-નિષ્કપટતા શા માટે કેળવવાની છે ? શું આપણી માનહાનિ ન થાય, માન જળવાઈ રહે, એ માટે ? તો તો નિખાલસતાથી એક માયાકષાય દાબ્યો, પણ બીજો માનકષાય પોષ્યો એવું થશે ! ખરી રીતે નિખાલસ વર્તવાનું, નિષ્કપટ વર્તાવ પ્રામાણિક-સ્પષ્ટ-સાફ-પવિત્ર દિલનો વ્યવહાર કરવાનો, તે આપણાં આત્મામાંથી શિયાળ-કાગડા-બિલાડા વગેરેના અવતારમાં પોષેલી માયાવૃત્તિના સંસ્કાર નાબૂદ કરવા માટે છે.

**આ ઉત્તમ મનુષ્યભવ તો જુગજૂના તિર્યંચાદિભવ-સુલભ દુર્ગુણોની કુવાસનાઓ તોડવા માટે છે.** એમાં વળી આ લોથ ક્યાં ઊંચકવી કે 'મારું માન જળવાય ત્યાં તો ગુણ દાખવું, પણ માનહાનિ થતી હોય ત્યાં દુર્ગુણ ભલે સેવાય ?' દુનિયાના સર્ટિફિકેટ પાછળ મરીએ છીએ એટલે જ દુર્ગુણ સેવતાં, દુર્ગુણોના પક્ષમાં રહેતાં, આંચકો નથી આવતો. ગુરુ ગંભીર છે એમ આખી દુનિયા ભલે ગંભીર ન હોય, પરંતુ આપણે નિખાલસ-સાફ-સરળ વ્યવહાર રાખી દિલને પવિત્ર રાખવાનું છે તે આપણી જુગજૂની કુવાસનાઓ તોડી ગુણસ્થાનકમાં આગળ વધવા માટેની ભૂમિકા સર્જવા માટે. પછી ત્યાં આપણું માન જળવાયાનો ન જળવાયાનો વિચાર શા માટે કરવો ? ભૂલતા નહિ,

ગુણસ્થાનક પર ચઢવા માટેની ભૂમિકા માયાવી-કપટી-મુત્સદ્દી દિલ અને વર્તાવ ઉપર નથી સર્જી શકાતી. એ માયા-કપટ-મુત્સદ્દીગીરી તો ઊલટું ગુણસ્થાનકની પાયરીએ નીચા ઉતારે છે. ખુદ મોટા મલ્લિનાથ ભગવાનના જીવ જેવાએ પૂર્વ ભવમાં એક બાજુ તો તીર્થંકર નામકર્મ ઉપાર્જે એવી એવી કઠોર તપ વગેરે વીસ સ્થાનકની જબરદસ્ત આરાધના કરી રહ્યા છે, પણ બીજી બાજુ મિત્રમુનિઓ સાથે જરા મુત્સદ્દીગીરી રમ્યા તો ગુણસ્થાનક ઘવાયું, સ્ત્રીવેદ ઉપાજર્યો, સ્ત્રીપણે તીર્થંકર બનવું પડ્યું ! એમ પીઠ-મહાપીઠ એકાવતારી ઊંચા અનુત્તર વિમાનમાં જાય એવી ભગીરથ સંયમ સાધના કરનારા છતાં દિલના જરાક માયાવી ભાવને લીધે બ્રાહ્મી-સુંદરીરૂપે સ્ત્રી તરીકે અવતરવું પડ્યું ! જ્યાં જરાક માયા સેવાઈ જતાં બીજી બાજુ તીર્થંકર કે એકાવતારી અનુત્તરવાસી દેવ બનાવે એવી જબરદસ્ત સાધના અહિંસા-સંયમ-તપની હોવા છતાં પણ આ સ્થિતિ, તો પછી એવી સાધનાનું બળ નથી, અરે !



એના દશમા-સોમા ભાગની સાધનાનું બળ નથી, અને માયા-મુત્સદ્દીગીરી, તે પણ જરાક નહિ, કિન્તુ ભરપૂર સેવાય છે, ત્યાં કેવા ભયંકર દુઃખદાયી તિર્યંચના ધારાબદ્ધ અવતાર વગેરે પરિણામ નીપજે ! એ વિચારવા જેવું છે. એવું ધર્મબળ નહિ એટલે એવી પ્રબળ પુણ્યાઈનું ઉપાર્જન નહિ, અને માયા-મુત્સદ્દીગીરી અને અભિમાન આદિના દોષ ભરપૂર એટલે આકરાં-અશુભ કર્મનું થોકબંધ ઉપાર્જન ! પછી ભવ પરંપરા કેટલી દુઃખ-ત્રાસ-વિટંબણામય અને પાપની આવૃત્તિભરી નીપજવાની ?

**આત્માને ચીમકી :-**

જીવને ખૂણે એકાંતમાં બેસાડી કહો, 'નાદાન ! જાગ જાગ, ઊઠ ઊઠ, આ મોહની રમતની ઘોર નિદ્રા મૂક, ગુણની આળસ-બેપરવાઈ છોડ. દુનિયામાં જશ લીધા અને રોફ માર્યા એ તો વિજળીના ક્ષણિક ઝબૂકા જેવું છે. પછી દુઃખ અને પાપાચરણની ઘોર અંધારી રાત માથે પડશે ! અહીં નિખાલસ દિલ, પવિત્રતા, પ્રામાણિક્તા, ન્યાયી વ્યવહાર, નમ્રતા-લઘુતા, ક્ષમા-સમતા, તૃપ્તિ-સંયમ વગેરેનો અતિ દુર્લભ સાધનાકાળ એળે ચાલ્યો જાય છે ! એની સામે જો. ધ્યાન રાખ, નિખાલસતાદિ ગુણની સાધના એક બે પ્રસંગથી સિદ્ધ નહિ થાય, એનો વારંવાર અભ્યાસ જોઈએ, તો જ સિદ્ધ થશે. શા માટે સોનેરી તક ગુમાવે ?

**માયા સંસારની માતા ? :-**

નિખાલસતા તો બધા ગુણો અને ધર્મની સાધના કરવાનો પાયો છે. પાયામાં માયાવીપણું હશે તો એ સાધવાનું મુશ્કેલ છે. શાસ્ત્રો માયાને માતૃસ્થાન કહે છે. માતૃસ્થાન એટલે માતાનું સ્થાન; માયા એ સંસાર-ભવપરંપરાની માતા છે, જનેતા છે. બીજાઓ એટલા ગંભીર નથી એમ કરી એમની સાથે માયા-મુત્સદ્દીગીરીથી વર્તી જશ તો લીધો, સારા તો દેખાયા, પણ એ માયા યાને સંસારમાતાનાં દુઃખદ-દીર્ઘ પરિણામ કોણે ભોગવવાના ? ત્રાસમય હલકા તિર્યંચના ભવોની પરંપરા કોણે દેખવાની ? આપણે જ ને ?

**માયામાં બીજાની સહાનુભૂતિ-સહકાર ગયા :-**

ત્યારે માયાથી સગાસ્નેહીઓ જોડે વર્ત્યા એમાં અહીં પણ કઈ મોટી ધન કમાઈ થઈ જાય છે ? કઈ રોગ અટકાયત, જરા-અટકાયત અને મૃત્યુ-અટકાયત થાય છે ? જેની સાથે માયા રમી એને સારા દેખાયા એ ક્યાં આપણી સેવામાં તૂટી મરે છે ? ખરેખર તો માયા-મુત્સદ્દીગીરી આગળ જતાં ઉઘાડી પડી જાય છે. બીજાઓ જાણી જાય છે, અરસપરસ કહે છે કે 'આ ભારે મુત્સદ્દી છે, માયાવી છે,' પછી આપણે કરેલ સરળ પણ વ્યવહાર મુત્સદ્દીગીરીમાં ખપે છે. બીજાઓ સાવધાન રહે છે, અને સરળતાથી આપણે સાધવા ધારેલાં કાર્યમાં એમનો તેવો સહકાર નથી મળતો.

**માયાથી દૌર્ભાગ્ય બંને ભવમાં :-**

માયાવી-મુત્સદ્દી તરીકે ઓળખાઈ ગયેલો તો જાણે દુઃખદ દૌર્ભાગ્ય નામકર્મ ભોગવતો બની જાય છે. બીજાઓને એનાં પગલાં, એ પાસે આવે એ, ગમતું નથી. વિચારો, અહીં પણ દૌર્ભાગ્ય ભોગવો અને ભવિષ્ય માટે કારમા દૌર્ભાગ્યાદિ અશુભ કર્મ ઉપાર્જે એવી સ્થિતિમાં મૂકનારી માયા મેલી રમત શું કામની ? કેવી ખતરનાક એ ? માયાવીના સંપર્કમાં જેટલા જેટલા આવતા જાય, એ બધાયને વિશ્વાસ ઊઠી જતો હોય છે, એનાથી આઘા ને આઘા રહેવા ઈચ્છે છે, છતાં માયાના અંધાપામાં એ વસ્તુ દેખાતી નથી ! એને વિચાર જ નથી આવતો કે 'આ એક પછી એક પરિચયમાં આવનારા મારાથી કેમ આઘા ને આઘા રહે છે ?' ઊલટું એમ કલ્પી લે છે કે 'બધી સ્વાર્થની દુનિયા છે !' કેવો ન્યાય ! પોતે માયામાં પોતાનો નીતરતો સ્વાર્થ રમી રહ્યો છે એ જોવું નથી, ને બીજા સારા પરગજુ પણ આત્માઓમાં સ્વાર્થીપણાનો આરોપ ચઢાવવો છે ! એ કેવી અંધતા અને અભ્યાખ્યાન ?

**''દિવ્ય-દર્શન''-''પ્રવચન મહોદધિ'' વર્ષ-૧૩,અંક-૩૪,તા.૫-૬-૧૯૬૫**

**જાતનું માપ કાઢનારા પ્રશ્નો :-**

જરા વિચારો (૧) બીજા તમારા સારા પરિચયમાં આવેલા તમારો નિકટ સહવાસ ઈચ્છે છે ખરા ? કે આઘા રહેવાનું ને ઓછા મળવાનું ચાહે ?

(૨) તમારા પરિચયમાં આવ્યા પછી તમારા પર સ્નેહ-સદ્ભાવ ટકાવી-વધારી રહ્યા છે ? કે ઘટાડી રહ્યા છે ?

(૩) પરિચય સારો થયા પછી બહાર તમારો જશવાદ કરી રહ્યા છે ? કે નિંદા ?

(૪) પરિચયમાં આવ્યા પછી પોતાના દિલની વાત તમને કહેવા ઈચ્છે છે ? કે છૂપાવવા ઈચ્છે છે ?

(૫) તમારો પરિચય સાધ્યા પછી તમારી સલાહ વાતવાતમાં લેવા ચાહે ખરા ? જાતનું માપ કાઢો.

અપરિચિતની વાત જવા દો. પરિચયમાં નહિ આવેલા તો દૂર દૂરથી તમારું કોઈ સુકૃત, કોઈ પરાક્રમ કોઈ યશસ્વી કારકીર્દી સાંભળીને તમારી તરફ આકર્ષાશે, ગુણાનુવાદ કરશે, કદાચ પત્રથી કે કોઈ એકાદા પ્રત્યક્ષ મિલનમાં સ્નેહ-સદ્ભાવ વગેરે દાખવશે. એથી કાંઈ તમારા અંતરાત્માની સ્થિતિનું માપ ન નીકળે. એ તો તમારા સારા પરિચયમાં આવેલાઓ તમારા માટે શું માને છે, ને તમારી સાથે કેમ



વર્તે છે, એ પરથી જાતનું માપ નીકળે કે કઈ સ્થિતિ છે. પછી લાંબા નિકટ પરિચય વિનાના માણસોના અભિપ્રાયને આગળ કરી ગાઢ સારા પરિચયમાં આવેલાના અભિપ્રાયને ખોટા પાડવા મથવું, ને 'એ તો તેજોદ્વેષથી એમ વર્તે છે' એવું કહેવું એ આત્મ-વંચના અને પર-વંચના છે.

**બીજાના સ્નેહ સદ્ભાવ કેમ ઘટ્યા એના પ્રશ્ન :-**

માટે, ખરું વિચારવાનું આ જ છે કે આપણા સારા પરિચયમાં આવેલાઓનો આપણા પર સ્નેહ-સદ્ભાવ, આપણું મૂલ્યાંકન-કદર, આપણું ગૌરવ, આપણી સાથે અગંત દિલનો વ્યવહાર, આપણી સલાહ-સૂચન લીધા કરવાનું...વગેરે કેવું કરે છે ? જો એ વાતમાં ભલીવાર નથી, સ્નેહ-સદ્ભાવ આદિ ઘટ્યા છે, તો તે શા કારણે ?

(૧) આપણામાં નિખાલસતાની ખામી છે ? મુત્સદ્દીગીરી છે ?

(૨) શું આપણો સ્વભાવ તોછડો-તામસી છે ?

(૩) શું આપણે વાતવાતમાં આપણો જ સ્વાર્થ અને આપણી જ બડાઈ ગાઈએ છીએ ?

(૪) શું આપણા આચારમાં ખામી છે ?

(૫) શું આપણે વાતવાતમાં સામાનું મોઢું તોડી નાખીએ છીએ ?

(૬) શું આપણે રોફ જ બતાવ્યે જઈએ છીએ ?

(૭) શું આપણે હુકમ જ કર્યે જઈએ છીએ ?

(૮) શું આપણે સામાની જરૂર વખતે કામ નથી લાગતા ?

(૯) શું આપણે સામાની કૃતજ્ઞતા દાખવવાનું ભૂલીએ છીએ ?

...આવું આવું કાંઈક વિચારીને શોધી કાઢવું જોઈએ. પરિચિતોના સ્નેહ-સદ્ભાવ આદિ ગુમાવવામાં પ્રાયઃ આવું કોઈ ને કોઈ કારણ હોય છે. કોઈ ગાઢ અશુભ કર્મના ઉદયે એમ બને એ તો કવચિત્નો પ્રસંગ; બાકી મોટા ભાગે પૂર્વે કહેલ કોઈને કોઈ ખાસ ખામીના લીધે સ્નેહાદિ ગુમાવવાનું થાય છે.

માટે પહેલું આ જરૂરી છે કે,

**બીજાના સ્નેહ-સદ્ભાવ મેળવવાના ઉપાય :-**

(૧) નિખાલસ બનો, સાફ નિષ્કપટ અને વિના ચાલાકી-મુત્સદ્દીગીરીનો અંતરાત્મા બનાવી એવો વ્યવહાર રાખો.

(૨) સ્વભાવ ક્ષુદ્ર-તોછડો નહિ પણ ઉદાર અને ગંભીર તથા મળતાવડો-સહાનુભૂતિભર્યો બનાવો.

(૩) મુખમુદ્રા, વાણી અને વર્તાવમાં દૃઢપણે સૌમ્યતા રાખ્યા કરી સ્વભાવ સૌમ્ય ઘડો.

(૪) સ્વાર્થને ગૌણ રાખી પરાર્થને આગળ કરો. વાતચીતમાં આપણું ગાણું કે રોદણું ગાવા-રોવાને બદલે સામાના રસનું અને ભલાઈનું ગાઓ.

(૫) જાતની બડાઈ કદી ન ગાતા; સામાના સદ્ભૂતગુણ-સુકૃતની ગુણાનુરાગથી પ્રશંસા કરો.

(૬) કોઈનીય નિંદા ન કરો, ન સાંભળો એનો રસ જ કાઢી નાખો. કોઈનું ય ઘસાતું શા માટે બોલવું ? નિંદાની વાત કોઈ કરે તો એ વાતને પલટો મારી સારી ગુણાનુવાદની-તત્ત્વની, કે ધર્મની વાતમાં ચઢાવી દો.

(૭) આપણો આચાર, આપણી આંખ અને આપણું હૃદય પવિત્ર રાખવા ખૂબ ધ્યાન રાખો.

(૮) સામાની ભૂલ હોય તો પણ એને ઉતારી ન પાડતાં એની બીજી સારી વિશેષતા આગળ કરી પ્રોત્સાહન આપો જેથી એ ભૂલ સુધારવા ઉત્સાહિત થાય.

(૯) બીજાના ઉપર રોફ, સત્તા બજાવવાનું ન કરો, એ કુદરતી આપણું વર્ચસ્વ માથે ધરતો થાય એવા વાત્સલ્ય-સંવેદન અને ગંભીરતાથી વર્તો.

(૧૦) બીજાના ઉપર સીધા હુકમ છોડવાને બદલે એની ઈચ્છા પૂછો કે 'ભાઈ ! કેમ આ બની શકશે ?' એની ઈચ્છા જાગ્રત કરો.

(૧૧) બીજાની જરૂર વખતે અવશ્ય એને ઉપયોગી થાઓ, સહાયક થાઓ.

(૧૨) કોઈની ય કૃતજ્ઞતા માનવા-અદા કરવાનું કદી ન ભૂલો. જગતમાં સ્નેહ-સદ્ભાવ-સહાનુભૂતિ મેળવવા નિર્મળ યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત કરવા. બીજાઓને આદેય અને સૌભાગી બનવા, આ બધી વિશેષતાઓની જરૂર છે. એટલું જ નહિ, પણ રૂડી ધર્મસાધના કરવા અને સાચા ધર્માત્મા બનવા માટે પણ આ ખૂબ જરૂરી છે.

**નિખાલસતાના અભાવે અનર્થ :-**

ધર્મના પાયામાં જો એ નિખાલસતા વગેરે નહિ હોય તો દેવાધિદેવ અને ગુરુઓ સાથે પણ રમત રમવાનું મન થશે, સંઘ-સાધર્મિક સાથે પણ માયાવી વ્યવહાર રહેશે, જાતબડાઈ જ ગાવાનું અને ગુરુઓ તથા સાધર્મિકનું અવસરે ઘસાતું બોલવાનું કરાશે. દેવ-ગુરુ-સાધર્મિક પાસેથી આપણો જ સ્વાર્થ આંચકી લેવાનું અને એમની તકલીફની પરવા નહિ કરવાનું બનશે ! પ્રસંગે એમની પ્રત્યે પણ અ-સૌમ્ય ઉગ્રમુદ્રા-વાણી-વર્તાવ કરાશે ! એમના અથાગ ઉપકારની કૃતજ્ઞતા અદા કરવા કશો તન-મન-ધનનો ભોગ આપવાની તૈયારી નહિ હોય !



કૃતજ્ઞતા તો એ જ શું, પણ ધર્મસ્થાનો કે જે આપણને અથાગ પુણ્ય કમાવવામાં આલંબનભૂત સહાયક થઈ રહ્યા છે, એની પ્રત્યે પણ બજાવવાની છે. તે પણ ખાસો ધનનો ભોગ આપીને. આ જો થતું હોય તો શું સાધારણ ખાતામાં તોટાની બૂમ રહે ? પણ કહો કે ધર્મ કરનારાઓના જીવનમાં બહાર પણ કૃતજ્ઞતા બજાવવાનું એવું છે નહિ, તેથી અહીં વાંધા પડે છે.

- **ત્યારે, કૃતજ્ઞતા વિના ધર્મ કેવો ?**
- **પરાર્થ હૃદય વિના ધર્મ કેવો ?**
- **નિખાલસતા-નિષ્કપટતા વિના ધર્મ કેવો ?**

રુક્મિ સાધ્વી નિખાલસતા ભૂલી, કપટ રમી, તો જે તુચ્છ માનરક્ષાની આકાંક્ષા રાખીને એ કર્યું હતું તે ય ક્યાં રહી ? અને જીવન પણ ક્યાં ઊભું રહ્યું ! તત્કાલ મરણને શરણ થઈ !

મહાવીર ભગવાન આ કહીને ફરમાવે છે, 'હે ગૌતમ ! આ પ્રસંગથી સૌ સ્તબ્ધ થઈ ગયા. પછી એ અવધિજ્ઞાની સ્વયંબુદ્ધ કુમાર મહર્ષિએ વિધિપૂર્વક સંલેખના કરી પછી પરિવાર સાથે સમ્મેતશૈલ ગિરિ પર ગયા. ત્યાં જઈને એના શિખર પર પાદોપગમન અનશન કર્યું. અંતે એક માસ અનશન પાળીને શુકલ ધ્યાનમાં ચઢી કેવળજ્ઞાન પામી મોક્ષે સિધાવ્યા !'

**(ક્રમશઃ)**

